# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે. દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧૦૧૮૪૨) આગળનો સરવાળો.

* ૨૫૧) શ્રી કેશવલાલ ભોળીદાસ પટેલ
બરોડા બેંકની પાસે. કલોલ

૨૫૧) શ્રી નવીનચંદ્ર ધુળાભાઈ પટેલ
સરદાર પટેલ સોસાયટી, કડી

૨૫૧) શ્રી ધુળાભાઈ શિવાભાઈ પટેલ
સરદાર પટેલ સોસાયટી, કડી

૨૫૧) શ્રી મફતલાલ એસ. પટેલ
૬૩, સરદાર પટેલ સોસાયટી-કડી

૨૫૧) પટેલ હરગોવનદાસ મફતલાલ
૨, સરદાર પટેલ સોસાયટી-કડી

૨૫૧) પટેલ નારણદાસ પીતામ્બરદાસ કુંડાળ તા કડી

૨૫૧) શ્રી રમણલાલ કેશવલાલ પટેલ
મુ. પો. છત્રાલ તા. કલોલ જિ. મહેસાણ.

૨૫૧) શ્રી કરશનભાઇ કેશવલાલ પટેલ (લક્ષમણપુરવાળા)
ઠે. પશુદવાખાના, વસાઇ
મુ. વસાઇ-ડાભલા તા. વિજાપુર

૨૫૧) નાયક મનુભાઇ કચરાભાઈ
C/o મનુભાઇ અમૃતલાલની કું.
સ્ટેશન ઉપર, ઓઇલમીલમાં કડી

૧૦૪૧૦૧)

* રકમો વસુલ આવી ગઇ છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૨૫૧) શ્રી મણીલાલ ધરમસીભાઇ નવાપુરા, કડી

૨૫૧) શ્રી સોમચંદ ઉજમદાસ પટેલ
૧૫/ વસંતવિહાર સોસાયટી
નવરંગપુરા, અમદાવાદ-૯

૧૦૦૧) મે. અરવિંદકુમાર જયંતિલાલ એન્ડ કું.
હ. શ્રી જયંતિલાલ મગનલાલ
હ. શ્રી અરવિંદકુમાર સોમચંદ
૬૭૬/૧૧ રેવડી બજાર ક્રોસ લાઇન અમદાવાદ-૨




## હાર્દિક આમંત્રણ

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

### તા. ૨-૫-૭૦ શનિવાર

સવાર : પરિવારના સભ્યોનું આગમન ૧૨-૩૦ વાગે ભોજન
બપોરના ૨-૦૦ થી ૬-૦૦ પરિવાર સંમેલન
સાંજના ૬-૦૦ થી ૮-૦૦ ભોજન વગેરે : રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સંમેલન
રાત્રે ૧૦-૩૦ વાગે ફીલ્મ શો. શહીદ ભગતસિંહ અને ગાંધીજીનો મુકરદમો.

### તા. ૩-૫-૭૦ રવિવાર

સવારના ૯-૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલના મકાનનો ઉદ્ઘાટન સમારંભ
ઉદ્ઘાટક : **શ્રી સી. પી. પટેલના ( મુંબાઇ )ના વરદ હસ્તે**
સમારંભના પ્રમુખ : **શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ**
ઈનામ વિતરણ : **શ્રીમતી સગુણાબેન દેસાઇ**
અતિથિ વિશેષ : **માનનીય મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઇ**
૧૧-૩૦ વાગે ભોજનસમારંભ

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બધી સંસ્થાઓના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સંચાલકો, હોદ્દેદારો, દાતાઓ, શુભેચ્છકો વગેરે સર્વેને પધારવા માતૃસંસ્થા તરફથી હાર્દિક આમંત્રણ છે.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી- તંત્રી- પ્રકાશક- મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૩૦-૪-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૅાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૭-૫-૭૦ [ અંક ૩૨


# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન અને સાયન્સ કૉલેજ હોસ્ટેલના મકાનનો ઉદ્‌ઘાટન સમારંભ

હોસ્ટેલનું મકાન



જેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

ઉદ્‌ઘાટક



શ્રી સી. પી. પટેલ

તા. ૨-૩ મે ૧૯૭૦ ના રોજ ઉપરોકત બન્ને પ્રસંગો સર્વ વિદ્યાલય કેમ્પસમાં ઉજવાયા. હોસ્ટેલના મકાનનું ઉદ્‌ઘાટન ૩-૫ ૭૦ ના રોજ સવારના મુંબાઈ નિવાસી, જાણીતા ઉદ્યોગપતિ અને વહેપારી **શ્રી સી. પી. પટેલના** વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સભાના પ્રમુખપદે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના માજી પ્રમુખ, ગુજરાત ફર્ટીલાઇઝરના ચેરમેન અને પ્રખ્યાત ઉદ્યોગપતિ **શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ** હતા. (તેમનું પ્રવચન આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કર્યું છે.) મુખ્ય મહેમાન તરીકે ગુજરાત

મુખ્ય મહેમાન



શ્રી હિતેન્દ્રભાઈ દેસાઇ

રાજ્યના મુખ્ય મંત્રી શ્રી **હિતેન્દ્રભાઈ દેસાઇ** પધાર્યા હતા. તેમનાં ધર્મપત્ની **શ્રીમતિ સગુણાબેને** સાયન્સ કૉલેજની પરીક્ષાઓમાં આગળ આવેલા વિદ્યાર્થીઓને ઈનામોની વહેંચણી કરી હતી.

સ્વાગત પ્રવચન **શ્રી પુરુષોત્તમદાસે** ( દાસકાકાએ ) કર્યું હતું અને ઉદ્ઘાટન માટે વિનંતિ **શ્રી રામચંદ્રભાઇ અમીને** કરી હતી. આભાર વિધિ **શ્રી નટવરલાલ અમૃતલાલ** પટેલે કરી હતી.

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન તા. ૨-૫-૭૦ ના રોજ સર્વ વિદ્યાલયના આદ્ય આચાર્ય અને હાલ મુંબાઇમાં ઉદ્યોગધંધામાં જોડાએલા **શ્રી પોપટલાલ ગુલાબદાસ** પટેલના પ્રમુખપદે મળ્યું હતું. સંમેલનનું મંગલ પ્રવચન આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અધ્યાપક, ગુજરાતના જાણીતા કવિ અને લેખક અને વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિદ્યાશાખાના રીડર શ્રી **અનામીએ** કર્યું હતું. (જે અન્યત્ર આ અંકમાં પ્રસિદ્ધ કર્યું છે.) પરિવાર સંમેલનનું સ્વાગત શ્રી દાસકાકાએ કર્યું હતું અને જુદા જુદા ક્ષેત્રમાંથી પધારેલા આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના વિદ્યાર્થી કાળનાં સંસ્મરણો કહીને માતૃસંસ્થાને, છગનભાને, ગુરુજનોને અને સંચાલકોને અંજલિઓ આપી હતી. તેમ જ સંસ્થાના વિકાસ અને તે માટે નાણાં વગેરે સાધનોની ચર્ચાવિચારણા કરી હતી. ( વિસ્તૃત અહેવાલ આવતા અંકમાં પ્રસિદ્ધ કરવા ધાર્યું છે. )

આ પ્રસંગે ભેગા થયેલા વિદ્યાર્થીભાઇઓ તથા અન્ય ગૃહસ્થો તરફથી પોતાની ઉર્મિ-ઉમળકાથી સુવર્ણ જયંતી ફાળામાં રકમો લખાવવામાં આવી હતી. **શ્રીયુત સી. પી. પટેલ તરફથી રૂ.૧૫૦૦૧) (પંદર હજારએક) રૂપિયા** . ની જાહેરાત કરવામાં આવી છે. દાતાઓનો આભાર માનીએ છીએ.

ઈનામવિતરણ



અ. સૌ. સગુણાબેન

પરિવાર સંમેલનના પ્રમુખ



શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ

## વાર્ષિક મદદ આપવાનાં વચનો મળ્યાં તે

૧૦૧) ડૉ. રણજીતભાઇ પટેલ, ૨૨/અરૂણોદય સોસાયટી, વડોદરા
૧૦૧) શ્રી ખેડાભાઇ શિવાભાઇ પટેલ,
૧૭ મહેસાણા કો. હા. સોસાયટી, સરદાર પટેલ નગર રોડ, મીઠાખળી નજીક, અમદાવાદ-૯
૧૦૧) શ્રી નરસિંહભાઇ કલ્યાણભાઈ, મુંબાઇ
૧૦૧) ડૉ. રામભાઈ એમ. પટેલ, ( કરણનગરવાળા ) કડી
૫૧) શ્રી સૂર્યકાન્ત નારણભાઇ પટેલ, ઉત્તર ગુજરાત સોસાયટી, વિભાગ નં.-૨ અસારવા. અમદાવાદ-૬

## વિજ્ઞાન કૉલેજ ફંડમાં વસુલ આવેલી રકમ

૨૫૧) શ્રી કેશવલાલ નથુભાઈ પટેલ,
રેડિયો હોટલ-સિનેમા સામે-કડી

126



# સાયન્સ કૉલેજ હોસ્ટેલના મકાનના ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખસ્થાનેથી શ્રી જયકૃષ્ણભાઇ હરિવલ્લભદાસનું પ્રવચન



શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ

આજે જ્યારે એક મહાન સંસ્થાના પટાંગણમાં, આપણે સૌ એકત્ર થયા છીએ ત્યારે, મને એ વિચાર આવે છે કે, કેટકેટલી વ્યક્તિઓના પુરુષાર્થ, પરિશ્રમ અને ચિંતન આની પાછળ રહેલાં છે. ઉદાત્ત કાર્યો કેટલીક વખત કુદરતી પ્રેરણાથી થતાં હોય છે, અને આ સંસ્થાના ઇતિહાસ ઉપરથી, મને પણ એમ લાગે છે કે, શ્રી છગનભાને પણ આવી પ્રેરણા જ પ્રાપ્ત થઇ હશે, નહીંતર, આટલી જહેમત અને આવો સખત પરિશ્રમ કોણ કરી શકે? આજે તો સર્વ વિદ્યાલય કેળવણીની એક મહાન અને આદર્શ સંસ્થા તરીકે, નામના પ્રાપ્ત કરી ચૂકી છે, પરંતુ આ સંસ્થાના વિકાસનો એક અનોખો ઇતિહાસ જણાય છે, જે આપણને અનેક મુશ્કેલીઓની સામે ઝઝૂમનાર માનવીની યાદ આપે છે, અને શ્રદ્ધાપૂર્વક ખાત્રી કરાવે છે કે, ધ્યેયનિષ્ઠ માનવી અંતે સફળતાને વરે છે.

વિદ્યાનો પ્રસાર કરનારી આ સંસ્થાના ઉત્કર્ષ અને ભાવિ વિકાસના એક અગત્યના પ્રસ્થાન નિમિત્તે આપણે સૌ જયારે અત્રે એકત્ર થયા છીએ. ત્યારે, સહજ એ પ્રશ્ન થાય છે કે સાચી વિદ્યા શું?

આ પ્રશ્નના અનેક જવાબો હોઈ શકે, અને પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના દૃષ્ટિબિંદુથી આ પ્રશ્નને વિચારશે. એક વ્યહવારૂ માનવી તરીકે મને લાગે છે કે, વિદ્યા એટલે એવી વસ્તુ જે માનવીને, તેના જીવન વ્યવહારમાં ઉપયોગી થાય અને તેની પ્રતિભાનો વિકાસ કરે. વળી વિદ્યાની સહાયથી, તે સમાજ અને સંસ્કૃતિના વિકાસમાં પોતાનો ફાળો આપી શકે તેવી યોગ્યતા પ્રાપ્ત કરે.

જયારે આ ખ્યાલથી વતમાન કેળવણીને હું વિચારું છું. ત્યારે મને ઘણી વખત એમ લાગે છે કે, શું આપણી વર્તમાન કેળવણી વિદ્યાર્થીને આ માટે તૈયાર કરે છે ખરી? અને કદાચ વિદ્યાર્થીને યોગ્ય જ્ઞાન અને તાલીમ મળતાં હોય તો, સમાજ-માં તેની સમક્ષ એવા સંજોગો છે કે જે તેને આ દિશામાં સહાયભૂત થઈ પડે?

મારી દૃષ્ટિએ તો આ બંને બાબતોમાં આજનો વિદ્યાર્થી કમનસીબ પરિસ્થિતિમાં મૂકાયેલો જણાય છે. આજે કેળવણીની અનેકવિધ શાખાઓ છે. જગતમાં આ પ્રત્યેક શાખામાં ખૂબ પ્રગતિ થઈ રહી છે, છતાં ભારતનો સામાન્ય વિદ્યાર્થી સ્નાતક કક્ષા સુધી પણ માત્ર અધકચરું, ઉપરછલ્લું અને આછુપાતળું જ્ઞાન જ પ્રાપ્ત કરે છે, જે તેને વ્યવહારમાં જવલ્લે જ ઉપયોગી પૂરવાર થાય છે. બીજી તરફ હજારોની સંખ્યામાં બહાર પડતા સ્નાતકોને સમાવવા, કામ આપવા, આપણી પાસે પૂરતી તૈયારી નથી. ઔદ્યોગિક વિકાસની ઝડપી પ્રક્રિયા આજે દેશમાં ચાલી રહી છે, અને અનેક નવી શકયતાઓ ઉભી થઈ રહી છે, છતાં શિક્ષિત યુવાનોની બેકારીનો પ્રશ્ન, આપણા સૌના માટે પ્રતિદિન વધુને વધુ મૂઝવનારો બની રહે છે.

આ યુવાનોમાં ઉત્સાહ છે, કામ કરવાની વૃત્તિ છે, થોડુંક જ્ઞાન પણ છે, પરંતુ તેમની સમક્ષ જીવનનો કોઇ સ્પષ્ટ માર્ગ નથી. અને કદાચ હોય તો પણ, તેઓ ચોક્કસપણે તે માર્ગે જઈ શકશે તેવી ખાત્રી નથી. પરિણામે, નિરાશાવાદી માનસ જોર પકડતું જાય છે, અને આખરે આ નિરાશા અને હતાશા કોઈ રચનાત્મક માર્ગે ન વળતાં, ખંડનાત્મક પ્રવૃત્તિઓ તરફ વળે છે. આજે આપણા દેશમાં અને દુનિયાના અન્ય કેટલાક ભાગોમાં, વિદ્યાર્થીઓમાં અજંપાની જે પરિસ્થિતિ છે તેને માટે આ કારણોને જવાબદાર ગણાવી શકીએ. અલબત્ત, આને માટે આપણા સૌની પણ જવાબદારી તો છે જ કે, આપણે

આપણે લોકશાહી સમાજનું સર્જન કરવું હશે તો, તેને યોગ્ય, ગૌરવશીલ અને નિષ્ઠાવાન નાગરિકો પણ ઉત્પન્ન કરવા પડશે, અને આવા નાગરિકો વિદ્યાર્થીઓની વર્તમાન પેઢીમાંથી જ બહાર આવવાના છે. તો આવતી કાલના આ નાગરિકો આજથી જ ધ્યેનિષ્ટ બને સમાજ અને રાષ્ટ્રપ્રત્યેની પોતાની ફરજોથી સભાન અને જાગૃત બને અને લોકશાહીની રક્ષા કાજે હંમેશાં જાગૃત રહે તેવું, જ્ઞાન અને શિક્ષણ તેમને મળવું જોઇએ, અને તે માટેનું યોગ્ય વાતાવરણ પણ સર્જવું જોઇએ.

શ્રી જયકૃષ્ણભાઇ

તેમને સાચું દિશાસૂચન કરવામાં કે યોગ્ય તકો, માર્ગદર્શન અને નેતાગીરી પૂરી પાડવામાં નિષ્ફળ નીવડ્યા છીએ.

આજે તો ઉગતા યુવાનને પ્રેરણા મળે, આદર્શ ધ્યેય પ્રાપ્ત થાય તેવું વાતાવરણ પણ ક્યાં છે? ચારે તરફ ભ્રષ્ટાચારનું વાતાવરણ જણાય છે. જેમની તરફ ઉગતો યુવાન નજર નાખે, તેવી વ્યક્તિઓ તેને સર્વ પ્રકારનાં અનિષ્ટોથી પૂર્ણ જણાય છે. રાષ્ટ્રને સ્વચ્છ અને નિસ્વાર્થ નેતાગીરી આપનાર રાષ્ટ્રીય સેવકો, આજે જવલ્લે જ જણાય છે, અને ચારે તરફ સત્તાની ખેંચતાણ ચાલે છે. સદ્ભાગ્યે આપણું રાજ્ય અત્યાર સુધી આવા કમનસીબ સંજોગોથી બચી ગયું છે. દેશ અને પરદેશમાં આપણું રાજ્ય તેના સારા વહીવટ અને સ્થિરતા માટે વખણાય છે. આપણા રાજ્યે છેલ્લા દશ વર્ષમાં નોંધપાત્ર અને સંગીન પ્રગતિ પણ કરી છે તે સ્થિર સરકાર અને સારા વહીવટને જ આભારી છે. રાજકીય સ્થિરતા અને સારો વહીવટ પ્રજાના હિતમાં જ છે, અને રાજ્યની પ્રગતિ તેના પર નિર્ભર છે. દેશના અન્ય ભાગોમાં અરાજકતા અને અંધાધૂધી ચાલે છે, તેવી પરિસ્થિતિ ગુજરાતમાં પણ ઊભી થાય તેવા વ્યવસ્થિત પ્રયાસો ચાલી રહ્યા છે. સર્વ પ્રકારના નીતિના ધોરણો છોડીને, રાજકારણને તેની સૌથી અધમ કક્ષાએ લઈ જવાના પ્રયત્નો થઈ ચૂક્યા છે. આ બધું આપણને ક્યાં લઈ જશે? આવનારી પેઢીના ગૃહસ્થો પર આ બધાની શું છાપ પડશે? આપણે કેવી રીતે તેમને પ્રામાણિક, આદર્શ અને નીતિમાન બનવાને સમજાવી શકીશું?

આપણે લોકશાહી સમાજનું સર્જન કરવું હશે તો, તેને યોગ્ય, ગૌરવશીલ અને નિષ્ઠાવાન નાગરિકો પણ ઉત્પન્ન કરવા પડશે, અને આવા નાગરિકો વિદ્યાર્થીઓની વર્તમાન પેઢીમાંથી જ બહાર આવવાના છે. તો આવતી કાલના આ નાગરિકો આજથી જ ધ્યેયનિષ્ટ બને, સમાજ અને રાષ્ટ્રપ્રત્યેની પોતાની ફરજોથી સભાન અને જાગૃત બને, અને લોકશાહીની રક્ષા કાજે હંમેશાં જાગૃત રહે તેવું, જ્ઞાન અને શિક્ષણ તેમને મળવું જોઈએ, અને તે માટેનું યોગ્ય વાતાવરણ પણ સર્જવું જોઈએ.

આ તબક્કે મને એક બીજો પણ વિચાર આવે છે. શા માટે મોટા ભાગના યુવાનો જેને આપણે White collared jobs કહીએ છીએ તેની પાછળ દોડે છે, અને પરિણામે બે-બે વર્ષની બેકારીની અવસ્થા ભોગવે છે? હરિયાળી ક્રાંતિની શરૂઆત પછી આજે તો ખેતી પણ એક આકર્ષક વ્યવસાય બન્યો છે અને હું તો ઇચ્છું કે સ્નાતક યુવાન ખેતીમાં શા માટે સ્વતંત્ર રીતે પોતાના ભાવિનું સ્વપ્ન સિદ્ધ ન કરી શકે? તે જ પ્રમાણે, ટેકનીકલ જ્ઞાન સંપાદન કરનાર યુવાન પણ શા માટે પોતાનો જ આગવો ગૃહ–ઉદ્યોગ કે લઘુ–ઉદ્યોગ શરૂ ન કરે? આપણી સરકારે આ દિશામાં સહાય કરવાની શરૂઆત કરી છે, અને અનેક યુવાનો આનો લાભ લઈ રહ્યા છે. આ એક ખૂબ જ આવકારદાયક વસ્તુ છે, જે કદાચ નવી આવતી-કાલનું સર્જન કરશે.

આ સંસ્થાએ ગુજરાતને, અને રાષ્ટ્રને અનેક ઉપયોગી શિક્ષિત નાગરિકો આપ્યા છે, જેઓ આજે વિવિધ ક્ષેત્રોમાં પોતાનો યત્કિંચિત ફાળો આપી રહ્યા છે. હું ભૂલતો ન હોઉં તો કદાચ, આ જ સંસ્થામાં ત્રીજી પેઢીનાં બાળકો, આજે કેળવણી પ્રાપ્ય કરી રહ્યાં છે. ખરેખર આ એક ગૌરવની અને પરમ સંતોષની બાબત છે.

આપ સર્વેએ આ શુભ પ્રસંગે મને આમંત્રી, સર્વેને મળવાની અને સંસ્થાની પ્રવૃત્તિઓ નિહાળવાની જે તક આપી છે, તે બદલ સંસ્થાના સર્વ સંચાલકોનો હું આભારી છું અને સંસ્થા વધુને વધુ પ્રગતિ કરે, અને આદર્શ નાગરિકો તૈયાર કરે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા વ્યક્ત કરું છું.

---

[ પાન ૮ ઉપરથી ચાલુ ]

## સુવર્ણ જયંતી ફાળામાં વસુલ આવેલી રકમ

૧૦૦૧) શ્રી બળદેવભાઈ અંબાલાલની કંપની
હ. શ્રી રણછોડલાલ માધવલાલ
શ્રી અંબાલાલ માધવલાલ
શ્રી કાન્તિલાલ માધવલાલ
એલ. કે. ટ્રસ્ટ બીલ્ડીંગ રેવડી બજાર, અમદાવાદ

૨૫૧) શ્રી નવીનચંદ્ર ધુળાભાઇ પટેલ
૩ સરદાર પટેલ સોસાયટી, મુ. કડી

૨૫૧) શ્રી ધુળાભાઇ શીવાભાઇ પટેલ
૩ સરદાર પટેલ સોસાયટી, મુ. કડી

૨૫૧) શ્રી જોઇતારામ ઇશ્વરદાસ ચોકસી (બલોલવાળા)
મંગળ વિદ્યાલય સામે, મીઠાખળી, અમદાવાદ

૨૫૧) શ્રી પ્રહલાદભાઇ જોઇતારામ પટેલ
૧૦ બી. વસંતવિહાર સોસાયટી, અમદાવાદ ૯

૨૫૧) શ્રી અંબાલાલ ઇશ્વરદાસ પટેલ મુ. બલોલ

૨૫૧) શ્રી અશ્વિનભાઇ ડી. પટેલ
૨૦ અનુપમ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા
અમદાવાદ ૧૩

૨૫૧) શ્રી ધરમચંદ શીવલાલ ચોકસી
દરિયાપુર ચાર રસ્તા, અમદાવાદ ૧

૨૫૧) શ્રી કાળીદાસ મંગળદાસ મુ સરસાવ તા. કડી

૨૫૧) શ્રી જોઇતારામ મંગળદાસ મુ. સરસાવ તા. કડી

૨૫૧) શ્રી શામળભાઇ મંગળદાસ મુ. સરસાવ તા. કડી
ત્રણે હ. શ્રી મંગળદાસ ઇશ્વરદાસ પટેલ

૨૫૧) શ્રી કરશનભાઈ કાળીદાસ પટેલ,
ઠે. પશુ દવાખાનું– વસાઇ

## "આવી સંસ્થામાં" છેલ્લી અર્ધશતાબ્દીમાં ભણી ગયેલા દશ હજાર વિદ્યાર્થીઓએ પોતાની જાતને ધન્ય સમજવી જોઇએ.

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

## ડૉ. રણુજીતભાઈ (અનામી)નું મંગળ પ્રવચન



ડૉ. અનામી

કોઇપણ વ્યક્તિ, સંસ્થા કે રાષ્ટ્રને પોતાનું આગવું 'જીનીઅસ અને સ્વતંત્ર' મીશન હોવું જોઇએ ત્યાં સુધી જ તેને ટકવાનો અધિકાર છે. કાળે કાળે ઉપસ્થિત થતા યક્ષપ્રશ્નોને હલ કરવામાં એણે અગ્રવૃત્તિ રાખવાની હોય છે. પ્રવાહપતિતોનો આરો કે ઉગારો નથી. છેલ્લા પાંચ દાયકામાં આપણી આ સંસ્થાએ એના વિશિષ્ટ વ્યક્તિત્ત્વ ધરાવતા પ્રામાણિક કાર્યકર્તાઓ દ્વારા કાળે કાળે ઉપસ્થિત થતા સંકુલ પ્રશ્નોને હલ કરવામાં ઐતિહાસિક ને રોમહર્ષણ કામગીરી બજાવી છે, એમ એનો કડીબદ્ધ ને સીલસીલાં ઇતિહાસ વાંચતા અચૂક લાગશે. ઢાલની બીજીબાજુ પણ એટલી જ સાચી છે કે કોઇપણ સંસ્થા કે કોઇપણ રાષ્ટ્ર– કેવળ એની ભૂતકાલીન મૂડી ઉપર ઝાઝું ઝઝૂમી કે ટકી શકે નહીં.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના અર્ધશતાબ્દી મહોત્સવના આ ઐતિહાસિક પ્રસંગે, સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષક તરીકે, 'સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન'નું મંગળ પ્રવચન કરવાનું શુભ કાર્ય મને સોંપવામાં આવ્યુ તે બદલ પ્રથમ તો હું સંચાલકોનો અત્યંત ઋણી છું.

ભિન્નભિન્ન રસરુચિવૃત્તિસંસ્કારસજ્જતા અનુસાર પૃથક્ પૃથક્ વ્યવસાયમાં પરોવાયેલા – જોતરાયેલા, મોટા મઝિયારા સંયુક્ત કુટુંબના સભ્યો જેવા આપણે સૌ આજે આપણી આ માતૃ સંસ્થાના ઉદાર, શીળા ને હૂંફાળા ઉછંગે ભેગા થયા છીએ એ ઘટના જ જાતે કેવી સુખદ ને રોમાંચક છે! માનવ હૃદયના આગવા ગુરુત્વાકર્ષણના નિયમ–આંતરઃકોડપિ હેતુઃ સિવાય– આવો બહુમુખી સમુચ્ચય ને વિનિયોગ અશક્ય ગણાય. માતૃ સંસ્થાનો નિર્વ્યાજ, સ્નેહ, પૂ ભા જેવા અગત્સ્યવૃત્તિ ધરાવનાર આજીવન સેવકોનું ઉગ્ર તપ, નિત્ય જાગ્રત સંચાલકોની દુર્લભ યોજનાશક્તિ અને પ્રેમના કાચા સુતરને તાંતણે બંધાવાની ને તણાવવાની આપણી લવચીકવૃત્તિ– આ બધાં કારણોને લીધે આ પરિવાર સંમેલનનું આયોજન શક્ય બન્યુ છે એમ હું સમજુ છું; બાકી આવો ધૂમ તાપ, ગાડી-મોટરની અસહ્ય ગીર્દી, વિધવાના એક માત્ર છોકરા જેવી મોંઘી ફુરસદ અને વ્યવહારની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી આટલો સમય ચોરીને અહીં આવવાનું અશક્ય બને.

અર્વાચીન ગૂજરાતને ઘડનારી દશેક વ્યક્તિઓનાં નામ જો કોઇ મને પૂછે તો તેમાં હું પ્રથમ પાંચ નામ આ પ્રમાણે ગણાવું. (૧) ગાંધીજી (૨) દયાનંદ સરસ્વતી (૩) ગોવર્ધનરામ (૪) શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને (૫) રણછોડભાઇ રેંટિયાવાળા. આપણી સંસ્થાનું એ સદ્‌ભાગ્ય છે કે આમાંના બે વિશ્વખ્યાત ગુજરાતીઓએ આ સંસ્થાની મુલાકાતે આવી એની કામગીરીને યોગ્ય અંજલિ આપી છે. આજથી ૪૪ વર્ષ પહેલાં– તા. ૪-૧-૨૬ ના રોજ સ્વ. મહારાજા સયાજીરાવ ગાયકવાડે આ સંસ્થામાં પધારી, દીવાન સાહેબ ને રસાલાની હાજરીમાં જે અંજલિ આપી એને હું એક મહત્ત્વનો ઐતિહાસિક દસ્તાવેજ લેખું છું. "મારા અમલદારોએ આ સંસ્થા બંડખોર છે એવી માહિતી મને આપી અને તેથી મારી આ સંસ્થાની મુલાકાત મેં રદ કરી હતી. પણ સ્ટેશન ઉપર ફરતાં મારા દિલને થયું કે આ સંસ્થા કેવી બંડખોર છે તે જોઉં અને આવ્યો. સંસ્થાની બધી પ્રવૃત્તિઓ જોઇ, અને આને મારા અમલદારો બંડખોર પ્રવૃત્તિ કહેતા હોય તો હું ઇચ્છું છું કે મારા રાજ્યના ખુણેખુણામાં આવી બંડખોર પ્રવૃત્તિઓ થાય. ઇંગ્લાંડની સ્કૂલો ઉપરથી એવી સ્કૂલ સ્થાપવા મેં પ્રયત્ન કરેલ પણ એમાં સફળ થયો નહીં પણ અહીં મારું સ્વપ્ન સિદ્ધ થતું મને લાગે છે."

યાદ રહે કે જ્યારે રાજાશાહીનો મધ્યાહ્ન તપતો હતો તે સમયે કેવળ ગ્રીસની લોકશાહીમાં ઉચ્ચારી શકાય એવી આ વીર્યવંતી વાણી છે. મહારાજાની અંજલિમાં ધ્રુવપદ જેવો શબ્દ 'બંડખોર' છે એ આપના ખ્યાલમાં હશે જ. રાજાશાહી ડીક્ષનેરીના એ શબ્દનો અર્થ લોકશાહી શબ્દકોષમાં પ્રગતિશીલ, ઉદ્દામવાદી એવો થાય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

એ પછી ત્રીજે જ વર્ષે તા. ૨૭–૭–૧૯૨૯ના રોજ વિશ્વવંદ્ય પૂ. ગાંધીજી આ સંસ્થામાં એમના ક્રિયાશીલ જીવનના ખાસ્સા સાડા ચાર કલાક ગાળી ગયા એને હુ આપણી સંસ્થાનું પરમ સદ્‌ભાગ્ય ગણું છું. એકત્રિત થયેલી બહુરંગી જનતાને ઉદ્દ્બોધતાં એમણે કહેલું: "આ સંસ્થામાં તમારાં બાળકોને દાખલ કરી સારું શિક્ષણ અપાવી શકો છો. **સંસ્થા પાસે સિલિક નથી એ એક સારી વસ્તુ છે.** હરિજનોને તમારા ભાઈબહેન જ ગણો અને એમને અપનાવો. સંસ્થાના મંત્રીએ નિખાલસતાથી ત્રુટિઓ દર્શાવી છે એ નિખાલસતા માટે તેમને અભિનંદન ઘટે છે. છગનભાએ જે આ કાર્ય કર્યું છે તે સુંદર કાર્ય છે. તેમની પાસેથી સેવાના પાઠ શીખજો અને એમના જેવા થવા પ્રયત્ન કરજો. **આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે.**" માણસ મરે નહીં ત્યાં સુધી સર્ટીફીકેટ નહીં આપનાર ગાંધીજીનું આ સર્ટીફીકેટ છે. 'સંસ્થા પાસે સિલિક નથી એ એક સારી વસ્તુ છે' અને 'આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે.' મહાત્માજીનાં આ બે વાકયો વેદવાકયો જેવાં મને લાગ્યાં છે. 'આવી' શબ્દ આપણે માટે ગર્વનો વિષય હોઈ શકે. મહારાજાના 'બંડખોર સંસ્થા' અને મહાત્માજીના 'આવી સંસ્થા'ના શબ્દના ઉપયોગમાં, એક આદર્શને પ્રગતિશીલ સંસ્થાનું શબ્દચિત્ર હું વાંચી શકું છું. "આવી સંસ્થામાં," છેલ્લી અર્ધશતાબ્દીમાં ભણી ગયેલા, લગભગ દશ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પોતાની જાતને ધન્ય સમજવી જોઈએ એમ આ મંચ ઉપરથી હું રોશન કરું તો કોઈ વિઘ્ન-સંતોષીએ આત્મશ્લાઘા કે સંસ્થા પ્રશસ્તિનો દોષ દેવો ઘટે નહીં.

વીસમી સદીના બીજા દાયકામાં જયારે હાઈસ્કૂલો ને કૉલેજો 'કેળવણીની દુકાનો' જેવી અને છાત્રાલયો – વીશીઓ અને 'સમાજની સાવકી સંસ્થાઓ' જેવી નામની સંસ્થાઓ હતી ત્યારે આપણી આ સંસ્થા તેના સાચા અર્થમાં 'રાષ્ટ્રીય સંસ્થા' હતી અને છાત્રાલય આદર્શ છાત્રાલય હતું– એમ આજે ય તે ઐતિહાસિક તેમ જ કેવળ નિરપેક્ષ દૃષ્ટિએ પણ લાગશે. આપણું સામાજિક, આર્થિક, રાજકીય ને સાંસ્કારિક અસ્તિત્વ મોટે ભાગે આ સંસ્થાને આભારી છે એમ કબૂલ કરવામાં કેવળ અક્ષરજ્ઞાન કરતાં આચારવિચારની શુદ્ધિની સાચી કેળવણી આ સંસ્થામાં પ્રાપ્ત થશે એમ આજથી ચાર દાયકા પહેલાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ અમસ્તું નહોતું ભાખ્યું. ગાંધીજીની એ આર્ષવાણી આપણી પ્રેરણા બની રહી અને આજે આપણે જોઈએ છીએ કે આ વિસ્તારની લગભગ બસો હાઈસ્કૂલો અને અઢારેક કૉલેજો એ આદ્રવૃક્ષનાં ફળફૂલ છે.

કોઈપણ વ્યકિત. સંસ્થા કે રાષ્ટ્રને પોતાનું આગવું 'જીનીઅસ અને સ્વતંત્ર' મીશન હોવું જોઈએ ત્યાં સુધી જ તેને ટકાવાનો અધિકાર છે. કાળેકાળે ઉપસ્થિત થતા યક્ષપ્રશ્નો-ને હલ કરવામાં એણે અગ્રવૃત્તિ રાખવાની હોય છે. પ્રવાહ-પતિતોનો આરો કે ઉગારો નથી. છેલ્લા પાંચ દાયકામાં આપણી આ સંસ્થાએ એના વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા પ્રામાણિક કાર્યકર્તાઓ દ્વારા કાળેકાળે ઉપસ્થિત થતા સંકુલ પ્રશ્નોને હલ કરવામાં ઐતિહાસિક ને રોમહર્ષણ કામગીરી બજાવી છે, એમ એનો કડીબદ્ધ ને સીલસીલાં ઇતિહાસ વાંચતા અચૂક લાગશે. ઢાલની બીજી બાજુ પણ એટલી જ સાચી છે કે કોઈપણ સંસ્થા કે કોઈપણ રાષ્ટ્ર–કેવળ એની ભૂતકાલીન મૂડી ઉપર ઝાઝું ઝઝૂમી કે ટકી શકે નહીં.

વિશ્વના **સમર્થ** ઇતિહાસકાર ટૉયન્બીનું કહેવું છે કે સંસ્કૃતિઓનો વિકાસ 'ચેલેન્જ એન્ડ રિસ્પોન્સ' ના નિયમને આધારે થાય છે. દરેક જમાનાને પોતાની 'ચેલેન્જ' હોય છે. આપણી સમક્ષ આજે એવી એનેક 'ચેલેન્જો' આવી પડી છે. જમાનાની તેજ રફતારમાં, કાળના કડછા નીચે અનેક પ્રસ્થાપિત મૂલ્યો ઉપરતળે થઈ રહ્યાં છે. હજાર વર્ષનું ઇતિહાસનું નાટક છેલ્લા સો વર્ષમાં ભજવાઈ ગયું છે અને છેલ્લા સૈકાનું નાટક છેલ્લા દાયકામાં ભજવાઈ રહ્યું છે. આપણાં પ્ર–રક્ષક રુઢિતંત્રો અને રુચિતંત્રોમાં આમૂલ પરિવર્તન આવતું જાય છે. ક્ષિતિજો દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. હ્રસ્વમાંથી ભૂમા બન્યા સિવાય કોઈને ય ચાલવાનું નથી. જીવનના કોઈપણ ક્ષેત્રમાં શાહમૃગનીતિ ફાવવાની નથી. નક્કર વાસ્તિવિકતાઓનો મર્દ પ્રતિકાર કર્યા વિના આપણો આરો કે ઉગારો જ નથી. આપણા આત્મરત આદર્શવાદની ભીંતો દોદળી બને તે પહેલાં પરલક્ષી, જગલક્ષી, વિશ્વલક્ષી વાસ્તવિકતાનો ઉઘાડો મુકાબલો કર્યા સિવાય સનાતન (!) મૂલ્યોની રક્ષા અને નવીન મૂલ્યોની પ્રસ્થાપના શકય નથી. વિકસતા વિશ્વ સાથે આપણે વિકસવું જ પડશે, અતંદ્ર જાગ્રતિ-પૂર્વક અને દિશાદોર ચૂકયા વિના.

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ સાથે વિશ્વ નાનું બનતું જાય છે. આજે લોકોને લોકસંઘર્ષમાં જ શ્રેય દેખાય છે. પ્રકૃતિથી, વિકૃત શિક્ષણથી ને સમાજના વિકૃત વલણથી આપણે સુખ-દુઃખના ખોટા ખ્યાલો ગાંઠે બાંધી, પ્રવાહપતિત જીવન જીવીએ છીએ. સાંકડો ધર્મ ને રાંકડો સમાજ, તરલ રાજકીય વિચારસરણી અને જટીલ લાગણી તંત્ર – કશાકનું અવલંબન સ્વીકાર્યા વિના આપણા જીવને ચેન પડતું નથી અને જીવનને ચાલના પ્રાપ્ત થતી નથી. આપણે દેવળની ઉપાસના કરીએ છીએ ને સત્ત્વને છાંડીએ છીએ ને સત્યને ત્યજીએ છીએ. પહેલાં ધર્મના વિતંડાવાદ હતા, હવે રાજકીય વિચાર–સરણીઓના. પહેલાં ધર્મની હાક વાગતી, હવે સત્તાના ધર્મની. સત્યનું મુખ આજે તો અનેક ઢાંકણોથી ઢંકાઈ ગયું છે.

આવી મૂઢ ને સંભ્રમવાળી લાચાર પરિસ્થિતિમાં જીવનના નાના–મોટા કોઈપણ ક્ષેત્રમાં પડેલો આ સંસ્થાનો વિદ્યાર્થી સત્યનો સાચો સૈનિક બની રહે એ પણ એક મોટામાં મોટી

દેશસેવા ને પ્રભુસેવા જ છે. આપણે ત્યાં રાજકીય અપરિપકવતા છે, આર્થિક પછાતપણું છે, આપણું સાંધિક જીવન દોદળું છે, આચાર-વિચારની અસ્પૃશ્યતા છે, પણ આ સર્વથીય જો મોટામાં મોટી કોઈ રાષ્ટ્રીય કટોકટી કે આપત્તિ હોય તો તે રાષ્ટ્રીય ચારિત્ર્યના અભાવની છે. પેસિફિકના ઊંડાણ જેટલી ગરીબાઈ અને માઉન્ટ એવરેસ્ટ જેટલું ઊંચુ અજ્ઞાન આપણી લોકશાહીના ઉપહાસરૂપ છે. આપણે ઘણેઘણે મોરચે ઝૂમવાનું છે. આપણા સંસારરથનું એક ચક્ર દોદળું ને આડું છે. વિદ્યાપ્રાપ્તિ અને વ્યવસાય અંગે વિદેશગમનનું ફલક વિસ્તૃત થતાં આપણા સામાજિક જીવનને નૂતન પરિમાણ લાધ્યું છે હજી જૂના પ્રશ્નો પ્રમાણમાં હલ થયા નથી અને નવા પ્રશ્નો જન્મી ચૂકયા છે. નવી સંપત્તિએ સંસ્કાર સંક્રમણના ઉષઃકાળે કેટલાક સામાજિક પ્રશ્નોને નવી ધાર આપી છે. શિક્ષણના વ્યાપ સાથે નૂતન અપેક્ષાઓ અને બેકારીનો જન્મ થયો છે તો બીજી બાજુ અનેક ક્ષેત્રોમાં યોગ્ય વ્યક્તિઓની અસ્સલ ઉણપ વરતાય છે. સુસંગતાના અભાવથી એક પણ ક્ષેત્ર મુક્ત કે બાકાત નથી. આપણે આ બધાનો વિચાર કરવાનો છે.

કેળવણી કે સંસ્કારનું વિતરણ કરતી કોઈ પણ નાનીમોટી સંસ્થાનું ગાડું સરકારી ગ્રાન્ટ વિના આગળ ચાલતું નથી એ દેશની દુર્દશા છે; કેમકે સરકારી ગ્રાન્ટ એ કોઈ સન્યાસીની નિઃસ્પૃહતા નથી. એની પાછળ અનેક ગૂંચો અને ઘાંચો હોય છે. વિચાર અને કાર્યનું સ્વાતંત્ર્ય જ્યાં જોખમાય ત્યાં તેજસ્વિતા પ્રગટે નહીં. અમેરિકા જેવા દેશમાં તો ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા આવા પ્રશ્નો સહજ રીતે હલ થતા હોય છે. આપણે ત્યાં આ અશકય નથી જ. એ ન બને ત્યાં સુધી સંસ્થાનો આર્થિક-ગોવર્ધન એના હજ્જારો ગોવાળિયાઓએ ધારણ કરવો જોઈએ દા. ત. આ સંસ્થામાં આશરે દશહજાર વિદ્યાર્થીઓ ભણી ગયા – એમાંના કેવળ દશ ટકા – એટલે કે હજાર વિદ્યાર્થીઓ વરસ દહાડે સો રૂપિયા જેવી નજેવી રકમ સંસ્થાને ચરણે ધરે તોય સહેજે એક લાખ રૂપિયા જેવી માતબર રકમ એકઠી થાય.

આપણા આ પરિવારમાં પાર્લામેન્ટના અને ધારાસભાના પીઢ-પ્રૌઢ સભ્યો છે, તો ધારદાર દલીલોથી ન્યાયાલય ગજવતા અને સંતુલિત બુદ્ધિથી ન્યાય તોળતા વકીલો-ન્યાયાધીશો પણ છે. સમાજની શરીર-સંપત્તિ સાચવતા- સંવર્ધતા ડૉકટરો છે. તો ચીપી ચીપીને ઝીણી વાત સમજાવતા શિક્ષકો-અધ્યાપકો અને પ્રોફેસરો પણ છે. ઘાટઘાટનાં પાણી પીધેલા અનુભવડાહ્યા વેપારીઓ છે. તો જંગલમાં મંગલ કરનાર ઇજનેરો પણ છે. મોટી મોટી સંસ્થાઓ-પેઢીઓનો વહીવટ કરનાર દક્ષ વહીવટકર્તાઓ છે, તો લીલી હરીયાળી ક્રાંતિ સર્જનાર 'જગતના તાત' પણ છે. કાળજીપૂર્વક સ્પષ્ટ અક્ષરે ચોખો હિસાબ રાખનાર કારકૂનો છે તો शरीरमाद्यं खलु धर्म साधनम् । નો મંત્ર સમાજને સક્રિય રીતે સમજાવનાર પણ છે. અહીં ભૂતકાળને વાગોળનાર, વર્તમાનને પ્રવૃત્તિથી ભરી દેનાર અને ભવ્ય ભાવિના જન્મની પ્રતીક્ષા કરનાર બધા જ પ્રકારના આત્મા છે. એમાં કોઈ ઊંચ નથી, નીચ નથી. શેઠ નથી, સેવક નથી. સૌ પોતપોતાના ઇલાકાના 'હાકેમ છે.' પણ અહીં આ માતૃસંસ્થાને ખોળે તો સૌ સમાન જ છે. એ સમાનતાને નાતે આજની ચર્ચા-વિચારણા માટે મને જે કંઈ સૂઝયું તે, આ મંગલ પ્રવચનમાં દર્શાવ્યું.

— o —

### શ્રી અનામીએ પોતાનું લેખી પ્રવચન વાંચતાં વચ્ચે વચ્ચે કરેલાં સૂચનો :

(૧) સુવર્ણ જયંતી ફંડ માટે પૃથક પૃથક સમિતિઓ નીમવી તથા ગામવાર અને શહેરવાર યોગ્ય વ્યક્તિઓની નિમણૂક કરવી.

(૨) બહેનો માટેની પોલીટેકનીક સંસ્થાનો વિચાર કરવો.

(૩) કૃષિ વિશ્વવિદ્યાલય અને તે સંદર્ભમાં પ્રવૃતિ કરવી.

(૪) જૂના બધા જ વિદ્યાર્થીઓનું સંગઠન વ્યવસ્થિત રીતે કરવું. એમને સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં જોતરવા.

(૫) જૂના વિદ્યાર્થીઓ નૂતન વર્ષ, લગ્ન પ્રસંગે કે અન્ય કોઈ પ્રસંગે સંસ્થાને રૂ. ૧૦૧) ની રકમ ઓછામાં ઓછી મોકલે. **કોઈ પ્રસંગ કે દિવસ નક્કી કરી દર વર્ષે ઓછામાં ઓછા રૂા. ૧૦૦) મોકલે.**

(૬) 'સુવર્ણ જયંતી' સાપ્તાહિક સુવર્ણ જયંતી ઉજવાઈ ગયા પછી પણ ચાલુ રાખવું.

(૭) Humanities (માનવતા)ને સંસ્થાના ધ્યેયમાં અધ્યમાં રાખવી. તેનું પોષણ થાય તે નજર સમક્ષ રાખી ધ્યેય, આદર્શ અને કાર્યોનું આયોજન થાય.

---

## ગોશાળામાં મળેલ ફંડની યાદી

૧૦૧) અ. સૌ. સવિતાબેન કનૈયાલાલ પટેલ,
(વકીલ ધનાભાઈના પુત્રવધુ)
ઠે. સ્વામીનારાયણના મંદિર પાસે, મુ. કડી

*૨૫) ડૉ. પુરષોત્તમભાઈ ત્રિભોવનદાસ પટેલ, મુ. ધીણોજ

૧૦૧) શ્રી શંકરલાલ જેસંગદાસ પટેલ,
હા. શ્રી વશરામભાઈ શંકરલાલ, મુ. લાંઘણુજ
તા. મહેસાણા.

૫૧) અ. સૌ. શારદાબેન મણીલાલ,
હા. ડૉ. મણીલાલ એસ. પટેલ, (લણવાવાળા)
સ્વામીનારાયણના મંદિર પાસે,-મુ. કડી

---

# સુવર્ણ જયંતી ફાળો સવા લાખ ઉપર પહોંચે છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

* આવી નિશાની વસુલ આવેલી રકમો બતાવે છે.

૧૦૪૧૦૧) અંક ૩૧ માં પ્રસિદ્ધ. આગળનો સરવાળો.
૫૦૦૧) **શ્રી છોટાલાલ પુરુષોત્તમદાસ પટેલ (સી. પી. પટેલ) મુંબાઇ**
* ૫૦૧) સ્વ. જમનાદાસ અમૃતલાલ અમીન, હા. શ્રી રામચંદ્રભાઈ જમનાદાસ અમીન ૨૧ અમીન નિવાસ, પાટીદાર સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ-૬
૨૫૧) શ્રી નિરંજન માણેકલાલ પટેલ, સાબવાનો માઢ મણીપુર, કડી
૨૫૧) મેજર હસમુખભાઈ માણેકલાલ પટેલ, સાબવાનો માઢ મણીપુર, કડી
૨૫૧) શ્રી વિક્રમભાઇ માણેકલાલ પટેલ, સાબવાનો માઢ મણીપુર, કડી
૨૫૧) શ્રી રણછોડલાલ જમનાદાસ દેસાઇ, દેસાઇ ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમર્સ, કડી
૨૫૧) શ્રી નાથાલાલ રામદાસ પટેલ, મુ. ગેરાદ,
* ૨૫૧) શ્રી ગોરધનભાઇ બહેચરભાઈ પટેલ, ખાડિયાપોળ અંબિકા નિવાસ, મુ. વડોદરા
* ૨૫૧) શ્રી પ્રભુદાસ જોઇતારામ પટેલ, મુ. લાડોલ,
* ૨૫૧) શ્રી દેસાઇભાઇ છબીલદાસ પટેલ, મુ. લાડોલ,
* ૨૫૧) શ્રી અંબાલાલ મનોરદાસ પટેલ, ન્યુ હરિનિવાસ સેકંડ ફ્લોર, હરગોવિંદદાસ ગલી. મથુરદાસ રોડ, અંધેરી ઇસ્ટ, મુંબાઇ-૬૯
* ૨૫૧) શ્રી દેસાઇ બદ્રીનારાયણ સોમનાથ, મુ. જોટાણા
* ૨૫૧) શ્રી નટવરલાલ શાંતિલાલ પટેલ, ,,
* ૨૫૧) શ્રી શકરચંદ શિવલાલ પટેલ, ,,
* ૨૫૧) ડૉ. ઇશ્વરલાલ એમ. પટેલ, અમદાવાદ-૬
* ૨૫૧) શ્રી પ્રભુદાસ રામદાસની પેઢી વતી, શ્રી ત્રિભોવનદાસ દ્વારકાદાસ મુ. હીરપુરા
* ૨૫૧) શ્રી આત્મારામ મથુરદાસ પટેલ, મુ. સરસાવ
* ૨૫૧) ડૉ. હિંમતલાલ પ્રહલાદજી પટેલ, ૯ ગૌતમવિહાર સોસાયટી, આશ્રમ રોડ,-અમદાવાદ.
૨૫૧) શ્રી પ્રેમજીભાઈ મીઠાભાઇ પટેલ, સરદાર પટેલ કોલોની, નવરંગપુરા, અમદાવાદ
૨૫૧) શ્રી માણેકલાલ એલ. પટેલ, એસ્ટેટ ઓફિસર, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ
૨૫૧) શ્રી તુલસીદાસ જીવરામદાસ પટેલ, આચાર્ય, મુ. ગોઝારિયા
૨૫૧) શ્રી કનૈયાલાલ ધનાભાઇ પટેલ (એમ. બી બી. એસ) (વકીલ ધનાભાઇના સુપુત્ર) મુ. કડી
૨૫૧) શ્રી રામભાઇ શંકરભાઈ પટેલ, અમદાવાદ
૨૫૧) શ્રી નારણદાસ માધવલાલ પટેલ શાહપુર નવી પોળ, અમદાવાદ
* ૨૫૧) શ્રી ભાઇલાલભાઇ અમથાલાલ પટેલ હ. શ્રી નરસિંહભાઈ ભાઇલાલભાઇ મુ. કાંઝ તા. વિરમગામ
૨૫૧) શ્રી પ્રહલાદભાઇ છગનલાલ (બલોલવાળા) ૬૧ વિષ્ણુનગર, સરસપુર, અમદાવાદ
૨૫૧) શ્રી મણીભાઇ મોહનલાલ પટેલ (કંથરાવીવાળા) ૬૪ વિષ્ણુનગર, સરસપુર, અમદાવાદ
૨૫૧) શ્રી રતિલાલ રાયચંદદાસ મુ. ઉમતા.
* ૨૫૧) ડૉ અમૃતલાલ કે. પટેલ, મુ. વિજાપુર
૨૫૧) શ્રી અંબાલાલ મોતીભાઇ પટેલ ૨૫ સરદાર પટેલ સોસાયટી, મુ. કડી
* ૨૫૧) શ્રી રમણલાલ મથુરભાઈ શાહ ૫૧, દરિયાસ્થાન ગલી બીજે માળે રૂમ નં ૯ વડગાડી, મુંબાઈ ૩.

૧૨૬૮૮૨)

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૦૦૧) શ્રી અમૃતલાલ હરગોવનદાસની પેઢી હ. હરિભાઇ તથા હગોવનદાસ રેવડીબજાર, અમદાવાદ
૨૫૧) શ્રી કુબેરદાસ હરિદાસ પટેલ હ. તુલસીભાઈ કુબેરદાસ મુ. જાસપુર
૨૫૧) શ્રી ઇશ્વરદાસ નારાયણદાસ પટેલ ૮૫ સરદાર પટેલ કોલોની, અમદાવાદ
૨૫૧) શ્રી માધવલાલ મગનલાલ પટેલ (રાજપુરવાળા) જૂના માધુપુરા નારણદાસ ત્રિકમદાસના ડેલામાં અમદાવાદ
૨૫૧) શ્રી ગોવિંદલાલ ભુદરદાસ પટેલ (કુંડાળવાળા) ૩ સોમનાથ નગર સોસાયટી, નારણપુરા ક્રોસીંગ અમદાવાદ

[ પાન ૪ ઉપર ચાલુ ]

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી- તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ.
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૭-૫-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૪-૫-૭૦ [ અંક ૩૩


## ભારત–ઉપવન કમનીય કુંજે, ગુર્જર ભોમ પ્રકાશે,
## ઉત્તરમાં ત્યાં એક ક્યારડે વિવિધ ફુલડાં હાસે.
## સુંદર સર્વ વિદ્યાલય રાજે !

[ પરિવાર સંમેલન તથા કૉલેજ હોસ્ટેલના ઉદ્દઘાટન સમારંભનાં સંભારણાં. ]

સ્વાગત



પશ્ચિમ દરવાજેથી કેમ્પસમાં પ્રવેશતાં શ્રી દાસકાકાએ મહેમાનો-નું સ્વાગત કર્યું. મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ સલામી ઝીલે છે. સાથે : શ્રીમતી સગુણાબેન તથા દાસકાકા વગેરે.

ઉદ્દઘાટન સમારંભમાં



મંચ ઉપર શ્રી હિતેન્દ્રભાઈ, શ્રી જયકૃષ્ણભાઈ, શ્રી સી. પી. પટેલ તથા શ્રી રામચંદ્રભાઈ અમીન

**: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. : :**

## ઉદ્ઘાટન



શ્રી સી. પી. પટેલ પટ્ટી કાપીને હોસ્ટેલનું ઉદ્ઘાટન કરે છે. સાથે છે : શ્રી દાસકાકા, શ્રી જયકૃષ્ણભાઇ, ડૉ રામભાઈ પટેલ વગેરે.

## દીપક પ્રાગટ્ય



ઉદ્ઘાટન નિમિત્ત શ્રી સી. પી. પટેલ જ્ઞાનદીપ પ્રગટાવી પોતાની માંગલિક વાંછનાઓ સંસ્થાની ભૂમિ ઉપર પ્રસ્થાપિત કરે છે.

## પરિવાર સંમેલનના ફલક નીચે




## પગે...પગે આઘે સુધી...



શ્રી દાસકાકા હાથ ઉંચો કરી આંગળી ચીંધી કેમ્પસના વિસ્તારની ભાવિ યોજનાઓ સમજાવે છે. મા. શ્રી હિતેન્દ્રભાઇ, શ્રી સી. પી. પટેલ, શ્રી રણછોડભાઇ પટેલ, ડૉ રામભાઈ, તથા ત્રિભુવનભાઇ વગેરે તેમને અનુસરી રહ્યા છે.

## પરિવારનું સ્વાગત



શ્રી દાસકાકા સ્વાગત પ્રવચન કરે છે. મંચ ઉપર : બલોલવાળા શ્રી અંબાલાલ, મહેસાણાના વકીલ શ્રી મગનલાલ, ભૂતપૂર્વ અધ્યાપક શ્રી રતિભાઇ અમીન, શ્રી મગનભાઇ બાજીદાસ તથા શ્રી રામદાસ છગનલાલ (સરઢવ) વગેરે

→ ઉદ્ઘાટન પછી પાછા ફરતાં કૉલેજ વિસ્તાર ઉપર : પરિવાર સંમેલનના ફલક નીચે : શ્રી દાસકાકા, શ્રી જયકૃષ્ણભાઇ શ્રી સી. પી. પટેલ. આજૂબાજૂ છે. શ્રી અશ્વિનભાઇ, ડૉ. રામભાઇ, ડૉ. ત્રિભુવનભાઈ, શ્રી રામદાસ છગનલાલ, શ્રા રણછોડભાઇ વગેરે

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# સ ર વા ણી ઓ

(પરિવાર સંમેલન અને સા. કૉ. હોસ્ટેલના મકાનના ઉદ્‌ઘાટનના ખેવડા પ્રસંગે શુભેચ્છાના ઘણા સંદેશાઓ મળ્યા છે. આ સંદેશાઓ પણ અમારે મન પ્રેમની અને પ્રેરણાની સરવાણીઓ છે. તેમાંથી કેટલાક અહીં ઉતારવામાં આવે છે.—સં.)

**શ્રી પીતાંબરભાઈ ન. પટેલ**: (ચેરમેન ગુજરાત રાજ્ય પંચાયત સર્વીસ કમીશન): ઠે કલ્પના, સરદાર પટેલ કોલોની, અમદાવાદ-૧૪

આવા અવસરે સૌને મળવા. જૂની સ્મૃતિઓ તાજી કરવા. સંસ્થાના વિકાસમાં સહભાગી થવાનું-એ આકર્ષણ નાનું નથી. ખૂબ ખૂબ ઇચ્છા અને હોંસ હતી પણ મારે તા. ૨૮ થી ૩ સુધી ભાવનગરમાં ઇન્ટરવ્યુના કામે રોકાણ હોવાથી આવી શકતો નથી તો માફ કરશો.

છગનભા જેવા સાધુચરિત પુરુષે સ્થાપેલી આ સંસ્થા જીવનલક્ષી શિક્ષણ આપવાની મૌલિક અને પ્રેરક પ્રણાલિકાઓ પાડી જિલ્લામાં મોખરે રહી છે. તે ઉચ્ચ શિક્ષણમાં પણ માર્ગદર્શક બની રહેશે એવી આશા રાખું છું.

આ સમારંભ અને સ્નેહમિલન જીવનનો પાણીદાર લહાવો બની રહે એવી અપેક્ષા સાથે સમારંભની સફળતા ઇચ્છું છું. સૌને સ્નેહ યાદ.

**ડૉ. પ્રહલાદભાઇ એ. પટેલ**: M. B. B. S. વીરસદ: જી. ખેડા.

સર્વ વિદ્યાલય જીવનમાં બહુ જ વાર યાદ આવે છે. કારણ કે તેણે ખરેખર 'મા' જેવું વર્તન અમારા પ્રત્યે રાખ્યું હતું. સર્વ વિદ્યાલયને કોઈ પણ સપુત એવો નહિ હોય કે જે તેની "મુછાળી મા" ને યાદ નહિ કરતો હોય.

**મેજર હસમુખ એમ. પટેલ**: અંબાલા કેન્ટોન્ટમેન્ટ (પંજાબ)

પચાસ વર્ષ પર સ્થપાયેલી સંસ્થા આજે મહાન વટવૃક્ષ બનીને મને અને મારા જેવા અનેક વિદ્યાર્થીઓમાં અમી સીંચી સંસારના વિકટ પ્રશ્નો હલ કરવા જરૂરી એવા સદ્‌ગુણો વિકસાવ્યા છે તે માટે અમે સંસ્થાના ખૂબ જ ઋણી છીએ. સંસ્થા પ્રગતિનાં સોપાન સર કરી ગુજરાત અને સમસ્ત ભારતમાં તેની સુવાસ ફેલાવે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**ડૉ. હરિભાઇ જી. દેશાઈ**: રીડર ઇન એજ્યુકેશન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. કૃષ્ણનગર, ભાવનગર

સર્વ વિદ્યાલય પરીવાર સંમેલનને જ્વલંત સફળતા ઇચ્છું છું......પરિવારના સભ્ય હોવાનો મને ભારે ગર્વ છે. સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિનાં શિખર સર કરે એજ અભ્યર્થના.

**શ્રી મનહરલાલ શુકલ**: મંત્રી, મજૂર મહાજન સંઘ, ગાંધી મજૂર સેવાલય-અમદાવાદ.

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેની સુવર્ણ જયંતી ઉજવે છે તે એક આનંદનો પ્રસંગ છે. આ વિદ્યાલય મારફતે કેળવણી અને સંસ્કારનો છેલ્લા પચાસ વર્ષ દરમ્યાન પ્રચાર થવાને પરિણામે આજે ઉત્તર ગુજરાતમાં અનેક સ્થળોએ શાળાઓ અને કૉલેજો ફાલીફૂલી રહ્યાં છે.

આ વિદ્યાલયની મુલાકાત લેવાનો પ્રસંગ મને આજથી પચીસ વર્ષ પહેલાં સાંપડેલો તે સમયે મારા મન પર સંસ્કાર, શિસ્ત, શિક્ષણ તેમ જ જીવનનું ઘડતર કરનારી આ સંસ્થા વિષે એક અનોખી છાપ ઉપસી આવી હતી. આ વિદ્યાલયમાંથી શિક્ષણ પામેલ વ્યક્તિઓએ પોતાનું જીવન ઉન્નત બનાવી સંસ્કાર ઘડતરમાં અનેરો ફાળો આપ્યો છે તે કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. વિદ્યાલયનું કામકાજ વધુ ફુલેફાલે એવી મારી શુભેચ્છાઓ.

---

[ પેજ ૪ ઉપરનું ચાલુ ]

અને રાષ્ટ્રીય વિચારોના મારે વિશેના સિંચનમાં એ બે વર્ષના સમયે ઘણો મહત્ત્વનો ભાગ ભજવેલો છે. એટલું જ નહિ પરંતુ આ તપોભૂમિમાં રહી સાદાઇ, શ્રમ, સ્વાશ્રય, નિયમિતતા વિવેક, વિનય, સદ્‌વિચાર, સદ્‌ભાવના, નીડરતા, રાષ્ટ્રીયભાવના વગેરે ગુણો પ્રાપ્ત કર્યા છે.

આથી માતૃસંસ્થા પ્રત્યેનું ઋણ તો હું અદા કરું તેટલું ઓછું છે. છતાં માતૃસંસ્થાના ચરણે મારી શક્તિ ન હોવા છતાં સુવર્ણ જયંતી ફાળામાં કંઇક આપવું જ જોઇએ એમ માની ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપી રૂા. ૨૫૧) ધરી માતૃસંસ્થા પ્રત્યેનું અલ્પ ઋણ અદા કરવા પ્રયત્ન કર્યો છે. વળી સુવર્ણ જયંતી નિમિત્તે સંસ્થાના વિકાસાર્થે કાર્ય કરી રહેલ સર્વેને ધન્યવાદ અને હું મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. અને ઇશ્વરને પ્રાર્થના કરું છું કે આપ સર્વેને આ મહાન પર્વની ઉજવણીમાં પ્રભુ સહાયક બને.

લિ. આપનો આજ્ઞાંકિત,
રમણભાઇ કે. પટેલના પ્રણામ.
ઠે. ધી એ. એલ. ઝવેરી હાઇસ્કૂલ, છત્રાલ

## ટપાલ પેટી : [૨૧]

પૂજ્ય આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ,

પૂજ્ય દાસકાકા, પૂજ્ય ઠાકર સાહેબ (નિવૃત્ત), પૂજ્ય અંબાલાલ સાહેબ, પૂજ્ય શાહ સાહેબ, પૂજ્ય રામભાઈ સાહેબ, માનનીય ચતુરભાઈ સાહેબ, શ્રી ગણેશભાઈ, શ્રી દિલીપ કુમાર રૉય તથા અન્ય ગુરુગણ......

સર્વેને સાદર પ્રણામ

આપ સર્વના પરિશ્રમના પરિપાકરૂપે આકાર લેતા 'સુવર્ણ જયંતી' ના કુલ ૨૯ અંક મને મળ્યા છે. તે સાપ્તાહિક હાથમાં આવતાની સાથે ખરેખર જૂની માતૃસંસ્થા-ના પ્રગતિશીલ સમાચાર જાણવાની ઉત્કંઠા રહે એ સ્વાભાવિક છે, તેમ જ ભૂતપૂર્વ માતૃસંસ્થાનાં સંસ્મરણો તાજાં થાય છે. સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમનું નામ યાદ આવતાં જ અંતરમાં આનંદ ઉભરાય છે.

આ વર્ષે આપણી સંસ્થાને ૫૦ વર્ષ પૂરાં થાય છે એ આપણા સૌ માટે મહાન પર્વ છે. એ પર્વની ઉજવણી માટે આપણે સૌ કટિબદ્ધ થયા છીએ તે એક આનંદ અને ગૌરવની વાત છે. શાળાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ અનેરી રીતે યાદ કર્યા છે તે પ્રશંસનીય છે. સર્વ વિદ્યાલયમાંથી અને આશ્રમમાંથી વિદાય લીધે આજે ૧૩ વર્ષ થઈ ગયાં છતાં તેનાં સંસ્મરણો આજે યાદ આવ્યા વિના રહી શકતાં નથી. માનવજીવનમાં વિદ્યાર્થીકાળ ઘણો જ મહત્વનો તબક્કો છે. જીવનમાં અનેક પ્રસંગોએ એ સુવર્ણકાળ યાદ આવ્યા વિના રહે નહિ વળી કડીથી છત્રાલ નજીક હોવા છતાં અનેકવિધ જવાબદારીઓના વહનના ભાર નીચે સંસ્થાની પ્રગતિ જોવા માટે આવવાની ઇંતેજારી હોવા છતાં આવી શકાતું નથી. છતાં સમય અને તક મળે માતૃસંસ્થાને પ્રત્યક્ષ નિહાળવાનું ચૂકતો નથી. વળી સંસ્થાના ઉત્કર્ષના સમાચાર સાંભળીને ખરેખર આનંદ અનુભવું છું.

માતૃસંસ્થામાંથી S. S. C. ની પરીક્ષા આપવાને માટે વિદાય લીધી ત્યારથી માંડીને આજ સુધીના ગાળામાં સંસ્થાએ વિવિધ દિશામાં પ્રગતિ કરી છે એમાં શંકાને સ્થાન નથી. એટલું જ નહિ, સર્વ વિદ્યાલયની પવિત્ર ભૂમિ વિવિધ પ્રકારનું વિદ્યાધામ બની ચૂકી છે. આ માટે સેવા આપી રહેલ પૂજ્ય દાસકાકા અને મારા માટે વડીલ જેવા પૂજ્ય આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ તથા શિક્ષકવૃંદ વગેરે ધન્યવાદને પાત્ર છે.

જો કે સર્વ વિદ્યાલય અને આ આશ્રમમાં હું (ધો. ૧૦ અને ૧૧ માં) સને ૧૯૫૫-૫૬ અને ૧૯૫૬-૫૭ એ બે વર્ષ દરમ્યાન રહ્યો-ભણ્યો છું. પણ મારા જીવન ઘડતરમાં

[અનુસંધાન પેજ ૩ ઉપર]

**ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા**

## સુવર્ણજયન્તી

**પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ-બેનો પાસે**

### અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# સર્વ વિદ્યાલય સાથેનાં મારાં સંસ્મરણો.....

શ્રી હરિભાઇ જ. પરીખ
બાવળા * જી. : અમદાવાદ

ત્રિપુટીનું વઢિઆરમાં આગમન થયેલું. તેમણે વિદાય વખતે સૂચન કરેલું. વિદ્યાલયનું નવું સત્ર શરૂ થાય ત્યારે ગામમાંથી વિદ્યાલયમાં તથા બોર્ડિંગમાં રહી માધ્યમિક શિક્ષણ લેવા વિદ્યાર્થીઓને દાખલ કરશો.

આ સૂચનની ગામમાં સારી અસર થયેલી. આ પ્રદેશમાં માધ્યમિક કેળવણી અપવાદ રૂપે જ હતી. રહેવા જમવાની અગવડતાને લીધે નજીકમાં બોર્ડિંગ જેવી સંસ્થા નહિ હોવાથી કિશોર-કુમાર વિદ્યાર્થીઓને આ લાભ લેવાનું શક્ય નહોતું. ફક્ત ગુજરાતી શિક્ષણ આપી શકતા. બહેનોનું શિક્ષણ નહિ જેવું હતું. અપવાદ રૂપે થોડા પૈકીના એક દાલોદના પટેલ ભગવાનદાસે તેમના ચિ. શંકરભાઇને તથા શીવલાલભાઇને વીરમગામ તેમના સ્નેહીને ત્યાં રાખી માધ્યમિક શિક્ષણ આપેલું

શંકરભાઈ સરકારી નોકરીમાં ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટના હોદ્દે પહોંચેલા. તેમના ભાઈ શીવલાલભાઈએ વીરમગામની એમ. જે. હાઈસ્કૂલમાં અધ્યાપક તરીકે સાઈઠ વર્ષની ઉંમર સુધી સર્વીસ કરી. કેળવણીના ક્ષેત્ર ઉપરાંત તે સામાજિક સેવા પણ (તેમને સારા સંસ્કાર મળેલા તેથી) આપતા. ત્રીજા ભાઈ મહાદેવભાઈ દાલોદમાં બહોળી જમીન હોવાથી ખેતી સંભાળે છે.

તા. ૨–૩–૨૬ મંગળવાર : આજનો દિવસ દાલોદનો સુવર્ણદિન છે. દાલોદના ઐતિહાસિક પૃષ્ઠોમાં આજનું પૃષ્ઠ સુવર્ણ અક્ષરે લખાયું છે.

ગામમાંથી કેટલાક ભાઇઓ પોતાના પુત્રોને કડી દાખલ કરાવવા તૈયાર થયા. તે સમયે બાળકોને ઘર છોડાવી બહાર ગામ મોકલવા તેમની માતાઓ તૈયાર નહોતી. તેમણે સાત્વિક વિરોધ કર્યો પરંતુ બાળકોનું હિત ઇચ્છી સંમતિ આપી.

તા. ૩-૩–૨૬ : વિદ્યાર્થીઓમાં મારા ચિ. મણીલાલ, મહાદેવ પુ., કરસનભાઈ વે., કાળીદાસ વિ, ખુશાલભાઇ મો., સોમાભાઈ લ. સાથે તેમના વાલી તથા પટેલ ભગવાનદાસ, પટેલ ગોવિંદજી, કચરાભાઇ પટેલ, ભુદરભાઇ ભગત, વિઠ્ઠલભાઈ રા, લવજીભાઇ ગં. કડી જવા તૈયાર થયા. કુંટુંબી–સ્નેહીઓએ ભાવભરી વિદાય આપી.

પરોઢિયે ગાડું જોડાવ્યું આઠ વાગે બહુચરાજી માતાએ આવ્યા, ત્યાં સીતાપુરના ગૃહસ્થ શ્રી હરગોવિંદભાઇને ત્યાં જમ્યા.

૧–૩૦ ની ટ્રેનમાં ૪ વાગે કડી પહોંચ્યા. રજાઓ હતી તેથી રાત્રે ખાસ વિદ્યાર્થીની હાજરી નહોતી. 'ભા' તેમ જ ધનશા પણ નહોતા. છાત્રાલયના ગૃહપતિ શ્રી કુબેરભાઈ મળ્યા. અમારા જુના સંબંધો તાજા થયા.

પ્રવેશ પરીક્ષા અંગે વિદ્યાર્થીઓનું 'ગણિત' લીધું બપોર પછી વિદ્યાર્થીઓને લઇને શહેરમાં ફરવા ગયા.

સાંજના શ્રી ધનશા ભગત આવ્યા. દાલોદના સદ્‌ગૃહસ્થો તથા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા. સુંદર સત્કાર કર્યો આજે બાકીના વિષયો લેખાં, વાચન લીધું.

તા. ૬–૪–૨૪ રવિ : સંસ્થાનો મહોત્સવ ઉજવાયો. પ્રમુખસ્થાને સ્વામીનારાયણ સાહેબ હતા. વિદ્યાર્થીઓએ સંવાદો ભજવ્યા. વાર્ષિક રીપોર્ટ વાંચ્યો. ૧૧ વાગે શેઠ શ્રી દુર્ગાપ્રસાદ આવ્યા. વીરમગામથી શ્રી લલ્લુભાઈ, અમદાવાદથી છબીલભાઇ નરોડાથી મહાદેવભાઈ આવેલા–જુના મિત્રો મળ્યા.

તા. ૪–૪–૨૫ શનિ : બોર્ડિંગનો વાર્ષિક પાંચમો મહોત્સવ. રાત્રે સંવાદો વગેરે રંજન કાર્યક્રમ રાખેલો.

તા. ૫–૪–૨૫ રવિ : સવારે સમારંભ. પ્ર. સ્થાને સ્વામીનારાયણ.

પ્રમુખશ્રીના આભારનો ઠરાવ ધનશા ભગતે મૂકયો મેં અનુમોદન આપ્યું. મેં સમર્થનમાં પ્રો. સાહેબના જીવનને ચારે વર્ણનું મિલન અને બીજો આશ્રમ ગૃહસ્થાશ્રમ (જન્મ ૧૮૮૪ આ સમયે ઉ. વ. ૪૧) સાથે સરખાવ્યું. ૧૧–૩૦ વાગે લશ્કરી શેઠ અને શ્રી સોમાભાઇ આવ્યા.

તા ૯–૪–૨૬ શુક્ર : બોર્ડિંગની વ્યવસ્થાપક મંડળની મીટીંગ તથા વાર્ષિકોત્સવ

તા. ૧૦–૪–૨૬ શનિ બોર્ડિંગની વ્યવસ્થાપક મંડળની મીટીંગ. રાત્રે સંવાદો વગેરે કાર્યક્રમ.

૧૧–૪–૨૬ રવિ : વ્યવસ્થાપક મંડળની મીટીંગ. મેમ્બરો ઓછા હોવાથી શ્રીમાન પુરુષોત્તમદાસ પટેલ (હાલના દાસકાકા)ના પાસેનાં મકાનમાં જઇ કેટલાક ઠરાવ કર્યા.

એક વાગે સાધારણ સભા પ્રો. સાહેબના પ્રમુખપદે મળ

એક ઠરાવ શ્રી પટેલ (દાસકાકા) એ મૂકયો રૂ. [illegible]૦ વિદ્યાલયમાં સંગીત માટે ખર્ચવા. રૂ. ૫૦૦) ખ[illegible]ડવું એવો સુધારો શ્રી કાનજીભાઈ વકીલે મૂકયો. [illegible] લલ્લુભાઈ વકીલે પણ ટેકો આપેલો.

મૂળ ઠરાવને મેં અનુમોદન આપેલું. મેં સમર્થનમાં જણાવેલું; "પહેરણ સીવડાવતાં ગળાની પટ્ટી સાંકડી રાખે કેમ ચાલે ? એટલે કે સંગીત જેવા મનોરંજન અને રસિકતાના

પોષક વિષયનું સ્થાન અભ્યાસક્રમમાં હોવું જોઈએ." મત લેવાતાં પાંચ વિરુદ્ધ મતે ઠરાવ પસાર થયો.

વેકેશન પૂરું થયે વાલીઓના આગ્રહથી હું વિદ્યાર્થીઓને સંસ્થામાં મૂકવા ગયો. અમે રાત્રે કડી સ્ટેશને ટ્રેનમાંથી ઊતર્યા. સંસ્થાના પ્રવેશદ્વારમાં પ્રવેશ કર્યો. જમણા ઓટલા ઉપર 'ભા' બેઠેલા છે. આજુબાજુ કેટલાક વિદ્યાર્થીઓ વગેરે બેઠેલા છે. અમને જોતાં જ ભાએ અમને સત્કાર્યા. જળપાન કરાવ્યું, તરત જ ગૃહપતિને બોલાવ્યા. કોઠારમાંથી ભાખરીઓ અને ગોળ મંગાવ્યો. અમે ક્ષુધાતૃપ્તિ કરી. થાકેલા વિદ્યાર્થીઓને સુવાનો પ્રબંધ કર્યો.

રાત્રે મારી સાથે વઢિઆરની કેળવણી વિષયક અને બીજી પ્રેરણાદાઈ વાતો થઈ.

વાત્સલ્યમૂર્તિ 'ભા' સાથેના પ્રસંગોમાંનો આ પ્રસંગ મારા મનોપટ ઉપર ચિરઃસ્મરણીય રહેશે.

તા. ૨૩–૪–૫૫ : રૂા. ૫૧) નો મ. ઓ.થી કડી શ્રીમાન રામચંદ્રભાઈ અમીન ષષ્ઠિપૂર્તિ સમારંભ અંગે મોકલ્યા.

તા. ૩–૫–૫૫ : શ્રી ભાઈલાલભાઈ કડીથી બાવળા ષષ્ઠિપૂર્તિ સમારંભ અંગે પૈસા નોધાવવા આવ્યા. રૂ. ૨૯૨ (મારા ૫૧ સિવાય નોંધાયા) મે તા. ૨૩–૪–૫૫ ના રોજ મોકલેલા

તા. ૧ જાન્યુઆરી ૧૯૫૬ રવિ, મંગલ પ્રભાત :

મેં તથા મારા ચિ. ગિરીશભાઈ (હાલ શિકાગો : યુ. એસ. એ.) રામચંદ્રભાઈ અમીન ષષ્ઠિપૂર્તિ સમારંભમાં હાજરી આપી. શ્રીયુત મગનલાલ શં પટેલના પ્રમુખ સ્થાને દબદબા ભરેલી રીતે ઉજવાયો. રૂા. ૧૧૧૫૧) ની થેલી અર્પણ થઈ કેળવણીના કામે તેઓશ્રીએ અર્પણ કરી. ચાંદીનું કાસ્કેટ અને માનપત્રથી અભિનંદન આપ્યાં.

રાત્રે ૧૧–૩૦ સુધી નાટકો મનોરંજન કાર્યક્રમ રાખેલો.

સાંજના સમારંભની સમાપ્તિ પછી કડી પુસ્તકાલયમાં શ્રી હસમુખભાઈ માણેકલાલ પટેલને સન્માનવા મેળાવડો હતો. તેમાં મેં હાજરી આપી. મારા ચિ. ગિરીશભાઈએ પુના પૂર્વાંગ શિવાજી મીલીટરી સ્કૂલમાં બે સત્ર તાલીમ લીધેલી, તે સંબંધી સમારંભને ઉચિત થોડું પ્રવચન કર્યું.

તા. ૨૮ ઓગષ્ટ ૬૦ : સંસ્થાની મુલાકાત. આચાર્યશ્રી શ્રીમાન નાથાભાઈ દેસાઈ. ગૃહપતિ શ્રી કુબેરભાઈ છોટાલાલ પટેલ.

હું પાટીદાર માસિકનો ઇતિહાસ લખી રહ્યો હતો તે અંગે સંશોધન તથા વિગતો મેળવવા ગયેલો. ખાસ મળી શક્યું નહિ.

**સ્વામીશ્રી ધનરાજગિરીની સમાધી તથા પૂજ્ય છગનભાનું બાવલુ–દર્શન.**

દરવાજામાં પ્રવેશ કરતાં ડાબી બાજુ. વિદ્યાલયના મકાનની ખાતવિધિ તા. ૨૧–૪–૨૩ ના રોજ શેઠશ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદના શુભ હસ્તે થયેલી તેની તકતી જોઈ.

ગૃહપતિ શ્રી કુબેરભાઈએ બોર્ડિંગ અંગેના અનુભવો કહ્યા. કેટલાક ગામડેથી આવતા નવા વિદ્યાર્થીઓમાં કેટલીક કુટેવો હોય તે દૂર કરવા તે ખૂબ તકેદારી રાખે છે.

તા. ૨૯–૮–૬૦ સોમવાર : સમસ્ત સંસ્થાનું નિરીક્ષણ કરતાં પહેલાં ૧૧ વાગે સમૂહ પ્રાર્થનામાં હાજરી આપી.

હમણાં જ નવો બંધાયેલો હોલ ઘણો વિશાળ અને ભવ્ય છે.

સંગીત–વાદ્ય સાથે પ્રાર્થના શરૂ થઈ–

"सबसे बडी प्रेम सगाई ॥"

આચાર્યશ્રી દેસાઈ નાથાલાલ શિક્ષક બંધુઓ વગેરેના સહકારથી (મોર પીંછે રળિયામણો) વિદ્યાલયનું સંચાલન કરી રહ્યા છે. (હાલ આચાર્યશ્રી મોહનલાલભાઈ પટેલ સંચાલન કરી રહ્યા છે.) ... ... ... ... ... ... ... ... ... ...

વાચક બંધુઓ–બહેનો, ૪૭ વર્ષ પહેલાંના ભૂતકાળમાં આપને દૃષ્ટિપાત કરાવું.

તા. ૨૨–૧૨–૧૯૨૩ શનિવાર : દાલોદથી શ્રી બહુચરાજી માતાએ થઈ રાત્રે કડી ગયો. શરૂઆતમાં તળાવ ઉપરના મકાનમાં બોર્ડિંગ ચાલુ કરેલી. ત્યાંની પણ મુલાકાતે ગયો. પણ બોર્ડીંગ હાલના સ્થળે લઈ ગયેલા. પાસે એક બીજી બોર્ડિંગ હતી ત્યાં સૂઈ રહ્યો. સવારમાં હાલના સ્થળે આવ્યો, ગૃહપતિ હતા. શ્રી કુબેરભાઈ છોટાલાલ પટેલ (વીરમગામના).

......... ......... ......... .........

'ભા' એ વાવેલા બીજમાંથી વિશાળ વૃક્ષ થયું. તેની શાખા–પ્રશાખાઓ સારાય ઉ. ગુજરાતમાં પ્રસરી.

ભા ભગત અને પ્રોફેસરના આત્મા આશીર્વાદ આપી રહ્યા છે.

આચાર્ય ત્રિપુટીમાંથી સ્વ. ગામીનો આત્મા પ્રસન્ન થાય છે.

શ્રી પોપટલાલ, શ્રી છગનલાલ, તેમના અનુગામી શિક્ષકબંધુઓ સંસ્થાની પ્રગતિ માટે અડગ પુરુષાર્થ કરે છે તેથી સંતોષ અનુભવે છે. શ્રી અમીન સાહેબ, ડૉ. માણેકલાલભાઈ વગેરે કડીના નાગરિકો પ્રફુલ્લિત થાય આનંદ અનુભવે છે.

તા. ૨, ૩, મે ૧૯૭૦ના વિદ્યાલયના પરિવાર સંમેલન માટે અવિરત પુરુષાર્થ, ઓછા સમયમાં ઝડપી તૈયારી કરવા માટે તથા સાપ્તાહિકનુ ઉચિત શિર્ષક **સુવર્ણ જયન્તી** રાખી પ્રચાર કરવા માટે માનનીય તંત્રી શ્રી પુરુષોતમદાસ પટેલ (દાસકાકા), સંપાદકો શ્રી મોહનભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી દિલીપ રૉય, તથા અન્ય સ્ટાફ જે જહેમત લઈ રહ્યા છે, તે બદલ ધન્યવાદ અને અભિનંદન.

---

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

## પરિવાર સંમેલનમાં મંગળ પ્રવચન



ડૉ. અનામી મંગળ પ્રવચન કરે છે. મંચ ઉપર : ( ઉપરના ફોટા કરતાં વિશેષમાં ) શ્રી સોમચંદભાઈ સોલંકી.

## પરિવાર સંમેલનના પ્રમુખશ્રીનું પ્રવચન



પ્રમુખશ્રી પોપટભાઈ પ્રવચન કરે છે. તેમની અનોખી મુખમુદ્રા જે હજારો વિદ્યાર્થીઓને યાદ છે તે આજે અઢી દાયકા પછી પરિવાર સંમેલનના મંચ ઉપરથી પુનઃ જોવા મળી. તેની પશ્ચાદ્‌ભૂમિમાં તેમના પ્રવચને જે આત્મીયતા પ્રગટાવી તેને સંમેલનની સફળતાનું બિરુદ પ્રાપ્ત થાય.

## સાપ્તાહિકનું લવાજમ પાંચ રૂપિયા મોકલી આપશો.

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

* આ નિશાનીવાળી રકમો વસુલ આવી ગઈ છે.

૧૨૬૮૮૨) આગળનો સરવાળો.

* ૨૫૧) ડૉ. મોરારજીભાઈ પી. પટેલ
સરસપુર, દેસાઈની પોળ સામે દવાખાનું, અમદાવાદ

૧૨૭૧૩૩)

## સુવર્ણ જયંતી ફાળામાં વસુલ આવેલી રકમો.

૩૦૦૧) મેસર્સ એન. આઈ. પટેલ એન્ડ કંપની, હા. નરોત્તમભાઈ ઈશ્વરદાસ પટેલ, બાબુભાઈ ઈશ્વરદાસ પટેલ
૫/૩૫૯ ભાજીવાળી પોળ, બરાનપુરી ભાગોળ–સુરત

૨૫૦૧) મેસર્સ વિજય કન્ટ્રક્શન કંપની, હા. શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ, શ્રી મફતલાલ ત્રિકમદાસ પટેલ
મુ. કસ્બાપર, તા. નવસારી

૨૫૧) ડૉ. મણીલાલ એસ. પટેલ, કડી

# સુધારો

ગયા અંકમાં– (૧) શ્રી ઈશ્વરલાલ નારાયણદાસ પટેલ, ૮૫ સરદાર પટેલ કોલોની–અમદાવાદ તરફથી રૂ. ૧૦૦૧) નો ચેક મળેલો હતો, પરંતુ શરતચૂકથી ૨૫૧) વસુલ આવવાની યાદીમાં પ્રસિદ્ધ થયા હતા. તેમના ખરેખર રૂ. ૧૦૦૧) વસુલ આવેલા છે.

(૨) શ્રી જ્યોતિરામ ઈશ્વરદાસ ચોકસી, મંગળ વિદ્યાલય સામે, મીઠાખળી, એલિસબ્રિજ, અમદાવાદ–૬ તરફથી રૂ. ૫૦૧) નો ચેક મળેલો પરંતુ શરતચૂકથી વસુલ આવેલી યાદીમાં ૨૫૧) પ્રસિદ્ધ થયા હતા. તેમની તરફથી ખરેખર ૫૦૧) વસુલ આવેલ છે.

ભૂલ માટે દિલગીર છીએ.

## સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.

# પરિવાર સંમેલન

તા. ૨–૫–૭૦ શનિવારના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપક્રમે પરિવાર સમેલનનું આયોજન કરવામાં આવ્યું.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાર્યો, શિક્ષકો, વાલીઓ અને શુભેચ્છકોની વિશાળ મેદનીથી ભરાયેલા આ સંમેલનનું પ્રમુખસ્થાન સંસ્થા (સર્વ વિદ્યાલય) ના ભૂતપૂર્વ વિદ્વાન આચાર્યશ્રી પોપટભાઇ સાહેબે સંભાળ્યું.

મંગલ પ્રાર્થના અને સંસ્થાગીતના સુંદર સમૂહગાનથી પરિવાર સંમેલનનો પ્રારંભ થયો. પરિવાર સંમેલનમાં સંભાષણો-નો પ્રારંભ પ્રા. રણુજીત પટેલ 'અનામી' ના મંગલ પ્રવચન-થી થયો.

સંમેલનમાં પધારેલા આમંત્રિત મહેમાનોનું સમુચિત સ્વાગત કરતાં મુ. શ્રી પુરુષોત્તમદાસ (દાસકાકા) એ કહ્યું કે 'આપણો પરિવાર ખૂબ ફેલાયેલો છે. **આપણી સંસ્થા રાષ્ટ્રીય સંસ્થા છે. ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિક અને સામાજિક ક્રાન્તિ લાવવામાં આપણી સંસ્થાનું પ્રદાન સૌથી મોટું અને સર્વ પ્રથમ છે.** આવી વિશાળ સંસ્થા-માં આપ સૌનું સ્વાગત કરતાં હું હર્ષ અનુભવું છું.

તેઓએ વધુમાં કહ્યું, આઝાદી પછી દેશના યુવકો બેકાર ન રહે, તેઓ સ્વાવલંબી તેમ જ સ્વાશ્રયી બને એ ઉદ્દેશથી આપણી સંસ્થાએ **જુનિયર ટેક. સ્કૂલ ને પૂર્વવ્યવસાયી તાલીમ કેન્દ્ર** શરૂ કર્યાં. ઇશ્વરકૃપાએ ટેકનીકલ સ્કૂલ પણ શરૂ થશે. આ ઉપરાંત દેશની માગને ધ્યાનમાં લઇ આપણી સંસ્થાએ **સાયન્સ કૉલેજ** શરૂ કરી. આવી વિશાળ, ખર્ચાળ યોજનાઓ સ્વીકારી હોવા છતાંય **એનું ભાવિ ઉજજવળ જોઈ રહ્યો છું.** આપણી પાસે વિપુલ સાધનો છે, જોકે સંસ્થાને આર્થિક સંકડામણ ઘણી છે. દેશમાં નવો પ્રાણ સંચાર કરવાનું કામ આપણે ઉપાડ્યું છે. જે આપ સૌની સદ્‌ભાવનાથી પાર પડી જશે. પરમાત્મા એ માટે સૌને શક્તિ અને સૂઝ અર્પો એજ અભ્યર્થના!

અધ્યક્ષ સ્થાનેથી બોલતાં ભૂતપૂર્વ આચાર્ય શ્રી પોપટભાઇએ કહ્યું, **"આ સંસ્થાના કણકણ સાથે મારો આત્મા જોડાયેલો છે.** ભારતીય સંસ્કૃતિમાં **'પરિવાર'** શબ્દનો વિશેષ અર્થ થાય છે. તેમાં સામીપ્ય અને સાયુજ્યની, એકાત્મતા-ની ભાવના છૂપાયેલી ઇંગિત થાય છે. આપણે સૌ સાથે મળી એવી વ્યવસ્થા કરીએ કે આપણી સંસ્થામાં ભણેલો કોઇપણ વિદ્યાર્થી બેકાર ન રહે. પરિવાર સંમેલનના કોઈપણ સભ્યને આર્થિક સંકડામણ અનુભવવી ન પડે. **આપણી આ સંસ્થા પહેલેથી જ એક ઉત્તમકોટિની રાષ્ટ્રીય સંસ્થા છે. ગુજરાત વિદ્યાપીઠ સાથે આ સંસ્થાને ખૂબ જ ગાઢ સંબંધ હતો ને આજે પણ તેની પ્રવૃત્તિઓ એની પ્રતીત કરાવે છે.**

ઉપરાંત જૂદા જૂદા ક્ષેત્રોમાંથી આવેલા સંસ્થાના ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ પ્રવચનો કર્યાં હતાં. તેમાં મુખ્યત્વે અમદાવાદના જાણીતા એડવોકેટ અને માજી ધારાસભ્ય શ્રી ખોડાભાઇ વકીલ, વડોદરા જીલ્લાના અગ્રગણ્ય રાજકીય અને સામાજિક આગેવાન શ્રી ગોરધનભાઇ, ગાંધીનગર જીલ્લામાંથી પાર્લામેન્ટમાં ચૂંટાયેલા લોકસભાના સભાસદ શ્રી સોમચંદભાઈ સોલંકી, મુંબાઇની આર. એચ. વીંડસર (ઈંડિયા) લી. ના ડાયરેક્ટર અને જાણીતા એન્જીનીયર શ્રી નરસિંહભાઈ કે., વડોદરા કલાભવન એન્જીનિયરીંગ કૉલેજના પ્રોફેસર શ્રી આર. સી. પટેલ, નૂતન સર્વ વિદ્યાલય–વિસનગર ના આચાર્ય શ્રી કલ્યાણભાઈ, ગુજ-રાત વિદ્યાપીઠ અમદાવાદના હિંદી અધ્યાપન મંદિરના આચાર્ય શ્રી પુરુસોત્તમભાઈ, અમદાવાદના જાણીતા સર્જન ડૉ. ત્રિભુવન ભાઇ, ધારાસભ્ય શ્રી ચુનીભાઇ, જીલ્લા સહકારી બેંકના પ્રમુખ શ્રી નટવરલાલ અમૃતલાલ પટેલ, પ્રો. શ્રી ભોળાભાઇ પ્રા. શ્રી ભગવતભાઇ, પ્રા. મફતલાલ, કડીના જાણીતા વકીલ અને સંસ્થાના એક મંત્રી શ્રી ધનાભાઇ વકીલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અસ્ટેટ ઓફીસર શ્રી માણેકલાલ, સુરત શહેરમાં સર્વ વિદ્યાલય પરિવારના અગ્ર અને ઉત્સાહી ભાઇઓ, એન. આઈ. પટેલ, તથા શ્રી નારણભાઇ પટેલ, શ્રી અંબાલાલ, શ્રી ગોવિંદલાલ તથા શ્રી શરદભાઇ વગેરે હતા આ ભાઈઓએ આ સંસ્થાના પોતાના અભ્યાસકાળનાં સંસ્મ-રણો યાદ કરીને આદ્ય સંસ્થાંપક શ્રી છગનભાને, તેમના સાથીઓને, ગુરુજનોને અને સંચાલકોને તથા દાતાઓને ભાવભરી અંજલીઓ આપી હતી. અને સંસ્થાના વિકાસમાં જરૂરી સઘળી સહાય કરવાની પરિવારની ફરજને ભારપૂર્વક આગળ કરી હતી.

અન્ય વકતાઓમાં જીલ્લાના પીઢ આગેવાન અને આ સંસ્થા સાથે સંચાલક તરીકે વર્ષો થયાંથી સંકળાયેલા એવા શ્રી સાંકળચંદભાઇએ પ્રવચન કરી પરિવાર સંમેલનના કાર્યને સફળતા ઇચ્છી હતી. આ સંસ્થાના ભૂતપૂર્વક અધ્યાપક અને હાલ ગુજરાત યુનિવર્સિટિમાં શિક્ષણ વિદ્યાશાખાના રીડર શ્રી રમણલાલ ભટ્ટે પણ પ્રાસંગિક પ્રવચન કરી પોતાનાં સંસ્થા સાથેનાં સંસ્મરણો તાજાં કરી સફળતા ઇચ્છી હતી

અંતમાં, આભારદર્શન કરતાં શ્રી દાસકાકાએ કહ્યું, આપ સૌ અગવડો વેઠીને પણ અહીં પધાર્યા છો તે બદલ આપનો આભાર માનું છું. જૂની પેઢી હવે આથમતી જાય છે. રૂા. ૨૫૧–૦૦ આપી, સંસ્થાના આજીવન સભ્ય બની નવી પેઢીના આપ સૌ સભ્યો સાથે મળી આપણી સંસ્થાનું સંચાલન કરો. **સંસ્થાના વિકાસમાં આપ સૌનો સાથ–સહકાર મળી રહેશે એ જ ઇશ્વરને અભ્યર્થના!** ■

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી– તંત્રી– પ્રકાશક– મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૪–૫–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૧-૫-૭૦ [ અંક ૩૪


## પરિવાર સંમેલનની ફલશ્રુતિ

પરિવાર સંમેલન થઇ ગયું. તેની 'ફલશ્રુતિ શું' નો પ્રશ્ન પૂછવાનું મન થાય છે. પણ પૂછવું કોને? પ્રયત્ન કરીએ તો એ માટે યોગ્ય પાત્ર તો મળી રહે પરંતુ પૂછવાનો અને જવાબ મેળવવાનો સમય ક્યાંથી લાવવો? આવો કોઈ વિચાર કરીએ છીએ ત્યાં પાછળથી કામનો ધક્કો વાગે છે અને પાછળ જોવાનું ભૂલાઇ આગળ દોડવાનું પ્રાપ્ત થાય છે. હમણાં હમણાં સંસ્થામાં કામ કરતા ઘણા કાર્યકરોનો આ ઘાટ છે. થયેલાં કામ નિરખવાનો, માણવાનો, મમરાવવાનો વખત જ નથી. કામ, કામ ને કામ અને તે ય જાતજાતનાં અને ભાતભાતનાં. બસ, કર્યે જ જવાનાં. જાણે કે ઊંચું જોવાની મનાઈ ફરમાવવામાં આવી હોય.

કામ અને ફરજ પરિસ્થિતિ જન્ય હોય છે. સમય જ પોતાનો તકાજો લઈને આવે છે. એવું હમણાં સંસ્થાના જીવનમાં બની રહ્યું છે. આગળ મોં રાખીને ચાલ્યા કરો, આગળ વધ્યા કરો. શ્વાસ ખાવા પૂરતા પણ પાછળ જોવાની પરિસ્થિતિએ અને સમયના તકાજાએ બાધા લેવડાવી છે.

યુગમાં પ્રાપ્ત થયેલું કામ યુગપુરુષોએ કરવાનું હોય છે. તેને યક્ષ-પ્રશ્ન ગણી હલ કરવાનો હોય છે. એવું નાના ક્ષેત્રોમાં પણ બનતું હોય છે, નાના માણસોના જીવનમાં પણ એવું પ્રાપ્ત થતું હોય છે. સંસ્થાને-અમને આવું કંઇક પ્રાપ્ત થઇ રહેલું અનુભવાય છે. સંસ્થાના વિશાળ પટ-વિસ્તાર ઉપર પોતાનો પાલવ પાથરીને પુલકિત મૂખે ઉભેલી ભાગ્યદેવી એક પછી એક કામ સંસ્થાની ભૂમિ ઉપર સરકાવી રહી છે. અમારું લક્ષ અને ફરજ તે કામને પાર પાડવાનાં જ બન્યાં છે. એ અમારો સમયનો તકાજો છે.

એક પછી એક કામ મંડાતા જાય છે, ઉકલતાં જાય છે અને નવીન મંડાતાં જાય છે. કામની રફતાર ભાગ્યદેવીના જ હાથમાંથી સરકતી આવી રહી છે........

બીજા કામનો ધક્કો વાગે તે પહેલાં ભાઈશ્રી અનામીના નવીન સંસ્થાગીતની પંક્તિઓ અહીં ઉતારી લઇને આને પૂરું કરીએ.

અમે ધરતી પર પગ ધરનારા, અમે અતલ ગગનમાં ઉડનારા,
ક્ષણક્ષણ કણકણ ચણનારા, અમે અવલનવલ કરનારા.

જે ઉમંગ, શ્રદ્ધા અને આશાથી આ લખાઇ રહ્યું છે તેનાથી બીજી ફલશ્રુતિ શાને શોધીએ?

ભા.

# 'મને સાંભરે રે'

શ્રી મણીભાઈ હ. પરીખ N. D
ચૈતન્ય સોસાયટી, સરદાર સ્ટેડીયમ પાસે
અમદાવાદ

મારા પૂજ્ય પિતાશ્રી (હરિભાઈ જ. પરીખ) ને કડીની વિશાળ સંસ્થા અને અમદાવાદની બન્ને સંસ્થાઓ સાથે હાર્દિક પરિચય. તેમાંયે કડી સંસ્થા સાથેનો તેઓને આત્મીય સબંધ સંસ્થાના જન્મ–દિનથી જ ! એટલે જ મને તેમણે અનેક વાર ટકોર કરી કે મારે કડીની આપણી માતૃ–સંસ્થાની સુવર્ણ જયન્તી પ્રસંગે એકાદ–બે સંભારણાં લખવાં. લખવા બેઠો તો એક નહીં પરંતુ અનેકાનેક વ્યક્તિઓ, પ્રસંગો અને વિચારોની યાદદાસ્ત તાજી થઈ જે આ લેખમાં આલેખું છું.

આજથી ૪૪ વર્ષ પહેલાં એટલે કે ૧૯૨૬ માં એ વખતના અંગ્રેજી પહેલા ધોરણમાં ભણવા માટે કડી વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. દાલોદથી પૂ. પિતાશ્રી બીજા બે–ત્રણ વિદ્યાર્થીઓને સાથે લઈને આવેલા. પૂજ્ય 'ભા' (છગન ભા) એ ઉમળકાભેર અમારું સ્વાગત કરેલું તે સ્મૃતિપટમાં જીવનભર યાદ રહે તેવું છે. સરઢવના છગનભાએ તન અને મનથી કડીની સંસ્થાઓ માટે જીવન અર્પણ કર્યું. અને આજે ત્યાંના જ વતની શેઠશ્રી સી. પી. પટેલ ધનથી આ સંસ્થાની સેવા કરવા તત્પર થયા છે તે યોગનું યોગજ ગણાય.

૧૯૨૭–૨૮ અને ૧૯૨૮–૨૯ માં બાવળા અભ્યાસ કર્યા પછી ૧૯૨૯–૩૦ અને ૧૯૩૦–૩૧ માં ફરી કડી સંસ્થાઓમાં અભ્યાસ કરવા આવવાનું થયું. અંગ્રેજીના પહેલા ધોરણમાં શ્રી પોપટલાલ મ. પટેલે ABCD શીખવાડેલી તે કંઈક યાદ છે. પહેલા ધોરણનો પાયો એટલો પાકો કરાવેલો કે બાવળાના અંગ્રેજીના શિક્ષકશ્રીએ મારી પ્રસંશા કરેલી.

કડીમાં ત્રણ વરસ ગાળેલાં તે દરમ્યાન મારી સાથે અને મારી આગળ કે પાછળ ભણતા તે વખતના વિદ્યાર્થીઓને યાદ કરું છું તો મુખ્ય આ પ્રમાણે છે :– (૧) શ્રી બાલુભાઈ મ. પટેલ (૨) શ્રી ચીમનલાલ મ. પટેલ (૩) શ્રી હરગોવિદ કુંવરભાઈ પટેલ (૪) શ્રી પુરૂષોત્તમ ભો. પટેલ (૫) શ્રી પ્રેમજીભાઈ મી. પટેલ (૬) શ્રી ત્રિકમલાલ પંચાલ (૭) શ્રી પ્રભુદાસ બે. પટેલ (૮) શ્રી સોમાભાઈ લ. પટેલ (૯) શ્રી જીવણભાઈ લ. પટેલ (૧૦) શ્રી પુરુષોત્તમ લ. પટેલ (૧૧) શ્રી મણિલાલ ગ. પટેલ (૧૨) શ્રી ભોગીભાઈ ગ. પટેલ (૧૩) શ્રી નાથાલાલ ઉ. પટેલ (૧૪) શ્રી કેશવલાલ ભો. પટેલ (૧૫) શ્રી કાળીદાસ ઝીણાભાઈ પટેલ (૧૬) શ્રી હરગોવિંદ મ. પટેલ (૧૭) શ્રી જીવરાજ લા. પટેલ (૧૮) શ્રી કલ્યાણભાઈ ગો. પટેલ (૧૯) શ્રી ડાહ્યાભાઈ ર. પટેલ (૨૦) શ્રી પિતાંબર ન. પટેલ (૨૧) શ્રી કાળીદાસ લાલભાઈ પટેલ (૨૨) શ્રી હરજીવન ચતુરદાસ પટેલ (૨૩) શ્ર ગોવિંદભાઈ ન. પટેલ (૨૪) શ્રી ભોગીલાલ વિ. પટેલ (૨૫) શ્રી ભાઈલાલભાઈ જી પટેલ (૨૬) શ્રી શંકરભાઈ મોહનલાલ પટેલ (૨૭) શ્રી ગોરધનભાઈ ઈશ્વરભાઈ પટેલ (૨૮) શ્રી બાબુભાઈ ગોબીલાલ (૨૯) શ્રી માધવલાલ પ્રભુદાસ (૩૦) શ્રી છોટાલાલ વીરચંદ પટેલ (૩૧) શ્રી વીરૂભાઈ હઠીભાઈ (૩૨) શ્રી મહાદેવ પુરૂષોત્તમ પટેલ (૩૩) શ્રી શિવાભાઈ પુ. પટેલ (૩૪) શ્રી ચતુરભાઈ કુ. પટેલ (૩૫) શ્રી ત્રિભોવનદાસ ન. પટેલ (૩૬) શ્રી છગનલાલ રા. પટેલ

આ સિવાય કેટલાય ચહેરાઓ યાદ આવે છે, પરંતુ પૂરાં નામ યાદ ન આવતાં આટલી નામાવલિ મૂકી છે.

નાના મોટા અનેક ઉત્સવો અને પ્રસંગો ઉજવાતા તેમાં મુખ્ય યાદ રહ્યા છે તે :– પૂ. મહાત્મા ગાંધીજીનું આશ્રમમાં આગમન અને તેઓશ્રીએ અમારા સૌના આશ્ચર્ય વચ્ચે બપોરે ફક્ત પંદર મિનીટ નિદ્રા લઈને અમને કરેલું સંબોધન. (૨) સ્વ. સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીના સ્વર્ગવાસ અંગે શોકસભા. (૩) શ્રધ્યેય કાકાશ્રી કાલેલકરનું સંસ્થામાં આગમન અને મને તેમની પડખે જ આકસ્મિક જમવા બેસવાનો મળેલો લહાવો. (૪) શ્રી રામનારાયણ વિ. પાઠકનું આગમન.

શ્રી દાસકાકા (શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ) ના નિવાસ-સ્થાને રોજ સાંજે થતી ગોષ્ઠી–પ્રેક્ષણા અને ડૉ. શ્રી માણેકલાલ છ. પટેલ તથા શેઠશ્રી તુલસીદાસનું સંસ્થામાં અવારનવાર ઉત્સાહ પ્રેરિત આગમન પણ યાદ આવે છે. અને જયંતિભાઈ દલાલે Live dangerously નો આપેલો કોલ, શ્રી સીતા-રામભાઈ શર્માએ કરેલું પ્રેરક પ્રવચન તથા શ્રી પુરુષોત્તમભાઈ રણછોડભાઈ પટેલે તે વખતની 'ધારાસભા' ને સંબોધેલી 'રાધાસભા' સાંભરે ખરી ! આવાં બીજાં પણ જુસ્સાદાર ભાષણો પ્રજામંડળના સંમેલનમાં થયેલાં સાંભળે.

હવે લખુ ગુરુ–ગણનાં ગુણગાન. અમારા શિક્ષકો હતા– (૧) શ્રી બાપુભાઈ વિ. ગામી (૨) શ્રી છગનભાઈ કા. પટેલ (૩) શ્રી માણેકલાલ રાવલ (૪) શ્રી વાલજીભાઈ કા. પટેલ (૫) શ્રી પોપટલાલ મ. પટેલ (૬) શ્રી અમૃતલાલ ન. શાહ (૭) શ્રી ગોવિંદભાઈ દેસાઈ. આ ઉપરાંત એક દક્ષિણી સંગીત શિક્ષક, બીજા એક બંગાળી શિક્ષક અને ત્રીજા ગુજરાતી શિક્ષક જેમનું બહારનું વ્યક્તિત્વ અમને કિશોરોને મશ્કરીઓ કરવા પ્રેરતું; એટલા યાદ આવે છે.

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# પ્રાસંગિક નોંધ | શ્રી પુરુષોત્તમદાસ પટેલ

## મીઠું પાણી

**સંસ્થામાં** કૂવો છે. એમાં પાણી પણ ભરપૂર છે. અત્યાર સુધી કદી ખૂટયું નથી.

પણ એ પાણી ભાંભરું. આથી આ કૂવામાં સાયડો મૂકાવ્યો એમાંથી મીઠું પાણી મળ્યું; પણ પાણી જેમ બીજે ઊંડાં ગયાં તેમ સાયડાનું પાણી પણ અદ્રશ્ય થઇ ગયું અને ફરી ભાંભરું પાણી વાપરવાનું થયું.

આથી કૂવા પાસે એક નળીકૂવો ( ટયુબવેલ ) બનાવરાવ્યો. એને વર્ષો થયાં. ૨૨૦ ફૂટે પૂરતું પાણી મળ્યું. ગઇ સાલ સુધી આ પાણી ચાલ્યું. એમાં સબમર્સીબલ પંપ મૂકયો હતો પણ જેમ બધે નળીકૂવાનાં પાણી ઊંડાં ગયાં તેમ આ આપણા નળીકૂવાનું પાણી ઊંડું ગયું અને આ નળીકૂવો વાપરી શકાય નહીં તેવી પરિસ્થિતિ ઉભી થઈ.

ફરી પાછો કૂવાનો આસરો લેવો પડયો. ભાંભરું પાણી એટલે ઉનાળામાં તો પીવું પણ ગમે નહિ. વિદ્યાર્થીઓ મીઠા પાણી માટે માગ કરતા હતા.

શ્રી સાંકળચંદભાઈ પટેલ, વિસનગર મજૂર મંડળી સંભાળે છે. એમને આપણે એક નળીકૂવો કરી આપવા વિનંતી કરી. એમની પાસે રીંગો ઠીક ઠીક છે પણ કામ એટલું બધું કે સંસ્થામાં નળીકૂવો કરવા રીંગ મોકલી શકે નહિ; છતાં કડી તાલુકામાં એમની રીંગ આવે ત્યારે સંસ્થાને નવો કૂવો કરી આપવા વિશ્વાસ આપ્યો હતો.

એમણે એપ્રીલ '૭૦ અધવચમાં એમની રીંગ કડી તાલુકામાં નળીકૂવા કરવા આવી અને આપની સંસ્થામાં નળીકૂવા કરી આપવા નિર્ણય કર્યો. ૨૬–૪–૭૦ ના રોજ એમણે રીંગ સંસ્થામાં નવો કૂવો કરવા મોકલી આપી.

કામ શરૂ થયું. ૬૮૦ ફૂટ ઊંડો સાર થયો. એમાં નાની–મોટી નદીઓ આવી. કુલ ૧૩૦ ફૂટ મીઠા પાણીની નદીઓ પકડી

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલનમાં હાજરી આપવા તેઓ કડી આવેલા. તેમણે કામ જોયું અને સલાહ આપી કે ૬૮૦થી ઊંડા જવાની જરૂર નથી.

આ નળીકૂવામાં ૩૦૦ ફૂટ આઠ ઈંચની હાઉસીંગ પાઇપો નાંખી, જેથી પાણી ઊંડું જાય તો પણ ત્રણસો ફૂટ સુધી ચિંતા કરવી ના પડે.. ૧૫૦ ફૂટ ૭ ઈંચનાં સ્ટેનર નાંખ્યાં અને નીચે બાકીની ૭ ઈંચની પાઇપો.

આપણા જૂના વિદ્યાર્થીઓ શ્રી હરિભાઇ અને શ્રી મફતલાલે આ પાઇપો અને સ્ટેનરો પડતર ભાવે સંસ્થાને આપી. આ રીતે એમણે સંસ્થાની સેવા કરી, એ બદલ સંસ્થા વતી એમનો આભાર માનું છું.

શ્રી સાંકળચંદભાઇએ વિસનગર મજૂર મંડળી તરફથી કોઈપણ ખર્ચ લીધા સિવાય ૬૮૦ ફૂટનો બોર કરી આપ્યો. આ બદલ હું વિસનગર મજૂર મંડળી અને શ્રી સાંકળચંદભાઇનો સંસ્થા વતીથી આભાર માનું છુ.

મીઠું પાણી તો થયું. સારુ પાણી થયું. હજુ છેવટનો રિપોર્ટ આવ્યો નથી પણ આઠ ક્લાસથી ઓછું પાણી નથી એવી ગણત્રી છે.

સંસ્થા પ્રગતિ કરે છે પણ એવી સ્થિતિ થાય છે કે, સાંધતાં ચાર તુટે છે.

નળીકૂવા માટે પાઇપો રૂા. ૧૫૦૦૦) આસરાની થઈ. હવે સબમર્સીબલ પંપ મૂકવાનો. એનો ખર્ચ બાર–પંદર હજાર થવા સંભવ છે.

પણ સંસ્થાની હાલ જે ટાંકી છે તે માત્ર ચાર હજાર ગેલનની છે. એ ટાંકી બાંધી ત્યારે ટેકનીકલ સ્કૂલ તેમ જ સાયન્સ કૉલેજ અને તેની હોસ્ટેલોની કલ્પના નહોતી. ટાંકી બાંધ્યા પછી ઘણા સમયે કૉલેજ વગેરે શરૂ થયાં; તે માટે બીજી જમીનો ખરીદાઇ અને વિસ્તાર વધ્યો.

આપણી બધી સંસ્થાઓને આ મીઠું પાણી પહોંચાડવા મોટી ઊંચી ટાંકી બાંધવી પડશે. એટલું જ નહીં પણ જમીનમાં પાઇપો–પ્રેસર પાઇપો નાંખવી પડશે. આપણો વિસ્તાર વધ્યો છે–વધતો જાય છે. આમ નાના ગામના વોટર વર્કસ જેવું થશે.

એનો પણ ખર્ચ કરવો પડશે. એ ખર્ચ કર્યા સિવાય મીઠા પાણીનો લાભ લેવાય નહિ.

આ નવા કરવામાં આવેલ નળીકૂવામાં પાણી સારું છે અને મીઠું છે આપણી ચાર હજાર ગેલનની ટાંકી પા–અડધા કલાકમાં ભરાઇ જાય. જમીનની અંદર પાઈપો નાંખી પાણી વહેંચવાનું કરીએ તો મીઠા પાણીને લઈ ઝાડ–પાન બગીચો સારા થાય. શાકભાજી તેમ જ બીજું થાય.

પાણી આસપાસના ખેડૂતોને આપીએ તો કમાણી પણ થાય.

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન સમયે જૂના વિદ્યાર્થીઓ અને સંચાલકો વગેરેએ જે ઉત્સાહ અને પ્રેમ દાખવ્યો છે તે જોતાં પાણીની યોજના પાછળ થતું ખર્ચ મળી રહેશે એવી સંસ્થાને પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે.

વિદ્યાર્થીઓને મીઠું પાણી મળશે અને એમનામાં ઉલ્લાસ અને આનંદ આવશે.

એમ પણ બને કે કોઈ સખી ગૃહસ્થને પ્રેરણા થાય અને આ કામ કરી પણ આપે.

કામ થવાનું છે– અટકવાનું નથી. એવી શ્રદ્ધા સાથે સંસ્થા આગળ વધે છે

## યોગ્ય સૂચના

સર્વ વિદ્યાલય પરિવાર સમેલનમાં ડૉ. રણજીતભાઈ ( અનામી ) એ યોગ્ય સૂચન કર્યું હતું કે :

"સુવર્ણ જયન્તી ફંડ માટે પૃથક પૃથક સમિતિઓ નીમવી તથા ગામવાર અને શહેરવાર યોગ્ય વ્યક્તિઓની નિમણૂંક કરવી."

આ સૂચન ખૂબ કિંમતી છે. એનો હૃદયપૂર્વક આપણે અમલ કરીએ તો દશ લાખ રૂપીઆ આપણે સહેલાઈથી ભેગા કરી શકીએ. સુવર્ણ જયંતી આપણે ઓકટોબર–નવેમ્બરમાં ઉજવવા માગીએ છીએ. તે પહેલાં આપણે આપણું દશ લાખનું લક્ષ્યાંક સિદ્ધ કરવું જોઈએ. એમાં આપણુ સૌનું ગૌરવ છે.

આ માટે મુંબાઈ, અમદાવાદ અને વડોદરા વગેરે શહેરમાં રહેતા આપણા વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો સુવર્ણ જયંતી ફંડ સારૂ એમની સમિતિઓ રચે. સમિતિઓના નામ સંસ્થાને મોકલી આપે કે જેથી સંસ્થા તરફથી એની જાહેરાત 'સુવર્ણ જયંતી' અઠવાડિકમાં કરવામાં આવશે.

સમિતિનાં નામો સંસ્થામાંથી નક્કી કરવામાં આવે તેના કરતાં જે તે શહેર અને પ્રદેશના ભાઈઓ મળી સમિતિ રચે તો સારૂ એમ મને લાગે છે. એમાં જરૂર પડે નામો વધારવા વાંધો નથી.

આ સમિતિઓ વહેલી તકે રચવા અને અત્રે જાણ કરવા મારી આગ્રહભરી વિનતી છે.

## દરગુજર કરશો

**સર્વ વિદ્યાલય** પરિવાર સમેલન અને સાયન્સ કોલેજ હોસ્ટેલના ઉદ્‌ઘાટન પ્રસંગે સારી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સંચાલકોએ હાજરી આપી અને અગવડ–સગવડ વેઠીને સર્વ વિદ્યાલય માતાના ખોળામાં રમ્યા, હળ્યા–ફર્યા તેનો મને ખૂબ આનંદ થયો છે. અને કોઈને પણ કાંઈ અગવડ પડી હોય તો દરગુજર કરવા વિનંતી કરું છું.

ચાલુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમ જ સંસ્થાના સૌ-કોઈએ શક્ય તેટલું કરવા પ્રયાસો કર્યા હતા જાતે માંડવો બાંધ્યો અને રાત દિવસ કામ કર્યું. શક્ય તેટલી સગવડો આપવા સૌએ પ્રયાસ કર્યો છતાં ઉણપ તો રહી જ જાય.

સંસ્થાના કૂવાનું પાણી ભાંભરું છે અને તેથી ગામમાંથી મીઠું પાણી લાવવામાં આવ્યું તે માટે કડી શહેરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જવાબદારી ઉપાડી હતી. ભર ઉનાળો હતો તેથી બરફની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આમ છતાં સંસ્થામાં આવેલ ભાઈઓને અગવડો પડી છે તે હું જાણું છું.

સંસ્થામાં સ્નાનગૃહો અને જાજરૂઓની તંગી છે આને લઈ અગવડો પડી નવાં મકાનો જુન આખર સુધીમાં પૂરાં થઈ જશે. 'સુવર્ણ જયન્તી મહોત્સવ પ્રસંગે આ અગવડો નહિ રહે.

શ્રી સાંકળચંદભાઈના પ્રયાસથી વિસનગર મંડળીએ ૬૮૦ ફૂટ ઊંડો કૂવો કરી આપ્યો છે. આથી 'સુવર્ણ જયંતી' મહોત્સવ વખતે મીઠા પાણીની મુશ્કેલી નહિ રહે.

સાયન્સ કોલેજ હાલ જે મકાન વાપરે છે તેનો ઉપરનો ભાગ અધૂરો છે– અડધા ઉપરાંત અધૂરો છે. 'સુવર્ણ જયંતી' મહોત્સવ પહેલાં આ ભાગ પૂરો કરવા વિચારું છું.

## એક નવું કામ : કૃષિયંત્ર શિક્ષણ માટે સગવડ

ટેકનીકલ સ્કૂલનું નવું વર્કશોપ જુન ૧૯૭૦ થી ચાલુ થઈ જશે. એમાં અદ્યતન સાધનો ખરીદવામાં આવ્યાં છે. ૭ હરિહરના લેથ, ડ્રીલીંગ મશીન, શેપીંગ મશીન વગેરે જુદાજુદા પ્રકારનાં મશીનો ખરીદવામાં આવ્યાં છે. આ ઉપરાંત ઇલેકટ્રીક અને ગેસ વેલ્ડીંગ મશીનો તેમજ ફાઉન્ડરી સ્મીથી વગેરેની સગવડ કરવામાં આવી છે અને તેમાંનાં મોટા ભાગના સાધનો ખરીદવામાં આવ્યા છે. ઓર્ડર મૂકેલ સાધનો આવતાં જાય છે. આ રીતે કડીમાં અદ્યતન સંપૂર્ણ સાધનવાળું વર્કશોપ થશે.

એમાં વિદ્યાર્થીઓ શીખશે અને બહારનાં કામ પણ કરી આપવામાં આવશે. કમાઓ અને ભણો એ ધોરણે કરવા કામ વિચાર છે.

ટેકનીકલ સ્કૂલમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ટેકનીકલ વિષયો સાથે એસ. એસ. સી ની પરીક્ષામાં બેસી શકશે અને સાયન્સ, આર્ટસ કે કોમર્સ કોલેજમાં દાખલ થઈ શકશે.

માત્ર એસ. એસ. સી. પાસ થયેલ વિદ્યાર્થી અભ્યાસ અંતે મુશ્કેલીમાં મુકાય છે પણ ટેકનીકલ વિષય સાથે એસ. એસ. સી. પાસ થયેલ વિદ્યાર્થીને નોકરી મેળવવામાં મુશ્કેલી પડતી નથી અને સ્વતંત્ર ધંધો–એક નાનું કારખાનું નાંખી શરૂ કરી શકે છે. આપણા જુવાનો બેકારીનો ભોગ ના બને તે હેતુથી ટેકનીકલ સ્કૂલ શરૂ કરી છે.

સર્વ વિદ્યાલયની શરૂઆત હેતુલક્ષી છે. ખેડૂતોમાં જાગૃત્તિ લાવવા અને ગ્રામ જનતાને ઉપયોગી બનવા આ સંસ્થા સ્થાપવામાં આવી હતી. એ હેતુ લક્ષમાં રાખી એનું સંચાલન થાય છે.

[ અનુસંધાન ૬ પાન ઉપર ]

લીલુડી ધરણીને હૈયે,
નીલવ્યોમામ્બરને છાંયે
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તોયે અમને
નિત્ય નૂતન એ ભાસે
પ્રિય સર્વ વિદ્યાલય સોહે !

# કલરવ અને ટહૂકા

(પરિવાર સંમેલનમાં થયેલાં પ્રવચનો)

## [૧]

શ્રી શરદભાઈ એમ. પટેલ
૪૯, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરા, અમદાવાદ–૯

માનનીય પ્રમુખશ્રી. મુરબ્બી પોપટભાઈ સાહેબ, અન્ય મુરબ્બીઓ, ભાઈઓ તથા બહેનો. પ્રમુખશ્રીની સૂચના અનુસાર દરેક વક્તાએ પોતાનો પરિચય પ્રથમ આપવાનો હોઈ હું મારો પરિચય પ્રથમ આપીશ મારું નામ શરદભાઈ માધવલાલ પટેલ. મેં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં ૭ વર્ષ ૧૯૫૪ સુધી અભ્યાસ કર્યો છે છેલ્લા ૧૧ વર્ષથી હું ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે નોકરી કરું છું. તથા ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઈઝ યુનીયનના સહમંત્રી. ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ કર્મચારી મહામંડળના મહામંત્રી અને અખિલ ભારતીય યુનિવર્સિટી કર્મચારી મહાસંઘના વેસ્ટર્ન ઝોનના ઝોનલ સેક્રેટરી તરીકે માનદ્ સેવાઓ આપી રહ્યો છું.

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલનમાં જૂના વિદ્યાર્થીઓની હાજરીની મેં જેટલી અપેક્ષા રાખી હતી તેટલી હાજરી આજની સભામાં જણાતી નથી. અનિવાર્ય સંજોગોને લઈને પણ કેટલાક મિત્રો અને મુરબ્બીઓ આજના આ પરિવાર સંમેલનમાં હાજર રહી શક્યા નહિ હોય. પણ તેમની શુભેચ્છાઓ અને સહકાર આપણી સાથે છે જ.

થોડા વખત પહેલાં બંગાળમાં આવેલી રવિન્દ્રનાથ ટાગોરની સંસ્થા શાંતિનિકેતનની મુલાકાત લેવાની તક સાંપડી હતી. શાંતિનિકેતનના શાંત અને પવિત્ર વાતાવરણ સાથે સર્વ વિદ્યાલય કેમ્પસના પવિત્ર અને શાંત વાતાવરણની સરખામણી કરું તો તે અસ્થાને નહીં જ ગણાય. આપણે અભ્યાસ કરતા હતા ત્યારનું સર્વ વિદ્યાલય અને આજના સર્વ વિદ્યાલય કેમ્પસમાં આસમાન જમીનનો ફરક જણાઈ આવે છે.

સર્વ વિદ્યાલયે છેલ્લા કેટલાંક વર્ષોથી પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધારી છે. અને પહેલાંનું સર્વ વિદ્યાલય કે જેમાં ફક્ત મેટ્રીક સુધીનું જ્ઞાન વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકતા તે વિદ્યાર્થીઓ હવે મેટ્રીક સુધીના શિક્ષણની સાથે સાથે જીવનમાં તેમને ઉપયોગી થઈ શકે અને રોટલો રળી ખાવામાં પણ ઉપયોગી થઈ શકે તેવું ટેકનીકલ જ્ઞાન પણ સર્વ વિદ્યાલય કેમ્પસમાંની વિવિધ ટેકનીકલ સંસ્થાઓ દ્વારા મેળવવાને ભાગ્યશાળી થયા છે. એન્જીનિયરીંગ, મેડીકલ, ફાર્મસી જેવી ઉચ્ચ શિક્ષણની લાઈનોમાં દાખલ થવા માટે પાયારૂપ સાયંસ કોલેજ પણ સર્વ વિદ્યાલય કેમ્પસમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શરૂ કરવામાં આવી છે. અને તેનો લાભ મહેસાણા જીલ્લાના અને આસપાસના વિદ્યાર્થીઓ લેતા થયા છે. પણ સાયંસ કોલેજનું તમામ સુવિધાઓ ધરાવતું મકાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળે હજી બાંધવાનું છે. હોસ્ટેલનું મકાન તો તૈયાર થઈ ગયું છે. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન જે આર્થિક સહાય આ માટે આપવાની હશે તે નિયમો મુજબ આપશે. અન્ય દાતાઓ પણ પોતાનો અમૂલ્ય ફાળો પણ આપશે જ. પણ આ કામ કંઈ અમુક વ્યકિતઓનું નથી આ કામ સારાએ સર્વ વિદ્યાલય પરિવારનું છે. અને હું આશા રાખું છું કે. સર્વ વિદ્યાલય પરિવારના સભ્યો આ કામ ઉપાડી લઈ માતૃસંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવા જરૂરથી યથાશક્તિ પ્રયત્નો કરશે. આ માટે હું કેટલાંક સૂચનો આ તબક્કે કરવા માગુ છું.

આ સંસ્થામાં અત્યાર સુધીમાં ભણી ગયેલા ઘણા બધા વિદ્યાર્થીઓનાં હાલનાં સરનાંમાં કે જ્યાં તેઓ વસવાટ તથા નોકરી ધંધો કરી રહ્યા છે તે સરનામાં સંસ્થા પાસે નથી. જેથી વ્યવસ્થાપક મંડળ તેમનો directly કે indirectly સંપર્ક સાધી શક્યું નથી. તો અહીં જે મિત્રો અને મુરબ્બીઓ આજે ઉપસ્થિત થયા છે તેઓ અન્ય ગેરહાજર વિદ્યાર્થીઓ તેમના સંપર્કમાં હોય તેવા જૂના વિદ્યાર્થી મિત્રો અને મુરબ્બીઓ કે જેઓ આ સંસ્થામાં અભ્યાસ કરી ગયા છે, તેમનાં હાલનાં સરનામાં મેળવીને સંસ્થાને મોકલી આપે જેથી તેમનો સંપર્ક સાધી શકાય અને સહકાર માગી શકાય.

બીજું સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવાં મોટાં શહેરોમાં મોટી સંખ્યામાં નોકરી ધંધાર્થે વસવાટ કરી રહ્યા છે. એમ આ સંસ્થાના વિદ્યાર્થીઓ દેશભરમાં અને પરદેશમાં પણ પ્રસરેલા છે. આવા મોટાં શહેરોમાં વસતા વિદ્યાર્થીઓમાંથી ઉત્સાહી વિદ્યાર્થીઓની ૪ થી ૫ સભ્યોની દરેક શહેરવાર સમિતિઓ રચવી જોઈએ કે જેથી આ સમિતિ વ્યવસ્થાપક મંડળના સંપર્કમાં રહી સંસ્થાએ ઉપાડેલા આ ભગીરથ કાર્યમાં સહાયભૂત થઈ શકે. આવી સમિતિઓ ફંડ કલેકશન અંગે તેમના શહેરોમાં નાટક, સીનેમાના ચેરીટી કાર્યક્રમો સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નામે રાખી શકે. અને તે વખતે સુવેનિયર જેવી પુસ્તિકાઓ પણ પ્રસિદ્ધ કરી શકાય. તેમાં સંસ્થાનો ઇતિહાસ, હાલની પ્રવૃત્તિઓ, વગેરે ટૂંકમાં પ્રસિદ્ધ

કરી અન્ય પાનાઓ ઉપર જાહેરખબરો છાપવી જોઈએ. આ જાહેર ખબરો માટે પણ જૂના વિદ્યાર્થીઓ કે જે આ સંસ્થામાં ભણી ગયા છે અને ધંધામાં પડેલા છે તેઓ પોતાની સંસ્થા કે ધંધાની જાહેર ખબર આ સુવેનિયરમાં આપે અને એ રીતે પણ ફંડની સારી એવી રકમ એકઠી થઈ શકે. હું આશા રાખું છું કે મેં આજે આ પ્રસંગે જે સૂચનો કર્યા છે. તેના ઉપર વ્યવસ્થાપક મંડળ યોગ્ય રીતે વિચારશે. તેનો વ્યવસ્થિત રીતે અમલ કરશે તો સાયંસ કોલેજ માટે ફંડ એકઠું કરવામાં ખાસ કંઈ તકલીફ પડે તેમ હું માનતો નથી.

અંતમાં પ્રમુખશ્રીએ મને અહીં જે મારા વિચારો રજૂ કરવાની તક આપી છે તે બદલ તેમનો તથા આપે મને જે શાંતિથી સાંભળ્યો તે બદલ આપ સર્વેનો આભાર માની હું મારું વક્તવ્ય પૂરું કરું છું. જયહિંદ

---

[ પાન ૪ ઉપરનું ચાલુ ]

ખેડૂતોમાં કૃષિક્ષેત્રે ક્રાંતિ આવી રહી છે ઓઈલ એન્જીનો ઇલેક્ટ્રીક મોટરો અને ટ્રેક્ટરો ખેતરમાં આવ્યાં છે. પણ એના સંબંધનું જ્ઞાન–સમજદારીનો અભાવ ખેડૂતોમાં દેખાય છે. આથી નાના સરખા સમારકામને માટે એને દોડવું પડે છે અને ખર્ચમાં ઉતરવું પડે છે. ઘણી વખત તો છેતરાય પણ છે.

**આથી જુન ૧૯૭૦ થી કૃષિયંત્ર શિક્ષણ વિદ્યાલય સ્થાપી કૃષિયંત્રોનું શિક્ષણ આપવા વિચારવામાં આવ્યું છે.**

ઓઈલ એન્જીન, ઇલેક્ટ્રીક મોટર, ઇલેક્ટ્રીક મોટર વાઇન્ડીંગ અને ટ્રેકટર તથા બીજાં કૃષિયંત્રોની રચના વગેરેનું જ્ઞાન આપી એન્જીનો, મોટર વગેરે યંત્રો બગડયાં હોય તો તેને દુરસ્ત કરવાનું જ્ઞાન આપવું એવી યોજના છે.

આ માટે જુદાંજુદાં ઓઇલ એન્જીનો, ટ્રેકટર તેમ જ ઇલેક્ટ્રીક મોટર ઉપર સીધુ કામ કરવાનું, દાગીના ઉતારવાના વગેરે જ્ઞાન આપવાનું યોજવામાં આવશે.

ખેડૂતોની ઇલેક્ટ્રીક મોટર, ઓઇલ એન્જીન તેમજ ટ્રેકટર વગેરે બગડયાં હોય તો તેને દુરસ્ત કરી આપવાનાં.

આ માટે ટેકનીકલની વર્કશોપ ઉપરાંત બીજાં સાધનો ખરીદવાનાં.

આમ કૃષિયંત્ર સમારકામ અને શિક્ષણ માટેની જોગવાઈ સર્વ વિદ્યાલય કેમ્પસમાં જુન ૧૯૭૦ થી કરવા વિચારવામાં આવ્યું છે.

એસ. એસ. સી. સુધી અભ્યાસ કરી ગ્રામ્ય પ્રદેશમાં રહેતા ખેડૂતના દિકરાઓને માટે આ કૃષિયંત્ર શિક્ષણ વિદ્યાલય શરૂ કરવામાં આવનાર છે.

સર્વ વિદ્યાલયનું નવું સાહસ ખેડૂત સમાજની સેવા કરવાના હેતુથી શરૂ કરવા વિચારાયુ છે.

---

## ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

# સુવર્ણજયંતી

## પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બેનો પાસે

# અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદરૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસકાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❀ **ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.**

❀ **આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.**

**: : આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. : :**

[પાન ૨ ઉપરનું ચાલુ]

શિક્ષક ગણુ આદર્શ કહી શકાય એવો જ. તેમાંયે જેમ દરેક આસ્તિકને ઇષ્ટદેવ હોય છે તેમ અમારા ઇષ્ટદેવ ગુરુ શ્રી બાપુભાઇ વિ. ગામી હતા. તેમનો 'બા' જેવો જ પ્રેમાળ સ્વભાવ, અને વર્ગમાં આદર્શની અપાતી શિખામણુ તેમના પ્રત્યે સૌને માન ઉપજાવતાં. સંસ્કૃત પ્રત્યે રસ જગાડ્યો હોય તો તેમણે જ. મને બરાબર યાદ છે કે 'बिडालांस्ताडयति ।' ની સંધિ પરીક્ષામાં મેં એકલાએ સાચી રીતે છોડેલી. અને વર્ગ વચ્ચે તેમણે મને બિરદાવેલો. મેટ્રીક સુધી તેઓએ હંમેશાં દિવસે જ વાંચેલું અને રાત્રે કદી નહિ વાંચેલું એવું તેમના મુખેથી સાંભળતાં અમે બે–ચાર જણાએ પણ એવો નિયમ લીધેલો અને પાળેલો 'वह्' ધાતુનું ભૂતકૃદંત શીખવાડતી વખતે તેઓશ્રીએ 'वह्' ઉપરથી પ્રચલિત શબ્દ 'ઉઢાણી' બનેલો છે તે એવી સરસ રીતે સમજાવેલું કે કદી ના ભૂલાય. સંસ્કૃત ભાષાના ચૌદ ઉપસર્ગ તે કડકડાટ વર્ગમાં એક વખત મોઢે બોલી ગયેલા. આશ્રમમાં પ્રવેશતાં જ જમણી બાજુએ 'ભા' પ્રેરણા આપતાજ હોય તો એજ બાજુએ એક થાંભલાના ટેકે નાના કાળા પાટિયામાં 'બા' (શ્રી બાપુભાઈ ગામી) એ કાંઇક અમૃતવાણી લખી જ હોય ! આવા આ અમારા 'બા.'

શ્રી અમૃતલાલ ન. શાહ અમારા અક્ષર ગણિતના શિક્ષક તેમના ભાઈ મારા સહાધ્યાયી. બન્નેએ દાખલા બધા જ સાચા કરેલા. છતાં મને વહેમ ખરો કે ભાઇ ભાઇને ગુણ મારાં કરતાં વધારે આપશે. પરંતુ આવું નહીં બનેલું. આ હતી નીતિમત્તા એ વખતની !

શ્રી ચુનીભાઈ ધ. પટેલે અમને આશ્રમમાં એક સ્થળેથી બીજા સ્થળે પ્રથમ વખત ખાનગી સ્થાનિક ટેલીફોનથી વાત કરાવેલી અને વિજ્ઞાનક્ષેત્ર તરફ રૂચિ વધારેલી.

શ્રી પોપટલાલ મ. પટેલે અંગ્રેજી પહેલા ધોરણમાં 'દેશી નામા'માં મને સૌથી વધુ ગુણ આપેલા તેને યશ તેમણે મારા પૂ. પિતાશ્રી જે દાલોદમાં શિક્ષક હતા તેમના પર ઢોળેલો.

શ્રી વાલજીભાઇ કા. પટેલ અને શ્રી માણેકલાલ રાવલ તો વિદ્યાર્થીઓમાં એવા એક રસ થઇ જતા કે અમને એમ જ લાગે કે તે ઓ અમારા પરિવારમાંના જ છે.

શ્રી કુબેરભાઈ છો. પટેલ, શ્રી ઝવેરભાઇ પટેલ શ્રી પોપટલાલ ગુ. પટેલ અને શ્રી જુગલભાઈ પટેલ પણ શિક્ષકો હતા છતાં તેમણે અમને ભણાવેલા નહી. શ્રી પોપટભાઇ ગુ. પટેલ ને ઘેર અમો નાના વિદ્યાર્થીઓ એક વખન તેઓ ધારાસભામાં ઉમેદવાર તરીકે ઉભા રહેલા ત્યારે ગયેલા અને એક પરિપત્રની નકલો તેમના ભાઇ શ્રી ગોપાળભાઇ સાથે બેસીને કરેલી.

પ્રોફેસર શ્રી જેઠાલાલ ચી. સ્વામીનારાયણ, શ્રી રામચંદ્રભાઈ જ. અમીન, શ્રી નગીનભાઇ શ્રી. પટેલ અને ધનશાભા અનેક વખત સંસ્થામાં આવતા અને માર્ગદર્શન આપતા.

આઝાદીની લડત વખતે મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેવા જતી કડીના યુવાનોની ટુકડીને ભવ્ય રીતે સંસ્થાએ વિદાય આપેલી તે સ્મરણપટ પર અખંડ અંકિત છે અને રહેશે.

ગાંધી–જયંતી પ્રસંગે શ્રી પોપટલાલ મ. પટેલે લગભગ એક કલાક સતત્ પ્રવચન આપેલું અને તેની આગલી રાત્રિને સુશોભન વગેરે માટે કતલની રાત બનાવેલી તે પણ યાદ છે જ.

અમે કેટલાક હનુમાન ભક્તો રોજ વ્યાયામ શાળામાં તો ના જતા; પરંતુ દર શનિવારે અચૂક જતા અને શ્રી ગોવિંદભાઇ શાહ પાસેથી 'પ્રસાદિયા ભક્તો'નું બીરદ પામતા.

કોઇ કોઇ વખત એવી વાત આવતી કે આજે લાડવાનું મિષ્ટ ભોજન છે. કુતુહલથી અમે રસોડે જોવા જઇએ. ત્યાં રોટલી વણાતી હોય એટલે મિત્રોને સમાચાર આપીએ કે,– આજે ગોળ લાડવા નથી પરંતુ પહોળા લાડવાનું ભોજન છે.

એક વખત આશ્રમની પાછળની તલાવડીમાં નહાતી વખતે ખૂબ રંગતમાં અમે મિત્રો આવી ગયેલા. આપણને તરતા આવડે નહિ પરંતુ બીજા મિત્રો જરા દૂર ખેંચી ગયા. પછી ડૂબવાની શરુઆત થઈ ગઇ, પરંતુ સદ્‌ભાગ્યે એક બીજા કદાવર દોસ્તે બચાવ કર્યો.

શ્રી પિતાંબર પટેલ 'શાહજહાં' નાટકમાં જહાનઆરાનું પાત્ર સુંદર રીતે ભજવતા. આ માટે અમે તેમના પર આફરીન રહેતા.

શહેરમાં એક મંદિરમાં રેડિયો (એ વખતનું કઢંગુ મોડલ) આવેલો તે પ્રથમ વાર સાંભળવા ગયેલો. મુંગી ફીલમ પણ એક વખત જોવા ગયેલા. કડીના પ્રખ્યાત ઐતિહાસિક કિલ્લામાં સ્વાતંત્ર્ય–સંગ્રામના દિવસોમાં 'મુનિ'નું શિવાજીનું હાલરડું અને તેમનું પ્રવચન સાંભળવા મળતું.

ડરણની પરિષદની અને ગોઝારિયામાં બારમાના પિકેટીંગ વખતે અમારા પર થયેલો બળદોનો ધસારો– આવી તો અનેક સ્મૃતિઓ છે, પણ હવે બસ !

મારી જીવન–પ્રવૃત્તિઓથી અંજાઇને કેટલાક મિત્રો ઘણી વાર પૂછે છે કે ઇતર પ્રવૃત્તિઓ કરવાની મને પ્રેરણા ક્યાંથી મળે છે ! મારો જવાબ હોય છે કે કડીના આશ્રમનો મારો નિવાસ અને સર્વ વિદ્યાલય તથા પ્રોપ્રાયટરી હાઇસ્કૂલનું શિક્ષણ– આ પ્રેરે છે.

---

## સાપ્તાહિકનું લવાજમ

## પાંચ રૂપિયા મોકલી આપશો.

પરિવાર સંમેલનનું એક દૃશ્ય



પરિવાર સમેલનના પ્રમુખ શ્રી પોપટભાઇ સાહેબની બાજૂમાં શ્રી છગનભાઇ બેઠા છે. જે જોડીની જુવાની આ સંસ્થાના પાયામાં પૂરાઇ છે. આ મિલને એક અદ્દ્ભૂત દૃશ્ય ખડું કર્યું હતું. તેમની સાથે વચ્ચે બેઠા છે તે એ ગુરુવર્ય જોડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ભૂતપૂર્વ સહઅધ્યાપક અને સંસ્થાના ઇતિહાસ અને કીર્તિના ઉદ્દગાતા ડૉ. અનામી. અને ફૂલદાની પાછળ ઢંકાઇ ગયેલા છે તે આ મહોત્સવના આહ્વાહક અને યોજક અને સંસ્થાના વિકાસ માટે જેમણે ભગિરથ કામ ઉપાડ્યું છે તે સર્વેના મુરબ્બી દાસકાકા. ડાબે હાથે પ્રથમ છે તે પ્રાતઃસ્મરણીય છગનભાના અંગજ શ્રી રામદાસ.

શ્રી પોપટભાઇ સાહેબ તથા શ્રી છગનભાઇ સાહેબનો આ સંસ્થા સાથે જે સંબંધ છે તેને લોહીનો સંબંધ કહી શકાય અને તે પણ એવા વિશિષ્ટ પ્રકારનો છે કે તેને વર્ણવવા માટે એમ જ કહેવું પડે કે આ સંસ્થા તેમની પુત્રી અને માતા બન્ને છે. તેમણે પુત્રીના ભાવથી ઉછેરી છે માતાના ભાવથી સેવા કરી છે અને પૂજી છે.

શ્રી દાસકાકા પણ સંસ્થાની સ્થાપના પહેલાંથી તેની કલ્પના અને યોજનાના એક સહભાવક, યોજક અને શિક્ષક પણ હતા. તેમનો આ સંસ્થા સાથેનો સંબંધ આદિવારીનો છે. આ બધામાંના એક એવા શ્રી કુબેરભાઇ છોટાલાલ પટેલ (વિરમગામ) એમણે નાદુરસ્ત તબીયતના કારણે પથારી વશ હોવાથી હાજર રહી શકે તેમ નહિ હોવાનો અફસોસ દર્શાવતો પત્ર શ્રી દાસકાકા ઉપર લખ્યો છે. તેમાં આ સંસ્થા સાથેના શ્રી દાસકાકાના સંબંધને આમ વર્ણવે છે :–

"આ સંસ્થાના પ્રારંભકાળે આપનું ઘર એ ઉત્પાદકોનો મુકામ હતો. વિદ્યાલયના આદ્ય ઉત્પાદકો-સેવકોમાં આપ અગ્રસ્થાને હતા. અને તે પછીથી અત્યાર સુધીમાં વિદ્યાલયના સતત થયે જતા વિકાસમાં આપના ઉત્સાહભર્યા સતત પ્રયત્નો વગેરે પ્રતિ પચાસ વર્ષને અન્તે પણ અમારા અંતરથી ધન્યવાદ અને આભારની લાગણી ઉભરાઇ આવે છે.........."

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૧૨૭૧૩૩) આગળનો સરવાળો

૨૫૧) ડૉ. જયંતિભાઇ એન પટેલ (જાસલપુર વાળા) અમદાવાદ

૧૨૭૩૮૪) કુલ સરવાળો

### સુવર્ણ જયંતી ફાળામાં વસુલ આવેલી રકમો.

૨૫૧) શ્રી પ્રેમજીભાઇ મીઠાભાઇ

સરદાર પટેલ કોલોની, નવરંગપુરા, અમદાવાદ

### વાર્ષિક મદદના મળ્યા છે.

૧૦૧) ડૉ. રણજીતભાઇ (અનામી) વડોદરા

## સાયન્સ કૉલેજ કડીનાં સારાં પરિણામ

—

### પ્રિ. યુનિ : સાયન્સનું ૯૪·૧ ટકા

### ફ. ઇયર બી. એસ. સી. નું ૯૧·૧

આ મંડળની સાયન્સ કૉલેજનાં ચાલુ વર્ષની યુનિવર્સિટી પરીક્ષામાં સારાં પરિણામ આવ્યાં છે.

પ્રિ. યુનિ પરીક્ષાનાં ૫૧ બેઠા : ૪૮ પાસ : ૯૪·૧ ટકા પરિણામ. પ્રથમ વર્ગમાં ૧૬ : બીજા વર્ગમાં ૨૪ આવ્યા.

ફસ્ટ ઇયરમાં ૪૬ બેઠા : ૪૨ પાસ : ૯૧·૧ ટકા. પ્રથમ વર્ગનાં ૨ અને બીજા વર્ગમાં ૨૧ આવ્યા.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી– તંત્રી– પ્રકાશક– મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૧–૫–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૮-૫-૭૦ [ અંક ૩૫


## દશ સભ્યો નોંધી આપો.

**સર્વ વિદ્યાલય**ના ભૂતપુર્વ વિદ્યાર્થી, શિક્ષક કે સંચાલક પોતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભાસદ બને, એટલું પૂરતું નથી. એમની ફરજ એથી વિશેષ છે.

એ પોતે આજીવન સભ્ય બન્યા ના હોય તો વહેલી તકે આજીવન સભ્ય બની જાય. જે સંસ્થામાં પોતે ભણ્યા, રમ્યા અને મોટા થયા એ સંસ્થાના કુટુમ્બ-પરિવારમાં નોંધાઇ જવાની એમની ફરજ છે- ધર્મ છે.

સંસ્થાના વિકાસ અને પ્રગતિમાં રસ લે. અવારનવાર સંસ્થાની મુલાકાત લે અને વાર્ષિક સભામાં તો જરૂર હાજરી આપે.

ભૂતપુર્વ વિદ્યાર્થી આમ કરતા થઈ જાય તો સર્વ વિદ્યાલયનું વટવૃક્ષ થતાં વાર નહિ લાગે.

જે થયું છે અગર થાય છે તે સારું છે પણ એથી બધું થઇ ગયું છે એવું માની સંતોષ લેવામાં આવે તો વિકાસ અટકી જાય.

હજુ તો ઘણું કરવાનું છે. ભૂતપુર્વ વિદ્યાર્થી પોતે સભાસદ તો થાય જ પણ તે ઉપરાંત બીજા દશવીસ મિત્રો-સ્નેહીઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભાસદો નોંધીને નામો સંસ્થાને મોકલી આપે.

દરેક ભૂતપુર્વ વિદ્યાર્થી નિદાન દશ આજીવન સભ્યો નોંધે તો આપણી પ્રગતિ-આપણો વિકાસ નોંધપાત્ર બને.

આપણને ઘણાની હૂંફ મળે અને આપણામાં જોમ આવે.

ભૂતપુર્વ વિદ્યાર્થી ભાઇઓ આટલુ નહિ કરે ?

૨૨-૫-૭૦

—પુરુષોત્તમદાસ પટેલ

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. : :

હીલુડી ધરણીને હૈયે,
નીલવ્યોમામ્બરને છાંયે
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તો યે અમને
નિત્ય નૂતન એ ભાસે
પ્રિય સર્વ વિદ્યાલય સોહે!

# કલરવ અને ટહુકા

## ( પરિવાર સંમેલનમાં થયેલાં પ્રવચનો )

## [ ૨ ]

ડૉ. રમણભાઈ ભટ્ટ
રીડર-ઇન-એજ્યુકેશન
ગુજરાત યુનિવર્સિટિ, મનોવિજ્ઞાન ભવન, અમદાવાદ-૯

—:—

**આજના** સમારંભના પ્રમુખ સાહેબ શ્રી પોપટભાઈ, શ્રી દાસકાકા તથા મારા સહઅધ્યાપકો તથા મુરબ્બી મિત્રો, શ્રી છગનભાઇ કા. પટેલ, આમંત્રિત મહેમાનો, સર્વ વિદ્યાલય પરિવારના સહુ સભ્યો, વિદ્યાર્થી ભાઇ-બહેનો વગેરે......

સુવર્ણ જયન્તી નિમિત્તે સર્વ વિદ્યાલય પરિવારને અહીં એકઠો થયેલો જોઇ મને ખૂબ જ આનંદ થાય છે. મારી પહેલાંના ઘણા ખરા વક્તાઓ અહીંના વિદ્યાથીઓ હતા અને એ રીતે એમણે એમનાં જૂનાં સંસ્મરણો રજૂ કરી સર્વ વિદ્યાલય સંસ્થા પ્રત્યે પોતાની ભાવનાપૂર્ણ ઉર્મિઓ વ્યકત કરી છે. અહીં વ્યાસપીઠ ઉપર અને સભામંડપમાં મારા જૂના વિદ્યાર્થીઓને જોઇને અને એમની ઉજ્જ્વળ કારકીર્દી સાંભળીને મારું હૈયું હર્ષથી પુલકિત થઇ ઉઠે છે.

સન ૧૯૩૫ માં હું આ સંસ્થામાં એક શિક્ષક કરીકે જોડાઓ હતો. અંગ્રેજી અને ડ્રોઈંગ તથા ગુજરાતી વિષયો શીખવવાનું મને સોંપવામાં આવ્યું હતું. તે વખતના મારા સહકાર્યકરો, સુ. શ્રી છ. કા. પટેલના નામથી લોકપ્રિય બનેલા શ્રી છગનભાઇ કાળીદાસ પટેલ, શ્રી વાલજીભાઈ સાહેબ, શ્રી માણેકલાલ રાવળ સાહેબ, શ્રી જાની સાહેબ, શ્રી ભાઇલાલભાઇ પટેલ, શ્રી રતિભાઈ સાથે જે દિવસો આ સંસ્થામાં ગાળ્યા છે તેનું આજે અહીં પુનઃસ્મરણ કરતાં આંખ અને અન્તઃકરણ આનંદથી આર્દ્ર બને છે.

તે વખતના મારા સહકાર્યકર શિક્ષક સાહેબોના જીવનની જે ઘેરી છાપ મારા મન પર પડી હતી તે આજે પણ મને મારા જીવનમાં ઘણી જ ઉપયોગી થાય છે. આ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલનું વાતાવરણ જ એ જાતનું મને લાગતું કે અહીંથી ઘણુંઘણું શીખવાનું છે અને ઘણી બાબતો જીવનમાં ઉતારવા જેવી છે. તે વેળા પણ દ્વારમાં પેસતાં જ સુવાકયો અને સુવિચારો એક ભિંતપત્ર રૂપે રોજ લખાતા. તેને મારી નોંધ પોથીમાં ઉતારી લેતો અને તેનું ખૂબ જ મનન કરતો; મારા જીવનમાં આછી પાતળી પણ જે સફળતા મને પ્રાપ્ત થઇ અને જે પ્રગતિ હું સાધી શકયો તેમાં સર્વ વિદ્યાલયનો ફાળો સારા પ્રમાણમાં ગણી શકાય.

સર્વ વિદ્યાલયનું સુંદર અને પાવિત્ર્યપૂર્ણ વાતાવરણ અહીં ભણતા વિદ્યાર્થીના માનસ ઉપર ખૂબ જ અસર કરે છે. કેળવણી ક્ષેત્રે કડીનું નામ ઘણું આગળ પડતું છે; અને આ માટે સર્વ વિદ્યાલયે ઘણો મોટો ફાળો આપ્યો છે પરદેશી ઢબના શિક્ષણથી સ્વયંશ્રમની ભાવના લુપ્ત થઈ ગઈ હતી. સ્વયંશ્રમ અર્થાત જાત મહેનતની ઉત્કૃષ્ટ ભાવનાનું નવનિર્માણ કરવામાં સર્વ વિદ્યાલયે નેતાગીરી લીધી છે. આ સંસ્થામાં ભણી ગયેલી યા કામ કરી ગયેલી કોઇ પણ વ્યકિત કામનો મહિમા સારી રીતે જાણે છે. કોઇ પણ યોગ્ય કામ કરવામાં એ વ્યકિત નાનમ નથી માનતી. સ્વાશ્રયના પાઠ પણ વર્ગ શિક્ષણસાથે ગૂંથી વિદ્યાર્થીઓના જીવનનું સંગીન ઘડતર આ સંસ્થાએ સુંદર રીતે કર્યું છે.

આ સંસ્થા હજી ફૂલેફાલે એવી શુભ ભાવના અને અંતઃકરણની શુભેચ્છાઓ સાથે વિરમું છું.

---

" વર્તમાન ક્ષણના ભોગે ભવિષ્યનો વિચાર કરવા માંડીએ ત્યારે આપણે જ્ઞાતમાંથી અજ્ઞાત ભણી જઇએ છીએ. અજ્ઞાત એ બીકનું પીયર છે. "

... ... ... ... ... ...

" ગુલિવરની લાપુટા ખાતેની ત્રીજી યાત્રા દરમિયાન તે સ્ટ્રલ્ડબર્ગ લોકોને મળેલો. સ્ટ્રલ્ડબર્ગ લોકો એવા દુખિયા જીવ હતા કે એ કદી મરી શકે નહિ. આથી તેઓ પોતાનો બધો સમય મૃત્યુ પ્રાપ્ત કરનારની અદેખાઇમાં ગાળતાં. "

... ... ... ... ... ...

" પ્રત્યેક દિવસની રમણિયતા એના અંતમાં છે. રંગોનો ઉલ્લાસ એના ઊડી જવામાં છે. સ્વરનો આનંદ એના વિલીન થવામાં છે. પ્રેમનો આનંદકણ એના વહી જવામાં છે. જીવનનો આનંદ મૃત્યુમાં છે. "

ગ્રંથ – જાન્યુ – ૧૯૭૦ —વાડીલાલ ડગલી



ડૉ. અનામી

# 'અનામી'

## ( ડૉ. રણજીતભાઈ મોહનલાલ પટેલ )

લેખક : પ્રો. ડૉ. રામચંદ્ર પંડયા

ડૉ. અનામી સૌથી વિશેષ તો એક સજ્જન તરીકે ધ્યાન ખેંચે છે. સ્વજનો અને મિત્રો સાથે તો સૌ મીઠાશથી વર્તે છે, પણ અજાણ્યા માણસો, હાથ નીચેના માણસો અને વિદ્યાર્થીઓ સાથેનું તેમનું સૌજન્યભર્યું વર્તન એવું તો નમુનેદાર છે, કે એ બધા તેમને પ્રેમાદરપૂર્વક યાદ કરે છે. સારા પણ સાધનહીન વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની મુંઝવણો તદ્દન સહજ રીતે ઉકેલીને પ્રોત્સાહન, સહાય, માર્ગદર્શન આપીને તેમને સંતોષ્યા છે. તેમની સહજબુદ્ધિ વસ્તુના કે પ્રશ્નના મર્મને તરત પકડી લે છે, અને સામાની પરિસ્થિતિ અને દૃષ્ટિકોણથી સમસ્યાઓને જોઈને તે વિવેકપૂર્વક તેમનો ઉચિત ઉકેલ બતાવી શકે છે. તેમની સહાનુભૂતિનો વિશાળ વ્યાપ સહુને સમાવી લે તેવો છે.

ઉત્તર ગુજરાતના સપૂતોમાં મહત્ત્વનું સ્થાન ધરાવનાર ડૉ. અનામીનો જન્મ ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે સરળ, ઉદારમતિ ને ભક્તહૃદયી પિતાને ત્યાં તા. ૨૬–૬–૧૯૧૮ ને રોજ થયો હતો. તેમનું કુટુંબ વિશાળ, ઉદાર, સંસ્કારી અને વિદ્યાપ્રેમી છે. સાહિત્યક્ષેત્રે તેમણે પોતાનું ઉપનામ ( Pen-name ) 'અનામી' રાખ્યું અને આજે પોતે તે નામે જ વધારે ઓળખાય છે.

આજથી ચાળીસેક વર્ષ પહેલાં બધે જ શિક્ષણ સંસ્થાઓ ઓછી અને શિક્ષણની સવલતો પણ ઓછી. એટલે પ્રાથમિક શિક્ષણ તો ડભોડાની ગુજરાતી શાળામાં લીધા બાદ વધુ અભ્યાસાર્થે તેમને કડીના વિખ્યાત સર્વ વિદ્યાલયમાં જવું પડેલ. ત્યાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરનાર શ્રી અનામીએ પોતાના કેટલાક તેજસ્વી વિદ્યાગુરુઓનાં સરસ અને ભાવભીનાં શબ્દ-ચિત્રો દોર્યાં પણ છે. ત્યાં તેમણે માધ્યમિક શાળાનો હાલના દસમા ધોરણ સુધી ( જૂનો અંગ્રેજી ૭ ) નો અભ્યાસ કર્યો. મેટ્રીકના વર્ષમાં ચરોતરની એવી જ વિખ્યાત ડી. એન. હાઈસ્કૂલમાં હતા. આ બધા કાળ દરમ્યાન વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી તેજસ્વી અને શિક્ષકોના તે પ્રિય વિદ્યાર્થી હતા.

પછી વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી વિવિધરંગી છે. મેટ્રીક થયા બાદ એક વર્ષ કડી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કામ કર્યું. પછીના વર્ષે સુરતમાં કોમર્સ કોલેજમાં. એક વર્ષ પછી છ માસ કલકત્તાના એક ઝવેરીની પેઢીમાં નોકરી કરી. તે દરમ્યાન ઉત્તર ભારતનાં મહત્વનાં નગરો, ત્યાંનું જીવન અને પરિચય તેમની કામગિરીને અંગે તેમને થયો. દોઢેક વર્ષ સિનેમા ક્ષેત્રે ય કામગિરી બજાવી ત્યાર પછી અમદાવાદના વિખ્યાત દૈનિક 'ગુજરાત સમાચાર' અને સાપ્તાહિક 'પ્રજાબંધુ'માં પણ સાડાચાર માસ કામ કર્યું. આમ મેટ્રીક થયા પછીનાં ત્રણેક વર્ષ સંક્રાન્તિ કાળમાં વિવિધ અનુભવોમાં પસાર થયા પછી સ્થિર અભ્યાસકાળ શરૂ થાય છે. ૧૯૩૮ માં તે ગુજરાત કોલેજમાં જોડાઈને અભ્યાસ શરૂ કરે છે. ક્રમે ગુજરાતી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષય સાથે બી. એ. માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થાય છે. તે વખતની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલ ગુજરાત વિદ્યાસભા) માં એમ. એ. નો અભ્યાસ કરી ઉચ્ચતર દ્વિતીય વર્ગમાં અને ગુ. વ. સો. ના વિદ્યાર્થી-ઓમાં દ્વિતીય પાસ થયા. એમ. એ. ના અભ્યાસ દરમ્યાન જ પ્રથમ એલ. એલ. બી. ની ટર્મ ભરી પરીક્ષા આપી. તેમાં 'હાયર સેકંડ કલાસ'માં પાસ થયા. બીજાની ટર્મ ભરી.



તા. ૨–૫–૭૦ ના પરિવાર સંમેલનમાં મંગળ પ્રવચન કરતા ડૉ. અનામી

## દશ વર્ષ પહેલાં



ડૉ. અનામી સંસ્થામાં સ્નેહસંમેલન પ્રસંગે મંગળ પ્રવચન કરી રહ્યા છે : (તા. ૨૮–૨–૬૦

આમ ૧૯૪૪ માં એમ. એ. થયા કે તરત જ ઉત્તર-ગુજરાતમાં પિલવાઈની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને એક વર્ષ કામ કર્યું. ૧૯૪૫ માં ગુજરાતી અને અંગ્રેજી સ્પેશ્યલ મેથડ સાથે બી. ટી. થયા.

૧૯૪૬ માં પેટલાદ કૉલેજમાં વ્યાખ્યાતા ( લેકચરર ) તરીકે નીમાયા. ૧૯૫૦ માં નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક અને તે વિભાગના અધ્યક્ષ તરીકે નિમાય. અને એક સફળ, સ્નેહાળ, વિદ્યાર્થીઓમાં પ્રિય પ્રાધ્યપક તરીકે કામ કર્યું. ૧૯૫૬ માં ત્યાં ગુજરાત યુનિ. નું ગુજરાતીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થપાયું. તેના માન્ય પ્રાધ્યાપક અને સંચાલક તરીકે કાર્ય કર્યું. સંસ્થાનાના સંચાલકોનો અને પોતાના સાથીઓનો પણ પ્રેમાદર પ્રાપ્ત કર્યો. નડિયાદમાં છેલ્લા પાંચ વર્ષ તેઓ ઉપાચાર્ય ( વાઈસ પ્રિન્સિપાલ ) હતા.

૧૯૫૬ માં, સં. ૧૫૨૦ આસપાસ રચાયેલ કવિ મલયચન્દ્રની 'સિંધાસનબત્રીસી'ની અધિકૃત વાચનાનું સંપાદન અને વિક્રમ વિષયક સિંધાસનબત્રીસીના મધ્યકાલીન સાહિત્યના તુલનાત્મક, ઐતિહાસિક અને વિવેચનાત્મક અધ્યયનનો મહા-નિબંધ લખી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૫૮ ના જૂનમાં તે જ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં 'રીડર' તરીકે નીમાયા. ત્યારથી તે પદેથી તે વિશાળ કાર્યનું સંચાલન કરી રહ્યા છે. પ્રધ્યાપક તરીકે તે ફરજ બજાવે છે; તે ઉપરાંત Ph. D. ના માર્ગદર્શક તરીકે તેઓ કાર્ય કરી રહ્યા છે. ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલી અનેક યુનિવર્સિટીઓ સાથે પરીક્ષક તરીકે સંકળાયેલા છે. શિક્ષણ અને પ્રકાશન વિષયક સમિતિઓ જેવી કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તરફથી પાઠ્યપુસ્તક અને અભ્યાસક્રમ સમિતિ તથા સયાજીરાવ ગ્રંથમાળા પ્રકાશન સમિતિના સભ્ય તરીકે પણ તેમની સેવા ચાલુ જ છે. તેમને અનેકવિધ પ્રવૃત્તિઓમાં રસ છે. ખાસ કરીને અભ્યાસેતર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નાટક, સામયિક-magazine–, વકતૃત્વસભા આદિમાં; અને તેમાં સક્રિય કામગિરી અને દોરવણી દ્વારા તે પોતાનો ફાળો આપી રહ્યા છે રાષ્ટ્રપિતાની પ્રેરણા નીચે દેશ જે સ્વાતંત્ર્યસંગ્રામો લડ્યો તેમાં તેમણે જેલયાત્રા કરી છે

અધ્યયન, અધ્યાપન આદિના ક્ષેત્રે આવી જવલંત તેજસ્વી કારકિર્દી ધરાવનાર અનામી સાહેબ, સાહિત્યકાર તરીકે ય વિખ્યાત છે. અને તે ઉચિત રીતે જ. કવિ નવલિકાકાર, વિવેચક, સંપાદક, અનુવાદક, નિબંધ–લેખક અને જીવનચરિત-કાર તરીકે ગુજરાતી સાહિત્યને તેમણે ગણનાપાત્ર રીતે સમૃદ્ધ કર્યું છે.

કવિ તરીકે તેમના પાંચ કાવ્યસંગ્રહો છે. સુરતમાં હતા ત્યારે જ 'રણજીત રત્નાવલી'નું પ્રથમ પ્રકાશન થયેલું. ૧૯૩૮ માં ગુજરાત કૉલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા ત્યારે જ સ્વ. પ્રા. અનંતરાય મ. રાવળની પ્રસ્તાવના સાથે પ્રથમ કાવ્ય-સંગ્રહ 'કાવ્યસંહિતા' પ્રગટ થયો. ત્યારથી સાહિત્ય સર્જન અને સેવાની ધારા અવિરત વહેતી રહી છે પ્રા. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીની પ્રસ્તાવના સાથે 'ચક્રવાક', રેડિયો ગીતોનો સંગ્રહ 'સારસ' પછી 'સ્નેહશતક' અને છેલ્લે 'પરિમલ' આ તેમના પ્રગટ કાવ્યસંગ્રહો છે. હજી કવિતારચના થયે જાય છે. 'કવિ અનામી'ની કવિતાનો વિચાર કરતાં પ્રણય, પ્રકૃતિ, ચિંતન અને ભક્તિ મુખ્ય વિષયો તરીકે સમજાય છે. બીજા પણ માનવહૈયાંને સતત રણઝણાવી મૂકતા ભાવો તેમણે ગાયા છે, પણ મુખ્ય તો આ તેમના ભાવોની સચ્ચાઈ– જે દરેક સાચા કવિમાં હોવી જ જોઈએ– એ તેમની કવિતામાં તરત ધ્યાન ખેંચનારું લક્ષણ છે. આ કવિ ભાષાપ્રભુત્વ સારા પ્રમાણમાં ધરાવે છે ને નિરૂપણમાં ય સવ્યસાચી છે. જે આસાનીથી તે સંસ્કૃત તત્સમ શબ્દાવલિનો સરળ સ્વાભાવિક રીતે પ્રયોગ કરે છે તે જ સરળ સ્વાભાવિકતાથી લોકવાણી પણ તેમનાં ગીતોમાં, કાવ્યોમાં પ્રયોજી શકે છે. વિચારપ્રધાન, ચિંતનપ્રધાન કાવ્યો, સોનેટ, નવી લઢણના છંદને બદલે લયવાહી કાવ્યો આદિ જેટલી આસાનીથી તેમની કલમમાંથી પ્રગટે છે તેટલી જ આસાનીથી લયમધુર ગીતો પણ પ્રગટે છે. સ્વસ્થતા, સૌષ્ઠવ, માધુર્ય, ઉષ્મા, ચિંતન, મનન, દર્શન અને ઉષ્મા, તેમ ભાવોની સચ્ચાઈ– એમના કાવ્યોમાં પ્રાયઃ પ્રગટ્યા કરે છે, જે ગાંધી-યુગના નોંધપાત્ર કવિઓમાં એમને સ્થાન આપે છે. ગાંધીયુગની જીવનસ્પર્શિતા અને ગુજરાતી ભાષાની નજાકતભરી સુષમાનાં ય તેમાં દર્શન થાય છે. અને આછા પણ ઔચિત્યભર્યા અલં-કારોએ તે શોભે છે. સાથે જ અનુવાદક તરીકેના તેમના કાર્યનો વિચાર કરીએ. તેમના મિત્ર પંડિત વિષ્ણુદેવ સાંકળેશ્વર સાથે તેમણે સાહિત્યાચાર્ય મમ્મટના 'કાવ્ય પ્રકાશ'નો અનુવાદ કરેલો છે તે, અને મહાઅનુભવી મહારાજ ભર્તૃહરિનાં શતકોનો તેમણે કરેલો સમશ્લોકી અનુવાદ હજી અપ્રગટ છે.

નવલિકા ક્ષેત્રે 'ભણેલી ભીખ' અને 'ત્રિવેણી' (કાવ્યો, નિબંધો અને નવલિકાઓનો સંગ્રહ) માંની નવલિકાઓ રચી છે. આ નવલિકાઓ જીવનની અનુભૂતિઓમાંથી સર્જાઇ છે. તેમાં માનવસ્વભાવ અને જીવનનાં વિવિધ પાસાં અને વિવિધ સ્તરના લોકોના જીવન અને માનસનું મનભર નિરીક્ષણ અને મનભર નિરૂપણ તેમના વતનના લોકોની તળપદી ભાષામાં કર્યું છે. તેમાં આ તત્ત્વે તથ્યનો એક નવો જ રંગ ઊમેર્યો છે. વિવિધ પાત્રોના વિવિધ મનોભાવો— એમનાં હૈયાં–જાણે એમાં ધબકતાં અનુભવાય છે.

વિવેચક તરીકે એમણે ગુજરાતી સાહિત્ય, સાહિત્યકારો અને તેના સામાન્ય પ્રશ્નો– સિદ્ધાંતો વિષે ગુજરાતીનાં વિવિધ લબ્ધપ્રતિષ્ઠ માસિકો– સામયિકોમાં લેખો લખ્યા છે અને ઘણી કૃતિઓનાં અવલોકનો ય કર્યાં છે. ઉપરાંત ડૉ. રામચંદ્ર પંડ્યા સાથે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોનો વિકાસ' માં જે તે પ્રકારોનો વિકાસ ઐતિહાસિક રીતે આલેખ્યો છે.

સંપાદન ક્ષેત્રે 'શામળ'માં, તે વિખ્યાત કવિના સર્જનમાંથી ૮૦–૮૫ પાનાં જેટલું, પસંદ કરેલા સાહિત્યનું સંપાદન કરવા ઉપરાંત તેને વિષે એક સુંદર પ્રસ્તાવનામાં કવિ શામળનો પરિચય– અને તેના કાર્યનું મૂલ્યાંકન છે. ૧૯૫૮ માં મણિલાલ નભુભાઇ દ્વિવેદી અને કવિ બાળાશંકર કંથારિયાની જન્મ-શતાબ્દી વખતે ડૉ. રામચંદ્ર પંડ્યા સાથે મણિલાલની કવિતા અને બાળાશંકરની કેટલીક પસંદ કરેલી કવિતાનું, વિસ્તૃત પ્રસ્તાવનાઓ સાથે સંપાદન 'મણિલાલ શતાબ્દી ગ્રંથ' નામે કર્યું છે. ઉપરાંત 'વિક્રમચરિતરાસ' ના મહારાજા સયાજીરાવ યુનિ. ના પ્રકાશનમાં પણ પ્રસ્તાવના અને શબ્દસૂચિ તેમનાં છે.

ડૉ. અનામી ઇનામી નિબંધસ્પર્ધાઓમાં રસપૂર્વક ભાગ લેતા. એમના એવા પ્રગટ થયેલા નિબંધોમાં (૧) સહશિક્ષણ (૨) દાંતની સંભાળ (૩) ગુજરાતણોની શરીર-સંપત્તિ, ત્રણે ઇનામને પાત્ર ઠરેલા. તેમાંના પ્રથમ બે ગુજરાત વિદ્યાસભાએ પ્રગટ કરેલા છે. એ બધામાં એમનું વિશાળ વાચન, તે તે વિષયોનું વિશિષ્ટ ટેકનીકલ જ્ઞાન અને સરળ પ્રવાહી ભાષામાં તેની રજુઆત ધ્યાન ખેંચે છે. 'બોમ્બે હ્યુમેનીટેરિયન લીગે' યોજેલી નિબંધ સ્પર્ધામાં તેમનો 'Diet of cultural people' નિબંધ પારિતોષકને પાત્ર નીવડેલ છે. અવારનવાર કાવ્યહરીફાઈમાં પણ તે વિજેતા નીવડતા. આવી સ્પર્ધાઓમાં ઉપર્યુક્ત ઇનામો અને બે ચંદ્રકો તેમને મળેલા છે.

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની શતાબ્દી નિમિત્તે તેમણે 'કવિવર ટાગોરનું જીવન અને કવન' નામક સુંદર જીવનચરિત્ર લખ્યું છે. તેમાં વિષય વિશે સંક્ષેપમાં ઘણી માર્મિક રીતે માહિતી પૂરી પાડી છે. અને તેમના વિચારોનું મૂલ્યાંકન પણ કરેલું છે.

રેડિયો ઉપર કાવ્યગાન, કાવ્યસ્પર્ધા, વાર્તાલાપો–સેંકડોની સંખ્યામાં–તે તો આ ઉપરાંત. તે જ રીતે ગુજરાતનાં લબ્ધ-પ્રતિષ્ઠ સામયિકોમાં તેમનાં કાવ્યો, લેખો આદિ પણ પ્રગટ થયા કરે છે.

ડૉ. અનામી એક પ્રભાવશાળી અને અભ્યાસી વક્તા છે. તેમની વેગવંતી સરળ પણ સરસ શૈલી અને સારગર્ભ વિચારો શ્રોતાજનો ઉપર ભારે પ્રભાવ પાડે છે. જુદી જુદી કોલેજો અને જાહેર સંસ્થાઓ તેમનાં વ્યાખ્યાનો અવારનવાર આગ્રહપૂર્વક યોજે છે.

જીવનના આ વિવિધ અનુભવો અને અધ્યયન–અધ્યાપન તેમ સાહિત્યસેવાના ક્ષેત્રે તેમની આ સિદ્ધિઓ તેજસ્વી છે, તો મનુષ્ય તરીકે 'ડૉ અનામી' ની વિશેષતા પણ એવી જ આકર્ષક છે. પ્રાધ્યાપક અને વક્તા તરીકે વિદ્યાર્થીઓના અને શ્રોતાઓના તે પ્રિય અને આદરપાત્ર બન્યા છે; કવિ સર્જક તરીકે અધિકારી સહૃદયોને સંતર્પ્યા છે, પુત્ર તરીકે ભોળા, ઉદારદિલ પિતાને સદાય સંતોષ આપ્યો છે, કુટુંબમાં ભાઇ-ઓને તેમની વત્સલ ઉદારતાનો લાભ મળતો જ રહ્યો છે, પિતા તરીકે પોતાનાં સંતાનોના ભાવિની વત્સલ ચિંતા અને તેમના ઘડતર માટે સતત પ્રયત્નો તે કરતા જ રહ્યા છે, તો મિત્ર તરીકે તે સદાય ઉષ્માભર્યા, સહાયક, માર્ગદર્શક સજ્જન મિત્ર તરીકે જ રહ્યા છે. ઈશ્વરદત્ત આ મહત્તા અને આ શક્તિઓએ એમની સરળતાને જાણે કે વધારે ને વધારે વિકસાવી છે. સમાનતા, શુભેચ્છા, સહાય–આ ત્રણ તેમના બધાની સાથેના વર્તનનાં પ્રધાન લક્ષણો છે. પિતા વિષે તે સતત પ્રેમાદર જ વ્યક્ત કરે છે. મિત્રવર્ગ તેમનો મોટો છે. તેમાં ખેડૂત, વિદ્યાર્થી, પ્રાધ્યાપકો, સાહિત્યકારો, વેપારી, અમલદારો, વિવિધ વર્ગના અને વિવિધ સંસ્કારકક્ષાના મિત્રો છે. તેમના સ્વભાવની ઉષ્મા, ઉદાર સમજ અને સ્નેહભર્યું સૌજન્ય આ બધા સાથે સંબંધ જાળવી રાખે છે. એક વખત જેને તેમની મૈત્રીનો આસ્વાદ કરવા મળ્યો તે ભાગ્યે જ તેમનાથી વિખૂટો પડે એવું, આજકાલ વિરલ બનતું જતું, મમતા અને ઉમળકા-ભર્યું માધુર્ય તેમનો વિશિષ્ટ સ્વભાવઅંશ છે.

ડૉ અનામી સૌથી વિશેષ તો એક સજ્જન તરીકે ધ્યાન ખેંચે છે. સ્વજનો અને મિત્રો સાથે તો સૌ મીઠાશથી વર્તે છે, પણ અજાણ્યા માણસો, હાથ નીચેના માણસો અને વિદ્યાર્થીઓ સાથેનું તેમનું સૌજન્યભર્યું વર્તન એવું તો નમુનેદાર છે, કે એ બધા તેમને પ્રેમાદરપૂર્વક યાદ કરે છે. સારા પણ સાધનહીન વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની મુંઝવણો તદ્દન સહજ રીતે ઉકેલીને પ્રોત્સાહન, સહાય, માર્ગદર્શન આપીને તેમને સંતોષ્યા છે. તેમની સહજબુદ્ધિ વસ્તુના કે પ્રશ્નના મર્મને તરત પકડી લે છે, અને સામાની પરિસ્થિતિ અને દષ્ટિકોણથી સમસ્યાઓને

[ અનુસંધાન પેજ ૭ મા ઉપર ]

## સર્વ વિદ્યાલય પરિવારની બલોલની સંસ્થાના

# એક આગેવાન કાર્યકર સ્વ. લલ્લુભાઈ બાભઈદાસ પટેલ

લેખક : શ્રી ઈશ્વરભાઈ પટેલ



સર્વ વિદ્યાલયની અંગભૂત તેની શાખાઓને પોતની વિષિષ્ટ મ્હેક છે જેની પાછળ તે તે વિસ્તારની કેટલીક વ્યક્તિવિશેષનાં યોગદાન તે પ્રફુલ્લનમાં સહાયક નીવડ્યાં છે.

બલોલની આઈ. એમ. જે. સર્વ વિદ્યાલયના વિકાસમાં પ્રારંભથી હમણાં સુધી એકધારો રસ દાખવનાર, ગામના સરકારી દવાખાનામાં વર્ષોસુધી વિકાસ સમિતિમાં મહત્વનો હોદ્દો ધરાવનાર અને ગામની અન્ય સામાજિક સમિતિઓ અને પ્રવૃત્તિઓમાં ઉમંગથી કામ કરવા આગળ આવનાર લલ્લુભાઈ બાભઈદાસ પટેલના હૃદયરોગના કારણે થયેલા નિધનથી ગામને અને સમાજને એક મોટી ખોટ પડી છે.

બલોલમાં ૧૯૫૨ થી હાઈસ્કૂલ થઈ ત્યારથી તેના વિકાસમાં તેમને સતત રસ હતો. વર્ષો સુધી તેઓ સ્થાનિક કેળવણી મંડળના મંત્રી રહ્યા હતા અને છાત્રાલયની સમિતિમાં પણ વર્ષો સુધી કામ કર્યું હતું.

નહીં ઝીણાં, નહીં જાડાં – મધ્યમ વણાટનાં, ઘરની ધોલાઈનાં. ખાદીનો ઝભ્ભો, ટોપી, ધોતી. ચમ્પલ કદી નહી, દોરી સિવાયના બુટ જમણા ખભા તરફથી સ્હેજ ઝૂકી એકધારાં ડગલાં મૂકતા જવાની એ એકધારી ચાલ. સામા દેખાઓ ત્યારે દૂરથી મ્હોંનો મલકાટ, અને પાસે આવતાં અચૂક સાંભળવા મળતો એ "કેમ છો ?" નો નિખાલસ હૃદયમાંથી ભીનો થઈને આવતો અવાજ, અને તમને ઉતાવળ ન હોય તો ક્ષેમકુશળ પૂછવા ઉભા રહેવાનો વિવેક. બેસે ત્યારે ટોપીને પાછળના ભાગથી ઉપરથી પકડી ધીરેકથી ઉતારી, ઘડીવાળી, બાજુપર મૂકી આરામને માણવા થોડાક પગ લંબાવવાની એ રીત. ધીરેથી – ખૂબ ધીરેથી ખીસામાંથી બીડીની ડબ્બી કાઢી નિરાંતથી ઉધાડી, હળવેકથી ઉપાડાતી એ બીડી અને પીવાની પણ એક રીત હોય છે તેવું તમને દરેક વખતે લાગે એવી પીવાની એ કલામયતા.–આ દશ્યાનુભવ હવે બલોલમાં કદી નહીં થાય ઘીના દીવાની એ સૌમ્ય જ્યોત ફરી જોવા નહીં મળે.

ડૉક્ટરની સૂચનાથી બીડી ઓછી કરતા ગયેલા પરંતુ છોડી શકેલા નહી. પાછલાં વર્ષોમાં તબિયતની કાળજી ખૂબ લેતા અને અવારનવાર ડૉક્ટરનો અભિપ્રાય મેળવતા રહેતા.

સંસ્કાર અને શિક્ષણમાં તેમને જીવંત રસ. થોડા સમય પહેલાં ગામના સંઘ સાથે ભારત યાત્રાએ ગયેલા. યાત્રા પૂરી કરી આવ્યા પછી એક દિવસ ઘેર આવીને બેઠા. મને કહે 'સાહેબ, તમારી પાસે ભારતનો નકશો છે!' મેં કહ્યું 'શું કરશો ?' કહે 'મારે અમે કરેલી મુસાફરીના માર્ગનું પુનરાવર્તન કરી જોવું છે, જે જે રાજ્યોમાંથી જે માર્ગે અમે પસાર થયેલા તેના માર્ગનું. હોય તો ચાલો આપણે બંને જોઈએ, તમારી ઈચ્છા હોય તો પછી કાલથી હું હાઈસ્કૂલની સભા સમક્ષ મારું પ્રવાસ વર્ણન ચારપાંચ દિવસ સુધી અમૂક સમયે આપું ?' અટલી ઉંમરે ભૂગોળ, શિક્ષણ અને બાળકોમાં આટલો જીવંત રસ ધરાવનાર તેમના તે પાસાને જાણી હું ખુશ થયો અને ભીંતપર ટાંગેલો ભારતનો મોટો નકશો લઈ અમે બેઠા. ( ઘરનાં બાળકો ભૂગોળમાં વધુ રસ કેળવે એ હોંશે ભારત અને ગુજરાતના મોટા નકશા ખરીદી બોર્ડપર લગાવી ભીંતે લટકાવેલા તેમાં ઘરનાં બાળકો કરતાં વધુ રસ લલ્લુભાઈએ કેળવ્યો. ) નકશામાં બલોલ – મહેસાણાથી શરુ કરી રાજસ્થાન, પંજાબ, હિમાચલ, ઉત્તર ભારત, બંગાળ, બિહાર, ઓરિસા, આંધ્ર, મદ્રાસ, રામેશ્વર, કેરલ, મ્હૈસુર, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ, ગુજરાત – બલોલ સુધીના રેલ્વે મોટર માર્ગો પર આંગળી ફેરવતાં ફેરવતાં ત્યાંની ભૌગોલિક, સામાજિક, આર્થિક અને ધાર્મિક ભૂમિકાઓની વિગતો આપતા જાય અને હું થાકું પણ એ ન થાકે એટલી ધીરજ.

તેમની યાત્રાની આ મંગલ પ્રસાદી ( પછીથી એક શિક્ષકભાઈએ વાપરેલો શબ્દ ) સ્કૂલનાં બાળકો અને અધ્યાપક વર્ગને લગભગ અઠવાડિયા સુધી રસાવહ રીતે મળી, અને ભારતના વિભિન્ન પ્રાન્તોની ભૂગોળ, તેનાં સમાજજીવન, ધાર્મિક સ્થિતિ, ધાર્મિક પરિવેશ અને નવતર વિકાસનાં કાર્યોને અમે તેમના વર્ણન દ્વારા માણતા રહ્યા.

જીવનમાં જેવો રસ તેમને અવલોકનનો હતો તેવો જ રસ વર્ણનનો પણ હતો. ગુજરાતી સાહિત્યમાં શામળના સમયની જે રસપૂર્ણ, કૌતુકભરી, વીરત્વ અને સ્વાર્પણની ભાવનાવાળી અને ચાતુર્યમંડિત વાર્તાઓ છે, તેમાંની ઘણી સ્વ. લલ્લુભાઈને કંઠે સાંભળવા મળતી. બે એક વર્ષો પહેલાં તો છાત્રાલયના વિદ્યાર્થીઓ સાંજના વાળુ કરી લે પછી ફરવા તથા પ્રાર્થનાનો જે સમય હોય તે સમયે તેઓ છાત્રાલયમાં આવતા અને અમે બધા સભા જમાવી તેમની વાર્તાઓ સાંભળવા બેસી

જતા વીર વિક્રમના પરાક્રમોની મડાપચીસી, સિંહાસન બત્રીસી વગેરેમાંની વાર્તાઓ સ્વ. લલ્લુભાઈને કંઠે સાંભળવી અને એ વાતની જમાવટમાં લીન બની તેને માણે જવી એ ઘણાના જીવનનો ધન્ય પ્રસંગ બની ચૂક્યો છે. છાત્રાલયના વિદ્યાર્થીઓ તો અત્યારે એ રીતે પણ તેમને ખૂબ યાદ કરે છે, અને કરશે. તેમાંની એક પદ્ય વાર્તા જે મૂળે સંસ્કૃતના કથાસરિત્-સાગરમાંથી ગુજરાતીમાં ઉતરી આવેલી તે ગયાં બે વર્ષથી S. S. C.ના વિદ્યાર્થીઓના સંસ્કૃતના કોર્સમાં મૂકાઇ છે.

આમ આ વિદ્યાલયના વિદ્યાર્થીઓના જ્ઞાન અને સંસ્કારમાં પણ સ્વ. લલ્લુભાઈનું પ્રદાન છે.

સ્વભાવ એટલો જ નમ્ર અને નિખાલસ. કોઇને ઘેર જાય તો બારણા આગળથી પડેલો મીઠો ટહુકો આખા ઘરમાં વ્યાપી જાય. અને પતિ, પત્ની બેમાંથી એકનું નામ દઇ (સંબોધન કરી) તેને બીજાની ખબર અંતર પૂછે - (બંને હાજર હોય તોય!)

સાજા સમ. સવારે સ્નાન પૂજા, પ્રાર્થના વગેરે કરી નાસ્તો કરી નવેક વાગતાના ઘેરથી તૈયાર થઈ નીકળ્યા. દવાખાના માટે ઇલેક્ટ્રી ફિટિંગ અંગે સરસામાન લેવા મહેસાણા જવું હતું. ભાગોળ સુધી આવ્યા અને છાતીમાં દુઃખે છે કહી પાછા વળી, ઘેર આવી આડા થયા અને ડૉકટરોની ટ્રીટમેન્ટ છતાં, બે કલાકમાં ચાલ્યા જઇ, જેમને મેળાપ ન થયો તેમણે બપોરે બળતી ચીતા આગળ સ્મશાનમાં આવી ડૂસકાંવાળા અવાજે "હું દવાખાનાનો ઇલેક્ટ્રી ફિટીંગનો સામાન લેવા જાઉં છું એમ કહી છેતરી ચાલ્યા ગયા." કહ્યું તે સાંભળવા ન રહ્યા.

ધૃત-દીપકનું સૌમ્ય વ્યક્તિત્વ ધરાવનાર સ્વ. લલ્લુભાઈ અમારી વચ્ચેથી ચાલ્યા ગયા છે તે ખોટ ન પૂરાય તેવી છે.

---

[ પેજ પાંચમાનું ચાલુ ]

જોઇને તે વિવેકપૂર્વક તેમનો ઉચિત ઉકેલ બતાવી શકે છે. તેમની સહાનુભૂતિનો વિશાળ વ્યાપ સહુને સમાવી લે તેવો છે. તેમાં સ્થાન નથી હોતું માત્ર દંભીને. દંભનો એમને ભારે કંટાળો છે-એ દંભના જન્મજાત શત્રુ છે. સરળતા,-વાણી, વિચાર અને વર્તનમાં-તેમને પ્રિય છે, સરળતાપૂર્વક સ્વીકારેલી ભૂલ ગમે તેવી ગંભીર હોય તો યે તે માફ કરી શકે છે. પણ દંભને કદી ચલાવી લેતા નથી. ગમે તેવા પડદા નીચેના દંભને પારખી લે છે ને ઉગ્રતાપૂર્વક ખબર લઇ નાખે છે. છતાં, આમાં ય કોઈ વૈરવૃત્તિ, દીર્ઘકાળનો રોષ કે બદલો લેવાની વૃત્તિ તો હોતી નથી. માત્ર દંભીને એમની સાથે ફાવે જ નહીં એવો એમનો જીવન પ્રત્યેનો અભિગમ છે. બીજી વાત છે નિષ્ઠાની. જે વિચારે તે જ કહે, અને કહે તે જ કરવાનો પ્રયત્ન કરે. ત્રીજી વાત નીડરતાની. જે સાચું લાગે તે કહેતાં ભલભલાની પરવા ન રાખે. ક્યારેક મૌન રાખે તો જુદી વાત, પણ મનમાં એક અને બહાર બીજું એવું કદી નહીં. ને છેલ્લે નિઃસ્પૃહતા. કશી યે વસ્તુ માટે એ લાચારી બતાવે નહીં. પોતાની નિષ્ઠા, કાર્યકુશળતા અને શક્તિથી જે મળે તેમાં સંતોષ માને.

આવું કમનીય અને નિરાળું છે ડૉ. અનામીનું વ્યક્તિત્વ!

## શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી

### તા. ૧૪-૬-૭૦ ની સાધારણ સભાની સૂચના

આ મંડળની સાધારણ સભા તા. ૧૪-૬-૭૦ રવિવારે બપોરે ૧-૩૦ વાગે કડી મુકામે શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદનમાં નીચેનાં કાર્યો કરવા મળશે; તો તે સમયે સભાસદ ભાઇઓને પધારવા વિનંતિ છે.

—: કાર્યો :—

(૧) સને ૧૯૬૯-૭૦ ના વર્ષના હેવાલો તથા ઓડીટેડ હિસાબો મંજૂર કરવા બાબત.

(૨) સને ૧૯૭૦-૭૧ નું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

(૩) સને ૧૯૭૦-૭૧ ના વર્ષ માટે પ્રમુખ, મંત્રી અને વ્યવસ્થાપક મંડળ તથા ઓડીટર નીમવા બાબત.

(૪) વિજ્ઞાન કૉલેજ-ગવર્નીંગ બોડી, ટેકનીકલ હાઇસ્કૂલ-ગવર્નીંગ બોડી તથા શાળાઓ માટે સ્થાનિક સમિતિઓ નીમવા બાબત.

(૫) વ્યવસ્થાપક મંડળના ઠરાવોને બહાલી આપવા બાબત તથા સભાસદો તરફથી આવેલી દરખાસ્તો બાબત.

(૬) મંત્રીઓ તરફથી અન્ય જે કંઇ રજૂ થાય તે બાબત.

કડી, તા. ૨૮-૫-૭૦

પુરુષોત્તમદાસ પટેલ
મંત્રી

તા. ક. આ સભાનું કોરમ નહિ થાય તો સભા મુલત્વી રહેશે અને અડધા કલાક પછી ફરી નોનકોરમ સભા મળશે. તેમાં આ સભાના એજન્ડા ઉપરનાં કામો કરવામાં આવશે.

---

## શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ-કડી

### તા. ૧૩-૬-૭૦ ની સાધારણ સભાની સૂચના

આ મંડળની સાધારણ સભા તા. ૧૩-૬-૭૦ શનિવારે બપોરે ૧-૩૦ વાગે કડી મુકામે શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદનમાં નીચેનાં કાર્યો કરવા મળશે; તો તે સમયે સભાસદ ભાઇઓને પધારવા વિનંતિ છે

-: કાર્યો :-

(૧) સને ૧૯૬૯-૭૦ ના વર્ષના હેવાલો તથા ઓડીટેડ હિસાબો મંજૂર કરવા બાબત.

(૨) સને ૧૯૭૦-૭૧ ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

(૩) સને ૧૯૭૦-૭૧ ના વર્ષ માટે પ્રમુખ, મંત્રી તથા વ્યવસ્થાપક મંડળમાં ખાલી પડતી જગ્યાઓએ નિમણૂંકો કરવા તથા ઓડીટર નીમવા બાબત.

(૪) વ્યવસ્થાપક મંડળના ઠરાવોને બહાલી આપવા બાબત તથા સભાસદો તરફથી આવેલી દરખાસ્તો બાબત.

(૫) મંત્રીઓ તરફથી અન્ય જે કંઈ રજુ થાય તે બાબત.

કડી, તા. ૨૮-૫-૭૦

પુરુષોત્તમદાસ પટેલ
ધનાભાઈ હ. વકીલ
મંત્રીઓ

તા. ક. આ સભાનું કોરમ નહિ થાય તો સભા મુલત્વી રહેશે અને અડધા કલાક પછી ફરી નોનકોરમ સભા મળશે. તેમાં આ સભાના એજન્ડા ઉપરનાં કામો કરવામાં આવશે.

: શિક્ષણના વાતાવરણમાં, શહેરના ધમાલીયા વાતાવરણ અને દુષણોથી દૂર :
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી સંચાલિત

# સાયન્સ કૉલેજ - કડી

તથા

## સાયન્સ કૉલેજ હોસ્ટેલ – કડી

પ્રિ-સાયન્સ, પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ સાયન્સના વર્ગોમાં એડમીશન આપવામાં આવે છે.

સાયન્સ કૉલેજ અને હોસ્ટેલ સર્વ વિદ્યાલય કેમ્પસના ખુલ્લા પટાંગણમાં કડી સ્ટેશન સામે જ છે.

# ટેકનિકલ હાઇસ્કૂલ - કડી

## સર્વ વિદ્યાલય કેમ્પસ્ : રેલ્વે સ્ટેશન સામે

૧ ગુજરાતી સાત ધોરણ પાસ થયેલ વિદ્યાર્થીને ટેકનિકલ હાઈસ્કૂલમાં દાખલ કરવામાં આવશે.

૨ ગણિતમાં સારા માર્ક્સ હશે તેને જ દાખલ કરવામાં આવશે.

૩ અંગ્રેજી, સાયન્સ અને મેથ્સ. એસ. એસ. સી. માં લેવું પડશે.

૪ ટેકનિકલ હાઇસ્કૂલમાં અંગ્રેજી માધ્યમ નહિ હોય છતાં અંગ્રેજીનું સારું શિક્ષણ આપવામાં આવશે.

૫ ધોરણ આઠ, નવ અને દશમાં વિવિધ ટેકનિકલ વિષયો શીખવવામાં આવશે. અગિયારમા ધોરણમાં ટેકનિકલ વિષયો પૈકી બે વિષયો એસ. એસ. સી. ની પરીક્ષા માટે લેવાના રહેશે.

૬ બીજી માધ્યમિક શાળામાં લેવાતી ફી લેવામાં આવશે. ટેકનિકલ વિષયોના શિક્ષણ માટે વિશેષ ફી લેવામાં આવશે નહિ.

૭ ટેકનિકલ હાઇસ્કૂલમાં દાખલ થનાર કડી બહારના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સગવડ છે.

૮ દાખલ થવા માટે ઉપરના સરનામે લખો.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૮–૫–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૪-૬-૭૦ [ અંક ૩૬


## ટેકનિકલ હાઈસ્કૂલ–કડી

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ

**રાજરત્ન** પ્રાણસુખલાલ મફતલાલ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલમાં ટેકનિકલ વિષયો હતા અને ટેકનિકલ વિષયો સાથે વિદ્યાર્થીઓ એસ. એસ. સી. ની પરીક્ષા આપી શકતા હતા અને કોલેજમાં જઈ શકતા હતા.

જુનિયર ટેકનિકલ સ્કૂલમાં પણ એ જ ટેકનિકલ વિષયો હતા. એમાં આઠમું ધોરણ પાસ થયેલ વિદ્યાર્થી દાખલ થઇ શકતા. ત્રણ વર્ષના અભ્યાસ અંતે ગુજરાત રાજ્ય ટેકનિકલ ડીપાર્ટમેન્ટ દ્વારા પરીક્ષા લેવાતી અને પાસ થયેલ વિદ્યાર્થીને સર્ટીફિકેટ આપવામાં આવતું. આ વર્ષે આવા સર્ટીફિકેટને એસ. એસ. સી. ની સમકક્ષાનું ગણવા ગુજરાત યુનીવર્સીટીએ ઠરાવ્યું. આ થવાથી આવું સર્ટીફિકેટ ધરાવનાર વિદ્યાર્થી કોલેજમાં પણ દાખલ થઈ શકતો હતો.

ગુજરાત રાજ્યમાં ત્રણ જુનિયર ટેકનિકલ સ્કૂલો હતી. (૧) વલ્લભ વિદ્યાનગર (૨) ભાવનગર (૩) કડીમાં. જુનિયર ટેકનિકલ સ્કૂલો વિદ્યાર્થીઓને આકર્ષી શકી નહીં. અને તેથી ભાવનગરની સ્કૂલ બંધ કરવામાં આવી વલ્લભ વિદ્યાનગરની સ્કૂલ એ રસ્તે છે અને કડીની સ્કૂલની સંખ્યા ઘટવા માંડી–ઘટી.

કડીમાં સર્વ વિદ્યાલયમાં ટેકનિકલ વિષયો શીખવવામાં આવતા હતા અને ટેકનિકલ વિષયો સાથે વિદ્યાર્થી એસ. એસ. સી. ની પરીક્ષા આપતા. જુનિયર ટેકનિકલ સ્કૂલમાં એ જ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું. આથી ખર્ચ બેવડાતું છતાં હેતુ તો બન્નેનો સરખો જ હતો. આથી આપણી સંમતિ લઇ ગુજરાત સરકારે સર્વ વિદ્યાલયની ટેકનિકલ શિક્ષણ શાખા અને જુનિયર ટેકનિકલ સ્કૂલને સંકલિત કરી **ટેકનિકલ હાઇસ્કૂલ** કરવા ઠરાવ્યુ છે. અને **તેથી જુન ૧૫, ૧૯૭૦ થી ટેકનિકલ હાઇસ્કૂલ શરૂ થશે.**

જે વિદ્યાર્થીને ટેકનિકલ વિષય સાથે એસ. એસ. સી. પરીક્ષા આપવાની ઇચ્છા હશે તેને ટેકનિકલ હાઇસ્કૂલમાં દાખલ થવાનું રહેશે. ટેકનિકલ હાઇસ્કૂલમાં ગુજરાતી સાત ધોરણ પાસ કર્યાં હશે તેમને ટેકનિકલ હાઇસ્કૂલના આઠમા ધોરણમાં દાખલ કરી શકાશે.

ટેકનિકલ હાઇસ્કૂલમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ઇતિહાસ ભુગોળ, મેથ્સ, કેમીસ્ટ્રી, ફીઝીકસ વગેરે વિષયો સાથે ટેકનિકલ વિષયો જેવા કે સુથારી, લુહારી, ફીટીંગ, ટર્નીંગ, મોલ્ડીંગ, ઇલેક્ટ્રીકલ અને મીકેનીકલ એન્જીનિયરીંગ વગેરેનું શિક્ષણ સર્વ વિદ્યાલયમાં આપવામાં આવતું હતું તે જ રીતે આપવામાં આવશે. અને વિદ્યાર્થી એસ. એસ. સી. ની પરીક્ષા આપી શકશે.

જુનિયર ટેકનિકલ સ્કૂલ બંધ થશે અને તેથી તેમાં વિદ્યાર્થી દાખલ કરવાના રહેશે નહીં પણ ટેકનિકલ વિષય સાથે એસ. એસ. સી. ની પરીક્ષા આપવા ઇચ્છતા વિદ્યાર્થીએ ટેકનિકલ હાઇસ્કૂલમાં દાખલ થવાનું રહેશે.

માધ્યમિક શાળાના ધોરણ પ્રમાણે ટેકનિકલ હાઇસ્કૂલમાં ફી લેવામાં આવશે. વિશેષ લેવામાં આવશે નહિં.

એસ એસ. સી. થયા પછી જે વિદ્યાર્થી કોલેજમાં જઇ શકતો નથી તેમની સ્થિતિ કફોડી થાય છે. એસ. એસ. સી. પાસ થયેલાને નોકરી મળતી નથી અને બેકારીના ભોગ બનવું પડે છે.

[ અનુસંધાન પાન ૨ ઉપર ]

# સ ર વા ણી ઓ

( પરિવાર સંમેલન અને સા. કૉલેજ હોસ્ટેલના મકાનના ઉદ્‌ઘાટનના બેવડા પ્રસંગે શુભેચ્છાના ઘણા સંદેશાઓ મળ્યા છે. આ સંદેશાઓ પણ અમારે મન પ્રેમની અને પ્રેરણાની સરવાણીઓ છે. તેમાંથી કેટલાક અહીં ઉતારવામાં આવે છે —સં. )

ભાઇશ્રી

આમંત્રણ મલ્યું તે માટે આભાર. 'સુવર્ણ જયંતી' સાપ્તાહિકમાં મેં તમને મોકલેલ "સત્યનો ઉપાસક" પુસ્તકની નોંધ લઈ મને અંકો મોકલો છો તે હું વાંચું છું અને જૂના મિત્રોની સ્મૃતિ તાજી થાય છે.

સને ૧૯–૨૦ માં અમદાવાદ કડવા પાટીદાર બોર્ડીંગમાં શ્રી દાસભાઇ સાથે હતો. ત્યાર પછી કડીમાં બોર્ડીંગ અને સ્કૂલ શરૂ થયાં તેમ મને યાદ છે. લગભગ પચાસ વર્ષો પહેલાં નાંખેલા એક બીજમાંથી આજે એક વિશાળ વિદ્યાવૃક્ષ થયું છે જેની અનેક શાખાઓ થઇ છે અને જીવનમાં વિદ્યારૂપી શીતળ છાંયો આપવાનું કામ કરી રહી છે. જે ખરેખર આનંદ આપે છે. સામાન્ય રીતે **॥ सा विद्या विमुक्तये ॥** એમ કહીએ છીએ. જે વિદ્યા જીવનમાં માણસને મુક્ત બનાવે એટલે તેજસ્વી બનાવે, લાચારી દીનતા કાઢી નાંખે તેવું વિદ્યાર્થીઓનું ઘડતર કરે તે સાચી વિદ્યા એમ આપણે સૌ સ્વીકારીએ છીએ. પણ આપણે જે વિદ્યા આપીએ છીએ તેથી એ દિશાએ પ્રયાણ થાય છે? કે પછી આપણે આપીએ છીએ તે વિદ્યા Survival of the fitest નું સમર્થન કરે છે? મહાત્મા ગાંધીજીએ સર્વોદયનો મંત્ર આપી સબળા હોય તે નબળાનું શોષણ કરી આગળ ન વધે પણ નબળાનું રક્ષણ અને પોષણ કરી તેમની સાથે ચાલે તેવો મંત્ર આપ્યો તે આપણે ભૂલી રહ્યા છીએ. પરિણામે આજે શાળા અને કોલેજો સંખ્યાબંધ શિક્ષિત બેકારો ઉભા કરવાના કારખાનાં બની રહ્યાં છે અને જે કટોકટી ઉભી થઇ છે તેમાં હાલ અપાતી કેળવણી પણ ભાગ ભજવી રહી છે. તેમ નથી લાગતું? આપણી શાળાઓ અને કોલેજો આજીવિકાનો વિચાર આપે છે પણ જીવનનો વિચાર આપતી નથી. માનવજીવન શું? **અને તેનો હેતુ શું? તે વિચાર કેળવણીમાં જોડવા, સ્વ. આચાર્ય શ્રી બાપુભાઈ, જેઓએ કાંઈક વિચારેલું** તેમ તમે મોકલેલા અંકો ઉપરથી હું સમજ્યો છું. આ જીવનવિચારને, ગાંધીવિચારના અભ્યાસ સાથે જોડી દરરોજ એક પિરિયડ લેવાનું શાળા-કોલેજોમાં રખાય તો, જીવનનાં ભૌતિક અને આધ્યાત્મિક બન્ને પાસાઓની વિદ્યા અને કળા વિદ્યાર્થીઓ મેળવી શકશે આ ભારતીય સંસ્કૃતિ છે અને યુગે યુગે તેનું દર્શન યુગ પુરુષો જગતની પરિસ્થિતિ પ્રમાણે કરાવે છે. ગાંધીજી આવા યુગ પુરુષ હતા. તેમના વિચારનો અભ્યાસ આજના યુગની જરૂરિયાત છે. આ મારું મંતવ્ય છે.

છેલ્લે શ્રી અમીન સાહેબ અને શ્રી દાસભાઇના નેતૃત્વ નીચે મળતા સંમેલનને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

ભૂપતભાઈ દેસાઈ

પાટડી તા. ૨૮–૪–૭૦

---

[ પાન ૧ ઉપરનું ચાલુ ]

જ્યારે ટેકનિકલ વિષયવાળો એસ. એસ. સી. પાસ થાય કે નાપાસ થાય તો પણ તે વિદ્યાર્થી બેકાર બનતો નથી. ટેકનિકલ વિષયનું શિક્ષણ લીધેલ હોવાથી ખેડૂતનો દિકરો ઘેર જાય તો એન્જીન પંપ કે ઇલેક્ટ્રીક મોટર ચલાવતાં કે તેની દુરસ્તી કરતાં અચકાતો નથી. આમ ખેતીના કામમાં પણ એ ઉપયોગી અને મદદગાર બને છે.

બીજુ કંઈ કામ નહિ કરી શકવાને કારણે લાચારીથી નોકરી શોધવા એને જવું પડતું નથી. ટેકનિકલ શિક્ષણ લીધેલ હોવાથી સહેલાઇથી એને નાના મોટા કારખાનામાં નોકરી મળી જાય છે.

થોડો સાહસિક હોય તો એકાદ લેથ લઈ બેસી જાય તો તેમાંથી નાનું કારખાનું ઉભું કરી શકે છે. મોટાં કારખાનાં આ રીતે જ જનમ્યાં છે. તેમ જ બીજા વિદ્યાર્થીની જેમ આ વિદ્યાર્થી એસ. એસ. સી. પાસ થાય અને કોલેજમાં દાખલ થવું હોય તો સાયન્સ, આર્ટસ કે કોમર્સ કોલેજમાં દાખલ થઈ શકે છે.

આ રીતે ટેકનિકલ વિષય સાથે એસ. એસ. સી પાસ થનાર વિદ્યાર્થી બન્ને રસ્તે આગળ વધી શકે છે.

પોલીટેકનિકમાં દાખલ થવું હોય તો પણ થઈ શકે છે.

આ અંતે ટેકનિકલ વિષયો સાથે એસ. એસ. સી. પાસ અગર નાપાસ થયેલ વિદ્યાર્થી હતાશ થતો નથી. નિરુપાય બની બેકાર બનતો નથી. પણ એનામાં શ્રદ્ધા અને હિંમત જન્મે છે.

આજના શિક્ષણમાં આ જરૂરી છે.

લીલુડી ધરણીને હૈયે,
નીલવ્યોમામ્બરને છાંયે
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તો યે અમને
નિત્ય નૂતન એ ભાસે
પ્રિય સર્વ વિદ્યાલય સોહે!

# કલરવ અને ટહૂકા

## (પરિવાર સંમેલનમાં થયેલાં પ્રવચનો)

[૩]

શ્રી અશ્વિનભાઈ ડી. પટેલ
૨૦, અનુપમ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા
અમદાવાદ–૧૩

આજની સભાના સંચાલક સાહેબ, મુરબ્બીઓ, મિત્રો અને વિદ્યાર્થી ભાઈબહેનો,

આજના પ્રસંગે મારો પરિચય મારે ખાસ આપવાની ઈચ્છા નથી; હું જે કંઈ પ્રસંગને અનુલક્ષીને બોલીસ તેનાથી મારો વિશેષ પરિચય મળી રહેશે. છતાં એટલું કહીશ કે અહીં ૧૯૩૨–૩૩ માં એક જ વર્ષ માટે ભણ્યો હોવા છતાં આપ સૌએ મને મોટમાં મોટું માન અગાઉ આપેલું. પૂ. છગનભાના દેવલોક પામ્યા બાદ આપણે આવા જ એક મોટા સ્નેહસંમેલનમાં આમજ એકઠા થયેલા અને તેના પ્રમુખપદે આપ સૌએ મારી વરણી કરેલી. અહીંના એક જ વર્ષના વિદ્યાભ્યાસથી મારા વ્યક્તિત્વ અને જીવનના ઘડતરમાં જે સંસ્કાર પડ્યા છે તેવા બીજે કયાંયથી મને મળ્યા નથી. એ સંસ્થાના ઋણને કેમ ભૂલી શકાય કે જેનાં ધાવણની પ્રેરણા પામી મારામાં પૂર્ણ રાષ્ટ્રીયતા વિકસી. એથી અહીં હતો ત્યારે મીઠાના સત્યાગ્રહની ચળવળ દરમિયાન માત્ર તેર-ચૌદ વર્ષની ઉંમરે આંદોલનમાં ભાગ લીધેલો અને વિરમગામથી પકડાઇ જેલનિવાસ વહોરી લીધેલો. એ પછી યે ૪૨ ની ક્રાન્તિમાં મેં વડોદરાથી ફરી "હિંદ છોડો" ચળવળમાં જેલગમન કરેલું. (આ અંગે મેં સુવર્ણ જયન્તી સાપ્તાહિકમાં પણ અગાઉ લખેલું) આજે આપની સમક્ષ ઉભો છું. નામ અશ્વિનભાઈ પટેલ છે.

આજના પ્રસગે બોલતાં "કર ભલા હોગા ભલા" એવો મંત્ર આપનાર પૂ. છગનભાનું પુણ્ય સ્મરણ થાય છે. એમનાં આદર્શો અધૂરાં ન રહે અને એમાંથી પ્રેરણા મેળવી નવાં પ્રસ્થાન આપણે કરીએ ત્યારે આપણી મર્યાદાઓનો વિચાર અગાઉથી કરી લેવા જેવો છે. સંસ્થાનું વિસ્તરણ અને વિસ્તાર આડે-ધડે નહિ કરવાં જોઇએ. મર્યાદાઓના ખ્યાલ રાખ્યા સિવાય કરેલાં વિસ્તરણ-વિસ્તાર સંસ્થાનું પોત પાતળું પાડી નાંખે છે. એથી માત્ર જરૂરિયાતોનો જ વિચાર કરીએ અને નવાં સાહસ બેમર્યાદ રીતે કરી નાખીએ તો આ સાયન્સ કોલેજ જેવા ધોળા હાથીને આંગણે બાંધવા જેવું થાય. એ સંસ્થાના સંચાલનમાં દેવું થઇ જાય એપૂરું તો આ પ્રસગે બે એક લાખ રૂપિયા ભેગા થતાં થઈ જશે પણ એના કરતાં ટેક્નીકલ શિક્ષણના પ્રબંધને આપણે પૂરો વિકસાવવાની દિશામાં મોટો પુરુષાર્થ કરવો જોઇતો હતો.

કોઇ કામ પૈસા વગર અડી પડતું નથી. કામ કરનાર હોય તો પૈસા આવી મળે છે. એનાથી યોગ ઊભો થાય છે અને ગીતામાં કહ્યુ છે કે યોગઃ **कर्मसु कौसलम्।** છગનભાએ એવો યોગ અહીં કર્યો. શ્રી દાસકાકા એ યોગ અત્યારે કરી રહ્યા છે પણ ......સંસ્થા માટે ભેખ...... લઇ અહાલેક જગાવી એઓએ બીજું બધું છોડી દઇ અહીં બેસવું જોઇએ એવી આપણી એમની પાસે અપેક્ષા છે. મારા આ શબ્દોથી ભલે એમને દુઃખ થાય પણ તેઓને આપણા બધા વતીથી મારી વિનંતિ છે, કે રાજકારણ છોડી તેઓ પૂરા સમયના આજીવન કાર્યકર બની અહીં બેસે. અરે માત્ર રાજકારણ નહિ બીજાંયે સમાજકારણ કે અન્ય કારણો ત્યજી દઈ તેઓ છગનભા બનીને અહીં બેસે. એમ થાય તો પૈસાનો ધોધ વહેશે; કોઇને ય આપણા જેવા જુના વિદ્યાર્થીઓ પાસેથી ભીખ માગવી નહિ પડે. પૈસા આફૂરતા આવતા રહેશે. ભલે મોટી રકમો કોઇની ન આવે. અને આવી સંસ્થાઓના સંચાલનમાં પૂ. ગાંધીજીએ આપેલ સિદ્ધન્ત સ્વીકારવો જોઇએ. એમણે કહેલું કે એક લાખ રૂપિયા એક વ્યક્તિ પાસેથી લેવા તેના કરતાં લાખ જણ પાસેથી એકેક રૂપિયા લેખે લાખ ભેગા કરવા તે વધારે ઇષ્ટ છે, ફાયદાકારક છે, કારણ એથી આપણી સંસ્થામાં રસ લેનાર એટલી વધારે વ્યક્તિ ઉભી થાય છે. જેઓ ભીડને વખતે ખભે-ખભો મિલાવી ઉભી રહે છે. અરે એઓની શુભેચ્છા માત્રથી સંસ્થાનું નાવ બરોબર ચાલે છે

અને છતાં ભીડ પડી છે તો શ્રી દાસકાકાએ ગભરાવાની જરૂર નથી. આપણે એક રૂપિયાથી માંડી સો, સવાસો, અઢીસો પાંચસો કે એથીયે વધુ રકમ ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે આપતા આવ્યા છીએ ને આપીશું. **पत्रम् पुष्पम् फलम् तोयम्** એ ન્યાયે માતૃસંસ્થાના ઋણમાંથી મુક્ત થવા આપણાથી થશે તે બધા પ્રયત્ન આપણે કરીશું. સંસ્થાને લાયક બની રહીશું.

શ્રી દાસભાઇને એથી પણ વિશેષ એક ઓથ શ્રી સાંકળચંદ પટેલની છે. તેઓ વ્યવસ્થાપક મંડળમાં છે. એમને સંસ્થાના 'નાણામંત્રી' એટલે કે ખજાનચી બનાવી દો અને જુઓ કે

[અનુસંધાન પેજ ૬ ઉપર ચાલુ]

# 'મને સાંભરે રે'

## : સંસ્મરણોના સ્રોત :

શ્રી રમણલાલ કે. પટેલ
શિક્ષક : એ. એલ. ઝવેરી હાઈસ્કૂલ : છત્રાલ

કડી સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમ મારે મન એક શિક્ષણ સંસ્થા નથી પરંતુ એ એક સંસ્કારતીર્થ છે. આ સંસ્થામાં મેં માધ્યમિક શિક્ષણ ફક્ત બે જ વર્ષ (ધો. ૧૦ અને ૧૧ સને ૧૯૫૫-૫૬ અને ૫૬-૫૭ દરમ્યાન) પ્રાપ્ત કર્યું છે. છતાં મને જાણે એમ જ લાગે છે કે મેં માધ્યમિક શિક્ષણના સાત વર્ષ ત્યાં જ પસાર કર્યાં ન હોય ! તે બે વર્ષના સમયને હું સોનેરી માનું છું. મેં ત્યાંથી સારા સંસ્કાર પ્રાપ્ત કર્યા છે, મારી કારકિર્દીના શિલ્પને ત્યાં આકાર મળ્યો છે, ત્યાંથી જ મને મહત્વાકાંક્ષાની પાંખ મળી છે.

मकरसंक्रान्ति पुण्यपर्वणि पत्रं पुष्पं फलं तोयम्। ની રીતે **ભક્તિભાવપૂર્વક સુવર્ણ જયંતી ફાળામાં રૂા. ૨૫૧) અંકે રૂપિયા બસો એકાવન આ પહેલાના પત્ર દ્વારા મેં નોંધાવ્યા છે.** જો કે બોર્ડિંગ અને સર્વ વિદ્યાલયમાં હું બે વર્ષો દરમ્યાન જ રહ્યો-ભણ્યો છું પણ મારા જીવન ઘડતરમાં અને રાષ્ટ્રીય વિચારોના મારે વિશેના સિંચનમાં એ બે વર્ષોએ ઘણો મહત્વનો ભાગ ભજવેલો છે. આમ કડી સર્વ વિદ્યાલય અને બોર્ડિંગે મારા જેવા ઘણા વિદ્યાર્થીઓના જીવન ઘડતર કર્યાં છે. એટલું જ નહિ પણ જીવનમાં જરૂરી અને ઉપયોગી એવા સાદાઈ, હિંમત, નીડરતા, વિવેક, વિનય, વફાદારી, ખેલદિલી, સદ્‌ભાવના, સદ્‌વિચાર રાષ્ટ્રભાવના વગેરે ગુણોનું સિંચન કર્યું છે.

મેં ધો. ૯ સુધીનો અભ્યાસ વતન છત્રાલમાં ધી. એ. એલ. ઝવેરી હાઈસ્કૂલમાં કર્યો હતો. પછી આગળનાં ધોરણો ચાલુ ન હોવાથી જૂન ૫૫ માં હું ધો. ૧૦ માં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ-કડીમાં દાખલ થયો. વતન દૂર હોવાથી બોર્ડિંગમાં પણ દાખલ થવું જ પડે. જૂન માસની ૧૫ મી તારીખે હાઈસ્કૂલો ખૂલતી હતી. હું પણ તે તારીખે કડી ગયો. શરૂઆતમાં તો બધું યે મને અજાણ્યું લાગતું. કારણ કે છાત્રાલયના જીવનનો અનુભવ હતો નહિ. ઘર પણ પ્રથમ વખતે જ છોડવાનો પ્રસંગ હતો. એટલે જૂન-૫૫ ના આશ્રમ જીવનના શરૂઆતના દિવસો મારે માટે દુઃખદાયક બનેલા. તે વર્ષે ત્યાં અમારા ગામના બે વિદ્યાર્થીઓ હતા; શ્રી રમેશકુમાર આર. પટેલ અને શ્રી વિજયકુમાર આર. પટેલ. છતાં મને ઘણું અતડું લાગતું હતું. રાત્રિદિવસ એક જેવાં જ લાગતાં હતા. ઘરની યાદ બહુ જ આવતી હતી. ખાવાનું પણ ભાવતું નહિ. રાત્રે નિરાંતથી ઊંઘ પણ આવતી નહિ. પ્રથમ એક અઠવાડિયું પસાર કરવામાં તો જાણે એક વર્ષ પસાર થયું હોય તેમ લાગતું હતું.

સોમવારે હું કડી ગયેલો અને શનિવારે તો સાંજના ગૃહપતિની પરવાનગી સિવાય ઘેર-છત્રાલ-પાછો આવેલો. ઘેર આવીને મેં તો કડી જવા માટે ના જ કહી. ત્યાં ન જવા માટે બીજાં બહાનાં બતાવેલાં. જેવાં કે દાદીમા વધારે યાદ આવે છે... ખીચડી ખાધા વિના ચાલતું નથી વગેરે...... પરંતુ કોણ માને ? પેટ દુઃખતું હોય અને માથું કુટીએ તેવી વાત હતી. મને તો બીજા દિવસે અગિયાર વાગ્યાની ગાડીમાં મૂકવા માટે મારા મોટાભાઈ શ્રી મણીભાઈને મોકલ્યા. આમ મને કમને પણ મારે કડી જ અભ્યાસ માટે રહેવું પડ્યું. પછી તો મેં પણ મન મનાવીને ત્યાં રહેવાનું નક્કી કર્યું. પરંતુ ઘરની યાદ આવતી હતી. આથી જન્માષ્ટમીની રજાઓ ક્યારે પડે તેની રાહ જોવામાં જ પ્રથમના બે માસ પસાર કર્યા. જન્માષ્ટમીની રજાઓમાં વતન આવ્યા ફરી પાછા કડી જવાનું દિલ તો થતું નહોતું છતાં જવું જ પડ્યું.

સર્વ વિદ્યાલયમાં તે વખતે શ્રી ચતુરભાઈ સાહેબ (સંગીતશાસ્ત્રી) હતા. તેઓ સુરદાસ હતા અમારા ગામના વિજયકુમાર આર. પટેલના કારણે હું તેમના સંપર્કમાં આવેલો. તેઓ સાહેબ મને ઘર યાદ ન આવે એટલા માટે કેટલાક જૂના વિદ્યાર્થીઓનાં ઉદાહરણો કહેતા હતા. વળી તેઓ સ્વભાવે મિલનસાર અને પ્રેમાળ હતા. એટલે મને પણ તેમની પાસે અવારનવાર જવાનું દિલ થતું હતું. વળી તેમની એક વિશિષ્ટતા હતી કે ગમે તે વિદ્યાર્થીને તેઓ અવાજ ઉપરથી ઓળખી શકતા અને નામ પણ કહી શકતા.

તે જ વર્ષે શેરથાનો એક વિદ્યાર્થી ઇશ્વરભાઈ નારણદાસ પટેલ પણ સર્વ વિદ્યાલયમાં દાખલ થયેલો. ધીરે ધીરે મારે પણ આશ્રમમાં પરસ્પર ઓળખાણ થઈ. અમે બંને મિત્રો બન્યા અને દરરોજ સાંજે ખાધા પછી સાથે ફરવા જઈએ અને એક જગ્યાએ બેસીને ઘરને યાદ કરીને થોડુંક રડી પણ લેતા. જન્માષ્ટમીની રજાઓ પછી આદરજનો એક વિદ્યાર્થી શ્રી પ્રવીણભાઈ આર. પટેલ જે ધો. ૧૧ માં અભ્યાસ કરતો હતો તેની સાથે શેર પેંડા ખાવા માટે રૂા. ૧૦) અંકે રૂપિયા દશની શરત લાગેલી. આ શરત શબ્દોની હતી પરંતુ હું સમજી શક્યો નહિ. હું શેર પેંડા તો કંદોઈની દુકાનમાં બેસીને (ટાવર પાસે છે ત્યાં) ખાઈ ગયો છતાં હું શરત હારી ગયેલો અને મારે દસ રૂપિયા આપવા પડેલા.

આમ તો હું વ્યાયામનો શોખીન હતો અને ખેલકૂદ તથા સાંઘિક રમતોમાં ભાગ લેતો હતો. પરંતુ સર્વ વિદ્યાલયમાં

દાખલ થયા પછી મને અતડું લાગવાથી મેં તે વર્ષે તો રમતોમાં બીલકુલ ભાગ લીધેલો નહિ. તે વર્ષે હિન્દી તથા સંસ્કૃતની પરીક્ષાઓ આપેલી. સંસ્કૃતની બહારની પરીક્ષાઓ આપવાને કારણે પૂજ્ય સી. સી. ઠાકર સાહેબનો હું પ્રિય વિદ્યાર્થી બનેલો. S. S. C. પાસ કર્યા પછી પણ હું સંસ્કૃત વિશારદની પરીક્ષા આપવા કડી સર્વ વિદ્યાલયમાં જ આવેલો. આમ પૂજ્ય ઠાકર સાહેબ તથા માનનીય શ્રી મં. પું. પટેલ સાહેબ બંનેના સહકારથી અનુક્રમે સંસ્કૃત વિશારદ તથા રા. ભા. કોવિદ પરીક્ષા પાસ કરી શકયો હતો.

ધો. ૧૧ માં આવ્યા પછી ખરેખર તો રમતો કરતાં અભ્યાસને વિશેષ મહત્વ આપવું જોઇએ પરંતુ તેનાથી વિરૂદ્ધ બન્યું છે. ધો. ૧૧ માં આવ્યા પછી મેં અભ્યાસ કરતાં રમતોને વધારે મહત્વ આપેલું. તે વર્ષે જીલ્લા વ્યાયામ સંમેલન બેચરાજી મુકામે યોજાયેલું. ત્યાં સિનિયર વિભાગ ખોખો અને ટપ્પાદોડ એમ બંને ટુકડીઓ સર્વ વિદ્યાલય કડીની વિજેતા બનેલી. હું તે બંને ટુકડીઓમાં હતો. આથી મને તૃતીય રાજ્ય ક્રિડામહોત્સવમાં મુંબાઈ જવાની તક પણ મળેલી. આમ તે વર્ષે તાલુકા, જીલ્લા અને રાજ્ય ક્રીડામહોત્સવમાં જવાનું થવાથી હું અભ્યાસ તરફ બેદરકાર જ રહેલો. દરરોજ સાંજના ખોખોની પ્રેકટીસ કરીએ એટલે ભૂખ અને થાક બંને લાગતાં. તેનો બદલો હું ભાખરી અને દૂધ પાસેથી લેતો. માંદગીના કારણે હું પ્રીલી. પરીક્ષા આપી શકયો નહોતો. છતાં ખોખોના ખેલાડી તરીકે મને S. S. C. પરીક્ષાનું ફોર્મ આપવામાં આવેલું. આથી હું એમ કહી શકું કે અહીં ખેલાડીઓ માટે વિશેષ માન હતુ. તે વખતે તો જીલ્લામાં જ નહિ, રાજ્યમાં પણ કડીની ખોખોની ટુકડી પ્રખ્યાત હતી. તે વખતે તો મહેસાણા જીલ્લામાં ખોખો એટલે કડીની જ એમ સૌ માનતા હતા.

ખોખોના ખેલાડી તરીકે મેં નામના મેળવી. પરંતુ એસ. એસ. સી. નું પરિણામ મારા માટે નિરાશાજનક હતું. હું માર્ચ '૫૭ માં નાપાસ થયેલો. પરંતુ મને તેનો જરા પણ વસવસો નહોતો, કારણ કે તે વર્ષ દરમ્યાન વ્યાયામ દ્વારા હું ખેલદીલી, નિખાલસતા, વફાદારી, ચપળતા વગેરે ગુણો સંપાદન કરી શકેલો. એટલું જ નહિ પરંતુ તેનાથી તો મને ભવિષ્ય માટેની પ્રેરણા મળી ચૂકેલી. ઓકટો. '૫૭ માં એસ. એસ. સી. પરીક્ષા પાસ કરીને સી. પી. એડ્‌નો કોર્સ કરવા માટેની મને પ્રેરણા મળેલી. ધો. ૧૦ માં બીજગણિત અને ભૂમિતિ જેવા રસિક વિષયો શીખવા માટે તે વખતના શ્રી એચ. જી. દેસાઇ સાહેબનો લાભ અમને મળી શકેલો. ઘંટ પડે અને તેમનો શીખવવાનો મુદ્દો પૂરો થાય જ એ તેમની વિશિષ્ટતા હતી. વળી સંસ્કૃત જેવો નિરસ વિષય પણ અમને પૂજ્ય ઠાકર સાહેબ આનંદથી અને હાસ્ય સાથે ભણાવી શકતા હતા. મારા જીવનનું એ સદ્‌ભાગ્ય ગણાવવું જોઇએ કે ધો. ૧૧ માં અમને પૂજ્ય મોહનભાઇ જેવા વર્ગ શિક્ષક મળ્યા હતા. વળી તેઓ જ તે વખતે બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે પણ હતા. આથી મહેમાનોને જમાડવા માટે પાસ ઉપર સહી કરાવવા અમો જતા ત્યારે હાસ્ય ઉપજાવતા અને કેટલીકવાર મજાક પણ કરતા. ધોરણ-૧૦ ની વાર્ષિક પરીક્ષાની તૈયારી ચાલતી હતી. તે સમયે એપ્રીલની પહેલી તારીખે કોઇ મિત્રે મને 'એપ્રિલ ફુલ' બનાવવા પ્રયત્ન કરેલો અને તેમાં તે મિત્રને સફળતા પણ મળેલી. તે માટે બનાવટી પોષ્ટકાર્ડ મારા સરનામે લખેલું અને છત્રાલ તાત્કાલિક જવા માટે જણાવેલું. તે વાંચીને હું બેબાકળો બની ગયેલો અને તાત્કાલિક ઘરે આવેલો; પરંતુ ઘરે આવ્યો તો પત્રમાંનું કંઇ જ બનવા પામેલ નહિ! ખરેખર હું 'એપ્રિલ ફુલ' બન્યો હતો. કડી પાછો ગયો અને તે પત્ર તે વખતના ગૃહપતિ પૂજ્ય મોહનભાઇ સાહેબને બતાવ્યો. તેઓએ સિક્કો તથા સરનામું વગેરે બરાબર જોયા પછી મને કહ્યું કે આ તો એપ્રિલ ફુલ બનાવવાની યુક્તિ જ છે.

હવે છેલ્લે છેલ્લે એક પ્રસંગ... એસ. એસ. સી. ના વર્ષમાં વિદ્યાર્થીઓ સામાન્ય રીતે વધારે વાંચવા પ્રયત્ન કરતા હોય છે. સામાન્ય રીતે આશ્રમમાં રાત્રે લાઇટો બંધ કરવાનો સમય ધોરણ ૫ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે ૧૦ વાગ્યાનો અને ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ માટે ૧૧ વાગ્યાનો તે વખતે હતો. ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓની રૂમોમાં લાઇટો સમયસર બંધ થયા પછી અડધા કલાકે કેટલીક રૂમોમાં લાઇટો ચાલુ થતી અને આખી રાત ચાલતી. આમ કેટલોક સમય ચાલ્યું. પરંતુ એક વખત પ્રાર્થનામાં તે વખતના ગૃહપતિ પૂજ્ય મોહનભાઈ સાહેબે મજાક કરી કે એસ. એસ સી. ની પરીક્ષા આપવા માટે આટલું વિશાળ વાંચન કરો છો તો પછી બી. એ. ની પરીક્ષા માટે કેટલું વાંચન કરશો! ખરેખર આ બાબત વિચારવા જેવી ખરી. અને આથી જ આ પ્રસંગ મને ઘણી વખતે યાદ આવ્યા કરે છે.

હવે આશ્રમના રસોડાને તો કેમ વિસરાય? મોટા મહારાજ, ગિજુભાઈ મહારાજ વગેરે તો ઊંઘમાં પણ યાદ આવ્યા કરે છે. મોટા મહારાજનો પ્રેમાળ અને સહનશીલ સ્વભાવ ખરેખર અવર્ણનીય કહી શકાય. હાલ પણ વામજ જાઉં છું તો મોટા મહારાજને મળવા અવશ્ય જાઉં છું. કોઇક દિવસ સંજોગવશાત્ રસોડામાં રોટલી કે બીજું ખલાસ થઇ ગયું હોય તો મોટા મહારાજની આંખમાંથી આંસુ વહેતાં. આ વિદ્યાર્થીઓ પ્રત્યેની મમતા બતાવે છે. પછી આવા પ્રસંગો જીવન-પર્યંત વિસરાય ખરા?

પૂજ્ય નાથાભાઇ દેસાઇ સાહેબ આચાર્ય તરીકે ઘણો વખત આ સંસ્થામાં રહી આ સંસ્થાના વિદ્યાર્થીઓના મન

ઉપર સારા સંસ્કારો પાડવામાં મહત્વનો ફાળો આપેલ છે. તેમના રસ્તે ચાલી આજના આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ અને શ્રી ચતુરભાઈ સાહેબ તથા અન્ય ગુરુજનો આ જ સંસ્થાને સેવા આપી રહ્યા છે તે પ્રશંનીય છે. તેમની સેવાના પરિપાક રૂપે સર્વ વિદ્યાલયની પવિત્ર ભૂમિ વિવિધ પ્રકારનું વિદ્યાધામ બની ચૂકી છે.

અંતમાં, નાનપણમાં આવી માતૃસંસ્થામાં રહી મારા જીવનનું ઘડતર કરી સુવાસ અને સંસ્કારો આ જ સંસ્થામાં રહી મેળવ્યા. નાનપણના મારા આ સંસ્થાના જ્ઞાન-દીપક દ્વારા હું મારું હાલનું જીવન સારી રીતે પસાર કરી રહ્યો છું. આ બધું આ માતૃમયી સંસ્થામાંના મારા ઉચ્ચ જીવનને આભારી છે. તે વિસરી શકાય તેમ નથી. સર્વ–વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમ–કડીએ મારા જેવા ઘણા વિદ્યાર્થીઓનાં જીવનઘડતર કર્યાં છે; જે કોઈનાથી વિસરાય તેમ નથી.

આવી માતૃસંસ્થાનો વિદ્યાર્થી હું ફરીવાર બની ચૂક્યો છું. અને ૧૯૬૧–૬૨ ની સાલમાં S. T. C. ના પાઠો આપવાની વ્યવસ્થા પૂજ્ય મોહનભાઈ સાહેબે મને એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે કરી આપેલી. આમ પ્રશિક્ષણની તાલીમ પણ મેં આજ સંસ્થામાં પૂજ્ય ઠાકર સાહેબના માર્ગદર્શન નીચે લીધેલી. આવી માતૃસંસ્થાના વિદ્યાર્થી હોવાનું સદાય ગૌરવ અનુભવતો હું છું. ...

[ પેજ ૩ ઉપરનું ચાલુ ]

નાણાંની ખોટ પડે છે ! ચકોર અને મેધાવી એવા સાંકળચંદ-ભાઈ સંસ્થાઓ માટે નાણાં એકઠાં કરનાર એક જાદૂગર છે. એમના જેવો સંસ્થા માટે નાણાં બનાવનાર કીમીયાગર મેં જોયો નથી. આપણી સંસ્થા માટે એકાદ બે કોન્ટ્રેક્ટ લાવી-આપી પાર પાડીને પૈસાનો ધોધ વહેવરાવાની એમની કુનેહ આપણે માટે જ્યાં ત્યાં "પૈસા નથી. પૈસા નથી" એવી બૂમો પડવાનો કોઇ અર્થ નથી. હા અગાઉ મેં કહ્યું તેમ આપણું આયોજન Considerate એટલે કે ગણતરીવાળું હોવું જોઈએ. માત્ર વિસ્તરણ કે વિસ્તાર માટે કશું કરાવું નહિ જોઈએ. આપણી આર્થિક મર્યાદાઓ ને શક્તિઓ તથા આજુબાજુના ટપ્પાની જરૂરિયાતોનો પૂરો ખ્યાલ કરી જે તે કદમ ઊઠાવવાં જોઇએ કે જેથી "ડગલું ભર્યું કે ના હટવું" જેવું થાય અને ધાર્યાં પરિણામ આપણે હલ કરી શકીએ. બાકી વગર પૈસે મુંઝાવા જેવું નથી આપણે બધા સંસ્થાની પડખે હતા છીએ ને રહીશું. એ જ આપ સૌનો આભાર. જયહિંદ !

# દ્વિદલ

## રસ્તાનો જવાબ

આકાશમાંથી આગ વરસતી હતી. પવનનું નામ–નિશાન ન હતું. ક્યાંય ચકલુંયે ફરકતું ન હતું. આખુંયે વાતાવરણ સ્તબ્ધ હતું.

તે વેળાએ એક મુસાફર વેરાન પ્રદેશમાંથી પસાર થતા માર્ગ ઉપર થઈને જઈ રહ્યો હતો. તે મનમાં ને મનમાં કડવાં વેણ બોલી રહ્યો હતો.

'અરેરે કેટલો બધો લાંબો રસ્તો છે ! ચાલી ચાલીને પગ અવળા ફરી ગયા અને કપડાં પરસેવાથી લથપથ થઈ ગયાં; તો પણ હજુ પાર આવતો નથી. ગરમીમાં માથું યે ફાટી જાય છે અને આંખે અંધારાં આવી જાય છે તો ય કેમે ય કર્યો પૂરો થતો નથી.'

વટેમાર્ગુના પગલાં ઉપરથી જ તેના મનનો પરખંદો માર્ગ જવાબ આપ્યા વિના ન રહી શક્યો. તેણે કહ્યું 'ભાઈ, શા માટે કડવાં વેણ મને કહે છે ! હું તો ઊલટો ક્ષણે ક્ષણે તને ઘર તરફ લઈ જાઉં છું, બાકી તારામાં ધીરજ અને સહિષ્ણુતા ઓછાં હોય એમાં મારો શો વાંક ?

## વડીલને પ્રત્યુતર

લીમડાની છાયામાં થાકેલા મુસાફરોએ અપાર શાંતિ અનુભવી. તેમણે લીમડાને ખૂબ વખાણ્યો ત્યારે અત્યંત ફુલાઈ ગયેલા લીમડાએ, મુસાફરો ગયા બાદ બાજુના થુવેરને કહ્યું, 'જોયું હું કેટલો ઉપયોગી છું તે ! ભરબપોરે મેં કેટલી શાંતિ આપી ! છે તારો કોઈ ઉપયોગ ? સૌ તારાથી તો દૂર દૂર નાસે છે !

થુવેરે ધીરે રહીને કહ્યું, 'વડીલ, તમારી વાત સાચી છે પણ ખફા ન થાવ તો એક વાત કહું.'

'શું કહેવાનું વળી તારે ?' કટાણું મોં કરી લીમડાએ પૂછ્યું 'એવું છે ને વડીલ, કે હું કાંટાળો છું એ વાત સાચી કોઈને ય છાયા આપી શકતો નથી એ વાત સાચી છતાં ખેતરોનું રક્ષણ લીમડાની વાડથી નથી થઈ શકતું એ વાત પણ એટલી જ સાચી છે ને ? હેં ભાઈ સાબ, ગુસ્સો ના કરશો પણ.........

: संस्कृतम् :

# યુનિવર્સિટીનું કાર્ય

હું વારંવાર ભારપૂર્વક કહેતો આવ્યો છું કે યુનિવર્સિટીઓનાં ત્રણ પ્રધાન કર્તવ્યો છે: બુદ્ધિ, હૃદય અને સમૂહભાવનાનો વિકાસ કરવો. પહેલું કર્તવ્ય જ્ઞાન આપવાનું ને એ દ્વારા બુદ્ધિવિકાસ સાધવાનું; બીજું, જીવનનાં મૂલ્યો સમજવાનું ને તેને જીવનમાં ઉતારવાનું અને ત્રીજું કર્તવ્ય સમૂહશક્તિ પ્રાપ્ત કરી વિશાળ માનવજીવનના એક અંગરૂપ બની રહેવાનું. આપણાં વિદ્યાધામોમાં પહેલી વસ્તુ ઉપર ધ્યાન અપાય છે, બીજીની અવગણના થાય છે ને ત્રીજી વસ્તુ વિષે કોઈને કશી ખબર નથી. ત્રીજી વસ્તુ મારે મન સૌથી મહત્ત્વની છે. આપણાં વિદ્યાધામો સમૂહજીવન, સમૂહશક્તિ અને સમૂહભાવનાથી ધબકતાં આશ્રમો બની જવાં જોઈએ.

જ્યાં શ્રદ્ધા અને દૃષ્ટિસંપન્ન માનવીઓ પોતાને સમજાએલાં સત્યોને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરે;

જ્યાં વિચાર, વાણી અને વર્તનથી સ્નેહસમભાવપૂર્વક વિદ્યાર્થીઓને નૈતિક શિસ્ત તરફ વાળી તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવામાં આવે;

જ્યાં સ્વાર્થનું વિસર્જન કરી સર્વ કલ્યાણની ભાવના પ્રગટ કરવામાં આવે ને તેની સિદ્ધિ માટેનાં રચનાત્મક કાર્યો કરવામાં આવે અને

જ્યાં એ કાર્યો દ્વારા જીવનપરિવર્તનની શક્તિ પ્રગટે ને ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક અભ્યુદયને માર્ગે સર્વને પ્રેરવામાં આવે.

આ માટે આપણાં વિદ્યાધામોમાં શક્તિનું રૂપાંતર કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. એ વિના આપણું સમાજશાસ્ત્રનું જ્ઞાન ને સામાજિક કાર્યો જીવ વગરનાં ને નિરર્થક છે.

આ શક્તિ પ્રાપ્ત કરવાની ચાવી જીવનમૂલ્યોની સ્થાપના છે. એથી ઇષ્ટઅનિષ્ટનો વિવેક પ્રગટશે, સાચું ને ખોટું પારખવાની શક્તિ વિકસશે, ને સત્યના સ્વીકાર અને અસત્યના ત્યાગની સૂઝ આવશે. પરિણામે શક્તિનું ઉપયોગી અને યોગ્ય શક્તિમાં રૂપાંતર થશે ને આધ્યાત્મિક બળ મળતાં રચનાત્મક પ્રવૃત્તિ તરફ વિદ્યાર્થી આપોઆપ વળશે.

જીવનમૂલ્યોની સર્વોપરિતાની ભાવના ભાષણો સાંભળીને, પુસ્તકો વાંચીને, માહિતી ભેગી કરીને કે તર્ક અને દલીલબાજી ભરેલા વાદવિવાદોથી નથી આવવાની. બુદ્ધિનો ઉજ્જડ માર્ગ રચનાત્મક સિદ્ધિ તરફ નથી લઈ જતો. વ્યક્તિસ્વાતંત્ર્ય અને માનવગૌરવનો સ્વીકાર કરીશું તો જીવનમૂલ્યો માટેની શ્રદ્ધા પ્રગટાવી શકીશું. માનવીને એની પ્રકૃતિ, આશાઆકાંખના ને શ્રદ્ધા વિચાર પ્રમાણે વર્તવાની પૂરેપૂરી અનુકૂળતા મળવી જોઈએ. એમાં માતૃભૂમિ માટેનો પ્રેમ અને પ્રભુને માર્ગે અભિસરણ કરવાનું ઉમેરવું જોઈએ. ઋતના નિયમોના પાલન વિના તો રચનાત્મક માર્ગે જવાનું શક્ય જ નથી. લઈને નહિ, આપી રાજી થા, મિત્રતાનો પાયો પ્રેમ છે, સત્યનો સદા જય છે, સન્માર્ગે જ ઉન્નતિ થવાની છે, બળ સંયમ છે, ક્ષમા વીરનું ભૂષણ છે, પ્રામાણિક માર્ગે જ ધન મેળવવું, ત્યાગ કરીને ભોગવવું વગેરે જીવનસૂત્રોને સાકાર કરવાની ઉત્કટ ઝંખના જીવનને અર્થપૂર્ણ બનાવશે. દરેક કાર્યને જીવનકર્તવ્યની કક્ષાએ મૂકવું જોઈશે.

આશ્રમ કેળવણીના દિવસોમાં આધ્યાત્મિક વિકાસ પરત્વે સમગ્ર ધ્યાન આપવામાં આવ્યું ને ભૌતિક સુખ, સમૃદ્ધિ અને વિકાસની અવગણના કરવામાં આવી. ભારપૂર્વક કહેવામાં આવતું 'રોટલા વિના માણસ જીવી શકે, રામ વિના નહિ.'

પછી ભૌતિક વિજ્ઞાન અને સમાજશાસ્ત્રોના વર્ચસ્વનો સમય આવ્યો ત્યારે તેમને અંતિમ ગણી લેવામાં નહિ આવ્યાં પરંતુ સંકોચપૂર્વક આધ્યાત્મિક વિકાસને લક્ષમાં રાખવામાં આવ્યો. ત્યારે કહેવાયું : 'એકલા રોટલાથી ચાલશે નહિ.'

હવે આજે મૂલ્યોની ઊલટસૂલટ થઈ ગઈ છે. આપણું સૂત્ર છે : 'રામ વિના ચાલશે. રામ જ નથી.' માનવીને નાસ્તિક અને બિનમજહબી કરવાનું કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. કોઈ પણ વસ્તુ ઉપર શ્રદ્ધા નહિ રાખવાની શ્રદ્ધા માણસમાં ઠાંસવામાં આવી રહી છે. 'ધર્મ વિના માણસે જીવવું જોઈએ,' એવી નવશ્રદ્ધાનો સંચાર થઈ રહ્યો છે!

પરંતુ એક પરિવર્તન આવી રહેલું મને દેખાય છે. આ ક્રાન્તિના શ્રી અરવિંદ પયગંબર છે અને ગાંધીજી વિશ્વકર્મા છે. આપણા યુગના મહાન ઇતિહાસકાર ટોયન્બીએ આ પરિવર્તન વિષે ભવિષ્યવાણી ઉચ્ચારી છે. શાણપણના પુનરાગમનને વધાવતાં એ કહે છે : રોટલા વિના ધર્મ નિષ્ક્રિય છે ને ધર્મ વિના રોટલા નિર્જીવ છે. ધર્મથી જ માનવી રોટલા નિરાંતે ખાય છે ને ખાધા પછી તેની ધર્મભાવના ઉન્નત બને છે. બન્ને જીવન છે.'

આ વિચારણાના પ્રકાશમાં આપણી યુનિવર્સિટીઓએ એમની વિદ્યાપ્રવૃત્તિની પુનઃરચના કરવી જોઈએ. સામૂહિક સ્તર પર વિદ્યાર્થીઓનું નવઘડતર કરતી વખતે નીચેની વસ્તુઓ આપણે ધ્યાનમાં રાખીએ.

(૧) વિદ્યાર્થીઓના માનસિક જુસ્સાને અને શારીરિક તાકાતને વિકસાવવી જેથી અવિશ્રાંત શ્રમ ઉઠાવવા છતાં જીવન જીવવાનો ઉત્સાહ ટકી રહે

(૨) એમનામાં સર્વનો આદર કરવાની ભાવના વિકસવી જોઈએ. સ્વાર્થથી પર રહેલાં જીવનમૂલ્યો તેમના જીવનમાં વણાઈ જવાં જોઈએ.

(૩) પ્રામાણિકતાપૂર્વક કામ કરી આર્થિક પાયો મજબૂત કરી જીવનજરૂરિયાત મેળવી લેવાની યોગ્યતા તેમને મળી રહે.

(૪) એમના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ કરવો. સત્ય ને ન્યાયને માટે મરી ફીટવા તેઓ તૈયાર રહે અને એમની સઘળી શક્તિનો એઓ લોકસંગ્રહ માટે ઉપયોગ કરે ને પોતાના આત્માની ઉન્નતિ સાધે.

સમર્પણ : એપ્રીલ '૭૦ — કનૈયાલાલ મુનશી

For

QUALITY, FASHION and RELIABILITY

insist on fabrics. manufactured by

**The Bharat Vijay Mills Ltd, Kalol (N. G.)**

Manufacturers of:

Terrycotton Shirtings and Suitings Two x Two Mercerised Eva Shrunk Dyed, Bleached and Printed Tussore Coatings, Wash-n-Wear Coatings, Mercerised Deep shade poplin, Marcerised Eva Shrunk Drop Box Shirtings and Patto, Resist & Screen Print Poplins, Cambric, Lawn, Two x Two superfine Poplins etc. etc.

## સાયન્સ કૉલેજ – કડીનું

### ત્રીજા વર્ષ બી. એસસી. નું ૧૦૦ ટકા પરિણામ
### બીજા વર્ષ બી. એસસી. નું ૯૫.૪૫ ટકા પરિણામ

ટી. વાય. બી. એસસી. માં ૩૭ વિદ્યાર્થીઓ બેઠા હતા તે બધા જ પાસ થયા છે. પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ૧૨ પ્રથમ વર્ગમાં અને ૧૮ બીજા વર્ગમાં આવ્યા છે.

એસ. વાય. બી. એસસી. માં ૪૫ બેઠા હતા તેમાંથી ૪૨ પાસ થયા છે તેમાં ૧૪ પ્રથમ વર્ગમાં અને ૨૩ બીજા વર્ગમા પાસ થયા છે.

## સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ – કડીનું

### એસ. એસ. સી. નુ ૭૦.૪ ટકા પરિણામ

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કડીમાંથી ૧૨૮ બેઠા હતા તેમાંથી ૯૦ પાસ થયા છે. પરિણામ ૭૦.૪ ટકા આવ્યું છે.

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.
### દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૧૨૭૩૮૪) અંક ૩૪ નો સરવાળો
૧૦૦૧) પટેલ મનોરદાસ વીરચંદદાસ સેલાવીવાળા
હા. ગોપાળભાઈ મનોરદાસ પટેલ
ભમરીયાવાળા પાસે મહેસાણા

૧૨૮૩૮૫

## સુવર્ણ જયંતી ફાળામાં વસુલ આવેલી રકમો.

૩૦૧) શ્રી શંકરભાઈ રણછોડદાસ પટેલ
મોરવાવાળા–ભાઉપુરા, કડી

૨૫૧) શ્રી રામુભાઈ શંકરલાલ પટેલ
૯૦૫ પીંપળાપોળ, સરસપુર, અમદાવાદ–૧૮

૨૫૦) શ્રી હીરાલાલ મોહનલાલ પટેલ
મું. માસરરોડ તા. પાદરા

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી– તંત્રી– પ્રકાશક– મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૪–૬–૭૦

1125

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૧-૬-૭૦ [ અંક ૩૭

## પરદેશ જતા વિદ્યાર્થીઓને

**શ્રી ઉમાશંકર જોષી**

પરદેશ ભણવા જનારાઓને મારી મુખ્ય વિનંતી તો એ રહી છે કે તમે જાઓ છો તો ખરા, પણ બરાબર લૂંટની તૈયારીથી જાઓ છો ને? સાથે ધર ફોડવા માટે, કોશ, પાવડો, લૂંટનો માલ ભરી લાવવાનો કોથળો, બધું તૈયાર છે ને! આપણે હિંદવાસીઓ કાંઈ એવા તવંગર નથી કે પૈસાની કોથળીઓ લઈને જઈએ અને ત્યાં ઠાલવીને પાછા આવીએ. આપણે તો વિદ્યા લૂંટવા જઈએ છીએ. નવી વિદ્યા, જે સહેજે અહીં નથી મળતી તેવી વિદ્યા, લૂંટવા જઈએ છીએ. એ વિદ્યા બરાબર ઝડપવા માટેની સજ્જતા સાથે આપણે જવાનું છે. ત્યાંની ભાષાની જાણકારી તો હોય જ પણ ખરી સજ્જતા માનસિક છે. મનોબળ એવું જોઈએ કે થોડા સમયમાં ઉત્તમમાં ઉત્તમ રીતે વિદ્યા હસ્તગત થાય.

આપણા વિદ્યાર્થીઓ બીજા દેશના જીવનમાં ગોઠવાઈ જવામાં બહુ મુશ્કેલી અનુભવતા જોવા મળતા નથી. નાનાંમોટા શારીરિક કામો પણ તેઓ સહેજે કરે છે અને ભારે માનસિક જહેમત પણ ઉઠાવે છે. અહીં પાછા આવે છે ને કોણ જાણે એ ટેવો ક્યાં અલોપ થઈ જાય છે?

પણ છેલ્લાં થોડાં વરસોથી એ જોવા મળે છે કે પાછા આવવાનું પણ તેમને જાણે ખાસ આકર્ષણ રહેતું નથી અને ૧૯૫૬માં હું પશ્ચિમમાં ગયેલો ત્યારે તો છેક એવું ન હતું. તેમ છતાં અમેરિકાની યુનિવર્સિટીઓમાં જુવાન મિત્રોને હું કહેતો કે ભાઈ, અહીં તમને સહેજે જેટલા ડોલર મળે તેટલા રૂપિયા પણ આપણો દેશ ભાગ્યે જ આપી શકે છતાં એનાથી દૂર ભાગવું પડે એવો એને હંમેશ માટે રહેવા ન દેવો હોય, તો તેટલા માટે પણ ત્યાં જ તમારે કામગીરી ઉપાડવી રહે છે.

જેને ધર નથી તે બીજે બધેથી કશું પામવાનો નથી. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈમાં એક બાબતમાં સામ્ય જોવા મળે છે એ અહીં નોંધવા જેવું છે. બંને જણાએ બેરિસ્ટર થવાનું પરિણામ બહાર પડયું કે તરત બીજે જ દિવસે ઘેર આવવા આગબોટ પકડી હતી.

ગમે તેટલે દૂર જજો, પણ એટલું જોજો કે તમારૂં કાળજું હિંદની ડાળે હોય! [ 'અભ્યાસ' માસિકમાંથી ]

## સંસ્થા સમાચાર

### ૮૪.૪ ટકા પરિણામ

**આઇ. એમ. જે. સર્વ વિદ્યાલય-બલોલનું**

માર્ચ ૧૯૭૦ એસ. એસ. સી. પરીક્ષાનું પરિણામ ૮૪.૪ આવ્યું છે. રોલ ઉપર ૫૮ વિદ્યાર્થીઓ હતા. બધા જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાંથી ૪૯ પાસ થયા છે. પરિણામ ૮૪.૪ ટકા આવ્યું છે.

### ૧૦૦ ટકા પરિણામ

જુનિયર ટેકનીકલ સ્કૂલના છેલ્લા વર્ષની ટેકનીકલ એકઝામીનેશન બોર્ડ તરફથી લેવાયેલી પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ૧૮ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાં બધા પાસ છે. પ્રથમ વર્ગમાં ૭ વિદ્યાર્થીઓ આવ્યા છે. બાકીના ૧૧ બીજા વર્ગમાં પાસ થાય છે.

-:o:-

સાયન્સ કૉલેજ, કડીના પ્રિન્સિપાલ તરીકે શ્રી એન. જે. પટેલની નિમણૂક કરવામાં આવી છે.

# "સત્યવીર બાપુ"

રણજિત પટેલ (અનામી)

"ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારૂ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો." સત્ય એ જ પરમેશ્વર. એ પરમેશ્વરના સોક્રેટિસ, ક્રાઇસ્ટ વગેરે સૈનિકો હતા. પ્રહ્‌લાદ, મીરાં અને બાપુ! તમે પણ એ જ મહામાર્ગે પ્રસ્થાન કર્યું

"તમારે સત્યને ખાતર કોક દહાડો ફાંસીએ ચડવું પડે તો મને આશ્ચર્ય નહીં થાય ઇશ્વર તમને સીધે જ રસ્તે દોરો ને તમારી રક્ષા કરો." બાપુ! અસહકારના પ્રસંગે મરહૂમ મિસ હોબહાઉસે આપને લખેલા બોલ યાદ છે? પણ તારો જમીન પર ન મરે, સલિલ જ એની કબર બને. સત્યના શ્રેયસ–અંગે તમે સોડ તાણી.

"મને લાગે છે કે આપણે સ્વરાજનું નામ લીધું છે પણ તેનું સ્વરૂપ સમજ્યા નથી. તે જેવું હું સમજ્યો છું તેવું સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે. **તેવું સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે, એમ મન સાક્ષી પૂરે છે.**" આજથી ૬૧ વર્ષ પહેલાં સ્વ-રાજ, આત્માના સ્વાતંત્ર્યને કાજે, સત્યને કાજે દેહ અર્પણ કર્યો જ હતો. ચાલીસ વર્ષે એનો અમલ થયો! તમારા જેવા સાચા સ્થિતપ્રજ્ઞને એનો હર્ષ–શોક ન હોય. તમારો આત્મા તો ગાતો હશે:–

"અબ હમ અમર ભયે ન મરેંગે"

"આ માર્ગ જો કે ખાંડાની ધારે ચાલવા જેવો છે, છતાં મને તે સહેલામાં સહેલો લાગ્યો છે." પાણી–અન્ન અને હવા વિના ચલાવી શકનાર પણ રામનામ વિના ક્ષણભર પણ ન જીવી શકનાર એવા તમે બાપુ! તમને સત્યનો માર્ગ સરળ જ હોય.

"સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે." ભૌતિકશાસ્ત્રના વિજ્ઞાનીઓની જેમ તમે આત્માના વિજ્ઞાની હતા. પેલવઃ! પેલવઃ! પેલવઃ! અર્વાચીન કણાદોએ એટમ–બોમ્બ સરજ્યો. અણુ–બોમ્બથી યે અદકી તમે આત્માની શક્તિ સિદ્ધ કરી અને છતાં યે:–

"અણુથી યે પીલાવાની
છે હૈયામાં વિનમ્રતા."

"ધર્મને રાજ્યપ્રકરણની સાથે સંબંધ નથી, એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેતાં મને સંકોચ નથી થતો, એમ કહેવામાં હું અવિનય નથી કરતો." બાપુ! તમારી તો પ્રત્યેક પ્રવૃત્તિ ધર્મ-બદ્ધ હતી એટલે ધાર્મિક હતી. મહાભારત પણ ધર્મદ્વારા અર્થ અને કામની સિદ્ધિની હિમાયત કરે છે. ધર્મ તો મહાપુરુષાર્થ છે પણ અમારા આજના પુરુષાર્થ બાપુ! બીજા જ છે! રાજકારણને અને ધર્મને આજે આભડછેટ છે. સીઝરનું સીઝરને, ભગવાનનું ભગવાનને– એ આજે નીતિ છે. તમારી તો બધી જ પ્રવૃત્તિઓ આત્મસાક્ષાત્કાર કાજે હતી, એટલે સાધન–સાધ્ય વિવેક જાગ્રતિ–પૂર્વક પાળી રાજકારણને પણ ધર્મ-રંગીલું કર્યું એટલે તમો કબીર સાથે લલકારી શકો બાપુ! કે:-

જહઁ જહઁ ડોલૌં સો પરિક્રમા,
જો કછુ કરૌં સો સેવા!
જબ સોવૌં તબ કારૌં દંડવત,
પૂજૌં ઔર ન દેવા. ॥

બહિર્‌મુખોની શોધમાં સાધન–સાધ્યનો વિવેક ભૂલેલા, અશુદ્ધિ અને હિંસાને વરેલા, વ્યષ્ટિ-સમષ્ટિના સંબંધને નહીં સમજનારા આધુનિક જગતને બાપુ! તમોએ કેવા પ્રકાશવંતા શબ્દમાં સનાતન સત્ય સંભળાવ્યું છે: 'આત્મશુદ્ધિ વિના જીવ માત્રની સાથે ઐક્ય ન જ સધાય આત્મશુદ્ધિ વિના અહિંસા ધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવન માર્ગનાં બધા ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યક્તા છે. એ શુદ્ધિ સાધ્ય છે, કેમ કે વ્યક્તિ અને સમષ્ટિની વચ્ચે એવો નિકટ સંબંધ છે કે એકની શુદ્ધિ અનેકની શુદ્ધિ બરાબર થઇ પડે છે. અને વ્યક્તિગત પ્રયત્ન કરવાની શકિત સત્યનારાયણે સહુને જન્મથી જ આપી છે."

હે સત્યવીર બાપુ! જીવનના છેલ્લા શ્વાસ સુધી તમારી આટલી બધી અતંદ્ર જાગ્રતિ હતી છતાં પ્રાતઃકાલની પ્રાર્થનામાં तद् ब्रह्म निष्कलम् अहं न च भूत-संघः । ગાતાં આપના હૃદયને ભારે વસવસો થતો હતો! અને 'મો સમ કૌન કુટિલ ખલ કામી' ગાઇને આત્માના કોઇ ગહનમાં અવગાહન કરતા હતા! "કેમ કે, જેને હું સંપૂર્ણ વિશ્વાસપૂર્વક મારા શ્વાસોચ્છ્‌વાસનો સ્વામી ગણું છું, જેને હું મારા નિમકનો દેનાર ગણું છું તેનાથી હજીયે હું દૂર છું, એ મને પ્રતિક્ષણ સાલે છે." હે સત્યવીર! બાપુ! અમને આવું કેમ નહીં થતું હોય!

---

સુવર્ણ જયંતી ફાળામાં
આપનો
ફાળો મોકલી આપશો.

# શિક્ષણ આદર્શ

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

આદર્શ-ધ્યેય વિનાનું જીવન એ સઢ વિનાના વહાણ જેવું છે. વહાણને સઢ ના હોય તો પવન ખેંચી જાય ત્યાં જાય અને મોજાંનો ભોગ બને અગર તો ખડગ જોડે અથડાઈ પડે.

એવું જ જીવનનું છે. ધ્યેય વિનાનું જીવન જીવનારની દશા સઢ વિનાના વહાણ જેવી થાય છે. દબાણ આવે ત્યાં ઢીલું પડે. વિચારવમળમાં અટવાયા કરે. જે તરફ વિચારનું મોજું આવે તે તરફ ઘસડાઈ જાય. આમ જીવન જીવનમાં કાંઈ પણ પ્રાપ્ત કર્યા સિવાય પૂરું થાય.

એવા માણસના જીવનનો કાંઈ અર્થ નથી. એના જીવનથી દેશને કે સમાજને લાભ થતો નથી

જાનવર ખાય છે પીએ છે. વંશવેલો મૂકતો જાય છે. આવા ધ્યેય વિનાના માણસો ખાય છે પીએ છે અને વંશવેલો મૂકતા જાય છે.

મનુષ્ય તરીકેનું જીવન આમ વેડફી નાખવા માટે નથી જ.

દેશ અને સમાજ પ્રત્યે ફરજ અદા કરવા માટે જીવન છે. એ ફરજ પ્રત્યેની સભાન રહી જીવન જીવવાની કળા શીખવવા માટે શિક્ષણ સંસ્થાઓ છે.

ગુજરાતમાં શિક્ષણ પ્રવૃત્તિ છેલ્લા દશ વર્ષમાં સારા પ્રમાણમાં વિકસી છે. સંખ્યાબંધ હાઈસ્કૂલો અને કોલેજો નિકળી છે. એના સંચાલન માટે તેમ જ ભવ્ય મકાનો માટે લોકોએ ઉત્સાહભેર ફાળો આપ્યો છે. સરકાર પણ એના પ્રકાશનો અને કથનોમાં વધેલી કોલેજો તેમ જ હાઈસ્કૂલો તથા પ્રાથમિક શાળાઓ અને તેમાં રોકાયેલ શિક્ષકોની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યાનું ગૌરવ લે છે. સંખ્યાની દૃષ્ટિએ શિક્ષણક્ષેત્રે ખૂબ પ્રગતિ થઈ છે પણ ગુણની દૃષ્ટિએ આપણે પ્રગતિ કરી છે!

આપણી શિક્ષણસંસ્થાઓ પાસે કોઈ આદર્શ છે! કોઈ પણ નાનો માણસ નાની સરખી દુકાન શરૂ કરે છે ત્યારે એમાં શું શું ચીજો રાખવી અને શું નફો કરવો તે વિચારે છે. નાનું કારખાનું શરૂ કરનાર કારખાનામાં શું માલ પેદા કરવો તે વિચારે છે. નાના માણસો પાસે પણ ધંધો શરૂ કરતી વખતે કાંઈક ધ્યેય હોય છે!

શાળા કે કોલેજ શરૂ કરવા અગ્રણીઓ ભેગા થાય છે. ફંડફાળા કરે છે પણ એમાંના કેટલાને વિચાર આવે છે કે કયા પ્રકારનું શિક્ષણ સમાજને અને દેશને ઉપયોગી નિવડશે? એમાં અભ્યાસ કરવા આવનાર વિદ્યાર્થીઓનું કેવું ઘડતર કરવા માગે છે? એમના સમક્ષ શું આદર્શ મૂકવા માગે છે?

ક્રીશ્ચીયન મીશનરીઓ આપણા દેશમાં હાઈસ્કૂલો, કોલેજો અને દવાખાના કાઢે છે. આમાં એમનો ધ્યેય બહાર દેખાતો નથી પણ તેમ છતાં તેઓ ધ્યેયલક્ષી કામ નથી કરતા એ કોણ કહેશે?

આપણે આપણી શાળા કોલેજોનું સંચાલન કરીએ છીએ તેની પાછળ આપણાં કોઈ ધ્યેય કે લક્ષ્ય હોય છે?

શિક્ષકોની પસંદગી વખતે એમના જીવન અને ધ્યેયને વિચારમાં લઈએ છીએ?

શાળા અને કોલેજ સંચાલન કેટલાકને મત એક ધંધો છે અને ધંધાની દૃષ્ટિથી–નફો કરવાની દૃષ્ટિથી સંચાલન થાય છે. આથી એવી ફરિયાદો સાંભળવા મળે છે કે પગાર મોંઘવારીના પગાર પત્રક ઉપર સહી લઈ ઓછી-ઘણી ઓછી રકમ અદા કરવામાં આવે છે. પગાર મોંઘવારી ચેકથી આપવાના નિયમનું પાલન કરવામાં આવે છે પણ ચેક આપતા અગાઉ ચોક્કસ રકમ રોકડી લઈ લેવામાં આવે છે અને ત્યાર પછી જ ચેક આપવામાં આવે છે. આવી ફરિયાદો શિક્ષણક્ષેત્રે સાંભળવા મળે ત્યાં શિક્ષણ ધ્યેયલક્ષી કેમ બને? એ શિક્ષણ કેવું ઘડતર કરે? વિદ્યાર્થીઓ સમક્ષ શું આદર્શ રજુ થાય?

શિક્ષણક્ષેત્ર ખૂબ પવિત્ર છે અને તેની પવિત્રતા સાચવવી જોઈએ. શિક્ષકનો વ્યવસાય પસંદ કરનારે તેમજ સંચાલકે ક્ષિક્ષણક્ષેત્રની પવિત્રતા અને મર્યાદા સમજી લેવી જોઈએ

દેશની ભાવી પ્રજા ઘડવાની જવાબદારી આપણી શાળાઓ અને કોલેજો ઉપર છે. એ મોટી જવાબદારી છે. એ જવાબદારી અદા કરવા સંચાલક મંડળો છે. એ જવાબદારી એમણે અદા કરવાની ફરજ છે. ધર્મ છે. એ ધર્મ અદા કરવા નફો કરવા માટે નહિ. આપણે શાળાઓ અને કોલેજો સ્થાપી છે અને સ્થાપીએ છીએ.

દેશમાં અંધાધુંધી શરૂ થઈ છે. શિસ્તનો અભાવ દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. શિસ્તનું શિક્ષણ આપણી શાળાઓ અને કોલેજો ભાવી પ્રજાને આપી શકે પણ શાળા અને કોલેજોનું વાતાવરણ આજે અનુકૂળ જણાતું નથી.

આ માટે ગમે તેનો દોષ હોય. દોષ શોધવાથી દોષ મટવાનો નથી. દોષ ઓછો થાય–નાબુદ થાય તેમ કરવાની જરૂર છે.

શાળા અને કોલેજોની સ્વાયત્તતા ઉપર કાપ પડવાના કારણે સંચાલક મંડળો કાંઈ કરી શકતાં નથી એમ કહેવામાં આવે છે.

યુનિવર્સીટી એકટ સુધારવા માટે સૂચનો કરવા એક કમીશન નીમવામાં આવ્યું છે આ કમીશન આ બધા પ્રશ્નો વિચારશે એવી આપણે આશા રાખીએ.

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# ૪૪ વર્ષ પહેલાંની સંસ્થાના ફંડ માટેની પ્રવૃત્તિ

[ આ સંસ્થાના શરૂઆતના દશકામાં કાર્યકરોએ નિભાવ ફંડ માટે ગામડે ગામડે ફરવું પડતું હતું. આ પ્રવૃત્તિએ સંસ્થાને બેવડો લાભ કરી આપ્યો છે. લોકસંપર્ક દ્વારા સંસ્થાના આદર્શો, ધ્યેય વગેરેને પ્રચાર થતો અને સાથે સાથે નિભાવ ફંડ પણ મળતું. આ સંસ્થાનાં મૂળ સમાજમાં ઊંડે ગયેલાં છે તે અને સંસ્થા અને સમાજ વચ્ચે આત્મીયતા પ્રગટી છે તે આ પ્રવૃત્તિનું ફળ છે. સને ૧૯૨૬ ના એવા બે પ્રવાસનું વર્ણન અહીં તે વખતના સંસ્થાના મુખપત્ર 'કેળવણી' ત્રૈમાસિકમાંથી ઉતારવામાં આવ્યું છે. એકના લેખક છે શ્રી પોપટલાલ મગનલાલ પટેલ તેઓ આ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કામ કરતા હતા. રૂપાલના વતની હતા અને શરૂઆતના કાર્યકરોમાંના એક હતા. બીજાના લેખક ખુદ છગનભા છે. આ લખાણો ઉપરથી તે સમયના સમાજની પરિસ્થિતિની ઝાંખી પણ થશે. —સં ]

## [૧]
## અમારો પ્રવાસ

ગયા વર્ષની હુતાસણીના દિવસે શ્રી છગનલાલ પીતાંબરદાસ તથા શ્રી પોપટલાલ ગુલાબદાસ અને હું સાતેક વિદ્યાર્થીઓ સાથે ગામડાની સફરે નીકળ્યા. અહીંથી સાંજના નીકળી રાત્રે પા. આત્મારામ માલદાસને ત્યાં છત્રાલ મુકામે રહ્યા. ત્યાં ઉઘરાણાનું કામ થયું નહિ. ત્યાંથી સવારે વડાઇ મુકામે ગયા. ત્યાંના ભાઇ ડુંગરદાસની તથા છત્રાલના વયોવૃદ્ધ ઝવેરદાસની મદદથી રૂા. ૧૧) અગીયાર થયા. બપોરે ઇસંડ ગયા. પા. કાળીદાસ ડુંગરદાસને ઘેર બપોરા કર્યા. જમ્યા, રૂા. ૧૦) દસેક ઉઘરાવ્યા. ત્યાંથી બપોરની ગાડીએ મેસાણા ગયા. ત્યાંના મંદીરમાં ગામનું રાવણું બેઠું હતું જેથી અમો પરબારા ત્યાં ગયા. શ્રી ગંગારામ મુખીએ તથા શ્રી જેઠાલાલ લાલદાસ તથા શ્રી રામદાસ તેમજ અમોએ અમારી હકીકત કહી સંભળાવી. દર વર્ષે ઘર દીઠ એક તોલુ દાણા કેળવણી મંડળને આપી મદદ કરવાનો ઠરાવ બધા ભાઇઓએ પાસ કર્યો. રાત્રે શ્રી મુખીને ત્યાં જમવા સુવાની વ્યવસ્થા હતી. સેવા મંડળના સેક્રેટરી ભાઇ કાળીદાસ સાથે શ્રી રામદાસને ઘેર ગયા. ત્યાં દૂધ પાન વીગેરે થયાં હતાં. સવારે ઉઠી ગાડી બેસી સિદ્ધપુર મુકામે આવ્યા. બાળકોને વીજળીનું કારખાનું, બ્રહ્મચર્યાશ્રમ, રુદ્રમાળ, સરસ્વતી નદી, માધુ પાવડી વગેરે બતાવ્યાં બપોરે નદીને કિનારે વિશ્રામ કરી સાંજના કોઢા ગામે ગયા. પા. મગનલાલ વક્તનદાસને ઘેર જમવા સુવાનું હતું. રાત્રે ગામના ભાઇઓ ભેગા થયા. પા. મગનલાલે રૂા. ૫૧) આપ્યા. બીજા પણ રૂા. ૨૪) થયા. બીજે દિવસે ગામ ભૂણાવ ગયા. ત્યાંના તલાટી પેટલાદના રહીશ પા. મગનલાલ વાઘજીભાઇને ઘેર જમ્યા. ચોરામાં મુકામ રાખ્યો. રાત્રે બધા ભેગા મળ્યા. ઉઘરાણું થયુ નહિ. ત્યાંથી ઉપેરા ગયા. ઉપેરા ગામે સંસ્થાને સારી મદદ કરેલી પણ ગામમાં કલેશને લઇ આ વખતે કંઇ થયું નહિ. ઉનાવાના પા. માધવલાલ જોઇતનદાસની દુકાને રાત રહ્યા હતા. દિવસે અમારા જમવાનો પ્રબંધ ન થવાથી અમારા વિદ્યાર્થીઓએ અક્ષય પાત્ર શોધી કાઢયુ કે જે હરેક સ્થળે કામ લાગે. અસલના વિદ્યાર્થીઓ ભિક્ષા માગી વિદ્યાભ્યાસ કરતા તથા પર્યટન કરી જ્ઞાન મેળવતા તે વસ્તુની અમને અહીં ઝાંખી થઇ. વિદ્યાર્થીઓ ઝોળી વાળી બહેનો પાસેથી રોટલા, મરચાં વગેરે માગી લાવ્યા. બે ત્રણ ડોલો છાસ ભરી લાવ્યા અને બહુજ આનંદથી પેટ ભરીને અનેક ઘરનો પ્રસાદ લઇ સંતોષ પામ્યા. આને અમે અક્ષયપાત્ર કેમ કહ્યું કે હવે બાળકો–મુસાફરી કરતાં કોઇ સમે ખાવાનું ખુટી જાય તો કોઇ ભાઇના ઘેરથી એને ભિક્ષા માગતાં શરમ આડી નથી આવતી. ઉપેરા ગામે રહ્યા તે દરમ્યાન અમારુ નાવણ ધોવણ ઘુધળીમલના મઠે હતું. જ્યાં અમને બહુજ આનંદ મળતો. ત્યાંથી અમો જાસકા, સરદારપુર વગેરે ગામોએ થઇ ઉમતા ગયા વિદ્યાર્થી પુરષોત્તમ અંબારામને ઘેર સાંજે વાળુ કરી શ્રી ગણેશલાલ જેશંગદાસને ઘેર મુકામ કર્યો. બીજે દિવસે રાત્રે ગામના ભાઇઓ ભેગા થયા હતા. શ્રી રંગુનવાસી ભાઈ હીરાલાલે રૂા. ૧૦૧) આપ્યા તથા બીજા પચીશેક રૂપિયા થયા આ ગામે પહેલાં સંસ્થાને બહુ મદદ કરેલી છે. શ્રી ગણેશલાલ તથા શ્રી પોટલાલના મામાને ઘેર અમારું જમવાનું રહ્યું હતું. શ્રી ગણેશલાલના પિતાશ્રી સ્વર્ગસ્થ પા. જેશંગદાસ રામદાસે શ્રી છગનલાલની સાથે રહી સંસ્થાના કાર્યમાં ઘણી મદદ કરી હતી. તેમની સંસ્થા પ્રત્યે અપૂર્વ ભાવના હતી. પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પો. હાલ પણ શ્રી ગણેશલાલે દિવાળીની બોણી તરીકે રંગુનથી રૂા. ૫૦૧) સંસ્થાને મોકલ્યા છે. ત્યાંથી અમો ગુંજા સ્ટેશને ગયા, પણ ગાડી ઉપડી જવાથી વિસનગર ગયા. શ્રી પ્રભુદાસ ભાવસંગદાસને ત્યાં ભોજન કરી રાત રહ્યા. સવારે તેમના ચિ. શિવલાલે અમને ઉઘરાણામાં સારી મદદ કરી. જુના તથા નવા મળી રૂા. ૧૫૦) થયા. બપોરે પટેલના ઘેર જતી ગાડીએ બેસી અમો પરત આવ્યા.

પોપટલાલ મગનલાલ પટેલ

# [૨]
# ગામડાની સફરે

અમો તા. ૧૦-૧૨-૨૬ ના રોજ ગામ વિડજના પા. ગંગારામ નથ્થુભાઇને મળ્યા. તેમણે પ્રેમપૂર્વક કાઠી મણ ત્રણસો આશરે ગામમાંથી ઉઘરાવીને આપી. અને પોતે પણ કેટલાંક ઝાડ આપ્યાં. વળી તેમણે પોતે ફરીને રૂા. ૫૦) આશરે ઉઘરાવી આપ્યા. અને તા. ૨૦-૧૨-૨૬ ના રોજ આદરજ પણ મારી સાથે આવ્યા હતા. આદરજના ગૃહસ્થોએ પ્રેમપૂર્વક ડાંગર ઉઘરાવી આપી. અને પછી મુખી ઘેર ગયા. ત્યાર પછી ધનશા વગેરે ગામ વામજ ગયા અને ડાંગર ઉઘરાવી. પછી હું બોરીસણા ગયો. ત્યાંના ભાઇ મગનલાલ વીસાભાઇએ એક આંબલીનું સુકુ ઝાડ મણ ૨૦૦ ના આશરે આપ્યુ પછી ધનશા ભગત, રણછોડલાલ, અને હું વિજાપુર ગયા. ત્યાંથી હીરપુરા ગયા. પા. પ્રભુદાસ રામદાસને ત્યાં ઉતર્યા. વિજાપુરથી હીરપુરા જતાં વચમાં પટેલનો કુવો અમો જોવા ગયા હતા. કુવા પર સારાં મકાન બાંધેલાં છે. કુવો સુંદર છે. હાલ વાવેતર છે. કોસ ચાલે છે. કુવા પર ફરતી તેમની ૩૦૦ વીઘાં જમીન છે. ઘાસના ઓઘલા માંડયા છે. ૬-૭ બળદ તથા ૨૦ કાળી ખાલનાં ઢોર છે. તેમને સારૂ સુંદર ગમાણો તથા રહેવાનાં મકાન છે. ઉકરડા સુંદર બનાવ્યા છે. શાક ભાજી વાવી છે. પટેલના એક પુત્ર તેમના ઘર સાથે તથા મજુરો અને સાથી વગેરે પણ ત્યાંજ રહે છે. સાથી મજુર તેમના મકાનથી થોડે દૂર રહે છે. કુવા પર સુંદર આંબા ઉછેર્યા છે. વળી બોરડીની કલમો કરાવીને ઉછેરી છે. તળાવડીમાં સંઘોડાનું પણ વાવેતર કરાવે છે. આવા ખેડૂતો પોતાની આવી ખેતી અને જમીન છોડી બીજો ધંધો કરવાની ઇચ્છા કરેજ નહિ.

ત્યાં પોતે સારી મદદ કરી. ગામના ઉઘરાણાનો વાયદો થયો તેથી અમો ગામ લાડોલ ગયા. શ્રી ધનજીભાઇને ઘેર ઉતર્યા. સાંજે બધા ભાઇઓ ચોરે એકઠા થયા. ગામે મળીને ગામની સિલ્લકમાંથી મદદ આપી. વર્ષો વર્ષ ત્યાંના ભાઇઓ સંસ્થાને મદદ કર્યાજ જાય છે. ત્યાંના ભાઈ ગોપાળભાઈ ડુંગરભાઇની વિધવા બાઈ રાઇએ એક કોટડી કરાવી આપવાનું ઉદાર મનથી કહ્યું છે. ધન્ય છે આવી બાઈઓને.

ત્યાંથી શ્રી ધનજીભાઈ, તથા હું માલોસણ ગયા. ત્યાં જઇ ચોરામાં બેઠા. થોડી વારે તે ગામના મુખી ભાઇ કુબેરભાઇ બીજા ભાઈઓ સાથે ત્યાં આવ્યા. ઉત્સાહથી એકજ કલાકમાં સારી રકમ કરી આપી. લોકો અમને બહુજ પ્રેમાળ લાગ્યા.

ત્યાંથી અમો તુર્તજ ગેરીતા કોલવડા આવ્યા. અમારી જવાની ખબર મળવાથી રેવાભાઇ મુખી પોતાના દુકાનના ઓટલા પરજ અમારી રાહ જોઇ બેસી રહ્યા હતા. અમો રાત્રે ત્યાંજ રહ્યા સવારમાં ઉઠી ગામના તમામ આગેવાનોને બોલાવ્યા. એમણે પણ બધાએ મળીને સારી મદદ કરી ત્યાંથી અમો ચડાસણા ગયા ત્યાં અમો પા. રેવનદાસ ભોળીદાસને ઘેર ઉતર્યા. ત્યાંના ઘણા લોકો બહાર ગામ ગયેલા છતાં પા. મગનદાસ કુબેરદાસ તથા પા. ત્રિભોવન બહેચરદાસ તથા પા. ગણેશજી વગેરેએ મળી સારી મદદ કરી આપી. ત્યાંથી ગામ વેર ગયા ચૌટે ઉતર્યા. તુરતજ મુખી આવ્યા. અમારા માટે રસોઈ વગેરેનો બંદોબસ્ત કર્યો. ગામના લોકો ભેગા થયા. ઘરવાર લખાણ કર્યું. તેથી રકમ સારી થઈ. ત્યાંના ભાઇઓનો ઉત્સાહ સારો માલુમ પડયો. કેટલાક ભાઈઓ ત્રૈમાસિક "કેળવણી"ના ગ્રાહક પણ બન્યા. એકંદરે અમને સારો સંતોષ થયો.

ત્યાંથી અમો મંડાળી ગયા. તે નાનુજ ગામ છે. મંદીરમાં ઉતર્યા. રાત્રે લોકો એકઠા થયા. પૈસા તુરતજ રોકડા ઉઘરાવી આપ્યા. પછી પા. કાળીદાસને ત્યાં મુકામ કર્યો. રાત્રે બધા ભેગા થયા. થોડાજ વખતમાં સારી રીતે ફંડ થયું ઘણો પ્રેમ બતાવ્યો. ત્યાંથી અમો ગામ વસઇ આવ્યા. વસઇની બોર્ડીંગમાં ઉતર્યા. ગૃહપતિ અમીન રતિલાલ ડાહ્યાભાઈ તથા અંગ્રેજી શાળાના હેડ માસ્તર ભાઈ રવિશંકર તથા ત્યાંના બીજા સુખી ગૃહસ્થોના પરિશ્રમને લીધે હાલ ૮૦ બાળક અંગ્રેજી ધો. ૪ સુધી અભ્યાસ કરે છે. અને આશ્રમમાં ૨૮ વિદ્યાર્થી રહે છે. શાળામાં ચાર શિક્ષક છે. ચારે શિક્ષકો તન મનથી કામ કરે છે. આશ્રમના મકાનની ઘણીજ અડચણ છે. નવા મકાનની ઘણીજ જરૂર છે. ત્યાં થોડા વખતમાં રેલ્વે પણ ચાલુ થશે. એટલે ઘણી અનુકૂળતા થશે.

ત્યાંથી અમો ગોઝારીઆ આવ્યા રસ્તામાં એક જામફળીનો સારો બગીચો જોયો. ત્યાંના આગેવાનો ઘેર નહોતા. અને અમીનોમાં લગ્ન હતાં જેથી અમો રોકાયા સિવાય બીજે દિવસે સરઢવ થઇ કડી આવ્યા.

પછી અમો અમદાવાદ ગોમતીપુર ગયા. ત્યાંના ભાઈ રણછોડલાલ ભગવાનદાસે આશ્રમમાં જામફળ મણ ૩ મોકલી આપ્યાં. વળી ગામના ભાઇઓએ ફંડ પણ સારૂં કરી આપ્યુ.

વિડજના મુખી ગંગારામ નથ્થુભાઈ તથા લડોલના પટેલ ધનજીભાઈ મોતીભાઇ જેવા સ્વયંસેવકો ઉઘરાણાના કાર્યમાં મદદ કરવા માટે ગામડે ગામડે ઉભા થાય તો સંસ્થાને ઘણોજ ફાયદો થાય. ઈશ્વર અમારી ઉપલી ઇચ્છાને પરિપૂર્ણ કરે એવી તેના પ્રત્યે પ્રાર્થના.

છગનલાલ પીતામ્બરદાસ પટેલ
મંત્રી.

---

**સાપ્તાહિકનું લવાજમ**
**પાંચ રૂપિયા મોકલી આપશો.**

# પૂ. છગનભાની પ્રતિકૃતિ સમા સેવાયજ્ઞના યાજ્ઞિક શ્રી મગનભાઈ પટેલ

: લેખક :
કાંતિલાલ મો. પટેલ
( આઈ. એમ. જે સર્વ વિદ્યાલય, બલોલ )



**શ્રી મગનભાઈ પટેલ,** બલોલ ( તા. મહેસાણા )

" આઇ. એમ. જે. સર્વ વિદ્યાલય એટલે ' ઇશ્વિર મગન જીવન ' વિદ્યાલય. અહીં મગનદાદા જેવા વિરલ પુરુષની છત્રછાયા છે, વળી અહીં બલોલમાં ડૉ. શ્રી સુમંત મહેતા અને વિદુષી શ્રીમતી શારદાબેન મહેતા અઠવાડિયાં લગી રહેતાં તે જાણી અત્યંત આનંદ થાય છે. સાચે જ આ મગનદાદાની ભૂમિ તીર્થસ્થાન જેવી ગણાય. "

મિત્રમંડળ સર્વ વિદ્યાલય, બલોલને નવું નામ અર્પતાં કવિકુલગુરુ શ્રી ઉમાશંકર જોશીની પુનિતવાણીમાંથી ઉપરના ઉદ્ગારો સરી પડેલા.

શ્રી મગનભાઈ સૌના હૈયામાં એવા તો વસી ગયા છે કે સૌ કોઇ ઉમળકાભેર ' ભા ' ના હુલામણા નામથી તેમને ઓળખે છે. અમારા વિદ્યાલયની મુલાકાતે સાહિત્યકારો-વિદ્વાનો અવારનવાર પધારે છે. ત્યારે તેઓ પૂછે આ ગામમાં શું શું જોવાલાયક છે ? ત્યારે અમે અધ્યાપક મિત્રો તુરત જ સૂચવીએ :

" પૂજ્ય શ્રી મગનભા આ ગામ તથા આ વિસ્તારની દર્શન કરવા જેવી વિભૂતિ છે. "

તુરત જ મુલાકાતી મગનભાઈ ઘરે પહોંચી જાય. ત્યાં સાચકલા પ્રેમના પ્રસાદથી મહેમાનોનું સ્વાગત થાય અને મહાત્માજી, દાદાજી અને સર્વોદયની અનુભવ વાણીની ત્રિવેણી વહેવા લાગે. વિદાય લેતી વ્યક્તિ હૃદયથી બોલી ઊઠે " વાહ ! વાહ ! શ્રી મગનભા સાચે જ જંગમ-જીવતી સંસ્થા જેવા સમૃદ્ધ છે. "

જો તમે બલોલ પધારો અને પૂજ્યભાને ન મળો, તો તમે બલોલ જોયું જ ન ગણાય.

સુ. શ્રી મગનભાઇના ઓશીકે એક છબિ લટકે છે તેમાં લખેલું છે.

-[o]-

" હું હરિનો, હરિ છે મમ રક્ષક,
એ ભરોસો જાય નહિ;
જે કરશે તે મમ હિતનું
એ નિશ્ચય બદલાય નહિ. "

આ સૂત્ર તેમના હૃદિયામાં રમમાણ બની ગયેલું છે. આવા કર્મયોગીનો જન્મ બલોલ ગામમાં સં. ૧૯૪૯ માં મધ્યમ વર્ગના ખેડૂતને ત્યાં થયેલો. શિક્ષણ લઇને તેઓ શિક્ષક બન્યા પછી વેપારી બન્યા. મહાત્માજીની હાકલ પડતાં તેઓ સમાજના સાચા શિક્ષક અને સત્ય સેવાના સાચા વેપારી બન્યા. મહેસાણા તાલુકા કોંગ્રેસના પ્રમુખ, અને જિલ્લા કોંગ્રેસના સન્નિષ્ઠ સંત્રી બન્યા. આજે જિલ્લામાં વટવૃક્ષ બનીને વિસ્તરેલ જિલ્લા ખરીદ વેચાણ સંઘના તેઓ પિતા છે.

ઉત્તર ગુજરાતનાં પુણ્ય પ્રકટયાં અને એક તેજસ્વી પ્રકરણનો ઉદય થયો. આ પુનિત ધરતીના ધાવણમાંથી મહાન કર્મયોગી ધરતીપુત્ર પરિવ્રાજક પૂજ્યપાદ શ્રી છગભાનું અવતરણ થયું. તેમણે સંસ્કાર અને કેળવણીની આહલેક જગાવી. આ સેવા યજ્ઞને પૂરો કરવા ઉત્તમ યાજ્ઞિક પાક્યા શ્રી પૂ. મગનભા. તેમણે પૂજ્ય છગનભાએ રોપેલ વટવૃક્ષની એક વેલ બલોલની સર્વ વિદ્યાલયને પાળી અને પોષી. ઉપરાંત પૂજ્ય શ્રી છગનભાનું અધૂરું રહેલું સ્વપ્ન તે કન્યા કેળવણી. પૂ. મગનભા એ સ્વપ્નને સાકાર કરવા ભગિરથ પ્રયત્નો કરી રહ્યા છે.

ઊંઝા કન્યા છાત્રાલય - વિદ્યાલયની ઈંટ-ઇંટ પર પૂ શ્રી મગનભાના પ્રસ્વેદનો પ્રસાદ સૌરભી રહ્યો છે. પૂ. શ્રી મગનભાનું સાચું સ્વરૂપ જોવું હોય તો જ્યારે ( તેઓ ) આ દીકરીઓના દાદા દીકરીઓથી પણ અદકા વહાલથી કન્યાઓનાં સુખદુઃખની કહાણીઓ સાંભળતા હોય ત્યારે જુઓ. આર્દ્ર આંખોમાં નર્યું વાત્સલ્ય અને ભર્યું ભોળપણ આંજેલી લાગશે.

આજે તેઓ ૮૦ વર્ષના બુજર્ગ નહિ પણ એંસી વર્ષના નવયુવક છે. કન્યાઓના કલ્યાણાર્થે કે સંસ્થાઓના શ્રેયાર્થે તેમના પગ સદાયે ચાલતા રહે છે. સાધુ તો ચલતા ભલા !

આમ તો મહેસાણા જિલ્લાના મોરટ સીનિયર કોંગ્રેસી છે પણ તેમનો રાહ તો સર્વોદયનો હતો. એક ઝોળીમાં

સર્વોદયનું સાહિત્ય અને આયુર્વેદની સંજિવનીના પ્રસાદની લહાણુ કરતા કોઇ સત્પુરુષનાં દર્શન કરો તો સમજી લેજો કે તે પોતે જ પૂ. શ્રી મગનભા.

તેમની સેવાનિષ્ઠા, નિડરતા, અને ભાવુક્તાને બિરદાવતા 'માનવરત્ન' પુસ્તકના લેખક શ્રી જોઇતારામ ચોકસીએ યોગ્ય જ નોંધ્યું છે કે:

"બહેોલ જ નહિ પણ મહેસાણા જિલ્લાના નવનિર્માણનો ઇતિહાસ લખાશે ત્યારે શ્રી મગનભાઇનો સ્મૃતિગ્રંથ સુવર્ણ અક્ષરે લખાશે."

તા. ક. આઇ. એમ. જે=ઇશ્વરદાસ, મગનલાલ, જીવણલાલ. 'ઇશ્વર મગ્ન જીવન' માં 'મ' છે તે શ્રી મગનભાઇના નામનો છે.

---

[ પાન ૩ ઉપરનું ચાલુ ]

શાળાઓને ગ્રાન્ટ ઠીક મળે છે પરંતુ એનું શિક્ષણ સુધારવા-શિક્ષણનો સ્તર ઉંચો લાવવા તો ઠીક પણ નીચો જતો અટકાવવા કાંઈ કરવામાં આવતું નથી. આ પ્રશ્ન તો સરકારે વિચારવાનો છે.

ભાવનગરમાં સૌરાષ્ટ્ર યુનીવર્સિટીના સેન્ટ્રલ લાયબ્રેરીના મકાનની શીલારોપણ વિધિ કરતાં તા. ૩૧-૫-૭૦ ના રોજ ગુજરાતના રાજ્યપાલે ગુજરાતમાં શિક્ષણના ઘટતા જતા ધોરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આજનો યુવાનવર્ગ પોતાનું કામ અંગ્રેજી ભાષામાં કે તેઓની પ્રાદેશિક ભાષામાં બરાબર કરી શકતો નથી.

આ પ્રસંગે પ્રમુખસ્થાનેથી ગુજરાત રાજ્યના શિક્ષણપ્રધાન શ્રી ચોખાવાળાએ પણ જણાવ્યું હતું કે શિક્ષણના કથળતા જતા ધોરણનો પ્રશ્ન હાથમાંથી જાય તે પહેલાં શિક્ષણનું ધોરણ સુધારવાનાં પગલાં લેવાશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને શિક્ષણમંત્રીનાં આ કથનો પછી આપણા શિક્ષણની હાલત દેદરી થઇ ગઇ છે તે ભાગ્યેજ કહેવાની જરૂર છે.

કોલેજોનું શિક્ષણ ખૂબ કથળયું છે. સ્નાતક થયા પછી બેકારી માટે જવાબદારી આ શિક્ષણની છે. કોલેજોનું આર્થિક પાસુ હચમચી ગયું છે કે એના કારણે દુપણો પેઠાં છે. કોલેજો કમાણી ના કરે પણ એનું આર્થિક પાસુ ખખડી ના જાય તેનો વિચાર સરકાર અને યુનિવર્સિટીએ કરવો જોઇશે. ■

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

* આ નિશાનીવાળી રકમો વસુલ આવી છે.

૧૨૮૩૮૫) અંક ૩૫ નો સરવાળો.

૧૦૦૧) નહેરુ સોપ ફેક્ટરી, ઠે. ગોડાઉન બજાર
હા. શંકરભાઇ રેવાભાઇ તથા
કેશવલાલ હીરાભાઇ મહેસાણા

* ૨૫૦૧) ભારત ટ્યુબવેલ કંપની રાજમહેલ રોડ-મહેસાણા
હા. (૧) શ્રી પટેલ ધનજીભાઈ ઉમેદદાસ
(૨) શ્રી પટેલ રણછોડભાઇ ઉમેદદાસ
(૩) શ્રી પટેલ પ્રભુદાસ ઉમેદદાસ
(૪) શ્રી પટેલ ચતુરભાઈ ઇશ્વરદાસ
(૫) શ્રી પંચાલ છગનલાલ રામભાઇ

૧૦૦૧) પટેલ સવાભાઈ મોતીદાસ મુ. કોરડા (તા. કડી)
હા. ચુનીલાલ સવાભાઇ પટેલ તથા
ચંદુલાલ સવાભાઇ પટેલ
પટેલ એન્જીનિયરીંગ સ્ટોર,
પટેલ ભુવન સ્ટેશનરોડ-કડી.

૧૩૨૮૮૮ કુલ

**Wanted**

Followings staff is required for Science College, Kadi (N. G.)

(1) Tutor in Physics : M. Sc.
(2) Tutor in Biology : M. Sc.
(3) Physical Instructor.
(4) Qualified Librarian.

Applicants should see the Principal personally on 13-6-'70 during 12-00 to 4-00 P. M. at Science college office. Opposite Rly. Station : KADI : (N. G.)

## રસોડાના કોન્ટ્રાક્ટ માટે

સાયન્સ કૉલેજ-કડીનો હોસ્ટેલના રસોડા અને કેન્ટીનના કોન્ટ્રાક્ટ માટે મળો : લેખી શરતો સાથે મળવું.

પ્રિન્સિપાલ : સાયન્સ કૉલેજ-કડી

For
**QUALITY, FASHION and RELIABILITY**
**insist on fabrics manufactured by**

**The Bharat Vijay Mills Ltd, Kalol ( N. G. )**

Manufacturers of :

Terrycotton Shirtings and Suitings Two x Two Mercerised Eva Shrunk Dyed, Bleached and Printed Tussore Coatings, Wash-n-Wear Coatings, Mercerised Deep shade poplin, Marcerised Eva Shrunk Drop Box Shirtings and Patto, Resist & Screen print Poplins, Cambric, Lawn, Two x Two superfine Poplins etc. etc.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

**સાયન્સ કૉલેજ, કડી**

**રેલ્વે સ્ટેશન સામે : ફોન નં. ૩૪**

૧ આ કૉલેજમાં ટી. વાય. બી. એસસી. માં રસાયણશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે અને ભૌતિકશાસ્ત્ર તેમ જ વનસ્પતિશાસ્ત્ર ગૌણ વિષય તરીકે શીખવાય છે.

૨ સર્વ વિદ્યાલય કડીના કેમ્પસમાં નૈસર્ગિક અને આહ્‌લાદક વાતાવરણ વચ્ચે સંસ્થા સુંદર હોસ્ટેલ વ્યવસ્થા ધરાવે છે.

૩ કૉલેજનો સમય બપોરનો છે.

૪ વિદ્યાર્થીઓને આવજા કરવા માટે રેલ્વે તેમ જ બસની સંપૂર્ણ અનુકૂળતા મળી રહે છે.

૫ કૉલેજમાં યોગ્ય વિદ્યાર્થીઓને ફ્રી માફી અપાય છે. લોન લાયબ્રેરીની વ્યવસ્થા છે. ગરીબ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો અપાય છે.

૬ તેજસ્વી અને ગરીબ વિદ્યાર્થીઓને હપ્તેથી ફ્રી ભરવાની સગવડ છે.

૭ ચાલુ સાલથી શ્રી એન. જે. પટેલની પ્રિન્સીપાલ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૧–૬–૭૦

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રાય

# સુવર્ણજયન્તી

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૮-૬-૭૦ [ અંક ૩૮

## શા ને મા ટે ?

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

મહેસાણા જીલ્લાનાં છેલ્લા દશ વર્ષમાં સારી જેવી સંખ્યામાં હાઇસ્કૂલો થઇ છે હાઈસ્કૂલોની સંખ્યા ૨૫૦ ઉપરાંત થવા આવી છે.

આ હાઇસ્કૂલો માટે તેમજ તેનાં મકાનો માટે લોકોએ ઉમંગથી ફાળો આપ્યો છે. ગામડાઓમાં પણ હાઈસ્કૂલોના ભવ્ય મકાનો થયાં છે.

વિદ્યાર્થીઓ હાઇસ્કૂલમાં અભ્યાસ કરી કોલેજોમાં જાય- સારા એન્જીનીયરો, દાક્તરો અને વિજ્ઞાન પારંગત બને-સારા વેપારીઓ, લેખકો અને શિક્ષકો, અધ્યાપકો અને પ્રાધ્યાપકો બને- નામના કાઢે અને ગામને તથા જીલ્લાને અજવાળે તેવી ઉમેદ ફાળો આપનારા રાખે- છે.

સરકારી વહીવટી તંત્રમાં કે બેંકમાં મોટા અમલદાર બને તેવી ઉમેદ પણ હોય છે.

આ ઉમેદ બળ આવે એ રીતે આપણા માધ્યમિક શાળાઓ હાઈસ્કૂલોનું સંચાલન કરીએ છીએ ?

સંચાલકો અને સંચાલક મંડળોની જવાબદારી ઘણી મોટી છે.

થોડા દિવશ ઉપર એસ એસ. સી. (મેટ્રીક)નું પરિણામ બહાર પડયું એસ. એસ. સી.ની પરીક્ષામાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ બેઠાં હતાં. એમાંથી ૪૮% ટકા એટલે સોમાંથી ૪૮ પાસ થયા.

૪૮% ટકા પાસ થયા તેમાં માત્ર ત્રીજા ભાગના અંગ્રેજી વિષય સાથે પાસ થયા.

આ જોતાં જણાય છે કે પરીક્ષામાં જે બેઠા તેમાંથી માત્ર ૧૬% ટકા અંગ્રેજી વિષય સાથે પાસ થયા.

અંગ્રેજી વિષય સાથે પાસ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને કોલેજમાં દાખલ કરવામાં આવે છે.

અર્થાત પાસ થયેલા ગણાય પણ અંગ્રેજી વિષય નહિ લેવાને કારણે કોલેજના દરવાજા એમના માટે બંધ.

એસ. એસ. સી – મેટ્રીક પાસ થયેલા ગણાય પણ અંગ્રેજી સિવાય હોવાના કારણે નોકરી મેળવવી મુશ્કેલ. મેટ્રીક પાસ એટલે મજૂરી થાય નહિ. ખેતીમાં રસ પડે નહિ.

આમ થવાથી ખાઈ પીને ગામમાં ફરવાનું અને લોકોની ટીકા સાંભળવાની. બેકારોની સંખ્યામાં વધારો કરવાનો.

શાળાનું મેટ્રીકનું પરિણામ ૯૦ ટકા આવ્યું, એનો ગર્વ આચાર્ય, શિક્ષકો અને સંચાલકો લે છતાં મેટ્રીક થયેલાના નસીબમાં બેકારી.

અંગ્રેજી સાથે કેટલા પાસ થયા ?

હાયરમેથ્સ-ગણિત સાથે કેટલા પાસ થયા : અંગ્રેજી અને હાયરમેથ્સ સાથે પાસ થનાર કેટલા ?

અંગ્રેજી ભાષા અઘરી અને ગુંચવણવાળી નથી ગુજરાતી ભાષા કરતાં અંગ્રેજી ભાષા સહેલી છે પણ અંગ્રેજીનો હાઉ ઉભો કરવામાં આવે છે અને શાળાનું પરિણામ સારૂ દેખાડવા અંગ્રેજી છોડાવી દેવામાં આવે છે.

ગુજરાતી ભાષાના વાતાવરણમાં આપણે ઉછર્યા છીએ અને તેથી એ સાહજિક લાગે છે. અંગ્રેજી ભાષા માટે વાતાવરણ નથી એટલે એ સાહજિક ના લાગે.

આમ છતાં શિક્ષણ યોગ્ય રીતે આપવામાં આવે તો ચાર વર્ષના ગાળામાં અંગ્રેજીનું શિક્ષણ સારૂં આપી શકાય.

આપણું કમભાગ્ય છે કે ભાષાની બાબતમાં, માધ્યમની બાબતમાં આપણા દેશના અગ્રણીઓ અને સરકારોની નીતિ ચોખ્ખી નથી. એમને ભાષણો ગુજરાતી માધ્યમનાં કરવાં છે અને એમનાં સંતાનોને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ભણાવવાં છે તપાસ કરવામાં આવે તો જણાશે કે અંગ્રેજી માધ્યમની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મોટા ભાગે પ્રધાનો અને એમના સચિવો વગેરેનાં સંતાનો હોય છે.

સ્વતંત્ર દેશના શિક્ષણનું માધ્યમ પરદેશી ભાષા હોઈ શકે નહિ—નહોવું જોઈએ તેવી મારી મક્કમ માન્યતા છતાં અંગ્રેજીનું સારૂં શિક્ષણ અપાવું જોઈએ—અંગ્રેજી ભાષાનું શિક્ષણ જરૂરનું એવું મારુ મક્કમ મંતવ્ય છે.

ત્રણ ભાષાની ફોર્મ્યુલાએ શિક્ષણક્ષેત્રમાં અંધાધુંધી પેદા કરી છે.

મહાત્મા ગાંધી, પૂ. સરદાર પટેલ, કવિવર ટાગોર અને બીજા નાના મોટા પ્રાદેશિક ભાષાના લેખકો કયા માધ્યમમાં ભણ્યા હતા ! અંગ્રેજી માધ્યમથી પ્રાદેશિક ભાષાઓ વિકસે નહિ તેવી માન્યતા સાથે હું સંમત થતો નથી છતાં અંગ્રેજી માધ્યમ સ્વતંત્ર ભારતમાં રહે તે ઇચ્છતો પણ નથી.

એકી સાથે ત્રણ ભાષાનો બોજો વિદ્યાર્થી ઉપર પડતો હોવાથી એ એક પણ ભાષામાં નિષ્ણાત થઈ શકતો નથી. એ એવા વિચારો એકે ભાષામાં શુદ્ધ રીતે રજુ કરી શકતો નથી.

ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નનારાયણે તાજેતર આવું જ મંતવ્ય રજુ કર્યું છે અને તે સાચુ છે.

ત્યારે શું કરવું જોઈએ ?

વર્ધાની રાષ્ટ્રભાષા પરીક્ષા અને એવી બીજી પરીક્ષાઓ હિન્દીની લેવાય છે. હિન્દીનું સારુ જ્ઞાન જરૂરી છે. આવી પરીક્ષાઓમાંથી એકાદ પરીક્ષાને એસ. એસ. સી. ની સમકક્ષ ગણવામાં આવે અને તેવી પરીક્ષા પાસ થનાર વિદ્યાર્થીને એસ એસ. સી. ની પરીક્ષાની માફી- Exempton- આપવામાં આવે તો એકી સાથે ત્રણ ભાષાઓની પરીક્ષા આપવાનો બોજો વિદ્યાર્થી ઉપર પડે છે તે ઓછો ના થાય ? એથી હિન્દી ભાષાને શું નુકશાન થાય ?

એજ રીતે ગુજરાતી ભાષાનું અગર અંગ્રેજી ભાષાનું પણ થઈ શકે ! એમ થાય તો ભાષાનું જ્ઞાન મળે અને બોજો ઓછો થાય

એમ થાય તો ત્રણ ભાષાની ફોમ્યુલાથી સંસ્કૃત ભાષા ભૂંસાતી જાય છે તે ના થાય. આજે તો ત્રણ ભાષાની ફોર્મ્યુલામાં સંસ્કૃત ભાષાને ભારે નુકશાન થયું છે. ભારતની દરેક પ્રાદેશિક ભાષાનું મુળ સંસ્કૃત ભાષા અને એજ ભાષા તરછોડાય તો એથી પ્રાદેશિક ભાષાનો વિકાસ નહિ રૂંધાય ?

અંગ્રેજી ભાષા શીખવનાર શિક્ષકો મળતા નથી. આ અછત ટાળવા સરકાર અને યુનિવર્સિટીઓએ વિચારવું પડશે. ગુજરાત યુનિવર્સિટીમાં અંગ્રેજી લઈ બી. એ. થનારના અનુભવ ઓછા વત્તા પ્રમાણમાં ઘણાને થયા હશે.

ગોખણપટીથી વિદ્યાર્થી પાસ થાય તેના કરતાં શારીરિક અને માનસિક તંદુરસ્તી સાચવે તે વધારે જરૂર છે. એનામાં આત્મબળ વધે તે કરવાની જરૂર છે.

સરકાર ગૂંચવાડામાંથી બહાર નીકળતી નથી. શિક્ષકોના પગાર અને મોંઘવારી વગેરે પ્રશ્નોમાં એટલી બધી ગૂંચવાયેલી રહે છે કે શિક્ષણનો સ્તર સુધારવા એને વિચાર કરવા સમય મળતો નથી

આપણી યુનિવર્સિટીઓની પણ આવી જ દશા છે. શિક્ષણનો સ્તર અને વિદ્યાર્થી–ભાવી પ્રજાનો વિચાર ગંભીરતાથી કરવાનો સમય પાકી ગયો છે. સંચાલકોની જવાબદારી ઓછી નથી. એને પણ પાઈપૈસાની ગણત્રી છોડી દઈ શિક્ષણ અને વિદ્યાર્થી–ભાવિ પ્રજાના ઘડતરનો વિચાર કરવો ઘટે છે.

આમ છતાં માધ્યમિક શાળાનાં સંચાલક મંડળો અને સંચાલકોએ વિદ્યાર્થી અંગ્રેજી તેમજ ઉચ્ચ ગણિત સાથે એસ. એસ. સી. પાસ થાય તેમ કરવાની જરૂર છે.

અંગ્રેજી અને ઉચ્ચ ગણિત સિવાય એસ. એસ. સી. પાસ થનાર વિદ્યાર્થીની કફોડી સ્થિતિ થાય છે અને એને નોકરી મેળવવી મુશ્કેલ થાય છે.

ભલે શાળાનું પરિણામ ઓછું આવે પણ અંગ્રેજી અને ઉચ્ચ ગણિત સાથે વિદ્યાર્થી એસ. એસ. સી. ની પરીક્ષા આપે તેવો આગ્રહ સંચાલકો તેમજ આચાર્ય – શિક્ષકો રાખે તે જરૂરનું છે. ■


## છાપખાના માટે કારીગરો જોઈએ છે.

(૧) અંગ્રેજી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને ગણિતશાસ્ત્રના કોમ્પોઝીટરો.

(૨) ૧૨ × ૧૮ ના ટ્રેડલ માટે ટ્રેડલમેન તથા ૨૦ × ૩૦ ના સીલીંડર માટે **મશીનીયર.**

(૩) કાઉન્ટીંગ, નંબરીંગ, પેકીંગ, કટીંગ તથા તમામ પ્રકારના બાઈન્ડીંગ કામ માટે **બાઈન્ડરો.**

ઝડપી, સ્વચ્છ અને સુઘડ કામ જવાબદારી લઈ કરી શકે તેવા અનુભવી કારીગરોની જરૂર છે.

: અરજી કરો અગર રૂબરૂ મળો :

શ્રી મેનેજર : પાટીદાર મુદ્રણાલય,

રેલ્વે સ્ટેશન સામે, કડી, [ ઉ. ગુ. ]

# ટીકીટનું અડધિયું

ભાઈલાલભાઈ પટેલ

લંચ ટાઈમ થઈ ગયો હતો છતાં રાજેન્દ્ર પોતાની કેબીનમાં બેસી રહ્યો હતો. ઑફીસના માણસો ચાલ્યા ગયા હતા અને છતાં તે રોકાઈ રહ્યો હતો. તે હેડ ઑફીસથી આવનાર કૉલની રાહ જોઈ રહ્યો હતો. તેની ગણત્રી હતી કે ડાયરેકટરોની બોર્ડ લંચ માટે ઊઠશે તે પહેલાં હેડ ઑફીસમાં ખાલી પડેલી સેલ્સ એક્ઝીક્યુટીવની જગ્યા ભરવાનો નિર્ણય થઈ જશે અને ખબર પણ અપાઈ જશે. ગયે અઠવાડિયે થયેલા ઇન્ટરવ્યુ ઉપર આજે ડાયરેકટરોની બોર્ડ તે જગ્યા ભરવાની પસંદગી કરવાની હતી.

ઠીક ઠીક સમય રાહ જોવરાવીને ટેલીફોનની ઘંટડી વાગી અને તેના મને નિર્ણય કરી લીધો કે મારી પસંદગી થયાના સમાચાર આવી પહોંચ્યા. તેણે રિસીવર ઉપાડયું. સામે છેડે ચેરમેનનો પોતાનો અવાજ સંભળાયો.

"હલ્લો, મી. રાજેન્દ્ર, અભિનંદન. તમને સેલ્સ એક્ઝીક્યુટીવની જગ્યાએ ડાયરેકટરોની બોર્ડે સર્વાનુમતે પસંદ કર્યા છે. આશા છે કે તમે બોર્ડે તમારી પાસે રાખેલી અપેક્ષાઓ પૂરી કરશો."

"સાહેબ ખૂબ જ આભાર. આપનો અને બોર્ડનો હું ઘણો જ આભારી છું. મારામાં વિશ્વાસ મૂકી મારી પાસેથી રાખેલી અપેક્ષાઓ હું પૂરી કરવા મારી તમામ શક્તિ ખર્ચીશ અને આપ સર્વેને સંપૂર્ણ સંતોષ આપીશ."

"તમારા જેવા વફાદાર અને હોંશિયાર કર્મચારીઓ અમને મળ્યા છે તે માટે અમે-બોર્ડ ગૌરવ અનુભવીએ છીએ." ચેરમેન સાહેબે વિવેક કરીને રીસીવર નીચે મૂકી દીધું.

રાજેન્દ્રે પણ રીસીવર નીચે મૂકયું અને તેના ઉપર આનંદનો હુમલો થઈ આવ્યો. રીસીવર હાથમાં હતું ત્યાં સુધી તે કર્મચારીની ફરજ પર હતો. ફરજનું તેનું ભાન એટલું ઉગ્ર હતું કે ચેરમેન સાહેબે આપેલા સમાચારથી પોતાના શરૂ થયેલા ઉજ્વળ ભાવીનો આનંદ પણ તે ખરા સ્વરૂપમાં માણી શકયો ન હતો. આ સમાચાર તેણે લીધા તે વખતે તે કોઈ બીજાજ માણસ અંગેના સમાચાર સાંભળી રહ્યો હોય તેવો નિર્લેપ જ રહેલો. આ તેની ટેવનું જોર હતું. રીસીવર સ્ટેન્ડ ઉપર મૂકીને જેવો તે ખુરશીમાં અઢેલીને બેઠો કે તેના ઉપર આનંદનો હુમલો થઈ આવ્યો હોય એવું તેને લાગ્યું. ખૂબ જ સંતોષ અને હર્ષની લાગણી અનુભવી રહ્યો. બે મીનીટ તો ખુરશીમાં ઝૂલી રહ્યો અને આ સમાચાર ઘેર પોતાના કુટુમ્બને આપવા તેનો હાથ ફોન તરફ વળ્યો. પરંતુ તેણે હાથ ખેંચી લઈને જાતે જ જઈને આ સમાચાર આપવાનું વિચારી તે ઑફીસની બહાર નીકળ્યો. જેવો તે બહાર નીકળ્યો તેવો સામેના બાંકડા ઉપર બેઠેલો માણસ ઉઠીને તેની તરફ આવ્યો. રાજેન્દ્ર ઑફીસના બારણા પાસે જ ઉભો રહી ગયો. પેલો માણસ રાજેન્દ્રની પાસે આવ્યો એટલે રાજેન્દ્રે કહ્યું "આવો." અને પોતે પાછો ફરીને ઑફીસમાં દાખલ થયો અને નજીકના ટેબલ ઉપર બેસીને પેલા આગંતુકને સામેની ખુરશી ઉપર બેસવા માટે ઇશારો કર્યો. પેલો માણસ બેઠો ન બેઠો ત્યાં રાજેન્દ્રે પુછી નાંખ્યુ "બોલો, શું કામ છે ?"

પેલા આગંતુકે ચારે બાજૂ નજર ફેરવી કોઈ બીજાની ત્યાં હાજરી નથી તેની ખાત્રી કરી, જાણે કે રાજેન્દ્ર ઉપર પ્રભાવ પાડવા માગતો હોય કે તેને ઘણી જ ખાનગી વાત કરવાની છે.

પેલાએ પોતાની ખુરશી જે રાજેન્દ્રના ટેબલની સામી બાજુએ થોડી દૂર હતી તે આગળ ખેંચી ટેબલની નજીક લાવ્યો અને ઘણા ધીમા અવાજે બોલ્યો,

"સાહેબ, આપને મારે એક અમૂલ્ય ચીજ આપવી છે. આમ તો એના ઘણા ઘરાક મળી રહે તેમ છે પરંતુ તે લાયક માણસના હાથમાં જાય તે માટે આખું શહેર ઢુંઢીને આપની પાસે આવ્યો છું. અને કલાકેકથી આપની ઓફીસની બહાર બાંકડા ઉપર બેસી અહીં આવતા જતા માણસોને જોઈ રહ્યો છું, તેમજ આપના ઓફીસના માણસોની હીલચાલ પણ જોઈ રહ્યો છું. એ બધું જોઈને મને ખાત્રી થઈ છે કે મારી અમૂલી ચીજ માટે મને યોગ્ય પાત્ર મળી રહ્યું છે. એ બધા વિદાય લે અને આપ નવરા અને એકલા પડો તેની હું રાહ જોઈ રહ્યો હતો."

એમ કહી એ માણસે પોતાના ખીસામાંથી કંઈક કાઢીને પોતાની મુઠીમાં લીધું અને બોલ્યો,

"સાહેબ, આ બહુ અમુલ્ય ચીજ છે. તેને આપ નકારશો નહિ તેની ખાત્રી આપો તો મારા દિલને સંતોષ થાય. મેં આ અમૂલ્ય ચીજનું ગૌરવ કર્યું છે અને તમે પણ ગૌરવ કરશો."

રાજેન્દ્રને ઉતાવળ હતી. તે કંઈક અકળાયો પણ તેનું મન ઉલ્લાસમાં હતું એટલે તે ચીઢાયો નહિ. તેણે પેલી વ્યક્તિને કહ્યું,

"તમે આ શેની વાત કરો છો તે મારી સમજમાં આવતું નથી અને તમે શું આપવાનું છે તે કહેતા નથી. હવે મને મોડું થાય છે. તમારે જે કહેવું હોય તે જલદી કહી દો એટલે વાત પતે."

આગંતુકે મુઠી વાળેલો પોતાનો હાથ ટેબલ ઉપર રાજેન્દ્ર તરફ લંબાવ્યો અને બોલ્યો,

"સાહેબ આ રેલ્વેની રીટર્ન ટીકીટનું અડધિયું છે. તે મારે આપને આપવું છે. મારે પૈસાની જરૂર હોવાથી તે હું આપી રહ્યો છું. પૈસાની મારે જરૂર હોવાથી હું પૈસા તો

લઇશ જ પરંતુ તે વેચી નથી રહ્યો. મારી વિનંતિ છે કે તમે પણ એમ માનશો. આ અડધિયું આપને આપી રહ્યો છું વેચી નથી રહ્યો તે ધ્યાનમાં રાખજો."

રાજેન્દ્ર કંઇક ડઘાઇ ગયો અને પોતે સજ્જનતા વાપરી ઓફીસ સમય પછી આ માણસ સાથે પ્રસંગ પાડ્યો તેને માટે તેને પસ્તાવો થવા લાગ્યો અને પોતાના પરોપકારી અને ભલા અમલદાર ગણાવાની રીતભાત તરફ તિરસ્કાર પણ છૂટ્યો. તે નીચું જોઇને જ બોલી ઊઠ્યો –

"મારે એવી કોઇ ટીકીટની જરૂર નથી. તમે બીજી કોઇ જગ્યાએ જાઓ. બીજે ક્યાંય ભટક્યા સિવાય સ્ટેશનની બુકીંગ બારી પાસે ઊભા રહેશો તો ગમે તે ઘરાક મળી જશે." એમ કહી રાજેન્દ્ર ઉભો થવા ગયો ત્યાં પેલા માણસે બે હાથ જોડી વિનંતિ કરી,

"સાહેબ, એમ ન કરો. મારી પૂરી વાત સાંભળો પછી આપને અડધિયું લેવું હોય તો લેજો અગર ના કહેશો તો હું ચાલ્યો જઇશ."

રાજેન્દ્રની ઓફીસનો ધંધો એવો હતો કે તેના ૫–૧૦ સેલ્સમેન આખા દેશમાં ફરતા રહેતા હતા. એટલે આ લપ-માંથી છૂટવા તેણે પૂછ્યું,

"તમારી પાસે ક્યાંની રીટર્ન ટીકીટનું અડધિયું છે?"

પેલો માણસ હર્ષમાં આવી જઇને બોલ્યો "સાહેબ, માણસ ઓળખવામાં હું કદી ભૂલ નથી કરતો. મેં ખરેખર યોગ્ય માણસ જ પસંદ કર્યો છે. તેથી હું પરમ સંતોષ અનુભવું છું."

અકળાયેલા રાજેન્દ્રે તેને અટકાવીને કહ્યું "ભાઇ બતાવો તો ખરા કે તમારે કયાંની ટીકીટનું અડધિયું આપવાનું છે."

પેલાએ ખુરશી વધુ આગળ ખેંચી અને રાજેન્દ્ર તરફ નમીને હથેળીમાં રહેલું પેલું અડધીયું બતાવીને બોલ્યો,

"સાહેબ, આ રીટર્ન ટીકીટનું અડધિયું સ્વર્ગનું છે."

રાજેન્દ્રને કંઈ સમજ ન પડી તેથી તેણે પૂછ્યું,

"તમે શું કહ્યું?"

"હા સાહેબ, આ અડધિયું સ્વર્ગનું છે. હમણાં જ હું સ્વર્ગમાંથી અહીં આવ્યો છું. મારો વિચાર પાછા સ્વર્ગમાં જવાનો હતો એટલે રીટર્ન ટીકીટ લઇ આવ્યો હતો. પરંતુ અહીં આવ્યા પછી વિચાર બદલાયો છે. પાછા ફરવાનું અનિશ્ચિત છે એટલે થયું કે આ અડધિયાનો સદ્ઉપયોગ કરું. નાહકનું રદ થઇ જાય તે કરતાં તેનો જે ઉપયોગ થયો તે ખરો."

"તમે સ્વર્ગમાંથી આવ્યાનું કહો છો?" રાજેન્દ્રે પુછ્યું

"હા, સાહેબ હું સ્વર્ગમાંથી આ મૃત્યુલોકમાં આવ્યો છું. એમાં કંઇ શંકા કરવાનું કારણ નથી. આ ચીજનું આપણે ગૌરવ સાચવવું જોઇશે. મૃત્યુલોકમાંથી સ્વર્ગમાં જવાની ટીકીટ કહે છે કે મળે છે ખરી પરંતુ તે મેળવવાનો પથ ઘણો વિટંબણા ભર્યો અને લાંબો હોય છે એવું જાણવામાં આવ્યું છે. તેથી મને થયું કે આ રિટર્ન ટીકીટનું અડધિયું કોઇક લાયક માણસને આપું, તો તે તો આ બધી મથામણમાંથી બચી જાય!"

રાજેન્દ્રને થયું કે પોતે ખરો આવી ફસાયો છે. તેને લાગ્યું કે આ કોઇ ભારે ગળેપડુ માણસ છે કે ગાંડો માણસ છે. તેને ટાળીને જવાનો વિચાર કર્યો પરંતુ ડર લાગ્યો કે તેમ કરતાં તે કયાંક હુમલો કરી બેસે તો? એટલે તેણે થોડી હિમ્મત ભેગી કરી ધીરજ ધારણ કરી. અને અડધિયું જોવા માગ્યું.

પેલા માણસે પોતા પાસેનું અડધિયું રાજેન્દ્રના હાથમાં મુકયું. રાજેન્દ્રે તે વાંચ્યું તો તે અમદાવાદ પાછા ફરવાનું હતું. તેને થયું કે આ લપ હવે આઠ–દશ રૂપિયામાં પતી જશે. તેણે હિમ્મત કરીને કહ્યું "આ તો અમદાવાદનું અડધિયું છે. ચાલો મારો માણસ આજે જ અમદાવાદ જવાનો છે તેને કામ લાગી જશે. બોલો કેટલા પૈસા આપું?"

આ સાંભળી પેલો માણસ એકદમ ક્રોધે ભરાઈ ઊઠયો અને બરાડી ઊઠયો— "અરે, હું સ્વર્ગમાંથી રીટર્ન ટીકીટ લઇને આવ્યો છું અને તેના અડધિયાને તમે અમદાવાદનું કહીને મને છેતરી લેવા માગો છો? તમને સ્વર્ગની ટીકીટના પૈસા આપવા ભારે પડતા હોય તો તમને પોષાય તે આપજો પરંતુ તેને અમદાવાદની ટીકીટ કહીને છેતરવાનું કેમ કરો છો?

રાજેન્દ્રને હવે ગૂંચવાડા અને ભય સાથે રમૂજ પણ પડવા લાગી. એટલે તે વાત લંબાવી બેસત પરંતુ આજે તેને આમેય મોડું થયું હતું; તેમાં આ લપ આવી પડવાથી ઘણું મોડું થઈ રહ્યું હતું. તે જલદી ઘેર પહોંચી જવા ઈંતેજાર તો હતો જ. તેથી આ વાતને જલદી પતાવી દેવાનું તેણે વિચાર્યું અને તેણે કહ્યું,

"તમારે એમાં ખોટું લગાડવાની જરૂર નથી. બોલો તમારે આ અડધિયાના કેટલા પૈસા લેવા છે? જલદી બોલો, મારે મોડું થાય છે."

"સાહેબ મને માત્ર એકસો રૂપિયા આપો. મેં તો ઘણા પૈસા ખર્ચી આ રીટર્ન ટીકીટ સ્વર્ગમાં પાછા ફરવાની સરળ સુવિધા માટે લીધી હતી, પરંતુ હું અહીં અટવાઈ પડયો છું. મારા તો પૈસા અને ......... બન્ને જવા બેઠું છે."

રાજેન્દ્રે તેને અધવચ્ચે અટકાવીને કહ્યું. "કંઈ હરકત નહિ." એમ કહી ખીસામાંથી પાકીટ કાઢી તેને પૈસા ગણી આપવા માંડયો. પરંતુ પાકીટમાંથી માત્ર ૪૦ રૂપિયા જેટલી જ રકમ દેખાઇ એટલે તેણે કહ્યું,

"આ ટીકીટ હમણાં તમારી પાસે રાખો. ત્રણ વાગે અહીં આવીને મારી પાસેથી સો રૂપિયા લઇ જજો."

પેલો માણસ કંઇક ખંચકાયો અને રાજેન્દ્રને લાગ્યું કે તેનામાં કંઇક અવિશ્વાસનો ભાવ આવ્યો છે એટલે રાજેન્દ્રે તેની તરફ ૪૦ રૂપિયા ધરીને કહ્યું. "અત્યારે તમારી પાસે આ પૈસા રાખો અને ટીકીટ પણ તમારી પાસે રાખો. ત્રણ વાગે આવીને બાકીના રૂપિયા લઈ જજો." રાજેન્દ્રને લાગ્યું કે અગાઉની માફક તે ચીઢાઈ ઉઠશે. પરંતુ રાજેન્દ્રના અચંબા વચ્ચે તેણે કહ્યું,

"એમ નહિ, સાહેબ. આ ટીકીટ તો હવે તમે જ રાખો. એના ઉપર તમારો હક્ક થઇ ચૂકયો છે. પૈસા હું ત્રણ વાગે આવીને લઈ જઇશ." એમ કહી તે માણસ રાજેન્દ્ર રોકે તે પહેલાં એકદમ ઓફીસની બહાર નીકળી ગયો.

રાજેન્દ્રને આટલી સરળ રીતે આ લપમાંથી છૂટી જવાયું તેથી આનંદ થયો. તે પેલા અડધિયાને અડવા ઇચ્છતો ન હતો પણ તેમ કરતાં પૂરી થવા આવેલી વાત પુનઃ શરૂ થઇ જાય એ બીકે તેણે અડધિયું પોતાના પાકીટમાં મૂકવા ઉપાડી લીધું. અડધિયાની બીજી બાજુ જોતાં તેના ઉપર હાથથી લખીને ઘુંટેલો "સ્વર્ગ" શબ્દ દેખાયો. થોડી પળ તે તે અક્ષરો તરફ જોઇ રહ્યો. તેણે ઝટપટ પાકીટ ઉઘાડી તેમાં અડધિયાને મૂકી દીધું અને તેણે જલદી ઘેર પહોંચવા પગ ઉપાડયા. ઘેર પહોંચતાં પહોંચતાં તે સ્વસ્થ થઇ ગયો હતો. જુગુપ્સા અને કુતૂહલની લાગણીઓ દૂર થઇ ગઇ હતી અને અંતરમાં કંઇક સંતોષની લાગણી પ્રગટતી જણાઇ. ઘરમાં જઇ તેણે કુટુમ્બને પોતાની બઢતીના સમાચાર આપ્યા. બધાએ તેને હર્ષથી વધાવી લીધો સ્વજનો સાથે તે બેઠો ન બેઠો ને ઓફીસે જવા નીકળી પડયો. ઓફીસમાંથી જ પૈસા ઉપાડવાની ટેવવાળા રાજેન્દ્રે આજે ઘરમાંથી જ સો રૂપિયાની કડકડતી નોટો લઇ પાકીટમાં પેલા અડધિયા સાથે મૂકી. બરાબર ત્રણ વાગે ઓફીસે જવા ટેવાયેલો રાજેન્દ્ર પા કલાક પહેલાં ઓફીસે આવી પોતાની કેબીનમાં બેઠો. તેણે પટાવાળાને પેલા માણસનું વર્ણન આપીને કહ્યું કે તે આવે એટલે તેને પોતાની કેબીનમાં લઇ આવવો.

રાજેન્દ્ર કામમાં ચિત્ત લગાડી શકયો નહિ. કયારે પેલો માણસ આવે અને તેને સો રૂપિયા આપી વિદાય કરું એમાં જ ચિત્ત પરોવાયેલું હતું. ત્રણ થયા પણ કોઇ આવ્યું નહિ. પાંચ પંદર મિનિટ ઉપર થઈ અને તેને ચટપટી થઇ. બેલ મારી પટાવાળાને બોલાવ્યો અને પેલા માણસની પૂછપરછ કરી. પટાવાળાએ એવું કોઇ નહિ આવ્યાનું જણાવ્યું. પટાવાળાને ફરી સૂચના આપી તાકીદ કરી કે તે આવે તો તેને તેની પાસે તુરત લઇ આવવો. ચાર થયા, પાંચ થયા પણ કોઇ આવ્યું નહિ. રાજેન્દ્ર જાતે બહાર નીકળી રસ્તા ઉપર નજર નાંખી આવ્યો પણ કોઈ જણાયું નહિ. સમય થતાં માણસો ચાલ્યા ગયા પરંતુ રાજેન્દ્ર કેબીનમાં રાહ જોતો બેસી રહ્યો. રાહ જોઇને થાકીને તે મોડો ઘેર જવા નીકળ્યો પણ ચોકીદારને કહેતો ગયો કે પેલો માણસ આવે તો તેને પોતાને ઘેર લઇ આવવો.

રાજેન્દ્રે ઘણા દિવસ રાહ જોઇ પણ કોઇ આવ્યું નહિ. પેલું અડધિયું અને સો રૂપિયાની નોટો જેમની તેમ પડી રહી. રાજેન્દ્રે તે પાકીટ જ અકબંધ એક બાજૂએ કબાટના ખાનામાં મૂકી દીધું.

... ... ... ... ... ... ... ... ...

ત્રણ ચાર દાયકાના અંતે રાજેન્દ્ર પુત્ર પરિવારથી વીંટળાએલો પલંગ ઉપર સૂતો હતો. ડૉકટરોની પેનલ ઉભા પગે તેની સારવારમાં હાજર હતી. પુત્રો અને પત્ની રાજેન્દ્રની છેલ્લી ઇચ્છા જાણવા પૂછપરછ કરી રહ્યાં હતાં. કંઇક ચેતના આવતાં તેણે મોટા પુત્રને ઇશારો કરી કબાટમાંથી પેલું જૂનું પાકીટ મંગાવ્યું. તેમાંથી પોતાને હાથે સો રૂપિયાની નોટો અને ટીકીટનું અડધિયું કાઢયું. ટીકીટના અડધિયાને પોતાની મુઠીમાં રાખી પૈસા મોટા પુત્રના હાથમાં મૂકી તેને ગરીબ-ગુરબાંને વહેંચી દેવા સાનમાં સમજાવ્યું. પુત્રે શ્રદ્ધાપૂર્વક પૈસા બે હાથમાં લઈ લીધા અને માથું હલાવી અને આંખના ભાવથી પિતાને સમજાવ્યું કે તે પ્રમાણે કરશે. રાજેન્દ્રે છેલ્લો શ્વાસ મૂકયો અને આંખ મીંચાઈ ગઇ. મરણોત્તર શબની ક્રિયાવિધિમાં તેમની મુઠીમાંથી ટીકીટનું અડધિયું તેમના મોટા પુત્રે છોડાવ્યું ત્યારે તેની ઉપર લખાયેલો 'સ્વર્ગ' શબ્દ બધાની નજરે પડયો. ■

---


## સુવર્ણ જયંતી ફાળામાં

## આપનો

## ફાળો મોકલી આપશો.

---

## સાપ્તાહિકનું લવાજમ

## પાંચ રૂપિયા મોકલી આપશો.

# સર્વ વિદ્યાલય કેમ્પસ્‌માં બંધાઈ રહેલાં મકાનો



[૧]

### જૂનિયર ટેકનીકલ સ્કૂલનું શાળાનું મકાન

⊕

જેનું બાંધકામ પૂરું થવા આવ્યું છે. જૂન માસથી તે વપરાવું શરૂ થઇ જશે. એનું અંદાજી ખર્ચ બે લાખ બાસઠ હજાર છે.

-[卐]-



[૨]

### વર્કશૉપનું મકાન

જૂનિયર ટેકનીકલ સ્કૂલની વર્કશૉપના મકાનનો એક ભાગ : આ મકાન પણ પૂરું થઇ જવા આવ્યું છે. તે પણ આ વર્ષથી વપરાવું શરૂ થઇ જશે. એનું અંદાજી ખર્ચ એક લાખ પાંસઠ હજાર છે.

-[卐]-

[૩] **જૂનિયર ટેકનીકલ હોસ્ટેલનું મકાન :** પણ તૈયાર થઇ જવા આવ્યું છે. આ મકાનનો કેટલોક ભાગ હાલ વપરાઇ રહ્યો છે અને જૂનથી તે મકાન સંપૂર્ણ વપરાશમાં આવી જશે. એનું અંદાજી ખર્ચ બે લાખ સાડાત્રીસ હજાર છે.

**: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :**

## અંધાપો-ઇષ્ટાપત્તિ ?

હશે કેવાં માતા ? જનક, ભગિની, ભાઇ, સ્વજનો !
હશે મેરુ કેવા ? ગૃહ, જગત ને સૌ જગજનો ?
પદાર્થો શા કેવા ! ગૃહખચિત કૌશલ્ય વિરચ્યા !
હશે સૃષ્ટિ લીલા કશી ? અગણુ જીવો સુખ-મચ્યા !

હવા આંદોલાઈ પરશ પમરે આ અણુ અણુ !
પ્રકાશે લીંપાઈ ચલઅચલ દીપે અવનવું ?
મદીલી આ ખુશ્બુ ! સુમનરસ રેલાય સઘળે !
અહો પ્રજ્ઞાચક્ષુ ! અસલ અણુસારા કયમ મળે ?

કવચિત્ કર્ણે પીઉં કરુણ રસની ક્રંદન-કથા.
હવામાં ઘૂંટાતી અતલતલની માનવ વ્યથા.
હશે-કેવી વિશ્રી ? દગ નિરખતાં શું દડી પડે !
પ્રભુ ! પ્રજ્ઞાચક્ષુ ! ચખ-કણુ સ્વયં જો રડી પડે.

હશે શું અંધાપો કરણુ પ્રભુ કેરા ચરણુનો !
હશે ફંગોળાતો ભય અભય પામે મરણુનો.

રણુજિત પટેલ (અનામી)

## વાનરથી આઇન્સ્ટાઇન

કયાં કૂપકૂપ કરતો વન-વાનરો તે,
'બ્રહ્માસ્મિ' નાદ ગજવંત મનુષ્ય આ કયાં !
કયાં પ્રકૃતિ, નિયતિ-અંક ક્રીડન્ત પેલો !
વિજ્ઞાન - સૃષ્ટ ક્રમતો અહીં ચંદ્ર-લોક.

ઉત્ક્રાંતિને ક્રમ હશે પ્રગતિ સુ-રમ્ય !
ઉત્થાન ને પતનની સરણી અગમ્ય !
શું અંધ સર્ગ-બળ ને નિયતિની લીલા !
પ્રારબ્ધની ધરતીપે પડકાર - ચીલા !

સંઘર્ષ, યોગ, વિનિયોગ, સમાસ કેવાં
આસુરી કે પરિબળો ક્રમતાં મનુષ્ય
સંસ્કૃતિને શિખર ! આસન કાયમી વા
એ ઉચ્ચ - શૃંગથી હશે વિનિપાત ખીણુ !

હુંકાર-વાદળ રચે દુઃખ-અંધકાર,
માનવ્યના ઉદયથી ઉઘડે સ્હવાર.

રણુજિત પટેલ (અનામી)

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી રામચંદ વીરચંદ સોલંકી
હ. શ્રી ઇશ્વરલાલ રામચંદદાસ સોલંકી — કડી

**વાર્ષિક મદદના મળ્યા છે.**

૧૦૧) ડૉ. રામભાઇ એમ. પટેલ (કરણુનગરવાળા) — કડી

## ફાળાની રકમ મોકલી આપવા માટે વિનંતિ

[ ::-:: ]

સુવર્ણ જયંતી ફાળામાં લખાવેલી મદદ મોકલી આપવા વિનંતિ છે.–"સર્વ વિદ્યાલય કેળવણી મંડળ"–ના નામના ક્રોસ કરેલા ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતિ છે.

મંત્રી

## સંસ્થા સમાચાર

નવીન સર્વ વિદ્યાલય - વડનગરનું એસ. એસ. સી નું પરિણામ ૭૦.૫% આવ્યું છે. ૭૮ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી ૫૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

શાળાનો વિદ્યાર્થી શ્રી નારાયણુ માધવલાલ પટેલ વડનગરની ત્રણે શાળાઓમાં (ભાઇઓમાં) સૌથી વધુ ગુણુ મેળવી પ્રથમ આવે છે. ૫૩૮/૭૦૦ એટલે કે ૭૭% ગુણુ.

શાળાની વિદ્યાર્થીની કુ. ચંદ્રિકા વિઠલદાસ પટેલ વડનગરની ત્રણે શાળાઓમાં (બહેનોમાં) સૌથી વધુ ગુણુ મેળવી પ્રથમ આવે છે. ૪૫૧/૭૦૦ એટલે કે ૬૪.૪% ગુણુ.

S. S. C. ના વડનગર કેન્દ્રમાં પ્રથમ આવતા વિદ્યાર્થી પણુ શ્રી નારાયણુ માધવલાલ પટેલ છે : ૭૭% ગુણુ.

આમ ઉપરોક્ત બંને વિદ્યાર્થી ભાઈબહેન સ્થાનિક ડૉ. કે. એમ શાહના સુવર્ણ ચંદ્રકના વિજેતા બને છે અને ત્રણે સુવર્ણ ચંદ્રકો આ શાળામાં જ આવે છે.

For

**QUALITY, FASHION and RELIABILITY**

**insist on fabrics manufactured by**

## The Bharat Vijay Mills Ltd, Kalol (N. G.)

Manufacturers of :

Terrycotton Shirtings and Suitings Two x Two Mercerised Eva Shrunk Dyed, Bleached and Printed Tussore Coatings, Wash-n-Wear Coatings, Mercerised Deep shade poplin, Marcerised Eva Shrunk Drop Box Shirtings and Patto, Resist & Screen print Poplins, Cambric, Lawn, Two x Two superfine Poplins etc. etc.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## સાયન્સ કૉલેજ, કડી

**સમય : બપોરનો : ફોન નં. ૩૪**

૧ એસ. વાય. બી. એસસી. અને ટી. વાય. બી. એસસી. કેમીસ્ટ્રીમાં પ્રવેશ આપવાનું ચાલુ છે.

૨ ચાલુ સાલે કૉલેજ હોસ્ટેલ માટે સંસ્થાએ પૂરતી સગવડોવાળું નવું મકાન બાંધેલું છે જેમાં પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓને રહેવાની સગવડ મળી શકશે.

૩ ગુજરાતની પ્રસિદ્ધ કેળવણી સંસ્થાના વિદ્યાર્થી આશ્રમની ભોજન વ્યવસ્થા પ્રમાણે કૉલેજ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને ઉત્તમ ભોજનની સાથે સાથે ખર્ચમાં રાહત પણ મળે છે.

૪ કડીની આજુબાજુના ગામડેથી આવજા કરવા માટે રેલ્વે તથા બસની પૂરેપૂરી અનુકૂળતા છે.

૫ આર્થિક મુશ્કેલીવાળા વિદ્યાર્થીને હપ્તેથી ફી ભરવાની અનુકૂળતા છે અને તેમને મફત પાઠ્યપુસ્તકો પણ આપવામાં આવે છે.

એન. જે. પટેલ
પ્રિન્સિપાલ

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૮–૬–૭૦

153


# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૫-૬-૭૦ [ અંક ૩૯


## સર્વ વિદ્યાલયમાં માધ્યમિક શાળા ગણિત પ્રોજેક્ટ

**શ્રી મોહનભાઇ પટેલ**

કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ તરફથી માધ્યમિક શાળા ગણિતનો એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ગુજરાત રાજ્યની સમગ્ર માધ્યમિક શાળાઓમાંથી પસંદ કરેલી સત્તાવીશ શાળાઓમાં ધરવામાં આવશે. આ સત્તાવીશ શાળાઓમાં ૮ અમદાવાદની છે અને ૧૯ અમદાવાદ બહારની છે. એ ૧૯ શાળાઓ પૈકી એક આપણી શાળા છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીની બધી યે શાખાઓમાં અસાધારણ ગતિથી પ્રગતિ થઇ રહી છે. આ પ્રગતિના પાયામાં ગણિત આશ્ચર્યકારક ભાગ ભજવે છે. અણુને લગતી શોધ ચાલતી હોય કે અવકાશને લગતી ખોજ હોય, ગણિતની મદદ વગર આગળ વધી શકાય એમ નથી. પણ આ ગણિત હવે પેલા પુરાણી સંકલ્પનાઓથી ઘણું ભિન્ન છે. નવું ગણિત વણસંકળાયેલા જુદા જુદા વિષયોની હારમાળા જેવું રહ્યું નથી. પ્રથમ દૃષ્ટિએ આ નવું ગણિત પુરાણા ગણિત સાથે નહાવા નીચોવવાના સંબંધવાળુંય ન હોય એવું લાગે છે. અને આથી આ ગણિત ઘણું જ જરૂરી હોવા છતાં એના અભ્યાસક્રમને એકાએક શાળાઓમાં દાખલ કરી દેવામાં પણ જોખમ ખરું. ભારતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્યે આ દિશામાં ઝડપી પ્રગતિ શરૂ કરી છે. ધોરણ ૫-૬-૭ના અભ્યાસક્રમમાં તો પહેલું કદમ મંડાઇ પણ ચૂક્યું છે. એ ઉપરાંત કૉલેજના પ્રથમ વર્ષમાં (પ્રિ. યુનિવર્સિટીના વર્ષમાં) પણ એ દાખલ થઇ ચૂક્યું છે. ધો. ૫-૬-૭ના અભ્યાસક્રમના આધારે ક્રમશઃ ઇ. સ. ૧૯૭૩ માં ધોરણ ૮ માં એ દાખલ પણ થશે. એટલે ૧૯૭૩ માં આખાયે ગુજરાત રાજ્યમાં ધોરણ ૮ માં આ નવું ગણિત શરૂ થશે.

પણ એ પહેલાં એના માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા તેમ જ એ અંગેની જરૂરી સમજ કેળવવા અને એ બાબતમાં ઘટતી તૈયારીઓ થઇ શકે એ આશયથી જૂન ૧૯૭૦ એટલે કે ચાલુ સાલથી ઉપર જણાવીને ૨૭ શાળાઓમાં મરજિયાત ધોરણે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. પ્રોજેક્ટની શરૂઆત ધોરણ ૮ થી થાય છે.

નવા ગણિતનો અભ્યાસક્રમ ભણનાર વિદ્યાર્થીને જૂના ગણિતશાસ્ત્રનાં પાઠયપુસ્તકો ભણવાનાં નથી. એક વખત આ અભ્યાસક્રમ શરૂ કરનાર વિદ્યાર્થી S. S. C. પાસ થાય ત્યાં સુધી એને છોડી દઇ શકે નહીં. મતલબ કે જે વિદ્યાર્થી ધોરણ ૮ માં નવું ગણિત શીખવાનું શરૂ કરે એ અધ વચ્ચેથી ફરી પાછું જૂનું ગણિત ભણવાનું શરૂ કરી શકે નહીં. વળી આ અભ્યાસક્રમ લેનાર વિદ્યાર્થીને નાપાસ થવાનું પોસાય નહીં. કારણ કે જો એ નાપાસ થાય તો પછીને વર્ષે એ વર્ગમાં પ્રોજેક્ટ હોય નહીં. (ધો. ૮ માં જે વિદ્યાર્થીઓએ પ્રોજેક્ટમાં ભાગ લીધો એ S. S. C. પાસ થાય ત્યાં સુધી એ પ્રોજેક્ટ આગળ વધ્યા કરે) એટલે આમાં શાળા તથા શિક્ષકોની જવાબદારી ઘણી વધે છે જ. આથી કોમ્યુનિટી સાયન્સ સેન્ટરે શિક્ષકોને તાલીમ આપવા ઓપ વર્ગોની વ્યવસ્થા કરી છે. અને આ કાર્યમાં અધ્યાપન માટે ચૂનંદા શિક્ષકો જ પસંદ કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીને આ પ્રોજેક્ટને લીધે જ પાછળ રહી જવાનું ન બને.

આ જવાબદારીને લીધે આ પ્રોજેક્ટ માટે જે વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવે એ ઉમંગી, કંઇક અંશે તેજસ્વી અને બધા વિષયોને સરખી રીતે જાણનારા હોય. આ પ્રોજેક્ટ કોઇ વિદ્યાર્થી ઉપર લાદી શકાય નહીં.

આટલા માટે જ આ પ્રોજેક્ટમાં ભાગ લેનાર વિદ્યાર્થી આ વાત જેટલી સમજે એટલી જ એના વાલીએ પણ સમજવી જરૂરી છે. આ પ્રોજેક્ટમાં ભાગ લેનાર વિદ્યાર્થી કૉલેજમાં જાય એટલે કૉલેજમાં દાખલ થયેલા નવા અભ્યાસક્રમ માટે તૈયાર થઈ ચૂકયો હોય એ એને એક મોટો ફાયદો ખરો પણ આ ચાર વર્ષ એણે અભ્યાસક્રમમાં નાપાસ થયા સિવાય આગળ ધપ્યે જ જવું જોઈએ એ વાત વાલીઓએ પણ જાણી લેવી જોઈએ.

વાલીઓને આ વાત સમજાવવા માટે અને ગણિતશાસ્ત્રના આ નવા અભ્યાસક્રમની ચર્ચા કરવા માટે ચાલુ મહિનાની પાંચમી તારીખે સર્વ વિદ્યાલયમાં વાલીઓની એક સભા રાખવામાં આવી હતી. પ્રોજેક્ટમાં નભી શકે એવા ૧૨૫ વિદ્યાર્થીઓના વાલીઓને આ સભામાં હાજર રહેવા પત્રિકા દ્વારા કેટલીક વિગતો આપીને હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આટલી મોટી સંખ્યામાં આમંત્રણ આપવા છતાં એ સભામાં માત્ર બાર વાલીઓએ રસ દાખવીને હાજરી આપી હતી! આ બાબત થોડી નિરાશા ઉપજાવે એવી છે. વિકસતા વિજ્ઞાનના જમાનામાં પોતાના બાળકને મળતી આવી મોંઘી તકમાં વાલી રસ ન દાખવી શકે એ વાત ઉત્સાહજનક તો નથી જ. ‘નવું ગણિત’ અઘરું હશે એવો કાલ્પનિક ભય પણ આમાં થોડો કારણરૂપ હોય. પણ એવું નથી. ઉલટું, વર્ષોથી જે ગણિત આપણે શીખીએ–શીખવીએ છીએ એ માત્ર યાંત્રિક પ્રક્રિયાઓ શીખવે છે. પુસ્તકમાં વિષયની સમજ અધૂરી અને નહિવત હોય છે. આ કારણથી બાળકો માટે ગણિત કંટાળારૂપ વિષય બનેલો છે. નવા ગણિતના પાઠ્યપુસ્તકમાં તર્કબદ્ધ રીતે કરેલો વિષયવિસ્તાર બાળકને વિષયમાં રસ પેદા કરે એવો છે.

આ પ્રોજેક્ટ માટે ધોરણ ૮ નો એક અલગ વર્ગ પસંદ કરવો પડે. આ વર્ગમાં ઓછામાં ઓછા ૪૦ વિદ્યાર્થીઓ પસંદગી પામે તો જ આ કાર્ય આગળ વધી શકે.

આ બાબતમાં ધોરણ ૮ ના વિદ્યાર્થીના વાલી સાથે રૂબરૂ ચર્ચા પણ થઈ શકે અને એ અંગે વિશેષ માર્ગદર્શન પણ મળી શકે.

આ મહિનાના અંત સુધી પણ યોગ્ય વિદ્યાર્થીઓને આ પ્રોજેક્ટમાં સામેલ કરી શકાશે. આ બાબતમાં રસ ધરાવનાર વાલીઓએ શાળાની ઑફિસે સંપર્ક સાધવો. ■


## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# સાયન્સ કૉલેજ, કડી

**સમય : બપોરનો : ફોન નં. ૩૪**

૧ એસ. વાય. બી. એસસી. અને ટી. વાય. બી. એસસી. કેમીસ્ટ્રીમાં પ્રવેશ આપવાનું ચાલુ છે.

૨ ચાલુ સાલે કૉલેજ હોસ્ટેલ માટે સંસ્થાએ પૂરતી સગવડોવાળું નવું મકાન બાંધેલું છે જેમાં પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓને રહેવાની સગવડ મળી શકશે.

૩ ગુજરાતની પ્રસિદ્ધ કેળવણી સંસ્થાના વિદ્યાર્થી આશ્રમની ભોજન વ્યવસ્થા પ્રમાણે કૉલેજ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને ઉત્તમ ભોજનની સાથે સાથે ખર્ચમાં રાહત પણ મળે છે.

૪ કડીની આજુબાજુના ગામડેથી આવજા કરવા માટે રેલ્વે તથા બસની પૂરેપૂરી અનુકૂળતા છે.

૫ આર્થિક મુશ્કેલીવાળા વિદ્યાર્થીને હપ્તેથી ફી ભરવાની અનુકૂળતા છે અને તેમને મફત પાઠ્યપુસ્તકો પણ આપવામાં આવે છે.

એન. જે. પટેલ
પ્રિન્સિપાલ

# ગભરાવી મારવામાં આવ્યા છે

શ્રી પુરૂષોત્તમદાસ પટેલ

એ બાવો આવ્યો. એ સિપાઈ આવ્યો. એવી રીતે બીવડાવી છોકરાંને છાંનાં રાખવામાં આવતાં. એને લઈ છોકરાં બાવો જુએ કે સિપાઇ જુએ એટલે બીકનાં માર્યાં રડવા મંડી પડતાં.

આને લઇ છોકરાં નાહિંમત અને નમાલાં બનતાં. આમાં દોષ એમને બીવડાવી છાનાં રાખનાર વડીલોનો હતો.

આવુંજ ઉચ્ચ ગણિતનું માધ્યમિક શાળાઓમાં થયું છે.

બીજગણિત અને ભૂમિતિ પ્રથમ મેટ્રીકની પરીક્ષામાં ફરજિયાત વિષયો હતા. એ વિષયો કોઇપણ વિદ્યાર્થીને અઘરા પડતા નહિ

પણ શિક્ષણ નિષ્ણાતોએ એલીમેન્ટરી મેથ્સ ઉભું કર્યું અને બીજગણિત ભૂમિતિને અઘરા ગણ્યાં અને તેથી વિદ્યાર્થીઓમાં ધડક પેસી ગઇ અને એલીમેન્ટરી મેથ્સ લઇ એસ. એસ. સી. ની પરીક્ષા પાસ કરવાની પ્રેરણા પેદા થઇ.

શાળાના પરિણામ સારાં લાવવા શિક્ષકો–આચાર્યો પણ વિદ્યાર્થીઓને બીજગણિત અને ભૂમિતિ – હાયર મેથ્સ છોડી દેવા સલાહ આપવા લાગ્યા.

બીજગણિત અને ભૂમિતિ–હાયર મેથ્સ તર્ક શક્તિ–વિચાર શક્તિ તેજ કરે છે; એટલું જ નહિ પણ વિદ્યાર્થીઓમાં ચોકસાઇ લાવે છે– એનામાં ખંતની વૃત્તિ પેદા કરે છે.

ચોકસાઇ અને ખંતવૃત્તિ- જીવનની સફળતા માટે ખૂબ જરૂરી છે.

આ બે ગુણોના અભાવને લઇ નવી પેઢીને ખૂબ સહન કરવું પડે છે. ચોકસાઈ અને ખંતવૃત્તિના વિકાસના અભાવને લઇ કોઇપણ કામ ચોકસાઇ અને ખંતપૂર્વક કરી શકતો નથી. અને થોડી નિષ્ફળતા મળતાં અધવચ્ચ છોડી દે છે.

શિક્ષણનો હેતુ અક્ષરજ્ઞાન કે ઉપાધિ–ડીગ્રી નથી પણ વિદ્યાર્થીનું ઘડતર કરવાનો છે. એના જીવનમાં ઉપયોગી થાય અને વાવાઝોડા સામે ટકી શકે તેવા એનામાં રહેલા ગુણોને વિકસાવવાનો અને એ ગુણોને સુદૃઢ કરવાનો છે.

ઉચ્ચ ગણિત–હાયર મેથ્સ–બીજગણિત અને ભૂમિતિ જુનિયર ટેકનીકલ સ્કૂલ–કડીમાં ફરજિયાત વિષયો છે. આમ છતાં ગયા વર્ષે અને ચાલુ વર્ષે જુનિયર ટેકનિકલ સ્કૂલના છેલ્લા વર્ષની પરીક્ષા ગુજરાત ટેકનીકલ બોર્ડે લીધી તેમાં કડી જુનિયર ટેકનીકલ સ્કૂલનાં ૧૦૦% પરિણામ આવ્યું છે. જુનિયર ટેકનિકલ સ્કૂલમાં અંગ્રેજી વિષય ફરજિયાત છે. આ ઉપરાંત ફીઝીકસ અને કેમીસ્ટ્રીના વિષયો ફરજિયાત છે.

આમ છતાં સો ટકા પરિણામ આવ્યાં. જુનિયર ટેકનિકલ [illegible]માં આ વિષયો ફરજિયાત છે તેવું સમજી વિદ્યાર્થીઓ દાખલ થયા. એમને આ વિષયો અઘરા ના લાગ્યા. ટેકનિકલ વિષયો સાથે પરીક્ષા આપી. અંગ્રેજી, ઉચ્ચ ગણિત અને ફીઝીકસ–કેમીટ્રીના વિષયો સાથે છતાં સો ટકા પરિણામ.

એમનામાં સહસ, ચોકસાઇ અને ખંતના ગુણો વિકસ્યા.

આ વિદ્યાર્થીઓ જીવનમાં પાછા નહિ પડવાના, હતાશ નહિ થવાના. નિષ્ફળતાને સફળતામાં લાવવા મથવાના, ચોકસાઇ અને ખંતપૂર્વક.

કડી સર્વ વિદ્યાલયનો પણ સુખદ અનુભવ થયો છે. ટેકનિકલ વિષયો સાથે એસ. એસ. સી. ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ તેમજ ટેકનીકલ વિષયો સિવાય એસ. એસ. સી.ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલયમાં છે.

આ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓમાં ટેકનિકલ વિષયો સાથે પાસ થયેલાની ટકાવારી વધારે છે.

ઉચ્ચ ગણિત સાથે સીતેર ટકા જેટલા વિદ્યાર્થીઓ પાસ થયા છે, એટલું જ નહિ પણ ઉચ્ચ ગણિત સાથે પરીક્ષામાં બેઠેલાની નાપાસ થવાની ટકાવારી ઓછી છે.

ઉચ્ચ ગણિતશાસ્ત્ર સાથે બેઠેલાઓના માર્ક્સ ઉચ્ચ ગણિત સિવાય બેઠેલા વિદ્યાર્થીઓએ મેળવેલા માર્ક્સ કરતાં વધારે છે.

આમ ઉચ્ચ ગણિતશાસ્ત્ર પાસ થવામાં આડે આવતું નથી પણ વિદ્યાર્થીઓમાં ચોકસાઈ અને ખંતના ગુણમાં વધારો કરતા હોવાથી બીજા વિષયોમાં પણ સારા માર્ક્સ મેળવે છે.

આ પ્રયોગ બીજી શાળાઓએ કરવા જેવો છે. સર્વ વિદ્યાલયમાં મોટા ભાગના–ઘણા મોટા ભાગના વિદ્યાર્થીઓ અંગ્રેજી, ઉચ્ચ ગણિત અને ફીઝીકસ કેમીસ્ટ્રી સાથે એસ. એસ. સી. ની પરીક્ષામાં બેઠા હતા અને સર્વ વિદ્યાલયનું પરિણામ ૭૦% આવ્યું છે.

એ જોતાં જણાય છે કે અંગ્રેજી, ઉચ્ચ ગણિત, ફીઝીકસ-કેમિસ્ટ્રી શાળાના પરિણામને બગાડતાં નથી અને ઉપરાંત વિદ્યાર્થીના ભવિષ્યને પણ બગાડતાં નથી બલકે સુધારે છે.

---

[ પાન ૪ ઉપરનું ચાલુ ]

'આ સિવાય ઓરડામાંની કેટલીક અદૃશ્ય વસ્તુઓ પણ જોયેલી. જે ખાત્રી કરતાં સત્ય ઠરેલી...'

કુલકર્ણીના અનુભવ સિવાય પણ એવા સંખ્યાબંધ અનુભવો કેટલાકોને થયેલા છે જે ખરેખર હેરતઅંગેજ છે. પ્રેત–યોનિના અસ્તિત્વની ખાત્રી કરાવે એવા છે. જો કે આજે પ્રેતાત્માને નામે જે ઢોંગ અને બનાવટ ચાલે છે એને પરિણામે લોકો એના અસ્તિત્વને નકારે છે. પણ એનું સત્ય સ્વીકારાઇ ચૂક્યું છે એ નિર્વિવાદ છે.

# 'પ્રેતાત્માનું અસ્તિત્વ'

શ્રી રૉય

ભારતમાં મંત્રવિદ્યા અને પ્રેતાત્મવિદ્યા બંને અત્યંત પ્રાચીન છે. આપણા તથા અન્ય ધર્મોના પ્રાચીન ગ્રંથોમાં પણ પૈશાચિક શક્તિના મલિન અને શુભ આશયવાળા અદ્ભૂત કૃત્યોના કરનારા દેવતાઓ, પિશાચો તથા ભૂતો વગેરેના ઉલ્લેખો ઉપલબ્ધ છે. ભગવાન શંકરને 'ભૂતેશ' કહેવામાં આવે છે. આ ઉપરાંત 'મહિમ્ન સ્તોત્ર' માં 'स्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचराः ।' કહેવામાં આવ્યા છે.

દુનિયાના લગભગ બધા દેશોના લોકો સામાન્ય રીતે ભૂત-પ્રેતના અસ્તિત્ત્વને તેમજ પ્રેતાત્મ વિદ્યાને માન્ય લેખે છે. જો કે આજના વિકસિત પ્રગતિશીલ વિજ્ઞાને આ વસ્તુને વહેમ, ઢોંગ, ભ્રમ તથા જૂઠાણું કહી ફગાવી દેવા પ્રયત્ન કર્યો છે. પણ એય એના અસ્તિત્ત્વને દઢતાથી નકારી પણ શકતા નથી. આધુનિક કાળમાં આ પ્રેતાત્મ વિદ્યા અને તેનો વિકાસ વિજ્ઞાન-શાસ્ત્રની એક શાખા તરીકે થઇ રહ્યો છે થીઓસૉફીએ પણ પ્રેતાત્મવિદ્યાને મનુષ્યના જીનવની સુધારણા માટે સારી પેઠે લોકપ્રિય કરી છે. લોકોએ એમનું ઐહિક જીવન સુધારવું જોઇએ. પ્રેતયોનિ જે વાસનાબદ્ધ અને દુઃખી હોય છે એમની ઊર્ધ્વગતિ માટે એમની વાસનાને તિરોહિત કરવામાં પ્રેતાત્મ-વિદ્યાના જાણકારોએ સહાયભૂત થવું જોઇએ એવું એ માને છે. પુનર્જન્મનો સિદ્ધાંત સત્ય છે. પ્રેતાત્માઓની વાસનાબદ્ધ–દુઃખી અવસ્થાના જ્ઞાનથી મનુષ્ય ઇહિલોકનું જીવન સુંદર, નીતિમાન અને પ્રામાણિકપણે ગાળે તો પુનર્જન્મ પહેલા કરતાં ઉચ્ચ પ્રકારનો થાય એવી માન્યતામાં માને છે.

હિન્દુશાસ્ત્રના ઉત્ક્રાંતિવાદના નિયમ મુજબ દરેક આત્મા જુદી જુદી યોનીઓમાં જન્મ પામી, અનુભવો લઈ જુદાં જુદાં સત્યો વડે કર્મોનું વિરેચન કરી અનુક્રમે તરક્કી કરતો હોય છે. અને 'લખ ચોર્યાશી'ના ફેરામાં ભટકે છે એમ કહેવાય છે. યથાર્થમાં એ ઉત્ક્રાંતિ છે. પુનર્જન્મ સિવાય આ ઉત્ક્રાંતિ શકય નથી. પૂર્વજન્મના સંસ્કારોનું અને સ્મરણોનું અસ્તિત્વ સિદ્ધ કરતા તો અનેક પુરાવાઓ છે અને તે બધા પુનર્જન્મના સિદ્ધાંતને ટેકો આપે છે. પ્રેતાત્મવિદ્યાને આધારે પણ પુન-ર્જન્મના અસ્તિત્વનાં અનેક દૃષ્ટાંતો મળે છે

ભૂત–પ્રેતની યોનિના અસ્તિત્વ અંગે અનેક મતો છે. આને માટે શોધકબુદ્ધિ, નિષ્પક્ષ વલણ અને સત્ય વસ્તુની ખેવના અનિવાર્ય છે. આને અંગે સત્યશોધ કરનારા વિદ્વાનોને અદ્ભૂત ચમત્કારોનો અનુભવ થયો છે. એમણે એ સત્યો રજૂ કરી પ્રેતાત્મવિદ્યાની પ્રતીતિ જગતને કરાવી છે હિન્દુશાસ્ત્રમાં 'ગરુડપુરાણ' માં ઉલ્લેખ છે. ખ્રિસ્તી, ઇસ્લામ, જૈન વગેરે ધર્મોમાં પણ ભૂત–પ્રેતના અસ્તિત્વના પુષ્કળ પુરાવા મળે છે. સેંટ લ્યુક, સેંટ પોલ. કવિશ્રી એડવીન આર્નોલ્ડે આ અંગે ઘણું લખ્યુ છે. 'રિવ્યુ ઓફ રિવ્યુઝ'ના અધિપતિ સર વિલિયમ સ્ટેડે એમની 'Real Ghost Stories' માં ભૂત–પ્રેતના અસ્તિત્ત્વનો સ્વીકાર કર્યો છે. બર્મિંગહામ યુનિ. ના પ્રોફેસર સર ઑલિવર લૉજે 'સોસાયટી ફોર સાઇકીકલ રીસર્ચ' સમક્ષ વાંચેલા લેખમાં પણ ભૂત–યોનિના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. આ ઉપરાંત ફ્રેન્ચ પ્રોફેસર શાર્લ રીશે, પ્રો. સીજવીક, વેદશાસ્ત્ર–પારંગત શ્રી સદાશીવશાસ્ત્રી તાંબે, જાણીતા થીઓ-સૉફીસ્ટ શ્રી લેડબીટરે 'The other side of Death' નામના પુસ્તકમાં, શ્રી જહોન લોબે પોતાના પુસ્તક 'Busy Life Beyond Death' માં જાત અનુભવ દ્વારા ભૂત–પ્રેતના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે.

જો કે આ વસ્તુને ન માનનારાઓનો પણ મોટો વર્ગ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે. તેઓ આને મનની નિર્બળતા, વહેમ અને ભ્રાંતિ ગણે છે. ભૂત અંગેની અતિશયોક્તિભરી કલ્પિત વાત ડરપોક દિલના માનવી આગળ કરવાથી એ માનવીના મનમાં એનો ભ્રમ પેદા થાય છે. જે ધીરેધીરે એના મનઃચક્ષુ આગળ ભૂતના રૂપમાં આકાર પામે છે. એનાથી ભય પામી ભૂતના અસ્તિત્વને સ્વીકારી લે છે. 'ચાંદની રાતમાં આકડો' ભૂતનો જ ખ્યાલ આપે છે. એ કેવળ આપણી માનસિક ભ્રમણા જ છે. નરી કલ્પના છે. માનસવિદ્યાના ચમત્કારો દ્વારા પણ ભૂત–પ્રેતના અસ્તિત્વને મનાવવાની કોશિશ થાય છે. પરંતુ પ્રેતાત્મવિદ્યાને પ્રાચીન મતથી તેમજ આધુનિક મતથી જે ટેકો મળેલ છે, તે જોતાં તેની વિરૂદ્ધનો પક્ષ ટકી શકતો નથી.

સૂક્ષ્મ દેહનો અનુભવ મૃત્યુ પછી જ થાય છે એ સર્વથા સત્ય નથી. જીવંત પ્રાણીને સૂક્ષ્મ દેહ હોય છે અને ઘણીવાર મનુષ્યને પોતાને તે દેહનો અનુભવ થાય છે. મનુષ્ય જ્યારે નિદ્રામાં હોય છે ત્યારે તેને સૂક્ષ્મ દેહનો અનુભવ થાય છે. ઉદાહરણ તરીકે– શ્રી રામચંદ્ર વિનાયક કુલકર્ણીએ પોતાની પોતાની ડાયરીમાં એક અનુભવ નોંધ્યો છે.–

'તાસ ગાંવનો વિઠુ યેસુજી પાટીલ સખત માંદો હતો. કુલકર્ણી પાસે જ બેઠો હતો. પેલો અસહ્ય વેદનાથી ધીરેધીરે બેસુધ થઇ ગયો. થોડીવારે હાથપગ ઠંડા પડી ગયા, નાડીના ધબકારા અટકી ગયા શ્વાસોચ્છ્વાસ પણ... ડૉકટરે એને મૃત્યુ પામેલો જાહેર કર્યો. એટલે સૌ કલ્પાંત કરવા લાગ્યા. એની ઉત્તરક્રિયાની વ્યવસ્થા થવા લાગી.

થોડીવારે વિઠુનો શ્વાસ પુનઃ ચાલુ થયો. કુલકર્ણી તેમજ બીજા સૌને આશ્ચર્ય થયું કુલકર્ણીએ એને આ અંગે પૃચ્છા કરી. એણે કહ્યું : 'જાણે કોઇએ મને મારા શરીરમાંથી ખેંચી કાઢયો. હું તદ્દન વિકારરહિત મુક્ત હતો. હું બધાને જોઈ શકતો હતો, વિલાપ કરતા સાંભળી શકતો હતો. પણ કંઇ કહી શકતો નહોતો. મારું શબ પડેલું હું જોઇ શકતો હતો. કલ્પાંત કરનારાના વિના કારણ દુઃખ માટે મને ખેદ થયો. એટલામાં કોઇએ મને મારા શરીરમાં ધકેલી દીધો...'

[ અનુસંધાન પાન ૩ ઉપર ]

## એસ. એસ. સી. પાસ વિદ્યાર્થીઓ માટે એક ઉપયોગી અભ્યાસક્રમ

# ફાર્મ મિકેનિક (કૃષિયંત્ર) તાલીમ વર્ગ

કૃષિમાં વપરાતાં યંત્રો જેવાં કે ઑઇલ એન્જીન-પંપ, ઈલેકટ્રીક મોટર પંપ, ટ્રેકટર તથા અન્ય યંત્રોની દુરસ્તી, મોટરનું રીવાઇન્ડીંગ તથા દુરસ્તીનું પ્રદ્ધતિસરનું શિક્ષણ તથા જે તે યંત્ર ઉપર પ્રત્યક્ષ કામનો અનુભવ અને તાલીમ આપવા માટેનો '**ફાર્મ મિકેનિક( કૃષિયંત્ર) તાલીમ વર્ગ**' તા. ૧-૭-૭૦ થી સર્વ વિદ્યાલય કેમ્પસ્‌માં શરૂ કરવામાં આવશે.

આ વર્ગમાં એસ. એસ. સી. પાસ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે. પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓનું નામ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલું હોવું જોઇએ અને તે કચેરી મારફત અરજી કરવી જોઈશે. આવી અરજી તા. ૨૬-૬-૭૦ સુધીમાં નીચેના સરનામે કરવી.

**ફાર્મ મિકેનિકનો** અભ્યાસક્રમ ૯ મહિનાનો છે. અભ્યાસક્રમને અંતે ગુજરાત રાજ્ય ટેકનિકલ પરીક્ષા બોર્ડ પરીક્ષા લેશે અને પાસ થનારને સર્ટિફિકેટ આપશે.

વર્ગમાં માત્ર **૧૫** વિદ્યાર્થીઓ લેવાના છે. દરેક વિદ્યાર્થીને માસિક રૂ. ૨૫) ( પચીસ ) સ્ટાઇપેન્ડ આપવામાં આવશે.

ફાર્મ મિકેનિક થવાથી ગુજરાત તેમજ બહાર રોજગારી માટે તક ઉભી થશે અને ઉપયોગી ધંધો હાથ લાગશે.

: નીચેના સરનામે અરજી કરો :

સંચાલક : ફાર્મ મિકેનિક વર્ગ

**ઠે. ટેકનિકલ સ્કૂલ - કડી**

સર્વ વિદ્યાલય કેમ્પસ, સ્ટેશન સામે : કડી (ઉ. ગુ.)


**સાત** વખત મારા અંતરાત્માને મેં ધિક્કાર્યો છે. એક મોટાઇ મેળવવા એને ઝુકી પડતો જોયો ત્યારે. **બીજી વાર** પાંગળાઓ આગળ તેને લંગડાતો દીઠો ત્યારે **ત્રીજી વાર** કઠિન અને સરળ વચ્ચે તેને પસંદગી કરવા કહ્યું તો તેણે સરળ પસંદ કર્યું ત્યારે. **ચોથી વાર** પોતે દોષ કરીને બીજા પણ એમ કરે છે, એમ કહીને પંડને પટાવ્યો ત્યારે. **પાંચમી વાર** નિજ નિર્બળતાને કારણે નમતું જોખીને એને વીરની ક્ષમામાં ખપાવી ત્યારે. **છઠ્ઠી વાર** કોઈના ચહેરાની કદરૂપતાને તેણે ધુત્કારી કાઢી, પણ એ તો પોતાનોજ મુખવટો છે એમ એ ન સમજ્યો ત્યારે. **સાતમી વાર** આત્મશ્રદ્ધાનાં ગીત ગાઇને એને સદ્‌ગુણ ગણ્યાં ત્યારે

—ખલિલ જિબ્રાન

ભવિષ્ય જોવાને હું માગતો નથી. વર્તમાનની સંભાળ રાખવાની મારી ફરજ છે. ઇશ્વરે મને આવતી પળો ઉપર કાબુ આપ્યો નથી.

આપણી આજુબાજુનો અભેદ્ય અંધકાર એ આશીર્વાદ છે શ્રાપ નથી. તેણે આગળનું એક જ પગથિયું જોવાની શક્તિ આપી છે. દૈવી પ્રકાશ તે આપણને બતાવે તે પૂરતું છે. ન્યુમેન સાથે આપણે ગાઇ શકીએ કે 'મારે એક ડગલું બસ થાય.' અને ભૂતકાળના અનુભવ ઉપરથી આપણને ખાત્રી છે કે બીજું ડગલું દૃષ્ટિએ પડશે. અભેદ્ય અંધકાર આપણે કલ્પી છીએ તેટલો અભેદ્ય નથી હોતો પરંતુ અધિરાઇથી આપણે એક ડગલાથી આગળ જોવા માગીએ છીએ ત્યારે તે અભેદ્ય લાગે છે.

—ગાંધીજી

## શ્રી ગુરુદયાલ મલિકજી—

શ્રી ગુરુદયાલ મલિકજી એક મિલનમાં કહે કે મારા ઘણા મિત્રો છૂપી રીતે અને ઉઘાડી રીતે માને છે કે હું કંઈક ચમત્કારી પુરુષ છું. એમને એ અજ્ઞાન દૂર કરવાનો મારાથી બનતો પ્રયત્ન કરું છું. પરંતુ એવા મિત્રો ઘણુંખરુ પોતાની કલ્પના અને માન્યતા ઉપર જ વધારે આધાર રાખે છે. મારા જેવા વિશ્વાસીનો વિશ્વાસ કરતા નથી. ચમત્કાર અને આત્મ-જીવનને કશો જ સંબંધ નથી. ચમત્કાર અને અધ્યાત્મને કશી જ લેવાદેવા કે સ્નાનસૂતક નથી.

પ્રાર્થનામાં મારી શ્રદ્ધા છે. બંદગીમાં હું નિષ્ઠાવાન છું એટલે જ્યારે કોઇ મિત્ર કે જાણીતાં સન્નારી કે સજ્જન કોઈ આશીર્વાદ માગે છે ત્યારે કહું છું કે ઇશ્વર પાસે તમારે માટે બંદગી કરીશ. પણ એનો અર્થ એ લોકો એવો ઘટાવે છે કે મારા આશીર્વાદ એમને મળી ગયા. અને આ આશીર્વાદના ચમત્કારથી હવે એમનું ધાર્યું થઈ જ જવાનું. અને જ્યારે ધાર્યું ના થાય ત્યારે આ ગરીબ બિચારા દાઢીવાળાનો વાંક કાઢે. કદાચ આવા ચમત્કારોની બાબતમાં મારો દેખાવ, મારી બાળક જેવી સરળ વાણી, પ્રભુને સતત શોધતી મારી પ્રાણભરી આંખો એમાં વધુ જવાબદાર હશે લોકોમાં નિર્દોષતા સમજવાની પણ શક્તિ હોતી નથી. ઇશ્વર-જિજ્ઞાસુની સાથે ચમત્કારોની દુનિયા જોડતાં લોકોને વાર નથી લાગતી. આમાં એવા જીવનભીરુ લોકોની પરાવલંબની ભાવના મોટો ભાગ ભજવતી હોય છે. માણસ સ્વાધીન અને સ્વાલંબી થવાથી ડરે છે, ને ગભરાય છે. કારણ કે એમાં જીવન કમાવા માટે કાળી મહેનત કરવી પડે છે. માણસોને ઇશ્વરકૃપા, ચમત્કારો અને આશીર્વાદો મેળવીને આત્મપુરુષાર્થની વૃત્તિશક્તિને રહેંસતા રહેવું છે. આવા આળસુ અને પરાધીન માણસો જીવનના મોટા શત્રુઓ છે.

સમર્પણ ]. કિશનસિંહ ચાવડા

## ગુજરાત રાજ્યમાં શિક્ષણ વિષયક પ્રગતિ : (૧૯૫૦-૧૯૬૫)

| | | ૧૯૫૦-૫૧ | ૧૯૬૫-૬૬ | ૧૯૬૮-૬૯ |
|---|---|---|---|---|
| | **સંસ્થાઓ :-** | | | |
| (૧) | યુનિવર્સિટીઓ | ૨ | ૫ | ૭ |
| (૨) | ઉચ્ચ શિક્ષણ માટેની અન્ય સંસ્થાઓ | ૩૧ | ૧૮૩ | ૨૫૦ |
| (૩) | માધ્યમિક શાળાઓ | ૩૩૩ | ૧,૫૯૦ | ૨,૦૧૦ |
| (૪) | પ્રાથમિક શાળાઓ | ૧૧,૧૮૯ | ૨૦,૨૪૨ | ૨૧,૮૦૦ |
| (૫) | ટેકનિકલ શિક્ષણ માટેની શાળાઓ | ૧૩૨ | ૪૪૭ | ૫૧૦ |
| (૬) | બીજી શિક્ષણ સંસ્થાઓ | ૧૮,૪૦૨ | ૨૭,૨૨૫ | ૩૦,૩૭૫ |
| | **વિદ્યાર્થીઓની સંખ્યા :-** | | | |
| (૧) | નિમ્ન પ્રાથમિક | ૧૦,૧૧,૨૭૯ | ૨૩,૮૩,૩૬૫ | ૨૬.૭૫ લાખ |
| (૨) | ઉચ્ચ-પ્રાથમિક | ૨,૪૦,૮૨૭ | ૭,૧૧,૦૪૦ | ૮.૨૭ લાખ |
| (૩) | માધ્યમિક | ૭૪,૨૮૧ | ૪,૭૮,૯૩૫ | ૬.૨૯ લાખ |
| (૪) | ઉચ્ચ શિક્ષણ | ૧૫,૯૫૪ | ૯૩,૩૪૦ | ૧.૨૫ લાખ |
| (૫) | વ્યવસાયી અને ટેકનિકલ શિક્ષણ માટેની શાળાઓ | ૮,૨૫૭ | ૪૭,૩૫૯ | ૦.૫૪ લાખ |
| (૬) | બધી કક્ષાએ નોંધાયેલ કુલ સંખ્યા | ૧૫,૧૩,૦૧૮ | ૩૮,૪૩,૪૦૭ | ૪૪.૪૬ લાખ |
| | **ખર્ચ :-** | (લાખમાં) | (લાખમાં) | (લાખમાં) |
| | સરકાર | ૪૨૪ | ૨,૦૮૦ | ૩૦૭૫ |
| | લોકલ ફંડ | ૨૬ | ૨૫ | ૩૨૫ |
| | ફી | ૧૩૩ | ૬૫ | ૮૨૦ |
| | બીજાં સાધનો | ૬૦ | ૪૩ | ૬૦૦ |
| | કુલ સરવાળો | ૬૬૩ | ૨,૨૧૩ | ૪૮૨૦ |

## માલની પ્રસિદ્ધિ અને વેચાણ માટે

'સુવર્ણ જયન્તી' દર અઠવાડિયે પ્રસિદ્ધ થાય છે. ૨૫૦૦ પ્રતો છપાય છે અને ૨૪૫૦ પ્રતો રવાના થાય છે.

ગુજરાતમાં પ્રસિદ્ધ થતાં અઠવાડિકોમાં વધુમાં વધુ પ્રચાર 'સુવર્ણ જયન્તી'નો છે ગુજરાતભરમાં એ વંચાય છે.

ઉત્પાદનની જાહેરાત 'સુવર્ણ જયન્તી'માં કરવાથી ગુજરાતભરના મોટા સમૂહને એની જાણ થાય. એથી ઉત્પાદનની પ્રસિદ્ધિ થાય અને વેચાણને વેગ મળે.

'સુવર્ણ જયન્તી' ગામડાના ખેડૂતોના અને નાના મોટા શહેરના નાગરિકોમાં ફેલાવો ધરાવે છે.

'સુવર્ણ જયન્તી'માં જાહેર ખબર પાછળ ખર્ચેલ રકમ ઊગી નિકળશે.

'સુવર્ણ જયન્તી' દ્વારા તમારા ઉત્પાદનની જાહેરાત કરશો.

તંત્રી,
'સુવર્ણ જયન્તી'


## શિક્ષણમાં મદદ કરો

નકામાં થયેલાં ઓઇલ એન્જીનો, પંપો, ઈલેકટ્રીક મોટરોનાં શિક્ષણ માટે દાન કરો. દાનનો પત્ર મળેથી અમારા ખર્ચે દાન મંગાવી લેવામાં આવશે.

સર્વ વિદ્યાલય કેમ્પસ
સ્ટેશન સામે, કડી

ફાર્મ મિકેનિક વર્ગ
ટેકનીકલ હાઈસ્કુલ–કડી
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડી.


## વાણી વિવેક

વાણી શબ્દથી યે ભિન્ન છે. વાણી પ્રધાન છે, શબ્દ તેને માટે સાધન છે. પરા વાચા સૂક્ષ્મ હોય છે. ઘણાને ખ્યાલ નથી કે મનમાં કોઈ ખોટો વિચાર આવ્યો અને બહાર પ્રગટ ન થાય તો પણ તેની દુનિયા પર ખરાબ અસર થાય છે. અને મનમાં કોઇ સારો વિચાર આવ્યો ને તે વાણીમાં પ્રગટ ન પણ થયો તો યે તેની દુનિયા પર સારી અસર પડે છે. તેથી વાણી જે અંતર્ભાવ પ્રગટ કરે છે તેનું ય નિયમન થવું જોઇએ. અંદર જે સંકલ્પ ઊઠે છે તે યોગ્ય ઊઠે ખોટો ન ઊઠે ત્યાં જાગૃતિની જરૂર છે. ખોટો સંકલ્પ મનમાં ન ઊઠે અને ઊઠે તોયે વાણી દ્વારા તે પ્રગટ ન થાય એનો ખ્યાલ રાખવો જોઇએ. સત્ય વાણીનો અર્થ ખાસ કરીને એવો માનવામાં આવે છે કે જે કંઈ સંકલ્પ મનમાં ઊઠયો તે બોલી દેવો; પરંતુ આ તો યત્ર–તત્ર સર્વત્ર મળ વિર્સજન કરવા જેવું જ થયું! એ ઠીક નથી. જેમ મળ વિસર્જન યોગ્ય જગ્યાએ કરવું જોઇએ એમ મનમાં ઊઠેલા ખોટા વિચારને ગુરુ પાસે કે પૂજ્ય વ્યક્તિ પાસે જ પ્રગટ કરવો જોઇએ. એવો વિચાર સર્વત્ર બોલ્યા કરવો એ ખુલ્લા મનનું લક્ષણ નથી.

—વિનોબા ભાવે




## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૨૫૧) શ્રી પોપટલાલ જોઈતારામ ગોઝારિયાવાળા
C/o આનંદ પ્રોવિઝન સ્ટોર્સ
પ્રિતમનગર પહેલો ઢાળ એલિસબ્રિજ અમદાવાદ-૬.

૧૫૦૦) મેસર્સ ડી માધવલાલ એન્ડ કું.
હ. શ્રી ભીખાભાઈ જોઈતારામ પટેલ મહેસાણા

૨૫૧) શ્રી મણીલાલ મોહનલાલ પટેલ
વિષ્ણુનગર સોસાયટી, સરસપુર, અમદાવાદ-૧૮

૩૫૧) શ્રી રણછોડલાલ જેઠાલાલ ( મારફતીયા )
૧૧/ વસંતવિહાર સોસાયટી નં. ૧
નવરંગપુરા, અમદાવાદ-૯

૧૦૦૧) મેસર્સ ડાહ્યાભાઈ વિઠ્ઠલદાસ
હ. શ્રી વિઠ્ઠલભાઈ હેમરાજદાસ ડીંગુચાવાળા
હ. શ્રી ડાહ્યાભાઈ સાંકળચંદદાસ ઝુલાસણવાળા
નવા માધુપુરા, અમદાવાદ

૨૫૧) ડૉ. કનૈયાલાલ ધનાભાઈ પટેલ
( વકીલ ધનાભાઈના સુપુત્ર )
ઠે. સ્વામીનારાયણના મંદિર પાસે, કડી

For

**QUALITY, FASHION and RELIABILITY**

**insist on fabrics manufactured by**

**The Bharat Vijay Mills Ltd, Kalol ( N. G. )**

Manufacturers of :

Terrycotton Shirtings and Suitings Two x Two Mercerised Eva Shrunk Dyed, Bleached and Printed Tussore Coatings, Wash-n-Wear Coatings, Mercerised Deep shade poplin, Marcerised Eva Shrunk Drop Box Shirtings and Patto, Resist & Screen print Poplins, Cambric, Lawn, Two x Two superfine Poplins etc. etc.

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. : :

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી- તંત્રી- પ્રકાશક- મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૨૫-૬-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨-૭-૭૦ [ અંક ૪૦


## સર્વ વિદ્યાલયનું ધ્યેય | વકીલ ધનાભાઈ હ. પટેલ

"આશ્રમને વિદ્યાલયનો જય હો"નું ગીત ગુંજતા શ્રી રણજીત પટેલ (અનામી) આપણી સંસ્થાનું અનેક અણમૂલ રત્નો પૈકીનું પ્રકાશતું અને ઓપતું રત્ન છે. શ્રી પીતામ્બર પટેલ પણ તેવા નામી અને અનામી રત્નો પૈકીના એક છે. સર્વ વિદ્યાલય સંસ્થા ધ્યેયલક્ષી છે. સર્વ વિદ્યાલયના આશ્રયે ચાલતી સંસ્થાઓના સંચાલકો અને વિદ્યાર્થીઓ, પછી તે સ્કૂલના હોય કે કોલેજના – સર્વ વિદ્યાલયના ધ્યેયને નજર સમક્ષ રાખી પ્રવૃત્તિઓ ચલાવે તો ભારતનું ઉત્થાન કરવાના ભગીરથ કાર્યમાં અણનમ અને અડગ ભગીરથ સુપુતોનો ધોધ વહાવી શકે. અને તે ધ્યેય સફળ કરતા જઈએ તોજ "અર્ધ-સદીની સિદ્ધિ"નો જય પોકારી શકીએ.

ભારતની પ્રજા આગળ આજે ઉજળું અને અનુસરવામાં સ્પષ્ટ ધ્યેયની ખામીના કારણે પ્રજાનું ખમીર અમૂંઝણ અનુભવે છે. "સેવા એ જ મહાવ્રત"નો મુદ્રાલેખ ધારણ કરેલા સર્વ વિદ્યાલયના પરિવારે ભારતની સંસ્કૃતિને બંધ બેસતા સ્પષ્ટ ધ્યેયની આકરણી અને પોતાના માર્ગની ઉત્તર દિશા બતાવતી લોહચુંબકની સોય "સેવા એજ જેનું જીવન હતું" તેવા સ્વ. પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનમાંથી શોધવી રહી.

પૂ. મહાત્મા ગાંધીજીએ અનેક વખતે ભારત મારફત જગત સેવાનો ભારતીય રસ્તો ચિંધતાં જણાવ્યા કરેલું છે કે–

"In this age of the rule of brute force, it is almost impossible for anyone to believe that any one else could possibly reject the law of the final supremacy of brute force... I do belive that, where there is oniy a choice between cowardice and violence, I would advise violence ..But I belive that non-violence is infinitely superior to violence, forgiveness is more manly than pumishment. ... Strength does not come from physical capacity. It comes from an indomitable will... We have better work to do, a better mission to deliver to the world."

"... The rishis, who discovered the law of non-violence in the midst of violence, were greater geniuses than Newton. They were themselves greater warriors than Wellingtion. Having themselves known the use of arms, they realized their uselessness. and taught a weary world that its salvation lay not through violence but througb non-violence.

"If India-takes up the dctrine of the sword, she may gain momentary victory. Then India will cease to be pride of my heart. I am wedded to India because I owe my all to her. **I believe absolutely that she has a mission for the world. She is not to copy Europe blindly.**

(from : Mahatma Vol-2)

હિંસાથી ત્રાસતા જગતને પોતાના પ્રશ્નોનો ઉકેલ કાયમી શાંતિ માટે અહિંસક પદ્ધતિએ કરવા માટે પૂ. મહાત્મા ગાંધીજીએ ચીંધી ભારતીય યુવાનોને જગતની સેવા માટે અને શાંતિ માટે ખડા રહી ભારતની સંસ્કૃતિનો 'જગદ્‌ગુરુ' ધર્મ બજાવવા સદા તત્પર રહેવા હાકલ કરેલી છે.

ભારતની ગરીબીને ટાળવાનો રસ્તો ચીંધતા "Swadeshi means permanent boycott of foreign goods" નો બતાવ્યો છે. ભારતના સિમાડાઓની બહારનાં રાષ્ટ્રો ઉપર આધાર રાખવાને બદલે સ્વઆધારિત થવાનું જણાવતાં પૂ. ગાંધીજીએ ઉદ્દ્બોધેલું છે કે "... If we Indians take care of ourselves the English and the rest of the world would take care of themselves. Our contribution to the progress of the world, must therefore, consist in setting our own house in order."

અને સનાતન સત્ય અને ધ્યેય આપણને બતાવતાં પૂ. મહાત્માજી કહે છે કે:- "All this means discipline, self-denial, self-sacrifice, organizing ability, confidence and conrage... The nation can acheieve no progress nearly by depending upon me. The progress is possible by their under-taking and following the path suggested by me."

અન્યની સેવા કરવાની તૈયારી પહેલાં આપણી જાતને માટે સેવા લેવાની જરૂર ના પડે તે પ્રથમ જોવું જોઇએ. રાષ્ટ્રિય-ચારિત્ર્યના ઘડતરમાં સેવાના મંત્ર મારફત આપણે મદદરૂપ થઈ શકીએ. પૂ. સ્વામિશ્રી વિવેકાનંદ અમેરિકાની યાત્રા કરી ભારતમાં પાછા ફર્યા ત્યારે એક અમેરિકને તેમને પ્રશ્ન કરેલો કે "અમેરિકા જોયા પછી આપની માતૃભૂમિ કેવી લાગે છે?" પૂ. સ્વામીશ્રીએ જવાબ આપ્યો કે : "અમેરિકા જતા પહેલાં હું ભારતને પ્રેમ કરતો હતો પરંતુ અમેરિકા જોઇ આવ્યા પછી ભારતની પૂજા કરવા લાગ્યો છું."

આ છે સ્વાધિનતા – રાષ્ટ્રિયતા – સ્વદેશાભિમાન અને ભારતની – પોતાની સંસ્કૃતિની સાચી ઓળખાણ.

આવી ઓળખાણ આપણા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ધ્યેયની આપણે સૌ આપણા હૈયામાં ધારણ કરીએ અને આપણી કેળવણી-ચારિત્ર્ય-સેવાના ગુણોનું ઘડતર કરી આપણા ધ્યેયને ઉજવાળીએ. અવળા પંથે ધસમસે જતા આપણા યૌવનધનની દિવાદાંડી બનીએ. ■

# સંતોની ભક્તિ | કેદારનાથ

આપણે ત્યાં સંત સજ્જનો પ્રત્યે આદર છે, શ્રદ્ધા પણ ઘણી છે. લોકોને તેમનાં વચનો પર વિશ્વાસ છે. તે વચનો પ્રમાણે કેટલા ચાલી શકે છે તે જુદી વાત છે, પણ દરેકના મનમાં તેમના વિશે પૂજ્યભાવ છે. તે પૂજ્યભાવ ક્યારેક પોતાને તારશે એવી શ્રદ્ધા છે. પરંતુ કેવળ પૂજ્યભાવથી ઉન્નતિ નહિ થાય. પૂજ્યભાવના સાથે તેમણે જે ધર્મમાર્ગ બતાવ્યો છે તે પ્રમાણે ચાલવાથી ઉન્નતિ થશે. વૈદ્યની કેવળ ભક્તિ કરવાથી બીમારી મટશે નહિ વૈદ્ય કહે તે પ્રમાણે પથ્યનું પાલન કરીએ તો બીમારી મટે. વ્યાયામવીરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાથી આપણામાં તાકાત નહિ આવે; પણ તેણે જે રીતે તાકાત મેળવી તે ક્રમ પ્રમાણે ચાલવાથી તાકાત આવશે. તે જ પ્રમાણે સંતોએ બતાવેલા માર્ગે જવામાં કલ્યાણ છે. શ્રદ્ધાની ખરી સાર્થકતા તેમણે બતાવેલા માર્ગે ચાલવામાં છે. કેવળ સંત-સજ્જનોનું નામ લેવાથી કે પૂજન કરવાથી કલ્યાણ થતું નથી.

આપણામાં એવી શ્રદ્ધા છે કે ગુરુના ચરણ-સ્પર્શથી પણ કલ્યાણ થાય છે, પણ તેમાં ભ્રમ છે. ગુરુએ જે તપ કર્યું, કષ્ટ સહન કર્યું, જ્ઞાન માટે પુરુષાર્થ કર્યો, પોતાના હૃદયની શુદ્ધિ કરી, તે કર્યા વગર, ફક્ત તેમનાં ચરણસ્પર્શથી તેમની સાધનાનું ફળ મળે ખરું! તેમણે બતાવેલા માર્ગ પર ન જતાં આપણે તેમનું નામ લઇને, ચરણસ્પર્શ કરીને ઉન્નતિ કરી લેવી છે. પણ સંતે કહ્યું છે કે 'શબ્દોની કઢી અને શબ્દોના ભાત ખાવાથી તૃપ્તિ થશે નહિ' તૃપ્તિ તો જેની ભૂખ હોય તે મળે ત્યારે થાય. કેવળ નામસ્મરણથી ઉન્નતિ નહિ થાય–ઉન્નતિ ધર્મમાર્ગે ચાલવાથી થશે, વર્ણન કરવાથી નહિ. હિંદુસ્તાનમાં તેમજ દુનિયાના બીજા દેશોમાં કેટલાયે મહાપુરુષો નિર્માણ થયા. તે વિચાર, આચાર, સર્વેમાં ધર્મપરાયણ હતા. હજારો વર્ષ થયાં, જેમના દર્શન પણ આપણે કર્યાં નથી તેમના વિષે આજે પણ આપણને પૂજ્યભાવ છે. તેમના વચનો પર વિશ્વાસ છે. જે ચક્રવર્તી રાજાઓના કાયદા–કાનુન તેમના સમયમાં કોઇ તોડી શકતું નહિ અને તોડે તો તેમને કડકમાં કડક સજા થતી, તે સર્વને આજે કોઈ યાદ પણ કરતું નથી; જ્યારે સંતોને આજે યાદ કરે છે. આ બતાવે છે. કે આજનું જીવન ભલે ધર્મથી દૂર હોય છતાં મનુષ્યને તેમના વચનો પર વિશ્વાસ છે, ધર્મ પર શ્રદ્ધા છે.

ધર્મ આપણને સત્ય બોલવા કહે છે, પ્રામાણિક રહેવા સૂચવે છે. ભલે તે પ્રમાણે આપણે ન કરી શકતા હોઇએ, છતાં સર્વેને સત્ય પ્રિય છે. કોઇને પણ પૂછશો કે તમને સત્ય પસંદ છે કે જૂઠું? કોઇ એમ નહિ કહે કે જૂઠું. ચોરી કરવાવાળા ચોરી કરીને પોતાની આજીવિકા ચલાવે છે. તેને પણ પૂછીશું

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# રંગુનનો પત્ર | શ્રી પોપટલાલ ગુ. પટેલ

[ સને ૧૯૨૭ માં સંસ્થામાં ફંડ માટે શ્રી. પોપટલાલ ગુલાબદાસ પટેલ તથા પ્રો. જેઠાલાલ ચિમનલાલ સ્વામીનારાયણ બરમા ગયેલા. ફંડ માટેનો આ પ્રવાસ સંસ્થાની ફંડપ્રવૃત્તિ અને પ્રગતિના એક સીમા ચિહ્ન જેવો હતો. આશ્રમના મકાનનું બાંધકામ અધૂરું રહી ગયેલું–પશ્ચિમ બાજુની પાંખ બંધાયા સિવાયની રહેલી અને ફંડ પ્રવૃત્તિમાં ઓટ આવેલી. તે પ્રસંગે આ પ્રવાસ યોજાયો હતો અને બરમાંથી મળેલી મદદમાંથી પશ્ચિમ બાજૂની પાંખ બંધાઇ હતી અને વાતાવરણમાં ભરતી આવી હતી. શ્રી પોપટભાઈએ રંગુનથી આશ્રમના વિદ્યાર્થીઓ ઉપર લખેલા પત્રમાં તેમની કલકત્તાથી રંગુન સુધીની સ્ટીમરની મુસાફરીનું વર્ણન કર્યું છે... આજની સુખસગવડ ભરી એરોપ્લેનની મુસાફરીના જમાના સાથે તે સમયની સ્ટીમરની મુસાફરીનું હાડમારી ભર્યું ચિત્ર સરખાવવા જેવું છે. સં ]

કલકત્તાથી રંગુન, તા. ૧૫–૫–૨૭

ભાઇઓ.........

કલકત્તેથી લખેલો કાગળ મળ્યો ને ? તેમાં ઉપલક જ લખેલું હોય તેમાં નવાઇ નહિ. રાત્રે નવ વાગે ગુરૂવારે અમે કલકત્તા ઉતર્યા. માંડ ০।। કલાકે સ્ટેશન બહાર નીકળ્યા. ત્યાંથી ઉતારે–હાજી શકુર ગનીને ત્યાં–આવતાં ફક્ત પાંચ જ મીનીટ. ઉતારો પાસે જ હતો તેમાં કદાચ તમે માનશો. પણ ના, મોટરમાં બેસી જતાં તેટલો જ સમય લાગેના ! રાત્રે સાડાદશ અગીઆરે જમ્યા. વાતો કરી બાર–એક વાગ્યે સૂતા સવારે ૪ વાગ્યે તો ઉઠયા. કારણ સાડાચાર વાગ્યે તો બરાબર અજવાળુ થઇ જાય છે. ચારે ઉઠી શૌચાદિ સર્વ ક્રિયા આટોપી ૭ વાગ્યે મોટરમાં સ્ટીમરમાં બેસવા ચાલ્યા બીજા વર્ગની ટીકીટ લેવાની સલાહ અમદાવાદથી જ રા જીવણભાઇની નહિ હોવાથી તે માટે તૈયારી નહોતી અને ખીસું પણ સાવ ના પાડતું હતું. કારણ દરેક જણના રૂા. ૬૫) ફક્ત પડે છે, છતાં જો લેવા ગયા હોત તો ન જ મળત. તે દિવસે તો રવિવારની સ્ટીમર લેવી પડત. તેથી ત્રીજા વર્ગની ટીકીટ લેવા ગયા. એક કલાકે પેલી ગરીબો (અજ્ઞાનો) નું લોહી ચુસનારી ત્રણ માત્રાવાળી ડાકણીનો આશરો લઇ રૂા. ૨૮) ને બદલે રૂા. ૨૯) આપી (એ ડાકણી અહીં સોંઘી છે) ટીકીટ બે મેળવી. દરવાજામાં ગીડદી પુષ્કળ જ. ધક્કા–મુક્કી પણ તેટલી જ. દરવાજાની અંદર અમારા પહેલાં ગયેલાં ઉતારૂઓનું કોરંટાઇન કરાતું હતું. કોરંટાઇન એટલે કેવળ ફાર્સ. જમીન પરથી સ્ટીમર પર જવા માટે વચ્ચે એક પાકો અચલિત ડેક બાંધેલો હોય છે. તેમાં એક દસ ફૂટ પહોળી ગલી જેવું આશરે ૧૦૦ ફૂટ લાંબુ હોય છે. આને છેડે કિનારા પર દરવાજો હોય છે. તેમાં પેસવાની રજા મળે એટલે ગલીમાં બે હારોમાં હારબંધ ઉભા રહેવાનું હોય મોટા હાંડાળા એક ડૉકટર આવે, તેમની પહેલાં એક ટીકીટ–ચેકર આવે. ટીકીટ કેવળ ૧૫ રતલી લાલ કાગળની ૩"×૨" માપની હોય છે. આ ચેકર પંચથી કાણું પાડી જાય ને પેલા ડૉકટર બે જ સેકંડમાં પેટ ને છાતી ઉઘાડું કરી ઉભેલા ઉતારૂઓનાં પેટપર હાથ અડાડ્યો ન અડાડ્યો કરી હલ્યા જાય. અમે મોટરમાંથી જેવા ઉતર્યા તેવા જ એક પોર્ટરે નં. ૮૫ વાળાએ અમારા બીસ્ત્રા ઉતારી પાડયા. ટીકીટો લીધી તેવો જ તે પોટલા લઇ સ્ટીમર પર જઇ અમારા માટે મળી શકે તેવી સારી જગા મેળવી એક બીસ્ત્રો છોડી બન્ને માટે પથારી કરી રાખી હતી. અમે સ્ટીમર ઉપર ગયા એટલે પેલા પોર્ટરે અમને તુરત જ શોધી કહાડી જગ્યા બતાવી.

જગ્યા કયે સ્થળે ?

સ્ટીમરમાં ત્રણ માળ છે. (૧) ફ્લોર-ભોયતળીયું. (૨) પહેલો મજલો. (૩) બીજો મજલો. આ ઉપરાંત ચોથો પણ મજલો છે ત્યાં મેનેજર સાહેબ એકલા જ રહે છે. આમાંના પહેલા મજલે ખુલ્લા ભાગમાં જ્યાં માસ્ટ–કે જેને સઢ બાંધવામાં આવે છે–હોય છે ત્યાં અમારી જગ્યા હતી. અલબત્ત તે ખુલ્લા ભાગને ટાટપતરીઓથી ઢાંકવાની સગવડ હતી, ને કરેલી પણ. ૭ ફૂટ છેટે એક નીકડી હોય છે જ્યાં ગમે તેવું ગંદુ થયા જ કરે.

સ્ટીમર પ્રથમ સાત કલાક તો ધીમી ચાલી. કારણ તેને નદીમાં ચાલવાનું હતું. પણ ત્યાર પછી જોરમાં ચાલી. રાત્રે–પરોઢીએ વરસાદ વરસ્યો. ટાટપતરીઓમાં થઇ પાણી પથારીમાં ટપકવા માંડ્યું. બે કામળા ઓઢી જ લીધા. સદ્ભાગ્યે એક જ કલાક વરસાદ આવી બંધ રહ્યો. બપોરે તડકો ચડે ત્યારે પણ સહેજ તાપ ટાટપતરી સુંસરો આવે. આ પ્રમાણે અમારા જેવા ૧૦૦ ઉતારૂને ઠીક સગવડ મળી ગણાય. બાકીના અમારી પાસે જ એક હાથ છેટે ઉપરા ઉપરી પડેલા. ૬ ચોરસ ફૂટ માંડ જગ્યા દરેકને ભાગ આવી હશે. આવા ઉતારૂઓમાં હોજલ પડદાવાળાં બૈરાં પણ હતાં. તેમને વરસાદથી ઓંજાવું પડ્યું હતું. પહેલા મજલામાં ત્રીજા વર્ગના ઉતારૂઓ ફક્ત ૨૫૦ હશે. ભોંય તળીએ ૪૦૦ થી ૫૦૦ હશે. તેની દુર્દશા મારાથી તો શું પણ ગરીબનાં દુઃખ જાણનાર ગાંધીજીથી પણ વર્ણવી જાય તેવી નથી. કદાચ સી રફ હોય અને સ્ટીમર ખૂબ ડોલવા લાગે તો સ્ટીમર જ સી થઇ જાય. અને ગંદકીની ને ભેજની તો વાત જ નહિ. એવી ગંદકીમાં

જો અમારા નસીબમાં આવ્યું હોત તો જીવતે નરક ભોગવવું પડત. ૭૨ કલાક શી રીતે પસાર થાત એ વિચારથી પણ કંપી ઉઠું છું. હાલ પણ પેશાબ કરવા કે પાણી ભરવા નીચે જવું અને મરવું બરાબર સમજું છું. પહેલા દિવસે તો પાસેનું ભાથુ ખાઇ દિવસ કહાડ્યો. ફળ લેવાનો વિચાર હતો – જો કે પ્રો. ને નારંગી સંતરા નહોતાં ભાવતાં છતાં–પણ સમય જ નહોતો. કેવી રીતે લેવાય? સ્ટીમરમાં પણ કેળાં, કેરી લીંબુ વગેરે મળે છે, પણ સારી જાત નહિ. મીનીઅલ્સ વેચે છે

બીજે દિવસે સવાર થયું – ચાર વાગ્યે. કારણ અમે પૂર્વમાં જતા જઇએ છીએ. ૨૪ કલાક સુધી આગળ ચાલતા જમણી અને ડાબી બાજુ આગળ ને પાછળ ઝોલાં ખાતા એક હિંચોળા જેવી સ્ટીમરમાં બીન ટેવાયલાને ઉલટી વગેરે થાય એમાં નવાઇ નહિ મારા જેવા જે સહે જ ઉતાવળે ચાલતા હીંચોળામાં બેસી ન શકે તેને તેની અસર ન થાય તો નવાઇ જેવું. આશરે આઠ વાગ્યે મઇ કાલે તેની અસર જણાઇ. એકાદ કલાક અસર રહી. હોક, હોક એક બે વખત થયું, થોડુંક નીકળ્યું, લીધેલી દવાઓનો ઉપચાર કર્યો, લીંબુ ચુસ્યાં, બે એક વાગ્યે ખાધું (૨૪ કલાકે) પછી આરામ. પ્રો. ને કંઇએ થયું નથી. He is made of sterner stuff. ત્યાર પછી બીજે માળે બીજા વર્ગના ઉતારૂઓ માટે હરવા-ફરવ, બેસવા ખુલ્લો અગાસી જેવો ૧૦ ફુટ પહોળો અને ૨૦૦ ફુટ લંબાઇનો ડેક છે ત્યાં જ અમે તો બેસવા ઉઠવા લાગ્યા. કાલ રાત્રે વરસાદ સારો પડયો. રાત્રે ઠીક ઠર્યા. આજે સવારથી બપોરે બે વાગ્યા સુધીમાં પણ ત્રણ ચાર વાર વરસાદ આવી ગયો. બધાં કપડાં, બીસ્ત્રા ટ્રંકનો એક ઢગલો કરી અમે તો બીજા વર્ગના ડેક પર ખુરશી મળે તો ખુરશી અને ન મળે તો નીચે બેસી ગાળીએ છીએ. આજે બપોરે વરસાદને લીધે બીજા વર્ગના એક ઉતારૂની કૅબીનમાં ભોજન લીધું

મને જે અનુભવ થયો તેવો જ લગભગ ૫૦ ટકા ઉતારૂઓને થયેલો. બીજે દિવસે બધા લગભગ આખો દિવસ આડા પડી રહેલા. જેમ એક દિવસ ઠંડા શીખંડથી બોર્ડિંગમાં થયું હતું તેમ.

સ્ટીમરનું કદ–પહોળાઇમાં ૫૦ ફુટ ને લાંબી ૨૫૦ ફુટ આશરે, ઉંચાઇ ૬૦ ફુટ ૧/૩ ભાગમાં–પાછલા ભાગમાં ત્રીજા વર્ગના ઉતારૂઓ માટે. ૨/૩ ભાગ બીજા વર્ગના ઉતારૂઓ માટે. બીજા વર્ગના ઉતારૂઓ માટે કેબીનો હોય છે. એક કેબીન આશરે ૭′ × ૧૦′ હોય છે તેમાં ત્રણ પથારીઓ હોય છે. નોકર હોય છે ન્હાવાની, સંડાશ પેશાબ વગેરે માટે તેમને માટે અલગ સારી સગવડ હોય છે સાફસુફ પણ દિવસમાં અનેકવાર થાય છે. હવા ખાવા માટે તો ડેક દરરોજ સવારે પાણીથી, રેતીથી અને રબરથી સાફ કરવામાં આવે છે. પીતળ પર હવા લાગી હોય, ને સહેજ ઝાંખો થયો હોય તો તેને ઘસી ઘસીને હંમેશ ઉજળો કરવામાં આવે છે. ભીંતો બધી દરરોજ ધોવાય છે. વડોદરા રાજ્યના કોઇ ગંદા ગામડાના ગંદા મુખીના હાથ નીચે કામ કરતો ગંદો ભંગી જેવી શેરીઓ સાફ કરે તેવી ત્રીજા વર્ગના ઉતારૂઓની જગ્યા સાફ થાય છે. આવી સ્થિતિ આપણી જનરલ પબ્લીક ક્યાં સુધી ભોગવશે! ઇશ્વરેચ્છા!

સ્ટીમરમાં એક ભૈયો છે. તે ઓર્ડર પ્રમાણે ભોજન તૈયાર કરી આપે છે. પુરી પાકા શેરના રૂ. ૨॥ લે છે પણ પુરી આપણા ઘરના જેવી–શુદ્ધતામાં નહિ પણ દેખાવમાં. મુસલમાનો અને માંસાહારીઓ માટે અલગ દુકાન છે.

કલકત્તાથી રંગુન જતી સ્ટીમરને આશરે ૮૦૦ માઇલ કાપવાના હોય છે. હાલ ૫॥ વાગ્યા છે. અહિંથી રંગુન ૮૦ માઇલ દૂર છે. ઇરાવદી નદીમાં ગંગા હુગલી નદીની માફક જ ધીમે ધીમે સ્ટીમર જશે. ને સવારે પરોઢીએ ઉતારશે.

ચારે બાજુ પાણી જ પાણી. તે સિવાય બીજું કાંઇ પણ નથી દેખાતું ઉપર આભ તળે પાણી. તેની વચ્ચે એક હજાર માણસનું જીવતું ને હાલતું ઘર વહ્યું જાય છે.

ઝવેરબેનને કહેજો કે તમારાં મરચાં થોડાંક ને લીંબુ બહુ જ મીઠાં લાગ્યાં. મહારાજને કહેજો કે તમારી ચટણીના બે લાડુમાંના એકનો ચોથો ભાગ જ વાપર્યો છે બાકીનો પાછો લાવું કે દરિયા દેવને અર્પણ કરુ! અને સુખડી, મગજ તો અમને વધારે જ પડ્યું ગળ્યું નથી ભાવતું ઘણુ ખરું પુરી-શાક વેચાતું લઇ ખાવાનું રહે છે પ્રો. ને તે બહુ જ ગમે છે. તેને દહીંવડાં બહુ જ ગમે મને તે જોઇ બકારી આવે છે. હું તો ચાખતો પણ નથી.

Prof. મજામાં છે. હું પણ તદ્દન સ્વસ્થ છું.

...તા. ૧૬–૫–૨૭ સોમ સવારના પાંચ– રંગુનના કાંઠા પાસે સ્ટીમરમાં બીસ્ત્રા વગેરે પેક કર્યા છે. ઉતરવા તૈયાર થયા છીએ.

સોમ-સવારે ૭॥ વાગ્યે ગણેશલાલ (જેસંગદાસ નં. ૮૭. ૩૦ મી સ્ટ્રીટ પોસ્ટ બોક્ષ નં. ૨૬૨ રંગુન –) ને ત્યાં ઉતર્યા. ઉતર્યા એટલે પેલા ફાર્સીકલ કોરંટાઇને વિશેષ ફાર્સ ભજવ્યું. અમારાં ધોતીયાં સિવાયનાં બધાં લુગડાં કઢાવી નાખ્યાં. એવા ઉઘાડા શરીરે ૨૦–૨૫ કદમ ચાલીને ડોકટર પાસે થઇને જવાનું હતું. બહાર નીકળી મોટરમાં બેસી ઉતારે આવ્યા. શૌચક્રિયા કરી. એક કલાક સુધી આપણી ડોલો જેવી ચાર ગરમ પાણીથી ભરેલી – વડે સ્નાન કર્યું. પ્રો તો ચકલી નીચે બેઠા. વિઠ્ઠલભાઇ સામા આવેલા. તેમનો ઉત્સાહ ખૂબ જ છે. ફંડ માટે વાતો કરી છે. વાતાવરણ જામવા માંડ્યું છે શું થશે એની ચિંતા અમને નથી, તમે પણ ન જ રાખતા. કર્તવ્યજ અધિકાર એ પ્રમાણે અવિરત મહેનત કર્યા કરીશું. ક્યારે પાછું અવાશે એ આજે ન જ લખી શકાય. ફંડ સંબંધી બીજી માહિતીની પણ તમે શી ઇચ્છા આજે જ તો રાખી શકે?

આપનો,
પોપટભાઈ

'કેળવણી' ત્રૈમાસિકમાંથી]

દાતાઓ

## શ્રી નાથાલાલ ઉજમદાસ પટેલ

૧૨૦ સરદાર પટેલ કોલોની,
અમદાવાદ–૧૪



ભગવત કૃપાએ ભાગ્યની યારી પ્રાપ્ત કરનાર તેમજ કર્તવ્ય પરાયણતાને વરેલા શ્રી નાથાભાઈ ઉજમદાસ પટેલનો જન્મ કલોલ તાલુકાના નારદીપુર ગામે થયેલો. નારદીપુર ગામમાં તેઓશ્રી છત્રાલાના કુટુંબીઓ તરીકે ઓળખાય છે કારણ કે તેઓશ્રીના બાપદાદા છત્રાલ ગામથી નારદીપુર ગામ રહેવા આવેલા. જોતજોતામાં તેમણે પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું માધ્યમિક શિક્ષણ લેવાની સુવિધા ખ્યાતનામ કડીની સર્વ વિદ્યાલયમાં પ્રાપ્ત થઈ. સાહસિક વૃત્તિ અને ધંધો કરવાની તાલાવેલીવાળા આ યુવાને ધંધામાં ઝંપલાવ્યું. જોતજોતામાં નાના પાયાથી શરૂ કરી ધંધામાં સારી એવી પ્રગતિ પ્રાપ્ત કરી સાથે સાથે કુદરતે સારી એવી યારી આપી અને આ યુવાનની આગળ વધવાની પ્રેરણા અતિ પ્રબળ બની. એકમાંથી અનેક ધંધા હાથ લાગ્યા અને દરેકમાં સારી એવી સફળતા પ્રાપ્ત થતાં કામ આગળ ધપાવ્યું. સારી એવી કંપનીઓની એજન્સીઓ પ્રાપ્ત થઈ અને સારી એવી ખ્યાતી ધંધાના ક્ષેત્રમાં પ્રાપ્ત કરી. ધંધાકીય પ્રગતિમાં તેમનું નામ અમદાવાદના એલીસબ્રીજ એરીયામાં મોખરે છે તેઓ આ એરીયાના વહેપારી મંડળના પ્રમુખ તરીકેની સેવા છેલ્લા સાત વર્ષથી બજાવે છે. સારા સ્વમાન સાથે પોતાનો ધંધો જાળવે છે આ રીતે તેમને વેપારીઓ પણ સન્માને છે. આ પ્રગતિને અનુરૂપ થઈ તેઓશ્રીએ વીમાની એજન્સી લીધી અને તેમાં પણ સારૂં એવું કામ મુકતાં ખ્યાતિ વધી. આ બધામાં જ તેમને અતિ મિલનસાર સ્વભાવવાળાં અતિ પ્રેમાળ તેવાં તેમનાં ધર્મ પત્નીનો સારો એવો સાથ મળ્યો આ બન્ને પુરુષાર્થી યુગલની પ્રજા ગુણીયલ અને સદ્‌ગુણો વાળી થઈ અને સારી એવી કેળવણી તેમના બાળકોએ પ્રાપ્ત કરી. તેમના મોટા દિકરા પ્રવિણચંદ્રે ડૉકટર તરીકેની એમ. એસ. ની માનનીય પદવી પ્રાપ્ત કરી છે. અને તેઓ જનરલ સરજરીમાં સારા એવા નિષ્ણાત છે ઉત્તર ગુજરાતની પટેલ જ્ઞાતિમાં પ્રથમ સર્જન છે અને બીજા સંતાનોએ પણ અનુસ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ કર્યો છે.

## શ્રી લક્ષ્મીચંદ અમથારામ ગજ્જર

અસારવા બોબીન વર્કસ, અસારવા રોડ,
અમદાવાદ–૧૬



શ્રી લક્ષ્મીચંદભાઈ ૫૦ વર્ષની ઉમ્મરના એક ખંતીલા અને પ્રગતિશીલ ઉદ્યોગપતિ છે.

તેઓએ માત્ર ગુજરાતી ફાઈનલની પરીક્ષા પાસ કરેલી છે. છતાં જાત અનુભવ હૈયા ઉકલતથી તેઓ ધંધામાં આગળ વધ્યા છે. તેમનું પોતાનું અસારવા બોબીન વર્કસ નામનું જાણીતું કારખાનું અસારવા રોડ ઉપર આવેલું છે.

તેઓએ ઘણી સંસ્થાઓમાં સારી આર્થિક મદદ કરી છે. આ સંસ્થાને સાયન્સ કૉલેજ માટે તેમણે રૂ. ૨૫૦૧) ની ઉદાર મદદ કરી છે.

તેઓને કેળવણીની પ્રવૃત્તિઓ તરફ પ્રેમ છે અને કુટુમ્બમાં પણ તે સારી રીતે વધે તે માટે તેઓ સદા જાગૃત હોય છે. તેમનાં પત્નીનું નામ શકરીબેન છે તેઓ ખૂબ માયાળુ સ્વભાવનાં છે અને શ્રી લક્ષ્મીચંદભાઈની કૌટુમ્બિક અને સામાજિક લોકહિતની પ્રવૃત્તિઓમાં તેમનો સહકાર છે. તેમના પરિવારમાં ૪ પુત્રો અને ૧ પુત્રી છે. મોટો પુત્ર યુ. એસ. એ. માં એન્જીનિયરિંગનો અભ્યાસ કરે છે બીજો પુત્ર બી. કોમ. થઈ ફેકટરી સંભાળે છે અને બે દિકરા સાયન્સ કૉલેજમાં અભ્યાસ કરે છે. પુત્રી પણ એસ એસ સી. માં પ્રથમ ગ્રેડમાં પાસ થઈ સાયન્સ કૉલેજમાં અભ્યાસ કરે છે.

તેઓ ૫૨૫, પાંચીદાસનો મહોલ્લો, અસારવામાં રહે છે.

---

આ તેમનો શિક્ષણ પ્રત્યેનો અગાધ પ્રેમ બતાવે છે. આને લીધે તેઓની સારા પ્રતિષ્ઠિત નાગરિક તરીકે ગણના થઈ સાથે સાથે ધાર્મિક કાર્યમાં પણ તેઓ સારો એવો રસ ધરાવતા થયા. હાલ તેઓ સર્વ પ્રકારે ઈશ્વરની કૃપાથી સુખી છે તેઓશ્રીએ સાયન્સ કોલેજના ફાળામાં રૂ. ૧૦૦૧) ઉદાર દીલથી આપ્યા છે અને સંસ્થાને વખતોવખત શૈક્ષણિક ક્ષેત્રે આર્થિક મદદ કરતા રહ્યા છે. હજી સારી એવી પ્રગતિ પ્રાપ્ત કરે અને ઈશ્વર તેમને તે પ્રકારનું આત્મબળ આપે તેમજ લાંબુ આયુષ્ય બક્ષે એજ અભ્યર્થના.

# સુવર્ણ રજ

આ દેશ કયે વખતે શાંત હતો ? કયે વખતે સ્વસ્થ હતો ? હું તો જાણતો નથી. ઇતિહાસમાંયે જોઇએ છીએ તો જણાય છે કે લોકો અશાંત જ હતા. દરેક જમાનામાં અશાંતિ હતી. આપણા જમાનામાંયે અશાંતિ છે. પણ આપણા જમાનાની અશાંતિનો સ્પર્શ આપણને થતો હોવાથી તે વધુ ખટકે છે બાકી બુદ્ધના જમાનામાં, મહાવીરના જમાનામાં, કબીરના જમાનામાં યે દેશ શાંત નહોતો.

ગાંધીજીના જમાનામાંયે અશાંતિ હતી. સ્વરાજ્ય મળ્યું ને અશાંતિ વધી ગઈ. અને ગાંધીજી આખરે શું બોલીને ગયા ? —હું 'બૂમો પાડું છું. પણ મારું કોઇ સાંભળતું નથી.' મહાભારતમાં અંતમાં વ્યાસજીની આ જ હાલત હતી અને એ જ પરંપરા ચાલી છે. —વિનોબા

મનુએ પચાસ વર્ષની અવસ્થા પછી વાનપ્રસ્થ ગ્રહણ કરવાનું કહ્યું છે. કારણ કે મનુના હિસાબે પચાસ વર્ષની ઉંમર પછી મનુષ્ય વર્તમાનથી પાછળ પડી જાય છે. એ ઉંમરે કમર કસીને દોડતા કાળની સાથે બાજી લગાવીને દોડવામાં થાક જેટલો લાગે છે તેટલી સફળતા નથી હોતી; જેટલો ક્ષય થાય છે એટલી પૂર્તિ નથી થતી. એટલા માટે જ માણસે એ ઉંમર પછી પોતે જ સર્વકાળના ઉદ્દગમ તરફ જવું જોઇએ જ્યાં સમયની ગતિ સ્તબ્ધ હોય છે. ગતિની સાધનામાંથી વિરક્ત થઇને એ ઉંમરે સ્થિતિની સાધના કરવી જોઇએ. —રવીન્દ્રનાથ

## સંપત્તિ વહેતી રહે

પહેલા હું મારા પુસ્તકો પર મારું નામ લખતો હતો પણ મેં વિચાર્યું, નામ શા માટે લખું ? આને કોઇ લઇ જાય તો મને એની ચિંતા નથી. ખરી રીતે તો, મારું કામ પૂરું થાય એટલે એ બીજા પાસે પહોંચી જવું જોઇએ આજે તો પુસ્તકનું કામ પતી જતાં તે એક બાજુએ વર્ષો સુધી પડી રહે છે અને પછી તેને જંતુઓ ખાઈ જાય છે. —વિનોબા

હું એ દર્શાવવાના પ્રયત્નમાં રહેલો છું કે હું પણ, બીજો કોઇ માણસ હોય તેટલો જ દુર્બળ માણસ છુ. મારામાં કદી કોઈ અસાધારણતા હતી નહિ ને આજે પણ નથી. મારો દાવો છે કે હું એક સીધો સાદો માણસ છું અને બીજા કોઈ પણ સાથી મર્ત્ય માનવની જેમ ભૂલો કરી શકું છું. એમ છતાં હું સ્વીકારું છું કે મારામાં એટલી નમ્રતા છે કે મારી ભૂલો હું કબૂલ કરું અને પગલાં પાછાં વાળું. હું સ્વીકાર કરું છું કે ઇશ્વરમાં અને એની ભલાઇમાં મારી અટલ શ્રદ્ધા અને સત્ય તથા પ્રેમ સારુ મારામાં કદી ન બુઝાય તેવી કામના છે. પણ શું એ દરેક મનુષ્યમાં છુપાયેલી નથી ? આપણે ઉન્નતિ કરવી હોય તો ઇતિહાસનું પુનરાવર્તન કરવાનું નથી, પણ નવો ઇતિહાસ સર્જવાનો છે આપણે ભૌતિક જગતમાં શોધો અને નવા આવિષ્કારો કરતા હોઇએ તો આત્મિક જગતમાં આપણું દેવાળિયાપણું જાહેર કરવું શું યોગ્ય છે ? અપવાદની સંખ્યા આપણે એટલી વધારીએ કે તે જ નિયમ બની જાય, તે શું અશક્ય છે ? માણસે શું પહેલાં પશુ બનવું જોઇએ અને પછી જ તે માણસ બને ? —ગાંધીજી

કવિ સાગર પાસે એક વાર શ્રી મોટાએ સ્વરચિત પ્રેમલક્ષણા ભક્તિવાળા ગીતો ગાઈ સંભળાવ્યાં એ સાંભળ્યા પછી કવિ સાગરે કહ્યું; " જો કે તમારા દિલમાં કેવળ શુદ્ધ અનાસક્ત પ્રેમ છે અને તે ઘણી ઊંચી કોટિનો ને દિવ્ય પણ છે. તમે સાધનાના આંતરપ્રદેશની કહેલી હકીકતોથી મને ઘણો આનંદ થયો છે, પરંતુ પ્રેમભાવે તમને કહું છું કે લોકો તો આવાં ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં નાંખી દો " આમ કહ્યું કે તરત શ્રી મોટાએ તે બધું તળાવમાં પધરાવી દીધું. આ જોઈને સાગર તો સ્તબ્ધ થઈ ગયા. પૂ. મોટા આ વિશે કહે છે કે " સાગરે કંઈ ગંભીરતાથી એ પ્રમાણે વર્તન થાય એવા જાણપૂર્વકના હેતુથી નહોતું કહ્યું, પણ મને તો ખુદાઈ હુકમ મળ્યો એટલે હવે તે જૂના કાળની પ્રાર્થનામાંથી તો માત્ર થોડુંક બચી ગયું છે."

**( શ્રી મોટા કૃત 'જીવન સંશોધન'માંથી )**

શ્રમ એટલે પ્રેમનું સાકાર સ્વરૂપ.

પણ જો તમે પ્રેમથી શ્રમ ન કરી શકતા હો, તો તો બહેતર છે કે તમે તમારું કામ છોડી દઈ, મંદિરનાં પગથિયાં પર બેસી હર્ષપૂર્વક મહેનત કરનારાઓ પાસેથી ભીખને સ્વીકારી લો. અને જો તમો કોલુ ફેરવતાં કંટાળો તો તે કંટાળો તેના રસમાં ઝેર ઉત્પન્ન કરશે. ખલિલ જિબ્રાન

ફળ જ્યોતિષ, સામુદ્રિક વગેરે વિદ્યાઓ બાબતમાં હું એમ માનું છું કે આ ચીજો પર શ્રદ્ધા રાખીને ચાલનારા લોકોનો પુરુષાર્થ ઘટે છે, મન નબળું પડે છે, અને ઉત્સાહ પણ ઓસરી જાય છે. ભવિષ્ય પર પડદો છે તે ભગવાનની મોટી કૃપા છે. દરેક પળે પૂરી ઉત્કટતાથી જીવતાં, ભગવાનમાં શ્રદ્ધા રાખી આગળ વધવું એમાં જ કૃતાર્થતા છે અને એનાથી જ જીવન રસભર્યું બને છે. આદમીનો સર્વાંગ વિકાસ પણ ત્યારે જ થઈ શકે છે. કાકા કાલેલકર

એક વહેલી સવારે પયગમ્બર મોહમ્મદ ( સ. અ. વ. ) ની સામેથી એક માણસ ઉતાવળો ઉતાવળો પસાર થતો એક દુકાનમાં દાખલ થયો. એ જોઈ પયગમ્બર સાહેબના સાથીઓમાંના એકે કહ્યું : " અફસોસ ! આ માણસ ખુદાની ઇબાદત માટે આટલો વહેલો ઊઠીને દોડયો હોતતો કેવું સારું થાત ?"

પયગમ્બર સાહેબે ફરમાવ્યું : " એમ ન બોલો : એ જો પોતાનાં બાલબચ્ચાંની જરૂરિયાત માટે અત્યારે નીકળ્યો હશે તો એ કામ પણ ખુદાની ઇબાદત જ ગણાશે.

## અવસર | મોહનભાઈ પટેલ

પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે ભાસ્કરભાઈને સુબોધની સ્મૃતિ તાજી થઈ આવી. બે વર્ષ ઉપર જ સુબોધ એમને છોડીને કાયમને માટે ચાલ્યો ગયો હતો. પુત્રની આ દુઃખભરી સ્મૃતિને એ કાળજીપૂર્વક ઢાંકી રહ્યા હતા. અને એટલે તો આ લગ્નની ઉજવણી માટે કંઈક વધારે ઉત્સાહનો દેખાવ કરી રહ્યા હતા. કુટુંબીઓને વારંવાર એ કહી રહ્યા હતા: "જો જો ભાઈ, મારા જીવનનો આ છેલ્લો અવસર છે. કોઈ વાતે ઉણપ ન રહે... કોઈ વાતની કમી ન રહેવી જોઈએ."

ચારેક વર્ષ ઉપર વચેટ પુત્રીના લગ્ન વખતે લગ્નની બધા પ્રકારની વ્યવસ્થાનો બોજ સુબોધે ઉપાડી લીધો હતો. એની વ્યવસ્થાશક્તિ અને ચોકસાઈથી ભાસ્કરભાઈ બધી રીતે નિશ્ચિંત હતા. ભવ્ય પ્રસંગ હતો. એ કેમ પાર પડી ગયો એની ભાસ્કરભાઈને ખબર સુદ્ધાં પડી નહોતી. આજે સુબોધ ન હોવાથી એ બધો ભાર ભાસ્કરભાઈ ઉપર આવી પડ્યો હતો. એથી તો મૃત પુત્રની યાદ વારંવાર એમના હૈયાને આંચકો આપી જતી હતી...પણ આ શુભ પ્રસંગે વેદનાનું કોઈ પ્રદર્શન એમને કરવું નહોતું. પોતે ઢીલા બને તો સુબોધની માનું હૈયું તો ભાંગી જ પડે ને!

...પણ પત્ની તો આજે ખુશખુશાલ જણાતી હતી. પત્નીની આટલી બધી ખુશાલી જોઈ ભાસ્કરભાઈને થોડી ચીડ પણ ચઢતી હતી. પુત્રની સ્મૃતિ તીવ્ર ન બને એટલા માટે તો પોતે હૃદય ઉપર પથ્થર મૂકીને મોઢા ઉપર મહોરું પહેરી રાખ્યું હતું... ત્યારે આને તો જાણે કંઈ જ નથી. બીજી સ્ત્રીઓની સાથે કેટકેટલું હસે બોલે છે! દીકરીના લગ્નના લહાવામાં એ દીકરાને સાવ ભૂલી ગઈ?

વિચારે ચઢી ગયેલા ભાસ્કરભાઈ વિચારોમાંથી છૂટીને વળી બોલી ઊઠ્યા: જો જો ભાઈ, કંઈ મણા ન રહે... લોકો શું જાણે કે ઊર્મિલાને ધામધૂમથી પરણાવી હતી..."

મોટા વૈભવ અને ધામધૂમ વચ્ચે લગ્ન પૂરું થયું.

આખા દિવસનાં થાક્યાંપાક્યાં સૌ મધરાત પહેલાં નિદ્રાધીન થઈ ગયાં. પણ ભાસ્કરભાઈને ચેન પડતું નહોતું. આખો દિવસ પોતાની જાતને એમણે છેતરી હતી. પુત્રની સ્મૃતિને વારંવાર દબાવીને એને ભારે અન્યાય કર્યો હતો. વાત્સલ્યને એમણે રુંધ્યું હતું. હવે નિરાંતે રડી લેવાની એમની ઈચ્છા હતી. એ વચલા ખંડમાં આવ્યા. પત્ની ત્યાં સૂતેલી હતી. એ જાગે નહીં એમ ધીરેથી એમણે સંચાર કર્યો. નાઈટલેમ્પ ધીરો પ્રકાશ આપી રહ્યો હતો.

એમણે પત્નીના પલંગ તરફ જોયું. એકાએક અટકી ગયા. પલંગના ખૂણા ઉપર એક આલ્બમ ઊંધું મૂકેલું હતું. ભાસ્કરભાઈએ એક આંચકો અનુભવ્યો. આ આલ્બમ સુબોધે જ તૈયાર કરેલું હતું. એમણે એ ઉપાડ્યું. સવળું ફેરવ્યું અને એમની આંખ દુઃખથી છલકાઈ રહી... આલ્બમની એ છબી હતી જેમાં કુટુંબનાં સૌ સભ્યો હતા... માત્ર નહોતો સુબોધ! ભાસ્કરભાઈને એ દિવસ બરાબર યાદ હતો. નાનકડો સુબોધ રિસાયો હતો અને ફોટો પડાવવા બેઠો નહોતો. પોતે એના ઉપર ગુસ્સે થયા હતા અને એના વિના જ છબી પડાવી લીધી હતી.

ભાસ્કરભાઈ ઝાંખા અજવાળામાં પત્ની તરફ જોઈ રહ્યા. એના મુખ ઉપર ઊંઘમાં પણ ઘેરી વેદના પથરાયેલી હતી. આંસુથી ભીંજાયેલું ઓશીકું હજુ ય ભીનું હતું. ઊંઘમાં એના હોઠ ફરકતા હતા. કદાચ કહેવા માગતા હોય: "બેટા સુબોધ, તે દિવસે તો તને મૂકીને અમે ફોટો પડાવી લીધો હતો; આજે તારા વિના અમે ઊર્મિલાના લગ્નમાં ખૂબ મહાલ્યાં. ખૂબ આનંદ કર્યો"

ભાસ્કરભાઈએ કપાળે હાથ મૂક્યો અને ક્યાંય સુધી ઊભા રહ્યા. ■


## માલની પ્રસિદ્ધિ અને વેચાણ માટે

'**સુવર્ણ જયન્તી**' દર અઠવાડિયે પ્રસિદ્ધ થાય છે. ૨૫૦૦ પ્રતો છપાય છે અને ૨૪૫૦ પ્રતો રવાના થાય છે.

ગુજરાતમાં પ્રસિદ્ધ થતાં અઠવાડિકોમાં વધુમાં વધુ પ્રચાર 'સુવર્ણ જયન્તી'નો છે. ગુજરાતભરમાં એ વંચાય છે.

ઉત્પાદનની જાહેરાત '**સુવર્ણ જયન્તી**' માં કરવાથી ગુજરાતભરના મોટા સમૂહને એની જાણ થાય. એથી ઉત્પાદનની પ્રસિદ્ધિ થાય અને વેચાણને વેગ મળે.

'**સુવર્ણ જયન્તી**' ગામડાના ખેડૂતોના અને નાના મોટા શહેરના નાગરિકોમાં ફેલાવો ધરાવે છે.

'સુવર્ણ જયન્તી'માં જાહેર ખબર પાછળ ખર્ચેલ રકમ ઊગી નિકળશે.

'સુવર્ણ જયન્તી' દ્વારા તમારા ઉત્પાદનની જાહેરાત કરશો.

તંત્રી,
'સુવર્ણ જયન્તી'

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી રમણલાલ કેશવલાલ પટેલ
C/o ઝવેરી હાઇસ્કૂલ, મુ. છત્રાલ તા. કલોલ

૭૫૧) શ્રી છબીલભાઈ કરશનદાસ એન્ડ કંપની
મુ. કલોલ

૧૦૦૧) શ્રી અંબાલાલ રૂઘનાથભાઈ પટેલ
હા. શ્રી ગુણવંતલાલ મોતીલાલ મુ. સુરત

૨૫૧) શ્રી રતિલાલ રાયચંદદાસ પટેલ
મુ. ઉમતા તા. વિસનગર

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

કે ચોરી કરવી સારી કે પ્રમાણિક રહેવું સારું ? તો તે પણ ચોરીને સારી નહિ કહે. આપણે આપણી કમજોરીને કારણે ભલે ખોટો રસ્તો પકડીએ, તો પણ આપણને અંદરથી સત્ય, પ્રામાણિકતા પસંદ છે. આપણને સમાજ માટે નિયમ બનાવવાનું કહેવામાં આવે તો આપણે સત્યનો નિયમ બનાવશું કે જૂઠનો ? કોઇ જૂઠનો નિયમ નહિ બનાવે. એ બતાવે છે કે દરેકના હૃદયમાં કંઇ ને કંઇ ધર્મભાવના છે. એ ધર્મભાવનાને વધારે જાગૃત કરવા, દૃઢ કરવા તેમનાં જીવન-ચરિત્રો વાંચવા જોઇએ. તેમના સહવાસમાં આવવું જોઇએ જેમ જેમ ધર્મભાવના જાગૃત થશે તેમ તેમ આપણે તે પ્રમાણે કાર્ય કરવા લાગીશું.

[ મિલાપ : જૂન ૧૯૭૦ ]

For

**QUALITY, FASHION and RELIABILITY**

**insist on fabrics manufactured by**

**The Bharat Vijay Mills Ltd, Kalol ( N. G. )**

Manufacturers of :

Terrycotton Shirtings and Suitings Two x Two Mercerised Eva Shrunk Dyed, Bleached and Printed Tussore Coatings, Wash-n-Wear Coatings, Mercerised Deep shade poplin, Marcerised Eva Shrunk Drop Box Shirtings and Patto, Resist & Screen print Poplins, Cambric, Lawn, Two x Two superfine Poplins etc. etc.

## શિક્ષણમાં મદદ કરો

નકામાં થયેલાં ઓઇલ એન્જીનો, પંપો, ઈલેકટ્રીક મોટરોનાં શિક્ષણ માટે દાન કરો. દાનનો પત્ર મળેથી અમારા ખર્ચે દાન મંગાવી લેવામાં આવશે.

સર્વ વિદ્યાલય કેમ્પસ
સ્ટેશન સામે, કડી

ફાર્મ મિકેનિક વર્ગ
**ટેકનીકલ હાઇસ્કુલ-કડી**
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી—તંત્રી—પ્રકાશક—મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય—રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ - કડી : તા. ૨-૭-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૯–૭–૭૦ [ અંક ૪૧


## શિક્ષણ બેકારી દૂર કરી શકશે? | શ્રી ઉમાશંકર જોષી

શિક્ષણ બેકારી દૂર કરી શકશે? – આવો સવાલ તે પૂછવાનો હોય? બાળકને વરસો સુધી ભણાવીએ – ગણાવીએ અને આજીવિકાનું સાધન પણ એ મેળવી ન શકવાનો હોય, તો ભણાવવાનો પછી અર્થ જ શો? પણ આપણે જોઇએ છીએ કે પંદર–સત્તર વરસના શિક્ષણ પછી પણ આજીવિકા મળી જ રહે એવી સ્થિતિ સર્જાતી નથી. બલકે, બેકારી દૂર કરવાનું તો દૂર રહ્યું, બેકારી વધારવામાં શિક્ષણ ફાળો આપે છે.

આમ કેમ બને છે? એક કારણ તો એ છે કે માનવ-શક્તિ અંગેનું આયોજન (મેન–પાવર પ્લેનિંગ) આપણે ત્યાં બરાબર થતું નથી. સ્વરાજ મળ્યા પછીનાં વરસોમાં માબાપોએ નક્કી કરી લીધું કે બે દીકરા હોય તો એકને ઇજનેર બનાવવો, બીજાને દાક્તર. હવે ઇજનેરો હજારોની સંખ્યામાં આપણી પાસે ફાજલ છે. દાક્તરોની પરદેશમાં માગ છે એટલે એમને અંગેનો પ્રશ્ન એટલો ઉગ્ર હજી બન્યો નથી. રાજકીય શૈક્ષણિક નેતાગીરીએ અગાઉથી પ્રજાને માર્ગદર્શન આપવું જોઇએ કે આવતા દસકામાં આટલીઆટલી કામગીરીઓ માટે આટલી જગાઓ પૂરવાની રહેશે, શાળાઓમાં અને યુનિવર્સિટીઓમાં વ્યવસાયવિષયક દોરવણીની અને વિદ્યાર્થી – માર્ગદર્શનની (વોકેશનલ ગાઇડન્સ અને સ્ટુડન્સ કાઉન્સલિંગની) સેવાઓ મોટા પાયા પર અપાવી જોઇએ.

ખરું જોતાં, માધ્યમિક તબક્કે જ અનેક નાનામોટા વ્યવસાયોની તાલીમ તરફ વિદ્યાર્થી વર્ગનો મોટો ભાગ વળે તો જ શિક્ષણને પરિણામે બેકારી વધતી અટકશે. અત્યારે તો સૌ કોલેજની ડિગ્રી લેવા તરફ ધસે છે. સરકારી કે અર્ધસરકારી નોકરીઓ ડિગ્રીને આધારે અપાય છે તેનો પણ આમાં ઓછો ફાળો નથી. એક કારકૂનની ભરતી કરવી હોય તો એની પાસે એક–બે ડીગ્રી માગવાની જરૂર ખરી? પ્રજાકીય દુર્વ્યય ન કહેવાય? ડિગ્રીનો નોકરી સાથેનો સંબંધ તોડી, તે તે ખાતાની પરીક્ષાઓ, વધુ લાયકાત માટે, રખાવી જોઇએ. આમ કરવા-થી, ડિગ્રીનો મોહ ઓસરશે અને વ્યવસાયો અંગેની તાલીમ તરફ વળવાના વલણને પ્રોત્સાહન મળશે.

આપણી એક સામાજિક ખાસિયત પણ આ પ્રશ્નમાં ભાગ ભજવે છે. આપણને સૌને ઉજળિયાત ધંધો (વ્હાઇટ કોલર જોબ્સ) જોઈએ છે, અને એને માટે સૌની દોટ છે. સ્વાભાવિક છે, થોડા જ એમાં સફળ થાય અને ઘણાબધાને નાસીપાસ થવું પડે એટલું જ નહિ, હાથ વાપરતા શીખ્યા ન હોઇ, અપંગ જેવા બન્યા હોઈ બેકારીમાં સબડવું પડે. કામ કરવાથી હાથ મેલા થાય એવાં "બ્લુ કોલર જોબ્સ" માટેનો અણગમો ટાળવા વાતાવરણ સર્જવું જોઇએ જોઈએ તો સમાજના આગેવાનોએ શરીરશ્રમનાં કામને રોજ થોડો વખત આપી ધડો પૂરો પાડવો જોઇએ.

કેળવણીનો જીવાતા જીવન સાથે સંબંધ જોડવામાં આવે તો બેકારી–નિવારણમાં સાચી મદદ મળે. પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ, શિક્ષણની તમામ કક્ષાએ અભ્યા-સક્રમો જિવાતા જીવન સાથે મેળમાં હોય વિદ્યાર્થીને સમાજમાં ગોઠવાઈ જવામાં વધુ સજ્જ કરે એવા હોય, એ જોવાનું જોઇએ.

બેકારીનિવારણ એ બહોળો આર્થિક–સામાજિક પ્રશ્ન છે. શિક્ષણ એમાં જરૂર મહત્ત્વનો ફાળો આપી શકે–એણે

[ અનુસંધાન પાન ૨ ઉપર ]

# સ્વર્ગના કાકા

લાખો–કરોડો વર્ષ પહેલાંની વાત છે તે વખતે સ્વર્ગ ધરતીથી બહુ દૂર નહોતું અને બધાં પશુપંખી માણસની જેમ બોલતા હતા. એ વખતે એક ભયાનક દુષ્કાળ પડ્યો. એ વરસે પાણીનું ટીપું યે વરસ્યું નહોતું. સૂરજ આગ વરસાવતો હતો. નદી–ઝરણાં કૂવા–તળાવ બધાં એક એક કરીને સુકાઇ ગયાં. ઘણાં પ્રાણીઓ તરસથી તરફડીને મરી ગયાં અને અગણિત ઝાડ–છોડ ગરમીમાં શેકાઇને બળી ગયાં.

એક તળાવને કાંઠે એક બહુ મોટો દેડકો રહેતો હતો. તે પણ દિવસે દિવસે સુકાઈ રહ્યો હતો. એણે વિચાર કર્યો કે મરવું જ હોય તો, કંઇક કરીને મરવું સારું. એણે સ્વર્ગમાં જઇને પૃથ્વીની દુર્દશાના સમાચાર આપવાનું નક્કી કર્યું. એને થયું, કદાચ સ્વર્ગના લોકો થોડીક મદદ કરે. આથી સાહસને હિંમતથી તે એકલો જ સ્વર્ગ તરફ ચાલી નીકળ્યો.

થોડે દૂર જતાં તેને ઘણી બધી મધમાખીઓ મળી. તે ભૂખથી રિબાતી આમતેમ ઉડી રહી હતી. પાણી વિના ફૂલ ક્યાંથી ઊગે ! ને ફૂલ વિના મધ ક્યાંથી બને ? દેડકાએ જ્યારે એમને કહ્યું કે હું પાણી વરસે તેવા પ્રયત્ન કરવા સ્વર્ગમાં જાઉં છું તો ઘણી મધમાખીઓ પણ તેની સાથે થઈ.

જરા આગળ જતાં એક કૂકડો મળ્યો. પાક ન થવાને કારણે દાણા તો નહોતા જ, જીવડાં પણ નહોતાં જે ખાઇને પેટ ભરે. દેડકાને મધમાખીઓની સાથે તે પણ ચાલ્યો.

આ બધાંની સવારી જરા આગળ ચાલી ત્યાં એક વાઘ મળ્યો. તે બહુ જ ખીજવાયેલો હતો. તેને સમજાતું નહોતું કે આ રીતે દુકાળમાં બધાં પ્રાણીઓ મરવા લાગશે તો પોતાનું શું થશે. આ બધાંને સ્વર્ગે જતાં જોઇ તે પણ તેમની સાથે જોડાયો. સરઘસ આગળ ચાલ્યું.

ઘણા દિવસોની વિકટ મુસાફરી પછી સરઘસ સ્વર્ગના રાજાના મહેલે પહોંચ્યું. ફાટક પર પહોંચીને દેડકો બોલ્યો : " હું તમને બોલાવું નહિ ત્યાં સુધી બધાં અહીં જ ઊભા રહેજો. " અને તે કૂદતો કૂદતો મહેલમાં ગયો. એક પછી એક તેણે ઘણા ઓરડા પસાર કર્યા, પણ ક્યાં ય કોઈ દેખાયું નહિ. બધાં ઓરડા સૂના હતા, ભપકાબંધ સજાવેલો દરબાર પણ સૂનો હતો. એટલામાં અંદરના કોઈ ઓરડામાંથી હસવાનો અવાજ આવ્યો. તે એ અવાજને આધારે, અંદરની તરફ ચાલ્યો. ધીમે ધીમે તે ત્યાં પહોંચી ગયો. ત્યાં સ્વર્ગના રાજા ઇન્દ્ર દેવો અને પરીઓની સાથે ચોપાટ રમતા હતા.

આ જોઇને દેડકાને બહુ ગુસ્સો આવ્યો. એને થયું—ત્યાં પૃથ્વી પર તો અમે બધાં પાણી વિના મરી રહીએ છીએ અને ઇન્દ્ર અહીં ચોપાટ રમે છે ! તે જોરથી ઉછળ્યો અને બધાં રમનારાઓની વચ્ચે ધમ કરતો પડ્યો. બધાં ચોંકી ગયાં. તેમનાં મોં પરનું હાસ્ય વિલાઇ ગયું. ગર્જના કરીને ઇન્દ્રે કહ્યું: એ દુષ્ટ દેડકા ! અમારી પવિત્ર સભાને ગંદી કરી મૂકવાની તારી આ હિંમત ?"

પણ દેડકાએ તો પૃથ્વી પર મૃત્યુ જોયાં હતાં, આથી તે ડર્યો નહિ. એણે જવાબ દેવા માંડ્યો— " મહારાજ ! ... " પણ હજી તે એટલું બોલ્યો કે ઇન્દ્રે ઇશારો કરવાથી થોડાક રક્ષકો આગળ વધ્યા અને દેડકાને ઊંચકીને, બળતા પથ્થર પર ફેંકવા માટે લઇ ચાલ્યા.

પણ દેડકાએ તો મધમાખીઓને સાદ કર્યો તે ઝટપટ ઊડી આવી અને રક્ષકોને ચોંટી પડી. રક્ષકો દેડકાને ત્યાં ને ત્યાં પડતો મૂકીને ભાગ્યા. ઈન્દ્રની પાસે તેઓ રડતારડતા પહોંચ્યા, પણ મધમાખીઓના કરડવાથી તેમનાં મોં એટલાં સૂજી ગયાં હતાં કે સહેજે ઓળખાતા નહોતા. ઇન્દ્રે ચિડાઇને મેઘગર્જનના દેવને બોલાવ્યો અને દેડકાની મરમ્મત કરવાનું કહ્યું. પણ કૂકડો એના કરતાં વધુ જોરાવર હતો. ઈન્દ્રે દેવની મદદમાં કૂતરાના સરદારને મોકલ્યો. પણ વાઘે એની બરોબરની ખબર લીધી.

હવે ઇન્દ્રનું મગજ ઠેકાણે આવ્યું. આગંતુકો માટે તેના મનમાં આદરનો ભાવ જન્મ્યો. દેડકાએ ફરી પોતાની વાત શરૂ કરી, આ વખતે તેણે ઇન્દ્રને મહારાજ કહેવાને બદલે 'રાજન' સંબોધન કર્યું અને કહ્યું : " હું અને મારાં આ મિત્રો તમને વિનંતી કરવા આવ્યાં છીએ કે પૃથ્વી પર મહિનાઓથી વરસાદ વરસ્યો નથી. વાવ-તળાવ તો ઠીક, મોટી મોટી નદીઓ પણ સુકાઇ ગઇ છે. પશુ–પક્ષી–મનુષ્ય ભૂખ ને તરસથી મરી રહ્યાં છે. ઝાડ વેલા સુકાઇ ચાલ્યાં છે. અમને પૃથ્વીવાળાઓને વરસાદ જોઇએ છે. "

ઇન્દ્ર પર દેડકાના વ્યક્તિત્વનો ઘણો પ્રભાવ પડ્યો. એણે અદબથી કહ્યું : " કાકાજી, હું વચન આપું છું કે અમે આ વિષય પર શીઘ્ર વિચારણા કરીશું. "

અને પછી વરસાદ પડ્યો.

ઇન્દ્રે દેડકાને કાકા શબ્દથી સંબોધન કર્યું હતું એ કારણે વિયેટનામના લોકો હજી પણ એને કાકા જ કહે છે. અને જ્યારે તેઓ દેડકાનો અવાજ સાંભળે છે ત્યારે સમજી જાય છે કે હવે વરસાદ થવામાં છે.

[ વિયેટનામની લોકકથાઓ : 'નવનીત'માંથી ]

---

[ પાન ૧ ઉપરનું ચાલુ ]

આપવો જ જોઇએ કાંઈ નહીં તો ભણેલા બેકારો–આજના જમાનાની ખર્ચાળ ટેવોવાળા ભણેલા બેકારો–કહો કે સામાજિક સ્ફોટનો દારૂગોળો વધારવામાં તો એનો ફાળો ન જ હોવો જોઇએ. આને માટે શિક્ષણમાં જે પરિવર્તન કરવાં અનિવાર્ય બન્યાં છે તે કરવાની હિંમત રાજકીય અને શૈક્ષણિક નેતાગીરી વેળાસર નહિ બતાવી શકે તો એ ગુનાહિત ગાફેલગીરી ગણાશે.
૧૩–૩–૧૯૭૦ [આકાશવાણીના સૌજન્યથી] ('સંસ્કૃતિ'માંથી)

# દિગ્મૂઢતા ત્યજીએ

મોહનભાઈ પટેલ

હમણાં હમણાં ઈજનેરી અને ટેકનોલોજીની શિક્ષણ સંસ્થાઓમાં કેટલીક જગ્યાઓ ખાલી પડી રહેતી હોવાનું સાંભળવા મળે છે ત્યારે આશ્ચર્ય થાય છે. થોડાંક જ વર્ષ ઉપર સ્વતંત્ર થયેલો આટલો વિરાટ દેશ, જેણે હજુ તો બધાં જ ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે કમર કસવાની છે અને જેણે ખેતી તેમજ ઉદ્યોગના વિકાસની દિશામાં હમણાં જ મજલ શરૂ કરી છે, જે દેશના દરેક રાજ્યમાં હજારોની સંખ્યામાં કારખાનાં સ્થાપવાનાં છે, જે દેશમાં ટેકનોલોજીની સુવિધાઓ હજુ તો ગામડે ગામડે પહોંચાડવાની છે...... એવા વિકાસોન્મુખ દેશમાં ઈજનેરી અને ટેકનોલોજીના ભણતર માટે આવી ઉદાસીનતા આંચકો આપે તેવી છે. જ્યાં લાખોની સંખ્યામાં ઈજનેરો અને ટેક્નોશિયનોની જરૂર પડવાની છે. ત્યાં દેશના યુવાનો આ ભણતરથી વિમુખ કેમ થવા લાગ્યા ? ઈજનેરી કોલેજો અને ઉદ્યોગોની સંસ્થાઓમાં જોડાવાની વિદ્યાર્થીઓની તમન્ના ઘટે એ દેશ માટે કમનસીબ પરિસ્થિતિ છે. આના કારણ માટે એક જ વાત આગળ ધરવામાં આવે છે: દેશમાં હજારોની સંખ્યામાં ઈજનેરો બેકાર છે; ઈજનેર થયા પછી પણ નોકરી મળતી નથી.

એક આ કારણથી જ જો ટેકનોલોજીના અભ્યાસ ઉપર આટલી બધી અસર પડતી હોય તો ગણતરમાં ક્યાંક પાયાનો દોષ છે અથવા પ્રજામાનસની ગણતરી એકાંગી છે. ખામીભરી વિચારસરણીએ જ આ પરિસ્થિતિ સર્જી છે. સીધી રીતે કહીએ તો પ્રજામાનસની દોટ એકતરફી છે. હજુ ભારતીય નાગરિક વ્હાઈટ કોલર જોબ– ખુરશી ઉપર બેસીને નિરાંતે બજાવી શકાય એવી નોકરીની મોહિનીમાંથી મુક્ત થયો નથી. ઉદ્યોગનું શિક્ષણ લીધા પછી પણ એને તો ખુરશીમાં જ બેસી રહેવું છે. મહેનત કરવાની કે પરસેવો પાડવાની ઈચ્છા નથી. આ શિક્ષણ લીધા પછી પણ નોકરીઘેલું માનસ નોકરીનાં મૃગજળ પાછળ દોટ મૂક્યા કરે તો બેકારી અને આવી ઉદાસીનતા સિવાય બીજી કઈ પરિસ્થિતિ સર્જાય ? આ શિક્ષણ લીધા પછી પણ માનવી નોકરી તરફ જ મીટ માંડતો હોય તો એના જેવી બીજી કરુણતા કઈ ?

દેશમાં અનેક ઉદ્યોગો અને કારખાનાંઓની સ્થાપના માટેનો ખરેખરો અવકાશ તો હવે ઊભો થાય છે. આવી તકની ઘડી વખતે જ દેશનો યુવાન, 'નોકરી મળતી નથી' એમ વિચારી એ મહત્ત્વના ક્ષેત્રથી પોતાનું મોં ફેરવી લે એ દેશ માટે કરુણ પરિસ્થિતિનું સૂચક છે.

વિકસતા દેશના નાગરિકના હૈયે તો કેટકેટલા અખતરા, પ્રયોગો અને સંશોધનો કરવાની તમન્ના હોય ! ઉદ્યોગ અને યંત્રોમાં કેટકેટલી નવીન સિદ્ધિઓ મેળવી ઉત્પાદન અનેકગણું વધારી મૂકવાનો થનગનાટ હોય ! આ માટે રાતદિવસ પરસેવો પાડવા એ ઉત્સુક હોય. બળબળતા રણવગડામાં કામ કરવાનું કે સેંકડો મીટર નીચે ભૂગર્ભમાં કામ કરવાનું હોય, સમુદ્રના પેટાળમાં તલાવગાહન કરવાનું હોય કે પછી પહાડ અને ડુંગર ખેડવાના હોય– મહેનત મજૂરી, ટાઢતડકો વેઠવા એ હંમેશાં તૈયાર જ હોય. પણ આપણી તૈયારી નથી એ જ આપણા દેશની મોટી કરુણતા છે. જે દેશનું યૌવનધન કોઈપણ પ્રકારની મહેનત અને સાહસથી વિમુખ બની ચૂક્યું હોય એ દેશ સૌથી કમનસીબ છે.

આવી દિશાશૂન્યતા માટે ઘણીવાર આજની કેળવણી જવાબદાર ગણવામાં આવે છે. આ દલીલમાં કંઈક અંશે તથ્ય ખરું; પણ એને જ માત્ર કારણરૂપ ગણાવી અટકી જવું એ બરાબર નથી. કોઈ પણ રાષ્ટ્રના નાગરિકોના માનસ કે વૃત્તિવલણ માટે માત્ર શાળામાં અપાતી કેળવણી જ કારણરૂપ છે ? પ્રજામાનસ માટે રાષ્ટ્રીય પરંપરાગત ગુણદોષ જેવું કશું જ નથી હોતું ? કોઈપણ રાષ્ટ્રીય માનસ ઉપર ભૌગોલિક, સામાજિક અને ઐતિહાસિક પરંપરાઓની અજબ પકડ હોય છે. ઘણુંખરું તો આના આધારે જ પ્રજા સાહસિક, શાણી, નીતિવંત, જડ કે આળસુ જે હોય તે, નીવડે છે.

આપણો રાષ્ટ્રીય પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યોનો વારસો ઘણો ભવ્ય છે. મહેનત મજૂરી–પરસેવો પાડવામાં ક્યાંય નાનમ નથી. આ વારસો બ્રિટિશ અમલથી શરૂ થયેથી કેળવણીથી કંઈક અંશે ખંડિત થયો છે ખરો; પણ હજુ એ નામશેષ થયો નથી. ઊલટું સામાન્ય પ્રજાના માનસમાં તો પેલા વારસાનાં બીજ પડેલાં છે. જ્યારે ત્યારે એ જ સહેલાઈથી અંકુરિત થઈ શકે. એટલે કેળવણીનો દોષ જોઈને નિરાશ થઈ જવાને બદલે આ વારસાના જે સદ્અંશો હોય તેને ફરી જાગૃત કરીને એને નવી જરૂરિયાત પ્રમાણે નવાં મૂલ્યો અર્પવાં જોઈએ.

વિજ્ઞાન અને ટેકનૉલૉજીએ જે કંઈ આપણને બક્ષીસ આપી છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરીને પુરુષાર્થમાં લાગી જવું એ પવિત્ર કાર્ય ગણવું, એ જ ઉપર જણાવી એ પરિસ્થતિમાંથી બહાર નીકળવાનો માર્ગ છે. યુવાન વર્ગે વ્હાઈટ કૉલર જોબનાં સ્વપ્નાંમાં રહેવાને બદલે કારખાનાં, ખેતર કે ખાણમાં કામે વળગી જવું જોઈએ. ભારત એક વિશાળ દેશ છે હજુ તો વર્ષો સુધી એણે કારખાનાં અને ઉદ્યોગો વધાર્યે જવાનાં છે. આ વિકસતી પ્રવૃત્તિમાં, શ્રમ કરનાર ઈજનેર કે ટેકનીશિયન કામ વિનાનો રહેવાનો નથી... માત્ર એણે વ્હાઈટ કૉલર-જોબનાં મધુરાં સ્વપ્નાં ત્યજવાં પડશે.

---

# નવા વર્ષની શરૂઆત | શ્રી પુરુષોત્તમદાસ પટેલ

જુન ૧૯૭૦ તા. ૧૪ થી સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ, સાયન્સ કૉલેજ, જુનિયર ટેકનિકલ સ્કૂલ તથા પ્રિ વોકેશનલ ટ્રેઇનીંગ સેન્ટર ૧૯૭૦-૭૧ ના વર્ષના પહેલા સત્ર માટે ઉઘડયાં અને વિદ્યાર્થીઓ પણ આવી ગયા.

પહેલા દિવસથી શાળાઓ તેમજ કૉલેજનું કામ શરૂ થયું.

સર્વ વિદ્યાલય હાઇસ્કૂલમાં ૧૧૨૦ વિદ્યાર્થી દાખલ થઇ ગયા છે; છતાં નવા વિદ્યાર્થીઓની માગ દાખલ થવા આવી રહી છે. આ માગને પહોંચી વળવા પ્રયાસો કરીએ છીએ. પણ આપણી પાસે શાળાના કલાસો અને છાત્રાલયની મર્યાદિત જોગવાઈ છે. હાઇસ્કૂલ માટે એક નવું છાત્રાલય અને હાઇસ્કૂલ માટે એક મકાનની વ્યવસ્થા ના કરીએ ત્યાં સુધી દાખલ કરવાની સંખ્યા ઉપર મર્યાદા રાખવી જ રહી. આથી કેટલાકને નારાજ કરવા પડે છે, તેઓ અમને માફ કરે.

ટેકનિકલ સ્કૂલનું છાત્રાલય તૈયાર થઇ ગયું છે સાયન્સ કૉલેજ હોસ્ટેલ અને ટેકનિકલ સ્કૂલના છાત્રાલયમાં વિજળી કનેકશન માટેનું કામ મે મહિનાની શરૂઆતમાં શરૂ કરાવેલું પણ હજુ વિજળી કનેકશન મળ્યાં નથી. આ અઠવાડિયામાં મળી જશે અને ત્યાર પછી છાત્રાલયની સગવડમાં વધારો થશે.

અત્યારે તો આશ્રમના વિદ્યાર્થીઓને આપણા જૂના વિદ્યાર્થી આશ્રમમાં રાખવા પડ્યા છે. એમને ગીચોગીચ મૂકવા પડયા છે તેનું અમને દુઃખ છે. આ અઠવાડિયામાં ટેકનીકલ હોસ્ટેલમાં વિજળી મળી જશે એટલે સો-સવાસો વિદ્યાર્થીઓ ત્યાં રહેવા જશે. એટલે આપણા જૂના વિદ્યાર્થીઓની ગીચતા દૂર થશે

કુંજનો ઉપયોગ આપણે છાત્રાલય માટે કરતા હતા પણ વિદ્યાર્થીઓ વધવાથી અને એક પાલી સ્કૂલ કરવાથી કુંજમાં સર્વ વિદ્યાલયના પ્રાથમિક વિભાગની સગવડ કરવી પડી. આને લઇ પણ મુશ્કેલીમાં વધારો થયો.

કૉલેજના વિદ્યાર્થીઓને માટે ધનજીભાઈ છાત્રાલયમાં સગવડ કરી. એક રૂમમાં ચાર વિદ્યાર્થી મૂકવા પડયા છે. કૉલેજ હોસ્ટેલમાં આ અઠવાડિયામાં વિજળી મળી જશે એટલે કૉલેજના છાત્રો હોસ્ટેલમાં જશે એટલે પણ થોડી સગવડમાં વધારો થશે.

સરકારના હુકમ મુજબ જુનિયર ટેકનિકલ સ્કૂલ અને સર્વ વિદ્યાલયનો ટેકનિકલ વિભાગ બંધ થઇ ટેકનિકલ હાઇસ્કૂલ બને છે. એનું મકાન તૈયાર થઇ ગયું છે અને ટેકનિકલ હાઇસ્કૂલ આ નવા મકાનમાં બેસતી થઈ છે. ટેકનિકલ હાઇસ્કૂલમાં ૧૪૨ વિદ્યાર્થી દાખલ થયા છે. એ સંખ્યા પણ ૧૫૦ ઉપર થઇ જશે.

સાયન્સ કૉલેજમાં જુન ૭૦ થી નવા પ્રિન્સિપાલ શ્રી એન. જે. પટેલ આવ્યા છે. તેમણે હોંશથી કામ ઉપાડી લીધું છે. અને પહેલા દિવસથી એટલે ૧૪ જુનથી કૉલેજના વર્ગોનું કામકાજ નિયમિત શરૂ થઇ ગયું છે અને લેબોરેટરીઓ પણ શરૂ થઇ ગઇ છે કૉલેજમાં ૧૮૦ વિદ્યાર્થીઓ છે. સાયન્સ કૉલેજમાં દાખલ થવા માટે વિદ્યાર્થીએ એસ. એસ. સી. ની પરીક્ષા અંગ્રેજી, હાયર મેથ્સ અને ફીઝીકસ કેમીસ્ટ્રી સાથે પાસ કરેલી હોવી જોઇએ; આ સાલ અંગ્રેજીનું પરિણામ બહુ ઓછું આવ્યું અને હાયર મેથ્સ લેનારા ઓછા હોય છે. છતાં પ્રિ. સાયન્સમાં ૫૮ વિદ્યાર્થી દાખલ કરવામાં આવ્યા છે. પ્રિન્સિપાલ શ્રી પટેલ ધગશથી કામ કરી રહ્યા છે. અને પોતાની જ કૉલેજ હોય એમ માની નાના ઘરમાં પણ સર્વ વિદ્યાલય કેમ્પસમાં જ રહેવાનું પસંદ કર્યું છે.

સાયન્સ કૉલેજનો મારો ઘણો બોજો પ્રિન્સીપાલ શ્રી પટેલે ઉપાડી લીધો છે અને તેથી મને બીજાં કામમાં ધ્યાન આપવા અનુકૂળતા મળી છે.

ટેકનિકલ હાઇસ્કૂલના પ્રિન્સિપાલ તરીકે શ્રી ગણેશભાઇને નીમ્યા છે. તેઓ સર્વ વિદ્યાલયમાં શિક્ષક હતા. અત્યારે તો તેમની નોકરી ટેકનિકલ હાઇસ્કૂલમાં ઉછીની લીધી છે. તેમણે ટેકનિકલ હાઇસ્કૂલની જવાબદારી ઉપાડી લીધી છે અને તેથી મને ખૂબ રાહત થઇ છે.

ટેકનિકલ હાઇસ્કૂલના વર્કશોપની પરનાળનું કામ ચાલી રહ્યું છે, તે પંદરેક દિવસમાં પતી જશે. એટલે વર્કશોપ એમાં ગોઠવવામાં આવશે અત્યારે તો સર્વ વિદ્યાલયની વર્કશોપનો ઉપયોગ આપણે કરીએ છીએ.

વર્કશોપ તૈયાર થઇ જશે ત્યારે આપણી પાસેના સાધનો તેમજ ખરીદેલાં સાધનો તેમાં ગોઠવી દઇશું. આપણી વર્કશોપ પોલીટેકનિકની વર્કશોપ જેવી થશે. ભવિષ્યમાં પોલીટેકનિક કરવી હશે ત્યારે મુશ્કેલી ઓછી દેખાશે.

ફાર્મ મિકેનિક વર્ગની પહેલી મીટીંગ તા. ૨-૭-૭૦ ના રોજ થઇ. તેમાં આવેલ અરજીઓમાંથી પંદર વિદ્યાર્થીને પસંદ કરવામાં આવ્યા છે. તેમને દરેકને મહિને રૂા. ૨૫) શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ વર્ગ તા ૧૦-૭-૭૦ થી કામ કરતો થશે એમાં ઓઇલ એન્જીન, ઇલેટ્રીક મોટર, ટ્રેકટર અને ખેતીનાં સાધનોનો ઉપયોગ, દુરસ્તી વગેરે શીખવવામાં આવશે.

ફાર્મ મિકેનિકનો બીજો વર્ગ શરૂ કરવા વિચાર છે. એમાં બીજા પંદર વિદ્યાર્થી લેવામાં આવશે.

આ વર્ગ ૭ મહિનાના કોર્સનો છે. કોર્સ પૂરો થયે ગુજરાત રાજ્યનું ટેકનિકલ પરીક્ષા બોર્ડ પરીક્ષા લેશે અને પાસ થયેલાને સર્ટીફીકેટ મળશે. આ અભ્યાસના અંતે એસ. એસ. પાસ થયેલાને બેકારી ભોગવવી નહિ પડે. પોતાના જ ગામનાં

ઓઇલ એન્જીનો, મોટરો વગેરે સંભાળે દુરસ્ત કરે તો સ્હેજે જીવન સારી રીતે વિતાવી શકે.

આ વર્ગમાં દાખલ થવા માટેની લાયકાત **એસ. એસ. સી. પાસ અને રોજગારી કચેરીમાં નોંધાયેલ હોવો જોઈએ. રોજગાર કચેરીમાં નોંધાયેલ ના હોય તેને દાખલ કરી શકાતા નથી.**

ચોમાસુ સારી રીતે બેઠું છે. આ ચોમાસામાં રોપવા માટે આંબાના ધરૂ કર્યું છે. બને ત્યાં સુધી આંબા રોપવા છે અને ઉછેરવા છે.

# ફાર્મ મિકેનિક કોર્સ-
## ( કૃષિયંત્ર તાલીમ વર્ગ )
### બીજા વર્ગ સંબંધી

ફાર્મ મિકેનિક કોર્સના એક વર્ગ માટે ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી થઇ છે. આ વર્ગ માટે લગભગ એકસો જેટલી અરજીઓ આવેલી હોઇ બીજો વર્ગ શરૂ કરવાનું વિચારણા હેઠળ છે, તો આ વર્ગમાં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓએ પોતાનું નામ જે તે જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં નોંધાવવું અને આ વર્ગમાં દાખલ થવાની ઇચ્છા તેમને જણાવવી અને અમને પણ તેની જાણ કરવી.

ફાર્મ મિકેનિક કોર્સ
ઠે. ટેકનીકલ હાઇસ્કૂલ : કડી
સર્વ વિદ્યાલય કેમ્પસ : રેલ્વે સ્ટેશન સામે : કડી [ ઉ. ગુ ]

આપણી સંસ્થાના આગળના ભાગે ખાડો છે. લગભગ ચાર વીઘા જમીન છે. એનો વેરો ભરવો પડે છે પણ કાંઈ ઉત્પન્ન આવતું નથી. ગઇ સાલ તેમાં બાવળ અને લીંમડા ઉછેરવા પ્રયાસ કરેલો. લીંમડા ના રહ્યા પણ થોડા બાવળ રહ્યા છે. આપણી જમીન કાંઈને કાંઈ ઉત્પન્ન આપતી થવી જોઇએ. એમાં ફુલ ફળ ફળાદી જે થાય તે કરવું જોઇએ.

હવે આ શકય બનશે.

આપણી પાસે ત્રણ કુવા છે. એમાં પાણી પણ ઘણું છે પણ ખારૂં છે તેથી કરી ફળફળાદિ થતાં નહિ.

હવે તો આપણે ટયુબવેલ ૬૮૦ ફુટનો કર્યો છે તેમાં મીઠું પાણી છે. ૨૫૦૦૦ ગેલન પાણી મળવાની શકયતા છે. સબમર્સીબલ પંપ ખરીદી તેમાં ઉતાર્યો છે. એને માટે ઓરડી ચણી દીધી છે. વિજળી અઠવાડિયા દશ દિવસમાં મળી જશે એટલે મીઠું પાણી વિદ્યાર્થીઓને મળશે અને ફળફુલ વગેરે પણ થશે.

આ બધુ પૈસા વિના થતું નથી. પૈસાની ખેંચ તો ખુબ પડે છે પણ કરવા જેવા કામો કર્યા સિવાય ચાલે નહિ. ફંડ-પ્રવૃત્તિ હમણાં મંદ પડી છે; પણ વરસાદ સારો થયો છે મને શ્રદ્ધા છે કે સંસ્થાના શુભેચ્છકો અને જૂના વિદ્યાર્થીઓ પૈસાની ભીડ પડવા નહિ જ દે એ શ્રદ્ધાથી હું આગળ વધી રહ્યો છું.

# પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરમાં પ્રવેશ મેળવો

સેન્ટરના પહેલા વર્ષમાં હજુ પ્રવેશ આપવાનું કામ ચાલુ છે પ્રાથમિક શાળાના ચોથા ધોરણમાં પાસ થનાર વિદ્યાર્થીને આ કેન્દ્રમાં પ્રવેશ મળી શકે છે.

આ કેન્દ્રમાં અભ્યાસનાં ત્રણ વર્ષ પૂરાં કરનાર વિદ્યાર્થી પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખવા ઈચ્છે તો હાઈસ્કૂલના આઠમા ધોરણમાં દાખલ થઈ શકે છે અને એ રીતે એસ એસ સી. નો અભ્યાસ પૂરો કરી કોઈપણ કૉલેજમાં દાખલ થઈ શકે છે.

આ વિદ્યાર્થી ઈજનેરી ક્ષેત્ર ડીગ્રી કે ડિપ્લોમા કોર્સમાં જાય તો એના માટે સોનામાં સુગંધ મળ્યા જેવી તક ઊભી થાય કિશોરાવસ્થામાં જ એણે ઔદ્યોગિક તાલીમમાં એનો વિશેષ હાથ બેઠો હોય. આ ઉંમર એ કૌશલ માટે ઉત્તમ છે એટલે એને ડીગ્રી કે ડિપ્લોમા કોર્સમાં આ કુશળતા ખૂબ ઉપયોગી બને.

પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરમાં દાખલ થનાર વિદ્યાર્થી માટેનો બીજો એક ભૌતિક લાભ પણ વિસરવા જેવો નથી. વિદ્યાર્થી કેન્દ્રમાં અભ્યાસ કરે ત્યાં સુધી એને અભ્યાસ માટેનાં બધાં જ પુસ્તકો, સાધનો અને નોટબૂકો કે પેન્સીલ રબર મફત પૂરાં પાડવામાં આવે છે. ઉપરાંત, એને માસિક રૂપિયા દસ પ્રમાણે સ્ટાઇપેન્ડ પણ આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મર્યાદિત લેવાની હોય છે. એટલે દરેક વિદ્યાર્થીની અંગત કાળજી પણ લેવામાં આવે છે અને આ માટે ઉત્તમ લાયકાતવાળો સ્ટાફ રોકવામાં આવેલો છે.

વિદ્યાર્થીનાં રુચિ અને વળણ વૈજ્ઞાનિક ઢબે તપાસી એના વિકાસમાં સાચું માર્ગદર્શન મળે એ માટે કેન્દ્રમાં ખાસ વ્યવસાયી માર્ગદર્શનની વ્યવસ્થા છે. આ કાર્ય તાલીમ પામેલા કેરિઅર માસ્ટર કરે છે

બહારગામના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા પણ છે.

આ કેન્દ્રમાં પોતાનાં બાળકોને દાખલ કરવા ઈચ્છતા વાલીઓએ કેન્દ્રની મુલાકાત લેવા વિનંતી છે.

# નાની બચત યોજનામાં થયેલા મહત્વના ફેરફારો

## જૂની જામીનગીરીઓ

તા. ૧૪-૩-૭૦ ના રોજ કામકાજના કલાકો પૂરા થયા બાદ જૂની જામીનગીરીઓમાં (૧) ૧૨ વર્ષીય રાષ્ટ્રીય સંરક્ષણ સર્ટિફિકેટો (૨) દશ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (પ્રથમ શ્રેણી અને એક શ્રેણી) અને (૩) ૧૦ વર્ષીય સંરક્ષણ અનામત સર્ટિફિકેટો મળવાં બંધ થયાં છે તેને બદલે તા. ૧૬-૩-૭૦ થી નીચે મુજબનાં નવાં આકર્ષક વ્યાજનાં સર્ટિફિકેટો મળી શકે છે.

## નવી જામીનગીરીઓ

(૧) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (દ્વિતીય શ્રેણી) રુ. ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ સહિત પૂરી મુદતે રુ. ૧૦૦ ના ૧૪૧ મળશે. વ્યાજનો દર ૫ ટકા ચક્રવૃદ્ધિ અને ૫ ૬/૭ ટકા સાદુ વ્યાજ કર મુક્ત.

(૨) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (તૃતીય શ્રેણી) રુ. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ ૫ ટકા લેખે દર વર્ષે ચૂકવાશે. વ્યાજ કરમુક્ત.

(૩) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ (ચતુર્થ શ્રેણી) રુ. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ દર વર્ષે ૭¼ ટકા લેખે ચૂકવાશે. વ્યાજ કરપાત્ર રહેશે.

## નવી થાપણોની આકર્ષક યોજનાઓ

(૧) સેવીંગ બેન્કનું કામ કરતી પોસ્ટ ઓફિસ બાંધી મુદતની થાપણો સ્વીકારશે. આ થાપણો ૧ વર્ષ, ૩ વર્ષ અને ૫ વર્ષની મુદત માટે સ્વીકારાશે. વ્યાજનો દર અનુક્રમે ૫½ ટકા, અને ૬¼ ટકા અને ૬¾ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે.

(૨) ઉપર જણાવેલી પોસ્ટ ઓફિસ આવર્તક થાપણો પાંચ વર્ષ માટે સ્વીકારશે. આ થાપણો પર વ્યાજનો દર ૬¼ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે. આ યોજના ૧ લી એપ્રીલથી અમલમાં આવી છે.

(૩) પોસ્ટ ઓફિસ સેવિંગ બેન્કોમાં જો રુ. ૧૦૦ કે તેથી વધારેનું આખા વર્ષ માટે બેલેન્સ રહેશે તો તેના ઉપર વ્યાજનો દર ૪ ટકા રહેશે.

વધુ વિગતો માટે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી અને નેશનલ સેવિંગના અધિકારીઓનો સંપર્ક સાધો.

: ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત :

## રાહ જુઓ | માતાજી

'**તમને** રાહ જોતાં આવડતું હશે તો તમને સમય મળી રહેશે.' સામાન્ય રીતે એવું બને છે કે તમે કોઇ કામ કરવાનું શરૂ કરો છો ત્યારે તમને એ કામ એકદમ ઉપાડી તેને ઝડપથી પૂરું કરી નાખવાનું મન થાય છે. કામ અંગે તમને વિચાર આવે અને તમે તેનો અમલ કરી નાખો આ બે ક્રિયાઓની વચ્ચે તમે લેશ પણ ગાળો પડવા દેવા માગતા નથી. તમારે કામ ઝડપથી કરી નાખવું હોય છે, તમને ઉતાવળ લાગેલી હોય છે. કામ શરૂ કરતાં પહેલાં જરા અટકી જવું, આસપાસ નિહાળી લેવું, સંજોગો અને પરિસ્થિતિનું અવલોકન કરી તેનો કયાસ કાઢી લેવો, તમારા ધ્યેયને પહોંચવા માટેનો ઉત્તમોત્તમ માર્ગ વિચારી લેવો– આમાંનું કશું પણ કરવા માટે તમને લેશ પણ પરવા નથી હોતી. અને આ તાલાવેલીનું પરિણામ આવે છે નિષ્ફળતા, ઘણીવાર તો ભયંકર એવી નિષ્ફળતા. અને તમારે પાછું બધું ફરીને શરૂ કરવાનું રહે છે, એટલું જ નહિ, તમને મળેલો પાઠ તમે જો બરાબર શીખશો નહિ તો તમારે એક વાર નહિ, અનેકવાર ફરી ફરીને શરૂ કરવાનું રહેશે. અને આ રીતે તમે વખત ગુમાવો છો, શક્તિ ગુમાવો છો, સફળતા ગુમાવો છો. ખરું જોતાં તો તમારે આથી તદ્દન ઊલટી રીત અખત્યાર કરવી જોઇએ. તમે કોઇ કામ શરૂ કરો ત્યારે તમારે એ તરફ એકદમ ધસી ન જવું જોઇએ. એ કામનું રહસ્ય શું છે, તેમાં શી શી વસ્તુઓ રહેલી છે તે તમારે શાંતિથી સમજી લેવું જોઇએ તમે જે વસ્તુ કરવા માગતા હો તેનો સ્પષ્ટ આકાર કે ચિત્ર તમારા મન આગળ ખડું કરી લો. એ અંગે તમારા મનમાં કોઈ અસ્પષ્ટતા કે અનિશ્ચિતતા રહેવા ન દેશો. કામ કરતી વેળા બધું એની મેળે સ્પષ્ટ થઈ જશે એમ ન વિચારશો.

તમારા કાર્યની સિદ્ધિ માટે જે જે સાધનોની જરૂર પડે તેમ હોય તે બધી સામગ્રી તમારી પાસે પૂરેપૂરી આવી ગઇ હશે અને તમને વિઘ્નરૂપ ન બનતાં મદદરૂપ બને તેવા સંજોગો આવી મળશે ત્યારે તમારું કાર્ય સિદ્ધ થશે. પણ આવા સંજોગો તૈયાર છે કે નહિ તે જાણવાનું, ઓળખવાનું સાધન શું છે? એનું સાધન સૂક્ષ્મ છે. સંજોગોનું સ્વરૂપ તમે મન કે બાહ્ય બુદ્ધિ વડે નહિ જાણી શકો. એ માટે તમારામાં અંતઃપ્રેરણા હોવી જોઇએ. પરિસ્થિતિને આપોઆપ સમજી જવાની શક્તિ હોવી જોઇએ. તમને તમારી અંદરની ચેતના જ આ વસ્તુ સમજાવી આપશે એ ચેતનામાં તમને જયારે કોઇ મહાશાંતિનો અનુભવ થાય, વિશ્વાસ અને શ્રદ્ધા, કોઇ તેજોમય એકાગ્રતા તમારામાં તમને સભર ભરેલાં લાગે ત્યારે સમજવું કે એ અવસ્થા તમારા કાર્યની સફળતા માટેની સાનુકૂળ સંપૂર્ણ પરિસ્થિતિ છે.

---

## પ્રેમપંથ | સ્વામી વિવેકાનંદ

**આ**પણે ઇશ્વરમાં પ્રેમ રાખવા માટે આપણને પોતાને બે ભાગમાં વિભક્ત કરીએ છીએ. હું પોતે મારા આત્માને ચાહું છું. ઇશ્વરે મને ઉત્પન્ન કર્યો છે અને હું ઇશ્વરને ઉત્પન્ન કરું છું. આપણે આપણી પ્રતિમામાં ઇશ્વરને નિર્માણ કરીએ છીએ. ઇશ્વરને આપણે પોતે જ બનાવીએ છીએ, ઇશ્વર આપણને કાંઈ પોતાનો અનુચર બનાવતો નથી. જયારે આપણે એમ જાણતા થઇએ કે ઇશ્વર અને આપણે એક જ છીએ, ઇશ્વર અને આપણે મિત્રો છીએ, તે વેળાએ જ સમાનતા તથા સ્વતંત્રતામુક્તિનો આવિર્ભાવ થાય છે. જ્યાં સુધી તમે એક વાળના અંતર જેટલા પણ પોતાને તે શાશ્વત પરમેશ્વરથી ભિન્ન રાખો છો, ત્યાં સુધી ભયની ભાવના કદાપિ જવાની કે લુપ્ત થવાની નથી તે નથી જ.

એથી જગતને શો લાભ થવાનો છે? એવો બાલિશ પ્રશ્ન કદાપિ ન પૂછો. જગતને તે જેમ ચાલે છે તેમ ચાલવા દો. સ્નેહ રાખો અને શંકાને કાઢી નાખો, કેવળ પ્રેમ કરો અને બીજા કશાની આશા ન રાખો. પ્રેમભાવનામાં નિમગ્ન થઇને બધી મતભિન્નતાને ભૂલી જાઓ. કહો, 'હે પરમાત્મન્ હું તારો, સદાને માટે તારો જ છું!' એમ આત્મનિમજ્જન કરીને અન્ય સર્વ વસ્તુઓને વીસરી જાઓ. કેવળ પ્રેમ જ ઇશ્વરની ભાવના છે.

બિલાડીને પોતાનાં બચ્ચાં સાથે પ્રેમ કરતી જોઇને ઊભા રહો અને એવા પ્રેમ માટે પ્રભુપ્રાર્થના કરો. પ્રેમથી જ ઇશ્વર વ્યક્ત થાય છે, એ તત્ત્વને અક્ષરશઃ સત્ય માનજો. વારંવાર એમ જ બોલતા રહો કે 'હું તારો છું', 'હું તારો છું' અથવા 'હું તારી છું', 'હું તારી છું' કારણ કે આપણે ઇશ્વરને સર્વત્ર જોઈ શકીએ છીએ. ઇશ્વરને શોધવાનો યત્ન ન કરો કિંતુ તેનો સાક્ષાત્કાર કરો.

જગતમાં જે કાંઇ પણ ઉત્કર્ષનો માર્ગ પ્રાપ્ત થયો છે તે કેવળ પ્રેમથી જ પ્રાપ્ત થયેલો છે. દોષવિવેચનપદ્ધતિ કદાપિ કાંઈ કલ્યાણ કરી શકતી નથી. સહસ્ત્રાવિધિ વર્ષોથી એ પદ્ધતિનો પ્રયોગ થતો આવ્યો છે પરંતુ તેનું લેશમાત્ર પણ શુભ પરિણામ આવ્યું નથી.

---

સુવર્ણ જયંતી સાપ્તાહિકનું
આપનું લવાજમ
મોકલી આપશો.




## સાયન્સ કૉલેજ કડીના
### સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને

—[ • ]—

આ કૉલેજમાંથી સ્નાતક થયેલા ભાઇ—બહેનોના વ્યવસાયની વિગતો એકત્ર કરવાનું નક્કી કર્યું છે. તો આ કૉલેજમાંથી સ્નાતક ( B. Sc. ) થયેલા ભાઇ-ઓને પોતાના હાલના સરનામા સાથે તેઓના વ્યવસાયની માહિતી મોકલી આપવા જણાવવામાં આવે છે. વ્યવસાય અંગે વિગતો જેવી કે નોકરીનો પ્રકાર, પગાર, સ્વતંત્ર વ્યવસાય કે વેપારનો પ્રકાર વગેરે જણાવવો. બેરોજગાર હોય તેઓ પણ પોતાની માહિતી મોકલી આપે.

: માહિતી મોકલવાનું સરનામું :
આચાર્યશ્રી, સાયન્સ કૉલેજ
સર્વ વિદ્યાલય કેમ્પસ્
કડી ( ઉ. ગુ. )

For
**QUALITY, FASHION and RELIABILITY**
**insist on fabrics manufactured by**
**The Bharat Vijay Mills Ltd, Kalol ( N. G. )**

Manufacturers of :

Terrycotton Shirtings and Suitings Two x Two Mercerised Eva Shrunk Dyed, Bleached and Printed Tussore Coatings, Wash-n-Wear Coatings, Mercerised Deep shade poplin, Mercerised Eva Shrunk Drop Box Shirtings and Patto, Resist & Screen print Poplins, Cambric, Lawn, Two x Two superfine Poplins etc. etc.

**: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. : :**

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ્-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ્-કડી : તા. ૯-૭-૭ ૦

સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૬-૭-૭૦ [ અંક ૪૨

# માનવજાતની મહત્તા!

૨૪ મી માર્ચ. અત્યંત મંદ ગતિએ મારી આગગાડી નર્મદા નદીના પુલ ઉપર દાખલ થઈ. રજાના દિવસે અમસ્તી લટાર મારવા નીકળી હોય એમ હું મારી જગ્યા છોડી ડબ્બાના બારણા આગળ આવી ઊભો રહ્યો સામે કાંઠે ભરૂચ દેખાતું હતું. જાણે કશું જ બન્યું ન હોય, એમ શાંત ઊભું હતું. છતાં વાતાવરણમાં – કે મારા મનમાં – કશુંક એવું હતું કે એ શાંતિ કરડવા આવે એવી શાંતિ હતી. સ્તબ્ધ બની ઊભેલી ભારેખમ શાંતિ.

*

ચોવીસ કલાક અગાઉ જ ભૂકંપે ભરૂચને ભાંગ્યું હતું. ઇશ્વરનો કોપ કહો, શયતાનની લીલા કહો, કુદરતની આફત કહો કે પછી એક અકસ્માત કહો.

*

ઇશ્વરનો કોપ તો કેમ કહેવાય? માસુમ બાળક જેને પાપ શું પુણ્ય શું, એનું ભાન પણ ન હોય એ શું ચગદાઈ જાય આ કોપના ખપ્પરમાં? અરે ભાઈ, કોપ ઊતરવાનો હોય ઇશ્વરનો તો લુચ્ચા ક્રૂર લોકો પર જ ન ઉતરે? અને શયતાનની લીલા પણ કેમ હોય! તો નિરાધારના આધાર શું ઇશ્વર બેસી રહે? શયતાનની ક્રૂર લીલાના શું ભુક્કા ન બોલાવી દે? પરંતુ માનવીની આ પૃથ્વી પર બનતા અગણિત બનાવો અકળ રહે છે, બુદ્ધિમાં ઊતરે એવી તેની સમજૂતી આપી શકાતી નથી. અને એની પાછળ બહુ વિચાર કરવા જેવું પણ હોતું નથી. ઇશ્વરમાં શ્રદ્ધા હોય તો તેનાં કારણો જાણવાની જરૂર હોતી નથી. શ્રદ્ધાળુ માણસો જ આવે વખતે તરી શકે. જેનામાં યકીન ન હોય તે બાપડો તો ગુંચવાયા જ કરવાનો. આવી મહાભયાનક આફત વખતે શ્રદ્ધાથી બીજો વધુ મોટો સહારો કયો હોઈ શકે!

*

એક મકાનમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપતાં હતાં. એ મકાનને પણ નાની ચિરાડો તો હતી જ. મને ખરેખર નવાઈ લાગી. એક ભાઈને પૂછ્યું તો કહે કે, એસ. એસ. સી. ની પરીક્ષા શરૂ થઈ છે. કમાલ છે! ભયાનક આફત વખતે પણ આ લોકોને પરીક્ષા મોકૂફ રાખવાનું ન સૂઝ્યું! વિદ્યાર્થીઓ કેવી રીતે લખે? એમનાં ઘર ભાંગીને પડયાં હશે. મનની શાંતિ કેમ આવે? તુમારશાહી કહે છે તે કદાચ આને જ કહેતાં હશે.

*

એમ સાંભળ્યું કે, એક નાનકડા મંદિરની આસપાસની ઈમારતો તૂટી પડી પણ મંદિર આબાદ આખું જ બચી ગયું. એમ પણ સાંભળ્યું કે, એક અગિયારી તૂટી પણ અંદરના પવિત્ર આતશને કશી હાનિ નહિ આવી.

*

રીક્ષામાં સ્ટેશન તરફ પાછો ફર્યો ત્યારે ભૂકંપ આવ્યાને માંડ ૩૬ કલાક પણ નહિ થયેલા છતાં બાળકોને રમતાં જોયાં. વિદ્યાર્થીઓને પરીક્ષા આપતાં જોયાં. નાની દુકાનો પાછી ખૂલી હતી. લોકો ખરીદી કરતાં હતાં. અરે, ફિલ્મ જોવા માટે એક થીએટરની ટીકિટબારી પર લોકોની લાઇન પણ જોઈ. ભરૂચ ભાંગ્યું હતું પણ એણે નવું જીવન ઝડપભેર શરૂ કરી દીધું હતું. મારો એક મિત્ર એને માનવજાતની નફ્ફટાઈ કહેવાનો, હું એને મહત્તા કહું છું.

[ ' સમર્પણ 'માંથી : હોમી નવરોજી દસ્તુર ]

# ગાંધીરંગ

મોહનભાઈ પટેલ

માર્ટિન લ્યુથર કીંગના જીવન ઉપર ગાંધીજીનો પ્રભાવ બહુ પ્રબળ હતો. ગાંધીજીના સિદ્ધાંતના અદ્‌ભૂત બળનું દર્શન એમને પ્રથમવાર મોંટગોમરીના બસ સત્યાગ્રહ વખતે થયું. આ સત્યાગ્રહનું એમણે એલાન કર્યું ત્યારે એના પ્રભાવની એમણે કલ્પના પણ કરી નહોતી. હકીકત આમ હતી : એક દિવસ મોંટગોમરીમાં એક મોટરબસ કોર્ટ સ્કવેરથી આગળ વધી રહી હતી. એમાં ચોવીસ હબસી ઉતારુઓ હતા જેમાં રોઝા પાર્ક નામની એક સ્ત્રી હતી. એ જ બસમાં બાર ગોરા ઉતારુઓ હતાં. એમ્પાયર થિયેટરના સ્ટૉપ આગળ બસ અટકી. બીજા છ ગોરા ઉતારુ ચઢ્યા. બસનો ડ્રાયવર ઊભો થયો અને આગળ બેઠેલા ઉતારુઓને કહ્યું "ઊઠી જાઓ; આમને બેસવા દો." ત્રણ હબસીઓ તરત ઊભા થઇ ગયા. પણ રોઝા પાર્ક ઊભી થઇ નહીં. ડ્રાઈવરે ફરી કહ્યું. રોઝાએ ગણકાર્યું નહીં. ડ્રાઈવરે પોલીસને બોલાવી. પોલીસે રોઝાની ધરપકડ કરી. આ ધરપકડથી હબસી આલમ ખળભળી ઊઠી. માર્ટિન લ્યુથર કીંગે નેતૃત્વ લીધું અને એક દિવસ માટે બસ–સર્વિસનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો. બીજે દિવસે સવારથી આ બહિષ્કાર શરૂ થવાનો હતો. કીંગના મનમાં આ એક દિવસની સફળતા માટે પણ શંકા હતી. ક્યાંક આ સત્યાગ્રહ હાસ્યાસ્પદ તો પૂરવાર નહીં થાય ને !

સવારે કીંગ અને એમનાં પત્ની કંઇક ચિંતાથી ઉત્કંઠ બનીને રસ્તા ઉપર ડોકિયું કરી રહ્યાં હતાં. સવારની પહેલી બસ પસાર થઇ. કીંગનો ચહેરો આનંદથી ચમકી ઉઠયો. બસ એક પણ હબસી વિનાની હતી. બીજી બસ, ત્રીજી બસ... એક પણ હબસી ન મળે ! આવી અકલ્પ્ય સફળતાથી કીંગને કોઇ નવી પ્રેરણા મળી... એક દિવસ નક્કી કરેલો સત્યાગ્રહ પૂરા ત્રણસો અને બ્યાસી દિવસ ચાલ્યો. સત્તાવાળાઓએ નમતું આપવું પડ્યું. કીંગમાં નવી શ્રદ્ધાનો જન્મ થયો. આ સમયે તો કીંગની ઉંમર ફક્ત સત્તાવીસ વર્ષની હતી. આ લડત વિષે કીંગે પોતે જ કહ્યું હતું કે મોન્ટગોમરીની લડત ઇશ્વર પ્રેરિત હતી. અને એ લડવાની કળા ગાંધી પાસેથી મળી હતી.

આ લડત પછી તો ગાંધીજીના સિદ્ધાંતો તરફનું આકર્ષણ વધ્યું. જીવનમાં ગાંધીરંગ વિશેષ ચઢવા માંડ્યો. એક દિવસ કીંગ એક સભાને સંબોધી રહ્યા હતા, એ જ સમયે એમના મકાના આગલા ભાગમાં કોઇએ બોંબ ફેંકયો. ઘરમાં એમનાં પત્ની અને નવ અઠવાડિયાનું બાળક હતાં. સહેજમાં એ લોકો બચી ગયાં. ધડાકા સાથે ઘરમાં ધૂમાડાના ગોટેગોટ પ્રસરી રહ્યા. લોકો ભેગાં થઈ ગયાં. પોલીસ આવી પહોંચી. અગ્નિશામક બંબા આવ્યા. હબસીઓમાં ભારે રોષ ઊભરાઈ આવ્યો હતો. મોટું તોફાન થાય એવી પરિસ્થિતિ ઊભી થઈ. લોકો બંદૂક, પથરા, ઈંટો, સળિયા, લાકડીઓ, છરીઓ, કોકાકોલની બાટલીઓ વગેરે લઇને ધસી આવ્યા હતા.

આ અગાઉ શહેરના મેયર અને બીજા ઘણા ઓફિસરો પણ સ્થળ ઉપર પહોંચી ગયા હતા. મેયર ભારે ચિંતામાં હતા.

સભાસ્થાનેથી કીંગ પણ આવી પહોંચ્યા. એમણે પરિસ્થિતિ માપી લીધી. પત્ની સાથે જરા વાત કરી લીધી. પછી એ બહાર પોર્ચમાં આવીને ઊભા. એમણે હાથ ઊંચા કર્યા અને કહ્યું : "આવેશ ન કરો, તમારાં હથિયાર ન લો જે તલવારના સહારે જીવે છે એ જ તલવારથી મરે છે."

ટોળું શાંત થઇ ગયું. કીંગે કહ્યું : "આપણે હિંસાની હિમાયત નથી કરતા. દુશ્મનને પણ તમે ચાહો એમ હું ઇચ્છું છું. એમની પ્રત્યે સદ્‌ભાવ રાખો. એમને તમે ચાહો... અને તમે એમને ચાહો છો એ એમને જાણવા દો."

ટોળાનો રોષ ઓગળી ગયો. 'પ્રભુ તને સુખી રાખે, દીકરા.' એવો અવાજ ટોળામાંથી આવ્યો અને ટોળું વિખરાવા લાગ્યું.

કીંગનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું ત્યારે પ્રકાશક સાથે એવી શરત હતી કે એ પુસ્તકના પ્રાકટ્ય સાથે કીંગે કેટલાંક મોટાં શહેરોમાં પોતે જાતે રજૂ થવું. આ શરત પ્રમાણે કીંગ હારલેમ નામના શહેરમાં ગયા. ગોરાની માલિકીના એક સ્ટોરમાં બેઠા બેઠા એ પોતાનાં પુસ્તકો ઉપર સહી કરતા હતા ત્યારે એક બેંતાળીસ વર્ષની સ્ત્રી સ્ટોરમાં દાખલ થઇ. એણે એક કર્મચારીને પૂછ્યું : "આ માર્ટીન લ્યુથર કીંગ છે ?"

"હા" કર્મચારીએ જવાબ આપ્યો.

એ સ્ત્રી કીંગ પાસે ગઇ. એણે પૂછ્યું : "તમે માર્ટીન લ્યુથર કીંગ છો ?"

"હા." કીંગે જવાબ આપ્યો ત્યાં તો એ સ્ત્રીએ કીંગને ગાળો ભાંડવા માંડી અને પરબીડિયાં ચીરવાનું એક તીક્ષ્ણ સાધન–હથિયાર છાતીના ડાબા ભાગમાં ખોસી દીધું. આ ખૂની હુમલો હતો. કીંગ શાંત અને સ્વસ્થ હતા. એમને દવાખાને પહોંચાડવામાં આવ્યા. જાન પૂરેપૂરો જોખમમાં હતો. ડૉક્ટરોની મહેનત અને ત્રણ કલાકના ઓપરેશન બાદ એમને બચાવી લેવામાં આવ્યા. જરા ઠીક થયું એટલે કીંગ તરત જ બોલ્યા : "મને એ સ્ત્રી પ્રત્યે જરાયે રોષ નથી."

ત્રણ દિવસ પછી કીંગને દવાખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા. એ પછી મોંટગોમરીમાં થોડાં અઠવાડિયાં માટે આરામ કરીને એમણે ભારતયાત્રા કરવાનો મનસુબો કર્યો.

[અનુસંધાન પાન ૮ ઉપર]

# શિક્ષણને વ્યવસાય-અભિમુખ કરવા શું કરવું જોઇએ ?

શ્રી મનુભાઇ પંચોળી

શિક્ષિતોની બેકારીથી મૂંઝાઇને હવે વ્યવસાયી શિક્ષણ આપવાનો અવાજ ઊઠવા માંડયો છે. ખરેખર તો હાલ જે જાતનું બેઠાડુ શિક્ષણ આમ ને આમ બધાને માટે ચાલુ રાખવામાં આવે તો આવું પરિણામ આવે જ તેમ નઇતાલીમ-ના વિચારકો હાથ ઊંચા કરીને કહેતા જ હતા.

આગળ વધેલા દેશોમાં દા. ત. ઇગ્લાંડમાં પણ પ્રા શિક્ષ-ણના સંધિકાળે મોટા ભાગના વિદ્યાર્થીઓને જો આગળ ભણવું હોય તો વ્યવસાયી શિક્ષણ તરફ વાળવામાં આવે છે. અને જેને કેવળ સાક્ષરી શિક્ષણ કહેવામાં આવે, તેવી ગ્રામર સ્કૂલોમાં બહુ જ ઓછા જે તેને જ માટે લાયક હોય તેવાને જ પ્રવેશ મળે છે, અને તે જ આગળ વિશ્વ વિદ્યાલયોમાં જતા હોય છે.

બીજી બાજુ જે વ્યવસાયી શિક્ષણમાં પડયા તેઓ પણ માત્ર હાઇસ્કૂલો જેટલું જ ભણી શકે, તેનું મહાવિદ્યાલયનું શિક્ષણ ન જ હોય તેવું પણ નથી. હરેક ધંધામાં વિજ્ઞાન વિકસતું જાય છે, અને તેથી તેમાં પણ વધારે ઉચ્ચ શિક્ષણ મળતું રહે તે જોવાય છે પણ તે વ્યવસાયોને જ માટે, વ્યવ-સાયોની વિશિષ્ટ કેળવણી હોય છે.

આ શિક્ષણની સફળતાનું એવા દેશોમાં એક ત્રીજું કારણ પણ છે. વ્યવસાયી શિક્ષણની તાલીમ લીધેલા અને સાક્ષારી શિક્ષણ લીધેલાની વચ્ચે વેતન કે વળતરમાં ધ્યાન ખેંચે તેવો તફાવત નથી. આથી બેઠાડુ અને સફેદ પોશ ધંધાની, આવકના કારણસર વિશેષ પ્રતિષ્ઠા કે આકર્ષણ નથી.

શરીરશ્રમની પવિત્રતા અને ઉપયોગીતાની આપણે ત્યાં જે બડી બડી વાતો થાય છે તેવું ત્યાં ન કરવા છતાં હાથ મહેનત-નાં કામોમાં બુદ્ધિશાળી યુવક યુવતીઓ હોંશથી જાય છે. પણ અહીં હું પોલીટેકનીકમાં ચાર વર્ષ તાલીમ લઉં, અને મને જે મળે તેના કરતાં જો હું B. T. કે B. A. થઇને વધારે મેળવી શકું તેમ હોઉં તો સ્વાભાવિક રીતે પોલીટેકનીક, કે ફાર્મસી કે વણાટ કાંતણના અભ્યાસક્રમોમાં હું ન જ જાઉં. ભલે મારા કાનમાં નેતાઓ તરફથી રાત દિવસ સમાજવાદની વાતો ઠાંસવામાં આવે. બે બુદ્ધિશાળીઓ જેમાં સરખો સમય આપે તેનું વળતર લગભગ સરખું ન મળતું હોય તો વ્યવસાયી શિક્ષણ કદી ચાલવાનું નથી. સમાજવાદી કાર્યક્રમનો પાયો સમાન સમયવાળા અભ્યાસનું લગભગ સમાન વળતર બનાવવો જ જોઇએ. આ એક જ નિર્ણય થાય તો વ્યવસાયી શિક્ષણ તરત બેઠું થશે.

આ વ્યવસાયી શિક્ષણ વિષે એક ખાસ વાત એ પણ વિચારવી જોઇશે કે આના અભ્યાસક્રમો વ્યવસાયના મંડળો પ્રધાનપણે ઘડે, અને તેને તે લોકો ચલાવે રાજ્ય તેને મદદ કરે તેમાં ભાગીદાર પણ થાય, પણ વ્યવસાયી શિક્ષણ યોજવા અને ચલાવવાનું તે વ્યવસાયના મંડળો જ ઉપાડી લે તેવું કરીએ તો કાર્યક્રમ વ્યવહારૂ સ્વરૂપ આપોઆપ ધારણ કરશે. અભ્યાસક્રમ, પ્રવેશનાં ધોરણો, પરીક્ષાની પદ્ધતિ બધે વાસ્તવિક દાખલ થશે

રાજ્ય પોતે જ આ સાહસ ઉપાડશે તો તેમાં નિષ્ફળતા મળવાની કારણ કે રાજ્ય વ્યવસાયની વાસ્તવિક જરૂરિયાતો કરતાં સૈદ્ધાંતિક બાબતોમાં જ ઉતરી જવાનું. અમલદારી તંત્ર જેણે કદી હુકમ ચલાવવા, નિયમો કરવા સિવાય બીજો વ્યવસાય નથી, તે આ કરશે તો ખોટી શરૂઆત થવાની. જયારે તે તે વ્યવસાયનાં મંડળો આમાં મુખ્ય ભાગ ભજવશે તો વ્યવસાયી કેળવણીનું મંડાણ વાસ્તવિકતા ઉપર થવાનું.

સરકાર પણ પોતાના ખાતાની જરૂરિયાતો માટેની શાળા-ઓ ચલાવે અને તે મુજબની પરીક્ષાઓમાં પાસ થાય તેમને જ ખાતામાં દાખલ કરે. મેટ્રીક અથવા બી. એ. છું માટે આપો-આપ નોકરી માટે લાયક છું તે સદંતર નીકળી જવું જોઇએ.

એકબાજુથી આપણે આ જમાનો વિશિષ્ટ જ્ઞાનનો, વિશિષ્ટ આવડતોનો છે તેમ કહીએ છીએ, અને બીજી બાજુથી માત્ર સારૂ વાંચતા કે બોલતાં આવડતું હોય તો તેને બધે પ્રવેશ મળે તેવું ચાલુ રાખીએ છીએ એ બંધબેસતું નથી. તેમાં સામાજિક દ્રવ્યનો તેમ જ વ્યકતગત શકિતનો ઘણો નિરર્થક વ્યય થાય છે.

ખાતાવાર અભ્યાસક્રમો અને પરીક્ષા રખાય. તેમાં જે પસાર થયો હોય તેને જ ખાતું મુલાકાત માટે બોલાવે તો કાર્યક્ષમતા વધે અને ખર્ચ ઘટે.

પ્રા. શિક્ષણમાં પણ એવું થઈ શકે કે વાંચવા લખવા અને ગણિતની અલ્પતમ જરૂરિયાતો ઠરાવી તેની રીતસરની રાત્રિશાળાઓ ( અક્ષર જ્ઞાનની પ્રૌઢશાળા નહિ ) શરૂ કરવી જોઇએ. અને દિવસે જે બાળકો કે બાળાઓ પોતાના ખેતર કે ઘરકામમાં ઉપયોગી થતાં હોય, તેમને તેમ ઉપયોગી થવાનું ચાલુ રહેવા દઇ આવી રાત્રિશાળામાં આવવાનું ઉત્તેજન આપવું જોઈએ.

દિવસની શાળામાં જે વિવિધ વિષયોનુ' જ્ઞાન અપાય છે તેમાં જેણે આવવું હોય તે આવશે. પણ જે ત્યાં ન આવી શકે તેમ હોય અને જેને આગળ માધ્યમિક શાળામાં જવું નથી તેવાઓને જરૂરી વાચન લેખન ગણિત માટે તે જ દિવસ-ની શાળામાં તે જ શિક્ષકો બે કલાક ભણાવે, તો ઓછા ખર્ચે

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

## સર્વ વિદ્યાલય કેમ્પસનું : એક નવીન અને વિશિષ્ટ અંગ

# ટેકનીકલ હાઇસ્કૂલ

સર્વ વિદ્યાલયે હવે નવું કલેવર ધારણ કર્યું છે. સર્વ વિદ્યાલયનું નામસ્મરણ થતાં જ એક પ્રફુલ્લિત, વિવિધ પાંખડીવાળા કમળની છાપ મન ઉપર અંકિત થાય છે.

એક જ કેમ્પસમાં વિવિધ પ્રકારની શિક્ષણપ્રવૃત્તિઓથી ધમકતી ઉત્તર ગુજરાતની આ એકમાત્ર સંસ્થા છે. અહીં એક બાજુ યુનિ. શિક્ષણ આપતી સાયન્સ કૉલેજ છે તો બીજી બાજુ એક યા બીજા કારણ. સર ધો ૪ થી જેમનો અભ્યાસ છૂટી ગયો છે એવા વિદ્યાર્થીઓ માટે ધંધાકીય તાલીમ આપતું એક પ્રિ. વોકેશનલ ટ્રેઇનીંગ સન્ટર છે; ધો. ૫ થી ૧૧ સુધી શૈક્ષણિક વિષયોનું જ્ઞાન પ્રદાન કરતી આપણી સૌની 'સર્વ વિદ્યાલય' છે; તો જમાનાની જરૂરિયાતોને અનુરૂપ ધંધાકીય વિષયોની સુવિધાવાળી સ્વતંત્ર **ટેકનીકલ હાઇસ્કૂલ** છે. ગુજરાતની જૂજ ટેકનીકલ હાઇસ્કૂલોમાંની એક આપણે ત્યાં છે. ટેકનીકલ હાઇસ્કૂલનું સ્વતંત્ર મકાન છે, એને પોતાનું ભવ્ય વર્કશોપ, સ્મિથિની વગેરે છે. એને પોતાની આગવી સાયન્સ લેબોરેટરી, ઇલેટ્રીકલ લેબોરેટરી અને મિકેનીકલ લેબોરેટરી છે. હરેક રીતે સાધનસંપન્ન એવી આ ટેકનીકલ હાઇસ્કૂલ છે.

દેશનું સાચું ધન એના યુવાનો–વિદ્યાર્થીઓ છે. અનેક પ્રકારની શક્તિઓના પુંજસમા યુવાનોના ભાવિ સાથે જ દેશનું ભાવિ જોડાયેલું છે. અનેક પ્રકારનાં કૌશલ્યો, આવડત, રુચિ અને શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓને સીધું સાદું અને ચીલાચાલુ શિક્ષણ આપવું એ એમના અને રાષ્ટ્રના હિતને જોખમમાં મૂકનારું છે.

વળી દેશ જ્યારે કાયાપલટ કરી રહ્યો હોય; ઇજનેરી અને ટેકનોલોજીની કેડી ઉપર આગળ ધપી રહ્યો હોય ત્યારે દેશને ઘણા બધા ઇજનેરો અને ટેકનીશીયનોની જરૂર પડવાની. અને એટલે વિદ્યાર્થીઓ અને વાલીઓએ વિકાસોન્મુખ દેશને ઉપયોગી એવા શિક્ષણ અને એ પ્રકારનું શિક્ષણ આપતી સંસ્થાઓની સતત શોધખોળ કરવી રહી. આવી એક ટેકનીકલ હાઇસ્કૂલની આપણે ત્યાં ૧ લી જુલાઈ '૭૦ થી મંગળ શરૂઆત થઇ છે.

દાયકા–દોઢ દાયકા પહેલાં વિદ્યાર્થીને સીધીસાદી શાળા-મહાશાળામાં દાખલ કર્યા સિવાય આપણો છૂટકો નહોતો કારણ કે એ વખતે વ્યવસાયી શિક્ષણ આપતી સંસ્થાઓ ગણીગાંઠી હતી. પણ હવે જ્યારે ઘર આંગણે આવા પ્રકારના શિક્ષણની જોગવાઇ થઈ છે ત્યારે વાલીઓ દિશાશૂન્યતા ત્યજીને પોતાના પુત્ર–પાલ્યને પૂજ્ય ગાંધીજી અને અનેક મોટા કેળવણીકારોએ જેની હિમાયત કરી છે એવું ઉદ્યોગલક્ષી શિક્ષણ આપે, અપાવે ઉદ્યોગ દ્વારા શિક્ષણ, પરિશ્રમ દ્વારા શિક્ષણ, માનસિક અને શારીરિક તાલીમ આપતું શિક્ષણ એજ સાચું શિક્ષણ.



ટેકનીકલ હાઇસ્કૂલનું મકાન

આપણી ટેકનીકલ હાઇસ્કૂલમાં વિવિધ પ્રકારના વિષયોના શિક્ષણની સુવિધા છે. અહીં વિદ્યાર્થીને શૈક્ષણિક વિષયો જેવા કે ગુજરાતી, હિંદી અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર સાથે સાથે અનેક પ્રકારનાં કૌશલ્યો શીખવતા ટેકનીકલના વિષયો જેવા કે મોલ્ડીંગ, ટર્નીંગ, ફીટીંગ, કારપેન્ટરી અને સ્મિથિનું શિક્ષણ અપાય છે.

આપનો પુત્ર–પાલ્ય મશીન ડ્રોઇંગના હોલમાં હાથ અને મગજને તાલીમ આપે એવી વિવિધ આકૃતિઓ દોરશે વર્કશોપ એ ટેકનીકલ હાઇસ્કૂલનો સૌથી વધુ જીવંત ભાગ છે. અહીં આપનો પુત્ર–પાલ્ય નાનીનાની ટુકડીઓમાં વહેંચાઇ વિવિધ પ્રકારના ટ્રેડ્ઝ– કારપેન્ટરી, મોલ્ડીંગ, ટર્નીંગ, ફીટીંગ સ્મિથિ– વગેરે શીખશે અનેક નાના નાના જોબ, પેટર્ન, નમૂના બનાવવાનું તે અહીં શીખશે. એણે અહીં આપેલા નમૂના પ્રમાણેનો નમૂનો બનાવવાનો રહેશે. એટલે માપમાં બરાબર ચોકસાઇ રાખવી પડશે પોતાનો જોબ સારો બને એ માટે એણે ચીવટ રાખવી પડશે અને ઝડપ રાખ્યા સિવાય તો એ પહોંચી જ શી રીતે વળે ! જોબ કે પેટર્ન બનાવવાની શરૂઆત કરતા પહેલાં અનેક નાનાંમોટાં ખપપૂરતાં સાધનો એણે ગણતરીપૂર્વક એકઠાં કરવાં પડશે. એણે ઝડપી નિર્ણય પણ લેવો પડશે. એકબીજાની સાથે સહકારથી કામ પાર પાડતાં પણ એ અહીં જ શીખશે. આમ અનેક પ્રકારના નાના મોટા ગુણ-

કૌશલ્યોનું એનામાં આપોઆપ પ્રગટીકરણ થવાનું. ઇલેક્ટ્રીકલ લેબ. માં એને ઇલેક્ટ્રીસીટીનું સૈદ્ધાંતિક અને વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવશે. આપના ઘરમાં આપ જે ટુ વે સ્વીચ, ડોમેસ્ટિક પ્લગ, પંખા, રેડિયો, હિટર, વગેરે નખાવો છો એનું વ્યવહારૂ જ્ઞાન એ અહીં જ મેળવી લેશે.

શિક્ષણના અનેક હેતુઓમાંનો એક હેતુ રોટલો રળી આપવાનો પણ છે. આપના પુત્ર–પાલ્યે જો આ શિક્ષણ લીધું હશે; એ કંઈક ને કંઈક હુન્નર શીખ્યો હશે તો એનો હાથ પકડનાર કોઈકને કોઈક નીકળશે એ જ લાઈનમાં જો એ ડિપ્લોમા કે ડિગ્રીધારી થશે અને જો એનામાં કાબેલપણું, સૂઝ અને શક્તિ હશે તો અનેક બેકારોને રોટલો આપનાર કારખાનાનો માલિક પણ એ બનશે.

વિદ્યાર્થીઓમાં એક એવો ખોટો ડર ઘર કરી બેઠો છે કે ટેકનીકલના વિષયો અઘરા છે. જો ટેકનીકલના વિષયો અઘરા હોત તો સર્વ વિદ્યાલયના ટેકનીકલ વિભાગનું અને જ્યુનિયર ટેકનીકલ સ્કૂલનું–બન્નેનું એસ. એસ. સી નું પરિણામ ૧૦૦% આવ્યું છે તે ન આવ્યું હોત. આના ઉપરથી સહેજે એ તારણ ઉપર પહોંચી શકાય કે ટેકનીકલના વિષયોમાં પાસ થવું એ સામાન્ય વિદ્યાર્થી માટે પણ સહેલું છે. જરૂર છે માત્ર મહેનતની–પરિશ્રમની.

ટેકનીકલ વિષયો સાથે એસ. એસ. સી. પાસ થનાર વિદ્યાર્થી માટે કોઈપણ કોલેજનાં દ્વાર બંધ થતાં નથી. ઉલટાનું, ટેકનીશીયન ઈન કેમીકલ એન્જી. કે પેટ્રો કેમિકલ્સ જેવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં ટેકનીકલના વિદ્યાર્થીને પહેલી પસંદગી આપવામાં આવે છે. ટેકનીકલ વિષયો લઈ એસ એસ. સી થનાર વિદ્યાર્થીને સર્ટિફિકેટ કોર્સ ડિપ્લોમા કે ડીગ્રી એન્જી. અભ્યાસક્રમોમાં દાખલ થવા માટે વધારાના ક્રેડીટ ગુણ પણ મળે છે. વળી પોતાની જ રુચિ, રસ અને વલણનો વિષય હોવાથી વિદ્યાર્થી ધારી પ્રગતિ કરી ઇચ્છિત પરિણામ પણ લાવી શકે છે.

ટેકનોલોજી એ રાષ્ટ્રની કાયાપલટ કરનાર ગુરૂચાવી છે. આવી સાધનસંપન્ન ટેકનીકલ હાઈસ્કૂલ ઊભી કરીને પૂજ્ય શ્રી દાસકાકા અને આપણા સંચાલકોએ સાચી દિશા તરફ પ્રયાણ કર્યું છે. અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેળવણી ક્ષેત્રે કર્ણધાર છે એ ફરી એકવાર પૂરવાર કર્યું છે.

વાલીઓને એક વિનંતી કે આપ જ્યારે પણ અહીં આવો ત્યારે ટેકનીકલ હાઈસ્કૂલની અવશ્ય મુલાકાત લો. ટેકનીકલ હાઈસ્કૂલના વિવિધ વિભાગો જુઓ. વિદ્યાર્થીઓએ બનાવેલા નાના મોટા નમૂનાઓ જુઓ અને આપનો પુત્ર–પાલ્ય જો ધો. ૭ પાસ થયો હોય તો એને ટેકનીકલ હાઈસ્કૂલમાં દાખલ કરાવો.

આ વિસ્તારની જનતાની જ્ઞાનભૂખ ટેકનીકલ હાઈસ્કૂલ પ્રદીપ્ત કરશે એટલું જ નહીં પણ એ જ્ઞાનભૂખને તૃપ્ત કરશે એવી મને પૂરી શ્રદ્ધા છે.

ગણેશભાઈ કા. પટેલ
આચાર્ય, ટેકનીકલ હાઈસ્કૂલ, કડી.

## પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરમાં પ્રવેશ મેળવો

સેન્ટરના પહેલા વર્ષમાં હજુ પ્રવેશ આપવાનું કામ ચાલુ છે પ્રાથમિક શાળાના ચોથા ધોરણમાં પાસ થનાર વિદ્યાર્થીને આ કેન્દ્રમાં પ્રવેશ મળી શકે છે.

આ કેન્દ્રમાં અભ્યાસનાં ત્રણ વર્ષ પૂરાં કરનાર વિદ્યાર્થી પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખવા ઇચ્છે તો હાઈસ્કૂલના આઠમા ધોરણમાં દાખલ થઈ શકે છે અને એ રીતે એસ. એસ સી. નો અભ્યાસ પૂરો કરી કોઈપણ કૉલેજમાં દાખલ થઈ શકે છે.

આ વિદ્યાર્થી ઈજનેરી ક્ષેત્રે ડીગ્રી કે ડિપ્લોમા કોર્સમાં જાય તો એના માટે સોનામાં સુગંધ મળ્યા જેવી તક ઊભી થાય. કિશોરાવસ્થામાં જ એણે ઔદ્યોગિક તાલીમમાં એનો વિશેષ હાથ બેઠો હોય. આ ઉંમર એ કૌશલ માટે ઉત્તમ છે એટલે એને ડીગ્રી કે ડિપ્લોમા કોર્સમાં આ કુશળતા ખૂબ ઉપયોગી બને.

પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરમાં દાખલ થનાર વિદ્યાર્થી માટેનો બીજો એક ભૌતિક લાભ પણ વિસરવા જેવો નથી. વિદ્યાર્થી કેન્દ્રમાં અભ્યાસ કરે ત્યાં સુધી એને અભ્યાસ માટેનાં બધાં જ પુસ્તકો, સાધનો અને નોટબૂકો કે પેન્સીલ રબર મફત પૂરાં પાડવામાં આવે છે. ઉપરાંત, એને માસિક રૂપિયા દસ પ્રમાણે સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મર્યાદિત લેવાની હોય છે. એટલે દરેક વિદ્યાર્થીની અંગત કાળજી પણ લેવામાં આવે છે. અને આ માટે ઉત્તમ લાયકાતવાળો સ્ટાફ રોકવામાં આવેલો છે.

વિદ્યાર્થીનાં રુચિ અને વળણ વૈજ્ઞાનિક ઢબે તપાસી એના વિકાસમાં સાચું માર્ગદર્શન મળે એ માટે કેન્દ્રમાં ખાસ વ્યવસાયી માર્ગદર્શનની વ્યવસ્થા છે. આ કાર્ય તાલીમ પામેલા કેરિઅર માસ્ટર કરે છે

બહારગામના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા પણ છે.

આ કેન્દ્રમાં પોતાનાં બાળકોને દાખલ કરવા ઇચ્છતા વાલીઓએ કેન્દ્રની મુલાકાત લેવા વિનંતી છે.

# કૃષિયંત્ર તાલિમ કેન્દ્ર

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

એસ. એસ. સી. (મેટ્રીક) પાસ થયેલા ઘણા શિક્ષિતો બેકાર છે. શું કરવું એ સુજતું નથી અને નોકરી મળતી નથી. એસ. એસ. સી. થયા પછી બેકાર શિક્ષિતોની સ્થિતિ દુઃખદ બને છે.

ગુજરાત સરકારે આવા શિક્ષિત બેકારોને વ્યવસાયી તાલિમ આપવા કેટલાક વર્ગો આ વર્ષથી શરૂ કર્યા છે. એ વર્ગો એસ એસ. સી. તેમ જ સ્નાતકો માટે જુદા જુદા વ્યવસાયો માટે છે.

આવો એક વર્ગ ગુજરાત સરકારની મદદથી કડીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ટેકનિકલ હાઈસ્કૂલના આશ્રયે ૧૫ જુલાઈ ૧૯૭૦ થી શરૂ થાય છે.

ઉત્તર ગુજરાતમાં તેમજ મહેસાણા જિલ્લામાં ખેતી એ મુખ્ય ઉદ્યોગ છે. ખેતીમાં મોટા ભાગને રોજગારી મળે છે.

ખેતીમાં ક્રાંતિ આવી રહી છે.

ખેતીમાં સિંચાઈ માટે કોસને બદલે એન્જીન વપરાતાં થયાં છે. જ્યાં વિજળી મળતી થઇ છે ત્યાં ઇલેકટ્રિક મોટરો વપરાતી થઈ છે. ખેડવા માટે ટ્રેકટરોની વપરાશ શરૂ થઇ છે અને તે વધવાની.

આથી કૃષિયંત્ર સંબંધનું શિક્ષણ રોજગારી પૂરી પાડી શકે તેમ છે. અને ઉપયોગી શિક્ષણ બની શકે તેમ છે. ઓઇલ એન્જીન ગોઠવવાની કામગીરી કેટલાક કરે છે પણ એનું પદ્ધતિસરનું શિક્ષણ લીધેલ નહિ હોવાથી ખામી રહી જાય છે. એન્જીનમાં કાંઈ નાનું સરખું બગડે છે એટલે ખેડૂતને એન્જીન ગાડામાં નાંખી દોડવું પડે છે અને પાક સૂકાય છે.

એકાદ દાગીનો તૂટેફૂટે છે તો ખેડૂતને દોડાદોડ કરવી પડે છે. દાગીનાનો પૂરતો ખ્યાલ નહિ હોવાથી અસલીના બદલે નકલી નાખી આપે છે અને દામ દોઢા કે બેવડા પડાવાય છે.

એવું જ વિજળી મોટરનું છે. મોટર બળી જાય તો રિવાઇન્ડીંગ કરાવવા દોડવું પડે છે. એકાદ દાગીનો – નાનો સરખો તૂટે તો પણ ભારે મુસ્કેલીમાં ખેડૂત મુકાઈ જાય છે

દરેક ગામડામાં એસ. એસ. સી. પાસ થયેલા ખેડૂતના દીકરા જોવા મળે છે. નોકરી મળતી નથી અને બેકાર બની ગામડામાં સમય વિતાવવો પડે છે. બાપના ખેતર ઉપર ઓઇલ એન્જીન અથવા તો મોટર હોય અને તે બગડે તો એ કાંઈ કરી શકતો નથી. એ બાબતમાં એ પિતાના જેટલો જ અજ્ઞાન હોય છે.

ગામડાના આવા એસ એસ. સી પાસ થયેલા ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર વગેરેનું શિક્ષણ મેળવે, એન્જીન અને મોટરની મરામત કરતાં શીખે તો એ એના પિતાને ખેતીમાં મદદગાર થાય એટલું જ નહિ પણ ગામના ખેડૂત ભાઇઓને પણ મદદગાર બની શકે.

એન્જીન અને મોટરના દાગીના સબંધનું જ્ઞાન હોય તો કયો દાગીનો તૂટયો ફૂટયો છે તે સમજી શકે અને એન્જીન અગર મોટર શહેરમાં મરામત કરાવવા ઉંચકીને નહી જતાં શહેરમાં જઇ દાગીનો ખરીદી લાવે અને જાતે બેસાડી નાંખે.

દાગીનાનું જ્ઞાન હોય તો અસલીને બદલે નકલી માંથે કોઇ મારે નહિ તેમ વધારે પડતો ભાવ કોઇ પડાવી શકે નહિ.

ખેતીમાં યંત્રયુગ શરૂ થયો છે. ટ્રેકટર અને લણવા–પીલવા –ઉપણવાનાં વગેરે યંત્રો આવતાં જાય છે.

આથી ટ્રેકટર તેમ જ ખેતીનાં આધુનિક યંત્રોનું શિક્ષણ જરૂરી બનતું જાય છે.

આ વર્ગમાં જિલ્લા રોજગારી કચેરીમાં નોંધાયેલ એસ. એસ. સી. પાસ થયેલાને દાખલ કરવામાં આવશે અને તેમને દર મહિને રૂ. ૨૫) સ્ટાઇપેન્ડ–શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આમ છતાં શિક્ષણની કાંઇપણ ફી લેવામાં આવશે નહિ.

આ વર્ગમાં ઓઇલ એન્જીન વેરણછેરણ કરી એને બરાબર ગોઠવવાનું તેમ જ કાંઇ બગડયું હોય તો સુધારવાનું શીખવવામાં આવશે. ટેકનિકલ સ્કૂલમાં લેથ વગેરે સાધનો છે તેથી કોઇ દાગીનો ઉતારવો હોય તો તેનું પણ શિક્ષણ આપવામાં આવશે.

ઇલેકટ્રીક મોટરો વધતી જાય છે. એની મરામત શીખવવામાં આવશે. મોટર બળી ગઇ હોય તો રિવાઈન્ડીંગ કરવાનું પણ શીખવવામાં આવશે.

એ જ રીતે ટ્રેકટર વગરે કૃષિયંત્રોનું શિક્ષણ આપવામાં આવશે. ટ્રેકટર ચલાવતાં અને ટ્રેકટરથી ખેડ વગેરે કરતાં પણ પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવશે.

ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર, ટ્રેકટર વગેરેની રચના, એ કેમ ચાલે છે વગેરેનું શિક્ષણ પદ્ધત્તિસર અપાશે અને તે ઉપરાંત તેના ઉપર કામ લેવામાં આવશે. આથી માત્ર પોપટીયું શિક્ષણ નહિ મળતાં કાર્યસિદ્ધ કરનારું શિક્ષણ મેળવશે.

આવું શિક્ષણ લીધેલ એન્જીન, અને મોટર બેસાડવા ફાઉન્ડેશન કરી શકશે તેમ જ તેમાં કાંઈ બગડયું કર્યું હોય તો સુધારી શકશે.

ટ્રેકટર વગેરે યંત્રોનું પણ એ પ્રમાણે શિક્ષણ અપાશે.

આવું શિક્ષણ પ્રાપ્ત કરેલ બેકાર રહી શકશે નહિ. એને એના ગામમાં તેમ જ આસપાસના ગામોમાં પુરતું કામ મળી રહેશે અને ઠીક ઠીક કમાણી કરી શકશે.

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

દાતાઓ

## શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ

રે. ગંગેટ * તા. ચાણસ્મા



શ્રી નરોત્તમભાઈ મહત્વાકાંક્ષી અને સાહસિક યુવાન છે. તેમની જન્મ તારીખ ૧૧-૭-૧૯૩૬ છે એટલે તેઓએ આ નાની ઉમ્મરમાં પણ ધંધામાં સારી પ્રગતિ કરી છે.

કૌટુમ્બિક ધંધો તો ખેતીનો પણ તેઓએ એન્જીનિયરીંગનો અભ્યાસ કરી બાંધકામના સ્વતંત્ર ધંધામાં સારી જમાવટ કરી છે. તેઓ બાંધકામના ક્ષેત્રમાં કામ કરતી મેસર્સ વિજય કન્સ્ટ્રકશન કું. નામની પેઢી ધરાવે છે. અને તેની ત્રણ ઑફીસો સૂરત, વલસાડ અને દમણમાં છે. આમાં તેમની મહત્વની વિશિષ્ટતા અને સિદ્ધિ એ છે કે તેઓ તેમાં સારાય કુટુમ્બને સંલગ્ન કરી શક્યા છે અને રોજગારી મેળવવાના આ કપરા સમયમાં કુટુમ્બનો તે સવાલ સારી રીતે ઉકેલી લીધો છે.

તેઓ વલ્લભનગર સરદાર પટેલ યુનિવર્સિટીના એન્જીનિયરીંગ ( સીવીલ ) ના સ્નાતક છે. અભ્યાસ દરમ્યાન પણ તેઓ ઈતર પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લેતા હતા. વલ્લભનગરમાં તેઓએ મહેસાણા જીલ્લાના વિદ્યાર્થીઓ અને તેમના પ્રશ્નોને પ્રકાશમાં લાવી વાચા આપવામાં અગ્રભાગ લીધો હતો. કેટલીક વખત તો પોતાના અભ્યાસના ભોગે પણ તેઓ આવી પ્રવૃત્તિ કરતા હતા. એટલે કૉલેજમાં એક વર્ષ બગડેલું. તે વર્ષે તેઓએ સર્વ વિદ્યાલયમાં કામચલાઉ શિક્ષક તરીકે નોકરી કરેલી. એસ એસ. સી. સુધીનો અભ્યાસ પણ તેમણે અહીં કરેલો.

બી. ઈ. ની પરીક્ષા પાસ કરી તેઓ ઑઇલ એન્ડ નેચરલ ગેસ કમીશનમાં સીનીયર ટેકનીકલ આસીસ્ટંટ તરીકે જોડાયેલા અને ત્યાં નોંધપાત્ર કામગીરી મૂકતાં તેઓ એક જ વર્ષમાં આસીસ્ટંટ એન્જીનિયર તરીકે બઢતી પામેલા. અને તે બાબત તેમના જીવનમાં મહત્વના અંગ સમાન હતી છતાં તેમના મહત્વાકાંક્ષી અને સાહસિક સ્વભાવે જોયું કે આમાં કુટુમ્બ સમસ્તની પ્રગતિને નહિ જેવો અવકાશ છે એટલે તેમણે તે નોકરી છોડી દઈને બાંધકામના ક્ષેત્રે સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. અને તેમાં તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યા છે.

કૌટુમ્બિક ખેતીનો વ્યવસાય તેમના મોટાભાઈ શ્રી જોઈતાભાઈ સંભાળે છે. તેઓ કુટુમ્બના વડીલ છે અને કુટુમ્બના ઉત્કર્ષમાં તેઓ મહત્વની વ્યક્તિ છે.

તેમના જીવન ઘડતરમાં અને ધંધાના વિકાસમાં જરૂરી શક્તિઓ ખીલવવામાં આ સંસ્થાનો અગત્યનો હિસ્સો છે તે તેઓ ભાવપૂર્વક હરહંમેશ યાદ કરે છે.

તેમની કંપની મેસર્સ વિજય કંસ્ટ્રકશન તરફથી ' સુવર્ણ જયંતી ' ફાળામાં રૂા. ૨૫૦૧) નો ઉદાર ફાળો આપવામાં આવ્યો છે. અને સુરત–નવસારીમાં સુવર્ણ જયંતી ફાળા માટે સંસ્થા તરફથી ગયેલા ત્યારે તેમણે ફાળો એકઠો કરવાના કામમાં પણ સારી મદદ કરેલી.

હાલનું તેમનું રહેઠાણ : (૧) શ્રી રામ એપોર્ટમેન્ટ, રામવાડી, રામજી ટેકરા, વલસાડ અને (૨) ૩૨, મહાદેવનગર સોસાયટી સગ્રામપુરા, સૂરત છે.

---

[ પાન ૬ ઉપરનું ચાલુ ]

ઘેર ખેતી હોય તો તેમાં એ ઉપયોગી નિવડશે. એસ. એસ. સી. પાસ થયેલ રખડે છે, બેકાર છે – બેકારીનો ભોગ બને છે તેવું આવું શિક્ષણ લીધા પછી બનશે નહિ.

શરૂઆતમાં માત્ર પંદર વિદ્યાર્થી લેવાના છે. આવા વિદ્યાર્થીને ૭ મહિના કડીમાં રહેવું પડે, કારણ આ વર્ગમાં ૭ મહિનામાં એને પૂરતું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

... ... ... ... ... ... ... ... ... ...

આ વર્ગમાં – ફાર્મ મિકેનિક કોર્સમાં ૧૫ વિદ્યાર્થીઓના પ્રથમ વર્ગને પસંદ કરી પ્રવેશ અપાઈ ગયો છે અને તેમને ૧૪–૭–૭૦ ના રોજ હાજર થઈ જવા જણાવી દેવામાં આવ્યું છે.

આ વર્ગમાં દાખલ થવા માટે લગભગ ૧૦૦ જેટલી અરજીઓ આવી છે. એટલે બીજા ૧૫ વિદ્યાર્થીનો બીજો વર્ગ શરૂ કરવા વિચારણા ચાલી રહી છે.

---

[ પાન ૩ ઉપરનું ચાલુ ]

અલ્પતમ શિક્ષણ સૌને પહોંચી શકે; અને શિક્ષકો આજે પોસ્ટ કે જીવન વીમાના કામો મેળવવા ફાંફાં મારે છે કે હરીફાઈ કરે છે તેને પૂરક આવક થાય. આવા વિદ્યાર્થીઓ ઘરકામ કરતાં કરતાં ભણશે તેથી બેઠાડુંપણાનાં અપલક્ષણોથી પણ તે દૂર રહી શકશે. ઈંગ્લાંડમાં તો આવી રાત્રિ કોલેજો પણ સંખ્યાબંધ ચાલે છે અને સદ્દગત બીવાન અને બેવીન જેવા મજૂર આગેવાનો આવી રાત્રિ કોલેજોની પેદાશ હતા.

આપણે આવી કોલેજો ચલાવીએ તે પહેલાં અલ્પતમ શિક્ષણ આપતી શાળાઓ ચલાવી અભણપણું અને બેઠાડુંપણું બંનેનું નિવારણ શોધી શકીએ. ( ' સંદેશ ' માંથી )

## પરાર્થે આત્મત્યાગ | રૉય

જીવનમાં સાધનાનો માર્ગ એ જ સર્વશ્રેષ્ઠ ને મહત્વનો છે એમ વારંવાર મનમાં દૃઢાવી દૃઢાવીને સાધકે હિંમતપૂર્વક કામ કરવું જોઈએ. ખરો સાધક જ્યારે સાધનાને માર્ગે હોય છે ત્યારે તેમાં એ સંપૂર્ણ ઓતપ્રોત થઈ જાય છે. જે કામ હાથમાં હોય તેમાં એ પોતાની જાતને રેડે છે. તન, મન, ખર્ચે છે. કામ પોતાનું હોય કે પારકું હોય, યા તો સૌને સ્પર્શતું લોકકલ્યાણનું હોય પણ સ્વાર્થમય કે અણછાજતી ઇચ્છાઓથી દૂર રહી ખરો સાધક ઉત્તમ અને ભાવનાશાળી વસ્તુઓ પર જ મન એકાગ્ર કરશે. એકાગ્રતા, ઉદ્યમ, શ્રદ્ધા અને દૃઢતા દ્વારા એ અચૂક સિદ્ધિ પ્રાપ્ત કરશે. એમાં કદાચ એણે જાત પણ હોમવી પડે પણ જ્ઞાનક્રિયામાં પ્રત્યક્ષરૂપે લય પામ્યા સિવાય સિદ્ધિ નથી. બીજાના સુખને ખાતર આત્મ-બલિદાન આપનાર સાધક વિરલા જ હોય છે.

ઈ. સ. ૧૭૨૦ માં ફ્રાંસના માર્સેલ્સ શહેરમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. માણસો ટપોટપ મરવા લાગ્યાં. દાક્તરો એ રોગનું ચોક્કસ નિદાન નહોતા કરી શકતા. એની ચોક્કસ માહિતી મળતી નહોતી. રોગનું મૂળ પકડાતું નહોતું. નિરાશા-એ એમને ઘેરી લીધાં.

એવામાં એક ડૉક્ટરે જણાવ્યું, "આપણે આ ચેપી રોગની બહારથી જ તપાસ કરી છે. એ કંઈ પૂરતું ન કહેવાય. જો આપણામાંનો કોઈ મરકીના રોગથી મૃત્યુ પામેલ માણસના મૃતદેહને ચીરી એના બધા અવયવો બરાબર તપાસે તો એ રોગની અસર અંગે સંપૂર્ણ વિગત મળી શકે."

બધા ચિકિત્સકો સંમત તો થયા પણ આવું જોખમી કામ કોણ કરે? આવું જોખમ ભર્યું કામ કરતાં આ ભયાનક રોગના ભોગ થઈ પડીએ તો!

બધા એકબીજા તરફ જોતાં મૂઝાતાં બેઠા હતા. દરેકના ચહેરા ઉપર મૌન લીંપાયું હતું. શબ્દો થીજી ગયા હતા. એવામાં એક યુવાન ડૉક્ટરના ચહેરાની રેખાઓ દૃઢતા ધારણ કરવા લાગી. આંખોમાં નિશ્ચય ડોકાયો. હોઠ ઉપર થીજેલી લિપિ સળવળવા લાગી. એ મક્કમપણે બોલ્યો : 'હું એને માટે તૈયાર છું. મારા કુટુંબમાં હું એકલો છું. મારે આગળ-પાછળ કોઈ જંજાળ નથી. રખેને મને કંઈક થઈ જાય તો મારી સઘળી મિલકત માર્સેલ્સના દવાખાનાને દાન કરજો.'

એ પરોપકારી ડૉક્ટર હતો હેનરી ગાયન. એનું બોલવું સાંભળી સૌની આંખોમાં ઉત્સાહની ચમક વર્તાઈ. ચહેરા પ્રફુલ્લિત બન્યાં. હેનરી ગાયનને એના પ્રયોગ માટેની સઘળી તૈયારી કરી આપી.

હેનરી ગાયન એક અલાયદા ઓરડામાં મરકીથી ગુજરી ગયેલા એક માણસનું મડદું ચીરવા બેઠો. અત્યંત જુગુપ્સા-જનક ધૃણાસ્પદ એ મડદું દેખાતું હતું! પણ હેનરી તો એકાગ્રતાપૂર્વક લવલેશ પણ ચિંતા કર્યા સિવાય સ્વસ્થતાથી એ મડદું ચીરતો જાય અને નોંધવા-લાયક વસ્તુઓ નોંધતો જાય. એ નોંધના કાગળોને કોઈ સ્પર્શે અને કદાચ પ્લેગ લાગુ પડી જાય તો! ડૉ. હેનરી એ સઘળા કાગળોને રસાયણમાં બોળીને સાવચેતીપૂર્વક સાચવતો ગયો.

ડૉ. હેનરી ગાયનને આ કામ દરમ્યાન એકાએક સખત તાવ આવ્યો. અને બાર કલાકમાં તો એ ભલા અને પરોપકારી ડૉક્ટરની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ. પરાર્થે જીવ આપનાર સાધક અમરગતિને પામ્યો. પણ એની સાધના ફળી એના સાથી ડૉક્ટરોએ એની નોંધેલી બધી હકીકતો વાંચી અને પ્લેગના કારણ સંબંધી એમને ઘણું ઘણું જાણવાનું મળ્યું.

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૨૫૧) શ્રી નાનજીભાઈ ખીમજીભાઈ (ટી. ટી.)
(ગોવિંદપુરાવાળા) ઠે પટવાપોળ, મહેસાણા

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી આત્મારામભાઈ ચતુરભાઈ પટેલ
મુ. સરસાવ તા. કડી

૨૫૧) શ્રી દેશાઈ રણછોડલાલ જમનાદાસ
દેશાઈ ઇનસ્ટીટ્યુટ ઓફ કામર્સ, મુ. કડી

૨૫૧) શ્રી ચતુરભાઈ હેમરાજદાસ પટેલ
મુ. વીરતા તા. ચાણસ્મા

[પાન ૨ ઉપરનું ચાલુ]

કેટલાય વખતથી એમને ભારત આવવાની ઇચ્છા હતી. વડાપ્રધાન નહેરુનું પણ આમંત્રણ હતું. ભારતયાત્રાનો એમનો હેતુ વિશિષ્ટ હતો. ભારત આવીને ન્યુ દિલ્હીમાં એમણે આ વાત જાહેર કરી: "બીજા દેશોમાં તો હું પ્રવાસી તરીકે જાઉં છું પણ ભારતમાં યાત્રાળુ તરીકે આવ્યો છું" ગાંધીજી-ની સમાધિની મુલાકાત લીધી અને ફૂલ ચઢાવ્યાં. પોતાના દેશ પાછા ફરતી વખતે એમણે કહ્યું : "અહિંસાત્મક લડત એ જ સૌથી પ્રબળ શસ્ત્ર છે એવી વધેલી શ્રદ્ધા સાથે હું મારે દેશ પાછો ફરી રહ્યો છું."

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૬–૭–૭૦

165


# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૩-૭-૭૦ [ અંક ૪૩


## આટલું તો આવડવું જ જોઇએ

દાખલા તરીકે : દરેકને– છોકરા તેમ જ છોકરીને– આટલું તો આવડવું જ જોઇએ.

આસાનીથી વાંચતાં, સમજણ પડે એવું લખતાં, સામાન્ય દાખલા અને હિસાબો કરતાં;

પોતાની તબિયતની વાજબી પ્રમાણમાં સંભાળ લેતાં, આહારના પ્રાથમિક નિયમો સમજતાં અને પોતાની જાતને સ્વચ્છ અને સુઘડ રાખતાં;

સામાન્ય વિનયથી વર્તતાં, સાધારણ ઉશ્કેરણીના પ્રસંગે પિત્તો ન ગુમાવી બેસાય એ જોતાં, અને સૂરમાં ગાતાં (સિવાય કે કુદરતે કોઈ ખોડ મૂકી હોય);

મૌન કેમ રહેવું એ સમજતાં, ઘરગથ્થુ ટેવોમાં યોગ્ય પ્રમાણમાં સ્વચ્છતા જાળવતાં, શક્ય એટલું સમયસર અને નિયમિત થતાં;

બટન સાંધી દેતાં, મોજું ગૂંથતાં, સાઈકલમાં કાણું પડયું હોય તો તે બંધ કરતાં;

ખીલો ઠોકતાં, હાથ ધોવાની કૂંડી કે વીજળી દીવાનો તાર ગોઠવતાં, ગેસ, પાણી કે વીજળીની મુખ્ય ચાવી બંધ કરતાં;

ખાખરા શેકતાં, પૂરીકચોરી તળતાં, થાળીપાટલા માંડતા;

પથારી કરતાં, ઓરડો બરાબર સાફ કરતાં, દેવતા પાડતાં;

ટેલિફોનનો ઉપયોગ કરતાં; ગાડીનો વખત શોધી કાઢતાં, પેટી કે સંપેતરુ તૈયાર કરતાં;

વિવેકપૂર્વક ખરીદી કરતાં, સાદું બગીચાકામ કરતાં, બાળકને નવડાવી-ધોવડાવી તૈયાર કરતાં;

જાતીય પ્રશ્નો અંગેની સારભૂત હકીકતો સમજતાં, પ્રાથમિક તબીબી સારવાર આપતાં;

બુદ્ધિપૂર્વક યોજેલા પત્રકનાં ખાનાં ભૂલ વગર ભરતાં, સાદું ભાષણ આપતાં અને સભામાં વિવેકથી વર્તતાં.

[ જી. ડી. એચ. કૉલ : ' એસેઝ ઈન સોસ્યલ થીઅરી ' ]

---

**માણસમાં** જે સારું હોય એની પ્રશંસા કરો; પછી એનામાં જે ખામીઓ હોય તેને દૂર કરવામાં મદદરૂપ બનો. આ રીતે તમે ઓફિસમાં, ઘરમાં, પત્ની, બાળકો, માબાપ,– અરે દુનિયાની કોઈ પણ વ્યક્તિની સાથે કામ પાડી જુઓ: તમને એનું પરિણામ ચમત્કારિક લાગશે.

---

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. : :

# સર્વ વિદ્યાલય પરિવારનું ગૌરવ
# ડૉ. દેવચંદભાઈ વાઘજીભાઈ યોગી



ડૉ. યોગી વિદ્યાર્થીઓમાં પ્રિય એવા એક ઉત્તમ અધ્યાપક છે. તેઓ અભ્યાસી, પોતાના જ કાર્યમાં રમમાણ એવા કાર્યકુશળ યુવાન છે. વિદ્વતા પ્રાપ્ત કરવાને જરૂરી એવી નમ્રતા અને ઓછાબોલાપણું તેમના સ્વભાવમાં વણાઇ ગયેલાં છે સેવાભાવ અને સજ્જનતા તેમનામાં સભર ભરેલાં છે.

ડૉ. યોગી ઘણાજ સામાન્ય સમાજમાંથી અને કુટુમ્બમાંથી આવે છે. તેમનું જન્મસ્થાન ચાણસ્મા તાલુકાનું કેશણી નામનું નાનકડું ગામ છે. પ્રાથમિક ૪ ધોરણનો અભ્યાસ વતનમાં પૂરો કરી ૭ ધોરણ સુધીનો અભ્યાસ ચાણસ્મામાં કરેલો. ધોરણ ૮ થી ૧૦ નો અભ્યાસ પાટણમાં ડૉ પંડયા અભ્યાસગૃહમાં રહીને ન્યુ હાઇસ્કૂલમાં કરેલો અને ધોરણ ૧૧ નો અભ્યાસ અમદાવાદ શાહપુર ટયુટોરિયલ હાઇસ્કૂલમાં કરેલો. આ અથડામણભર્યા અભ્યાસકાળ દરમ્યાન પણ તેમનામાં આગળ વધવાની રહેલી તમન્ના બળવત્તર થતી રહી હતી. અને સાધનો ઘણાં ટાંચા હોવા છતાં તેઓ વીસનગર એમ. એન. કૉલેજમાં વિજ્ઞાન શાખામાં જોડાઇને, કોંગ્રેસ સેવાદળ–છાત્રાલયમાં રહીને ૧૯૬૩ માં બી એસસી. પાસ થયા. સેવાદળ છાત્રાલયમાં રહેવાને કારણે તેમનામાં શિસ્ત ને સાદાઈ વણાયાં અને અછત અને તાણના સમયમાં પણ ધ્યેય નહિ ચૂકવાની ધીટતા તેમના વ્યકિતત્વમાં ખીલી છે

બી. એસસી માં તેમનો મુખ્ય વિષય વનસ્પતિશાસ્ત્ર અને ગૌણ વિષય પ્રાણીશાસ્ત્ર હતો.

સને ૧૯૬૫ માં ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનમાંથી વનસ્પતિશાસ્ત્ર લઇને એમ એસસી. થયા.

એમ. એસસી થયા પછી તેઓ માણસા કૉલેજમાં જીવશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે ૧૯૬૫ માં જ જોડાયા. ત્યાં તેમણે બારમાસી ઉપર સંશોધન શરૂ કરેલું પણ સંજોગોને કારણે તે કામ છોડી દેવું પડેલું. પરંતુ તેમની તમન્નાભરી અભ્યાસીવૃત્તિએ પુનઃ પી એચડી માટે કામકાજ શરૂ કરાવ્યું. સરદાર પટેલ યુનિવર્સિટીના વનસ્પતિશાસ્ત્રના રીડર ડૉ. જી. એલ. શાહના માર્ગદર્શન તળે "ઉત્તર ગુજરાતની વનસ્પતિઓ" વિષે સંશોધન અને અભ્યાસ શરૂ કર્યો.

દરમ્યાનમાં માણસા કૉલેજ છોડી સર્વ વિદ્યાલય પરિવારની સાયન્સ કૉલેજમાં વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે જોડાયા અને અહીં તેમને કેટલીક સુવિધાઓ પ્રાપ્ત થતાં તેઓ તેમણે ઉપાડેલુ સંશોધન કામકાજ તથા મહાનિબંધ (થિસીસ) લખવાનું કામ સંપૂર્ણ કરી શક્યા અને આ વર્ષે ૧૯૭૦માં ડોકટરેટની પદવી તેમને એનાયત કરવ.માં આવી.

તેમના 'ઉત્તર ગુજરાતની વનસ્પતિઓ' ઉપરના મહાનિબંધમાં ઉત્તર ગુજરાતમાં ઉગતી ૯૧૦ જાતિની જુદી જુદી વનસ્પતિઓનો હેવાલ આપેલો છે. આ મહાનિબંધ ત્રણ ભાગમાં લગભગ ૧૦૦૦ પૃષ્ઠોનો છે. તેમાં ચાર માહિતી-નકશા અને જુદી જુદી જગ્યાઓના અને વનસ્પતિઓના ૬૫ ફોટાઓ મૂકેલા છે. મહુડી, માણસા, પોહાડા, કેશણી, કડી, હિંમતનગર, ઇડર અને ખેડબ્રહ્મા વગેરે સ્થળોએ જુદી જુદી ઋતુમાં જઈ, વનસ્પતિઓ એકઠી કરી, તેમને સૂકવી, તેના ઉપર નોંધો લખી તેના નમૂનાઓ તૈયાર કર્યા છે. આ નમૂનાઓનો સંગ્રહ સરદાર પટેલ યુનિવર્સિટીના વનસ્પતિશાસ્ત્ર વિભાગમાં સંગ્રહવામાં આવ્યો છે. આ વનસ્પતિઓને તેમના કુળ પ્રમાણે વર્ગીકરણ કરી દરેક વનસ્પતિને ઓળખવાની પદ્ધતિ યોજી છે. ઉત્તર ગુજરાતમાં વનસ્પતિઓનું વૈવિધ્ય ઘણું છે. વાતાવરણને અનુરૂપ કાંટાળી વનસ્પતિઓ સારી રીતે વિકસી છે. જળશંખલા, કમળ, જળસરપોલિયા, બામ જેવી જલજ વનસ્પતિઓ, વાંદો, અમરવેલ, આગિયો, સીસ્ટેંકી જેવી પરજીવી વનસ્પતિઓ, અર્કઝવર જેવી જંતુભક્ષી વનસ્પતિ, જુદી જુદી જાતનાં ફળઝાડો, શાકભાજીઓની વનસ્પતિઓ, ખારા પાણીમાં થતી સુએડા જેવી વનસ્પતિઓ. તૃણ અને ચિયા વર્ગની વનસ્પતિઓ અને ઔષધિઓ તરીકે ઉપયોગમાં આવતી વનસ્પતિઓનાં વર્ણનો આ નિબંધમાં આપવામાં આવ્યાં છે. ઉત્તર ગુજરાતમાં થતી દરેક વનસ્પતિ દુનિયાના કયા કયા ભાગોમાં ફેલાયેલી છે તેની પણ નોંધ કરવામાં આવી છે. આમ ઉત્તર ગુજરાત વૃક્ષો, ક્ષુપો અને છોડવાથી ભરપુર છે. તેની ઘણી નવીન માહિતી આપવામાં આવી છે.

અત્યાર સુધીમાં 'ઉત્તર ગુજરાતની વનસ્પતિઓ' ઉપર વૈજ્ઞાનિક સંશોધન કરનાર શ્રી યોગી પ્રથમ છે.

૧૯૬૮ માં અહીં સાયન્સ કૉલેજમાં જોડાયા ત્યારથી તેઓએ કૉલેજના બોટેનિકલ ગાર્ડનને વિકસાવવામાં ચિવટપૂર્વક ઘણી જહેમત ઉઠાવી છે. તેઓ સવારે અને સાંજે મોટે ભાગે બોટાનિકલ ગાર્ડનમાં જ કંઈને કંઈ સંભાળતા, કરતા–કરાવતા જોવાને મળે જ. તેઓએ કૉલેજ અને સંસ્થાના કામકાજ સાથે ઓતપ્રોત થઇ એકાત્મભાવ સાધ્યો છે.

**योग कर्मसु कौशलम्।** કર્મમાં કૌશલ એ શ્રી યોગીનો જીવનમંત્ર – આચરણસૂત્ર બની ગયું છે તે તેમની 'યોગી' અટકને સાર્થક કરે છે.

તેઓ તેમના માર્ગે આગળને આગળ વધો એ જ અભ્યર્થના.

## શિક્ષિત બેકારોને વ્યવસાયી તાલીમ આપવા

# ભવ્ય યોજના

### શ્રી પુરુષોત્તમદાસ પટેલ

શિક્ષિત બેકારો માટે રોજગારીની શક્યતા વધારવા ગુજરાત સરકારે ટૂંકા અને લાંબા ગાળાની તાલીમ યોજનાઓનો કાર્યક્રમ શરૂ કર્યો છે. અને ચોથા પંચવર્ષિય યોજનામાં આ પાછળ રૂ. ૧૫૦૦૦૦૦૦/ ખર્ચ કરવામાં આવશે. આ વર્ષમાં રૂ ૨૫૦૦૦૦૦/ ખર્ચ કરવામાં આવશે.

આ યોજનાઓની શરૂઆત છે અને જેમ જેમ કામ થશે તેમ તેમ એમાં પડતી મુશ્કેલીઓ જણાશે. મુશ્કેલી વિનાનું એક પણ કામ નથી. જે કામ કરતા નથી તેને મુશ્કેલી નડવાની નહિ. જે કામ કરતા નથી એ કામ કરનારની મુશ્કેલીની વાતો કરી સંતોષ માને છે. આથી યોજનાઓ અને કામ પડતાં ના મુકાય.

જે વ્યક્તિને અગર સંસ્થાને આગળ વધવું છે તેણે મુશ્કેલીઓથી ગભરાવવું નહિ જોઈએ. મુશ્કેલીઓ એ ઉત્તમ પ્રકારનો શિક્ષક છે. મુશ્કેલીઓના ઉકેલના પ્રયાસોથી અનુભવ મળે છે અને જીવનનું ઘડતર થાય છે. એથી શક્તિ અને સમજ વધે છે.

આવી એક યોજના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડીને આપવામાં આવી છે. આ છે શિક્ષિત–એસ. એસ. સી થયેલાને રોજગારી–વ્યવસાયનું શિક્ષણ આપવાની. વિદ્યાર્થીઓને ઓઇલ એન્જીન, ઇલેક્ટ્રીક મોટર, ટ્રેક્ટર અને ખેતીનાં બીજાં સાધનો વાપરવાનું શિક્ષણ આપવાનું અને તેને દુરસ્ત કરવાનું શિક્ષણ આપવાનું. ઇલેક્ટ્રીક મોટર બળી જાય તે પ્રસંગે રિવાઇન્ડીંગ કરવાનું પણ.

આવું વ્યવસાયી શિક્ષણ લીધેલાં બેકાર ના જ રહે. એને ગામડામાં તેમ જ નાના મોટા શહેરમાં પણ કામ મળી રહે.

આવી વ્યવસાયી તાલીમ સ્નાતકો વગેરે માટે પણ શરૂ કરવામાં આવી છે.

એસ. એસ. સી. સુધીના અભ્યાસ માટે તેમ જ કૉલેજના સ્નાતકના અભ્યાસ માટે સરકાર દર વર્ષે લાખ્ખો–કરોડો રુપિયા ખર્ચે છે. એ અભ્યાસના અંત પછી વિદ્યાર્થી બેકાર શા માટે ? એ અભ્યાસના અંત પછી શિક્ષિત બેકારોને રોજગારી-વ્યવસાયી તાલીમ આપવા પૈસા આ વર્ષે ૨૫૦૦૦૦૦/ અને પંચવર્ષિય યોજનામાં દોઢ કરોડ ખચવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રૂ. ૧૫૦૦૦૦૦૦/ ખર્ચી જે તાલીમ આપવા વિચાર્યું છે તે તાલીમ વિદ્યાર્થીને એના અભ્યાસકાળમાં આપવાની વ્યવસ્થા થાય તો આ ગંજાવર રકમ બચી ના જાય ? આટલી રકમનો સદ્‌વ્યય કરવામાં આવે તો– વિદ્યાર્થીના અભ્યાસકાળ દરમ્યાન જ તેને વ્યવસાયી તાલીમ આપવા પાછળ ખર્ચવામાં આવે તો શિક્ષિત બેકારો પેદા થાય ?

શિક્ષિત બેકારો પેદા કરવામાં આપણી શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણ સંસ્થાઓ જવાબદાર નથી ?

શિક્ષિત બેકારો ના થાય એમ કરવું હશે તો આપણે આપણી શિક્ષણ પદ્ધતિમાં તેમ જ શિક્ષણ સંસ્થાઓના સંચાલનમાં જરૂરી ફેરફાર કરવા પડશે.

આજે તો એવી સ્થિતિ છે કે એક તરફ આપણે શિક્ષિત બેકારો પેદા કરવાનાં– મોટા પાયા ઉપર પેદા કરવાનાં કારખાનાં ચલાવીએ છીએ અને ત્યાર પછી એ શિક્ષિત બેકારોને રોજગારી મળે તેની ચિંતા કરીએ અને એ પાછળ ગંજાવર રકમ ખર્ચીએ છીએ.

માલનો ઉઠાવ ના હોય છતાં ઉત્પાદન ચાલુ રાખવાની મૂર્ખામી કોઇ કારખાનદાર કરશે નહિ. માલ વધારો હોય અને ઉપાડ ના હોય છતાં વધારે માલ પેદા કરવાનો દાવો કરનાર કારખાનદાર લાંબા સમય સુધી કારખાનું ચલાવી શકે નહિ અને છતાં વગર વિચારે ચલાવે તો એના માટે નાદારી નોંધાવવાનો રસ્તો અંતે રહે.

આવું આપણું–આપણા દેશનું ના થાય તે સારૂ શિક્ષિત બેકારો પેદા થવાનાં કારણો શોધી એ કારણો દુર કરવા પ્રયાસ કરીશું તો શિક્ષણના અંતે અને પછી શિક્ષિત બેકારોનો પ્રશ્ન આપણને મુંઝવશે નહિ.

સ્વરાજ પ્રાપ્તિ પછી આપણે–આપણી રાજ્ય સરકારોએ યુનિવર્સિટીઓની સંખ્યામાં વધારો કરી નાંખ્યો અને યુનિવર્સિટીઓ તેમજ રાજય સરકારોએ કૉલેજોની સંખ્યામાં ધરખમ વધારો કરી નાંખ્યો અને દર વર્ષે એમાં ઉમેરો થતો જાય છે. પણ સ્નાતક થયા પછી શું ? એનો વિચાર કર્યો નહિ. સ્નાતકોની રોજગારીનો વિચાર કર્યો નહિ. ઉચ્ચ શિક્ષણ વ્યવસાયલક્ષી કર્યું નહિ.

પરિણામે સ્નાતક બેકારોની સંખ્યા લાખ્ખોની થવા આવી. જે રાજયમાં સ્નાતક શિક્ષિત બેકારોની સંખ્યા વધારે તે રાજ્યમાં સામ્યવાદને માટે મોકળું, મેદાન મળી ગયુ.

આપણામાં કહેવત છે કે રાક્ષસ ખરાબ પણ બ્રહ્મ રાક્ષસ ભયંકર. આપણી શિક્ષણ સંસ્થાઓએ શિક્ષણની પ્રથા જે નોકર લક્ષી હતી તે ચાલુ રાખી અને નોકરીઓ આપી શકાઈ નહિ– એની પણ મર્યાદા હોય છે. પરિણામે બેકાર શિક્ષિત સ્નાતકો પેદા કરી આપણે બ્રહ્મ રાક્ષસો પેદા કર્યા. બ્રહ્મ રાક્ષસની વિશેષતા છે કે એને કામ આપો તો આપણને ખુબ લાભદાયી થાય પણ નવરો રાખો– બેકાર રાખો તો આપણને ખાઈ જાય.

હવે આપણે મુઝવણમાં પડયા છીએ અને આ શિક્ષિત બેકારોને રોજગારી મળે તેવા વ્યવસાયો પાછળ લાખો રૂપિયા ખર્ચવા તૈયાર થયા છીએ છતાં લાખોની સંખ્યામાં શિક્ષિત બેકારો પેદા કરતી કૉલેજો અને યુનિવર્સિટીઓનો વિચાર કરતા નથી આમ એક તરફ શિક્ષિત બેકારોનું ઉત્પાદન લાખોના હિસાબે થઈ રહ્યું છે અને બીજી તરફ તેમાંના કેટલાક હજારોને વ્યવસાયી તાલીમ આપી રોજગારીની વ્યવસ્થા કરીએ છીએ.

આનાથી આ પ્રશ્ન ઉકેલાશે ?

(૧) આર્ટસ (૨) કોમર્સ (૩) કાયદો અને (૪) શિક્ષણ-બી. એડ. ની કોલેજો છેલ્લા પાંચ વર્ષમાં સારી સંખ્યામાં નિકળી. એ કોલેજોમાં ખોવાનું નથી અને કમાણી સારી છે તેથી વેપારી ધોરણે કામ કરતી વ્યક્તિઓએ – સંસ્થાઓએ આનો લાભ લીધો પણ યુનિવર્સિટીઓએ અને રાજ્ય સરકારે આવી કોલેજોને માન્યતા કેમ આપી ? આ શિક્ષણના ગ્રેજ્યુએટોની માગ કરતાં વધારે ગ્રેજ્યુએટો પેદા થવાથી સંખ્યાબંધ ગ્રેજ્યુએટો બેકાર રખડે છે. આ સ્થિતિ હોવા છતાં આવી કોલેજોને માન્યતા આપી યુનિવર્સિટીઓ અને રાજ્ય સરકારો શિક્ષિત બેકારોની સંખ્યામાં ધરખમ વધારો કરતી નથી ?

પેટ ચોળીને પીડ ઉભી કર્યા પછી અજમો ફાકવામાં જેટલું ડાહપણ છે તેથી વિશેષ ડાહપણ આપણે દાખવતા નથી. આવી કોલેજોને માન્યતા આપી શિક્ષિત બેકારોની સંખ્યામાં ધરખમ વધારો કરીએ છીએ અને ત્યાર પછી એ મુશ્કેલીમાંથી બહાર નીકળવા પાછા વ્યવસાયી તાલીમ વર્ગો પાછળ લાખો રૂપિયા ખર્ચીએ છીએ.

શું કરીએ, યુનિવર્સિટી સ્વાયત્ત સંસ્થા છે. એ માન્યતા આપવા નિર્ણય કરે તેને અમારે માન આપવું પડે છે. એમ સરકારો કહે અને હાથ ધોઈ નાંખે. યુનિવર્સિટીમાં શિક્ષણના વેપારમાં પડેલાઓનું મોટા ભાગે વર્ચસ્વ હોય છે. એટલે નવી નવી નફાકારક કોલેજોને માન્યતા મેળવવામાં મુશ્કેલી નડતી નથી.

આમ જ ચાલ્યા કરે તો શિક્ષિત બેકારોનો પ્રશ્ન હલ થઈ શકશે ?

દેશને જરૂર છે સરદાર પટેલ જેવા લોખંડી પુરુષની, એ આજે નથી. આજે તો સૌ કોઈ ખુરશી બચાવવાની, ખુરશી પડાવી લેવાની રમતમાં પડયા છે અને તેથી કોઈને નારાજ નહિ કરવાની નીતિ અપનાવવામાં આવી છે. પણ એનું પરિણામ સમાજ અને દેશને ભોગવવું પડે છે. શિક્ષિત યુવાનો જે દેશની મુડી છે અને દેશને ઉંચો લાવવામાં ફાળો આપી શકે તેમ છે તે મુડીને આપણે આપણી શિક્ષણ પ્રથાને લઈ બરબાદ કરી રહ્યા છીએ, એટલું જ નહિ પણ શિક્ષિત બેકારો હતાસ બની ઉપદ્રવીઓના હાથમાં પડે છે અને દેશમાં ઉપદ્રવ વધારે છે.

આપણે આ પ્રશ્નની ગંભીરતા સમજ્યા નથી. સમજ્યા હોઈએ તો એ ઉકેલવાની નૈતિક હિંમત આપણે ગુમાવી બેઠા છીએ.

પાંચ વરસ માટે આપણે આર્ટસ, લો અને બી. એડ કોલેજો બંધ કરીએ તો આ પ્રશ્ન હળવો ના થાય ? આર્ટસ, કોમર્સ, લો અને બી એડ. કોલેજો નવી ના શરૂ થાય અને હાલની કોલેજોને ગ્રાન્ટ આપવાનું બંધ કરીએ તો આ પ્રશ્ન હળવો ના થાય ?

માધ્યમિક બધી યે શાળાઓમાં વ્યવસાયી તાલીમની વ્યવસ્થા ના કરી શકીએ તો પણ ટેકનિકલ શિક્ષણ તરફ આકર્ષણ ઉભું થાય તેવું આપણે ના કરી શકીએ ? ટેકનિકલ શિક્ષણ અમુક હદ સુધી– માધ્યમિક શાળાંત સુધી મફત કરીએ તો વિદ્યાર્થી અને વાલીઓને ટેકનિકલ શિક્ષણ આકર્ષી નહિ શકે ?

સાયન્સ કોલેજો અને ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓમાં પણ શિક્ષણ પદ્ધતિ સુધારો માગી લે છે. એમાં વ્યવસાયી તાલીમ લઈને જ વિદ્યાર્થી બહાર પડે તેવું આપણે કરી શકીએ તેમ છીએ. પણ વિચારે છે કોણ ?

આ પ્રશ્નના હિંમતભર્યા ઉકેલમાં જ દેશની આબાદી અને સુખશાંતિ છે.

એ નહિ ઉકલીએ તો આપણે શિક્ષિત બેકારીમાં હોમાઈ જઈશું. ■


## જોઈએ છે

ઓઈલ એન્જીન અને ટ્રેકટરનો જાણકાર મિકેનિક, ટ્રેકટર ચલાવતાં આવડતું હોય એ માટેનું લાયસન્સ હોય અને નિદાન પાંચ વર્ષનો અનુભવ હોય તેણે જ અરજી કરવી.

ફાર્મ મિકેનિક વર્ગ
C/o. ટેકનિકલ હાઈસ્કૂલ-કડી
સર્વ વિદ્યાલય કેમ્પસ


## પાણી

એક ટન ઈંટ બનાવવા માટે બે ટન પાણી જોઈએ. એક ટન પોલાદ બનાવવા માટે ત્રણસો ટન પાણીની જરૂર પડે છે અને એક ટન કૃત્રિમ રેસા ( રેયોન વગેરે ) પાછળ દશ હજાર ટન પાણી વપરાય છે. એક ટન ઘઉં ઉત્પન્ન કરવા માટે ૩૦૦ ટન પાણી જોઈએ.

---

# સર્વ વિદ્યાલય કેમ્પસ્‌માં એક નવી પ્રવૃત્તિનું ઉમેરણ

શ્રી ગણેશભાઈ કા. પટેલ : આચાર્ય ટેકનીકલ હાઇસ્કૂલ-કડી

તા. ૯–૭ ના 'સુવર્ણ જયંતી' સાપ્તાહિકમાં પ્રગટ થયેલો શ્રદ્ધેય શ્રી ઉમાશંકર જોષીનો લેખ શૈક્ષણિક અને રાજકીય નેતાગીરી માટે ખતરાની ઘંટડી સમાન છે.

શિક્ષણમાં પરિવર્તનની આહલેક અને એનું અમલીકરણ એ આ જમાનાની સૌથી મોટી માંગ છે. આપણે ત્યાં અભણ બેકારોનો અણઉકલ્યો સવાલ તો છે જ, પણ સૌની આંખ ઉઘાડી નાખે એવો. ટોચના પ્રશ્નોમાંનો એક 'ભણેલા બેકારોનો' છે. પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં દેશની જુદીજુદી યુનિ.ઓ, કોલેજો અને માધ્યમિક શાળાઓમાંથી એક યા બીજા પ્રકારની ડીગ્રી તથા સર્ટિફિકેટસ લઇ વિદ્યાર્થીઓ બહાર પડે છે.

પણ જેવા એ વાસ્તવિક જીવનની પગથાર ઉપર પગ મૂકે છે કે તુર્ત જ એમને એ સમજાય છે કે સમાજમાં આપણે માટે તો કયાંય સ્થાન ( room ) નથી. આ સૌ 'વિસ્ફોટના તણખા' સમગ્ર રાષ્ટ્રના ખૂણેખૂણે છવાયેલા છે. આ બધા ભવિષ્યના નકસલવાદીઓ જ છે; કંઇ નહીં તો નકસલવાદીઓના હાથા તો થવાના જ; હોળીનું નારિયેર બનવાના. એ તો દેખીતું જ છે કે ભૂખ્યા માણસો માટે રોટલો એ જ પરમેશ્વર છે. 'भूखे भगति न होय मुआलू'

આવી ચિંતાજનક પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે ઉદ્યોગપતિઓ, શિક્ષણકારો અને રાજકીય આગેવાનો ભેગા થાય અને માધ્યમિક શિક્ષણને ( એસ. એસ. સી કક્ષાએ ) એક નવો જ વળાંક આપે. શિક્ષણનું જીવાતા જીવન સાથે અને જુદાંજુદાં ઉદ્યોગલક્ષી ઉત્પાદનકેન્દ્રો સાથેનું અનુસંધાન જ વિદ્યાર્થીના જીવનને જીવવા લાયક બનાવશે.

ભણેલા બેકારોને થાળે પાડવા માટે ગુજરાત સરકારે ઠીકઠીક વિચારણા અને ઉપાયો કરવા માંડ્યા છે. ગુજરાત સરકાર તરફથી સ્નાતકો, એસ એસ. સી. પાસ અને નોન એસ. એસ સી. ( ધો. ૯ પાસ ) માટે વિવિધ કાર્યક્ષેત્રોને આવરી લેતા લાંબા અને ટૂંકાગાળાના તાલીમવર્ગો ગુજરાતના જુદાજુદા કેન્દ્રોમાં શરૂ થયા છે. ( આ અંગેની માહિતી ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની ઓફિસેથી મળી રહેશે. )

આવા ટ્રેઇનીંગ પ્રોગ્રામોમાંનો એક ફાર્મ મિકેનિકનો કોર્સ તા. ૧૫ મી જુલાઇથી ટેકનીકલ હાઇસ્કૂલ – કડીના આશ્રયે શરૂ થયો છે.

ઓછી માનસિક ક્ષમતા અને વધુ શારીરિક ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ એસ એસ સી પછી જો આવા વ્યવસાયી શિક્ષણ તરફ વળે તો કોલેજ શિક્ષણ તરફની આડેધડે અને આંધળી દોટને કાબૂમાં લાવી શકાય. એ તો હકીકત છે કે દેશમાં વાઇટ કોલર જોબની જગ્યાઓ તો મર્યાદિત જ હોય અને રહેવાની. કોલેજશિક્ષણ એ સૌ કોઇ માટે નથી જ.

એસ. એસ. સી. પછી ભણેલા બેકારો ( Educated Unemployed ) માટે ગુજરાત સરકાર તરફથી સ્ટેનોગ્રાફી, પંચ ઓપરેટર, પ્રોજેકટર ઓપરેટર, ઇલેકટ્રોપ્લેટર ( ઢોળ ચઢાવવો તે ) ફાર્મ મિકેનિક અને ફેમિલી પ્લાનીંગ આસીસ્ટંટ જેવા ટૂંકા ગાળાના કોર્સ ચાલે છે. આમાંનો એક ૬ મહિનાની મુદ્દતનો ફાર્મ મિકેનિકનો કોર્સ ૧૫ મી જુલાઇથી આપણે ત્યાં શરૂ થયો છે.

આ વર્ગમાં એસ. એસ. સી. પાસ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે છે. દાખલ થવા માટે વિદ્યાર્થીએ પોતાના જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધાવેલું હોવું જોઇએ. અને પોતાનો નોંધણી નંબર તેણે પોતાની અરજી ઉપર લખેલો હોવો જોઇએ. રોજગાર વિનિમય કચેરીના નોંધણીનંબર વિનાની અરજી ઉપર લક્ષ આપવામાં આવતું નથી.

દર ૭ ૭ મહિને પંદર પંદર વિદ્યાર્થીઓની ટુકડીને પ્રવેશ આપવામાં આવે છે. આ ૭ મહિના દરમ્યાન દરેક તાલીમાર્થીને દર મહિને રૂ. ૨૫)નું સ્ટાઇપેન્ડ પણ આપવામાં આવે છે.

સામાન્ય રીતે આ સ્કીમ નીચે પ્રમાણે તાલીમાર્થીને નીચેની બાબતોનું સૈદ્ધાંતિક અને વ્યવહારૂ પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવશે.

A સૈદ્ધાંતિક :–

પંપ, ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર્સ, ટ્રેકટર્સ અને ખેતીવાડીનાં સાધનો જેવાં કે હારવેસ્ટર, હળ, સ્પ્રેયર વગેરેના પ્રકાર, એમની કામગીરી ( working ) સિદ્ધાંતો અને એમની માવજત અંગે સૈદ્ધાંતિક શિક્ષણ ( Theory portion ).

B વ્યવહારૂ જ્ઞાન :–

વર્કશોપની અંદર ફીટીંગ સ્મીથફોર્જીંગ ( લોખંડને ટીપીને ઘડવું ) પ્લમ્બીંગ ( પાઇપફીટીંગ–રીપેરીંગ ) શીટમેટલ વર્ક ( પતરાની નાનીમોટી ચીજોનું કામ અને વેલ્ડીંગ શીખવાનું રહેશે. તદુપરાંત ઉપર A માં જણાવેલ સાધનોની રચના, કામગીરી, દુરસ્તીકામ ( repairing ), આખાયે સાધનનું ઓવર હોલીંગ ( જુદું કરીને સુધારવું ), કામ કરતું અટકી જાય તો તેનાં કારણો જાણી ખામી દૂર કરવી વગેરેનું વ્યવહારુ શિક્ષણ ( Practical Portion ).

પરીક્ષા કુલ ૧૫૦ ગુણની રહેશે. જેમાં ૧૦૦ ગુણ પ્રેકટીકલના રહેશે અને ૫૦ ગુણ મૌખિક પરીક્ષાના રહેશે. પાસ થવા માટે તાલીમાર્થીએ પ્રેકટીકલ અને મૌખિક પરીક્ષામાં અલગઅલગ ૫૦% ગુણ મેળવવાના રહેશે.

[ અનુસંધાન પાન ૬ ઉપર ]

# બે પ્રસંગો

પ્રિન્સિપાલ એન. જે. પટેલ : સાયન્સ કૉલેજ–કડી

## પદ્વીની પસંદગી

થોડાક દિવસ પહેલાં એક વિદ્યાર્થી મારી ઑફીસમાં આવ્યો. એને રાજ્ય તરફથી મળતી શિષ્યવૃત્તિના ફૉર્મ ઉપર મારી સહી કરાવવી હતી. મેં એને પૂછીને જાણી લીધું કે એણે પ્રિ. યુનિ. સાયન્સ પાસ કરીને ઇલેક્ટ્રીકલ એન્જીનિયરીંગનો ડીપ્લોમા કર્યો હતો. અને પ્રિ. યુનિ. સાયન્સ કર્યું હોવાને લીધે એને પ્રથમ વર્ષ બી. એ. માં મેથેમેટિક્સ સાથે અમદાવાદની કોલેજમાં એડમીશન મળ્યું હતું. એસ. એસ. સી. ના માર્કસના આધારે તેણે ભૂતકાળમાં કરેલી કોઈ અરજીને આધારે મળેલી અમદાવાદની કોઇ સરકારી ઑફીસમાં ટાઇપીસ્ટ તરીકેની નોકરી પણ ચાલુ હતી.

મને આશ્ચર્ય થયું કે આ ભાઇની ટાઇપીસ્ટની નોકરી ચાલુ છે. ઇલેક્ટ્રીકલ ડીપ્લોમાના આધારે ક્યાંક નોકરીની શોધ પણ કરતા હશે. પણ હવે ત્રણ વર્ષ વધારે બગાડીને બી. એ. થવાનો શું કામ પ્રયત્ન કરતા હશે ?

એટલે મેં પૂછ્યું " ભાઇ, તમારે હવે બી. એ. થવાનો શું અર્થ ? " તેણે કહ્યું, " સાહેબ, અત્યારે હું ડીપ્લોમા ધરાવું છું. પણ ડીગ્રી મળે તો જલદી નોકરી મળે ને ? "

મને એ છોકરાની પરિસ્થિતિની દયા આવવાને બદલે ગુસ્સો આવ્યો. આમ એક પછી એક પદ્વીઓનાં પીંછા ધારણ કર્યે જવાનો કોઇ અર્થ ખરો ? એણે કોલેજમાં પ્રથમ સત્રની લગભગ પોણાબસો જેટલી ફી ભરી હતી. એના અનુસંધાનમાં મેં કહ્યું, " હજી રસ્તો ભૂલ્યાની શરૂઆતની પળો છે. બી. એ. થવાનું માંડી વાળો તો ત્રણ વર્ષનાં કષ્ટ ટળી જશે, હજાર રૂપિયાનું ખર્ચ બચી જશે અને એન્જીનિયર તરીકેની નોકરી મેળવવાનો ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરવાનો અવકાશ રહેશે. " છોકરાને મારી વાત ગળે ઉતરી ગઇ. અને તે ચાલ્યો ગયો.

મને થયું આવા કેટલાયે વિદ્યાર્થીઓ વ્યવસાયને પસંદ કરી લઇને પૂરો કર્યા પછી પણ પદ્વીના મોહમાં ગોથાં ખાતાં હશે ?

## ચીંથરે વિંટયાં રતન

ચોમાસાનો દિવસ. રાતના લગભગ સાડાનવ થયા હશે. વરસાદ ઝરમર ઝરમર ટપકતો હતો. કેમ્પસમાં આંટો મારીને હું મારા બંગલા તરફ જઇ રહ્યો હતો. ત્યાં સામેની હોસ્ટેલમાંથી પાંચેક વિદ્યાર્થીઓ મારી તરફ આવી રહ્યા હતા. તેઓ નજીક આવ્યા એટલે મેં પૂછ્યું, " અલ્યા, આ ચોમાસાની અંધારી રાતમાં ક્યાં જાઓ છો ? " મને મનમાં શંકા હતી કે એ વિદ્યાર્થીઓ સીનેમા જોવા નીકળ્યા છે. પણ જવાબ મળ્યો " સાહેબ, સ્ટેશને ચા પીવા જઇએ છીએ. " એમનું કહેવું માનીને મેં એમને જવા દીધા

દસેક મિનિટ પછી મારા ઘરનું બારણું કોઇક ઠોકતું જણાયું. હું જાગતો જ હતો. તરત જ બારણું ઉઘાડ્યું ત્યાં તો પેલામાંનો જ એક વિદ્યાર્થી જણાયો. મેં પૂછ્યું, " કેમ રાધાકૃષ્ણ ! વળી કેમ આવ્યો ? " તેણે વિનંતી કરી, " સાહેબ, અમારે સીનેમા જોવા જવું છે. રજા આપશો ? " મને થયું આ વિદ્યાર્થીઓ કેટલા ભોળા ! ચા પીવાને બહાને સીનેમા જોવા ચાલી ગયા હોત તો મને શું ખ્યાલ આવત ? ટમટમ વરસતા વરસાદની એ ભેંકાર રાત્રિમાં એમની ચાડી ખાનાર પણ કોણ હોત ? પણ એમના દિલની સચ્ચાઈ કે સાહેબની આગળ એક વાત કહી ને બીજી વાતનું આચરણ કેમ થાય ? સામે મળતાં અચાનક જુઠું બોલાઈ ગયું હોય તો સુધારી કેમ ન લેવું ?

મને આ વિદ્યાર્થીઓના વર્તનથી ખુશી ઉપજી. મેં તને તરત જ સીનેમા જોવાની રજા આપી. કહેવાનું મન તો થઈ થઇ ગયું " એક બીજું સીનેમા જોવાની પણ એડવાન્સમાં રજા આપી દીધી."

આવા વિદ્યાર્થીઓ જ મને લાગે છે, સભાન રહીને સારા-નરસાનો વિચાર કરીને દેશને આબાદ બનાવી શકશે.

[ પાન ૫ ઉપરનું ચાલુ ]

આપણે ત્યાં આ ફાર્મ મિકેનિકના કોર્સમાં દાખલ થનારાઓનો ભારે ધસારો છે. ભારે ધસારાને લક્ષમાં લઈ બીજા પંદર વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી પણ માગી છે.

ભણેલા પણ ધંધાની રાહ જોતા, જેમને શ્રમની સૂગ નથી એવા વિદ્યાર્થીઓ માટે અહીં ઘર આંગણે આવી રોટલો રળી આપનારી તક ઊભી કરીને, પૂજ્ય શ્રી દાસકાકાએ સંસ્થાની અનેક પ્રવૃત્તિઓમાં એક નવી પ્રવૃત્તિનું ઉમેરણ કર્યું છે.

જિલ્લા અને જિલ્લા બહારના વિદ્યાર્થીઓ ખેતીને ઉપયોગી એવાં આ સાધનો–ઓજારોના જાણકાર બની, પોતાનો રોટલો રળવા સાથે દેશના સૌથી મોટા ઉદ્યોગ - ખેતીના વિકાસમાં પોતાનો યત્કિંચિત ફાળો આપશે તો આ શિક્ષણ લીધું સાર્થક ગણાશે.

સુવર્ણ જયંતી સાપ્તાહિકનું
આપનું લવાજમ મોકલી આપશો.

# સાચી કેળવણી

શ્રી આત્મારામ ન. પટેલ : અધ્યાપક, સર્વ વિદ્યાલય-કડી

॥ नहि ज्ञानेन सदृशम् पवित्रम् इह विद्यते ॥

પ્રાચીન કાળમાં શિક્ષણની સુવિધાઓ અમુક વર્ગ પૂરતી જ મર્યાદિત હતી. આજે કેળવણીનાં દ્વાર બધાને માટે ખુલ્લાં છે. શિક્ષણનું મહત્વ સમજાતાં દેશમાં શિક્ષણની અનેક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે અને આવશે. પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરનારાઓની વૃદ્ધિ સાથે ગુણવત્તાનું ધોરણ જળવાઈ રહે તે જરૂરી છે. ભણતરની સાથે જો ગણતર ન હોય તો તેવા ભણતરનો કોઈ અર્થ નથી.

જે કેળવણીથી માણસાઈના દીવા પ્રગટે નહિ, "**वसुधैव कुटुम्बकम् ।**" ની ભાવના પેદા ન થાય, **अहम्** ની ભાવના નાશ ન પામે, હંસવૃત્તિ પેદા ન થાય, આચાર–વિચારની શુદ્ધિ પેદા ન થાય તે સાચી કેળવણી નથી.

માણસના નેણ અને વેણ શુદ્ધ કરે તે સાચી કેળવણી. માણસે સુખી બનવા માટે જીવન જીવવાની કળા શીખી લેવી જોઈએ. પરંતુ આજના શિક્ષણ દ્વારા જીવન નિર્માણ કરવાની હિંમત આવે તેવા ચિરંતન-સનાતન મૂલ્યો આપણી શિક્ષણ પ્રથાએ સર્જ્યાં નથી. ભણ્યા પછી નોકરી સિવાય બીજું કાંઈ સૂઝતું નથી ! કેળવણી દ્વારા તન, મન અને હૃદયનો સુસંગત વિકાસ થવો જોઈએ. આજે તો જ્ઞાન માત્ર આપવાની ખાતર જ ન અપાતું હોય એવું લાગે છે. જ્ઞાનનો માત્ર ડોળ કરવામાં આવે છે. ખરેખરી જ્ઞાન–પિપાસા રહી નથી. પ્રાચીન શિક્ષણ–પદ્ધતિમાં વિદ્યાર્થી શિક્ષણપરાયણ, શિક્ષક અને વિદ્યાર્થી બંને જ્ઞાનપરાયણ હતા. હાલમાં શિક્ષક અર્થપરાયણ અને વિદ્યાર્થીને પણ ભણતરથી ફાયદો કેટલો એ શોધતો હોવાથી તે પણ અર્થપરાયણ છે. આવા બંનેના સ્વાર્થમાંથી નિઃસ્વાર્થ ભાવવાળી વિદ્યા ક્યાંથી જન્મે ? ગીતામાં કહ્યું છે કે,– "**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन् ।**" બદલાની આશા વિના કામ થવું જોઈએ.

દિવસે દિવસે લોકોનું નૈતિક અધઃપતન વધારે ને વધારે થતું જાય છે તેને અટકાવવા માટે જરૂર છે આધ્યાત્મિક–ધાર્મિક કેળવણીની. જીવનનાં સાચાં મૂલ્યો ધર્મોમાં છે. "Without religion no moral."

રાયબર્ન કહે છે : Religion plays an outanding part in the daily lives of the people and the work of the school for democracy will be greatly facillated through it."

ગાંધીજીએ પણ કહ્યું છે કે,– "India can never b Geodless. Indian personality and life as a whole will not ultimately be affected by any education which is not animated by religion. We feel that personality and character must be based on morality and effective programme of religious education."

નૈતિક ધોરણ ઊંચુ લાવવા ધાર્મિક શિક્ષણની જોગવાઈ થવી જોઈએ આપણી પંચવર્ષિય યોજનાઓની સાથે સાથે "Moral Plan" ની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી પંચવર્ષિય યોજનાઓ સારી રીતે સફળ થઈ શકે.

કેળવણી પામેલ વ્યક્તિએ માત્ર '**स्वान्तः सुखाय**' માટે કામ નહિ કરતાં "**बहुजनहिताय–बहुजनसुखाय**" માટે પણ કામ કરવું જોઈએ.

જે વિદ્યા આપણને રોગમુક્ત, ભયમુક્ત અને વિહારમુક્ત કરાવે તે જ સાચી વિદ્યા. યુવાનમાં તેજસ્વિતા, તત્પરતા અને તપસ્વિતાના ગુણો વિકસવા જોઈએ

લોકશાહીનું મૂલ્ય સતત જાગૃતિ છે. આજનાં બાળકો કે જે ભવિષ્યના નાગરિકો છે. તેમનામાં નેતૃત્વની તાલીમ, સહિષ્ણુતા, સહયોગની ભાવના આદિ ગુણોનો વિકાસ અને લોકશાહીનાં મૂલ્યોની તૈયારી શાળામાંથી જ કરવાની છે તે માટે શિક્ષકનું દૃષ્ટિબિંદુ પણ લોકશાહીમાં શ્રદ્ધા રાખનાર હોવું જોઈએ. શિક્ષક પોતે જ આચરણમાં મૂકેલ વર્તનથી ભણાવે ત્યારે જ તે વિદ્યા પ્રેરક બની રહે.

વિદ્યાર્થી અને શિક્ષક બંનેએ વર્ગને સ્વર્ગ બનાવીને ચાલવું જોઈએ. શિક્ષણનું ધ્યેય માત્ર રોટલો રળવાનું નહીં પરંતુ પ્રત્યેક કોળિયો મીઠો બનાવીને ખાવાનું છે.

કેનેડી, ગાંધીજી, અબ્રાહમ લિંકન વગેરે મહાન પુરુષોની શહાદત આપણને માનવ સ્વાતંત્ર્ય, સમાનતાની ભાવના અને જય જગતના પાઠો શીખવે છે; તેમાં જ સાચી કેળવણીનું હાર્દ રહેલું છે.

ડૉ. રાધાકૃષ્ણના શબ્દોમાં કહીએ તો–

"Education, that purifies the head and heart of a man and refines the personality is the true educaction."

---

**સા**માન્ય માણસો અને પ્રતાપી માણસોમાં એક જ ફરક છે : પ્રતાપી માણસો જે કામ કરવાનું નક્કી કરે તેને પાર પાડ્યે જ જંપે છે, પછી ભલે તેના માટે ગમે તેટલું કષ્ટ ઉઠાવવું પડે. સામાન્ય માણસો એક કામથી થાકી બીજું શરૂ કરે છે. એનાથી થાકી ત્રીજું ઉપાડે છે. અંતમાં એ કશું જ મેળવ્યા વિના વધારે થાકી જાય છે.

## ગા ન | મયંક પટેલ

'મને લાગે છે કે આજની સભામાં માત્ર તમે જ એક એવા હતા કે જેમને મારા સંગીતમાં રસ ન પડ્યો!'

સામે આવીને ઊભેલી વિખ્યાત ગાયિકાને પોતાની સમક્ષ આવી પામર વાણી ઉચ્ચારતી જોઈ કલાકાર પ્રથમ તો ખૂબ વિસ્મય પામ્યો. હજુય એ ધ્યાનસ્થ મુદ્રામાં બેઠો હોય એમ બેઠો રહ્યો. હજુય એણે નજર ઉઠાવી નહીં ગાયિકાને જવાબ પણ ન આપ્યો.

ગાયિકા વિનમ્ર હતી. એની વાણી મધુર અને મૃદુ હતી. આજે આ કલાકાર પાસેથી પોતાના સંગીતની પ્રશંસા કરાવવાનો નિર્ધાર કરીને જ આવી હતી. બોલીઃ "કદાચ અત્યારે વધારે સારું સંગીત હું તમને ભેટ ધરી શકીશ."

"કોઈ ભેટનો ઇચ્છુક હું નથી. તેમ છતાં તમે એ નિર્ધાર કરીને જ આવ્યાં હો તો સાંભળવામાં મને હરકત નથી."

ગાયિકા થોડી વધારે નિરાશ થઈ. પણ એણે ધીરજ ન ગુમાવી. એણે કહ્યું: "નિર્ધાર છે."

"હં. સાંભળીશ."

ગાયિકાએ કંઠમાંથી સંગીત રેલવવા માંડ્યું.

ધીરે ધીરે રાગનો વિસ્તાર થતો જતો હતો. ગાયિકાની નજર કલાકારના મુખ ઉપર જ હતી. એના મુખભાવો વાંચવા એ પ્રયત્ન કરી રહી હતી.

કલાકાર કોઈક પળે મુગ્ધ બની જતો હતો.

પણ થોડીવારમાં તો ગાયિકાને સમજણ પડી ગઈ કે કલાકારની મુગ્ધતાનું કારણ પોતાનું સંગીત નહોતું. કારણ, મુગ્ધ થવાના સમયે એ સ્વસ્થ રહેતો અને સ્વસ્થ થવાના સમયે એ મુગ્ધ બનતો.

ગીત પૂરું થયું. ગાયિકાએ થોડાક દુઃખભર્યા અવાજે પૂછ્યું: "આ પણ ન ગમ્યું?"

કલાકાર શાંત રહ્યો.

ગાયિકાએ ફરી પૂછ્યું: "મારું ગાન તમને પસંદ ન આવ્યું?"

આખરે કલાકાર બોલ્યો: "આવ્યું એક રીતે."

"શી?"

"કોઈ ભવ્ય ગાનની યાદ અપાવી શકે એટલું સામર્થ્ય તમારા ગાનમાં તો છે જ."

ગાયિકા છોભીલી પડી ગઈ. બોલી: "ભવ્ય ગાન? બીજા કોઈનું? તમે ક્યાં સાંભળ્યું હતું?"




કલાકાર ઊભો થયો. બોલ્યોઃ "ચાલો મારી સાથે તમને ય મોકો મળશે તમારું ગાન સાંભળ્યા પછી હવે એ ગાન સાંભળવા હું પણ અધીર બન્યો છું."

ગાયિકા કલાકાર પાછળ ઘસડાઈ. કલાકાર એને એક પહાડ તરફ લઈ ગયો. લગભગ ટોચે પહોંચ્યો. બાજુમાં એક ખીણ હતી. પહાડની ટોચ ઉપરથી અનેક ઝરણાં ખીણ તરફ વહી રહ્યાં હતાં.

કલાકારે કહ્યું: "સાંભળો"

મુગ્ધ ગાયિકા હવે સ્વસ્થ હતી

## છબી : હાથની, મસ્તકની

ઈંગ્લેન્ડના એક દૈનિક પત્રના તંત્રીએ પોતાના ફોટોગ્રાફરને બ્રિટીશ વડાપ્રધાન હેરોલ્ડ વીલ્સનની હથેળીની છબી લેવા મોકલ્યો.

"એ છબીનું શું કરશો?" વિલ્સને પૂછ્યું

"અમે હસ્તરેખા શાસ્ત્રીને એ બતાવી આપનું ભવિષ્ય પ્રકટ કરીશું."

"એ કરતાં એક કામ કરો," વિલ્સને પૂરી ગંભીરતાથી કહ્યું, "તમારા તંત્રીના મગજનો ફોટો લ્યો અને કોઈ મસ્તિષ્ક-વિદ્યાના વિદ્વાનને બતાવી એનું નિદાન છાપો."

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૨૩-૭-૭૦

173


# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૩૦-૭-૭૦ [ અંક ૪૪


## કામ કરીએ એટલે સુખિયા, કામ ટાળીએ એટલે દુઃખિયા.

હું જ્યારે કામ કરું છું એ કરતાં કામ ટાળું છું ત્યારે મને સરવાળે વધુ થાક લાગે છે. આ વિધાન કદાચ વિચિત્ર લાગશે. કામ કરીએ ત્યારે થાક લાગે એ સમજી શકાય તેમ છે. કામ ન જ કરીએ ત્યારે થાક લાગવાનો પ્રશ્ન ક્યાં છે ? આ તો સહરામાં સમુદ્ર જોવા જેવી વાત છે, એમ કોઇ કહે. પણ આ બાબત એવી છે કે, એને ઉપર ઉપરથી જોઈશું તો આડે રસ્તે ચડી જઇશું.

પણ કામ પૂરું કર્યા પછીના અને કામ ટાળવાના પરિણામ વિશે મને જે અનુભવ થયો છે એ વિશે હું અહીં થોડું કહેવા માગું છું. કામ કરીએ ત્યારે શરીર વપરાય છે. આથી થોડો ઘણો શ્રમ પડે છે. પણ કામ ત્વરિત અને સારી રીતે પૂરું થઇ જાય તો મન એટલું તાજું થઈ જાય છે કે આપણને શરીરના થાકની ક્યારેક ખબર પણ પડતી નથી. થાક લાગે તો પણ એ એટલો મીઠો હોય છે કે એને થાક કહેવો કે સુખ કહેવું એવો સવાલ કરી શકાય.

સાચું પૂછો તો હું સુખમાં માનતો જ નથી. સુખ જેવી કોઇ વસ્તુ હોય, તો સુખી લોકો જાણે, મને તો એની ખબર નથી. એક વાર મારા નાનાભાઇએ મને પૂછ્યુ કે સુખ શું છે ? મેં એને આમ કહ્યુંઃ "માત્ર મૂર્ખ માણસ સુખ શોધે છે. ડાહ્યો માણસ કામ શોધે છે." મારી સુખદુઃખની કલ્પના આ છેઃ કામ કરીએ એટલે સુખિયા, કામ ટાળીએ એટલે દુઃખિયા.

કામ ટાળીએ એટલે શરીરને કશો શ્રમ પડતો નથી પણ કામનું એવું છે કે એક કામ ટાળીએ તો એ હોય તે કરતાં મોટું લાગવા માંડે છે. એક કામ ટાળીએ એટલે બીજું કામ ટાળવાનું મન થાય છે. આમ ટાળેલા કામનો નાના મન ઉપર ઢગલો થાય છે અને મનની તાણ વધે છે. મન અશાંત થાય છે. મન ક્યારેક બહાવરું પણ બને છે. કેટલીક વાર તો એમ પણ બનતું હોય છે કે, ટાળેલા કામના દબાણને પરિણામે કોઇ ઊંડા પાણીમાં ડૂબતા હોઇએ એવો અનુભવ થાય છે. આ બધાંનું પરિણામ એ આવે છે કે, મન થાકી જાય છે અને આની અસર તરત જ શરીર પર પડે છે. શરીર આથી કોઈ નવું કામ કરવાને માટે જરાય ઉત્સુક બનતું નથી. એ ચેતન-વિહોણું બની જાય છે. મન તાજું રહે એ તો ક્વચિત જ બને, શરીર કામ કરે છે મનના જોરે. હું કામ કરું છું ત્યારે મારું શરીર થાકી જાય છે, પણ મન તાજું થઇ જાય છે. પણ જ્યારે હું કામ ટાળું છું ત્યારે મારું મન અને શરીર બંને થાકી જાય છે.

આ થાક ખાસ તો મનમાં ગુનાની અવ્યક્ત ભાવના જન્મે છે એટલે લાગે છે. આપણે કોઇ ગુનો કર્યો નથી હોતો છતાં એમ લાગે છે કે, આપણે કાંઇક અજુગતું કર્યું છે. આ ગુનો એવો છે કે, કાયદાની દૃષ્ટિએ શું પણ નૈતિક દૃષ્ટિએ પણ કોઇને એ ગુનો ન લાગે. ઠાવકા માણસો કહેઃ "એમાં શું ? આજે એ કામ ન કર્યું તો શું થઇ ગયું ! કાલે કરજો." પણ અંતરાત્મા તો નીતિના ત્રાજવાથી પણ વધુ સૂક્ષ્મ છે. એના બિચારાનો જીવ બળે છે. આથી મનમાં એવી વ્યાધિ જન્મે છે કે જે કહી શકાતી નથી અને સહી પણ શકાતી નથી. અંતરાત્માને કામ ન થાય એથી દુઃખ થતું હશે ! મને આનો કોઇ ચોક્કસ જવાબ મળતો નથી. પણ આવો ખુલાસો મળે છેઃ કામ એ જીવન છે; કામ ટાળવાની બધી જ પ્રક્રિયા જીવનને કરમાવી નાખે છે. જ્યાં જીવન કરમાય ત્યાં અંતરાત્મા કેવી રીતે કોળી ઊઠે ?

—શ્રી વાડીલાલ ડગલી [ સમર્પણ ]

# અનુકરણીય

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

**કડીથી** મહેસાણા બસમાં જતો હતો. કડીની વ્હોરવાડ અને શકરપુરાથી બસ આગળ ગઈ અને ફરઓ શરૂ થયો. ત્યાં એક સુંદર મકાન થતું હતું. મને જાણવાની ઉત્કંઠા થઈ અને મારી પાસે બેઠેલા એક મુસ્લીમ ભાઈને પૂછ્યું.

'આ શાનું મકાન થાય છે? કોણ બાંધે છે?' એણે મને કહ્યું કે આ મદ્રેસાનું મકાન થાય છે. અમે શુક્રવારે નમાજ પઢવા જુમ્મામસીદમાં મળીએ છીએ. ત્યાં આ મદ્રેસાની પેટી મુકી છે. એમાં સૌ કોઈ નમાજ પઢયા પછી શક્તિ પ્રમાણે પાંચિયું, દશિયું નાંખે છે. કોઈ પૈસો બે પૈસા પણ નાંખે છે અને કોક વધારે પણ નાંખે છે.

પણ નમાજ પઢયા પછી ખુદાના નામે સૌ કોઈ શક્તિ પ્રમાણે નાંખે છે. ગરીબમાં ગરીબ પણ નાંખે છે. એ રીતે પેટીમાં પૈસા ભેગા થાય છે. એમાંથી આ મદ્રેસા બંધાય છે અને મદ્રેસા સંચાલનનું ખર્ચ પણ નીકળે છે.

મદ્રેસાનું સંચાલન કરવા કમિટિ છે. દરમહિને એક રૂપિયો આપનાર સભ્ય બને છે. આમ વર્ષે એક સભ્ય બાર રૂપિયા આપે છે.

આજે અમારી પાસે આ રીતે સારી જેવી રકમ એકઠી થઈ છે. નમાજ પઢયા પછી પેટીમાં જે પાઈ પૈસો નાખવામાં આવે છે તેને લઈને જ અમોને સારી રકમ મળે છે. ગરીબોનાં દાન ઉપર આ મદ્રેસા ચાલે છે.

મેં એમને અને મદ્રેસા પ્રત્યે શુભ ભાવનાથી નમાજ પઢયા પછી પૈ પૈસો પેટીમાં નાંખનાર અને મદ્રેસાના સભ્યો બની સંચાલન કરનારા સૌને ધન્યવાદ આપ્યા અને ભય બતાવ્યો કે મદ્રેસાને જુદું રાખવાથી કોમીવાદનો રોગ દેશમાં વધ્યો છે તેને ઉત્તેજન નહિ મળે?

આ મુસ્લીમ ભાઈએ મારો ભય નિવારવા જણાવ્યું કે અમને સરકારી ગ્રાન્ટ મળે છે અને મદ્રેસામાં દાખલ થવા જે આવે છે તેને દાખલ કરીએ છીએ. અમારા મુસ્લીમ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને ઉર્દુ શીખવીએ છીએ અને અમારા ધર્મનું જ્ઞાન આપીએ છીએ પણ બીજા ધર્મના વિદ્યાર્થી– વિદ્યાર્થીનીઓને ઉર્દુ શીખવા ફરજ પાડતા નથી તેમજ અમારા ધર્મના શિક્ષણમાં હાજરી આપવાની હોતી નથી. અમારી મદ્રેસામાં હિન્દુ શિક્ષકો પણ છે અને તેથી ભય રાખવા કારણ નથી.

આ સંબંધમાં મતભેદ હોઈ શકે પણ નમાજ પઢયા પછી શિક્ષણ–દાનની પેટીમાં પૈ પૈસો નાંખવાની વૃત્તિ અનુકરણીય છે. મદ્રેસા એ શિક્ષણની પ્રવૃત્તિ છે અને શિક્ષણની પ્રવૃત્તિમાં ગરીબમાં ગરીબ પણ ઈશ્વર–ખુદાની બંદગી કર્યા પછી શિક્ષણ સારુ હાથ લાંબો કરે અને પેટીમાં શક્તિ પ્રમાણે કાંઈને કાંઈ નાંખે અને તેમાંથી હજારો રૂપિયા ભેગા થાય અને શિક્ષણ પ્રવૃત્તિ-મદ્રેસા ચાલે એ વૃત્તિ–પ્રણાલિકા અનુકરણીય છે.

એ વૃત્તિ અપનાવવા જેવી છે. સૌ કોઈએ શક્તિ મુજબ શિક્ષણ પ્રવૃત્તિમાં કાંઈને કાંઈ આપવાની વૃત્તિ કેળવવી જોઈએ અને આપવું જોઈએ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આ વર્ષે 'સુવર્ણ જયન્તી' ઉજવશે. એણે મોટાં કામ ઉપાડયાં છે. અનેકવિધ શિક્ષણની પ્રવૃત્તિઓ પાછળ મોટું ખર્ચ થાય છે. હજુ સાયન્સ કૉલેજનું મકાન બાંધવું છે. એક બીજી હૉસ્ટેલ પણ બાંધવાની છે. શિક્ષણ પ્રવૃત્તિને માટે કાંઈને કાંઈ આપવાની વૃત્તિ ભાવના સમાજમાં છે અને તેથી સર્વ વિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓ પોષાય છે. આ વર્ષ દરમ્યાન અત્યાર સુધીમાં દાઢેક લાખ રૂપીઆ સુવર્ણ જયન્તીના ફાળામાં મળ્યા છે. હજુ બીજા એથી અનેક વિશેષ મળવાના છે. જૂના વિદ્યાર્થીઓ પૈકી હજુ કેટલાક-ઘણા દાસભાઈ અમારે ત્યાં આવે તેવી ઈચ્છા રાખે છે. એ ઈચ્છા ફલિત કરવા કહેવડાવે છે. સુવર્ણ જયન્તીમાં યથાશક્તિ ફાળો આપવો છે, પણ દાસભાઈ ઘેર આવે તેવી ઈચ્છા છે. આ એમની શુભ લાગણી છે પણ દાસભાઈને ૭૧ વર્ષ થયાં અને ક્યાં જાય અને ક્યાં ના જાય?

મારી તો આ ભાઈઓને નમ્ર વિનંતિ છે કે દાસભાઈ આવે કે ના આવે, ના આવી શકે પણ સર્વ વિદ્યાલય આપણું છે. અને તેથી દાસભાઈની અપેક્ષા રાખ્યા સિવાય સુવર્ણ જયન્તીનો યથા-શક્તિ ફાળો મોકલી આપે.

મદ્રેસા–શિક્ષણ પ્રવૃત્તિ માટે નમાજ પઢયા પછી પેટીમાં યથાશક્તિ દર શુક્રવારે ગરીબમાં ગરીબ મુસ્લીમ ભાઈઓ પાઈ પૈસો નાંખે છે. એજ રીત સારી છે. એમને કોઈ કહેવા જતુ નથી. કોઈ એમના ઘેર ફંડ માટે જતું નથી પણ અંદરથી પેટીમાં પાઈ પૈસો નાંખે છે. એમના દિલમાં છે કે મદ્રેસાની પ્રવૃત્તિને સહાય મદદ કરવા જેવી છે.

એજ ભાવના સર્વ વિદ્યાલય પ્રત્યે જૂના વિદ્યાર્થીઓ વગેરેની છે. તો પછી ઘેર કોઈ આવે તેની રાહ શા માટે જોવી? ઓછામાં ઓછી રૂા. ૨૫)) ની રકમનો ચેક મોકલી આપશો.

હિન્દુ ભાઈ બહેનોએ પણ આ મુસ્લીમ ભાઈઓની વૃત્તિ અનુસરવા જેવી છે.

આપણા મંદિરોમાં આવી પેટી મૂકી હોય તો? એ પેટીમાં પડેલા પૈસા શિક્ષણ પ્રવૃત્તિ પાછળ ખર્ચવાનું કરીએ તો? સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે આ પૈસા વાપરીએ તો?

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# ‘તું વ્યક્તિ આડે ન જુએ સમષ્ટિને’

શ્રી રણજિત પટેલ (અનામી)

શ્રી ઉમાશંકર જોષીના સંવાદપ્રધાન પદ્યરૂપકોના સંગ્રહ ‘પ્રાચીના’માં ‘કર્ણ-કૃષ્ણ’ શીર્ષકવાળું એક પદ્ય રૂપક છે. અજ્ઞાત જન્મ, અકુલીનતાનું આળ, પાંચાલીએ કરેલું ઘોર અપમાન, કર્ણનો અર્જુન-વિરોધ અને એની કૌંતેયપણાની સભાનતા; આ અને આવાં અનેક પ્રધાનગૌણ કારણોને લીધે કર્ણની વાસના ને તમન્ના આટલી જ છે:–

‘કે હીનજન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ.’

*         *         *

‘સ્થાપીશ વ્યક્તિત્વની વીરતા હું,
સુજન્મના પૈતૃક લાભ માથે.’

લોકસંગ્રહ અને સમષ્ટિ હિતને વરેલા કૃષ્ણ, કર્ણની એકાંગી, અહંકેન્દ્રી વ્યક્તિનિષ્ઠ વૃત્તિ પર ઘા કરે છે:–

‘તું વ્યક્તિ આડે ન જુએ સમષ્ટિને’.

પ્રત્યુત્તરમાં કર્ણ કહે છે:–

‘લડી રહ્યો હુંય સમષ્ટિ કાજ,
સમષ્ટિમાં જે સહુ જન્મહીણાં
જીવે, વળી ભાવિ વિષેય જીવશે,
એ સર્વનાં જન્મકલંક કેરો
અન્યાય ધોવા મથું છું સ્વરક્તથી
મારેય હૈયે હિત છે સમષ્ટિનું.’

*         *         *

સ્વયંવરે જીવન સુન્દરીના
જોવાય ના જન્મ, પરંતુ પૌરુષ
એ સ્થાપવા જીવું છું ને મરીશ
સમષ્ટિના સત્યનું હુંય રશ્મિ.

*         *         *

મનુષ્ય જે જન્મ થકી દુભાયાં
તેનું રચું ઉજ્જ્વલ ભાવિ આજ હું.’

વ્યક્તિ-સમષ્ટિનો આ સંઘર્ષ, આ ગજગ્રાહ આટલો અતિ પ્રાચીન છે! કર્મફલનો નિયમ વ્યક્તિલક્ષી છે. આપણે ત્યાં મોક્ષનો પુરુષાર્થ પણ વ્યક્તિલક્ષી રહ્યો છે. કૃષ્ણની લોકસંગ્રહવૃત્તિ, બુદ્ધની કરુણા, સ્વામી વિવેકાનંદની માનવસેવાદૃષ્ટિ ને પૂ. ગાંધીજીની દરિદ્રનારાયણપરાયણતાએ વ્યક્તિ-સમષ્ટિનો સંવાદ સાધવા પ્રત્યે મહાભિનિષ્ક્રમણ કર્યું છે. સાંપ્રત કાળમાં ઉત્તરોત્તર આ દૃષ્ટિના વિકાસની આવશ્યકતા અને અનિવાર્યતા વધતી જાય છે ત્યારે, ‘મારેય હૈયે હિત છે જ વ્યષ્ટિનું’ એવું પ્રત્યક્ષ કાર્યથી દિન-પ્રતિ-દિન ગીત ગાતા વ્યક્તિનિષ્ઠ, સત્તાભૂખ્યા આપણા લોક-નાયકો ‘સમષ્ટિના સત્યનું હુંય રશ્મિ’ એવું આચરણ ક્યારે કરશે? ■

# ઉરમાં વસનારાં

શ્રી મોહનલાલ પટેલ

બે ત્રણ દિવસ માટે અમદાવાદ આવેલો હરસુખ શહેરમાંથી પાંચ માઈલ ચાલીને અમારી સોસાએટીમાં અમને મળવા આવ્યો ત્યારે મારા કરતાંય કમળાને વધારે હર્ષ થયો. પણ જ્યારે એણે એક દવાની ચિઠ્ઠી આપતાં કહ્યું, ‘આપણા ગામનાં સુધાકાકીએ તમારી પાસે આ દવા મંગાવી છે. લાવી રાખજો; કાલે આવીને હું લઈ જઈશ.’ ત્યારે કમળાના મુખ ઉપર તિરસ્કારની રેખાઓ ઊપસ્યા વિના ન રહી. એ વખતે તો એ કંઈ બોલી નહિ, પણ હરસુખના ગયા પછી એણે રોષ પ્રદર્શિત કર્યો; ‘કેવો ધૂર્ત માણસ! સુધાકાકીની દવા માટે પાંચ માઈલ ચાલીને અહીં સુધી આવ્યો ત્યારે એણે જ શહેરમાંથી લઈ લીધી હોત તો? પણ એ શાનો લે? હું એને જાણું ને? એ જાણે છે કે સુધાકાકી પાસેથી પૈસા છૂટવાના નથી. સુધાકાકી કંઈ ઓછાં પક્કાં નથી, સમજ્યા?’ અને આખરે એણે જણાવી દીધું: ‘આ દવાના પૈસા કાઢશો તો ફરી કદી પામવાના નથી! આપણી પાસે કંઈ વધારાના નથી તે ફેંકી દઈએ. હરસુખ આવે ત્યારે ચોખ્ખી ના કહી દેજો.’

‘એમ તે કંઈ ચાલે?’

‘ન કેમ ચાલે! તમને ‘ના’ કહેતાં શરમ આવતી હશે તો હું કહી દઈશ.’

છતાંય સાંજે બે રૂપિયા ખર્ચીને હું દવા લઈ આવ્યો ત્યારે કમળા ખરેખર રાતીપીળી થઈ ગઈ, અને ‘ઘરખોયાપણા’ માટે મને ઠીકઠીક સંભળાવ્યું પણ ખરું.

બીજે દિવસે સવારે હરસુખ આવ્યો ત્યારે કમળાનું મોં ચડી ગયું. અને આખરે હરસુખ ચા પીતો હતો ત્યારે એ પોતાના મનનો ઊભરો કાઢ્યા વિના ન રહી શકી. બોલી: ‘હરસુખભાઈ બે રૂપિયાની ચીજ માટે બે વખત જવા આવવાના કરીને તમે વીસ માઈલની ખેપ કરી એના કરતાં તો શહેરમાંથી તમે જ દવા લઈ લીધી હોત તો? સુધાકાકીને તો તમે અને હરકાન્ત બંને સરખા.’

વાત સાચી હતી, એટલે હરસુખ લાચારીભર્યા ચહેરે કમળા સામે જોઈ રહ્યો. કમળા આગળ કંઈ બોલવા જતી હતી ત્યાં રકાબીમાંની ચા ઝટઝટ ગળે ઉતારી, ‘જાઉં ત્યારે’ કહી એણે ચાલવા માંડ્યું.

એના ગયા પછી પણ કમળાએ એની પૂંઠ પાછળ ઘણો રોષ અને ધિક્કાર પ્રગટ કર્યાં.

હરસુખને એણે ઉતારી પાડ્યો એ મને ગમ્યું નહોતું એટલે મેં એને કહ્યું: કમળા, આ ઠીક ન થયું. બે રૂપિયા માટે આપણે છેક આટલું બધું સાંકડું મન દેખાડ્યું એ આપણને નથી શોભતું; આપણા કુટુંબની એ રીત નથી.’

[અનુસંધાન પાન ૭મા ઉપર]

# સુંદર સર્વ વિદ્યાલય

શ્રી ભાઇલાલભાઇ પટેલ

કુદરત સુંદર જ હોય છે. પરંતુ માનવી જ્યારે પોતાની સગવડ અને સુવિધા માટે કુદરતી રચના અને પરિસ્થિતિમાં ફેરફાર કે ઉમેરો કરે છે – નવીન રચના કરે છે ત્યારે તેમાં ક્ષુબ્ધતા ઊભી થાય છે. માનવીય રચનાઓ એટલે તેણે બનાવેલાં રહેઠાણો, ગામડાં, નગરો, શહેરો અને તેને માટેના રસ્તાઓ, સરોવરો, નહેરો, વિજળી, રેલ્વે, કારખાનાં વગેરે. આવી રચનાઓથી–ફેરફારોથી કેટલીય જગ્યાઓએ કુદરતી સુંદરતામાં વિસંવાદ અને અસંગતતા ઊભી થાય છે. માનવીની નજરે પણ આ ખટકે છે એટલે તે પોતાની રચનાઓને સુંદર અને શોભીતી બનાવવાનો પ્રયત્ન આદિકાળથી કરતો આવ્યો છે. કેટલેક પ્રસંગે માનવીની સમજ અને શક્તિની મર્યાદાને કારણે તે આમાં નિષ્ફળ જતો પણ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ સુંદરતાની તેની ઝંખના તો સતત ચાલુ જ હોય છે. કારણકે તત્ત્વતઃ માનવીને આ દુનિયા પ્રિય છે અને સુંદરતા પ્રિયતામાં વધારો કરનાર તત્ત્વ છે.

માનવીની રચનાઓ ઘણી જગ્યાઓએ કુદરતી શોભામાં અભિવૃદ્ધિ કરે તે રીતે યોજવામાં આવી હોય છે. તેમ જ કેટલીક જગ્યાઓએ એવી વરવી રીતે થઇ હોય છે કે તે આંખમાં કાકરી ખટકે એમ ખટકે છે. ગૃહ અને નગરની રચનામાં આવી વિપરિત અસરો ટાળવા માટે સ્થપતિઓ તકેદારી રાખતા હોય છે અને તે માટે વિવિધ ઉપાયો યોજવામાં આવે છે. કારખાનાં અને રસ્તાઓની રચનામાં પણ સુંદરતાનો ખ્યાલ રાખવાનું સારી રીતે પ્રચલિત બન્યું છે. સ્થપતિઓ આજુબાજુની ભૌગોલિક પરિસ્થિતિ અને જીવનની સુંદરતાને અનુરૂપ રચનાઓ કરવા પ્રયત્નશીલ હોય છે અને સ્થળસ્થિતિ જોઈ વિશિષ્ટ પ્રકારે આયોજન કરતા હોય છે.

માનવીમાં સુંદરતાની ભાવના ખૂબ જ સાહજિક છે. દા. ત. પોતાનું ઘર બાંધતી વખતે માણસનું મન પ્રથમ પોતાની સગવડ અને સુવિધાઓનો વિચાર કરશે, પરંતુ સગવડ – સુવિધાનો વિચાર ગોઠવાઈ ગયા પછી તેનું મન સુંદરતા સાધવાના વિચારોથી ઉભરાઇ રહેશે. બારી એવી હોવી જોઇએ કે તેમાંથી પ્રકાશ અને પવન આવી શકે પણ વરસાદની વાછટ અને ધૂળ ન આવી શકે તેનો પ્રથમ વિચાર કરશે. પણ તે વિચાર સધાયા પછી વિચારશે કે, બારીના માપનું પ્રમાણ એવું રાખવું કે તે સુંદર લાગે. બારીમાંથી રાત્રે ચોર ન આવી શકે તે માટે તેમાં સળીયા બેસાડવાનું નક્કી કરશે કે તરત તે સાહજિક રીતે જાળીને સુંદર બનાવવાનું વિચારશે. તમામ સગવડો સાચવતું મકાન તૈયાર થઇ ગયા પછી તેને સુંદર બનાવવા માટે તેના ઉપર રંગરોગાન કરશે. આંગણામાં બાગબગીચા બનાવી, વૃક્ષો રોપી સુંદરતામાં વધારો કરવા પ્રયત્ન કરશે અને શક્તિ–સંજોગો પ્રમાણે તેને સુંદર બનાવી ઝંપશે. પોતાનું ઘર બાંધ્યાના સંતોષ કરતાં આથી મળતી મન, ચક્ષુ અને અંતરની તૃપ્તીનું સુખ–આનંદ અનેરો હોય છે.

આમ જ સોસાયટીઓ, વસાહતો, સંસ્થાઓના કેમ્પસ્ અને નગરો માટે બનતું હોય છે. આ બધાં કામ થતાં હોય તે દરમ્યાન તથા તે પછી તેની સુંદરતા વધારવા માટે વિચારવામાં આવતું હોય છે અને ઉપાયો યોજાતા હોય છે. તેને લક્ષમાં રાખી બાગબગીચાઓ, રસ્તા ચોક અને ચોકઠાઓની રચના કરવામાં આવે છે. આમાં આ વિષયનું જ્ઞાન, અનુભવથી ઘડાયેલી દૃષ્ટિ અને સંસ્કૃત થયેલી રુચિ અગત્યનો ભાગ ભજવે છે.

આપણી સંસ્થા પણ આ ભાવ, વૃત્તિ અને લાગણીમાંથી બાકાત ન જ હોય. તેમાં તેણે આગળ રહેવું જોઇએ કારણ કે ત્યાં જીવનનું અગત્યનું કામ–બાળકોની કેળવણીનું કામ કરવાનું છે. આપણી આ વાત તરફ દૃષ્ટિ રહેલી જ છે. આપણાં સંસ્થા ગીતો 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે' અને 'સુંદર સર્વ વિદ્યાલય રાજે' બન્નેની ધ્રુવટૂંકોમાં જ સુંદરતાની અભિપ્સા વ્યકત થાય છે. તેના કવિઓ સ્વ. ઉમેદભાઈએ તથા ભાઇશ્રી અનામીએ તેમનાં આ સંસ્થા ગીતો કુદરતમય સુંદરતાના વર્ણનથી સભર ભર્યાં છે. આ ગીતો આપણા ચિત્તની સુંદરતા તરફના અભિગમની ઉદ્‌ઘોષણા કરે છે. સંસ્થા સુંદર રહે તે માટે આપણે જાણે-અજાણે પરિસ્થિતિ પ્રમાણે પ્રયત્નો કરતા હોઇએ જ છીએ. પરિણામે આપણું કેમ્પસ વૃક્ષોની લીલી વનરાજીથી છવાયેલું છે તે આપણું અહોભાગ્ય છે. તેથી રચાયેલું નયનરમ્ય દૃશ્ય આગંતુકને ઘણું જ આકર્ષી જાય છે. સંસ્થાના વ્યક્તિત્વની છાપ ઉપસાવવામાં આ વૃક્ષરાજીનો ઘણો ફાળો છે.

હવે આપણા વિસ્તારમાં–કેમ્પસમાં વધારો થયો છે–વિસ્તાર ઘણો વધ્યો છે એટલે આ સુંદરતા તરફ પણ વિશેષ ધ્યાન દોરાવું ઘટે અને સદ્‌ભાગ્યે મુ. શ્રી દાસકાકાના આગ્રહને કારણે તે તરફની ગતિમાં સારો વેગ આવ્યો છે.

આપણા કેમ્પસને સુંદર બનાવવા માટે શું શું કરી શકાય તે અંગે અત્રે કેટલાક વિચારો ટાંકવાનો નમ્ર પ્રયત્ન કરું છું કે જેથી તેમાં બીજા ભાઇઓ સહભાગી બની ઉમેરો કરી શકે.

(૧) આપણા કેમ્પસનાં બે મુખ્ય પ્રવેશદ્વારો – પૂર્વનું અને પશ્ચિમનું. બન્ને પ્રવેશદ્વાર ઉપર વેલનો માંડવો બનાવી અને અંદરના રસ્તા ઉપર બન્ને બાજુ થોડાં વૃક્ષો–આસોપાલવ, ગુલમહોર, આંબા કે એવાં ઉછેરવાં કે જેથી પ્રવેશદ્વાર જ આવનાર માણસને આકર્ષી શકે–આવકારી શકે.

(૨) રસ્તાઓની હદ જૂદી પાડતી તેની બન્ને કિનારે મેંદી વાવવી અગર ઈંટાની હાર કરવી અગર થોડે થોડે અંતરે ક્ષુપો (Bushes) રોપવા અનુકુળ પડે.

(૩) ચાર રસ્તા ભેગા થતા હોય તેમાંથી ચાર છ સ્થળ અગત્યના પસંદ કરી તેને ઉઠાવ આપે તેવી રચના કરવી. નાનકડા ક્ષુપો (Bushes) અને થોડાં ફુલછોડવાળો ટાપુ બનાવવો. તેને જરૂર પ્રમાણે સળીયા યા લાકડાની યા ચણતરની રક્ષણ તથા શોભા માટે વાડ કરવી. મોટી જગ્યા હોય તો બાંકડા પણ મૂકી શકાય.

(૪) ખુલ્લાં મેદાનો તથા રમતનાં મેદાનોને સમથળ અને સ્વચ્છ રાખીને સુંદરતા ઉભી થઇ શકે. કેટલેક સ્થળે લીલી લોન બનાવી શકાય. મેદાનોની બાજૂએ વૃક્ષો નીચે બેથી ચાર પાંચના જુથમાં બાંકડા મૂકીને નવરાશને સમયે આરામ લેવાનાં સ્થળો યોજી શકાય આવાં નિશ્ચિત સ્થળો સ્વસ્થતામાં વધારો કરે છે. (નવરાશના સમયે શું કરીશું ? કયાં જઇશું ? નો ચોક્કસ જવાબ નહિ મળતાં રઝળવૃત્તિ ઉભી થાય છે તેના ઉપર આથી અંકુશ આવશે.)

(૫) વૃક્ષોના થડને નયનરમ્ય રંગ લગાવી વાતાવરણમાં ઠીકઠીક ફેરફાર થઈ શકે છે. વૃક્ષોની કાપકુપ, છાંટ-છાંટ કરીને તેની શોભામાં-સુંદરતામાં વધારો કરી શકાય છે.

(૬) ઓછા ધસારાવાળી એક બે જગ્યાઓ પસંદ કરી ફૂલ છોડના નાના નાના બગીચા બનાવવાથી સુંદરતાની સાથે સંસ્કારિતા, કોમળતા અને રંગીનતાનું તત્ત્વ ઉમેરાશે. કૉલેજનો બોટાનિકલ ગાર્ડન તૈયાર થઇ ગયો છે તેનો અનુભવ બીજા કામમાં સરળતાથી ઉપયોગમાં લઇ શકાશે.

(૭) કેમ્પસની મધ્યમાં કે એક બાજુ જમીન પસંદ કરી તેમાં એક આઠ દશ એકરનો ફળ બાગ વિકસાવી શકાય. આ સ્થળ કંઇક વળતર આપવાની સાથે કેમ્પસની સુંદરતાને એક નવીન વ્યાપ આપશે. તેમાં થોડા વહેળા, ખાડાટેકરા યોજી મીની-પાર્કની કલ્પના સાદર કરી શકીએ.

(૮) રસોડાંઓની બાજુએ કે અલગ જમીનમાં શાકભાજી ઉગાડી શકાય અને તેના વેલાના માંડવા અને લીલોતરી પણ વર્ષના ઘણા ભાગ દરમ્યાન સુંદર દૃશ્ય રચી આપી શકે.

(૯) મકાનથી અલગ પીવાના પાણીની સગવડ કરવાની હોય ત્યાં તેની રચના પણ સુંદરતાના એક કેન્દ્ર ( Point ) તરીકે કરી શકાય. બે ત્રણ ફુવારાની પણ યોજના થઇ શકે. બાગ બગીચાને અને ખેતીને ઘણું પાણી આપવાનું હોય છે. તે પાણી બાગ બગીચામાં કયારામાં પહોંચે તે પહેલાં ફુવારામાં ઉડાડી લેવાય તો વિશેષ ખર્ચ સિવાય આ થઇ શકે. ફુવારો એ ઉન્મેષનું પ્રતીક છે તે અને સુંદરતા તો વધારે જ છે.

(૧૦) પૂજ્ય છગનભાની પ્રતિમા અને પૂ સ્વામી ધનરાજગીરીની સમાધીને પણ સુંદર ભાત પાડે તેવા સ્થળ તરીકે યોજી શકાય. તેવી બીજી ભાવ-પ્રતીકની પ્રતિમાઓ તથા રાષ્ટ્રપુરુષો તથા વ્યક્તિ વિશેષની પ્રતિમાઓ જરૂર પ્રમાણે ઉમેરી શકાય અને તે બધાં સુંદરતામાં વધારો કરી શકે.

(૧૧) સર્વ સામાન્ય અને રસ્તાઓના લાઇટને પણ સુંદરતામાં વધારો કરવાના સાધન તરીકે વાપરી શકાય. મોટાં ચોકઠાં તથા મેદાનો ઉપર અને શકય હોય તો રસ્તાઓ ઉપર પણ વિશિષ્ટ પ્રકારની પ્રકાશ યોજના કરી શકાય.

(૧૨) વિવિધતા અને નવીનતા પણ સુંદરતાનું એક અગત્યનું અંગ છે. તે માટે કેમ્પસમાંની દરેક સંસ્થાની સુંદરતા માટેની રચનાઓ તેના વ્યક્તિત્વને અલગ પાડે તે દૃષ્ટિએ કરવાનો પ્રયત્ન થઇ શકે. દા. ત. એક સંસ્થાની આજુબાજુ આસોપાલવ જ વાવીએ, બીજીની આજુબાજુ ગુલમહોર કે આંબા વાવીએ, અગર વાડની મેંદી તથા વેલીઓ અને ક્ષુપોમાં તેવી પસંદગી કરીએ, અગર માત્ર મુખ્ય પ્રવેશદ્વારની આગળનાં વૃક્ષો-વેલીઓની વિશિષ્ટ પ્રકારે પ્રસંદગી કરીએ. આપણે ત્યાં ઉત્તર ગુજરાતમાં ખૂબ ઊંચાં ઝાડો ઉગાડવાં એ નવીનતા છે અને એવાં વૃક્ષો જયાં હોય છે ત્યાં બધાની નજર ખેંચાય છે. આવાં ઊંચાં ઝાડોની એકાદ બે લાઇનો કરીએ – આમાં બુચ, નાળીયેરી, સરૂ, યુકેલીપ્ટસ્ કે એવાં વૃક્ષો પસંદ થઈ શકે.

(૧૩) વિવિધતા રહે, નવીનતા રહે પરંતુ આખા કેમ્પસની રચનામાંથી એકસૂત્રતા વરતાવી જોઇએ તે માટે પણ કેટલીક નાનીમોટી રચનાઓ કરી શકાય. દાખલા તરીકે : વૃક્ષોના થડોને કરવાનો રંગ એક સરખો રાખીએ, મકાનો અને સંસ્થાઓના નામનાં પાટીઆં અને તેનાં થાંભલા એક જ ઘાટ અને પ્રકારના બનાવીએ, દરેક સંસ્થાના મુખદ્વાર આગળ એક જ પ્રકારની વેલ કે વૃક્ષ ઉછેરવાનું યોજીએ, વૃક્ષોના વાડોલીયાં હોય તો તેનો ઘાટ અને રંગ એક જ પ્રકારનાં યોજીએ તો આ એકાત્મ ભાવને ઉઠાવી શકીએ. કેટલાક પ્રસંગોમાં અતિશયતા દૂર કરીને પણ આ એકસૂત્રતા સાધી શકાય. દા. ત. આપણાં નવીન મકાનોનાં મુખ્ય પ્રવેશદ્વારો ઉપર બોક્ષ પ્રકારની રચના કરવામાં આવી છે. આ હાલના સ્થાપત્યનું એક પ્રચલિત અંગ બની ગયું છે અને તે લાગે છે પણ સારુ. પરંતુ આપણા એક મકાન ઉપરની બોક્ષની જાણે કે આખા કેમ્પસનાં બધાં મકાનોને દાબી દેતું ન હોય તેવી છાપ પડે છે. આ તેના દાબની અતિશયતા ઓછી કરવા સારૂ તેની આગળના ભાગમાં ઊંચા વધે તેવાં વૃક્ષો-સરૂ, બુચ કે પેન્ડયુલા જાતનો આસોપાલવ ઉગાડી શકાય. અને તેમ કરી તેને બીજા મકાનોના સમતુલનમાં લાવી શકીએ. તેવી જ રીતે ઘણાં નીચાં મકાનો પાસે નીચાં વૃક્ષો – છોડવાઓ ઉગાડી તેની નીચાઇના ખ્યાલને ઓછો કરી શકીએ. એથી વિરૂદ્ધની રચનાઓ કરીને પણ ધારી અસર ઉપજાવી શકાય. સ્થળ અને પરિસ્થિતિ જોઇ આવી નાનીમોટી રચનાઓ થઈ શકે અને અતિશયતા નિવારી એકસુત્રતાની છબી ઉઠાવી શકાય.

(૧૪) સુંદરતામાં વધારો કરવાનો સાદો, સરળ અને રાજમાર્ગ સ્વચ્છતા છે. સ્વચ્છતા એ સુંદરતાનું મૂળભૂત તત્ત્વ છે. સ્વચ્છતા સ્થળની સુંદરતામાં સારો વધારો કરે છે. બાગ બગીચા, વૃક્ષો, વેલીઓ ઉછેરીએ સુંદર રંગ રોગાન કરીએ, દિવાબત્તીનો ઝગમગાટ કરીએ પણ તે બધું સુંદરતામાં ત્યારે જ વધારો કરે કે તે બધું સ્વચ્છ હોય. સ્વચ્છતા જ સુંદરતાનો પાયો છે. ઘસારા પ્રમાણે યોગ્ય સમયે મકાનોને રંગરોગાન કરાવવાથી સ્વચ્છતામાં પૂર્તિ થશે, સુંદરતામાં વધારો થશે અને આરોગ્ય ( sanitation ) નો હેતુ પણ સધાશે.

આ અને આવું ઘણું વિચારી શકાય અને કરી પણ શકાય. આપણે એ તરફ પગલાં માંડ્યા છે એટલે તે જરૂર થઈને રહેશે. રસ્તા ઉપર આંબા અને આસોપાલવ નાંખવાનું ચાલુ છે. ઘણાં નંખાઈ ગયાં છે. બીજાં વરસાદની અનુકુળતાએ નખાશે. સાયન્સ કૉલેજ આગળના નાનકડા બાગનું અને ટૅકનીકલ સ્કૂલના બાગનું આયોજન થઈ ગયું છે, છોડવાઓ રોપાઈ ગયા છે.

સુંદર સર્વ વિદ્યાલયનો આ-લેખ પૂરો કરતાં આપણાં ગીતોમાંથી કેટલીક પંક્તિઓ અહીં ઊતારીશું તો તે ઉચિત જ થશે.

સુંદર સર્વ વિદ્યાલય રાજે !
શિશુ–અંતર જનની–દર્શનથી
સુખ ભરતી ગાજે......સુંદર

ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જર ભોમ પ્રકાશી.
ઉત્તરમાં ત્યાં એક કયારડે, વિધવિધ ફુલડાં હાસે...સુંદર
કૈંક ઝરણના કલકલનાદે સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જનઘોષે ઝરણની કિંકિણી બાજે...સુંદર

... ... ...

ફુલ - પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારક તેજે ભરતભૂમિને પુલકિત કરશું હાસે...સુંદર

... ... ...

—અનામી

પ્રિય સર્વ વિદ્યાલય સોહે
લીલુડી ધરણીને હૈયે
નીલ વ્યોમામ્બરને છાંયે
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તો યે અમને
નિત્ય નૂતન એ ભાસે.........પ્રિય
રસભર આંબાની ડાળે
શીતળ સુરભીભર કુંજે,
જ્યાં અરુણરંગી પરભાતતણાને
સાન્ધ્યરંગ નિત સોહે.........પ્રિય

સ્વ. ઉમેદભાઈ

---

# વનસ્પતિ સંશોધન

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી

" આ દિશામાં જે સફળતા યુરોપમાં યુરોપીઅનોએ મેળવી છે તે સફળતાથી તો આ વનસ્પતિશાસ્ત્રની શોધખોળો હિન્દુસ્તાનના રહીશો હિન્દુસ્તાનમાં જ કરી શકે. વનસ્પતિશાસ્ત્ર એટલે કાંઈ નામોનો ભંડોળ નથી. પણ તેનો શાસ્ત્ર તરીકે અભ્યાસ થઈ શકે તે માટે સામાન્ય છોડવાઓ ( રોપા ) એનાં ખાસ નામથી ઓળખાવા જોઈએ અને બીજા છોડોથી છૂટા પાડવા જોઈએ. આ સ્ટેટમાં ભાગ્યે જ અર્ધો ડઝન પણ માણસો એવા હશે કે જે ઘાટનાં સામાન્ય જંગલોમાં જઈ કેવળ પાંદડાં જોઈને છોડ કહી શકે. આ વનસ્પતિશાસ્ત્રની શોધખોળના ક્ષેત્રમાં વધારે મહેનત–મજૂરી કરનારાઓની જરૂર છે અને તે બધાને ભણેલા સ્થાનિક માણસોમાંથી પસંદ કરવા જોઈએ. આ અર્ધો ડઝન માણસ બાદ કરીએ તો જે મહાન વનસ્પતિશાસ્ત્ર તેના ગુપ્તમાં ગુપ્ત રહેલા જંગલના છોડના રસની જરૂર જેમને છે, તેમાંનો કોઈ જ આ વિષે કંઈજ જાણતો હોતો નથી. ડૉ. હૉગ કહે છે ' સારકોસ્ટેમા વીમીનેલ – એજ વેદનો ' સોમ ' છે. આમ છતાં જંગલનાં આ છૂપાં રહસ્યોનો ઉપયોગ કરનાર એના અજ્ઞાનને લીધે જંગલનાં અજાયબી અને જ્ઞાનભર્યાં ડહાપણને તિરસ્કારી તેમાં સંતોષ માને છે. જે દિવસે ભણેલો કેળવાયેલો બ્રાહ્મણ આ જંગલમાં તેના પાસે ઊંડાણમાં રહેલા બોધપાઠો શીખવા બહાર પડશે, ત્યારે હિન્દુસ્તાન માટેનો તે તેની ખરી પ્રગતિનો દિવસ હશે. ત્યારે જ અતિશય વિધિવિધાનવાળા મહાનમાં મહાન યજ્ઞ જે શીખવી શકે તેના કરતાં પણ શુદ્ધ મન અને પ્રેમભાવનાના કીંમતી પાઠો એ જંગલ એને શીખવશે અને કદાચ એને માલૂમ પડશે કે એ જંગલની બખોલોમાં રહેનારો તિરસ્કારની દૃષ્ટિએ જોવાતા રહીશ પાસે ત્યાંના છોડવા ( રોપા ) અને જાનવરોનું એવું તો જ્ઞાન છે કે જે જ્ઞાનને એ પોતે તથા એના પોતાના કેળવાયેલા ( ભણેલા ) ભાઈઓ માન આપી ઉપયોગ કરે તો તે ઘણું ઈષ્ટ છે. માઉંટ સ્ટુઅર્ટ એલફીન્સ્ટન એની ઉત્તરાવસ્થામાં ઠેઠ સુધી એના વિદ્યાર્થીઓ સાથે બેસી, બહુ ધ્યાનપૂર્વક એમની પાસેથી જે શીખવાનું હતું તે શીખતા અને હિંદુસ્તાન ખરેખર જે ખરેખરી મહાનતા છે તે મહાનતામાં ત્યારે જ મહાન બનશે કે જ્યારે એના મોટામાં મોટા માણસો એ પ્રમાણેનું આચરણ કરતાં શરમાશે નહિ "

— એફ. જેલ. બી., એ. કેમ્બ્રિજ

" પુસ્તકોમાંથી તમને જે મળશે તેના કરતાં જંગલોમાંથી ઘણું મહત્ત્વનું મળશે. પથ્થરો અને વૃક્ષો તમને એ શીખવશે કે જે તમને ગુરુઓ નહિ શીખવી શકે." — સંત બર્નાર્ડ

" પાંદડે પાંદડે જીભ છે, મોજે મોજે નાદનું સંગીત છે."

— સંત ટૉલસન

# ટપાલ પેટી

[૨૧]

એ. જે. પટેલ બી. ઇ. સીવીલ.
%એકઝીકયુટીવ એન્જીનીયર (સર્વે)
ગાંધીધામ (કચ્છ)
તા. ૧૨–૭–૭૦

માનનીય મુરબ્બીઓ,

'પ્રિય સર્વ વિદ્યાલય સોહે'નો મધુર નાદ આ પંક્તિ વાંચતાં જ જયારે ભણુતા હતા, ગાતા હતા અને સાંભળતા હતા તેવો જ મધુર અને સોહામણો આજે કાનમાં ગુંજે છે.

મેટ્રીક થયા પછી બી. એસસી. થઈ શિક્ષક તરીકે વિદ્યાલયમાં જીવન ગુજારવાના કોડ હતા. વિદ્યાર્થી જીવનમાં જે કંઇ પ્રગતિ થઇ તે હોંશિયાર વિદ્યાર્થીઓ અને ઉત્સાહી અધ્યાપકવર્ગ ઉપરાંત આચાર્યશ્રીની દોરવણીને આભારી છે.

નાની ખોખોની ટીમના કેપ્ટન તરીકે વ્યાયામ શિક્ષકની દોરવણી નીચે પ્રથમ વડોદરા જોયેલું. ૧૯૪૯ ની સાલમાં જે અમારું તેજસ્વી ગ્રુપ કડીમાંથી નીકળ્યું તે બધા જ મિત્રોની એકબીજા પ્રત્યેની ભાવના, વંદનીય આચાર્યશ્રી અને શિક્ષકવર્ગ માટે જે માન હતું તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. કેવું સરસ એક મોટું કુટુમ્બ હતું? તેનું મીઠું સંસ્મરણ અત્યારે પણ જીવનને તાજગીમય બનાવે છે.

કૉલેજમાં બન્ને વર્ષમાં એન. સી. સી. ની ટ્રેઈનીંગથી શિસ્ત ફરજ વ. ગુણો મિલિટરી ઓફીસરોના અનુભવો ઉપરથી કેળવી શકયા.

ભણુતા હતા ત્યારથી જ વિદ્યાલયે સીંચેલા ગુણોએ કુટુંબને, ગામને, સમાજને અને રાષ્ટ્રને કેવી રીતે ઉપયોગી થઇએ તેની તાલાવેલી લાગેલી જ.

સીવીલ એન્જીનીયર થઈ પ્રથમ બાંધકામ ખાતામાં અને અત્યારે રેલ્વેમાં નોકરી છે. જે કંઇ રજાઓ મળી તે દરમ્યાન બનતી મદદ કરવા પ્રયત્ન કર્યો જ છે.

આપણે ખેડૂતના દીકરા અને આપણો ખેતીપ્રધાન દેશ. તેમની જરૂરિયાત શું છે? ખેડૂત પાણી વગર શું કરી શકે? કમનસીબે ઉત્તર ગુજરાતમાં બારમાસી નદીઓ નથી. રાષ્ટ્રના એક પનોતા નર્મદા–પુત્રે વિદાય લીધી. જીવનભર નર્મદાના અઢળક વહી જતા પાણીનો રાષ્ટ્રને ઊંચે લાવવામાં ઉપયોગ વહેલી તકે કરી સેવા કરવાની તમન્ના તેમના દિલમાં હતી. ગુજરાતના ખેડૂતોના સદ્‌ભાગ્યે તેઓશ્રી એક એન્જીનીયર હતા.

દસ વર્ષ પછી નિયમિત વર્ષાની મહેરબાની નહીં હોય અને ભૂગર્ભ જળ સાથ નહીં આપે તો કદાચ ઉત્તર ગુજરાતને બીજે કયાંક આશરો લેવો પડશે. જ્યાં નદીઓના પાણીથી સીંચાઇ થાય છે. ત્યાં પાણીનું લેવલ ઊંચુ હોઈ કૂવા અથવા ટયુબવેલ માટે આશરે રૂ. બેથી ત્રણ હજાર ખર્ચવા પડે છે. જયારે આજે આપણે રૂ. ૭૫૦૦૦ થી રૂ. એક લાખ એક ટયુબવેલ પાછળ ખર્ચવા પડે છે. તેનુ પિત્ત પણ કેટલુ મોંઘુ પડે છે!

હજુ નર્મદા પ્રશ્ન લવાદ સમક્ષ છે. ઇશ્વર જાણે તે કેટલો સમય લેશે? પ્રશ્ન પતી ગયા પછી પણ તે કામ 'war footing'ની ગતિથી હાથ ધરવામાં આવે તો પણ ૭ સાત સાલ તો લાગે. ત્યાં સુધી આપણે શું કરવું? વરસાદને કંઇક પણ નિયમિત બનાવવા આપણે ઝાડો ઉછેરવાં જ પડશે. આપણે જેમ બાળકના જન્મથી આનંદ પામી તેને સારી રીતે ઉછેરીએ છીએ તેમ દરેક કુટુંબ એક બાળકની સાથે જ ઝાડને ઉછેરવાનું શરૂ કરે તો કેવું સારું!

છગનભાએ તેમની કેળવણી પ્રત્યેની ધગશ અને નિસ્વાર્થ સેવાવૃત્તિએ એક નાના ઝાડ નીચે શાળા શરૂ કરેલી તે આજે એક મોટું વટવૃક્ષ બન્યું છે. તે વટવૃક્ષની છાયા નીચે જે કોઇ રમ્યું છે તેને કંઈક પણ ઉપયોગી થવાની તમન્ના હોય જ છે. પૂજ્ય ગાંધીજી અને સરદારની જેમ દરેક વ્યક્તિ આખું જીવન રાષ્ટ્રસેવામાં અર્પણ ન કરી શકે પણ નિસ્વાર્થવૃત્તિથી કંઈક પણ કાર્ય રાષ્ટ્રોપયોગી કરીશું તો જ પૂજ્ય વડીલોને સાચી અંજલિ આપી શકીશું.

ઇશ્વર નર્મદા પ્રશ્ન ઉકેલવામાં વહેલી તકે સહાય કરે અને સાચું માર્ગદર્શન આપે જેથી ઉત્તર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર વગેરે પાણી તરસ્યાઓની તરસ છીપાય.

લિ. અંબાલાલ પટેલના
હાર્દિક પ્રણામ

---

[પાન ૩ ઉપરનું ચાલુ]

પહેલાં તો કમળા મારી સામે તીક્ષ્ણ નજરે જોઇ રહી. પછી એના મુખ ઉપર ફેરફાર થયો. એને ઘણું માઠું લાગ્યું હોય એમ જણાયું. એ કશું જ બોલ્યા વિના ઘરમાં ચાલી ગઈ.

એના આવા ભાવથી હું ગમગીન થયો.

અને છતાં એ ગમગીની વચ્ચે મારા હૈયામાં કોઈ ગૂઢ પ્રસન્નતા કોળી રહી હતી. 'પોતાના માટે પ્રેમથી એકાદ-બે રૂપિયા હું ખર્ચી નાખીશ એવી શ્રદ્ધા ધરાવનારાં સુધાકાકી, વીસ માઇલની ખેપ કરીને પણ સંપેતરાનું કામ પૂરું પાડનાર હરસુખ ને પતિના ખરા પરસેવાની કમાણીમાંથી બે રૂપિયા પડી જતા જોઇને કકળી ઊઠતી કમળા...'

એ ત્રણેય મારા હૈયાને અડી ગયાં હતાં.

દાતાઓ

## શ્રી પટેલ મગનલાલ શંકરદાસ ગામી

[ આંગડીઆ પટેલ મગનલાલ શંકરદાસની કંપનીવાળા ]

હરિપુરા, રૂવાલાનો ટેકરો, * સુરત



શ્રી મગનલાલ શંકરદાસ ગામી કડી સર્વ વિદ્યાલયમાં મેટ્રીકનો અભ્યાસ પૂરો કરીને વેપાર અર્થે બરમા (રંગુન) ગયેલા. ત્યાં સારો વેપાર જમાવેલો. ત્યાં પણ તેઓએ પોતાના કુટુમ્બને આગળ લાવવાના હેતુથી પોતાના નાનાભાઈ પટેલ બબલદાસ શંકરદાસને રંગુન બોલાવીને પોતાની પેઢી **બી. એમ.** પટેલના નામની ટવાઈ (બરમા)માં ખોલી ધંધાની શરૂઆત કરી. બરમામાં પણ બન્ને ભાઈઓના સહકારથી સારો ધંધો જમાવેલો પણ નસીબની કઠણાઈથી બરમામાં લડાઈ ચાલુ થઇ તેથી બન્ને ભાઈઓને ભારત પાછા આવવું પડેલું. પણ પોતાનામાં ધંધો કરવાની ધગશ હોઈ પોતાના કુટુમ્બને આગળ લાવવાનું ધ્યેય ધ્યાનમાં રાખીને નવીન ધંધો શરૂ કરવાનો વિચાર કર્યો. સુરતમાં આંગડીઆના ધંધાનો અનુભવ લઇને બન્ને ભાઈઓએ કુટુમ્બના સહકારથી સં. ૨૦૧૬ માં આંગડીઆનો પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. હાલ આ પેઢી ગુજરાતભરમાં પોતાના નામની ચૌદ જેટલી શાખાઓ ધરાવે છે. આંગડીઆના ધંધાની મુખ્ય ઓફીસ સુરતમાં આવેલી છે ને તે પટેલ મગનલાલ શંકરદાસની કંપનીના નામે ચાલે છે.

ગુજરાતભરમાં વેપારી આલમમાં સારી નામના મેળવી તેઓ સંવત ૨૦૨૩ માં સુરત મુકામે સ્વર્ગસ્થ થયા. તેમના સ્વર્ગવાસ બાદ તેમના ભાઈ પટેલ બબલદાસ શંકરદાસ તથા તેમના પુત્ર પટેલ પ્રહલાદભાઇ મગનલાલ તથા તેમના બીજા કુટુમ્બીઓ ધંધો ચલાવે છે. તેમના સ્વર્ગવાસ પછી તેમના સ્મરણાર્થે તેમના ભાઇઓએ મળીને શ્રી કંથરાવી કેળવણી ઉત્તેજક મંડળને રૂપિયા પચીસ હજારનું દાન આપી કંથરાવી (તા. પાટણ)માં શ્રી એમ. એસ. પટેલ વિદ્યાલય શરૂ કરાવી છે અને તે સારી રીતે ચાલી રહી છે.

તેમની તરફથી રૂા. ૧૦૦૧) ની રકમ આ સંસ્થાની 'સુવર્ણ જયંતી' નિમિત્તે ભેટ મળી છે.

તેમની ઓફીસો – મુંબાઈ, નવસારી, વડોદરા, અમદાવાદ, પાદરા, ઉધના, વલસાડ, બીલીમોરા, બારડોલી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગરમાં છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી પ્રફુલચંદ્ર નારણભાઇ પટેલ
મુ : પો. જાસલપુર તા. કડી

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

ગીતા અને બીજા ધાર્મિક પુસ્તકોના શિક્ષણ પાછળ વાપરીએ તો ? ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ સારૂ પુસ્તકો આપવા પાછળ વાપરીએ તો ?

આપણા મંદિરોમાં મોટા ભાગનો ખર્ચ બાવા મનસ્વી રીતે કરે છે. આને લઇ બાવાઓ પણ આપણા સંસારી જેવા પૈસાના દાસ બન્યા છે. એને લઈ ઝગડા અને ખૂન પણ થાય છે. ધર્મની વાત વિસરાય છે અને ઇશ્વરના ધામ મંદિરમાં બીજુજ ચાલે છે. એ સંબંધનો વિચાર કરવાની જરૂર નથી? મંદિરમાં આવતો પૈસો ભલે ધાર્મિક શિક્ષણ પાછળ ખર્ચાય પણ વેડફાય તો નહિ જ. હિન્દુ સમાજ આ પ્રત્યે સજાગ બન્યો નથી.

જુના સમયમાં મંદિર એટલે ગામડાની નિશાળ પાઠશાળા. જ્યાં ગામના બાળકોને અક્ષર જ્ઞાન સાથે ધાર્મિક જ્ઞાન આપવામાં આવતું. મંદિર એ બહારના વટેમાર્ગુ માટે રાતવાસો રહેવાનું સ્થળ અને ગામના લોકો માટે સંસ્કાર ભવન –ટાઉન હોલ. એમાંનું આજે કાંઇ છે? શું છે ? મંદિરોનું સુસંચાલન કરવામાં આવે તો શિક્ષણ સારૂં ફંડ ફાળા કરવા ના પડે અને મંદિરો પ્રત્યે આદર વધે.

## બે મુક્તકો | શ્રી અનામી

### મનીષા

નિઃસંગ હું સંગતમાં બની રહું,
નિર્બંધ હું બંધનમાં વહી રહું.
નિગ્રંથ ગ્રંથી સહુ કાપતો વહું
હું સાક્ષ્યભાવે સુખદુઃખ સૌ સહું.

### ચિત્ત ચંગા

સર્વત્ર આનંદ ઉમંગ ગંગા,
મજ્જિત આ ચિત્ત સદાય ચંગા.
ઉતુંગ ગૌરી શિવશૃંગ ઉત્કમે,
સત્ ચિત્ આનંદ સ્વરૂપને નમે.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૩૦–૭–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૬-૮-૭૦ [ અંક ૪૫


## આનંદ મેળવવાની કૂંચી | વિનોબા

ગુરુદેવ ટાગોરે એક ગીતમાં કહ્યું છે કે માણસ દુઃખને ટાળવાની કોશિશ કરે છે, તો દુઃખના દહાડા લાંબા થાય છે; પણ જો દુઃખને હસતાં-હસતાં સહી લે છે, તો તે જલદીમાં જલદી ખતમ થાય છે. અને એવી રીતે ખતમ થાય છે કે તે ફરી પાછું આવતું જ નથી. આમ કહીને ગુરુદેવે બોધ આપ્યો છે કે એક વાર મરણ મરી જ લો, એવી રીતે મરી લો કે ફરી મરવું ન પડે. આ આત્મહત્યા નથી પણ મરણનું વરણ છે. આ જીવનમાં એવી રીતે જીવીએ જાણે આપણે મરી ચૂકયા છીએ. અર્થાત્ બધા પ્રકારની આસક્તિથી મુક્ત, જે કોઈ દુઃખ આવે તે પ્રસન્નતાથી સહન કરવાને તત્પર. આમ કરીશું તો અનંત જીવન મળશી.

માણસની આ જ તો ભૂલ થાય છે કે તે દુઃખ ટાળવાની કોશિશ કરે છે, તેને દૂર ધકેલવા માગે છે. પરંતુ સમજવું એ જોઈએ કે દુઃખ એ તો આપણી શુદ્ધિ માટે પરમેશ્વર તરફથી મળેલું દાન છે. તેનો સહર્ષ સ્વીકાર થાય છે, તો તે તાપરૂપી મટીને તપરૂપ બની જાય છે. સામાન્ય માણસ અને સંસાર-મુક્ત માણસ વચ્ચે ફરક જ આ છે ને! એક તાપમાં શેકાય છે, જ્યારે બીજો તાપનેય તપમાં પલટી નાખે છે. તાપને ટાળવાની કોશિશ કરતા રહેશો, પણ તે ટળશે નહીં. એ વધતો જ રહેશે અને તમારુ હૃદય તપ્ત થતું જશે. સંસારમુક્ત પુરુષ તાપને તપરૂપ માની લે છે.

... ... ... ...

ખાવાનું મળે તો પ્રાણીને આનંદ થાય છે, તેમ માણસ-નેય આનંદ થાય છે. પરંતુ તે પ્રાણીસહજ આનંદ છે. મનુષ્યનો તે વિશેષ આનંદ નથી. મનુષ્યને વિશેષ આનંદ તો ત્યારે થાય છે, જ્યારે તે બીજાઓ માટે કાંઈક કરી છૂટે છે. એ જ્યારે દુઃખનું વરણ કરે છે, ત્યારે તેનું દુઃખ ખતમ થઈ જાય છે.

માણસનો વિશેષ આનંદ શામાં છે તે સમજવા જેવું છે. ઘરમાં બધી સંપત્તિ પડી હોય, અનાજનીયે કોઈ કમી ન હોય, છતાં માણસ એકાદશી કરશે, ઉપવાસ કરશે. આવું કોઈ પ્રાણી નહીં કરે. ખાવાનું ન મળે તો વાઘ-સિંહને ભૂખ્યા રહેવું પડે. પણ સ્વેચ્છાએ તેઓ કદી ઉપવાસ નહીં કરે. આ રીતે માણસ જ્યારે દુઃખનું વરણ કરે છે, ત્યારે તે વિષથી વિષને મારે છે. અને માણસ જો દુઃખનું વરણ નથી કરતો, તો દુઃખ માણસનું વરણ કરે છે. આટલું સમજવું એ આનંદ મેળવવાની કૂંચી છે.

... ... ... ...

એક વખત એક બહુ પૈસાદાર માણસના ઘરમાં રહેવાનું થયું. તેઓ પોતાના ઘરમાં એક બહુ સુંદર ચિત્ર હતું તે મને દેખાડવા લાગ્યા. ત્યારે મેં કહ્યું કે આનાથીયે ઘણું સુંદર ચિત્ર જોવા મળી શકે. એમને આશ્ચર્ય થયું. મેં કહ્યું કે રોજ સાંજે શહેરની બહાર જે હરિજન વસ્તી છે, ત્યાં જતા જાઓ અને જે બાળકોને પૂરું ખાવા-પીવા ન મળતું હોય એમને રોજ એક પ્યાલો દૂધ પિવડાવો. બે-ત્રણ મહિનામાં એ બાળકોના ચહેરા પર જે પ્રસન્નતા દેખાશે, તે આ ચિત્ર કરતાં વધારે સુંદર હશે! એ બાળકોના ગાલ ઉપર જે રંગ આવ્યો હશે, તે આ ચિત્રના રંગથી કયાંય સુંદર હશે! અને એમને પરિપુષ્ટ જોઈને તમને ય આનંદ આવશે. આવું ચિત્ર તમે પોતે ય બનાવી શકો છો. તેમાં તમને થોડું કષ્ટ જરૂર પડશે. પણ એટલો જ આનંદ પણ આવશે

'ભૂમિપુત્ર' માંથી

# માધ્યમિક શિક્ષણ

શ્રી પ્ર. ચી. પરીખ, ડેપ્યુટી ડાયરેક્ટર, રાજ્યશિક્ષણ ભવન

માધ્યમિક શિક્ષણનો વિકાસ રાજ્યમાં સારા પ્રમાણમાં થયો છે. નાનાં નાનાં ગામોમાં પણ હવે માધ્યમિક શાળા સ્થપાઇ છે.

માધ્યમિક શિક્ષણનો સમય એટલે વ્યકિત ઘડતરનો સોનેરી સમય.

ચૌદ વર્ષથી સત્તર–અઢાર વર્ષની ઉંમરનો આ જીવનકાળ, કુમારાવસ્થા અને યૌવન વચ્ચેનો આ સંધિકાળ વિદ્યાર્થીના ભાવિ જીવનની અલોપ્ય છાપ ઝીલે છે.

માધ્યમિક શિક્ષણ જીવનલક્ષી હોવું જોઇએ.

હજારો વિદ્યાર્થીઓને ઘડતું માધ્યમિક શિક્ષણ સક્ષમ અને આશાપ્રેરક હોવું જોઇએ.

કારકુનિયા કેળવણી, પુસ્તકિયા જ્ઞાન, સાક્ષરી વિષયોના સાંકડા કૂવામાંથી માધ્યમિક શિક્ષણે બહાર આવવું જોઇશે.

માનવજીવનના વૈવિધ્ય જેટલી અનેકવિધ શકયતાઓનાં–તકોનાં ઝરણાં માધ્યમિક શિક્ષણક્ષેત્રે વહેવડાવવાં જોઇશે.

## કારકિર્દીની પસંદગી :

ધોરણ સાતમાંથી આઠમા ધોરણ પ્રતિ લઇ જતા ત્રિભેટે જીવનમાર્ગની પસંદગી કરવાની તક અને સૂઝ વિદ્યાર્થીઓને મળવાં જોઇએ.

વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓને વિકસાવવાનું સામર્થ્ય માધ્યમિક શિક્ષણના કાર્યક્રમોમાં હોવું જોઇએ.

આ માટે વ્યાવસાયિક માર્ગદર્શનની રાજ્યે ઊભી કરેલી સવલતનો લાભ દરેક શાળાએ વિદ્યાર્થીઓને મળે એવો પ્રબંધ કરવો જોઇએ.

વિદ્યાર્થીજીવનના મૂલ્યવાન વર્ષોનો સાચા વ્યક્તિઘડતરમાં ઉપયોગ થાય એ માટે આ વર્ષે વ્યાવસાયિક માર્ગદર્શનની વ્યવસ્થા આપણે વિકસાવીએ. રાજ્ય કક્ષાએ અને રાજ્યના અન્ય વિસ્તારોમાં વ્યાવસાયિક માર્ગદર્શન વિભાગની પ્રવૃત્તિઓ વિકસી છે. આ સંસ્થા સાથે દરેક માધ્યમિક શાળા સંપર્ક કેળવે. કારકિર્દીની પસંદગીની અનેકવિધ તકો વિષે આ સંસ્થાએ તૈયાર કરેલું સાહિત્ય શાળા મેળવે અને વિદ્યાર્થીઓને તેની સમજ આપે.

પ્રત્યેક માધ્યમિક શાળામાં એક કારકિર્દી માર્ગદર્શક હોવો જોઇએ. જિલ્લા કક્ષાએ કારકિર્દી માર્ગદર્શન માટેનો સહકારી પ્રયાસ ઊભા થવો જોઇએ.

વ્યાવસાયિક માર્ગદર્શક અધિકારી મારફતે રાજ્યમાં વિવિધ સ્થળે આ અંગે શિબિરો યોજવામાં આવે છે. આનો લાભ દરેક માધ્યમિક શાળા વિદ્યાર્થીઓના હિતમાં લે.

## વ્યવસાયીકરણ :

સાત વર્ષના સામાન્ય પ્રાથમિક શિક્ષણને અંતે શિક્ષણના વ્યવસાયીકરણની પ્રક્રિયા યોજવી જોઇએ. આ રાજ્યમાં હાલને તબક્કે ઘણી ઓછી સગવડો જોવા મળે છે.

વિવિધલક્ષી શાળાઓની યોજના આપણે ઉત્સાહભેર વધાવેલી; પણ એનાથી કોઈ નક્કર પરિણામો લાધ્યાં નથી.

માટે આ શિક્ષણના વ્યવસાયીકરણની હિમાયત કરવામાં આવે છે.

વ્યવસાયીકરણ જીવનલક્ષી અને વાસ્તવિક હોવું જોઇએ.

આ માટે માધ્યમિક શાળાઓ અને વ્યાવસાયિક વર્તુળો વચ્ચે ગાઢ સંબંધ સ્થાપવો પડશે. વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ વ્યાવસાયિક અનુભવ સાહજિક વ્યાવસાયિક વાતાવરણમાં જ મળે એવો પ્રબંધ શિક્ષણ અને વ્યાપાર – ઉદ્યોગના સહયોગ દ્વારા કરવો જોઇશે.

આ અનુભવોનું સાતત્ય જળવાય એ પ્રકારના કાર્યાનુભવના વિવિધ કાર્યક્રમો માધ્યમિક સંસ્થાઓએ અપનાવવા જોઇશે.

પોતાનાં ખેતર અને ઉદ્યોગ પરિશ્રાલય ( વર્ક શૉપ ) સિવાયની માધ્યમિક સંસ્થા, વ્યક્તિઘડતરના આ નવતર મૂલ્યના સંદર્ભમાં, પાંગળી લેખાશે.

માધ્યમિક શાળાઓની કાયાપલટનો એક ભરચક કાર્યક્રમ આ વર્ષે આચાર્યો અને શિક્ષકો વિવિધ કક્ષાના પરિસંવાદો અને કાર્યશિબિરો યોજી વિચારે.

સમાજનો સહકાર વ્યવસાયીકરણના નવા મૂલ્યને શિક્ષણ-ક્ષેત્રે સ્થાપવા માટે અનિવાર્ય છે.

માધ્યમિક શિક્ષણનો સ્તર ઉચ્ચગામી બને, મુદાલિયર પંચે નોંધ્યા પ્રમાણે માધ્યમિક શિક્ષણ ' શિક્ષણના માળખામાં નબળી કડી ' ન રહે એ માટે વિવિધ કક્ષાએ પ્રયાસો યોજાય છે.

માધ્યમિક અધ્યાપનમંદિરો સાથે સંલગ્ન સેવાવિસ્તરણ કેન્દ્રો વર્ષોથી નવા વિચારો, નવા પ્રયોગો, આંતરમાનવ સહયોગ અને વિચારવિનિમયના વિવિધ કાર્યક્રમો હાથ ધરતા આવ્યા છે.

જિલ્લે જિલ્લે માધ્યમિક આચાર્ય સંઘો શિક્ષક સંઘો અનુકૂળતા પ્રમાણે શિક્ષણના પ્રશ્નો અને પ્રયોગો ચર્ચવા પરિસંવાદો, કાર્યશિબિરો યોજે છે.

પરિસંવાદવાચનના કાર્યક્રમો પ્રતિવર્ષ હાથ ધરવામાં આવે છે.

વિભાગીય અને રાજ્યકક્ષાના વિજ્ઞાનમેળાઓ પ્રતિવર્ષ યોજાય છે.

જિલ્લા શિક્ષણાધિકારીઓના અનુભવના મધુકોષમાંથી સંસ્થાએ સંસ્થાએ આદાનપ્રદાનની પ્રક્રિયા જારી રાખે છે.

આ બધું થાય છે; છતાં શિક્ષણનો સ્તર ઉચ્ચગામી બનાવવાનો પ્રશ્ન ઊભો રહે છે.

[ અનુસંધાન પેજ ૮ ઉપર ]

# દર્શન

## શ્રી રણજિત પટેલ (અનામી)

ગુજરાત માટે સં. ૨૦૦૪ નું ચોમાસુ, નાના પાયા પરના છપ્પનિયા દુકાળ સમું હતું. છપ્પનિયાની વાત તો ન્યારી જ હતી. એ દુકાળે તો ભલભલાને સાફ કરી નાખ્યા. વરસું વરસું કરતાં વાદળ વરસ્યા વિના જ વહ્યાં જાય. એક ખેતરમાં જરાક વરસે – કંજુસની જેમ, તો બીજાને કોરું ધબ રાખે – ઠોઠ નિશાળિયાના ઉત્તરપત્રની માફક. દિવસે રાક્ષસકાય કાળાં બલાક વાદળ દેખાય ને રાત્રે આકાશમાં મોગરાના ફૂલ જેવા તારા ખીલે. છપ્પનિયાના આવા ચાળા હતા. દૂઝાળાં અને ઉપયોગી પશુ નીર ને નીરણ વિના મરવા લાગ્યાં. લોકોએ ઝાડપાન ખૂંટ્યાં. એટલે ખૂટતાં ઝાડની છાલ કૂટી ખવડાવી અને આખરે તો આંબા–મહૂડા ને રાયણબાવળ પણ વાઢી નાખ્યા. વાત એટલી હદે વંઠી કે અન્નના અભાવે અનેક માતાઓએ પોતાના 'દેવના દીધેલ' દશબાર રૂપિયામાં કે અધમણ ધાનના બદલામાં વેચ્યા. ક્ષુધાને શાંત કરવા પશુઓ ફાડી ખાધાં. ખાધેલું ઑકી કાઢી તેનો ફરી ઉપયોગ કરવા લાગ્યાં. એમાં યે કુદરતી કોપ અને જિજિવિષાનો આ ગજગ્રાહ ખેડૂતો માટે તો કાતીલ નીવડ્યો. સંવત ૨૦૦૪ નું ચોમાસું પણ ખાસ કરીને કચ્છ, કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાત માટે છપ્પનિયાની યાદ આપે એવું જ નીવડ્યું. મોટા માલધારીઓએ નીર ને નીરણ મળે ત્યાં હીજરત કરી, છતાંયે મોટાભાગનું પશુધન પરવારી ગયું. નાનામોટા ખેડૂતોની છાતી પણ બેસી ગઈ. ખેતીના આશ્રયે પોષાતો સમાજનો કેટલોક વર્ગ તો જ્યાં ચોમાસું લીલું હતું ત્યાં ચાલી નીકળ્યો. આવા કપરા સમયે વસવાયાં, કોળી, વાઘરી વગેરેની દશા અતિકરુણ ને કફોડી બની. દૂરદૂરનાં અંદરનાં ગામડાંનો માનવપ્રવાહ પણ શહેર બાજૂ ફંટાયો. એમાંનો કેટલોક વર્ગ મજૂરીએ વળગ્યો, કેટલાકે લારી – રેંકડી ખેંચી પેટિયૂં કૂટી કાઢ્યું, કેટલાકે કેવળ ભીખને જ ધંધો કરી મૂક્યો ને સમાજની દયા પર નભવામાં નાનમ અનુભવી નહીં, જ્યારે કેટલોક વર્ગ શહેર અને ગામડે તંબુરા પર ભજન ગાઈ પેટનો ખાડો પૂરવા લાગ્યો.

એક દિવસ જમી પરવારીને હું મારી મેડી પર સહેજ આડો પડયો હતો ત્યાં નીચે લત્તામાં એક ભજન સંભળાયું. એ ભજનના સૂર તંબુરાના તાર સાથે સમાધિ સાધતા હતા. ભજનિકનું કંઠમાધુર્ય તો કહ્યું જાય તેમ નહોતું. ભજનની સાદાઈ અને ગાનારની હલકે ગમે તેનું મન મોહે એવો એ યોગ હતો. હું પણ એના ઘેનમાં ઘેરાયો :–

આ...બેદલ માંણહ જૂઠું બોલે એની
અંતરની અબદે આયુ ખોલે
એની અંતરની અબદ આયુ ખોલે
એની મારી! બેદલનો સંગ કેમ કરીએ હોજી?

અને ભજનનો પ્રવાહ આગળ વધ્યો :–

આ......કાગ ને કુવેલ વાલા મારા બેઠાં
આંબાને ડાળ છે જી,
આંબાને ડાળ છે જી,
રંગમેં તો બરાબર છે આ
રંગમેં તો બરાબર છે જી
તેની બોલી બરાબર નથી
આ બેદલ માંણહ જૂઠું બોલે
એની મારી! બેદલનો સંગ કેમ કરીએ હોજી!

આ......હંસને બગલું વા'લા મારા
બેઠાં સરોવરને પાળ જી
રંગમેં તો બરાબર છે
તેની બુદ્ધિ બરાબર નથી
એની મારી! બેદલનો સંગ કેમ કરીએ હોજી!

આ......કાળા મુંઢાની ચણોઠડીને વાલા
તોલે તે હેમની હારે જી
આ તોલે તે હેમની હારેજી!
તોલમાં બરાબર છે
તેનું મૂલ બરાબર નથી
એની મારી! બેદલનો સંગ કેમ કરીએ હોજી!

આ......રાજાજી ને રાણી વા'લા મારા
બેઠાં છે રંગ મોલમાં રે
રંગમેં તો બરાબર છે
તેની બુદ્ધિ બરાબર નથી
એની મારી! બેદલનો સંગ કેમ કરીએ હોજી!

આ ભજનની લેહમાં હું તણાયો હતો પણ છેલ્લા રાજા – રાણીના દૃષ્ટાંતથી હું ચમકી ઊઠયો. સ્ત્રી – પુરુષની સમાનતાના આ જમાનામાં 'રંગમેં તો બરાબર છે પણ તેની બુદ્ધિ બરાબર નથી'– એવું કથન વિના વિરોધે સ્વીકારવા મારું મન તૈયાર નહોતું. એની સાથે હું કંઈ દલીલ કરું એ પહેલાં તો એણે :–

'એ સુરા પંખી! મારા પિયેરીઆ પરદેશ જો.'
'આ ખોયો રે હીરલો હાથથી,
આવો અવસર પાછો નહિ મળે રે જી.'
'સોનાની ઝારીવાળા રૂપા કેરી કોઠીઓને
ઝીલવા બેઠાં રે રાજા ગોપીચંદનજી.'
'હમને માયા લગાડી હાલ્યો જાય રે ગિરનારી.'

વગેરે ભજનો અને લોકગીતોની એણે તો રમઝટ જમાવી. મારું મન ઝાલ્યું રહ્યું નહીં એટલે મેડી પરથી નીચે ઊતરી મેં એ ભજનિકને ઘરે બોલાવ્યો. સહેજ સંકોચ સાથે નજીક આવી એણે તંબૂરો નીચે મૂક્યો અને લળીલળીને સલામ ભરી અને પેટની ઊણી કોઠી બતાવી. શરીર એનું કદરૂપું હતું. મુખ પર શીળીના મોટા ડાઘા હતા. એક આંખમાં બળિયાને કારણે ફૂલુ પડ્યું હતું. એનો લઘરવઘર વેશ જોતાં એમ જ લાગે કે સદેહે દુઃખે અવતાર ધર્યો છે. વધ્યુંઘટ્યું કૈંક ખાવા આપી સવા રૂપિયાની દક્ષિણા સાથે એને વદાય કર્યો. એને વદાય કરતાં કરતાં, ભજન અને લોકગીતોના લાલચુડા મનથી કહ્યા વિના રહેવાયું નહીં. 'બે ચાર દિવસે આવજે પાછો. આવાં ગીત–ભજન સંભળાવી જજે. એ બધાં લખાવીશ તો દશ રૂપિયા આપીશ.' કોઈપણ પ્રકારનાં ભાવ કે જવાબ વિના એ ત્યાંથી ચાલી નીકળ્યો.

આ પછી એક અઠવાડિયું ગયું, પખવાડિયું ગયું પણ એ ભજનિક ફરી કદી ડોકાયો જ નહીં. બીજા અનેક માગણ આવી ભજનો ગાતા પણ પેલા ભજનિકની વાત જ ન્યારી હતી. હવે મારે એને ક્યાં શોધવો?

એ પછી તો આ વાતને બે ત્રણ માસ વહી ગયા, છતાંયે અંતરમાં પેલાં ભજનોના ભણકારા વાગ્યા જ કરે. એ ભજનોના ભણકારા સાથે એ ભજનિકની મૂર્તિ પણ મનમાં તર્યા જ કરે. એમને એમ બીજા બે ત્રણ મહિના ચાલ્યા ગયા. એકવાર એલિસબ્રિજ પરથી પસાર થતાં પેલા ભજનિક જેવો જ એક રેંકડીવાળો જોયો. એ કોણ હશે? પીઠ પાછળથી તો એ પેલો ભજનિક જ લાગતો હતો. એને આગળથી બરાબર જોવા દોડું એ પહેલાં તો એ ત્વરિત વેગે વિવિધ વાહનો વચ્ચેથી ક્યાંય દૂર નીકળી ગયો. માનવીના આવડા મોટા મેળામાં મુખનાં આવાં સામ્ય તો અનેક મળી આવે એમ માની મને સંતોષ માન્યો.

[ ચાલુ ]

---

[ પાન પાંચ ઉપરનું ચાલુ ]

દૂધપાક તો તૈયાર જ હતો. થોડીવારે સમૂહ ભોજન માટે સહુ બાલારામના વૃક્ષોની ઘટાદાર છાયામાં ગોઠવાયા. ભોજન પીરસાયું. પ્રશંસા સાથે સહુએ એને માણ્યું.

થોડી જ વારમાં અમે સહુએ સમગ્ર સામગ્રી સમેટી લીધીને... ...અમારી બસ ઉપડી દાંતીવાડા ડેમ તરફ. પોણા કલાકની ઝડપી મુસાફરી બાદ અમે દાંતીવાડા ડેમ પર પહોંચ્યા. ડેમની એક તરફ જાણે કે એક વિશાળ સરોવર દૂર દૂર સુધી વિસ્તૃત થયેલું હતું. બીજી બાજુ હરિયાળાં મેદાન ને સૂકી નદી–બનાસ. વિદ્યાર્થી–ભાઈઓએ નદીના પુલ પર મસ્તીથી સ્વૈરવિહાર કર્યો. ભારતની ભવ્ય સંસ્કૃતિની ઝાંખી કરાવતો અશોક સ્તંભ પણ ત્યાં શોભતો હતો. એની નજીકમાં જ નીચેના ભાગમાં પથ્થરમાંથી કંડારેલી એક વિરાટ માછલી કે જે ભારતના વિકસતા મત્સ્ય ઉદ્યોગની યાદ આપતી હતી તે ડેમની શોભામાં અપૂર્વ વૃદ્ધિ કરતી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ એના મુખમાં પ્રવેશ કર્યો તો કેટલાકે નાના ઓવરબ્રીજ પર લટાર મારીને જ સંતોષ માન્યો. પરંતુ સહુ કોઈનું ધ્યાન ખેંચે એવો હરિયાળા મેદાનમાં એક ખુલ્લો તંબુ બનાવેલો હતો. તેના બે ટકા બે ધ્યાનસ્થ જટાધારી ઋષિમુનિઓના મસ્તક પર ઠરાવેલા હતા. એ જીવંત દેખાતાં પૂતળાં અમને આકર્ષતાં હતાં. પરંતુ સમયના અભાવે અમે તેની સમીપ જવું બંધ રાખ્યું. આ સમયે વિદ્યાર્થીઓની તરસ તીવ્ર બની હતી– જો કે બાજુમાં જ પાણીનો વિપુલ જથ્થો હિલોળા લેતો હતો. પરંતુ શા કામનો? મને ગુલશન નંદાની 'તરસી સરોવર કાંઠે' નામની નવલકથા યાદ આવી. સાથે સાથે કડીના લેખકમિત્રોની સહિયારી નવલકથા 'ભર્યાં રે સરોવર'... ( કંઠ કોરા રે ધાકોર ) પણ યાદ આવી. વિદ્યાર્થી ભાઈઓની તરસ છીપાવવા પ્રિ સાહેબની આગેવાની હેઠળ ડેમથી થોડેક દૂર બસમાં બેસી સરહદી ચોકિયાતોના થર્ડ બટાલિયનના કેમ્પમાં ગયા. ત્યાં અમે સૈનિકોમાં રહેલ 'શિસ્ત ને પ્રેમ'નાં દર્શન કર્યાં. વજ્ર જેવા કઠોર ને ફૂલથી પણ કોમળ લાગણી ધરાવનાર એ B. S. F. ના સૈનિકોની સમીપમાં જઈ એ અનુભવ્યું.

હૈયામાં શિસ્તના સંસ્કારોને સિંચીને ફરીથી અમે એ–વન હોટલ આગળ આવી પહોંચ્યા. ચા–પાણી વગેરે પતાવ્યું. પૂર્વાકાશમાં અંધકારના ઓળાઓને પ્રસરાવતો સૂર્ય ધીમે ધીમે પશ્ચિમમાં ડૂબી રહ્યો હતો ને અમારી બસ સિદ્ધપુર, ઊંઝા, ઉનાવા વ. ને વટાવતી જ્યારે સૂકી રૂપેણના પુલ પરથી પસાર થઈ ત્યારે તો અંધકાર અમને વધુને વધુ ઘેરી રહ્યો હતો. ઉનાવા આગળ પસાર થતાં અમે ગાંડા માણુસોને વીંટળાઈ વળેલા લોકોનાં ટોળાંને જોયાં ને સાથે સાથે તેમનામાં ટકી રહેલી અંધશ્રદ્ધાને પણ દુષ્ટ તત્ત્વો મન પર કાબૂ મેળવે છે માટે માણસ ગાંડો થઈ જાય છે.

બસ ધીમી થઈ ને મહેસાણાની દૂધસાગર ડેરીની ઊડતી નજરે બહાર રોડ પરથી જ મુલાકાત લીધી. શીઘ્ર વક્તૃત્વના પ્રોગ્રામને પડતો મૂક્યો...... ને...... થોડીવાર પછી...નિબિડ અંધકારમાં કડી–સોનાની દડી–ની ચાડી ખાતો ને તેની શોભામાં શક્ય એટલા રૂપેરી પ્રકાશથી અભિવૃદ્ધિ કરતો એકનો એક, જાણે કે દેવનો દીધેલો મરક્યુરી લેમ્પ જોયો કે જેની પ્રતિભા ધોમ ધખતા ભર ઉનાળે એકલા અટૂલા ઘેઘૂર વડલાની છાંય જેવી હતી... 'બસ સ્ટેન્ડ' પર આવ્યા ત્યારે સૂના લાગતા રસ્તા પર ચિર પરિચિત ચહેરાઓ હવામાં ઊડતા કાગળના ટુકડાની જેમ રખડતા હતા... અહીં...તહીં... ■

# નયનાભિરામ બાલારામના પ્રવાસે

શ્રી ચંદુભાઈ એ. પટેલ : અધ્યાપક, સાયન્સ કૉલેજ–કડી

ગત સાલ પણ કૉલેજમાંથી એક પર્યટન યોજ્યું પરંતુ માનવસર્જિત એક ગાંડપણ – રમખાણોને કારણે પડતું મૂકાયું.

નાની કૉલેજમાં પર્યટન યોજવું એ થોડુંક મુશ્કેલ બને છે–સંખ્યાની દૃષ્ટિએ. પરંતુ ચાલુ સાલે એક અદમ્ય ઉત્સાહ ને સર્વેના સહકારથી એ વસ્તુ સરળ બની શકી છે.

મેં તક મળતાં વિદ્યાર્થીમિત્રોને એક ટૂંકું સંબોધન કર્યું : તમે પેલી સિનેમાગૃહની નટીને નિહાળવા તો જાઓ છો ને ? તો પછી એના કરતાં ચાલોને અમારી સાથે પ્રકૃતિ - નટીનાં નર્તન જોવા – બાલારામ – નયનાભિરામ બાલારામમાં.”

વિદ્યાર્થીમિત્રોએ એને સહર્ષ સ્વીકાર્યું. નામાવલિ તૈયાર થવા લાગી. બે દિવસમાં તો પર્યટનમાં જોડાનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ થઈ ગઈ ને કેટલાક વિદ્યાર્થીઓને નારાજ પણ કરવા પડ્યા.

રવિવારની સુંદર ને તાઝગીભરી સવારે પરિવારના ત્રેપન સભ્યોને લઈને એસ ટી. બસ બાલારામ જવા ઉપડી. ડામરના રસ્તા પર બસની ગતિ ધીમે ધીમે વધવા લાગી. પ્રભાતનો ઠંડો પવન અમારા સહુના ગાલ સાથે ગેલ કરવા લાગ્યો. સૌના અંતરમાં આનંદ હતો. મુખ પર ઉલ્લાસ ને ઉત્સાહ. બસની ઝડપી ગતિએ જાણે કે હૈયામાં રહેલા ઉમંગને વાચા આપવા માટે શ્રી યોગી સાહેબને પ્રેર્યા ને તેમણે ઉપાડ્યું એક લગ્નગીત. મંગલ વાતાવરણ સર્જાયું. પ્રસંગને અનુરૂપ ઘડી બે ઘડી ધીર ગંભીર ને વળી તુર્ત જ રમૂજી પ્રકૃતિ ધારણ કરતા એમને અમારા સહુના ધન્યવાદ.

બસની બારીમાંથી બહાર નજર કરતાં અમે જોયું તો... અવનિએ અવનવા સ્વાંગ સજ્યા હતા. એના પર પ્રકૃતિએ હરિયાળી ચાદર પાથરી હતી. ખેતરો હરિયાળા પાકથી લહેરાતાં હતાં. કેટલાંક ખેતરોમાં બે બળદની હાંકતી જોડી પાછળ ખેડૂતો પણ ઊભા ઊભા વિશ્રામ કરતા જણાતા હતા. કેટલીક વાર ખેતરને ખૂણે ઊભા રહીને પાકનું નિરીક્ષણ કરતા ખેડૂતો તો કેટલીક વાર ખેતરને ખોળે બેસીને પાકની માવજત કરતા ખેડૂતો નજરે ચડતા હતા.

એટલામાં તો કાણોદરની એ–વન હૉટલ આગળ અમારી બસ અટકી. ચા–પાણીના સેવનથી થોડી તાઝગી મેળવી ને ફરીથી અમારી બસ પાણીના રેલાની માફક સડસડાટ આગળ વધી...... સવારનો ઠંડો પ્રકાશ વાતાવરણને કંઈક મધુર બનાવતો હતો. સ્હેજ ઊંચા નીચા માર્ગને લીધે અમે જાણે શૈશવઝૂલે ઝૂલતાં બાળકો ન હોઈએ એમ લાગતું હતું. દૂર સુદૂર ધુમ્મસ છાયા વાતાવરણમાં ઝાંખી ગિરિમાળા દેખાવા લાગી. બધા જ વિદ્યાર્થીમિત્રો સજાગ થઈને એને નિહાળવા લાગ્યા. બાલારામ નજીક આવતું જણાયું...... હવે તો ક્યાંક દૂર દૂર પગદંડી પર ઘાસનો ભારો માથે મૂકીને ઘર તરફ પાછી વળતી વહુવારુઓ પણ નજરે ચડતી હતી. ઘડિયાળના કાંટા ૯–૩૫ નો સમય દર્શાવતા આગળ વધી રહ્યા હતા.

ચિત્રાસણી સ્ટેશન નજીકના રેલ્વે ક્રોસીંગને વટાવી અમારી બસ જોત જોતામાં તો બાલારામ એસ. ટી. સ્ટેન્ડ આગળ થોભી. અમે સહુએ અમારી સાધન સામગ્રી ખભે કરીને વગે કરી. રસોઈ માટેનું સ્થળ પસંદ કરી રસોઈ તૈયાર કરવા જતાં જોયું કે દૂધ તો ખાટું થઈ ગયું હતું. નક્કી કર્યું કે તેમાંથી દૂધનો હલવો બનાવવો. બાકીના સારા દૂધમાંથી દૂધપાક. દરમ્યાનમાં વિદ્યાર્થીઓ અહીં તહીં વિશ્રામ કરવા લાગ્યા. થોડીવારે અમે સહુ નદીકિનારે ફુલવડીનો નાસ્તો કરવા પહોંચી ગયા. બાદ અમે ઊભી ખો, કબડ્ડી, છટકબારી વગેરે રમતો રમ્યા. શરીરે સ્થૂળ સાહેબ જ્યારે દોડતા કે પછી જ્યારે તેઓ કબડ્ડી કબડ્ડી કરતા પોતાનો દાવ લેતા ને તેમને કોઈ પકડતું નહિ ને તેઓ શીઘ્ર ગતિએ પોતાની હદમાં પાછા ફરતા ને પોતાની જ હદમાં એકલા એકલા ત્રણ ગુલાંટો ખાઈ જતા ત્યારે સહુ કોઈના ચહેરા પર હાસ્યનું મોજું ફરી વળતું. કબડ્ડીમાં શિક્ષકમિત્રો વિજયી બન્યા. ત્યારબાદ તરત જ અમે સહુ સમૂહસ્નાન માટે નદીના જ વિપુલ પાણીવાળા જળાશય આગળ ગયા. જેઓને તરતાં આવડતું હતું તેઓ ગર્વથી ઊંડા પાણીમાં પડીને તરવાની મઝા માણવા લાગ્યા ને પ્રિન્સિપાલ શ્રી એન. જે. પટેલ સાહેબના સાન્નિધ્યમાં તરવા લાગ્યા. જેઓને તરતાં નહોતું આવડતું તેઓ વાઈસ પ્રિન્સિપાલ શ્રી વી. એ પટેલ સાહેબના સાન્નિધ્યમાં છીછરા પાણીમાં છબછબિયાં કરવા લાગ્યા ને કૅમેરામેને કેટલાંક દૃશ્યો ઝડપી લીધાં.

સમૂહ સ્નાન પછી પ્રિ. સાહેબે મહાદેવને બિલિપત્ર ચડાવ્યાં ને નાળિયેર ધરાવ્યું. સહુ કોઈને પ્રસાદી આપી. સર્વ વિદ્યાર્થીઓને ફરવા જવા માટે છૂટી આપવામાં આવી. કેટલાક વિદ્યાર્થીમિત્રો પાલનપુરના એકવીસમા નવાબે બંધાવેલ મહેલ – ‘બાલારામ હાઉસ’ – જોવા ઉપડી ગયા. એ એકાન્ત મહેલનાં દર્શન કરતાં જ રાજાઓની રાજાશાહી, એમનો વૈભવવિલાસ ને અમનચમન યાદ આવ્યાં ને અંતરમાં લોકશાહી પ્રણાલિકા તરફ મમતા જાગીને મનોમન તેની પ્રશંસા કરી. વર્ષોથી શાન્ત બનેલ સુંદર ફુવારા પાસે ઊભા રહી અભિનય કરતાં કરતાં કેટલાક વિદ્યાર્થી–ભાઈઓએ ફોટા પડાવ્યા. તો કેટલાકે ભવ્ય મહેલની આજુબાજુ આંટા લગાવ્યા ને બાકીનાઓએ એક શિલાલેખ વાંચી તેનું ઇતિહાસ દર્શન કર્યું.

ત્યારબાદ સહુ ભાઈઓ ભોજન સ્થળે આવી પહોંચ્યા. અધ્યાપકભાઈઓએ દૂધનો હલવો બનાવવામાં ત્વરા બતાવી ને

[ અનુસંધાન પાન ૪ ઉપર ]

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી

## પ્રખર રસાયણશાસ્ત્રી

૧૮૯૭ ની સાલ. ઓકટોબરની સત્તરમી તારીખ. રાત્રિના પાછલા પ્રહરે ઘટના બની. આ ઘટનાથી દેશનું રાજકીય વાતાવરણ ખળભળી ઊઠયું. કોઈએ મુંબઈના એસ્પ્લેનેડ મેદાન-માં આવેલા રાણી વિકટોરિયાના બાવલાનું મોઢું ડામરથી કાળું કરી નાખ્યું. રાણીના બાવલાનું અપમાન એટલે રાણીનું અપમાન. રાણીનું અપમાન એટલે સલ્તનતનું અપમાન. સરકારી અધિકારીઓની દોડધામ મચી ગઈ. આ કાળો ડાઘ કાઢવો શી રીતે? જુદાં જુદાં દ્રાવણોના પ્રયોગો થયા પણ સફળતા ન મળી. કોઈએ કહ્યું, 'કાળો ભાગ કાનસથી ઘસી નાખો,' તો વળી બીજાએ કહ્યું, 'અરે! આખા બાવલાને રંગી નાંખો' તો વળી ત્રીજાએ કહ્યું, 'રાણીના બાવલાનું માથું ઉતારી તેની જગ્યાએ નવું માથું મૂકો.' કાનસથી આરસપાણને ઘસી શકાય તેવી સ્થિતિ નહોતી. બાવલાને રંગવાથી તેની ભવ્યતા ઓસરી જાય. એક ફ્રેન્ચ નિષ્ણાત આવ્યો. તે પણ નિષ્ફળ ગયો. અંતે રાણીના બાવલાનું માથું બદલવાનું નક્કી થયું. તે માટેનો ઓર્ડર પણ અપાઈ ગયો. આ વાતની જાણ એક હિંદી રસાયણશાસ્ત્રીને થઈ. તેણે સરકારી અધિકારીને પત્ર લખી પોતાની સેવાની ઓફર કરી. જવાબ ઉત્સાહજનક ન હતો. છતાં પ્રોફેસરનો આગ્રહ જોઈ, બાવલાના ગરદનના થોડા ભાગ ઉપર પ્રયોગ કરવાની પરવાનગી મળી. સરકારી અધિકારી અને કેટલાક મિત્રોની હાજરીમાં આ પ્રોફેસરે ગરદનનો ડાઘ દૂર કરી બતાવ્યો. સરકારી અધિકારીને શ્રદ્ધા બેઠી અને બાવલાના મોંઢાની કાળાશ દૂર કરવાનું કાર્ય પ્રોફેસરને સોંપાયું. ત્રણ મહિનાની સખત મહેનત અને ખૂબ ખર્ચને અંતે પ્રોફેસર સફળ થયા. જયાં પરદેશી નિષ્ણાતો નિષ્ફળ ગયા ત્યાં એક દેશી પ્રોફેસર વિજયી થયો. વર્તમાન-પત્રોએ પ્રોફેસરનાં મુક્તકંઠે વખાણ કર્યાં. લોકો આ પ્રોફેસરની બુદ્ધિમતા પર વારી ગયા. આ પ્રોફેસર તે બીજું કોઈ નહીં પણ શ્રી ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર.

## લાકડાનો વ્હેર

લાકડાનો વ્હેર અને લાકડાના કચરાનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો કૃષિમાં સારો ફાયદો થાય તેમ છે. લાકડાના વ્હેરમાં ૦.૨૫ % નાઈટ્રોજન

૦.૨૦ % $P_2O_5$

૦.૪૫ % $K_2O$

હોય છે. લાકડાની રાખ વનસ્પતિ પોષક તત્વોથી ભરપુર હોય છે. વ્હેરમાં અર્ધકાષ્ટક, કાષ્ટક, અને લિગ્નીન જેવાં કાર્બનિક પદાર્થો છે. ટેનીન, રાળ ટર્પેન્ટાઈન જેવાં નુકશાનકારક તત્વોનું પ્રમાણ નહિવત્ હોય છે.

વ્હેર અને લાકડાના કચરાના બીજા કેટલાક ઉપયોગો નીચે પ્રમાણે થઈ શકે.

૧ વ્હેરનો સૌથી સારામાં સારો ઉપયોગ પશુઓ નીચે કોરું કરવામાં થઈ શકે. તેમાં પશુના મૂત્રને શોષી લેવાનો ગુણ છે,

૨ અમેરિકામાં મરઘાં–બતકાં ઉછેરની જગ્યાએ 'લીટર' તરીકે તેનો બહોળો ઉપયોગ થાય છે.

૩ ઓછા તત્વવાળાં ખાતરો, શિંગોનો કચરો, લીલી વનસ્પતિઓના ભાગો સાથે તેને મિશ્રણ કરી તેમાં થોડો રાસાયણિક નાઈટ્રોજન, લાઈમસ્ટોન અને ફોસ્ફેટ ઉમેરવાથી નાઈટ્રોજનના તત્વો વધારી શકાય છે.

૪ વ્હેરને માનવમૂત્રમાં નાખી, તેને સૂકવી રાસાયણિક ખાતર બનાવી શકાય.

૫ અંધકારવાળી ભીની જગ્યાઓએ વ્હેર નાખવાથી માખીઓ ઈંડાં મૂકી શકતી નથી તેથી માખીઓનો ઉપદ્રવ ઘટે છે.

૬ એમોનિયમ સલ્ફેટ, યુરિયા વગેરેમાં યોગ્ય પ્રમાણમાં વ્હેર ભેળવી કાર્બનિક ખાતરો બનાવી શકાય.

૭ એમોનિયમ સલ્ફેટ ખાતરમાં ૫% વ્હેર નાખવાથી તેના ગઠ્ઠા થઈ જતા નથી પણ તે દાણાદાર રહે છે.

૮ ફળ, શાકભાજી અને ફૂલછોડની કયારીઓમાં વ્હેર નાખવાથી તેનું ઉત્પાદન વધે છે. ભેજ જળવાઈ રહે છે. અને ઉષ્ણતામાનના ફેરફારોની અસર ઓછા પ્રમાણમાં થાય છે.

## ઘાસખાતી માછલી

આ માછલીનું નામ છે 'ચાઈનીઝ ગ્રાસ હાર્પ.' મૂળ વતની મધ્ય અને ઉત્તર ચીનની. થોડા સમય પહેલાં ભારતમાં તેનો ઉછેર શરૂ થયો છે. ૧૯૫૯ માં હોંગકોંગથી આ માછલી-ની આયાત કરેલી. સૌથી પ્રથમ કટકના 'કિલ્લા ફીશ ફાર્મ' ઉપર અભ્યાસ કરવામાં આવ્યો. ૧૯૬૮ માં ત્યાંથી ૧૨૦ બચ્ચાં પ્રાંતિજના 'ફીશફાર્મ' માં લાવવામાં આવ્યાં. વાતાવરણ અનુકૂળ આવતાં તેની વૃદ્ધિ ઝડપી બની. અંતસ્ત્રાવોનાં ઈન્જેકશન આપી આ માછલીઓને પ્રજનન કરવાનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને તેમાં સફળતા મળી છે.

આ માછલી વનસ્પતિ–આહારી છે. વળી તે બહુખાઉધરી છે. એક દિવસમાં પોતાના વજન કરતાં વીસગણું ઘાસ ખાઈ જાય છે. આ માછલીનો ઉછેર કરવામાં આવે તો જળાશયોમાં ઉગતી બિનજરૂરી વનસ્પતિનો ફેલાવો અટકાવી જળાશયો સ્વચ્છ રાખી શકાય.

# વિદ્યાર્થી પરીક્ષામાં કેવી રીતે ઊંચો આંક લાવી શકે ?

પરીક્ષાઓમાં સારા ગુણ પ્રાપ્ત કરીને કેટલાક વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવતા હોય છે. અને પોતાની પસંદગીના ઉચ્ચક્ષેત્ર જેવા કે મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી, ડેરી વિજ્ઞાન વગેરેમાં પ્રવેશ મેળવતા હોય છે.

ઉચ્ચ ધ્યેય સિધ્ધ કરવા માટે વિદ્યાર્થીઓ જો વાંચન માટેની યોજના કરીને તે પ્રમાણે અભ્યાસ કરે તો તે વધું માર્કસ મેળવવામાં સફળતા મેળવે છે. ઉચ્ચ આદર્શો ધરાવતા વિદ્યાર્થીઓએ પરીક્ષાની તૈયારી માટે નીચેની સૂચનાઓને અમલમાં મૂકી અભ્યાસ કરવો જોઇએ.

(૧) વર્ષની શરૂઆતમાં જ વાંચવા માટેનું અઠવાડિક ટાઇમ-ટેબલ નક્કી કરવું જોઇએ. અને તે પ્રમાણે અનુસરવું જોઇએ. વિદ્યાર્થીએ ચાલુ શાળા કે કોલેજ દરમિયાન ઓછામાં ઓછા ૫ થી ૭ કલાક વાંચન માટે ફાળવવા જોઇએ. અને શાળા કે કોલેજમાં રજા હોય તે દિવસે ૧૦ થી ૧૨ કલાક ફાળવવા જોઇએ.

નિશ્ચિત કાર્યક્રમને કારણે અનેક પ્રકારની દ્વિધાઓમાંથી ટળી જવાશે. "આ વાંચવું કે તે વાંચવું" નક્કી કરવામાં વેડફાતો સમય બચી જશે. અને અભ્યાસ વ્યવસ્થિત રીતે શરૂ થશે.

જેવી રીતે વેપારી પોતાની આવકની મર્યાદામાં રહીને યોગ્ય રીતે જુદા જુદા ખર્ચ માટે રકમ નક્કી કરે છે તેમ અભ્યાસ માટે વધુમાં વધુ સમય નક્કી કરીને જુદા જુદા વિષયો માટે સમયની વહેંચણી કરીને ટાઇમટેબલ બનાવવું જોઇએ.

વાંચનના કલાકો પૂરા થયા પછી બાકીના સમયમાં રમત ગમત, મિત્રો સાથે હરવા ફરવાનું વગેરે ઇતરપ્રવૃત્તિ કરી શકાય. આમ કરવાથી મન સ્વચ્છ રહે છે. રમતી વખતે મનમૂકીને આનંદ લૂંટી શકાય છે. અને કર્તવ્ય પૂરું કર્યાનો સંતોષ મન ઉપર અંકિત થાય છે. જો ક્યારેક કોઈ સંજોગ-વસાત એકાદ કલાક ન વાંચી શકાયું હોય તો તેનું વળતર રવિવારના દિવસે વાળવું જોઇએ. આ રીતે અઠવાડિયે કુલ જેટલા કલાકનું વાંચન નક્કી કર્યું હોય તે પૂર્ણ થાય તેની કાળજી રાખવી જોઇએ.

(૨) વિદ્યાર્થીએ વર્ગમાં નિયમિત હાજરી આપવી જોઇએ.

(૩) વર્ગમાં ચાલુ અભ્યાસ દરમ્યાન એકાગ્રતા કેળવવી જોઇએ. ઘણી વખતે જેને રેઢિયાળ પણ કહેવામાં આવે છે તે રીતે મનને મુકત ન રાખવું જોઇએ. એકાગ્રતાથી સાંભળેલું પ્રવચન લાંબા સમય સુધી યાદ રહે છે. અને તે પ્રવચન ઝડપથી સમજાય છે.

(૪) વર્ગમાં શીખવવામાં આવનાર વિષય આગલા દિવસે વાંચી જવો જોઇએ જેથી તે વર્ગમાં સરળતાથી સમજી શકાય, મન બીજા વિચારોમાં અટવાતું અટકી જાય છે અને અભ્યાસમાં મન પરોવાય છે.

(૫) જે વર્ગમાં શિખવવામાં આવ્યું હોય તે ઘેર ગયા પછી જોઈ જવું જોઇએ. તેમ કરવાથી વિષયના મુદ્દાઓ લાંબા સમય સુધી યાદ રહે તે રીતે સ્મરણ પટ ઉપર અંકાઈ જાય છે.

(૬) એક ધારી રીતે એક વિષય લાંબા સમય સુધી વાંચવાને બદલે દિવસ દરમ્યાન અમુક અમુક સમયે વાંચનનો વિષય બદલવાથી તે વિષય વધુ ઝડપથી સમજાય છે. આ રીતે ગ્રહણશકિત વધારી શકાય છે. દાખલા તરીકે ૨૦ લીટીની કવિતા એકી સાથે મોઢે કરતાં પાંચ કલાક લાગે, તો ત્રણ દિવસ દરમિયાન દરરોજ એક એક કલાક વાંચવાથી તે ત્રણ કલાકમાં મોઢે થઇ શકે.

(૭) રાત્રે મોડા સુધી વાંચન કરવું કે સવારે વહેલા ઉઠીને વાંચવું તે બાબતમાં અનુભવે એમ જણાયું છે કે જેને જે સમય અનુકૂળ આવે તે નક્કી કરવો જોઇએ. છતાં પ્રબળ મત એવો છે કે વહેલી સવારે ઉઠીને વાંચવું વધુ ફાયદાકારક નીવડે છે. કારણ કે તે વખતે મન પ્રફુલ્લીત હોય છે. આસપાસનું વાતાવરણ શીતળ અને શાંત હોય છે અને આગળના દિવસનો શારીરિક તેમ જ માનસિક થાક દૂર થઇ ગયો હોય છે. તેથી મનની એકાગ્રતા વધારી શકાય છે અને એ રીતે ગ્રહણશકિત અને યાદ શકિત વહેલી સવારે વધુ તીવ્ર હોય છે

છેલ્લે કહી શકાય કે હોંશિયાર વિદ્યાર્થીએ આ બધુ અમલમાં મૂકતાં પહેલાં એક નજીકનું અથવા દૂરનું ધ્યેય નક્કી કરીને તેને પ્રાપ્ત કરવા કમર કસવી જોઇએ. અંગ્રેજીમાં પણ આ અંગે કહેવત છે "Not failure but low aim is the crime" "તમે નાશીપાસ થાઓ એમાં દોષ નથી પણ ધ્યેય નીચું નક્કી કરો એમાં દોષ છે" દા. ત. પરીક્ષામાં પહેલો નંબર મેળવવો છે અથવા મહેનત કરીને આગળ વધવું છે અને ડૉકટર, ન્યાયાધીશ, એન્જીનીયર, કવિ, કે લેખક, બનવું છે, જો આ પ્રમાણે વર્તણૂક હશે તો જ લાંબા ગાળા સુધી અડગ રીતે જે તે વર્ષે નિષ્ઠાપૂર્વક વાંચન કરી શકાશે. આ પ્રમાણે વર્તતા વિદ્યાર્થીનું વિદ્યાર્થી જીવન પૂરું થાય તે પહેલાં તેના જીવનમાં મહેનત અને નિયમિતતાની ટેવ પડી જશે. જે તેના જીવનને ઘણું ઊંચે લઇ જઇને જીવન ઉજ્જવળ બનાવશે.

[ પ્રિન્સીપાલ શ્રી વણીકરે સાયન્સ કૉલેજ તથા સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલ પ્રવચનના આધારે. પ્રિ. એન. જે. પટેલ ]

દાતાઓ

## શ્રી રામભાઇ મફતલાલ પટેલ

મૂળવતન : કડી



હાલ : બંધુસમાજ કો. ઓ. હા. સોસાયટી બંગલા નં. ૧૮, ઉસમાનપુરા, અમદાવાદ ૧૩

શ્રી રામભાઈ પટેલ ધીરગંભીર સ્વભાવના છતાં હસમુખા સજ્જન છે. હસીને આવકાર આપવાની તેમની અનોખી રીત છે. ધંધામાં સફળતા મેળવવામાં સારા સેલ્સમેનના ગુણ જોઈએ તે તેમના આ વિશિષ્ટ વ્યક્તિત્વથી ખીલ્યા છે. ગણત્રી પૂર્વકની ઊંચી અભિલાષાઓ અને સાદું અને મહેનતુ જીવન એ તેમના જીવનની સફળતાની ચાવી છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતન કડીમાં જ મેળવીને કડીમાં આવેલી ન્યુ છોટાલાલ મીલ્સમાં એન્જીનિયરીંગ ખાતામાં નોકરી મેળવી જીવનની શરૂઆત કરી. સાથે સાથે ખંતથી એન્જીનિયરીંગનો અભ્યાસ ચાલુ રાખી મીકેનીકલ તથા ઇલેક્ટ્રીકલ એન્જીનિયરીંગની પરીક્ષાઓ પાસ કરી. જુદી જુદી મીલોમાં કામ કર્યું અને વીસ વર્ષ લગી ઘણો બહોળો અનુભવ મેળવ્યો.

આ લાંબા અનુભવ પછી સ્વતંત્ર ધંધો કરવાનો વિચાર થયો. અમદાવાદમાં રામકૃષ્ણ મીલની રાતની નોકરી ચાલુ રાખી સાથે સાથે મશીનરીનો વહેપાર શરૂ કર્યો. ટૂંક સમયમાં ધંધામાં સારી સફળતા મળતાં નોકરી છોડી ધંધામાં સંપૂર્ણ ધ્યાન આપતાં ધંધો સારો વિકસ્યો.

મશીનરી અને સ્પેરપાર્ટસના વેપાર સાથે ઑઇલ એન્જીન અને પંપ બનાવવાનું પણ શરૂ કર્યું. તેમાં સારું વેચાણ અને નામના મેળવ્યાં.

તેમની રામભાઈ પટેલ એન્ડ કું.ના નામની મશીનરી અને સ્પેરપાર્ટસની દુકાન અમદાવાદમાં રીલીફરોડ ઉપર આવેલી છે. ઓઢવ રોડ ઉપર જી. આઇ. ડી. સી. (ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પો.)ના પ્લોટ નં. ૭૯માં ડીઝલ સ્ટોર્સના નામે મશીનરી મેન્યુફેક્ચરીંગનું કારખાનું ચાલે છે તથા ફેવરીટ ફાઉન્ડ્રી નામે મોલ્ડીંગ ખાતુ પણ છે.

શ્રી રામભાઇ સાઇઠ વર્ષની ઉમ્મરે પહોંચ્યા છે છતાં તેઓ કામમાં શારીરિક થાકનો અનુભવ કરતા નથી. તેઓ કહે છે કે વિદ્યાર્થી જીવનમાં કડીના અખાડાઓમાં કરેલા વ્યાયામનું આ ફળ છે.

તેમને બે પુત્રો છે. તેમાં જ્યેષ્ઠ બી. ઇ. (મીકેનિકલ) એન્જીનિયર છે તે કારખાનું સંભાળે છે. નાનો બી. કોમ છે તે ઑફીસ સંભાળે છે.

તેમની તરફથી રૂા. ૧૦૦૧)નો ફાળો 'સુવર્ણ જયંતી' નિમિત્તે મળ્યો છે. ■




[ પેજ ૨ ઉપરનું ચાલુ ]

પરિસ્થિતિનો સામાન્ય તાગ આપતી, જાહેર બૉર્ડ દ્વારા લેવાતી માધ્યમિક શાળાંત પરીક્ષાનાં પરિણામો આ વાતની સાક્ષી પૂરે છે.

માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેના આયોજિત પ્રયાસો યોજવાનો સમય પાકી ગયો છે.

શિક્ષણાધિકારીઓ અને આચાર્યો આ માટે કૃતનિશ્ચયી બને અને આ વર્ષે આયોજન ગોઠવી શ્રીગણેશ માંડે

[ રાજ્યશિક્ષણ ભવન—અમદાવાદ તરફથી પ્રકાશિત 'શિક્ષણ વિકાસ અને ઉન્નમન' પુસ્તિકામાંથી ]

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ—કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ—કડી : તા. ૬-૮-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : તા. ૧૫-૮-૭૦ : આઝાદી દિન [ અંક ૪૬

## भारत खाते जमा | શ્રી ઉમાશંકર જોષી

**શ્ર**મશિબિરમાં ભાગ લઇ આવનાર એક ભાઇ કહે : આમપ્રદેશમાં અમે શ્રમ કરવા ગયા હતા. ખાસ્સો મજાનો રસ્તો અમે બનાવ્યો. પણ પછી અમારામાંથી કેટલાકને થયું કે આને પરિણામે ખાસ કોઈ ખાટી ગયું હોય તો બહારથી આવીને અહીંની જમીનો ખરીદી તેના ઉપર ખેતી કરાવી રહેલા ભાઇ. એમને મફતમાં જ અવરજવરની સારી એવી સગવડ થઇ ગઇ!

આવા આવા વિચારો આવ્યા વગર રહે નહિ એવી વિષમ અત્યારના સમાજની સ્થિતિ છે જ્યાં સુધી દુનિયામાં મોટા પાયા ઉપરના ઉત્પાદનનાં સાધનો મૂઠીભર માણસોની અંગત (-હિતપ્રેરિત, અને નહિ કે જાહેરહિતપ્રેરિત) માલિકી હેઠળ રહે, ત્યાં સુધી તમે જે કાંઇ પણ કરવા જાઓ – સેવા, કળા, ધર્મ, સુધારો, – બધાંનું ફળ મુખ્યત્વે, केशवं प्रति गच्छति એ ન્યાયે, જેની પાસે 'છે' તેના લાભમાં જવાનું, નહિ કે જેની પાસે 'નથી' તેના લાભમાં. પણ તેથી શું કાંઇ જ કરવું નહિ?

પેલા ભાઇની સાથે મેં દલીલ કરવા પ્રયત્ન કર્યો : એમાં શું? આસપાસના ગામલોકોને પણ થોડોઘણો એનો લાભ મળવાનો જ. સૌના, અરે પેલા જમીનદારના, મૂંગા ગાડુ-ખેંચતા બળદોને પણ થોડીક રાહત મળવાની ને? અને આ ભૂદાનનું શરૂ થયું છે તેને પરિણામે ક્યારેક જમીનદારના હૃદયમાં રામ વસ્યા ને ડેરા ઉઠાવી લે ત્યારે આ રસ્તો સાદડીની પેઠે વીંટાળી લઇને ઓછો જ બગલમાં સાથે લઇ જવાના છે?

'એ બધું ખરું, પણ...!' ઘણાં 'પણ' સૂઝે એવી આપણી પરિસ્થિતિ છે. એ બધાં 'પણ' તો આપણને કાંઈ જ કરવા ન દે. આપણો સવાલ તો છે પરિસ્થિતિથી દબાયા-ડઘાયા. વગર કામમાં મચ્યા રહેવાનો. હાથથી થોડીક મહેનત કરી જે જૂજ કમાણી કરીએ એ અર્થશાસ્ત્રના ધોરણે અત્યારના યંત્રઉત્પાદનની પદ્ધતિની સરખામણીમાં હાસ્યાસ્પદ પણ દેખાય. આપણો પ્રશ્ન નર્યો આર્થિક છે જ નહિ. માણસાઇની તાલીમ મેળવવાનો આપણો ઉપક્રમ છે. એમાંથી ક્યારેક કાંઇક ભર્યામાં ભરવા જેવું થતું જણાય કે કેવળ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ પ્રાથમિક કક્ષાના પ્રયત્ન જેવું જણાય એ વસ્તુઓ બહુ આડે આવવી જોઇએ નહિ. માણસાઈની કેળવણી મેળવવાના એક તરીકા તરીકે આપણે તો એનું મૂલ્ય સમજવાનું છે. આ રીતે શ્રમ કરવા જનાર ઊછરતી પેઢીની આખી જીવનરીતિમાં એક જાતનો પલટો આવ્યા વિના રહેશે નહિ. પૈસો કેમ ઉત્પન્ન થાય છે એ એને સમજાશે. થોડીક પણ સાચી સેવા પહોંચાડવી કેવી દોહ્યલી છે એ સમજાતાં, સેવાઓ લેતી વખતે એ પોતાની જવાબદારી સમજશે. અને એમ ધીમે ધીમે રોજ રાત પડયે એને આખા દિવસમાં પોતે શી શી સેવાઓ લીધી તે યાદ કરવાની અને મનના ચોપડામાં ભારત ખાતે જમા કરવાની ટેવ પડશે.

'ભારત' તો તરત સમજમાં ઊતરે એવું એક પ્રતીક છે. ખરું જોતાં, સમગ્ર માણસજાત પ્રત્યેનું ઋણ રોજેરોજ આપણી ઉપર વધતું જતું હોય છે. એ ઋણ માત્ર આર્થિક પરિભાષામાં વ્યક્ત થઈ શકે એવું રૂપિયા-આના-પાઇનું જ નથી. સામાજિક સંબંધોનું, સંસ્થાઓનું, લાગણીઓનું, ભાવનાઓનું પણ ગંજાવર ઋણ હોય છે. જીવનની અંતિમ ક્ષણે સરવૈયામાં ઉધાર પાસું બહુ તરતું ભલે ન નીકળે, જમાઉધાર પાસાં સરખાં નીકળે તો પણ ભારે કીમિયો કર્યો ગણાય.

ભાગ્યે જ એવો ચહેરો હશે, જેમાં કુશળ કૅમેરા-કળાકાર કે ચિત્રકાર સૌન્દર્ય પકડી ન શકે. ભાગ્યે જ એવું કોઇ માણસ હશે, જેમાં કુશળ શિક્ષક કે નેતા કોઇ ને કોઈ આવડત, કોઇ ને કોઈ શક્તિ જગાડી ન શકે. એ શક્તિને ઋણમુક્ત થવામાં યોજ્યાં કરવી એ પ્રશ્ન છે. [ 'સંસ્કૃતિ'માંથી ]

# દર્શન

શ્રી રણુજિત પટેલ (અનામી)

[ ગયા અંકથી ચાલુ ]

કૉલેજમાં ઉનાળાની લાંબી રજાઓ હતી. વૈશાખના નમતા પહોરે હું અવારનવાર 'સંન્યાસ આશ્રમ' બાજૂ ફરવા જતો હતો. કોઈકવાર મંદિરમાં પણ દર્શને જાઉં. આવા દર્શનમાંથી એકવાર એક અજબ દરિદ્રનારાયણનું દર્શન થયું.

મેલોઘેલો એનો વેશ. આંખમાંથી કેવળ કરુણા નીતરે, અને મુખ પર સમતાને પ્રસન્નતાનો ભાવ તરવરે. વિમલ વિવેક પછી સહજ પ્રગટતી શાંતિ એના પ્રત્યેક ભાવમાં છતી થતી હતી. મંદિરના ગર્ભમાં આવી અપૂર્વ શાંતિથી એણે મૂર્તિને પ્રણામ કર્યા. એ ભાવભીના પ્રણામ સાથે એના હોઠ કૈંક બબડ્યા. બબડતા હોઠ સાથે એના મેલાઘેલા ગજવામાંથી એક રૂપિયો કાઢી તેણે ભગવાનની પ્રતિમા આગળ ધર્યો – પૂરી પ્રસન્નતાને સમર્પણના ભાવ સાથે. મેં માન્યું કે પોણી સોળ આના કે પંદર આના એ પાછા લેશે પણ એણે એવું કશું જ કર્યું નહીં. અને જે શાંતિથી આવ્યો હતો એથી પણ વિશેષ શાંતિ અને સંતોષ સાથે તે ત્યાંથી ચાલ્યો ગયો.

મને નવાઈ લાગી! આ મેલોઘેલો માનવી! માનેલું કે ભગવાન સમક્ષ ધરેલી લક્ષ્મી પણ લઈ જશે કિન્તુ એણે તો આખો રોકડો રૂપિયો ધરી દીધો! કદાચ બાધા રાખી હશે, બાકી બેચાર પૈસાથી વધુ રકમ એ ધરી જ કેમ શકે! એનો વેશ ને દીદાર જોતાં એ પણ એના ગજા ઉપરાંતનું ગણાય. આશ્ચર્ય અને કુતૂહલથી બીજે દિવસે સંધ્યાકાળે હું મંદિર બાજૂ ગયો તો એ જ મેલીઘેલી મૂર્તિ, એ જ પ્રસન્નતા ને ભક્તિભાવથી ભગવાનને પાળે રોકડો રૂપિયો ધરાવી રહી હતી. બરાબર એક અઠવાડિયા સુધી નિયમિત રીતે મેં આ જ પ્રમાણે આ દરિદ્રનારાયણનું દર્શન કર્યા કર્યું. આખરે મારી ધીરજનો અંત આવ્યો એટલે એક દિવસે તો મંદિરમાંથી એ બહાર નીકળતો હતો ત્યાંજ મેં એને પૂછ્યું :

'તમે દરરોજ દર્શન કરવા આવો છો?'

સંકોચપૂર્વક તેણે કહ્યું : 'હા'

'દરરોજ ભગવાનને પાળે રૂપિયો ધરો છો!'

ધૃષ્ટતાપૂર્વક મેં પૂછ્યું.

ગભરાતાં ગભરાતાં સંકોચ સાથે તે બોલ્યો : 'સાધારણ રીતે રૂપિયો તો ખરો.'

'ધંધો શો કરો છો'?

'મજૂરીનો–રેંકડી ખેંચવાનો.'

'એમાંથી દરરોજ તમને શું મળે?

ભારે શ્રદ્ધા ને ખુમારીપૂર્વક તે બોલ્યો : 'ચાર પાંચ રૂપિયાથી તો ઓછું નહીં જ.'

'એટલામાંથી તમો એક રૂપિયો દેવને ધરો છો? અપૂર્વ શાંતિપૂર્વક એણે જવાબ આપ્યો: 'હા, મારો એવો નિયમ છે.'

'કેવો તમારો નિયમ છે?'

એણે કહ્યું: 'ચાર રૂપિયા મળે તો એક રૂપિયો ધીરવો, એક રૂપિયો લ્હેણે આપવો, એક રૂપિયો નાખી દેવો ને એક રૂપિયો ભાડે આપવો.

સ્પષ્ટ રીતે હું સમજ્યો નહીં એટલે મુખ પરથી મારી મુઝવણ કળી જઈ તે બોલ્યો: 'એક રૂપિયો ધીરવો એટલે હોય તો, બાળકોના ઉછેરમાં – એમના લાભ માટે વાપરવો. એક રૂપિયો લ્હેણામાં આપવો એટલે આપણાં ઘરડાં મા-બાપનું ઋણ અદા કરવું. એક રૂપિયો નાખી દેવો એટલે દાનધર્માદામાં વાપરવો અને એક રૂપિયો ભાડા પેટે આપવો એટલે પેટમાં પધરાવવો–પેટને ભાડું તો આપવું જ પડે ને!'

એના ડાહ્યા જવાબથી ખુશ થતાં પૂછ્યું :

'તમારુ કુટુમ્બ ક્યાં રહે છે?'

મારા પ્રશ્નથી સહસા ખિન્ન થઈ, આકાશ તરફ આંગળી ચીંધી એણે કપાળે હાથ ધર્યો અને ભૂતકાળને જાણે વાગળતો હોય અને કારમી ભૂતાવળને જોતો હોય તેમ બોલ્યો :

'બિહારનું નામ સાંભળ્યું છે?'

મેં માથું હલાવ્યું એટલે કહે :

'૧૯૩૪ના ધરતીકંપ વિષે સાંભળ્યું છે!' ફરી વાર સંમતિ સૂચક મેં શિર હલાવ્યું એટલે દુઃખ અને નિઃસાસાપૂર્વક એ કહે :

'ઘર ને કુટુંબ એ ધરતીકંપમાં ધરતીમાતાના ખોળામાં સમાઈ ગયું. હું અભાગીઓ કેવળ બચી ગયો. વખાનો માર્યો કચ્છ બાજૂ આવ્યો. એક દાયકો માંડ મજૂરીમાં કાઢ્યો ત્યાં આ દુકાળનાં દાંતિયાં જોયાં. ડોલતી ધરતીમાંથી બચેલાને દુકાળ શું કરવાનો હતો? વખાના માર્યા આ શહેરમાં આવ્યા, થોડો સમય ભજનો ગાયાં, ભીખ માગી ને એમ ઠીક ઠીક ચાલ્યું પણ એક દિ' તમારા જેવાએ ટોણો માર્યો:'

'શેનો ટોણો માર્યો?'

કહેઃ 'અલ્યા! આવો સબદો છે તો ભજનો ગાઈને ભીખ માગ્યા વિના કાંક કસબ કરને'!

મેં કહ્યું; 'શેઠિયા! ભજન ગાઈને ભીખ માગવી એ પણ એક ધંધો જ છે ને! લોકોને બોધ મળે છે ને અમને પેટિયું.'

પણ પેલા શેઠે કહ્યું: 'લોકોની ચિંતા કર્યા વિના તારા સ્વમાનની ચિંતા કર.'

'મને એ ભાઈનું વેણ હૈયે વાગ્યું. એક રેંકડી ખરીદી શકાય એટલાં ભજન ગાઈ ભીખ માગીને પછી ભજનને અને ભીખને છેલ્લીવારકા રામરામ કર્યા. હવે તો મારા કુટુંબમાં જે ગણો તે આ રેંકડી. રાતની પથારી પણ એ અને દિવસનો કમાઉ દીકરો પણ એ.'

એના એકરારમાં પ્રસન્નતા અને ખુમારી હતાં પણ અંતરમાં ઊંડું ઊંડું દુઃખ હતું.

મેં પૂછ્યુ : 'જમો છો ક્યાં?'

એણે કહ્યું : 'લોજમાં, હોટેલમાં ગમે ત્યાં પૈસા આપી જમી લઉં છું.'

'બાકીના પૈસાનું શું કરો છો?'

અત્યંત નિખાલસભાવે તેણે જવાબ આપ્યો. 'જુઓને, રૂપિયો સવા રૂપિયો જમવામાં જાય. એક રૂપિયો દરરોજ દેવને ચરણે ધરું છું. રૂપિયો સવારૂપિયો મારા દૂરના એક સગાને આપું છું અને એકાદ રૂપિયો એક વિશ્વાસુ સજ્જનને ત્યાં જમા કરાવું છું.'

'એ જમા થયેલી રકમનું શું કરશો?'

નિર્વેદપૂર્વક તેણે કહ્યું : 'આ દુનિયામાં હવે પ્રભુ સિવાય મારું કોઈ નથી– એટલે મેં એ સજ્જનને કહ્યું છે કે મારા મૃત્યુ પછી તમને ઠીક લાગે તે પ્રકારે એ રકમનો ધર્માદો કરી નાખવો – યોગ્ય લાગે ત્યાં દાન કરવું.'

દાન કરવાની વાત આવી એટલે આપબડાઈથી ડર્યો હોય તેથી કે ઠીકઠીક મોડું થયું હોય તેથી પણ તેણે ચાલવા માંડ્યું. એને ચાલતો જોઈ ભૂતકાળમાં દૂર દૂર સંચરતી મારી સ્મૃતિ સળવળી. કેટલાક મહિનાઓ પહેલાં, ભજનોને લોકગીતોની રમઝટ મચાવનાર આ પેલો ભજનિક તો નહીં? એના તંબુરા પછી કેટલેક મહિને, પીઠ પાછળથી એને રેંકડી ખેંચતો એલિસબ્રિજ પરથી વાહનોની ધમાલમાં ગાયબ થયેલો દીઠો હતો તે જ આ! કયું હતું પેલું એનું ભજન?

આ......કાળા મુંઢાની ચણોઠડીને વાલા
તોલે તે હેમની હારે જી,
આ તોલે તે હેમની હારે જી
તોલમાં તો બરાબર છે
તેનું મૂલ બરાબર નથી
એની મારી! એદલનો સંગ કેમ કરીએ હોજી!

ભજનિક! તારી વાત સાચી છે. 'તારી નિષ્ઠા અને દાનવીરતાના હેમ સાથે, તોલમાં બરાબર; પણ મૂલમાં બરાબર નહીં એવી સ્વાર્થની કાળા મુંઢાની અમારી ચણોઠડીઓ આજે ય તોળાય છે!

તારા દર્શનથી ઘણે દિવસે આજે મારું દેવદર્શન ફળ્યું.

---

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી

## ડૉ. ખોરાનાનું મહાપ્રદાન

એક હતો રાજપુરુષ. ભારે વિચક્ષણ પણ કદરૂપો. તેની બુદ્ધિ માટે લોકોને માન હતું. એ જ દેશમાં એક અભિનેત્રી રહે. રૂપરૂપનો અંબાર. તેના સૌંદર્યનો જોટો જડે તેમ નહોતો. પણ તેનામાં થોડો બુદ્ધિનો અભાવ. એક દિવસ બંને એક કાર્યક્રમમાં ભેગાં થઈ ગયાં. અભિનેત્રી ખુશ થઈ ગઈ. હસતાં હસતાં પેલા રાજપુરુષને કહ્યું, 'આપણે પતિ-પત્ની હોઈએ તો આપણા બાળકને વારસામાં તમારી બુદ્ધિ અને મારું રૂપ મળે અને તે બાળક પ્રતિભાવાન પાકે.' રાજપુરુષે કહ્યું, 'એ તો ઠીક, પણ એથી ઉલટી રીતે બનવાની શક્યતા પણ નકારી ન શકાય. એ બાળકમાં તમારી બુદ્ધિ અને મારું રૂપ ઉતરે તો?'

અભિનેત્રી ચૂપ થઈ ગઈ.

મા-બાપના ગુણ–અવગુણો સંતાનમાં ઉતરી આવે છે. ભૂરી આંખો, વાંકડિયા વાળ, માથાની ટાલ, રંગઅંધતા, ડાયાબીટીસ અને હીમોફીલિયા વગેરે લક્ષણો સંતતિમાં ઉતરી આવે છે.

બાપ તેવા બેટા અને વડ જેવા ટેટા.

માનવદેહ અસંખ્ય કોષોનો બનેલો હોય છે. કોષમાં કોષ-દીવાલ, કોષરસ અને કોષકેંદ્ર આવેલાં હોય છે. કોષકેંદ્રમાં રંગસૂત્રો આવેલાં હોય છે. સજીવ વસ્તુઓના આકાર, કદ, રંગ અને કેટલાંક માનસિક લક્ષણો માટે 'જીન્સ' જવાબદાર છે. આ જીન્સ રંગસૂત્રો ઉપર આવેલાં છે. રંગસૂત્રને માળા ગણીએ તો જીન્સને મણકા કહી શકાય. આમ 'જીન' આનુવંશિક્તાનો એકમ છે.

ડૉ. ખોરાનાએ પ્રયોગશાળામાં ટેસ્ટટ્યુબમાં કૃત્રિમ 'જીન'નું સંશ્લેષણ કર્યું છે. આ કૃત્રિમ 'જીન' બરાબર કુદરતી 'જીન'ની કાર્બનકૉપી છે. ડૉ. ખોરાનાનું આ એક મહાપ્રદાન છે. આ શોધને પરિણામે આપણે જોઈએ તેવા લક્ષણોના 'જીન્સ'નું સંશ્લેષણ પ્રયોગશાળામાં કરી શકાશે. રંગઅંધતા, ડાયાબીટીસ અને હીમોફીલિયા જેવાં નુકશાનકારક લક્ષણોવાળા જીન્સની જગાએ નવાં સારાં જીન્સ ગોઠવી શકાશે. વનસ્પતિ અને પ્રાણીઓની જોઈએ તેવી વિવિધ જાતિઓ પેદા કરી શકાશે. માનવ પોતાની જાત સુધારી મહામાનવ બની શકશે.

આ શોધથી કેટલાંક ભયસ્થાનો ઊભાં થયાં છે જ. કેટલાક ઉત્સાહી લોકોએ રૂપ, ગુણ અને લાગણી સરખી હોય તેવી જગતની એક જ જાતિ ઉત્પન્ન કરવાનું સૂચન કર્યું છે. માનવજાત ભિન્નતાને લીધે જ સંઘર્ષમાં ટકી રહી છે એટલે હાલ પૂરતું તો આ સૂચન સ્વીકારાયું નથી. જ્યારે વિજ્ઞાનનો દોર રાજકાર-

ણીઓના હાથમાં પડે ત્યારે ? જો હિટલર જેવો એકાદ માણસ પાકે તો એ મહામાનવો પેદા કરવાને બદલે માનવ પ્યાદાં જ પેદા કરશે. અને માનવની શોધ માનવને જ તારાજ કરશે

## કુંભકર્ણ વનસ્પતિ – બીજ

**મંચુરિયામાં** એક પુરાણું સરોવર છે. અત્યારે તો એ સરોવર સૂકા ભાઠા જેવું છે. પાણીનું એક ટીપું ય ન મળે આ સરોવરનું પાણી ક્યારે સૂકાઇ ગયું, શી રીતે સૂકાઇ ગયું તેની કોઇ માહિતી મળતી નહોતી. આનો ભેદ ઉકેલવા એક વિજ્ઞાનિકે કમર કસી.

૧૯૨૪નો ઉનાળો હતો. ડૉ. ઇચીરો ઓહગા આ સરોવરની સૂકી ધરતી પર પહોંચી ગયો. સરોવરનું તળ ઊંડીને આવતી પીળાશ પડતી ધૂળથી ઢંકાયેલું હતું. આ ધૂળનો થર પાંચફૂટ જેટલો ઊંડો હતો. એની નીચે સરોવરની ધરતી ઢંકાયેલી હતી. આ ધરતીમાં ઉગેલી કેટલીય એ જલજ વનસ્પતિઓ ચિરનિદ્રામાં પોઢી ગઈ હશે.

ડૉ. ઓહગાએ ધૂળના થરને દૂર કરાવ્યો. ધૂળના ઢગલા કર્યા. પછી નીચેની ધરતીનો અભ્યાસ શરૂ કર્યો. આ વિશાળ પ્રદેશમાં તેમણે નમૂનાઓ એકઠા કરવા અનેક ઊંડા ખાડા ખોધ્યા. એક જગ્યાએ તેણે થોડાં બીજ જમીનમાં દટાયેલાં જોયાં. આ વતરપતિ-બીજને વસ્તુ–વિશાલદર્શક કાચથી તપાસ્યાં. આ બીજ કમળનાં હતાં. આ સરોવરમાં કમળ થતાં હશે. પાણી સૂકાઇ જતાં બીજી જલજ વનસ્પતિઓની સાથે આ કમળ પણ સૂકાઈ ગયાં હશે.

શક્ય તેટલાં વધારે બી એકઠાં કરી ડૉ. ઓહગા જાપાન આવ્યો. તેણે પોતાની પ્રયોગશાળામાં બીજ ઉપર પ્રયોગ શરૂ કર્યા. બીજ ઉપરનું સખત બીજાવરણ તોડી નાખ્યું. પછી તેમને પાણીમાં મૂક્યાં. કદાચ તેમાંથી નવો છોડ પેદા થાય ! ડૉ. ઓહગાની આશા ફળી. આ ઉપરથી સાબિત થયું કે આ બીજ ૨૦૦ વર્ષ જૂનાં હશે. ૧૯૨૦ સુધી વિજ્ઞાનિકોનું માનવું હતું કે ૨૦૦ વર્ષથી વધારે જૂનાં બીજ ઉગી શકે નહીં. પણ ડૉ. ઓહગાને આથી સંતોષ થયો નહિ. જો આ સાચું માનવામાં આવે તો મંચુરિયાનું સરોવર ૧૭૦૦ની સાલમાં સૂકાઈ ગયું હોવું જોઇએ. આ માનવામાં આવે તેવું નહોતું. જાપાની વિજ્ઞાનિકો આ રહસ્યનો ભેદ ઉકેલવાના પ્રયત્નો જારી રાખ્યા.

જાપાનની ટોહુકા યુનિવર્સિટીના ડૉ. સીડો એન્ડો ડૉ. ઓહગાના મિત્ર હતા. થોડાં બીજ તેમણે ડૉ. સીડોને આપ્યાં. એ સમયે કેલિફોર્નિયા યુનિવર્સિટીના ડૉ. રાલ્ફ ડબલ્યુ ચેની જાપાનના પ્રવાસે આવ્યા હતા. ડૉ. સીડોએ થોડાં બીજ ડૉ. રાલ્ફને આપ્યાં. ડૉ. રાલ્ફ અમેરિકા પાછા ફર્યા. પોતાની સાથે લાવેલાં બીજ ડૉ. લીબીને મોકલી આપ્યાં. હવે મંચુરિયા સરોવરના રહસ્યનો ભેદ ખૂલવાની અણીપર હતો. ડૉ. લીબીએ રેડિયોએકટીવ કાર્બન–૧૪ કસોટીથી બીજને તપાસ્યાં. બીજમાંના કાર્બન-૧૪ એ પોતાના આયુષ્યનો સાચો સંદેશો આપ્યો. ડૉ. ઓહગાએ મેળવેલાં બીજ ૧૦૦૦ વર્ષ જૂનાં હતાં ! રહસ્ય ઉકલી ગયું. છતાં મંચુરિયન બીજની વાર્તા પૂરી થતી નથી.

આ ૧૦૦૦ વર્ષ જૂનાં બીજમાંથી બે બીજ અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં આપવામાં આવ્યાં હતાં. ૧૯૫૧ના માર્ચની ત્રીજી તારીખ હતી. આ બેમાંથી એક બીજનું અંકુરણ શરૂ થયું. બે દિવસ પછી બીજું બીજ પણ અંકુરણ પામ્યું. આ બંને કુમળા છોડને તારીખ ૬ઠ્ઠી માર્ચે જમીનમાં રોપવામાં આવ્યા. ૧૯૫૧ના વર્ષ દરમ્યાન આ છોડની ખૂબ વૃદ્ધિ થઇ. ૧૯૫૨ના જૂનની બીજી તારીખે એક છોડ ઉપર ત્રણ પુષ્પકલિકાઓ દેખાઈ. ચૌદ દિવસ પછી બીજા છોડ ઉપર ચાર પુષ્પકલિકાઓએ દેખા દીધી. આ પુષ્પકલિકાઓમાંથી ૧૯૫૨ની ૩૦મી જૂને મોટાં સુંદર ગુલાબી કમળ ખીલ્યાં. ૧૯૫૨ના જુલાઇમાં બીજાં વધારે પુષ્પો ખીલ્યાં. આ પુષ્પો સમય જતાં કરમાયાં અને તેમાંથી બીજ પેદા થયાં. આ બીજને કાળજીપૂર્વક એકઠાં કર્યા. પછી તેમને ખાસ તૈયાર કરેલી વાડવાળા સરોવરમાં વાવવામાં આવ્યાં. આજે પણ અમેરિકાનો કેનીલવર્થ જલબગીચો ઉનાળામાં આ કમળ–પુષ્પોથી દીપી ઉઠે છે.

મંચુરિયન બીજ કરતાં પણ જૂનાં બીજ મળી આવ્યાં છે. ટોકિયો નજીક એક ફર્મનો પાયો નાખતાં કમળના બીજ મળ્યાં છે તે ૩૦૦૦ વર્ષ જૂનાં છે. તેમને વાવતાં છોડ પેદા થઈ પુષ્પો પણ આવ્યાં.

૩૦૦૦ વર્ષની નિદ્રા પછી જીવક્રિયાઓ સક્રિય બને છે. કેવું અદ્‌ભૂત રહસ્ય ! ■

---

## પ્રાણ – પંખી

સંસારના સ્નેહ - સંબંધ જાળે,<br>
પ્રસ્તાર – પાંખા શું કુટુંબમાળે<br>
આ પ્રાણ – પંખી અટવાય તર્ફડે<br>
આકાશ એનું અસલી દગે પડે ?

—અનામી

## ક્ષમસ્વ

હે નીલલોહિત ભવેથી તાર<br>
ભસ્માવશેષે સ્મરશેષ માર.<br>
ક્ષણે ક્ષણે આયુ પીતો જ કાળ<br>
હે કાળના કાળ ! ક્ષમસ્વ બાલ.

—અનામી



# અભિનંદન અને શુભેચ્છાઓ

જસ્ટીસ શ્રી શંકરલાલને ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણ હાઈકોર્ટના કાયમી જજની સોગંદવિધિ કરાવી રહ્યા છે.

શ્રી શંકરલાલ નારણભાઈ પટેલની ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે કાયમી નિમણૂંક થઈ તે પ્રસંગ આનંદ અને ગૌરવનો છે.

શ્રી શંકરલાલ સામાન્ય ખેડૂત કુટુમ્બમાંથી આગળ આવેલા છે. તેઓએ અભ્યાસ પૂરો કરી જીવનમાં પ્રવેશ કર્યો ત્યારથી આ સંસ્થાના ગાઢા પરિચયમાં આવેલા છે. સંસ્થાના કાર્યમાં તેઓ રસ પણ ધરાવે છે અને સંસ્થાને માટે જરૂર પડી ત્યારે તેનાં કામ તેમણે કોઈપણ પ્રકારનું વળતર લીધા સિવાય પોતાનું અંગત કૌટુમ્બિક કામ હોય તે રીતે કરી આપ્યાં છે. એટલું જ નહિ પણ આ સંસ્થા સાથે સંકળાયેલ કોઈ પણ માણસને તેમને ત્યાં જવાનો પ્રસંગ પડ્યો છે ત્યારે તેને એક આત્મીય જન તરીકે આવકાર મળ્યો છે.

તેમનાં સહધર્મચારિણી શ્રીમતી સવિતાબેન આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે, અને આ સંસ્થાના મુરબ્બી શ્રી દાસકાકાનાં પુત્રી છે; એ દાવે પણ આ પ્રસંગ વિશેષ આનંદ વ્યક્ત કરવાનો પ્રસંગ બની રહે છે. શ્રીમતી સવિતાબેનની હૃદયની સરળતા, સ્વભાવની સાલસતા અને મળતાવડાપણાની સુવાસ સારી રીતે પ્રસરેલી છે. શ્રી શંકરલાલે સામાન્ય કક્ષાના જીવનમાંથી સાધેલા આ ઉચ્ચકક્ષાના ઉત્કર્ષમાં તેમના ઘરરખ્ખુપણાનો ને પ્રેરણાનો મોટો ફાળો છે.

શ્રી શંકરલાલે વડોદરા હાઈકોર્ટ, મુંબાઈ હાઈકોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ એમ ત્રણે હાઈકોર્ટમાં પ્રેક્ટીસ કરેલી છે, અને બહોળો અનુભવ મેળવેલો છે. ત્યાં તેમણે એક આગળ-પડતા એડવોકેટ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલી હતી.

ન્યાયમૂર્તિ શ્રી શંકરલાલ તથા શ્રીમતી સવિતાબેનને આ પ્રસંગે હાર્દિક અભિનંદન અને વધુ ઉત્કર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ. ■

---

વસ્તુને સમજવાનો પ્રયત્ન કરવા માટે તમારે દરેક કલાકે, દરમિનિટે માથું દુઃખાડવાની જરૂર નથી. એ માટે એક સાદી વસ્તુ જ બસ છે : તમારાથી બને તેટલી સારી રીતે સાંભળો, તમારે સમજવું છે એવો સંકલ્પ રાખો, કે અભીપ્સા કે ઇચ્છા પણ રાખો એટલું બસ થશે. આ રીતે તમે નવા વિચારને દાખલ થવા માટે તમારી ચેતનામાં એક નાનકડું છિદ્ર બનાવી લો છો; અને પેલી વસ્તુને અંદર દાખલ થવા દો છો. પછી એ નવો વિચાર કામ કરતો થશે અને તમારા મગજમાં સમજવા માટેનાં જરૂરી તત્ત્વોની રચના કરી આપશે.

—માતાજી

## અદ્વિતીય

હું અહીંથી જ્યારે પ્રસ્થાન કરું ત્યારે મારા અંતિમ શબ્દો આ હો, કે મેં જે કાંઇ અહીં જોયું છે, તે અદ્વિતીય છે.

મેં પ્રકાશના સાગરમાં ખીલેલાં સહસ્રદલ કમલનાં અદીઠ મધુનો રસાસ્વાદ કર્યો છે, અને એ કારણે હું ધન્ય છું.

અનંત રૂપોના આ લીલા-ભુવનમાં હું ભરપૂરપણે ખેલ્યો છું અને એમાં મેં અરૂપની ઝાંખી કરી છે.

મારો સમસ્ત દેહ, મારાં અંગ-અંગ એ સ્પર્શાતીતના સ્પર્શથી પુલકિત છે આથી મારો અંત આવતો હોય તો ભલે આવે, એ મારા અંતિમ શબ્દ હો! [ રવીન્દ્રનાથ ટાગોર ]




ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

# સર્વ વિદ્યાલયમાં પરીક્ષા સુધારણા કાર્યક્રમ | મોહનભાઇ પટેલ

પરીક્ષા એ એક અનિવાર્ય અનિષ્ટ મનાયું છે. વર્ષ દરમ્યાન અભ્યાસક્રમમાંથી જ્ઞાન અને માહિતી ગ્રહણ કરતા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરી એને ઉપલા ધોરણમાં મોકલવા માટે કોઇક માર્ગ તો સ્વીકારવો જ રહ્યો. આ માર્ગમાં જેટલાં દૂષણ ઓછાં, ખામીઓ ઓછી એટલું અનિષ્ટ ઓછું. ઘણાં વર્ષો સુધી પરીક્ષા પદ્ધતિનું એક જ પ્રકારનું ચોકઠું રહ્યું. એ માળખામાં વિદ્યાર્થીના અભ્યાસના મૂલ્યાંકન કરતાં વહીવટી સગવડો અને સ્થાપિત પ્રણાલિઓ તરફ વિશેષ લક્ષ અપાતું હતું. આખા વર્ષનું મેળવેલું જ્ઞાન ત્રણ કલાકના પ્રશ્નપત્રમાં ચકાસી લેવાય, એના જ ઉપર વિદ્યાર્થીની કારકીર્દિ કે એનું ભાવિ નક્કી થાય એ તો આશ્ચર્યકારક બાબત જ ગણાય.

વળી, વિદ્યાર્થી હોંશિયાર હોય કે નિયમિત કામ કરનાર હોય પણ પરીક્ષાના દિવસે કોઇ કારણસર સ્વસ્થ ન હોય; અથવા ઘર કે બહારના કોઇ પ્રશ્નને લીધે એનું ચિત્ત ક્ષુબ્ધ હોય તો એની અસર ત્રણ કલાકના એના લેખન ઉપર પડે અને પરીક્ષામાં કાંતો ઓછા ગુણ લાવે અથવા નાપાસ થાય. વિદ્યાર્થીને વિષયની પકડ હોય પણ પ્રાશ્નિકે પોતાના જ્ઞાનના ધોરણે કે વિદ્યાર્થીની કક્ષા વિચાર્યા વગર પ્રશ્નપત્ર કાઢયું હોય તો પણ વિદ્યાર્થી નુકશાનમાં મૂકાય. એક જ પરીક્ષાના આધારે વિદ્યાર્થીનું પરિણામ નક્કી થવાનું હોય તે પરીક્ષામાં કોઈ પરીક્ષક પોતાનાં અંગત કારણોસર ક્ષુબ્ધ હોય કે પોતાની અંગત માન્યતાઓના આધારે જવાબપત્ર જુએ અને કદાચ વિદ્યાર્થીને અજાણતાં પણ અન્યાય થઇ બેસે

આથી ઊલટું, એમ પણ બને કે આખું વર્ષ કામ ન કરનાર વિદ્યાર્થી છેલ્લાં થોડાં અઠવાડિયાં કામ કરવા બેસે, રાતના ઉજાગરા કરે અને પૂરો અભ્યાસક્રમ ન કરતાં મહત્વના અંશોને જ સ્પર્શી અને પરીક્ષામાં ઉત્તીર્ણ થાય. આમ અપૂરતી યોગ્યતાએ ઉપર ચઢતો જાય અને આગળ જઇને અટકે. અને ન અટકે તો પણ જીવનમાં પોતે સ્વીકારેલા કાર્યક્ષેત્રમાં ક્યાંય સારો દેખાવ ન કરી શકે.

આવી આવી તો અનેક ક્ષતિઓ પુરાણી પરીક્ષા પદ્ધતિ માટે જુદી તારવી શકાય. શિક્ષણકારોનું ધ્યાન આ ક્ષતિઓ તરફ ખેંચાયું જ હતું અને ધીરે ધીરે એમાં સુધારાના અનેક પ્રયોગો વર્ષોથી આવતા જ હતા. પણ છેલ્લા દાયકામાં આ કાર્ય માટે ઘણું કામ થયુ છે. અનેક પ્રયોગો અને અખતરાઓ કરવામાં આવ્યા છે. આ ક્ષેત્રે કેટલીય શિક્ષણ સંસ્થાઓએ, શિક્ષણ સંઘોએ, આચાર્ય મંડળોએ, શાળા મંડળોએ, એન. સી. ઇ. આર. ટી, દિલ્હી તેમજ ગુજરાત એસ. એસ. સી. બોર્ડે પણ ઘણું કાર્ય કર્યું છે. આને પરિણામે આપણે પુરાણી ચીલા ચાલુ પરીક્ષા પદ્ધતિ ત્યજીને સાચા માર્ગ તરફ વળી શક્યા છીએ. જો કે આ દિશામાં હજુ પ્રચંડ પુરુષાર્થ કરીશું તો જ આપણે સાચી પદ્ધતિને આંબી શકીશું. આમાં માત્ર પ્રયોગો કે શિબિરો જ કામ નહીં આવી શકે આના માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને સમાજ એ સર્વ પક્ષે પૂરી નિષ્ઠા નહીં હોય તો કોઈ પણ પ્રયોગ હાસ્યાસ્પદ બની રહેવાનો.

મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘે પરીક્ષા સુધારણાનો કાર્યક્રમ અપનાવ્યો છે. આ સંઘમાં લગભગ ૩૦૦ શાળાઓ જોડાયેલી છે. સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ પણ એમાંની એક છે. એટલે સર્વ વિદ્યાલયે પણ પરીક્ષા સુધારણા કાર્યક્રમ અપનાવ્યો છે.

આ કાર્યક્રમમાં ધ્યાન ખેંચે એવી કેટલીક બાબતો નીચે પ્રમાણે છે.

૧ વર્ષ દરમ્યાન લેવાતી બધી પરીક્ષાઓ વિદ્યાર્થીના મૂલ્યાંકન માટે સરખી ગણાશે મતલબ કે બધી જ પરીક્ષાઓ વાર્ષિક પરીક્ષા જેટલું મહત્વ ધરાવશે.

૨ વર્ષ દરમ્યાન ત્રણ પરીક્ષાઓ થશે પહેલી પરીક્ષા દરેક વિષય માટે ૭૦ ગુણની, બીજી પરીક્ષા ૮૦ ગુણની અને ત્રીજી પરીક્ષા ૧૦૦ ગુણની થશે. આમ ત્રણેય પરીક્ષાઓ મળીને વર્ષ દરમ્યાન દરેક વિષયમાં ૨૫૦ ગુણની લેખિત પરીક્ષા થશે.

૩ વર્ષ દરમ્યાન દરેક વિષયમાં ૩૦ ગુણની મૌખિક પરીક્ષા લેવાશે.

૪ વર્ષ દરમ્યાન દરેક વિષયમાં ૨૦ ગુણ આંતરિક મૂલ્યાંકન માટે એટલે કે વિદ્યાર્થીના વર્ગ કાર્ય, નિયમિતતાના વગેરે માટેના રહેશે.

૫ આ રીતે દરેક વિષય ૨૫૦ + ૩૦ + ૨૦ = ૩૦૦ ગુણનો થશે. વિદ્યાર્થીએ ઉત્તીર્ણ થવા માટે ૩૫ % ગુણ મેળવવા જોઇએ. એટલે એણે દરેક વિષયમાં વર્ષના અંત સુધીમાં (ત્રણેય પરીક્ષાના મળીને) ૧૦૫ ગુણ મેળવવા જોઇએ.

૬ ઉપરે પ્રમાણે બધા વિષયમાં ૩૫% ગુણ ન મેળવી શકનાર વિદ્યાર્થી, કેળવણી ખાતા પાસે શાળાએ મંજૂર કરાવેલા નિયમોના આધારે પ્રમોશન મેવવવાને પાત્ર થતો હોય તો ઉપલા વર્ગમાં જઇ શકે.

૭ આ પદ્ધતિમાં એક પછી એક પરીક્ષાઓ થતી જાય એમ અભ્યાસક્રમનો બોજો હળવો થતો જાય છે. અભ્યાસક્રમના ત્રણ વિભાગ એટલે ૩ યુનિટ પાડવામાં આવશે. ઓગષ્ટ આખર સુધીના અભ્યાસક્રમનો પહેલો યુનિટ સપ્ટેમ્બરથી ડિસેમ્બર આખર સુધીના અભ્યાસક્રમનો બીજો યુનિટ અને જાન્યુઆરીથી માર્ચ સુધીનો ત્રીજો યુનિટ.

આ દરેક યુનિટને અંતે એક એક પરીક્ષા પહેલી બીજી ત્રીજી થશે. પહેલા યુનિટની પરીક્ષા પૂરી થઇ જાય એટલે એ અભ્યાસક્રમમાંથી બીજી પરીક્ષાઓ વખતે બહુ જૂજ પ્રશ્નો

આવે એવી જ રીતે બીજા યુનિટનું પણ સમજવું. આ રીતે એક યુનિટ પૂરો થાય એટલે વિદ્યાર્થીના માથા ઉપર ઉપરથી અભ્યાસક્રમનો ઘણો બોજો ઓછો થાય છે.

નીચેના કોઠા ઉપરથી આનો ખ્યાલ સારી રીતે આવશે દરેક યુનિટની પરીક્ષાના ગુણમાં કેટલા ગુણના કયા પ્રકારના પ્રશ્નો પૂછાશે. એ પણ સ્પષ્ટ થશે.

| પરીક્ષાઓ | યુનિટ-૧ (ઓગષ્ટ આખર સુધીનો અભ્યાસક્રમ. | | | યુનિટ-૨ (સપ્ટેથીડીસે.આખર સુધીનો અભ્યાસક્રમ) | | | યુનિટ-૩ જાન્યુ થીમાર્ચઆખર સુધીનો અભ્યાસક્રમ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Ob. | S. A. | E. T. | Ob. | S A. | E T. | Ob | S A. | E T. | કુલ |
| | હેતુલક્ષી પ્રશ્નો | ટૂંકા પ્રશ્નો | નિબંધ લક્ષીપ્રશ્નો | ... | ... | ... | ... | ... | ... | |
| પ્રથમ પરીક્ષા :- ( સપ્ટે. ની શરૂઆતમાં ) | ૨૦ | ૩૫ | ૧૫ | ... | ... | ... | ... | ... | ... | ૭૦ ( ૨ કલાક ) |
| બીજી પરીક્ષા :- ( ડીસે. ની શરૂઆતમાં ) | ૧૦ | ... | ... | ૧૫ | ૩૫ | ૨૦ | ... | ... | ... | ૮૦ (૨-૩૦ કલાક ) |
| ત્રીજી પરીક્ષા :- ( એપ્રીલની મધ્યમાં ) | ૫ | ૧૦ | ... | ૧૦ | ૧૦ | ... | ૧૫ | ૨૦ | ૩૦ | ૧૦૦ ( ૩ કલાક ) |
| કુલ... | ૩૫ | ૪૫ | ૧૫ | ૨૫ | ૪૫ | ૨૦ | ૧૫ | ૨૦ | ૩૦ | ૨૫૦ |

નોંધ :- હેતુલક્ષી પ્રશ્નપત્ર તથા નિબંધલક્ષી પ્રશ્નપત્રો અલગ રહેશે. પ્રશ્નપત્રનો સમય પૂરો થતાં હેતુલક્ષીને ઉઘરાવી રહ્યા બાદ નિબંધલક્ષી પ્રશ્નપત્ર આપવાનો.

હેતુલક્ષી ટૂંકા જવાબી અને નિબંધલક્ષી પ્રશ્નોની ટકાવારી દર્શાવતું વર્ગીકરણ :-

| | ગુણ | ટકાવારી |
|---|---|---|
| હેતુલક્ષી પ્રશ્નો :- | ૭૫ | ૩૦% |
| ટૂંકા જવાબી પ્રશ્નો :- | ૧૧૦ | ૪૪% |
| નિબંધલક્ષી પ્રશ્નો :- | ૬૫ | ૨૬% |
| | ૨૫૦ | ૧૦૦% |

૯ હાલ આ પદ્ધતિ ધોરણ ૫ થી ૧૦ સુધી લાગુ પાડવામાં આવશે.

આ પરીક્ષા પદ્ધતિથી વિદ્યાર્થી પોતે ક્યાં ઊભો છે એનો એને ખ્યાલ આવી શકશે. કયા વિષયમાં પોતે કેવા પ્રકારની અને કેટલી મહેનત કરવાની છે કે કાળજી રાખવાની છે તે એને સમજાઇ જશે. અને એ રીતે પોતાના અભ્યાસ પરત્વે એ ખૂબ જાગૃત રહી શકશે.

આખા વર્ષ દરમ્યાન થતી પરીક્ષાઓમાંથી એણે દરેક વિષયમાં કુલ ૧૦૫ ગુણ મેળવવાના રહેશે એટલે 'જેટલું મેળવ્યું તેટલી ચિંતા ઓછી' એ ન્યાયે વર્ષની શરૂઆત થી જ એ કામ કરતો થશે, નિયમિત રહેશે અને એની ધગશ વધશે. આથી એનો અભ્યાસ પણ સાચા સ્વરૂપનો અને ચોગ્ય થશે. ગોખણપટ્ટી કે આંશિક તૈયારીમાંથી એ છૂટશે.

વળી આગળ દર્શાવ્યાં તે કેટલાંક અનિષ્ટો ઓછાં થતાં એ વિદ્યાર્થીના લાભમાં જ નીવડશે.

## આવતા ગુરુવારનો અંક બંધ

આવતો ૪૭ મો અંક તા. ૨૦-૮-૭૦ ગુરુવારે પ્રસિદ્ધ નહિ થતાં તા. ૨૭-૮-૭૦ ગુરુવારે પ્રસિદ્ધ થશે તેની નોંધ લેવા ગ્રાહક બંધુઓને અને વાચકોને વિનંતી છે.

—તંત્રી

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૧૩-૮-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ આ. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ શાહ

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : તા. ૧૦-૯-૭૦ [ અંક ૪૭



## એકલો જા ને!

'સુવર્ણ જયંતી' ઉજવણીનું કામ શરૂ કર્યે એક વર્ષ થઈ ગયું. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિક શરૂ કરીને આ કાર્યનુ પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

**ભરતી** ઓટ ભોગવતું તે કામ ચાલ્યું. ફંડની રકમ ૧૩૩૦૦૦) સુધી પહોંચી છે. દશ લાખનું લક્ષ ઘણું દૂર છે અને આ કામમાં ભારે ઓટ આવી છે.

**ફાળાના** કામમાં ભારે ભરતી આણવાની ગણત્રીએ મે માસમાં પરિવાર સંમેલન યોજ્યું. પરિવાર સંમેલનની અને ત્યાર પછી આ કામમાં ભરતી આવવાને બદલે ઓટ આવી ગઈ. નવીન ફંડ કંઈ લખાયું નહિ, લખાયેલ ફંડની વસુલાત પણ ઢીલમાં પડી.

**પરિવાર** સંમેલન યોજવા પાછળ મહિનો મહેનત કરી લીધી અને વાહવાહ મેળવી લીધી એટલે અમારું કામ પૂરું થયું એવું જાણે અજાણ્યે બની ગયું છે. સંમેલનમાં વડીલોએ, કાર્યકરોએ, દાતાઓએ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાર્યો, અધ્યાપકો વગેરેએ ઉમંગથી અને ઉત્સાહથી ભાગ લીધો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં તરુણો, યુવાનો, પુખ્તો અને વૃદ્ધો અને વિવિધ વ્યવસાય વાળાઓ હતા. સારી સંખ્યાનો મેળાવડો થયો. આશા હતી તેમાં પડ્યો પડી આ કાર્યમાં વેગ આવશે. તે અપેક્ષા પણ પાર પડી નહિ. તેમાં પણ એમ થઈ ગયું લાગે છે કે, સંમેલનમાં હાજર રહી સાથ આપ્યો, પ્રેમપૂર્વક બહુ દહાડે હળ્યા મળ્યા, આનંદપ્રમોદ કર્યો, સંસ્થાની પ્રગતિ જોઈ વિશેષ આનંદ થયો, સંતોષ થયો અને બધા વેરાઈ ગયા.

**અને** બધું ઠંડુગાર થઈ ગયું.

**આમ** તો કેમ ચાલશે? નવીન પ્રકાશ, પ્રેરણા અને પુનશ્ચ હરિ ૐ માટે ઝંખી રહ્યા છીએ.

**આ** કામ સમુહનું છે – ભેગા મળીને કરવાનું છે. એમાંય ફંડ–ફાળાના કામ માટે પાંચ–સાત સાથે ચાલનારની જરૂર પડે છે અને તેની દરેકને અપેક્ષા પણ રહે છે. પરંતુ સાથે ચાલી નીકળનાર જૂથ બંધાયાં નહિ અને તેની અપેક્ષા રાખતાં–રાહ જોતાં એક બીજાના મોં સામે જોઈને બેસી રહેવા જેવું બન્યું. સમુહમાં થાય તો ભલું છે. તેમ ન થાય તો સાથે ચાલનારનો વિચાર પડતો મૂકી ન શકાય?

જે કોઈ વ્યક્તિ આ કાર્ય તરફ અભિમૂખ છે, કંઈક લાગણી ધરાવે છે, કંઈક કરવાની પોતાની થોડી ઘણી ફરજ સમજે છે તે જ્યાં હોય ત્યાં તથા બીજે જવાની જરૂર હોય તો તેમ કરી, જે કંઈ થઈ શકે તે કામની–ફંડના કામની શરૂઆત કરે. મરણતોલ ઓટમાં સપડાયેલ સુવર્ણ જયંતીના કાર્યને આગળ ધપાવવાનો આ જ એક માત્ર ઉપાય નજરે પડે છે.

**મહાકવિ** રવિન્દ્રનાથ ટાગોરની કાવ્ય પંક્તિ 'તારી હાક સુણી કોઈ ન આવે તો તું એકલો જા ને!' ને આપણું ધ્રુવસુત્ર બનાવવાની જરૂર છે. ગાઢ સુષુપ્તિમાં સંચાર કરવાનો આ મહામંત્ર છે.

**સૌ** કોઈ બીજાની રાહ જોયા સિવાય એકલા જ કામને પુનઃ શરૂ કરે. હવે તો હાક મારવાને સમય પણ હાથ ઉપર રહ્યો નથી.

વ્યક્તિ પોતાની ફરજ બજાવશે તો સમગ્રની ફરજ આપમેળે બજાવાઈ જશે.

**એકલો જા ને!**

# કૃષ્ણ જયંતી

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ

હજારો વર્ષ થઈ ગયાં. હજારો વર્ષ ઉપર શ્રીકૃષ્ણનો જન્મ થયો. ઘણાએ જનમ્યા અને ઘણાએ મર્યા. લોકો કોઈને યાદ કરતા નથી અને શ્રીકૃષ્ણને કેમ યાદ કરે છે? લોકો શ્રીકૃષ્ણની આરતી કેમ ઉતારે છે? શ્રીકૃષ્ણની જયંતી કેમ ઉજવે છે?

એ સમયે ભારતમાં રાજવીઓ હતા. જરાસંઘ જેવા રાજવીઓ હતા. લોકોને લૂંટતા હતા અને ત્રાસ આપતા. લોકોની જાનમાલની સલામતી નહોતી. રાજવીઓ પોતાને સર્વ સત્તાધીશ માનતા. એમની સત્તાનો પડકાર કરનારાને અગર તો એવો સ્હેજ વ્હેમ આવે તેને કારાવાસમાં ધકેલી દેતા.

પ્રજા ત્રાસી ગઈ હતી.

એ ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરી. એ માટે કૃષ્ણની પૂજા આજે પણ થાય છે, એ કારણે એમની જયંતી ઉજવાય છે.

એ સમયે કૌરવો–દુર્યોધનનું રાજ્ય હસ્તિનાપુરમાં હતું. સૌ રાજવીઓમાં એ મહાન.

પણ એણે ન્યાયને નેવે મુક્યો હતો.

એ સમયના કાયદા અનુસાર પાંડવો એના રાજ્યના હકદાર હતા. એ હક એણે ડુબાવ્યો. ન્યાયને માટે પાંડવોનું પડખું લેનાર કોઈ મળ્યો નહિ. દેશમાં રાજવીઓ તો ઘણા હતા પણ કૌરવો જેવા શક્તિશાળી સાથે વેર બાંધવામાં સૌએ જોખમ જોયું.

શ્રીકૃષ્ણ પાંડવોના–ન્યાયના પડખે ઊભા રહ્યા એમના સારથિ–માર્ગદર્શક તરીકે એમનું કામ કર્યું

પ્રજાનો ત્રાસ નિવારવા શ્રીકૃષ્ણે કામ ઊપાડ્યું. રાજવીઓના ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરી એથી શ્રીકૃષ્ણને પ્રજા યાદ કરે છે. ન્યાયના પડખે ઊભા રહી કૌરવો જેવા શક્તિશાળી સામે પાંડવોને સાથ આપ્યો. માટે લોકો એમની નહિ પણ ન્યાયની આરતી ઉતારે છે.

કૃષ્ણ જયંતી એટલે માત્ર હિંડોળા વગેરે પ્રદર્શનો નહિ. કૃષ્ણ જયંતી એ ન્યાય અને જનતાના પડખે ઊભા રહેવાની–સૌ માટે સહન કરવાની તમન્ના મેળવવાનો દિવસ.

શ્રીકૃષ્ણે દ્વારકામાં રાજ્ય સ્થાપ્યું. એ રાજ્ય પ્રજાસત્તાક. દ્વારકામાં એમણે બીજા રાજવીઓની જેમ રાજાશાહી ના સ્થાપી પણ લોકશાહી તંત્ર સ્થાપ્યુ દ્વારકામાં એ સરમુખત્યાર ના બન્યા પણ પ્રજાના એક પરમ સેવક બન્યા.

આથી લોકોના હૃદયમાં એમણે સ્થાન મેળવ્યું અને લોકો એમને હજારો વર્ષ પછી પણ વિસરતા નથી અને એમની આરતી ઉતારે છે.

દેશમાં અવ્યવસ્થા અને ગુંડાગીરી હતી મારે એની તલવારનું રાજ્ય હતું. ગમે તેની મિલકત જોરતલબીથી પડાવી લેવાનું ચાલતું, દેશમાં અંધેર અને અંધાધૂંધી વ્યાપી ગઈ હતી રાજવીઓ અને અગ્રણીઓ સત્તા સાચવવામાં પડ્યા હતા.

એ વખતે શ્રીકૃષ્ણે કુનેહથી એવા ગુંડા તત્વો–અસામાજિક તત્વોને કાબૂમાં લીધાં; અને દેશમાં કાયદો અને વ્યવસ્થાનું રાજ્ય–સુલેહ શાંતિનું રાજ્ય સ્થાપ્યુ.

અને તેથી શ્રીકૃષ્ણની પૂજા થાય છે.

શ્રીકૃષ્ણે લોકોને બતાવ્યુ. પ્રજાસત્તાકમાં અગ્રણીઓ ખોટા રસ્તે ચઢી જાય અને સત્તાના મદમાં રાચે તો પ્રજાસત્તાક તંત્રનો અંત આવે છે. દ્વારકામાં અગ્રણીઓ–યાદવો દુરાચારના રસ્તે ચઢ્યા અને સત્તાના મદમાં અંધ બન્યા, અને સત્તાની ખેંચાખેંચીમાં પડ્યા. એના પરિણામે દ્વારકાના પ્રજાસત્તાક તંત્રના પાયા હાલી ગયા અને ઈમારત પડી ભાગી.

લોકશાહી અને પ્રજાતંત્રમાં માનનારાઓ માટે દ્વારકાનો ઈતિહાસ આંખ ઉઘાડવા માટેનો છે.

એની સાથે દ્રોણાચાર્ય અને ભીષ્મ જેવા પરમ શક્તિશાળી અને પવિત્ર મહાનુભાવો દેશ અને સમાજ પ્રત્યેની ફરજ વિસરી માત્ર રાજ્ય–રાજા પ્રત્યે વફાદારી રાખવાના કારણે શું પરિણામ આવે છે તે પણ આપણને શ્રીકૃષ્ણે બતાવ્યું.

દ્રૌપદીના ચીર ભરદરબારમાં ખેંચાયાં. પવિત્ર મહાનુભાવો દ્રોણાચાર્ય અને ભીષ્મના હાજરીમાં. આ બંને મહાનુભાવો એ જોઈ રહ્યા; પણ કૌરવોને આ દુષિત કાર્ય કરતાં રોક્યા નહિ. એમાં એમની રાજ્ય–પ્રજા પ્રત્યેની વફાદારી હતી કે એમનાં મોઢાં સોનાના દોરાથી સિવાઈ ગયેલાં હતાં!

રાજ્ય કે અગ્રણીઓ ખોટું કરતા હોય છતાં ખોટી વફાદારી –શિસ્તની ભાવનાથી અગર તો સોનાના દોરાથી મોઢા સિવાયાથા-પૈસા, હોદ્દા કે ખુરશીની લાલચથી ખોટાં કામો ન રોકનારા સમાજને અને દેશને નુકસાન કરે છે એટલું જ નહિ પણ જેની સેવા કરે છે તેની પણ પાયમાલી કરે છે.

દ્રોણાચાર્ય અને ભીષ્મે દ્રૌપદીનાં ચીર ખેંચાયાં ત્યારે કૌરવોનો વિરોધ કર્યો હોત, એમને રોક્યા હોત તો કૌરવોને બચાવી શકત તેમ દેશની પાયમાલી પણ રોકી શકત.

કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં વપરાયેલ હથિયારો આજનાં જેવાં અદ્યતન ન હતાં. એમાં આખાએ દેશના નાના મોટા રાજવીઓ અને શુરવીરોએ ભાગ લીધો. મોટા વિદ્વાનો પણ એમાં હોમાયા.

એ યુદ્ધમાં એ શક્તિ, એ કળા, એ જ્ઞાન, સવસ્વ હોમાઈ ગયું. [ અનુસંધાન પાન ૩ ઉપર

# સત્તા વિના સેવા શકય છે.

ગુલબાનુબેન એન. ખોજા : શિક્ષિકા, સર્વ વિદ્યાલય–કડી

સત્તાના ત્રણ પદો છે. સત્તા, સેવા અને જ. એમાંનું પ્રથમ સત્તા. એટલે પ્રભુતા અથવા અધિકાર. ( અસ્તિત્વ જે વેદાંતનો અર્થ છે, તે આમાં નથી. ) સેવા એટલે કે નિઃસ્વાર્થ ભાવે કરેલું પરહિતનું કાર્ય. આ સેવા કોઇપણ કલા જેવી કે સાહિત્ય, ચિત્ર, શિલ્પ, સંગીત વગેરે દ્વારા મનુષ્યનું ઊર્ધ્વીકરણ કરીને થઇ શકે અથવા સમાજ સુધારણા દ્વારા, મનુષ્ય જાતિનાં અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, અસ્વચ્છતા વગેરે દૂર કરીને થઈ શકે અથવા જુલ્મી રાજ્યોનો લોકક્રાન્તિ દ્વારા પલટો લાવી થઇ શકે. સેવા અનેક પ્રકારની હોય છે. પરંતુ એમાં જનસેવા શ્રેષ્ઠ છે, કારણ કે જનસેવા એ જ પ્રભુસેવા છે. હવે જ વિષે જોઇએ. પ્રસ્તાવમાંનું જ પદ સૂચવે છે કે સત્તા સિવાય સેવા સંપૂર્ણપણે અશકય છે. એટલે કે It is totally impossible. જે વિશ્વના સમગ્ર ઇતિહાસને જૂઠો ઠેરવવાની ધૃષ્ટતા કરે છે. ગૌતમબુદ્ધ, મહાવીર સ્વામી, કોન્ફ્યુશિયસ, વાલ્મીકી, સંત તુલસીદાસ, સંત રામદાસ, રાજારામમોહનરોય, દયાનંદ સરસ્વતી, ગાંધીજી અને વર્તમાન સમયના વિનોબા ભાવે તથા રવિશંકર મહારાજ વગેરેએ જે સેવા કરી છે અને જે કરી રહ્યા છે, તેને માટે સત્તાની કોઇ ઓથ શોધી નથી. અને આથી જ તેમની નિર્ભેળ સેવાઓની વિશ્વમાં કદર થઇ છે. વસ્તુતઃ તે જ સેવકો અમર્યાદિત લોકચાહના પામ્યા છે જે સત્તાથી અલિપ્ત રહ્યા છે.

સારાંશ એ છે કે સત્તા વિના જ સેવા શકય છે અને એ જ સેવા નિઃસ્વાર્થ હોય છે.

પ્રથમ દષ્ટિએ કદાચ એમ લાગે કે સત્તાના આશ્રયથી સેવા સુગમ બનશે, પરંતુ અનુભવે સમજાશે કે સત્તારૂપી સપત્નીના ( શોક ) આગમનથી સેવા પિયરવાસ સ્વીકારે છે. સૌ પહેલાં તો સત્તા મેળવવા માટે અને તે પછી ટકાવી રાખવા માટે એટલાં બધાં કપટ, છલ અને કાવાદાવાનો આશ્રય લેવો પડે છે કે સેવાની ભાવના જ ગૂંગળાઈ સદંતર નાશ પામે છે. કોઈ મહાનુભાવ કદાચ એને ઑકસીજન આપી જીવતી રાખી શકે તો પણ સત્તાએ આણેલાં અભિમાન સામે એનું અસ્તિત્વ બૂઝાતા દીપકથી વિશેષ હોતું નથી. વિનોબાજીએ ઠીક જ કહ્યું છે કે સેવાનો આંક ગર્વના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.

દા. ત. કોઈ મનુષ્ય એક શેર સેવા કરે અને ચાલીસ શેર અભિમાન કરે તો તેની સેવાનો આંક $\frac{1}{40}$ થાય. જ્યારે બીજો કોઇ મનુષ્ય એક તોલો સેવા કરે અને અભિમાન શૂન્ય હોય તો, એક ભાગ્યા શૂન્ય એટલે કે ઇન્ફીનીટીવ અર્થાત્ અમાપ સેવા કરી કહેવાય. ટૂંકમાં સત્તા ગર્વ લાવે છે જે સેવાનો મોટામાં મોટો દુશ્મન છે. આથી સેવા કરનારે સત્તાથી દૂર જ રહેવું ઇચ્છનીય છે. મારા મત પ્રમાણે સત્તા સિવાય જ સેવા ઉત્તમ થઇ શકે છે. નીતિશાસ્ત્રમાં પણ સત્તાને ચારમાંનો એક અનર્થ કહ્યો છે. જે મનુષ્યનો નાશ કરવા સમર્થ છે.

કૃષ્ણ જયંતી [ પાન ૩ ઉપરનું ચાલુ ]

દેશ હજારો વર્ષ પાછો ધકેલાયો એટલું જ નહિ દેશની શક્તિ હણાઈ ગઇ.

મહાભારતનું યુદ્ધ કૌરવ પાંડવોના વિખવાદે અને વેરઝેરને લઇને થયું. બન્ને કાકાના દીકરા–એક જ ઘરના પરસ્પર લડ્યા. એમાં સગા સંબંધીઓ, કાકા મામા સર્વનો નાશ થયો. દ્રોણાચાર્ય અને ભીષ્મ જેવા દુઃખના ભર્યા રણમાં પડયા.

પરંતુ પાંડવો જીત્યા ખરા પણ એમને જીત ભારે પડી. હિમાલયમાં જઇ દેહ વિલિન કરવા પડયા.

આંતરિક કલહ કુટુમ્બ અને દેશની પાયમાલી નોંતરે છે.

સમાજમાં આપણે ફરજ ચૂકયા છીએ. સૌ કોઇ ખુરશીના ઝગડામાં પડયા છીએ. જમીનો પડાવી લેવામાં પડયા છીએ. પગાર અને મોંઘવારીના રટનમાં ફરજ ચૂકયા છીએ. આપણે આપણું કામ–ફરજ વિસરતા જઈએ છીએ.

પણ આપણે તો બાહ્ય આચાર–રૂઢિગત આચારમાં પડી ગયા છીએ. કૃષ્ણ જયન્તી ઉજવીએ છીએ છતાં કૃષ્ણને–કૃષ્ણની દોરવણી–કૃષ્ણની શીખને વિસરએ છીએ.

એને બદલે મંદિરમાં કૃષ્ણને હિંડોળામાં હીંચોળીએ છીએ. મજાક કરીએ છીએ.

જે કૃષ્ણ સુદર્શન–ચક્રનો ધારણ કરનાર, જે કૃષ્ણ નરાધમ જરાસંઘ જેવા રાજવીઓનો નાશ કરનાર, જે કૃષ્ણ પ્રજાને ત્રાસમાંથી મુક્ત કરનાર, જે કૃષ્ણ લોકતંત્ર સ્થાપનાર અને જે કૃષ્ણ ન્યાયના પક્ષે ઊભા રહેનાર એ કૃષ્ણ આપણને પ્રેરણા આપે એ સારૂ કૃષ્ણ જયન્તી. આજે એની ખૂબ જરૂર છે.

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧૩૩૧૩૯) આગળનો સરવાળો
૨૫૧) શ્રી રણછોડભાઈ સેંધાભાઈ પટેલ –કડી
૨૫૧) શ્રી કે. પુ પટેલ –ભાવનગર
૧૩૩૬૪૧)

### સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી તુલસીદાસ જીવરામદાસ પટેલ
આચાર્ય, ગોઝારિયા હાઈસ્કૂલ–ગોઝારિયા

૧૦૦૧) નહેરુ સોપ ફેક્ટરી
હા. શ્રી શંકરભાઇ રેવાભાઇ તથા
શ્રી કેશવલાલ હીરાભાઈ
ગોડાઉન બજાર, મહેસાણા

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ-કડી

## ડૉ. હરગોવિંદ ખોરાના

અમેરીકાની વિસ્કોન્સીન યુનિવર્સિટીનું વિશાળ કેમ્પસ અને તેની આજુબાજુ ગગનચુંબી વૃક્ષોની ઘટા આવેલી છે. ત્યાંના રસ્તા ભૂલભૂલામણીભર્યા છે. આ વનરાજીની ઘટામાં એક 'કૉટેજ' છે. આ કૉટેજ એક વિશ્વવિખ્યાત પુરુષનું નિવાસસ્થાન છે. આ પુરુષ પ્રકૃતિએ શરમાળ છે. છાપાવાળા અને પ્રસિદ્ધિથી દૂર ભાગતો ફરે છે છતાં પ્રસિદ્ધિ તેની દાસી બની તેના ચરણમાં આળોટે છે. તે પોતાની પ્રયોગશાળાને જ પોતાની દુનિયા માને છે. આ પુરુષ પ્રયોગશાળામાંથી સીધો પોતાના નિવાસસ્થાને આવે છે અને પ્રકૃતિની ગોદમાં શાંતિ અનુભવે છે. જન્મે ભારતીય છે પણ કર્મે અમેરિકન છે. ભારત તેની જન્મભૂમિ-પિતૃભૂમિ છે. અમેરિકા તેની કર્મભૂમિ દત્તક દેશ છે. ૧૯૬૮ નું દેહધર્મવિદ્યા અને તબીબી-ઔષધવિદ્યાનું નોબલ પ્રાઈઝ તેને મળ્યું છે. આ પુરુષ તે વિજ્ઞાનવીર ડૉ. હરગોવિંદ ખોરાના.

ડૉ. ખોરાનાનો જન્મ ૧૯૨૨ ના જાન્યુઆરી માસની ૯મી તારીખે મધ્યપ્રદેશના રાયપુરમાં થયો હતો. શાળા-મહાશાળાનું શિક્ષણ રાયપુર અને લાહોરમાં પૂરું કર્યું. પંજાબ યુનિવર્સિટીમાંથી ઓર્ગેનિક કેમેસ્ટ્રીના સ્નાતક બન્યા. એવામાં દેશના ભાગલા પડયા. તેથી નિર્વાસિત બની ભારત આવ્યા. ઉચ્ચશિક્ષણ માટે બ્રિટન ગયા. ૧૯૪૮ માં લીવરપુલ યુનિવર્સિટીના પી. એચ. ડી. થયા ત્યાંથી સ્વીટઝરલેન્ડ જઈ થોડો સમય અભ્યાસ કર્યો. ત્યાંથી ભારત આવ્યા. ભારતમાં પોતાની કક્ષા અને બુદ્ધિપ્રતિભા પ્રમાણે નોકરી ન મળી તેથી પાછા બ્રિટન ચાલ્યા ગયા. ત્યાં ડૉ. એલકઝાન્ડર ટોડના સહયોગમાં 'ન્યુક્લીઓ ટાઈડ્ઝ' ઉપર સંશોધન કર્યું. નવ વર્ષ સુધી બ્રિટનમાં રહ્યા બાદ તેઓ કેનેડા ગયા ત્યાંની નેશનલ ઈન્સ્ટીટ્યુટમાં થોડો સમય કામ કર્યું. ત્યાંથી અમેરિકા ગયા. ૧૯૬૦ માં ત્યાં વિસ્કોન્સીન યુનિવર્સિટીમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્ઝાઈમ કેમેસ્ટ્રીમાં સંશોધક તરીકે જોડાયા અત્યારે એ જ સંસ્થામાં કામ કરી રહ્યા છે અહીં તેઓ પોતાનો બધો સમય સંશોધન પાછળ ગાળે છે. શિક્ષણકાર્યનો બોજો તેમને માથે નથી, કોઈક વખતે ઉચ્ચ વૈજ્ઞાનિક સમુહોમાં હાજરી આપવા પોતાની પ્રયોગશાળામાંથી બહાર જાય છે.

ન્યુકલીક એસીડ્ઝ પર સતત વીસ વર્ષ સુધી સંશોધન કર્યા પછી તેમને આ એસીડોના સંશ્લેષણની નવતર પદ્ધતિ હાથ લાગી. કૃત્રિમ નળીમાં ડી એન એ નું સંશ્લેષણ દ્વારા જીવન-નિર્માણની શક્યતા પ્રાપ્ત થઈ. આનુવંશિક સંહિતાના સંકેતો ખુલ્લા પડી જવાથી જીવશાસ્ત્રની એક ભાષાને બીજી ભાષામાં ફેરવી શકાશે

થોડા સમય પહેલાં ડૉ. ખોરાનાએ પ્રયોગશાળામાં 'કૃત્રિમજીવન'નું સંશ્લેષણ કર્યું છે. ડૉ. ખોરાનાની શોધોને પરિણામે એક નવા વિજ્ઞાનનો જન્મ થયો છે. જેને 'જીનેટીક એન્જીનીઅરીંગ' કહી શકાય.

ડૉ. ખોરાનાએ જન્મે સ્વીસ એવી યુવતી સાથે લગ્ન કર્યું છે. તેમને દશ વર્ષનો એક પુત્ર અને બે પુત્રીઓ છે. તેમના એક આશાસ્પદ સાથી છે. તે પણ ભારતીય છે. તેમનું નામ છે ડૉ. ઉદયરાજ ભન્ડારી.

૧૯૬૮ માં ડૉ. ખોરાનાને 'નોબલ પ્રાઈઝ' મળ્યું. આ પ્રાઇઝના સહવિજેતાઓ હતા ડૉ. માર્શલ વૉરન નીરેનબર્ગ અને હોલી. આ પછી ટૂંક સમયમાં Luisa Gross Horowitz award (રૂા. ૧૮૭૫૦૦) ડૉ. ખોરાના અને ડૉ નીરેનબર્ગને આપવામાં આવ્યો છે.

થોડાં વર્ષો પહેલાં ખાસ ધારો ઘડીને ડૉ ખોરાનાને અમેરિકાના નાગરિક બનાવવામાં આવ્યા. આને પરિણામે તેઓ અમેરિકાની ઉચ્ચ વૈજ્ઞાનિક કમિટિઓમાં સ્થાન મેળવી શકયા. આ કમિટિઓમાં સ્થાન મેળવવા અમેરિકન હોવું આવશ્યક છે. તેમના સહકાર્યકરના શબ્દોમાં 'તેઓ (ડૉ. ખોરાના) બહુ ભલા, ખુશમિજાજી અને મહામાનવ-નમ્ર અને સાચા ઉમદા માણસ' છે કેટલાક સાથીઓ તેમને 'વિજ્ઞાનીના વિજ્ઞાની' તરીકે બિરદાવે છે.

## વિજ્ઞાનની આગેકૂચ

સ્વીડીશ વૈજ્ઞાનિક-ટીમે એક નૂતન સંશોધન કર્યું છે. આ શોધને લીધે વિશ્વના ભૂખમરા સામે ઝઝુમવામાં બળ મળશે. ઉપશાલા યુનિવર્સિટીની વનસ્પતિ-દેહધર્મવિદ્યાની સંસ્થાએ ફલીકરણ કર્યા વિના વનસ્પતિ-કોષોનું સંકરણ કર્યું છે. આ ટીમના સુકાની છે પ્રો. ટેગ એરીકસન

આ વિજ્ઞાનીઓ મકાઈ અને ઘઉંનું સંયોજન કરવા વિચારી રહ્યા છે. આને લીધે વધારે પ્રોટીનવાળી અને ઝડપથી ઉગતી જાતિઓનું સંયોજન શકય બનશે. ડૉ. એરીકસનના કહેવા પ્રમાણે આ કાર્ય થોડા મહિનાઓમાં અથવા એકાદ-બે વર્ષમાં પૂરું કરી શકાશે ઉપશાલા ટીમે અત્યાર સુધીમાં ૩૦ વનસ્પતિ જાતિઓમાં કોષ-સંકરણ કર્યું છે ટમેટા અને તમાકુ તેમજ બટાટા અને તમાકુ વચ્ચે કોષ-સંકરણ સફળ થયું છે આ રીતે અન્ન અને રેષાની વનસ્પતિઓ વચ્ચે પણ કોષ-સંકરણ કરી શકાશે.

ડૉ. ખોરાનાના 'જીન' સંશ્લેષણ પછી આ શોધ એ વિજ્ઞાનનું એક આગેકદમ છે. ■

# વિદ્યાર્થીનું સ્વર્ગ : છાત્રાલય

પ્રા. મફતલાલ જે. પટેલ

સ્વર્ગની કલ્પનાઓ તો આપણે ઘણી કરી બેઠા છીએ. આપણા ધાર્મિક ગ્રંથોમાં સ્વર્ગ એ વિષે ઘણું ઘણું લખાયું છે, પણ તે સ્વર્ગનો આનંદ તો કાલ્પનિક રીતે જ આપણે મેળવી શકીએ. 'વાહ! આ કેરી તો અમૃત જેવી છે!' એમ કહીને કેરીને ખાઈએ છીએ, અમૃતની સાથે તેને સરખાવીએ છીએ, પણ અમૃતનો સ્વાદ કેવો છે તે જાણો છો? કેરીના રસ જેવો, મીઠો, ખારો, ખાટો કે કેવો? આનો કોઈ જવાબ નથી કારણ કે આપણને અમૃત ચાખવા મળ્યું નથી. અમૃત એવી વસ્તુ છે કે મળે તો આનંદ થાય સ્વર્ગ એવું સ્થાન છે કે રહેવા મળે તો આ જીવનનો ઉદ્ધાર થાય, પણ સ્વર્ગ તો મરણ પછી મળે કે ન મળે પણ વિદ્યાર્થી મિત્રો! સાચુ સ્વર્ગ તમારી પાસે છે, આ જીવનમાં જ જેને ભોગવી રહ્યા છો. સવારથી સાંજ સુધી રાત અને દિવસ જેમાં રહો છો. મૂંછાળી માની ભાખરીઓ ખાઓ છો. કોઈ જાતની ચિંતા વિના ભણો છો, જેને સંસારની કોઈ માયા અસર કરતી નથી. ચિંતાથી દૂર છો તેવું છાત્રાલય શું સ્વર્ગ નથી? સરસ્વતીની આરાધના અભ્યાસ માટે તપ, જીવનઘડતર ને સંયમની સાધના ને આમાંથી ઉત્પન્ન થતો આનંદ સ્વર્ગલોકમાં પણ નહિ મળતો હોય.

પણ છાત્રાલય જો 'લોજિંગ ઍન્ડ બૉર્ડિંગ' 'ખાઓ અને પડયા રહો' એટલું જ બની જાય તો તે નર્ક થાય. આજે ઘણા છાત્રાલયો નર્કાગારનું કાર્ય કરે છે પણ વિદ્યાર્થીઓ ધારે તો એને સ્વર્ગ બનાવી શકે.

શું છાત્રાલયને સ્વર્ગ બનાવવું છે? સ્વર્ગનો આનંદ છાત્રાલયમાંથી મેળવવો છે? આનંદનો જન્મ સાચા હૃદયથી ધ્યેયલક્ષી મહેનત કરવાથી મળે. છાત્રાલયમાં વિદ્યાર્થી વધુમાં વધુ સમય પોતાની રૂમમાં પસાર કરે છે, તો રૂમને પ્રથમ સ્વર્ગ બનાવો. રૂમમાં તમે તમારી જગ્યા ઉપર છો? તમારી વસ્તુઓ યોગ્ય સ્થાને છે? કબાટમાં કે ટેબલમાં પુસ્તકો વ્યવસ્થિત રીતે ગોઠવાયાં છે? પુસ્તકોને પૂઠાં ચડાવ્યાં છે? પુસ્તકોની યોગ્ય જગ્યાએ તમારું નામ છે? પથારી યોગ્ય સ્થાને છે? રૂમમાં સ્વચ્છતા છે? કચરો વાળો છો? પોતું કરો છો? રૂમની દરેક વસ્તુઓ વિષે વિચારો ને જ્યાં સારી રીતે શોભે ત્યાં વસ્તુઓને ગોઠવો. રૂમ એવી સુંદર બનાવો કે, જાણે ભગવાનનું મંદિર સ્વર્ગનો આનંદ રૂમ સ્વચ્છતામાંથી, વ્યવસ્થામાંથી જન્મે છે. પાણીના પીવાતા ગ્લાસ, લાઇટની ગોઠવણી, સંસ્થાની રૂમ માટે વાપરવા માટે આપેલી વસ્તુઓ બરાબર રાખો ને સારી રીતે રાખો.

રુમમાં કેટલા છોકરાં છે? માનો કે ત્રણ તો ત્રણ સાથેના સંબંધો સુખમય ક્યારે બને? જ્યારે બીજા માટે ત્યાગ કરવો પડે ને બીજા માટે શ્રમ કરવો પડે, મિત્ર સાથે પ્રેમ, ભૂલો ભૂલી જવી, જતી કરવી, ખ્યાલમાં ન લેવી. ટીકા-ટીપ્પણો કદી ન કરવી. એક-બીજાના સારા ગુણોની પ્રસંશા કરવી ને એક-બીજાના કાર્યોમાં મદદરૂપ થવું. ચર્ચાઓ પણ નિખાલસ રીતે થવી જોઇએ પારસ્પરિક પ્રેમ વર્તનમાંથી જન્મે છે ને સ્વર્ગથી પણ વિશેષ આનંદ આપે છે સ્વર્ગનો આનંદ સ્નેહ, સહાનુભૂતિ ને સમાયોજનમાં છે.

રૂમમાં હળવે હળવે ચાલો ને હળવે હળવે બોલો. નિયમિતતા પાળો, થોડા સમયમાં વધારે કામ કરવાની ટેવ પાડો. અનિયમિતા જ સર્વે દુઃખો, રોગો, આપત્તિઓનું મૂળ છે. અનિયમિત માણસ ક્યાંય સફળતા સિદ્ધ કરી શકતો નથી. સફળતા મેળવવી છે? સિદ્ધિ પ્રાપ્ત કરવી છે? જીવનના કોઇપણ ક્ષેત્રમાં આગળ આવવુ છે? પરીક્ષામાં સારાગુણ મેળવવા છે? તો નિયમિતતા જ અગત્યની છે. વાંચવામાં, બોલવામાં, ખાવામાં, ફરવામાં નિયમિતતા પાળો. સંસ્થામાં નિયમિત બનશો તો તમને તમારા ગૃહપતિ ગમશે. જે કામ કરો તે સાચા દિલથી કરો ને થોડા સમયમાં જ પૂરું કરો, મેદાન સફાઇ કરવી છે? તો દોડો ને પૂરી કરો. રૂમ સફાઇ? તો હાલ જ. ગૃહકાર્ય તો હાથમાં લીધું ને સારી રીતે પૂરું કર્યું જ. ઓછા સમયમાં વધુ કામ કરો ને સારી રીતે કરો. સમય બચાવો. જો સમય બચાવતાં શીખશો તો પોતાની જાતને બચાવી શકશો. જીવન ટૂંકું છે ને કાર્યો અનહદ છે. છાત્રાલયમાં સ્વર્ગનો આનંદ કાર્યકુશળતા નિયમિતતામાંથી જન્મે છે આપણે જેટલા નિયમિત તેટલી સફળતા વહેલી. સૌથી આગળ જવું હોય તો નિયમિતતા જ લઇ જશે.

સવારે વહેલા ઊઠો. જો કે કઠિન તો પડશે પણ સારી ટેવો પાડશો તેટલો ફાયદો છે. ખરાબ ટેવ જલ્દી પડી જાય ને જલ્દી પાડી પણ દે. બીડી પીવાની ટેવ ન પાડવી હોય તો પણ પડી જાય પણ આપણે છાત્રાલયને સ્વર્ગ બનાવવું હોય તો ટેવોનો ત્યાગ મહત્વની બાબત છે. નહિ તો આ નહિ —અરે! માથું દુખ્યું, મન ભટકતું થયું ને સુખ ગયું. જેથી કુટેવો જ માનવીની શક્તિને બગાડનારી વસ્તુઓ છે. કોઇપણ જાતની કુટેવોમાંથી છૂટવા માટે મનને કાબૂમાં રાખો, સારાં પુસ્તકો વાંચો, મહાપુરુષોનાં ચરિત્રો વાંચો, જીવનનાં મૂલ્યોને સમજો સારા-ખોટાને ઓળખતાં શીખો. પોતાનું ચિંતન કરો. પોતાને ઓળખો. પોતાના આદર્શ માટે પોતાની સમક્ષ કોઇ મહાપુરૂષને રાખો પછી જુઓ કે સ્વર્ગનો આનંદ છાત્રાલયમાંથી મળે છે કે નહિ?

શ્રમ કરવામાં, કચરો વાળવામાં નાનમ શાની? શ્રમ કરવાની તક મળે તો તે માટે હરીફાઇ કરો. સમૂહ કાર્ય એટલે

[ પાન ૮ ઉપર ચાલુ




: સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપવા વિનંતી છે. :

# માનવ

ડૉ. રણજીત પટેલ
(અનામી)

હજારો વર્ષોની વિરલ પથયાત્રા નિયતિના
ક્રમે, ધૈર્ય - સ્થૈર્ય પ્રબલ પ્રતિકારે મનુજ આ
ઉભો સંક્રાન્તિના પથ પર, ન યાત્રા અટકતી
પ્રતિકારે એની ગુપ્ત ઉરશ્રી શી પ્રગટતી !

આમિષ - કંદ ને ધાન્યે શિકારી - વન્ય - કૃષક
અગ્નિ, ચક્ર, કળે. યાને આંબતો ચન્દ્રનો પથ,

છો મર્ત્ય તો ય અમરત્વ તણી મનીષા,
છો સાન્ત તો ય મનમાંહી અનંત દીક્ષા.
માનવ્યની ધબકતી કશી પ્રાણ - ઝંખા !
થાતો નહીં અમર તો ય કશી જિજિવિષા !

સ્રષ્ટાની સૃષ્ટિમાં મોંઘું એક માનવી - સર્જન,
આજની સૃષ્ટિમાં છો ને થાય સોંઘુ વિસર્જન:

આ માનવી અજબ સર્જન વિશ્વકેરું,
નિસર્ગ - સર્જન - ક્રમે પદ છે અનેરું.
એનાથી ના પર કંઇ, નહીં દેવ, દેવ
આ સૃષ્ટિનો મનુજ, ભોગવતો જ સેવ.

અને આ જગના જેવું એક આશ્ચર્ય માનવી
વિકસ્યો આટલો તો યે ભીતરે છૂપતા કપિ !

એ છે પશુ - માનવ, માનવી - પશુ,
પશુ અને માનવ કેરું મિશ્રણ !
ચડે, પશુ - માનવ દેવ - દૈવત
પડે, પશુની પશુતા ય ન્યૂન !

પડવામાં ન્યૂનતા, સાચ્ચી મહત્તા ચઢવા મહીં,
ચઢવા - પડવા કેરી :વ્યવસ્થા અવરે કયહીં ?

એ છે એની આગવી સત્ત્વસિદ્ધિ
વિકાસનું ગૂઢ રહસ્ય - હાર્દ
બને કદી ક્રૂર કદી દયાર્દ્ર.
સાચે - સ્ક્રૂના પેચ શી કૈંક સિદ્ધિ.

એની અપૂર્ણતા ના છે સ્થૂલ ભૌતિક સિદ્ધિમાં,
જલે, ચલે, નભે એનો દોર ને તોર ચાલતો.

અપૂર્ણતાનું નવ દુ:ખ વાસ્તવ
અપૂર્ણતા - અસ્તિ વિકાસ-કારણ
અપૂર્ણતાના ક્રમણે ખરૂં સુખ,
અપૂર્ણતા માનવ - જાતિ - તારક !

એની અપૂર્ણતા ગૂઢ - અમેળ બુદ્ધિ - ઉરના,
જગે ભણકારા વાગે આ વિસંવાદી સૂરના.

એથી જ ચંઘીઝ, તિમૂર, હિટલર,
મુસોલિની વિશ્વ મહીં યુગે યુગે
ગાંધી, ઇશુ, બુદ્ધ, અશોક, મા'વીર,
સદેહ સંવાદ શું જન્મી ઝૂઝે

આ બધાં ઘર્ષણોમાંથી અન્તે સંવાદ જન્મશે
કૈંક એટમ બોમ્બોથી અહિંસા અદકી થશે.

આ વિશ્વનો માનવસિંધુ રાજે,
મલિન કૈં માનવબિંદુ ગાજે,
મલિન સિંધુ નહિ બિન્દુ અલ્પે,
અસારદેખી કટુ જીભ જલ્પે !

આખરે મૃત્યુથી ઝાઝું જોર ગર્ભિત જીવને,
આશા શ્રદ્ધા, રતિ પ્રેરે સુખ સંવેદનો મને:

શકે લહી માનવને જ માનવ
શકે ચહી માનવને જ માનવ
પડે પડે તો ય નિગૂઢ કર્ષણે
ચહે સહે માનવને જ માનવ,

આજ છો સૃષ્ટિમાં સોંઘુ થાય તેનું વિસર્જન
નિષ્ઠા - પૂત સરે ઉર ! કરો શ્રદ્ધાનું અર્જન :

સ્રષ્ટાની સૃષ્ટિમાં મોંઘુ એક માનવી - સર્જન :
ગાંધી, બુદ્ધ. મહાવીર, ઈશુનું એ જ સર્જન,
ઉત્ક્રાંતિના ક્રમે એ તો અનન્તે કરશે ગતિ,
આશાવાદે ભર્યું ચિત્ત, ગુંજતી માહરી મતિ :

થાતો નહીં અમર તોય કશી જિજિવિષા !
માનવ્યની ધબકતી કશી પ્રાણઝંખા !
છો મર્ત્ય તો ય અમરત્વ તણી મનીષા,
છો સાન્ત તો ય મનમાંહી અનંત - દીક્ષા.

---

**ક્ષમા યાચના**

'સુવર્ણ જયન્તી'નો આ ૪૭મો અંક ૨૭-૮-૭૦ના રોજ બહાર પાડવાનું ૪૬મા અંકમાં જણાવેલું પરંતુ પરીક્ષાના પ્રશ્નપત્રોના કામકાજને લઇને ઊભી થયેલી ગણત્રી બહારની છાપખાનાની પ્રતિકુળતાને કારણે ૧૦-૯-૭૦ના રોજ પ્રસિદ્ધ થાય છે. આ વિલંબ માટે ક્ષમા યાચીએ છીએ.

—તંત્રી




[ પાન ૫ ઉપરનું ચાલુ ]

મારું એમ માની સમૂહનું કાર્ય કરવા તત્પર થઇ જાઓ, તે પહેલાં કરો. શ્રમમાંથી, કે શ્રમ કર્યા પછી જે આનંદ મળે છે તે તો સ્વર્ગથી પણ વિશેષ છે. નાનામાં નાની વસ્તુની નોંધ રાખો. એક પૈસો પણ વાપરો તેનો હિસાબ રાખો. પોતાની પાસે કેટલી વસ્તુઓ છે તેની ડાયરી રાખો. દરરોજની નોંધ રાખો. સાંજે સૂતી વખતે ઇશ્વરની પ્રાર્થના કરો. પોતાને વિષે ચિન્તન કરો. કોઇ આપણને ધમકાવે કે આપણી મશ્કરી કરે તો આપણી ભૂલો શોધો કે મારા માટે એવું કેમ બન્યું ? જાણે અજાણે બીજાની ભૂલ કરી હોય તો માફી માગો, તો સ્વર્ગનો આનંદ મળશે. દરેક પ્રવૃત્તિમાં ભાગ લો, ચર્ચાઓમાં ભાગ લો, પોતાના વિચારો જ પરિપૂર્ણ છે તેવું કદી ન માનો, બીજા ને સમજવા પ્રયત્ન કરો ને સાચી વસ્તુને, વિચારને સ્વીકારતાં શીખો. દુનિયા ગત્યાત્મક છે. પરિસ્થિતિ અને વાતાવરણ પ્રમાણે માનવ જરૂરિયાતોને વિચારો બદલાય છે. તે સમજો ને યોગ્ય લાગે તે જીવનમાં ઉતારો. સાચી બાબતોને જલ્દીથી પકડી લો ને ખોટી બાબતોને તાત્કાલિક છોડી દો. પછી જુઓ. સ્વર્ગનો આનંદ મળે છે કે નહિ !

વિદ્યાર્થીમિત્રો ! આપણા ઘડતર માટે આજે છાત્રાલય જ મુખ્ય વસ્તુ છે. જો તેને આપણે સ્વર્ગ બનાવીએ તો કેટલો આનંદ થાય ? પેલા સ્વર્ગમાં રહેવાનું મળશે ત્યારે મળશે પણ જેમાં રહીએ છીએ તેને શું આપણે સ્વર્ગ ન બનાવી શકીએ ?

# સંસ્થા સમાચાર

ટેકનિકલ હાઇસ્કૂલનું છાત્રાલય વપરાતું થયું છે. એમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓને રહેવાની સગવડ થઈ છે. આથી જૂના વિદ્યાર્થીઆશ્રમમાં ખૂબ ભીડ-સંકડાસ હતી તે ઓછી થઈ છે. આ મકાનમાં સ્નાનઘર તથા જાજરૂની વ્યવસ્થા છે અને તેનાં જોડાણ કરવાનાં બાકી છે.

ટેકનિકલ સ્કૂલનું ઉપરનું કેબીન, કૉલેજ હોસ્ટેલનું રસોડું અને રેકટરના બંગલા ઉપરના કેબીનના સ્લેબ ભરવાની તૈયારી છે પણ લોખંડના સળિયાના ભાવ આસમાને ચઢયા છે. એ ભાવ આપીને પણ કામ પૂરાં કરવા નિશ્ચય છે.

... ... ...

સંસ્થામાં કરાવેલા ટયુબવેલને વીજળીનું જોડાણ મળ્યું છે. મીઠું પાણી બાર કોસનું મળે છે. બોરનું પાણી ટાંકીમાં નાંખવાની વ્યવસ્થા થઈ ગઇ છે. ટાંકીથી કોલેજની હોસ્ટેલ સુધી પ્રેસર પાઇપ લાઇન નાંખવામાં આવી છે. આ પ્રેસર પાઇપમાંથી હૉસ્ટેલો, વિદ્યાલય અને કૉલેજ વગેરેને જોડાણ આપવામાં આવશે.

... ... ...

ફાર્મ મિકેનિકના કોર્સનો વર્ગ શરૂ થઇ ગયો છે.

એના શિક્ષણ માટે સમય-પત્રક ગોઠવવામાં આવ્યું છે અને એ સમય પત્રક મુજબ શિક્ષણનું કામ ચાલે છે. વર્ગ વ્યવસ્થિત ચાલે છે. ઇલેકટ્રીક મોટર, ઓઇલ એન્જિન આવી ગયાં છે. આ મહિનાની આખર સુધીમાં ટ્રેકટર વગેરે આવી જશે. જૂનું એક ઑઇલ એન્જિન મળ્યું છે. બીજું જિલ્લા પંચાયતમાંથી હરરાજીમાં ખરીદ્યું છે. આ જૂનાં એન્જિનોના ભાગે ભાગ છૂટા કરી જોડવાનું વિદ્યાર્થીઓ કરશે, અને ઓઇલ એન્જિનનું પ્રત્યક્ષ શિક્ષણ મેળવશે. એમને શિખવવા શિક્ષક મદદમાં રહેશે. ઉપરાંત એન્જિનો, મોટર વગેરેની રચના વગેરે પણ શીખવવામાં આવશે. આમ માત્ર પુસ્તકિયા જ્ઞાન ઉપરાંત પ્રત્યક્ષ જ્ઞાન આપવાની વ્યવસ્થા કરી છે.

... ... ...

કેમ્પસમાં મોટા રસોડાના પાછળ લીંબુડીઓ ઉગાડવામાં આવી છે, ત્રણ વર્ષની થઈ છે. બીજી આ સાલે રોપવામાં આવશે.

આસોપાલવ, ગુલમહોર અને આંબાના રોપ રોપવામાં આવ્યા છે. આંબા બધા ઉછરતા નથી પણ ઉછેરવા પ્રયાસો થઇ રહ્યા છે.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૧૦-૯-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : તા. ૧૭-૯-૭૦ [ અંક ૪૮


## છાત્રાલય : ઉચ્ચ શિક્ષણનું લૂલું અંગ

શ્રી ઉમાશંકર જોશી

ઉચ્ચ શિક્ષણનો વિચાર કરીએ છીએ ત્યારે એમ લાગ્યા વગર રહેતું નથી કે એનું છાત્રાલયનું અંગ લૂલું છે. માધ્યમિક શાળાઓનાં છાત્રાલયો સંતોષકારક રીતે ચાલતાં હોય તો ગનીમત.

આ વસ્તુ એટલા માટે ખટકે છે કે ચાળીસ–પચાસ વરસ પહેલાં ગુજરાતના જુવાનોના જીવનઘડતરમાં છાત્રાલયોનો (તેમ જ વ્યાયામશાળાઓનો) મોટો ફાળો હતો. મારા જેવાના જન્મ પૂર્વે ભાવનગર શામળદાસ કૉલેજમાંથી ઇતિહાસના અધ્યાપકના પદેથી છૂટા થઇ નાનાભાઇ ભટ્ટે એક છાત્રાલય ઉઘાડીને કેળવણીનો નવપ્રયોગ આદર્યો હતો. પ્રજાસેવક મોતીભાઇ અમીને પેટલાદમાં છાત્રાલય કાઢી કરુણાશંકર માસ્તર જેવા શિષ્યવત્સલ શિક્ષકને બેસાડયા હતા. વિદ્યાર્થીઓ જમી આવે પોતપોતાને ઘેર, રહે ગૃહપતિ પાસે, એવી યોજના કરીને એમણે છાત્રાલયનું સંચાલન સરળ પણ કર્યું હતું. સુરતમાં અનાવિલ આશ્રમ દ્વારા કલ્યાણજીકાકા આદિ સેવકોનો ફાળો, પાટણમાં પંડયાગૃહની પ્રવૃત્તિ, કડી સર્વવિદ્યાલયમાં બાપુભાઇ ગામીની પ્રેમાળ સૃષ્ટિ, ગુજરાતના નવોત્થાનનાં એ બધાં વિશિષ્ટ પગલાં છે.

તે વખતનાં છાત્રાલયો રાષ્ટ્રીય જાગૃતિનાં કેન્દ્રો હતાં. અનેક રીતે વિદ્યાર્થીઓને તેઓ સંસ્કારપોષણ આપતાં.

છાત્રાલયપરિષદો ભરાતી. ભાવિ માર્ગદર્શન માટે અહેવાલો પ્રગટ થતા. છેક ૧૯૩૫માં કડીમાં નાનાભાઇના પ્રમુખ પદે છાત્રાલયસંમેલન ભરાયું હતું. તેની સાથે જ છાત્રસંમેલન ભરાયેલું, જેનો મને પ્રમુખ બનાવવામાં આવેલો. (મારું તે પ્રસંગનું ભાષણ 'મને સાંભરે રે' નિબંધસંગ્રહ 'ગોષ્ઠિ'માં સંગ્રહેલું છે.) મારા સ્વાગતપ્રમુખ હતા દસમા ધોરણમાં ભણતા, તે વખતે પણ જરીક ગોળમટોળ લાગતા, મોટી મોટી નિર્દોષ આંખોવાળા પીતાંબર પટેલ.

જોતજોતામાં એ પ્રવૃત્તિ શિથિલ થઈ. છાત્રાલયોનો નવો ઘાટ ક્યાંક ક્યાંક ટકી રહ્યા હશે, પણ જૂના રાબેતા મુજબનાં છાત્રાલયો ચાલુ જ રહ્યાં. એના બે પ્રકાર હતાઃ એક તો ભાડાના મકાનની, લોજ–વીશીની સગવડ માંડ આપી છૂટનારાં અને બીજાં એનાથી ઊલટી જાતનાં–થોડીક ખોટી મોટાઇનો ખ્યાલ મગજમાં ઘુસાડનારાં.

અમારી કૉલેજના છાત્રાલયના વિદ્યાર્થી અંગે સાંભળેલી એક વાત છે. ત્રણ દરવાજે જઇ એણે બેડમિન્ટન રમવાનું રેકેટ ખરીદ્યું. હોસ્ટેલ સુધી એ લઈ આવવા માટે નબીરાએ મજૂર શોધ્યો !

ખોરાક અંગે પણ હોસ્ટેલમાં રહેનારાના ખ્યાલો જુદા જ. મેઘાણીભાઇનો દીકરો મહેન્દ્ર હોસ્ટેલમાં રહેવા આવ્યો અને રોજ રોજ સાંજે પૂરીથી તંગ આવી જઇ એણે ભાખરીની માગણી કરી. એણે બાજરીના રોટલાનું નામ લીધું ત્યાં તો હોસ્ટેલવાસીઓથી ન જ રહેવાયું : 'શું બાજરીના રોટલા ખાવા હોસ્ટેલમાં આવ્યા છીએ ?'

આપણે ત્યાંની શિક્ષણપરંપરા પ્રજાજીવનથી વિદ્યાર્થીને વિમુખ કરનારી. છાત્રાલયો પણ એમાં પોતાનો ફાળો આપે એમાં શી નવાઈ ? ખાસ કરીને સંચાલનમાં વિશિષ્ટ દોરવણી આપનારાં તત્ત્વોની નરદમ ગેરહાજરી હોય ત્યારે.

કૉલેજનાં સંચાલક મંડળો, અને કદાચ આચાર્યશ્રીઓ પણ, વિદ્યાર્થીઓની રહેવાજમવાની વ્યવસ્થા ગોઠવાઇ ગઇ અને એક અધ્યાપકને એ ભાળવી દીધી એટલે હોસ્ટેલ અંગેની કામગીરી પુરી થઈ એમ સામાન્ય રીતે, માની લેતા લાગે છે. પણ એવી કામગીરીની શરૂઆત જ એ તો છે એ તરફ ધ્યાન ખેંચાવું જોઇએ. સ્વરાજ મળ્યા પછી છાત્રાલયો સુધરવાને બદલે કથળ્યાં એ અંગે જાગ્રત થઇ છાત્રાલયો પ્રજાજીવનનું એક નરવું અંગ બની રહે એ માટે મથવું જોઇએ.

છાત્રાલયમાં રહેનારો વિદ્યાર્થી ઘરથી–માબાપથી છૂટો પડી ને આવ્યો છે. ઘર સાથે હોડમાં ઊતરવું એ છાત્રાલય માટે માબાપ સાથે સ્પર્ધા કરવી એ ગમે તેવા ગૃહપતિ માટે પણ, ઘણી કપરી કસોટી છે. પણ એવી કસોટી એ પરિસ્થિતિમાં રહેલી જ છે. એની તરફ ખાંખ મીંચીને ચાલવું ઠીક નથી. મારી દષ્ટિએ છાત્રાલયમાં મુખ્ય કામગીરી તે મનોવૈજ્ઞાનિક છે. શું શાળામાં, શું મહાશાળામાં, ઊછરતા કિશોરોના અને યુવાનોના માનસજીવનના પ્રશ્નો સૌથી આગળ પડતા હોય છે. એમને એમના માનસજીવનમાં પગભર કરવામાં ગૃહપતિની મદદ અચૂક મળી રહે એ ખાસ જોવાવું જોઇએ. ભણવા માટે જે થોડા કલાકો તે શાળા–કૉલેજમાં જાય તે સિવાયનો બધો વખત એ છાત્રાલયમાં રહે છે. એના બધા સમયનો ઉપયોગ એના વ્યકિતત્વઘડતરમાં ઉત્તમ રીતે થાય એ જોવાનું છે.

એટલે ગૃહપતિ એ છાત્રાલયની કેન્દ્રીય વ્યકિત છે યુવાન માનસને સહાનુભૂતિથી સમજી શકે એવી વ્યક્તિઓ ગૃહપતિ–રેકટર–પદ સંભાળે તે જોવું જોઇએ. મુખ્ય ગૃહપતિ અને સંખ્યા પ્રમાણે મદદનીશ ગૃહપતિઓ પણ રાખી શકાય. વર્ગોમાં ઔપચારિક ( ફૉર્મલ ) અધ્યાપન થતું હોય છે, ખરો સ્વાધ્યાય અને સૌથી મુખ્ય તો વ્યકિતઘડતર છાત્રાવાસમાં થતાં હોય. ( ઑક્સફર્ડ જેવી સદીઓ જૂની યુનિવર્સિટીમાં કૉલેજોના નામે ઓળખાતી સંસ્થાઓ છાત્રાવાસો છે અને ત્યાંના ટયૂટરોની કામગીરી એ પ્રમુખ વિદ્યાકીય કામગીરી છે એ લક્ષમાં લેવા જેવું છે. ) આ દષ્ટિએ વિચારતાં છાત્રાલયોનું અત્યંત મહત્ત્વનાં સંસ્કારકેન્દ્રો તરીકેનું સ્થાન સમજાશે અને એ રીતે એમને ખીલવવાની દિશામાં આગળ વધવાની અનિવાર્યતા મનમાં વસશે.

આપણા ઉત્તમ શિક્ષકોને વીણી વીણીને છાત્રાલયોની ભાળવણી કરવી જોઈશે. મારી નજર સામે નાનાભાઇની મૂર્તિ હંમેશાં રહી છે. મારે ભાતભાતનાં છાત્રાલયોમાં રહેવાનું થયુ છે. મારા જમાનાનાઓને સત્યાગ્રહછાવણીઓ અને જેલો રૂપી અન્ય પ્રકારનાં છાત્રાલયોનો પણ અનુભવ મળ્યો છે. વિરમગામ છાવણીના શિબિરાધિપતિ નાનાભાઇ હતા. અમે તરુણો કંઇ કંઇ પ્રશ્નો ઊભા કરી બેસતા. પહેલીવાર ખીચડી સાથે ઘી મળે. અમે બીજી વાર આવે તેની સાથે પણ માંગ્યુ. નાનાભાઇ બારણામાં ઊભા હતા. સહજપણે એમણે બીજી વાર જ નહીં જેટલી વાર ખીચડી પીરસાય તે દરેક વખતે ઘી પીરસાવું જોઇએ એવી આજ્ઞા કરી એ દિવસે અમે ઘી પામ્યા, પણ તે પછી કયારેય પણ બીજીવાર ખીચડી લેવાનું જ ભૂલી ગયા ! નાનાભાઈ તરુણમાનસનો તાગ પામેલા માણસ હતા. પ્રેમનો એમનો કીમિયો હતો.

વિરમગામ છાવણીમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રના સૈનિકો હતા. એમાં દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓની સંખ્યા ઠીકઠીક. દક્ષિણા મૂર્તિનો વિદ્યાર્થી થયા વિના મને તે સૌની સંગતને લીધે એ સંસ્થાનો હોઉં એવું ભાન તે પછી રહ્યાં કર્યું છે, એ વિદ્યાર્થીઓનાં જીવન ઉપર શ્રી હરભાઈની જે છાપ પડેલી જોવા મળતી તે આશ્ચર્યકારક હતી. શ્રી હરભાઇને કેટલાંક વરસો પછી હું મળ્યો પણ એ બધા વિદ્યાર્થીઓના અંતરમાં એમની મૂર્તિ હું સુરેખ જોવા પામ્યો હતો. એક મહાન ગૃહપતિ શો કીમિયો કરે છે તેનો અંદાજ મેળવવા ઇચ્છનારે તરુણ કવિવર શ્રીધરાણીના પ્રથમ નાટક ‘ વડલો ’નું અર્પણ વાંચવું જોઇએ

એક કબૂલાત કરું ? નાનાભાઇ, હરભાઇ–એવા ગૃહપતિઓની પ્રતિમા અને છાત્રાલયોએ રાષ્ટ્રોત્થાનમાં આપેલા ફાળાનું મહત્ત્વ મનમાં એવાં વસેલાં કે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઇ ત્યારે મનમાં પણ એ જાતની કામગીરી અંગે વિચાર આવી ગયો. એ સમયમાં મેં સ્વેચ્છાથી નવરાશનો વ્યવસાય સ્વીકારેલો હતો. ગુજરાતમાં પ્રવાસો કરતાં ભૂમિશાળા સ્થાપવાનો વિચાર મનમાં ઊગેલો, પણ ભૂમિશાળા માટે જે વિદ્યા –બલકે વિદ્યાઓ જોઇએ, તેથી હું તદ્દન અજાણ એટલે એ વિચાર આગળ ચાલ્યો નહીં. પણ આ નવી શરૂ થતી યુનિવર્સિટીના વિસ્તાર ( કેમ્પસ ) માં અલ્પસાધન વિદ્યાર્થીઓ માટે ( દરિયાપુર એ. જી. બોર્ડિંગ હાઉસમાં કે ગોવાલિયા ટેંકના જી ટી. બોર્ડિંગ હાઉસમાં જાય છે તેવાઓ માટે ) છાત્રાલય ચલાવ્યું હોય તો મોટું કામ થાય એવું મનમાં થઇ આવ્યુ. વિદ્યાર્થીઓને જે વિદ્યાશાખામાં ભણવા જવું હોય ત્યાં ભલે જાય, રહેશે તો આખો વખત છાત્રાવાસમાં. તેમની સાથે રહેવું અને તેમના ઘડતરમાં ભાગ ભજવવો. બદલામાં તેમની પાસેથી તાજગી મેળવવી. આવું છાત્રાલય ગુજરાતમાં ઠેર ઠેર પોતાની વડવાઇઓ નાખીને એક મોટું સંસ્કારબળ બની રહે. પણ એ વિચાર વિચાર જ રહ્યો............

છાત્રાલયોની સુધારણ દ્વારા આપણે આપણી કેળવણીને જરૂર કસવાળી કરી શકીશું

છાત્રનિવાસ સ્વચ્છ, આહ્લાદક હોવો જોઇએ ગૃહપતિ બધા સાથે આત્મીયતાના સંબંધે સંકળાયેલા હોય એટલે છાત્રનિવાસ સંવાદિતાભર્યો પણ હશે જ. ચર્ચાસભાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા છાત્રગણ સામાજિક પ્રશ્નો અને માનવજીવનના મૂળ પ્રેરણાસ્રોતના સંપર્કમાં પણ મુકાતો હશે. છાત્રાવાસનું જીવન આનંદમય હોય.

[ અનુસંધાન પાન ૩ ઉપર ]

# મહોરાં પહેરનારાં

શ્રી મોહનલાલ પટેલ

પ્રતાપગઢમાં રહેતી બ્હેનને મળી આવ્યા પછી અભિજિત ખૂબ ખિન્ન બની ગયો હતો એ રેણુકાબેનના ધ્યાનમાં આવ્યા વિના ન રહ્યું

ગાડીમાંથી એ આવ્યો ત્યારે એણે કૃષ્ણાની તેમજ એના કુટુંબની કુશળતા વિષે એકાદ બે શબ્દમાં પતાવી દીધું ને પૂરું જમ્યો પણ નહિ.

પુત્રીના સમાચાર ધરાઇ ધરાઇને સાંભળે નહિ ત્યાં સુધી રેણુકાબહેનને ચેન પડે એમ નહોતું. એટલે એમણે બપોરે અભિજિતને ફરીથી પૂછ્યું : 'અલ્યા અભિજિત, કહે તો ખરો, કૃષ્ણા મજામાં તો છે ને ?

અભિજિત ગુસ્સે થઇ ગયો : કહ્યું તો ખરું, કે મજામાં છે. પછી કેટલી વાર પૂછીશ ?

રેણુકાબહેનને આ વખતે અભિજિતના અવાજમાં વધારે તોછડાઇ જણાઇ, એટલે એમણે કહ્યું : 'કેમ આવી રીતે બોલે છે ? તને આમ થયું છે શું ? સીધા જવાબ જ આપતો નથી !'

સોળ સત્તર વર્ષનો અભિજિત પોતાના મિજાજનો આજે જાણે નવો જ પરિચય આપતો હતો. એણે કહ્યું : મારું મગજ ગરમ કરીશ નહિ, કહી દીધું તને...'

રેણુકાબેનને થયું : કદાચ કૃષ્ણાનાં સાસરિયાંએ અભિજિતનું માન ઘવાય એવું કંઈક કહ્યું હોય. એથી એમણે નરમાશથી એને પૂછવા માંડ્યું. માતૃત્વભર્યા પેલા હૂંફાળા અવાજે અભિજિતને ઓગાળ્યો. એના મનનો ઊભરો બહાર આવ્યો. રડમસ અવાજે એણે કહ્યું : 'ભાઇને ગુજરી ગયે પૂરો મહિનો ય થયો નથી અને કૃષ્ણાને ઘેર મિષ્ટાન્નના જલસા શરૂ થઇ ગયા છે !'

રેણુકાબ્હેન અભિજિતનું મન પામી ગયાં. પચ્ચીસ વષનો જુવાન દીકરો ગુજરી ગયો એનો આઘાત ઘરમાં સૌના મન ઉપર હતો... પોતાની સગી બ્હેનના ઘરમાં મિષ્ટાન્નનો જલસો જોઇ એની ઘેરી અસર આ કિશોર ઉપર થઇ હતી.

રેણુકાબ્હેન શાંત હતાં અને અભિજિત ભાવાવેશમાં હતો. એણે બોલવાનું ચાલુ રાખ્યું : કૃષ્ણાએ પણ મીઠાઇ ખાધી. મહિનામાં તો એની નણંદનાં લગ્ન થવાનાં છે. ઘરમાં વાતાવરણ જ લગ્નનું થઇ ગયું છે...!'

રેણુકાબ્હેને અભિજિતને અટકાવ્યો : 'ગાંડા, એમાં આટલું બધું માઠું લગાડાય ? એ કંઇ આપણા ઘરમાં ઓછું થાય છે ?

'આપણા ઘરમાં નહિ પણ કૃષ્ણાના ઘરમાં તો ખરું ને ?

'એમાં કૃષ્ણા બિચારી શું કરે ? પોતાનો ભાઇ મૂવો એમાં એ નણંદનાં લગ્ન શી રીતે રોકી શકે ?'

'રોકી ન શકે તો કંઇ નહિ, પણ એમાં ભાગ શા માટે લે ?...ભાઇ ગુજરી ગયા એનું કૃષ્ણાને કંઈ લાગ્યું જ નથી... અહીં આટલું બધું રડતી હતી એ તો બધો ઢોંગ જ...!'

રેણુકાબ્હેનની આંખમાં એકદમ આંસુ ઊભરાઈ આવ્યાં. એ ગદ્ગદ્ સ્વરે બોલ્યાં ; 'દીકરીનો અવતાર છે, બેટા ! આજ તો એણે મીઠાઇ ખાધી; કાલે લગ્નનાં ગાણાં ગાવાં પડશે... પણ એના હૈયામાં શું હશે એ તું શું સમજી શકે ?' અને સહજ ભાવે એ મનમાં બોલ્યાં : 'બળ્યો આ સ્ત્રી અવતાર ! આખો જન્મારો મોઢા ઉપર મહોરું રાખીને રહેવાનું... હૈયે શું, હોઠે શું, મોઢા ઉપર શું...'

■

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

છાત્રાલયનિવાસી વિદ્યાર્થીની થાળી સચવાવી જોઇએ. ઘણાં શિસ્તભંગ સારો ખોરાક ન મળવાથી ઊભાં થાય છે. સારો, રોચક, પૌષ્ટિક ખોરાક અપાવો જોઈએ. એવો ખોરાક મોંઘો હોવો જ જોઇએ એવું કાંઇ નથી. 'મેસ' (રસોડું) એને નિમિત્તે ઘણો 'મેસ' (ગોટાળો) થવા પામતો હોય છે. આપણી ગ્રેજ્યુએટ માતાઓ અને મહિલાકાર્યકરો આમાં રસ લે તો મોટો લાભ થાય. આપણે હાર્યા છીએ ત્યાં તેઓ જરૂર ફાવશે.

છાત્રાલયનિવાસ દરમ્યાન કોઇ કોઇ વિદ્યાર્થીઓને સ્વાવલંબનની થોડીક કમાણીની તકો મળી રહે એ પણ જોવું જોઇએ. કોઈ પણ કામ કરવામાં શરમ નથી બલકે ગૌરવ છે એ પરિપાટી ઊભી થવી જોઇએ. રોકફેલરનો દીકરો મજૂરીનાં કામ કરવામાં માન સમજે અને આપણા જેવા આર્થિક રીતે વિકસતા સમાજમાં હાથ વડે કામ કરવામાં નાનમ સમજવાની વૃત્તિ રહે એ ઠીક નથી. ઉત્પાદક શ્રમનું ગૌરવ વધારવામાં પણ નમૂના પૂરા પાડીને ફાળો આપવો જરૂરી છે. હોસ્ટેલોની આસપાસ રહેતાં કુટુંબોનું બાગકામ જરૂર સ્વીકારી શકાય. એક મોટા અધિકારીએ આવું કામ વિદ્યાર્થીઓને સોંપવાની પોતાની ઈચ્છા એક વાર મારી આગળ પ્રગટ કરેલી.

સત્રારંભે છાત્રાલય શરૂ થાય તે વખતે સમૂહમિલનનો કાર્યક્રમ રાખી, અધ્યાપકો, આચાર્યશ્રી, સંચાલકમંડળના સભ્યો, અન્ય સંભાવિત વ્યક્તિઓ વગેરે સાથે પરિચય કરાવવાની તક ઊભી કરવી જોઇએ. કોઈ કોઈ કુટુંબોને બબ્બે ત્રણત્રણ વિદ્યાર્થીના યજમાન બનવાનું પણ સોંપી શકાય. છેવટે કૉલેજના અધ્યાપકોમાંથી આ પ્રવૃત્તિમાં રસ લેનારા હોય તેમને થોડા થોડા છાત્રોની ભાળવણી કરી શકાય.

વિદ્યાર્થી છાત્રાવાસમાંથી બહાર પડે ત્યારે પૂરતું ચૈતન્યપોષણ પામીને સમાજમાં પ્રવેશે એ ધ્યેય માટે મથનારા જિન્દાદિલ ગૃહપતિઓ, જિન્દાદિલ અધ્યાપકો નવા જમાનાને મળી રહો ! [ સાભાર : 'સંસ્કૃતિ' ઑગસ્ટ '૭૦ માંથી ]

## હવામાનની આગાહી

શ્રી મોહનભાઈ પટેલ

**આજથી** બરોબર પાંચસો વર્ષ પછીની મંગળના ગ્રહની સ્થિતિ વિષે કહેવું સહેલું છે પણ પાંચમા દિવસે હવામાન કેવું હશે એ કહેવું વૈજ્ઞાનિકો માટે ઘણું અઘરું છે હવામાનની ચોક્કસ આગાહી કરવી મુશ્કેલ હોવા છતાં આ દિશામાં અત્યારે જે પ્રયાસો થઇ રહ્યા છે એ અસાધારણ છે. જગતના હવા માનની આગાહી કરનારાં કેન્દ્રો ઉત્તર ગોળાર્ધમાં પાંચ છે. જે પૈકી એક ભારતમાં ન્યુ દિલ્હીમાં છે. આ કેન્દ્રમાં ૧૭૦૦૦ નાનાં કેન્દ્રોમાંથી માહિતીના આંકડાનો પ્રવાહ ચોવીસે કલાક ચાલુ જ રહે છે. અને એના ઉપરથી હવામાનના સમાચાર બુલેટીનો તૈયાર થયા જ કરે છે.

એક વખતના હવામાનની આગાહી કરવા માટે સરખાં અંતરે આવેલાં જુદાં જુદાં પાંચ હજાર સ્થળો ઉપર જુદી જુદી દસ ઊંચાઇએથી ઉષ્ણુતામાન, દબાણ, ભેજ વગેરેના આંકડા એકઠા કરવા પડે. આ રીતે ૨૫૦૦૦૦ અવલોકનો એકઠાં થાય આની ગણત્રીના આધારે એક સમયના હવામાનની આગાહી થાય. જો આખી પૃથ્વી ઉપરના ચોવીસ કલાકના હવામાનની આગાહી કરવી હોય તો ૧,૦૦૦,૦૦૦,૦૦૦ અવલોકના આંકડાની ગણત્રી ધ્યાનમાં લેવી પડે. જો આવી ગણત્રી કાગળ પેન્સીલથી કરવામાં આવે તો કલાકોના કલાકો એ ગણત્રીમાં જ નીકળી જાય. એક ગણત્રી પૂરી થાય અને હવામાનની જાહેરાત થાય એ પહેલાં તો હવામાનની પરિસ્થિતિ બદલાઇ ચૂકી હોય. એટલે એ આગાહી નકામી નીવડે. આ ગણત્રી માટે તો ગણયયંત્ર – કોમ્પ્યુટર જ કામ લાગે. આજકાલ આવાં ગણકયંત્રો ખૂબ શક્તિશાળી બનતાં જાય છે. ઉપર જણાવી એ ગણત્રી આવું યંત્ર ફક્ત ૧૭ મિનિટમાં કરી લે છે.

આખી પૃથ્વી ઉપરના હવામાનની આગાહી કરવા માટે ખરેખર તો ચાર અબજ ઘન માઇલ વાતાવરણ એનાં ઉષ્ણુતામાન, ભેજ, પવન, દબાણ વગેરેનાં અવલોકનો માટે ખૂંદી વળવું પડે. પણ આ કામ મુશ્કેલ છે. અફાટ મહાસાગરો, નિબિડ જંગલો, નિઃસીમ્ હિમ વિસ્તારો ઉપરનાં જુદાં જુદાં સ્થળો ઉપરના પ્રદેશોનાં અવલોકનો લેવાનું કામ ભારે મુશ્કેલ છે. હમણાં સુધી તો એ લગભગ અશકય હતું. હવે અવકાશમાં તરતા મૂકાયેલા નિમ્બસ–૩ જેવા ઉપગ્રહો આ કાર્યમાં ખૂબ મદદરૂપ થયા છે. આ દિશામાં વિજ્ઞાન હરણફાળ ભરી રહ્યું છે અને એક દિવસ એવો આવશે કે આપણે પૂરી શ્રદ્ધા મૂકી શકીએ એવી આગાહી આપણને સાંભળવા મળશે.

આ ક્ષેત્રમાં એક માનવકલ્યાણકારી સિદ્ધિ તો પ્રાપ્ત થઇ ચૂકી છે અને એ છે દરિયા ઉપરથી ધસી આવતો પ્રચંડ ચક્રવાતો – વાવાઝોડાંના આગમનની આગાહી અરબી સમુદ્ર અને બંગાળાના ઉપસાગરમાં દર વર્ષે લગભગ પાંચ મોટા ચક્રવાતો ઉત્પન્ન થાય છે. જેમાંના લગભગ બે કિનારા સુધી પહોંચે છે. કોઇ કોઇ વખત તો આવા ચક્રવાત અસાધારણ વિનાશ શક્તિ ધરાવતા હોય છે આવા એક ચક્રવાતની ત્રિજ્યા ૪૦૦ માઇલ સુધીની પણ હોય છે. અને એમાં એક મેગાટનની શક્તિ ધરાવતા એવા, ૩૬૦ અણુબોમ્બની તાકાત હોય છે. આવા પ્રલયકારી વાવાઝોડાના આવવાની ચોક્કસ માહિતી ન હોય તો કેટલું બધું નુકસાન થઇ જાય! ઇ. સ. ૧૯૬૪ માં રામેશ્વર તરફ આવું એક વાવાઝોડું આવેલું જેના પરિણામે પારાવાર નુકસાન થયું હતું. ૧૦૦૦ કરતાં વધારે જાનહાનિ થઇ હતી. એક આખી રેલ્વે ટ્રેઇન દરિયામાં ધસડાઇ ગઈ હતી.

પણ હવે આવાં વાવાઝોડાં વિષે ચોક્કસ માહિતી બે ત્રણ દિવસ અગાઉ મળી જાય છે. જેના પરિણામે ચાંપતાં પગલાં લઇ નુકસાન ઓછું કરી શકાય છે. ઇ. સ. ૧૯૬૯ ના નવેમ્બરની ૭મી તારીખે આન્ધ્ર પ્રદેશના પૂર્વ કિનારે કલાકના ૨૫૦ માઇલની ઝડપે એક ભારે વાવાઝોડું આવ્યું હતું. આ વાવાઝોડું આકાર લઇ ચૂક્યું હતું એ વખતે નવેમ્બરની ચોથી તારીખે અવકાશમાં પરિભ્રમણ કરી રહેલા ઉપગ્રહ નિમ્બસ–૩માં એની છબી ઝડપાઈ. અને એ છબી એ ઉપગ્રહે તરત ભૂમિ ઉપર મોકલી આપી. દિલ્હી મારફતે કિનારાના પ્રદેશોને ખબર આપી સાબદા કરાયા. વારંવાર સમાચાર બુલેટીનો આવવા લાગ્યાં. વાવાઝોડાની ખબર ત્રણ દિવસ અગાઉ મળી ગઇ એથી વિનાશ હળવો કરી શકાયો. ૨૦૦ જાનહાનિ થઇ અને રૂા. ૧૧૦ કરોડનું નુકસાન થયું. જો અગાઉથી આ ખબર ન મળી હોત તો નુકસાનનો આંકડો કેટલો મોટો હોત એ કહેવું મુશ્કેલ છે.

આ નુકસાન ઓછું કરવા બાબતમાં હજુ કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ નડે છે. કિનારાના પ્રદેશો, ગામડાંઓ અને છૂટાંછવાયાં ઝૂપડાં તેમજ વસાહતો સુધી આ ખબર પહોંચાડવાનું કામ ઘણું અઘરું હોય છે. જેમની પાસે રેડિયો નથી, જ્યાં વર્તમાનપત્રો વંચાતાં નથી કે જે માનવીઓ જનસંપર્કમાં પણ હોતા નથી એમને સાબદા કરી શકાતા નથી અને કુદરતી આપત્તિનો ભોગ બને છે.

આ તકલીફો પણ દૂર થતાં વાર નહીં લાગે અને એક દિવસ એવો આવશે કે માનવજાત આવી કુદરતી હોનારતોથી બચવા અગાઉથી જ શકય એટલા પ્રયત્નો કરી છૂટશે.

સુવર્ણ જયંતી સાપ્તાહિકનું
આપનું લવાજમ મોકલી આપશો.

# દશ લાખનું લક્ષ્યાંક

સુવર્ણ જયંતીના ફાળાનું લક્ષ્યાંક દશ લાખનું જાહેર કર્યું. કોઈને અચંબો થયો હશે, કોઈને લક્ષ્યાંક ટૂંકું લાગ્યુ હશે.

દશ લાખના લક્ષ્યાંકવાળો સુવર્ણ જયંતી ઉજવણીનો કાચો મુસદ્દો જેને આ બધો ભાર વહેવાનો હતો તેઓ ધીરજ પૂર્વક વાંચીને વિચારી ગયા. ગમ્યુ અને કાગળો બાજૂએ મૂકતાં સંમતિ સૂચક માથું હલાવી બરાબર છે નો ભાવ વ્યક્ત કરતા બોલ્યા

'પણ Utopian છે.' (અતિકલ્પિત છે)

કામ ચાલ્યું.

કેટલાકે તનતોડ મહેનત કરી, નાનામોટા મતભેદ ભૂલીને મોટું મન રાખી, સંસ્થાને જ નજર સમક્ષ રાખી હૈયા અને હાથથી ટેકો આપ્યો. શક્તિ અને શ્રદ્ધા પ્રમાણે કોથળીનાં મોં છોડયાં અને છોડાવ્યાં. ઘણાએ સાથ અને સહકાર આપ્યો.

છતાં ફંડનો આંકડો ૧૩૩૦૦૦ થી આગળ વધ્યો નથી.

શું દશ લાખનો આંકડો ખરેખર યુટોપિયન–અતિકલ્પિત હતો ?

હજુ પણ કહેવાની હિમ્મત છે કે તે અતિકલ્પિત નહોતો. અને આજે પણ નથી લાગતો.

આ અતિકલ્પિત હોય તો પણ કંઈ નાનમ નથી.

લઘુકલ્પિત હોય તો જ નાનમનો દોષ લાગી શકે.

લઘુકલ્પના કરી હોત – સવાલાખની – તો આજે જંગ જીત્યાનો ઢોલ વગાડતા હોત – છાતી ફુલાવતા હોત.

આ યુક્તિ ન સૂઝવા માટે આજે પણ અફસોસ નથી થતો.

અતિકલ્પિત–દશ લાખ આજે પણ લક્ષ્યાંક છે. તે મટવાનું નથી. તે પૂરું થાય તે માટે મથવાનું બાકી છે–એ પુરુષાર્થી માટે બસ છે.

આપણી કલ્પના આગળ દોડે જાય છે. આપણા પગ પાછળ ચાલ્યા આવે છે. તેની ઝડપ વધઘટ થયા કરે છે. શરીર છે એટલે થયા કરે. આજે ઝડપ ઠંડી પડી ગઈ છે. કાલે ઝડપમાં ગરમી આવવાની છે.

આપણી કલ્પના આગળ દોડે છે. આ દશ લાખનું લક્ષ પૂરું કરવામાં હિમાળા જેવી ટાઢાશ આવી છે; છતાં ગુજરાત-ના પાટનગર ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેમ્પસ સ્થાપવાની યોજનાએ દિમાગને ભરી દીધું છે. દશ લાખની અતિકલ્પનાને આંટી જાય તેવી આ બીજી યુટોપિયન વાત છે. હૃદય–છાતી અને દિમાગ ગરમ છે તેની આ નિશાની છે.

એક સહકારી ક્ષેત્રના કાર્યકર કહે છે કે, દશ હજાર કમાઈ અને દશ હજાર ને એક ખર્ચવા તેના કરતાં લાખ કમાઈ એક લાખ અને એક ખર્ચવા શું ખોટા ? આજની બેકારીના સંદર્ભમાં આ સાચી વાત છે.

એ ન્યાયે આ સંસ્થા જેવી બિન–નફાકીય પ્રવૃત્તિઓમાં આવી યુટોપિયન બાબતો અગ્રસ્થાને રહેવાની. ઉદ્દાત કલ્પના-શીલ પુરુષો જ આમાં પડે છે. તેમનો સ્વભાવ જ હોય છે– કલ્પનાઓ કરવી અને પાર પાડવા પુરુષાર્થ કરવો. કલ્પના અતિ તરફ જ ઝૂકેલી હોય.

આ ભૂમિને – સર્વ વિદ્યાલયની ભૂમિને – આવી યુટોપિયન વાતો જ ફાવી ગઈ છે. ૫૦ વર્ષમાં આવી યુટોપિયન વાતો કરતાં કરતાં આજે ૪૦ એકર જમીનમાં સંસ્થા પોતાની શાખા–પ્રશાખાઓ વિસ્તારીને શોભી રહી છે. અતિકલ્પનાઓ ન કરી હોત ને લઘુ કલ્પનાઓ કરી હોત તો ? માત્ર એક બોર્ડિંગ કરવાનું ધ્યેય રાખ્યું હોત તો આજે અહીં એક સામાન્ય બોર્ડિંગ જ હોત.

જે આ દુનિયામાં શક્ય નથી હોતું તેની માણસ કલ્પના પણ કરી શકતો નથી. એટલે દશ લાખનું આપણું લક્ષ્યાક પૂરું થવાની પૂરી શક્યતા છે જ. જરૂર છે પરિશ્રમ પૂર્વકના થોડા દિવસોના તપની. અહાલેક જગવનાર એક જ તપસ્વી આ કામ માટે પૂરતો છે. તેની અહાલેકનો પડઘો પડ્યા સિવાય કેમ રહી શકે ? અચૂક પડશે જ.

---

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે. દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧૩૩૬૪૧) આગળનો સરવાળો

* ૨૫૧) શ્રી ભગવતસિંહ માધવસિંહ દેસાઈ, મુ. પાટડી (મામલતદાર : સિદ્ધપુર)

૧૩૩૮૯૨

* રકમ વસુલ આવી ગઈ છે.

### સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી નિરંજન માણેકલાલ પટેલ, કડી.

૨૫૧) મેજર હસમુખલાલ માણેકલાલ પટેલ, કડી.

૨૫૧) શ્રી વિક્રમભાઈ માણેકલાલ પટેલ, કડી.

## પ્રશ્નો | શ્રી ગણેશભાઈ કા. પટેલ

વહાલા બાળમિત્ર,

કંઇ કેટલાય અટપટા અભ્યાસકીય અને સામાજિક પ્રશ્નો વચ્ચે તું જીવે છે. જાણે જીવન એટલે પ્રશ્નો જ, અને છતાંય તું આસપાસની દુનિયામાં જુએ છે અને અનુભવે છે કે પ્રશ્નોના ભાર તળે કોઇ કચડાયું નથી; કોઈ પિલાયું નથી. સૌ જીવે છે. એક પ્રશ્ન મિટાવીએ કે બીજો પ્રશ્ન આવ્યો જ છે. ચોમાસામાં બિલાડીનો ટોપ ફૂટી નીકળે એમ. પ્રશ્નો વચ્ચે જીવન-નદીનો પ્રવાહ નિરંતર વણથંભ્યો વહ્યા જ કરે છે.

તને એક પ્રશ્ન થતો હશે કે જીવનમાં આ પ્રશ્નો જ ન હોય તો ? તો કેટલી નિશ્ચિંતતા, કેટલી મોટી નિરાંત ! કેટલી બધી પળોજણમાંથી મુક્ત થવાય ? સાવ હળવા ફૂલ જેવાં બની સંસારસાગરમાં જીવનનૈયાને ઝૂકાવીએ અને મનપસંદ સહેલ કરીએ.

પણ જો તું નિરાંત ઝંખે તો નિરાંત અને નિશ્ચિંતતાના પણ પ્રશ્નો છે. તને એમ થાય કે આપણે ત્યાં આ કેવી નિત્ય-સાથી સમી બેકારી, ભૂખમરો છે અને એય અમેરિકામાં તો ! અરે ભાઈ, ત્યાં પેટમાં નાખેલા પદાર્થને પચાવવાનો પ્રશ્ન છે. અમેરિકાવાસીને સુવર્ણશૈયામાં નિંદરની રાહ જોવામાં ને જોવામાં વાણું વાય છે. એ તો ઇતિહાસસિદ્ધ હકીકત છે કે અતિ સમૃદ્ધિ સંસ્કૃતિના વિનાશનું કારણ પણ બને છે. એટલે સુખનાય પ્રશ્નો છે અને દુઃખનાય પ્રશ્નો છે. અહીં પણ પ્રશ્નો છે; તહીં પણ પ્રશ્નો છે. સર્વત્ર પ્રશ્નો છે.

પ્રશ્નો બે પ્રકારના છે. એક તો આપણા સામાન્ય પ્રશ્નો કે જે આપણા 'ઘટ સાથે રે ઘડિયા' ની જેમ જન્મભેટરૂપે આપણને મળ્યા હોય છે. તેમાંનો એક ઉકેલે ને બીજાને ઊભો કરે. બીજા એવા પ્રશ્નો કે જે પ્રશ્નોએ સંસારની કાયાપલટ કરી છે; ધરતી ઉપર સમૃદ્ધિની હેલો ઢાલવી છે. સંસારને સુવિધામય બનાવ્યો છે. આવો પ્રશ્ન ન્યૂટનના મનમાં ઊભો થયો. વૃક્ષ ઉપરથી નીચે પડતા ફળને જોઇને ન્યૂટનના મને પ્રશ્ન કર્યો 'ફળ નીચે જ કેમ પડયું' ઉપર કેમ ન ગયું ? આ પ્રશ્ને તો આપણને ગુરૂત્વાકર્ષણનો મહાન નિયમ આપ્યો. પાણીથી ઉકળતી તપેલીનું ઢાંકણું ઊંચુનીચું થતું હતું. સ્ટીવન્સને એ જોયું. વરાળની અદ્ભુત કરામતનાં એને દર્શન થયાં અને વરાળયંત્રની મોટી શોધ કરાઈ. મંદિરમાં ઝૂલતા ઝુમ્મરની ગતિ જોઇને ગેલિલિયોએ ઘડિયાળ (સમયચક્ર) શોધી કાઢયું. આમ આવા પ્રશ્નોમાંથી પ્રાપ્ત થતું જ્ઞાન જીવનના રોજિંદા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં કારગત નીવડે છે.

આવા માહિતીપ્રદ જ્ઞાનપ્રદ, પ્રશ્નો જ જીવનને જ્ઞાનગંગોત્રી તરફ લઈ જઇ શકે. જે દેશમાં આ પ્રકારના પ્રશ્નોનો દુષ્કાળ છે ત્યાં દરેક પ્રકારનો દુષ્કાળ ડોકાયા કરવાનો મન અને ચિત્તમાં ઊભા થતા પ્રશ્નોમાંથી જ સંશોધનો થયા છે.

આવા પ્રશ્નો તને વગડામાંથી જડે; અને તારી શેરીમાંથીય જડે; ઘરમાંથીય જડે અને શાળાના પ્રયોગખંડમાંથીય જડી આવે. તારા મનને સતત ક્રિયાશીલ અને જાગ્રત રાખી, આંખ કાન ખુલ્લા રાખે તો અનેક અવનવા પ્રશ્નો અને સંશોધનો તારી રાહ જોતાં ઊભાં છે. જ્યાં જાગ્રત અને ક્રિયાશીલ મન નથી ત્યાં પ્રશ્નો નથી; જ્યાં પ્રશ્નો નથી ત્યાં સંશોધન નથી. સંશોધનની કેડી ઉપર ચાલતાં ચાલતાં જ સિદ્ધિને શિખરે પહોંચી શકાય. શૂન્યમાંથી આજે જે કંઇ સર્જન થયું છે એ આ પ્રકારના પ્રશ્નોમાંથી જ થયું છે.

માટે મિત્રો, પ્રશ્નોને ઊભા કરો અને પછી એમનો પીછો પકડો. દરેક પ્રશ્ન કંઈ ને કંઈ આપશેજ. મહેનતકશ બનો અને પ્રગતિ સાધો એજ અભ્યર્થના.

---

## અવળાં મૂલ્ય | શ્રી અનામી

કૈં ખબર પડતી નથી કે આવું થાય છે ?
દમ–બ–દમ અન્તર નિરંતર ભાવથી ઉભરાય છે.
...કૈં ખબર

તાઝા–બ–તાઝા નૌ બનૌ અન્તર હતું ઉષ્મા ભર્યું,
શા સમયના ફેરફારો ! બૂઝ દિલ કાં થાય છે ?
...કૈં ખબર

જ્યારે હતી ઝિન્દાદિલી ક્યાંયે હતા ના આગળા !
ખુલ્લા અગાશી-ચોક આજે બારણાં દેખાય છે !
...કૈં ખબર

ત્યારે હતી કેવી શરાફી ! લાખના ય હિસાબ ના,
આજ કાણી કોડીઓની યે ગણતરી થાય છે.
...કૈં ખબર

શ્રેય શું ને પ્રેય શું ત્યારે હતી ચોકખી નઝરઃ
આજ આ પરિવર્તને વિચ્છેદ વસમો થાય છે.
...કૈં ખબર

ત્યારે હતી લીલા પ્રભુની કર્મ નિષ્કામી અહીં,
કર્મ કાજે કર્મ આજે : ક્યાં ગતિ આ થાય છે ?
...કૈં ખબર

પામવાનું ના કશું ને શોધનો રઘવાટ શો ?
રે જમાનો ! અંત ક્યાં ? કૈં હીર એળે જાય છે.
...કૈં ખબર

દોસ્તો કહે છે હે અનામી ! આ બલા સૌ કાળની !
કાળની બલિહારી છે કે મૂલ્ય અવળાં થાય છે !
કૈં ખબર

# 'રક્ષાબંધન' તહેવારની વૈજ્ઞાનિકતા

પ્રા. અફતલાલ જે. પટેલ

**રક્ષાબંધન** તહેવાર હમણાં જ ગયો. આ દિવસે શાળા-મહાશાળામાં રજા રાખવામાં આવે છે. રક્ષાબંધન સાથે ઘણી લોકકથાઓ જોડાયેલી છે. દેવાધિપતિ ઇન્દ્રની પત્ની ઈન્દ્રાણીએ દાનવોથી બચવા માટે પૃથ્વી પર રાજ્ય કરતા શ્રી દશરથ રાજા ઉપર રાખડી મોકલી પોતાના ભાઈ બનાવેલા ને દશરથ રાજાની મદદથી દાનવોને હરાવેલા. કુન્તી અને અભિમન્યુની કથા, હુમાયૂં અને કર્મવતીનો પ્રસંગ, પોરસ અને રૂફખાનાની વાર્તા તેમજ આવા અનેક પ્રસંગો ઇતિહાસમાં કે લોકમુખે સાંભળીએ છીએ. આતો ઠીક. આપણા હિન્દુધર્મમાં ધાર્મિક તહેવારો સાથે અનેક લોકકથાઓ સંકળાયેલી છે. તેમ છતાં તેની પાછળ વૈજ્ઞાનિક કારણો પણ છૂપાયેલાં છે. ધર્મ અને વિજ્ઞાનનો પારસ્પરિક સંબંધ છે.

## આ તહેવારની વૈજ્ઞાનિકતા શી?

બહેન ભાઇને આ દિવસે રાખડી બાંધે છે ને ભાઈ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યકત કરે છે. ભાઈ પણ પોતાની બેનની આ લાગણીથી અનેરો આનંદ મેળવે છે. તેનું હૈયું બેનના પ્રેમથી ગદ્‌ગદ્ થઈ ઊઠે છે. પણ પ્રશ્ન એ ઊભો થાય છે કે;–

(૧) વર્ષના ૩૬૫ દિવસ છે. ને ભાઈ-બહેનનો પ્રેમ સનાતન છે. બેન તો હંમેશા ભાઇની રક્ષા ઇચ્છે છે. તો આ જ દિવસે રાખડી બાંધવાની શી જરૂર?

(૨) બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બહેન જ શા માટે ભાઇને રાખડી બાંધે? ભાઈ-બહેનને રાખડી કેમ બાંધતો નથી?

(૩) બેન ભાઇના જમણા હાથના કાંડા ઉપર જ રાખડી શા માટે બાંધે છે? ડાબા હાથ ઉપર કે શરીરના બીજા અંગ ઉપર રાખડી કેમ નહિ?

## આ તહેવારની વૈજ્ઞાનિકતા આ પ્રમાણે છે.

(૧) રક્ષાબંધન એટલે રક્ષા માટે બંધન. બેન ઇચ્છે છે કે મારા ભાઈનું રક્ષણ થાય પણ...... કોનાથી? રક્ષાબંધનનો તહેવાર શ્રાવણ સુદી પૂર્ણિમાના દિવસે હોય છે. વર્ષની છ ઋતુઓ છે. હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ. શ્રાવણ સુદી પૂર્ણિમા તે વર્ષાઋતુનો અંતિમ દિન. બીજા દિવસથી એટલે શ્રાવણ વદ ૧ થી શરદઋતુની શરૂઆત થાય છે. શરદ એ છ ઋતુમાં ગંદી ઋતુ છે. આ ઋતુમાં સૌથી વિશેષ રોગો ફાટી નીકળે છે. શરદમાં બચી ગયો તે વર્ષ દરમિયાન બચી ગયો તેવું આપણા શાસ્ત્રોમાં લખ્યું છે. આજે પણ આપણે કોઇની વર્ષગાંઠ વખતે આશીર્વાદ આપીએ છીએ ત્યારે शतं जीव शरदः। તું સો શરદ ઋતુ જીવ. આની પાછળની ભાવના પણ તે જ છે. શરદ ભારે ઋતુ છે ને તેમાં તબીયત બગડવાની, કથળવાની શક્યતા વધારે છે. પહેલાં ગામડાઓમાં દવાખાનાઓની વ્યવસ્થા ઓછી હતી ત્યારે શરદઋતુમાં ગંદકીના કારણે અનેક રોગો ફાટી નીકળતા. આજે ભાદરવામાં અનેક રોગો થાય છે તે આપણે જાણીએ છીએ. મેલી વિદ્યાના સાધકોને શરદઋતુ વધારે અનુકૂળ છે. આ બધા કારણોને લીધે અન્ય ઋતુઓ કરતાં શરદમાં મૃત્યુ પ્રમાણ પણ વધારે હોય છે. બેન ઈચ્છે છે કે મારા વીરાની રક્ષા શરદથી થાય. ભગવાન શરદથી તેને બચાવે. સાજોતાજો રાખે એટલા માટે શ્રાવણસુદી પૂર્ણિમાના દિવસે રક્ષાબંધન માનવામાં આવે છે.

(૨) બેન ભાઇને રાખડી શા માટે બાંધે છે? શું બેન જ ભાઈના રક્ષણની ચિંતા કરે. ભાઇ શું બેનને રાખડી બાંધી બેનની રક્ષાની પ્રાર્થના ન કરી શકે? હા, એમ બની શકે પણ......

(अ) પ્રાચીન યુગથી જ બેન અને ભાઇના સામાજિક સંબંધોમાં બેન કરતાં ભાઈનું મહત્ત્વ વિશેષ રહ્યું છે. આજના પુરુષપ્રધાન સમાજમાં ભાઇ કેન્દ્ર સ્થાને છે ભાઇ રક્ષાય તો બેન પણ રક્ષાય છે ભાઇનું અસ્તિત્વ નથી તો બેનનું સામાજિક મૂલ્ય શું?

(ब) આપણા દેશ ઉપર પ્રાચીન જમાનાથી વિદેશીઓએ આક્રમણો કર્યાં છે. મુસલમાનોનાં આક્રમણો જગજાહેર છે. મુસલમાનોના આક્રમણોનો સામનો કરવા રજપૂતોએ પ્રાણ અર્પણ કરેલા છે. આવા પ્રસંગોમાં પોતાના ભાઇની રક્ષા બેન હંમેશાં ઇચ્છતી. કુન્તીએ અભિમન્યુની રક્ષા રાખડી બાંધીને ઇચ્છેલી ત્યારથી આ તહેવાર અતિવેગે આગળ વધ્યો છે.

(क) બેનો પોતાની રક્ષા માટે ભાઇને રાખડી બાંધતી તેવી ઐતિહાસિક વાતો પ્રસિદ્ધ છે. જેવી રીતે કર્મવતીએ પોતાની રક્ષા માટે હુમાયૂંને રાખડી મોકલેલી. ઈન્દ્રાણીએ પોતાની રક્ષા માટે દશરથને રાખડી બાંધી. આ બધા પ્રસંગોમાંથી એવો અર્થ લોકો કાઢે છે કે બેન પોતાની રક્ષા માટે પોતાના હિતાર્થે જ રાખડી બાંધે છે. આવો અર્થ રક્ષાબંધનમાંથી નીકળતો નથી. બેન તો ભાઇની રક્ષા માટે બાંધે છે, પોતાની રક્ષા માટે નહિ. બેન સ્વાર્થી બની શકે નહિ. તેના હૃદયમાં ભાઈ પ્રત્યે અનહદ પ્રેમ અને ભાઇ પ્રત્યેના ત્યાગની અવર્ણનીય ભાવના છૂપાયેલી છે. હા, એવું બનેલું છે કે કોઇ સ્ત્રી કોઈ વ્યક્તિને રાખડી બાંધી પોતાનો ભાઇ બનાવતી ને ભાઇનું કલ્યાણ ઈચ્છતી ભાઈ પણ પોતાના સમસ્ત બળ વડે બેન પ્રત્યેની ફરજ અદા કરતો.

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

એક નાનો બાળક હતો. તેની બહેન તેને રમાડે, તેની કાળજી લે. કોઈ વખત બાળક રડે ચડે, રડવા લાગે. તેનું રૂદન અટકાવવું મુશ્કેલ. તેની બહેન દોડતી બગીચામાં જાય. ત્યાંથી પુષ્પો તોડી લાવે અને રડતાં બાળકના હાથમાં મૂકે અને તેનું રૂદન શાંત થઈ જાય. આ બાળક પોતે માતાપિતાનું તેરમું સંતાન હતો. તેની માતાને ફૂલનો શોખ હતો. વિશાળ કુટુંબની સંભાળ સાથે પોતાના આંગણામાં અને આજુબાજુ પુષ્પો ખીલેલાં રહે તેની કાળજી રાખતી. આ બાળક તે મોટપણે 'વનસ્પતિ જાદુગર' તરીકે પંકાયેલો લ્યુથર બરબેન્ક.

તેનો જન્મ ૧૮૪૯ના માર્ચની સાતમી તારીખે માસાચ્યુએટ્સમાં થયો હતો. નાનપણમાં તે દુબળો અને શરમાળ હતો. અજાણ્યા લોકોથી ડરતો, છતાં કહેવાની વસ્તુ સ્પષ્ટ રીતે રજુ કરતો તે કરવત અને હથોડાનો ઉપયોગ કરતાં શીખ્યો. ખેતર ખેડવાની કલા હાથ કરી. એવામાં પુસ્તકો વાંચવાનો નાદ લાગ્યો.

આ યુવાન બરબેન્કને એક વખત લૂ લાગતાં માંદો પડયો. પરિણામે શરીર કથળ્યું. તેણે તબીબી–શિક્ષણ લેવાનું શરૂ કર્યું. પણ પિતાનું મૃત્યુ થતાં તબીબી–શિક્ષણને રામરામ કર્યા. દરમ્યાન જીવશાસ્ત્ર વિષે તેણે સારા પ્રમાણમાં જ્ઞાન મેળવી લીધું હતું. પછી તેણે 'નર્સરી–મેન' થવાનું નક્કી કર્યું. ખેડૂતોની વાડીઓ માટે ફળફૂલના રોપા તૈયાર કરવાનું શરૂ કર્યું.

તેણે ડાર્વિનનું Animals and Plants under Domistication પુસ્તક વાંચ્યું. અને ફળફૂલ, શાકભાજી અને બીજ સુધારવાના પ્રયોગો આદર્યા. ટૂંકા ગાળામાં મકાઇ પકવવાની નવી રીત શોધી કાઢી. આ ઉપરાંત 'બરબેન્ક' નામની બટાટાની નવી જાત વિકસાવી અને તેના હકકો તેણે એક પૈસાદારને વેચ્યા.

તેના બે ભાઇ કેલિફોર્નિયામાં રહેતા હતા. ત્યાં નવી વનસ્પતિઓ વિકસાવવા વાતાવરણ સાનુકૂળ હતું. તેણે માસાચ્યુએટસનું પોતાનું ફાર્મ વેચી માર્યું. અને થોડી મૂડી અને ઊંચી મહત્વાકાંક્ષા લઈ પ્રવાસ શરૂ કર્યો. કેલિફોર્નિયા પહોંચતા તેને ઘણા દિવસો થયા. તે ત્યાં પહોંચ્યો ત્યારે તેની પાસે થોડાં પુસ્તકો, જૂજ કપડાં અને બરબેન્ક બટાટાનાં દશ નંગ હતાં.

કેલિફોર્નિયામાં એક વર્ષ બહુ મુશ્કેલીઓમાં વીત્યું. તે સુથારી કામ કરતો અને 'ગ્રીનહાઉસ'માં રહેતો. 'ગ્રીનહાઉસ'ની ભીનાશને લીધે માંદો પડયો. ખૂબ અશકિત આવી. ધીરે ધીરે સ્થિતિ સુધરી. પાંચ વર્ષ પછી થોડા પૈસા ભેગા કરી શકયો. અને ફકત એક હજાર ડોલરની મૂડી રોકી ફળફૂલ છોડ ઉછેરવાનો ધંધો શરૂ કર્યો.

૧૮૮૧નું વર્ષ હતું સાનફ્રાન્સિસ્કોના એક ધનવાનને ૨૦ હજાર આલુના રોપાની શિયાળામાં વાવવા જરૂર હતી. તેણે બરબેન્કને વાત કરી. આટલી ટૂંકી મુદતમાં આલુના રોપા તૈયાર કરવાનું કાર્ય મુશ્કેલ હતું. બીજી બાજુ, આવેલી તક ગુમાવવાનું પાલવે તેમ નહોતું. તેણે કોન્ટ્રેક્ટ રાખી લીધો. બદામના રોપા જલ્દી ઊગે છે. એટલે તેણે સૌથી પ્રથમ બદામનાં બીજ વાવ્યાં. થોડા સમયમાં તેના રોપા તૈયાર થયા તેના ઉપર આલુની કલમો કરી. અને સમયસર કોન્ટ્રેક્ટ પૂરો કર્યો.

તેણે જુદી જુદી જાતની વનસ્પતિઓ વચ્ચે સંકરણ કરી નવી વનસ્પતિ જાતિઓ, પુષ્પો, ફળ અને બીજ મેળવ્યાં. તેણે બીજ વિનાની દ્રાક્ષ પેદા કરી, ઠળિયા વિનાનાં આલુ ઉત્પન્ન કર્યાં, કેકટસ અને બ્લેકબેરીના કાંટા દૂર કરી કાંટા વિનાની જાતો પેદા કરી, સુગંધ વિનાના પુષ્પોને સુગંધ આપી, નવાં ફળ પેદા કર્યાં. ફળફૂલના આકાર, ગંધ અને જાતમાં સુધારા કર્યા.

કેલિફોર્નિયાના પોતાના શાન્ટા રોઝા ફાર્મ ઉપર વર્ષો સુધી પ્રયોગો કર્યા અને અંતે ૧૯૨૬માં આ 'વનસ્પતિ-જાદુગર' જાદુગરોના જાદુગર ભગવાનના દરબારમાં પહોંચી ગયો.

[ પાન ૭ ઉપરનું ચાલુ ]

(૩) બેન ભાઇના જમણા હાથના કાંડા ઉપર રાખડી એટલા માટે બાંધે છે કે ખાવાનું કાર્ય સામાન્ય રીતે આપણે જમણા હાથથી કરીએ છીએ. શરદઋતુમાં તબીયત બગડવાનું કાર્ય આપણે ગમે તેમ ખાઇએ છીએ તે છે. બેન ઇચ્છે છે કે મારો ભાઈ ગમે તેવી બજારૂ વસ્તુઓ આરોગી તબીયત ન બગાડે. જ્યારે ભાઇ કંઈ ખાવા જાય ત્યારે જમણા હાથની રાખડી જોઇ તરત જ અટકી જાય ને બેનનું વચન યાદ આવે કે – "ભાઇ તું ગમે તે ખાઇ ન જતો. જો આ શરદ ઋતુ આવી, તું ગમે તેમ ખાઇશ તો માંદો પડીશ. હાથ ઉપર સંયમ રાખજે નહિ તો તું જ તારો ઘાતક બનીશ." આમાં બેનનો પ્રેમ જ અગત્યનો છે. ભાઇના માનસ ઉપર બેનના પ્રેમનો, અવર્ણનીય પ્રેમની અસર એટલી બધી થાય છે કે શરદમાં તે કંઈ ખાતો નથી. રાખડી જુએ ને તરત તે અટકી જાય. આપણે જાણીએ છીએ નાગપંચમી, જન્માષ્ટમી, પર્યૂષણ જેવા તહેવારો શરદ ઋતુમાં આવે છે ને ઉપવાસ કરી શરદ ઋતુનો સામનો કરવા શારીરિક બળ પ્રાપ્ત કરીએ છીએ. રક્ષાબંધનની પાછળનું આ વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુ છે.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૭–૯–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : તા. ૨૪-૯-૭૦ [ અંક ૪૯


## પ્રભુએ મહેર કરી હવે.....

**પા**છલાં વર્ષ ખરાબ ગયાં. કુવાનાં પાણી ખૂટી ગયાં. ટયુબવેલનાં પાણી ઊંડાં ગયાં. પાક પાકયો, ના પાકયો.

આ વરસે પ્રભુએ મહેર કરી. વરસાદ પડ્યો. જરૂરનો વરસાદ પડ્યો. થોડો વધારે પડ્યો પણ નુકસાન ઓછું કર્યું.

ખેડા, નવસારી, સુરત, ભરૂચ, સુરેન્દ્રનગર, ભાવનગર અને નળકાંઠામાં પાયમાલી નોતરી. પાક તો ધોવાઇ ગયો એટલું જ નહિ પણ ઘણાં ઘર જમીન દોસ્ત થયાં અને માણસોનાં મરણ થયાં.

પ્રભુએ આપણા ઉપર એવી અકૃપા કરી નહિ. આપણા ઉપર મહેર કરી અને આપણને પાયમાલીમાં ધકેલ્યા નહિ.

બાજરી બે ચાર આની બગડી. રોહણમાં વાવેલી બાજરી ઊગી ગઇ તેને લઇ બાજરીમાં બે ચાર આની નુકસાન ખરૂં પણ પાછેતર બાજરીના વાવેતરને ફાયદો પણ થયો. આ ઉપરાંત કઠોળ તલ, સરસવ એરંડા વગેરેને પણ ફાયદો થયો. કપાસમાં રોગ ના આવે તો સોળ આની થવાની આશા. શિયાળુ ઘઉ, વરીઆળી, જીરૂ વગેરેને પણ ફાયદો થવાનો.

કુવા ખાલી થઇ ગયા હતા તેમાં પાણી ચઢવા લાગ્યાં છે. ટયુબવેલ તેમજ બોરમાં પાણી વધ્યાં. શિયાળુ વાવેતરને પાણીની ખેંચ નહિ પડે.

આમ એકંદરમાં આ વરસ સારું નિવડવાનું એવી આશા પૂરી છે.

ગુજરાતના મોટા ભાગમાં ભારે નુકસાન થયું. એમાંનું આપણે ત્યાં નથી એજ મોટો લાભ.

પ્રભુએ તો આપણા ઉપર મહેર કરી, હવે આપણી ફરજ આપણો ધર્મ આપણે અદા કરીએ.

## શ્રી પુરુષોત્તમદાસ પટેલ

અતિવૃષ્ટિ અને રેલના કારણે આફતમાં આવી પડેલા આપણાં ભાઇ બહેનોને શક્તિ પ્રમાણે મદદ મોકલીએ : મદદ વિશ્વાસપાત્ર સંસ્થા મારફત કરીએ.

આ ઉપરાંત કડી તાલુકાના વતની તરીકે આપણે આપણો ફરજ - ધર્મ અદા કરીએ.

કડીમાં સ્ટેશન સામે આપણી શિક્ષણ સંસ્થાઓ સર્વ વિદ્યાલય કેમ્પસમાં છે.

એમાં આપણી હાઇસ્કૂલ, ટેકનિકલ હાઇસ્કૂલ, સાયન્સ કૉલેજ વગેરે વગેરે છે.

આ સાલમાં દિવાળી પહેલાં-

૧ સાયન્સ કૉલેજની હોસ્ટેલ, ગૃહપતિ નિવાસ અને રસોડું તૈયાર થઈ વપરાતું થઈ જશે. એમાં રૂ. ૨૫૦૦૦૦/ અઢી લાખ ખર્ચ થશે.

૨ ટેકનિકલ હાઇસ્કૂલનું મકાન તૈયાર થઇ વપરાતું થયું છે. એમાં થોડું કામ બાકી છે તે દિવાળી પહેલાં પૂરું થશે. એમાં રૂ. ૨૭૫૦૦૦/ પોણા ત્રણ લાખ ખર્ચ થશે.

૩ ટેકનિકલ હાઇસ્કૂલની હોસ્ટેલનું મકાન પૂરું થઇ ગયું છે. વપરાતું થયું છે અને હાઇસ્કૂલના સો વિદ્યાર્થી એમાં રહેતા થયા છે. એમાં રૂ. ૨૨૫૦૦૦/ ખર્ચ થયો છે હજુ થોડું વિશેષ ખર્ચ કરવાનું છે.

૪ ટેકનિકલ હાઇસ્કૂલનું વર્કશોપ - ઉદ્યોગ ભવન તૈયાર થઈ ગયાં છે. મોટા ભવનમાં પેટન્ટ સ્ટોન થઈ ગયો છે. નાના ભવનમાં થોડું કામ બાકી છે. એનાં મકાનમાં રૂ. ૧૭૫૦૦૦/ પોણા બે લાખ ખર્ચ થયું છે. એમાં રૂ. ૨૫૦૦૦૦/ અઢી લાખની કિંમતનાં સાધનો - યંત્રો ગોઠવવાનું દિવાળી પહેલાં થશે.

આમ આ વર્ષે આપણી સંસ્થાનાં દશ લાખનાં કામો પૂરાં થશે.

પાછલાં વર્ષો સારાં નહોતાં તેથી ફંડ માટે આપની પાસે આવ્યા નહોતા.

પણ આ વરસ ઇશ્વર કૃપાથી સારું છે.

સાયન્સ કૉલેજનું મકાન હજુ કરવાનું છે. એમાં ત્રણ લાખ નિદાન જોઇએ. આ ઉપરાંત કૉલેજના વિદ્યાર્થીઓ માટે એક હૉસ્ટેલની પણ જરૂર.

**આ વર્ષ આપણું 'સુવર્ણ જયન્તી'નું છે. સુવર્ણ જયન્તી પ્રસંગે આપણે દશ લાખ રૂપીઆ ભેગા કરવા નિર્ણય કર્યો છે.**

**આપણો તાલુકો ઉદાર હાથથી ત્રણ લાખ આપે.**

આ માટે આપણે ગામે ગામ જવા માગીએ છીએ. સૌ શકિત મુજબ ઉદાર બની લાંબો હાથ કરે.

કડી ગામના ભાઇઓએ સાયન્સ કૉલેજ શરૂ કર્યા પછી આશરે રૂ. ૧૬૫૦૦૦ આ સંસ્થાને આપ્યા છે. તેમ છતાં આ સારા કાર્યમાં ફરી આપવાની શકિત ધરાવનારા ભાઇઓ પણ ઉદારતાથી આપે.

આ સાલ આપણે ટયુબવેલ કરાવ્યો. સબમર્શીબલ પંપ મુકયો. પાઇપ લાઈન નાંખી રૂ. ૬૦૦૦૦/ જેટલો ખર્ચ કર્યો છે.

આ ઉપરાંત ફાર્મ મિકેનિક–કૃષિયંત્ર તાલિમ કેન્દ્ર શરૂ કર્યું છે. તેમાં ટ્રેકટર, ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર વગેરે વગેરે વાપરતાં અને બગડયાં હોય તો મરામત કરાવાની તાલીમ અપાઇ રહી છે. ઇલેકટ્રીક મોટર અને એન્જીન ખરીદી લીધાં છે. ટ્રેકટર આ મહિનામાં આવી જશે.

આ યુગ યંત્રવિદ્યા–ટેકનિકલ શિક્ષણ અને સાયન્સ–વિજ્ઞાનનો છે. આ યુગની જરૂરીઆતને પહોંચી વળવા આપણે સાયન્સ કૉલેજ અને ટેકનિકલ હાઇસ્કૂલ શરૂ કરી છે. એની જરૂરીઆતોને પહોંચી વળવા અને અદ્યતન સાધનો વસાવવા સાયન્સ કૉલેજનું મકાન વગેરે કરવા માટે સુવર્ણ જયન્તી પ્રસંગે આપણે દશ લાખ એકઠા કરવા નિર્ધાર કર્યો છે.

**એમાં કડી તાલુકાનો–ગામડાંનો ફાળો રૂ. ત્રણ લાખ કરવો જોઇએ.**

આ માટે આપણુ સૌ ભેગા મળી કામ કરીએ તો ગામડાના આપણા ભાઇઓ પાછા પડવાના નથી.

દાકતરી, ઇજનેરી, ખેતીવાડી તેમજ ફાર્મસી વગેરેના શિક્ષણમાં પ્રવેશ મેળવવા સાયન્સ કૉલેજ જરૂરી છે.

ત્રણ લાખનો તાલુકાનો ફાળો કરવાનો તેમાં આપ ઉદારતાથી શકિત મુજબ આપશો.

ફાળો લખાવ્યા પછી શકય તેટલા રોકડા આપશો અને બાકીની રકમ શિયાળુ પાક લીધા પછી પણ આપી શકશો. પૈસા આપો તેની પાવતી લેશો.

## આપો, ઉદારતાથી આપો.

## ભાઇ | શ્રી મોહનભાઈ પટેલ

મોટા બે ભાઇ પોતપોતાના ગુજરાન માટે દૂર દૂર ચાલ્યા ગયા. ઘેર રહ્યાં બે ભાઇ, એક બહેન અને મા.

પિતાનું અવસાન થયું હતું એટલે ઘરનો બધો ભાર અને બે પુત્રો તેમ જ એક પુત્રીના ઉછેર અને અભ્યાસની જવાબદારી મા ઉપર આવી પડી હતી. કમાતા મોટાભાઇઓ ખર્ચ જોગ થોડા પૈસા મોકલી આપતા હતા. ગાડું ગબડતું હતું. ઘેર રહેલા બંને પુત્રો તેજસ્વી હતા. બંનેના હૈયામાં દેશદાઝ હતી. નાનો ભાઇ ખાદી પણ પહેરતો.

એ બે ભાઇઓ એકબીજાને ખૂબ ચાહતા. અભ્યાસ કરવામાં પણ જાતજાતની હોડ બકે. સામે ઘડિયાળ મૂકીને અભ્યાસના પ્રશ્નો ઉકેલ કોણ વહેલો લાવે છે એવી રમત તો એમને માટે સહજ હતી.

બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું.

મોટાભાઇને લાગ્યું કે નોકરી કરીને માને તેમ જ નાનાભાઇના અભ્યાસને મદદરૂપ થવું જોઇએ. એ સૈન્યમાં દાખલ થયો.

અગ્નિએશિયાના મોરચે એને લડવા જવાનું થયુ જતાં જતાં એણે પોતાનો પગાર નાનાભાઇને મળે એવી વ્યવસ્થા કરી. નાનાભાઇનો અભ્યાસ કયાંય ખોટકાય નહીં એવી એની ગણત્રી હતી.

પણ એનો દેશપ્રેમ ઉજ્જવળ હતો. બ્રિટિશરોના આધિપત્યવાળી નોકરી એના આત્માને ફાવી નહીં. સુભાષબાબુની હાકલ સાંભળીને એ આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ ગયો. ઇ. સ. ૧૯૪૫ માં જાપાન શરણે થયું એ પછી એ આઝાદહિન્દ ફોજના બીજા સૈનિકોની સાથે પકડાયો અને એને પંજાબમાં પોતાના વતનના જિલ્લા મુલતાનની જેલમાં મોકલવામાં આવ્યો.

આ દરમિયાન નાનોભાઇ અભ્યાસમાં તેજસ્વીતા દેખાડતો રહ્યો. એક પછી એક શિષ્યવૃત્તિઓ મેળવતો ગયો અને આગળ વધી રહ્યો. ઈ. સ. ૧૯૪૫ માં એ એમ. એસસી. થઇ ગયો.

અને ઇ. સ. ૧૯૪૬ માં અરદેશર દલાલ યોજનામાં શિષ્યવૃત્તિ મેળવીને આગળ અભ્યાસ માટે વિલાયત ગયો.

એના વિલાયત પહોંચ્યા પછી ત્રણ મહિનામાં મોટાભાઇ જેલમાંથી છૂટયો. તરત નોકરી નહોતી. ભરણપોષણની ચિંતા ઊભી થઈ.

નાનાભાઇએ વિચાર્યું; "કંઇ વાંધો નહીં, ભાઇ માટે હું બધું કરી છૂટીશ."

એણે પોતાના જીવનક્રમમાં એકદમ ફેરફાર કરી નાખ્યો. ઘણો ખર્ચ કાપી નાખ્યો. ખૂબ સાદાઇથી રહેવા માંડ્યું. કપડાં

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# આજના યુદ્ધની કેટલીક વિશેષતાઓ

પ્રિ. એન. જે. પટેલ : સાયન્સ કૉલેજ – કડી

યુદ્ધ નિવાર્ય હોવા છતાં આજ દિન સુધી વખતો વખત અનેક રાષ્ટ્રોને માથે લાદવામાં આવ્યું છે અને એનાં સારાં કે નરસાં પરિણામો રાષ્ટ્રોને ભોગવવાં પડ્યાં છે. આમ યુદ્ધ ત્યાજ્ય હોવા છતાં અનિવાર્ય લેખીને જાગૃત રાષ્ટ્રે ચાલવું જોઈએ. તેને જીવનની વાસ્તવિકતા ગણીને દરેક રાષ્ટ્રે તેમાં પારંગત થવું રહ્યું.

છેક પુરાણકાળથી જુઓ તો– દેવો અને દાનવોનાં યુદ્ધ થયાં, રામ રાવણનું યુદ્ધ થયું, મહાભારત રચાયું, પાણીપતનાં યુદ્ધો થયાં અને છેલ્લે છેલ્લે બે વિશ્વયુદ્ધો પણ થયાં, અને હવે આ દુનિયાને માથે ત્રીજું વિશ્વયુદ્ધ ક્યારે ઠોકાય તે કહી શકાય નહિ. યુદ્ધ શાન્તિ માટે છે એમ કહીને પણ કોઈક રીતે તે સંજોગવશાત ચાલી આવે છે. જે તે સમયે વિશ્વમાં અનેક વિભૂતિઓ જન્મી છે. અનેક શાન્તિના દૂતોએ અવતાર લીધા છે એમ પણ છાતી ઠોકીને કહી શકાય તેમ છે. દુનિયાએ મહાવીર, ગૌતમબુદ્ધ, ગાંધીજી, બટ્રાન્ડ રસેલ કે વિનોબાજી જેવી વ્યક્તિઓ પેદા કરી છે છતાં તેઓનાં જીવન યુદ્ધને રોકવામાં નિષ્ફળ ગયાં છે. યોગ્ય સમયે લડી લેવાનું માંડી વાળનાર રાષ્ટ્રો અશાંતિનો ભોગ બન્યાં છે એ પણ હકીકત છે. એટલે આ જમાનામાં પણ અનિવાર્ય યુદ્ધને નિવારવા માટે પણ ઓળખવું રહ્યું.

આજના યુદ્ધને ઓળખતાં પહેલાં પુરાણા યુદ્ધો વિષે થોડી આલોચના કરવી જરુરી છે. પહેલાં લડાઈ મુકરર કરેલા મેદાનોમાં થતી. જેઓ સીધે સીધા લડાઈ સાથે સંકળાએલા ન હોય તેઓ ઉપર તેની ઝાઝી અસર થતી નહિ. નાની લડાઈ કે ધીંગાણું કે મોટું યુદ્ધ દિવસે થતાં, લડનાર દેશોની આર્થિક સ્થિતિ ઉપર મોટે ભાગે એની ઓછી અસર પડતી. સમાજનાં અન્ય અંગો ઉપર એની વધુ અસર પણ પડતી નહિ. સમાજનો અમુક વર્ગ લડાઈ સાથે સંકળાએલો રહેતો. વળી પુરાણા યુદ્ધોમાં ગુપ્તચર વિભાગનું પણ ખાસ કોઈ મહત્વ નહોતું. યુદ્ધ ઉપયોગી એવી વૈજ્ઞાનિક શોધોનો લાભ પણ એ લડાઈઓને સ્વાભાવિક રીતે નહોતો જ.

આજની લડાઈનો કોઈ નિયમ નથી. હોય તો કોઈ નિયમ સચવાતો પણ નથી. સૈન્ય ઓચિંતુ જ દુશ્મન સૈન્ય ઉપર છાપો મારે. મોટે ભાગે દુશ્મનને વહેલી પરોઢમાં ઊંઘતો જ ઘેરવામાં આવે અથવા તેના ઉપર ત્રાટકવામાં આવે. જીનીવા કન્વેશનને પણ હવે તો સાચવવામાં આવતા નથી. નેપામ બોમ્બ (Napalm bomb) જેવા ઝેરી જંતુઓ વેરનાર બોમ્બનો ઉપયોગ થયાનું પણ આપણે વાંચ્યું છે. સૈન્ય ઉપર તો ઠીક નાગરિકો ઉપર પણ હવાઈ હુમલાઓ થાય છે. નાગરિકો પણ દુશ્મન સામે લડતા સૈનિકોને પરોક્ષ રીતે અને પ્રત્યક્ષ રીતે ઘણી મદદ કરે છે. દેશનું આર્મી ભૂમિયુદ્ધ કરે. નૌકા સૈન્ય દરિયાનું યુદ્ધ આદરે અને અનેક પ્રકારના વિમાનો હવાઈ હુમલાઓ કરે. આજે તો જે દેશની હવાઈ તાકાત વિશેષ તે અનેક રીતે દુશ્મનને ઝડપથી મહાત કરી શકે છે. તાજેતરનો જ દાખલો લઈએ તો ઈઝરાઈલે લગભગ ચાર જ દિવસમાં આરબ દેશોને શરણે લાવીને નાસર જેવા માંધાતાને મીંદડી જેવા કરી મૂક્યા હતા. એ ઈઝરાઈલની જીત હવાઈ તાકાતનો જબરદસ્ત પરચો હતો.

લડાઈમાં રોકાએલા – સપડાએલા દેશનાં વિવિધ પ્રકારનાં સાધનો તેમાં રોકાએલાં હોય છે. આને પરિણામે દેશને માનસિક અને શારીરિક યાતનાઓમાંથી પસાર થવું પડે છે. એમાં મુખ્યત્વે દેશની આર્થિક સ્થિતિ અને દેશનું ખમીર (Morale) કસોટીમાં મુકાય છે.

સૈનિકોને વિવિધ પ્રકારનાં કપડાં જોઈએ, સારાં અનાજ પાણીનો અણખૂટ જથ્થો જોઈએ, વિમાનો, ટેન્કો, ટ્રક, જીપગાડીઓ માટે પેટ્રોલ જોઈએ, દારુગોળો જોઈએ, બાંધકામનો પૂરવઠો જોઈએ– લોખંડ જોઈએ સિમેન્ટ જોઈએ – ઘણું બધું જોઈએ.

સૈન્યના દરેક વિભાગ વધુ કાર્યક્ષમ બની જાય. નાગરિકોની જરુર પડે તો ફરજિયાત ભરતી થાય. ડૉક્ટરોની, એન્જિનિયરોની કે પોસ્ટના સામાન્ય કર્મચારીઓની પણ ફરજિયાત સેવાઓ લેવી પડે.

ટૂંકમાં રાષ્ટ્રનાં બધાં સાધનો લડાઈ તરફ વાળવાં પડે. આ બધી જરુરિયાતો પાછળ થતો અપાર ખર્ચ જેવા તેવા દેશની આર્થિક કમર તોડી નાખે. કારખાનાં યુદ્ધને ધોરણે ઉત્પાદન કરે. ખેતરોમાં અન્ન પણ જવાનને અને દેશને જીવાડવા અને જીતાડવા વવાય છે એવા ભાન સાથે ખેડૂતો પણ મહેનત કરે તોયે જે રાષ્ટ્ર એમ કરતાં થાકે તે હારે.

યુદ્ધને કારણે દેશ આખો હચમચી ઉઠે. સાચા જૂઠા સમાચારોના વંટોળ ઉઠે. સમાચાર પત્રોથી દેશના નાગરિકોને આ કે તે સમાચાર આપવામાં આવે. દેશનું ખમીર ઊંચું રાખવાનો પ્રચાર થાય અને દુશ્મન સૈન્યનું અને નાગરિકોનું ખમીર તોડી નાખવાનો પ્રચાર પણ થાય. બીજી બાજુ પ્રેક્ષક દેશો (જો હોય તો) લડતા દેશોને વાટાઘાટોમાં ઉતારવાની કોશિષ કરે અને લડાઈમાં ઉતરેલા દેશો રાજદ્વારી મોરચે પણ યુદ્ધને ગરમ રાખે. રણમોરચે જીતાએલો દેશ મંત્રણાઓ કે વાટાઘાટો દરમ્યાન ન છૂટકે આપી દેવાનો વારો આવે તોયે જીત એ જીત બની રહે અને ખમીર ટકી રહે તેવી સાવધાની સાથે આગળ વધે.

આ બધાય ને અંતે ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે આજે કોઈપણ રાષ્ટ્રે યુદ્ધ જીતવું હોય તો સૌથી મહત્વની બેજ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ. એક ખમીર અને બીજું આર્થિક પ્રાબલ્ય. આ બન્નેનું પ્રેરણાસ્રોત એ દેશાભિમાન છે.

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવરથ દભાઈ યોગી : સાયન્સ કૉલેજ–કડી

## પહાડી ગોરિલા સાથે મૈત્રી

બેરોનેસ જેન વાન લેવીક–ગુડાલ્લના ચિમ્પાન્ઝી અનોખા અભ્યાસ ઉપરથી પ્રેરણા લઈને, પહાડી ગોરિલાનાં રહસ્યો શોધવા, ૩૭ વર્ષની વયની મિસ દીઆન ફોસી કેલિફોર્નિયાની પોતાની ધંધાદારી થીરેપીસ્ટની નોકરી છોડી, વિખ્યાત માનવશાસ્ત્રી ડૉ. લુઈસ એસ. બી. લીકીની ભલામણથી નેશનલ જ્યોગ્રાફીક સોસાયટી તરફથી આર્થિક સહાય મળતાં આફ્રિકા આવી. દૂર આફ્રિકન ઉચ્ચ-પ્રદેશમાં આ હિંમતવાન અમેરીકન મહિલા માણસના કેટલાક બિનમાનવ સંબંધીઓનો તેમના જૂગજૂના વાતાવરણમાં અભ્યાસ કરે છે.

× × × × × × ×

છેલ્લા ત્રણ વર્ષમાં મારા મોટા ભાગના દિવસો મેં જંગલી પહાડી ગોરિલાઓ સાથે વિતાવ્યા છે. અમારું નિવાસ-સ્થાન વિરુન્ગા હારમાળાના ધુમ્મસવાળા ઢોળાવનાં જંગલોમાં છે. અહીં આઠ ઊંચા જ્વાળામુખીઓમાં સૌથી ઊંચો ૧૪૭૮૭ ફૂટ છે. આ પ્રદેશ રવાન્ડા, યુગાન્ડા અને ડેમોક્રેટીક રીપબ્લીક ઓફ કોંગો – એમ ત્રણ આફ્રિકન રાષ્ટ્રો વચ્ચે વહેંચાયેલો છે. આ ત્રણ વર્ષના ગાળામાં મેં ઘણા ગોરિલાઓને ઓળખ્યા અને તેમણે મને ઓળખી. તેઓ પહાડોના ઢોળાવો ઉપર ફરે છે. કેટલાંક ટોળાં મારી હાજરીને તેમના એક સભ્ય તરીકે સ્વીકારે છે. હું તેમના ટોળામાં તેમની નજીક જઈ શકું છું. કેટલાક તરુણ અને નાના પુખ્ત ગોરિલા મારી બિલકુલ નજીક આવતા. મારા કેમેરાનો પટ્ટો લઈ લેતા અને મારા થેલાના બકલનું નિરીક્ષણ કરતાં. એક ગોરિલાએ મારી બૂટની દોરીઓ સાથે ચેડાં કર્યાં પણ બુટનો મારી સાથે સંબંધ છે તેની સહેજ પણ ગંધ તેને આવી હોય તેવું ન લાગ્યું.

હું ગોરિલાઓને તેમના વ્યક્તિત્વ અને વિશિષ્ટ લક્ષણો પ્રમાણે વ્યક્તિગત રીતે ઓળખું છું. તેમની માહિતીથી મારી સેંકડો પાનાની નોટો ભરી છે. તેમાંના ઘણાને મેં રફીકી, અંકલબર્ટ, ઈકારસ અને એવાં બીજાં નામ આપ્યાં છે.

આ ઓળખાણ સહેલાઈથી પ્રાપ્ત થઈ નહોતી. આવા અભ્યાસ માટે પાઠ્યપુસ્તકોનાં સૂચનો માત્ર બેસી અવલોકન કરવા માટે જ હોય છે. આનાથી મને સંતોષ થયો નહીં. એટલે મેં ગોરિલાઓની નકલ કરી તેમનો વિશ્વાસ અને જિજ્ઞાસા સંપાદન કરવા પ્રયત્ન આદર્યો. મેં તેમની ખાવાની અને સંભાળની રીતનું અનુસરણ કર્યું. પાછળથી તેઓ સમજે છે તેની ખાતરી થતાં તેમના અવાજની નકલ કરી. કેટલાકે આશ્ચર્ય પમાડે તેવા હોંકારા પણ કર્યા.

ગોરિલાઓએ સાનુકૂળ પ્રત્યાઘાતો પાડયા. જો કે તેમની પદ્ધતિઓ હંમેશા સભ્યતાયુક્ત રહેતી નહોતી. કોઈ બીજાની તાલબદ્ધ રીતે છાતી થાબડતો, તો કોઈ સીલેરીના ઠૂંઠા ઉપર બેસી, બહુ સ્વાદિષ્ટ કોળિયો ભર્યો હોય તેવો ચાવવાનો ડોળ કરતો.

મહાન એપ્સમાં ગોરિલા મોટામાં મોટા છે. પુખ્તવયના નર ગોરિલાની ઊંચાઈ ૭ ફૂટ જેટલી અને વજન ૪૦૦ પૌંડ કે તેથી વધારે હોય છે. તેના વિશાળ બાહુઓ આઠ ફૂટ જેટલા લાંબા હોય છે. મધ્ય આફ્રિકાનાં સદાહરિત ભીનાં જંગલો પૂરતી આ પહાડી ગોરિલાની રેંજ મર્યાદિત છે. ત્યાં થોડાક હજાર ગોરિલા દુર્દશામાં જીવી રહ્યા છે. જો કે તેમના રહેઠાણ-વાળો પ્રદેશ પાર્કલેન્ડ તરીકે જાહેર કરેલો છે. આમ કાયદાની દૃષ્ટિએ ગોરિલા સંપૂર્ણ સુરક્ષિત છે. પણ વાસ્તવમાં શિકાર-ચોર અને બદુત્સી ગોવાળિયા તેમને નાની રેંજમાં ધકકેલે છે. જો તેમને બચાવવાની વ્યવસ્થિત યોજના અને સખ્ત પ્રયત્ન સમયસર કરવામાં નહિ આવે તો આવતા બે કે ત્રણ દાયકામાં ગોરિલાઓની હસ્તી પૃથ્વીના પટ ઉપરથી ભૂંસાઈ જશે.

આવી ભયમાં મૂકાયેલી જાતિઓને બચાવવા માટે સૌથી પ્રથમ તેમના ખોરાક, સંવનન અને તેમની પ્રજનન રીતો, તેમની રેન્જ પેટર્ન તેમજ તેમની સામાજિક વર્તણુંક વિષે વધારેમાં વધારે જાણકારી મેળવવી જોઈએ. મેં જેન ગુડાલ્લના ચિમ્પાન્ઝીના અભ્યાસ વિષે વાંચ્યું હતું અને ટાન્ઝાનિયાના ગોમ્બે નેશનલ પાર્કમાં આવેલા તેના કેમ્પની મુલાકાત પણ લીધી હતી. ૧૯૬૭ માં ડૉ. લુઈસ લીકીની મદદથી અને નેશનલ જ્યોગ્રાફીક સોસાયટી તેમજ વીલ્કી બ્રધર્સ ફાઉન્ડેશનની આર્થિક સહાયને આધારે મેં ગોરિલાનો અભ્યાસ શરૂ કર્યો.

અભ્યાસમાં અનેક વખત ખલેલ પહોંચી. તેમાંનો એક અંતરાય સૌથી વધારે ખરાબ હતો. કોંગોના માઉન્ટ મીકેનોના ઢોળાવ ઉપર મેં મારું કામ શરૂ કર્યું. પરંતુ મારા ફક્ત ૭ મહિનાના અભ્યાસ પછી કીવુ પ્રાંતનાં રાજકીય તોફાનોને લીધે મને એ દેશ છોડવાની ફરજ પાડી. મારે માટે આ વિઘ્ન નાનુસૂનું નહોતું. અહીં ગોરિલા સંપૂર્ણ સુરક્ષિત પાર્ક પદ્ધતિમાં સુખેથી રખડતા–ત્યાં માનવોના પગપેસારાનો જરા સરખોય ભય નહોતો. તેઓ મારી હાજરીથી ખોટી રીતે ગભરાયા નહોતા. મારાં આ વખતનાં અવલોકનો અત્યંત લાભદાયી હતાં.

કોંગો છોડયા પછી મેં ફરીથી આ વખતે રવાન્ડામાં કામ શરૂ કર્યું. મારો કેમ્પ માઉન્ટસ કારીસીમ્બી, મીકેનો અને વીસોકીને જોડતાં વિશાળ ઘાસનાં મેદાનો નજીક છે. જો કે મારો જૂનો કેમ્પ અહીંથી માત્ર પાંચ જ માઈલ દૂર હતો. રવાન્ડી ગોરિલાઓને શિકારચોર અને ગોવાળિયાઓએ ખૂબ હેરાન કરેલા તેથી તેમની સાથે મૈત્રી બાંધવાના શરૂઆતના

પ્રયત્નોમાં હું ફાવી નહીં. રવાન્ડામાં ૧૯ મહિનાના કામ પછી બીજી વખત અંતરાય આવ્યો. પરંતુ મારા અભ્યાસ માટે આ અંતરાય અતિ મહત્વનો પુરવાર થયો.

તેની શરૂઆતનો આબેહૂબ ચિતાર હજી મારા મગજમાં છે. ફેબ્રુઆરીનું ધુમ્મસવાળું સવાર હતું લપસણા, કાદવવાળા હાથીના રસ્તા ઉપર હું ચાલતી હતી. આ માર્ગ નજીકના રવાન્ડા ગામ અને ૧૦૦૦૦ ફૂટ ઊંચે માઉન્ટ મીકેનો ઉપર આવેલા મારા ગોરિલા અવલોકન કેમ્પના મુખ્ય માર્ગ તરીકે ગરજ સારે છે. મારી પાછળ પોર્ટરો એક પેટી લાવતા હતા. તેના મથાળે પાટિયાં જડેલાં હતાં. આ પેટીમાંથી આક્રંદ સંભળાતું હતું. અમારા દરેક પગલે આક્રંદ વધતું જતું હતું અને દયા આવે તેવું થતું હતું. એનો અવાજ માનવબાળના આક્રંદ જેવો પીડાકારક હતો.

ઠંડુ ધુમ્મસ ઊંચા વૃક્ષોમાં અને બહાર વમળો પેદા કરતું. છતાં પર્વતની તળેટીનું લેન્ડ-રોવર છોડી, ચાર કલાક-ના મુશ્કેલ ચઢાણને લીધે પોર્ટરોના ચહેરા ઉપર પરસેવાના રેલા ઉતરતા હતા. આ કેમ્પ ખરેખર સુંદર જગ્યાએ હતો. અમે ત્યાં પહોંચ્યાં. મારા સ્ટાફના ત્રણ આફ્રિકન સભ્યો દોડતા અમને આવકારવા આવ્યા.

બીજે દિવસે મેં તેમને મારી કેબીનના બે રૂમમાંથી એક રૂમને જંગલમાં રૂપાંતર કરવા મોકલ્યા. રૂમ તોડી તેમાં વૃક્ષો, વેલા અને પાંદડાં નાખવાં એ તેમને મન નરી મૂર્ખતા હતી. છતાં તેઓએ મારી વિચિત્ર વિનંતી સંતોષી. તેમણે પેટીને કેબીનના બારણાં થઈ અંદર લઈ, ભોંયતળિયા વચ્ચે ફેલાયેલાં વૃક્ષોની વચમાં મૂકી. પછી પેટીનાં ઉપરનાં પાટિયાં ખોલીને પૂંઠ પાછળ ઊભી રહી છું. કિનારીઓ પકડવા અંદરથી બે નાના હાથ બહાર નીકળે છે અને ધીમેથી નાનું બચ્ચું ઉપર કૂદી આવે છે. તેની મોટી ભૂરી આંખો રૂમમાં ફરી વળે છે. જે રૂમ હવે પછીના ૬૮ દિવસ સુધી તેના નિવાસસ્થાન તરીકે રહેવાનો છે. પછી આ નાનો કાળિયો માળાના ઢગલામાં કૂદી પડે છે. અને આવેશમાં આવી જઈ પર્ણો ઉપર હાથ પછાડે છે. અહીં ચડવા માટે એક વૃક્ષ છે. હાથ ઉપર હાથ રાખતો તે છેક છત સુધી પહોંચે છે. ત્યાં તે નીચે બેસી આતુરતાપૂર્વક બારીમાંથી ડોકિયું કરે છે. અંતે તે પોતે ઊંઘવા માટે આક્રંદ કરે છે. તેના ડૂસકાં દિલ કંપાવી મૂકે છે. મારી દેખરેખ હેઠળ આવેલ આ પ્રથમ ગોરિલા બચ્ચાંને મેં 'સોસો' નામ આપ્યું

એક અઠવાડિયામાં ૧૬ માસની વયના નર 'સોસો' સાથે બે વર્ષ ઉંમરની મોટી માદા 'પુકર પસ' જોડાઈ. આ બંને ગોરિલાઓને રવાન્ડી પાર્કના રક્ષકો અને ત્યાંના લોકોએ કોઈ યુરોપિયન શહેરના પ્રાણીસંગ્રહાલયમાં મોકલવા પકડયા હતા. તેમને અહીંથી વહાણમાં દૂર મોકલવામાં આવે ત્યાં સુધી તેમની કાળજી લેવાનું મેં સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. 'સોસો' એ ઊભા રહેવા કે બેસવા જગ્યા નહોતી તેવા તારના એક પાંજરામાં ૨૬ દિવસ વિતાવ્યા હતા. તેનો ખોરાક પરદેશી હતો. તેમાં પ્રવાહી નહોતું. તેણે સહેલાઈથી કેળાં ખાધાં અને તેથી જીવતો રહ્યો. 'પુકર પસે' ખાવાનો ઇન્કાર કરી દીધો. તેથી ખૂબ પાતળી અને નબળી થઈ ગઈ હતી.

આ પછીનાં થોડાં અઠવાડિયાં તેમની સાથે ઓળખાણ કરવામાં, તેમની સતત સંભાળ લેવામાં અને નવો ખોરાક આપવામાં વીત્યાં. ધીરે ધીરે તેમણે મારામાં વિશ્વાસ મૂકવાનું શીખી લીધું આ દિવસો મારી કસોટીરૂપ હતા. રસોયાને ફોર્મ્યુલા પ્રમાણે પ્રાણીઓનો ખોરાક બનાવવાનું અને શીશીઓ જંતુરહિત બનવા ગરમ પાણીથી ધોવાની કહેતાં, 'હું યુરોપિયનો-નો રસોયો છું. પ્રાણીઓનો નહીં' કહી મને છોડી ગયો. બીજા માણસો જતા રહેવાની તૈયારીમાં હતા. આને લીધે મારી સ્થિતિ વધારે કફોડી બની. થોડા સમય પૂરતું મેં ફીલ્ડવર્ક છોડી દીધું મારા આશ્રિતો પાસેથી મેળવેલા જ્ઞાનને લીધે આ કાર્ય પાછળથી મેં ખૂબ ઝડપથી પૂરું કર્યું. તેમની તબીયત સુધરી એટલે આજુબાજુના જંગલોમાં તેમને ફરવા લઈ જતી. તેમના કુદરતી નિવાસસ્થાનમાં તેમની નજીક રહે-વાથી આ પર્યટનોએ તેમના ખાવાની ખાસિયતો, તેમની સંભાળ લેવાની રીત, અને તેમની બોલી વિષે જાણવાની એક અનોખી તક પૂરી પાડી.

પ્રાણી સંગ્રહાલયમાં લઈ જવા માટે આ ગોરિલા બચ્ચાંની માગણી થઈ. તેમનું જંગલનું આ છેલ્લું પર્યટન મારે દુઃખદ હતું. પણ આ સુખી બચ્ચાને ખબર નહોતી કે તેમના ગયા પછી તેમનું પહાડી નિવાસસ્થાન ફરી કદી તેમને મળશે નહિ

'સોસો' અને 'પુકર'ના ગયા પછી બે દિવસે મેં મારું ફીલ્ડ–વર્ક શરૂ કર્યું જંગલી ગોરિલામાંથી બે મહિના કરતાં વધારે ગેરહાજરીના કારણે તેઓ મને સ્વીકારશે કે કેમ તે વિષે મને શંકા હતી. અત્યાર સુધીના અભ્યાસમાં ૫ થી ૧૯ સભ્યોવાળાં, નવ ટોળાનું નિરીક્ષણ કર્યું હતું. આ નવ ટોળીઓ માંથી નજીકથી નિરીક્ષણ કરવા માટે ચાર ટોળીઓની પસંદગી કરી હતી. રૂપેરી પીઠવાળો એક નર દરેક ટોળી ઉપર પોતાની સત્તા ચલાવે છે. બાકીના નર ચોકી અને રક્ષકનું કાર્ય કરે છે. અનુકૂળતા માટે ટોળીઓને મેં નંબર આપ્યા છે. ફીલ્ડવર્ક-માં પાછા આવ્યાના મારા પહેલા દિવસે ગોરિલાની આઠમી ટુકડીનો સંપર્ક થયો. તેનો વડો વૃદ્ધ બુદ્ધિશાળી રૂપેરી પીઠવાળો 'રફીકી' હતો. 'સોસો' અને 'પુકર' પાસેથી શીખેલા અવાજ કરી, હું અજાણી હોઉં એવો ઢોંગ કરી આ ટુકડી પાસે આવી. મારા અવાજેથી રફીકી મારી પાસે આવ્યો અને મને ઓળખી કાઢી, તેઓ મને ભૂલ્યા નહોતા.

'રફીકી'ની ટોળી અનોખી હતી તેમાં માદાઓ અને બચ્ચાં નહોતાં. અમારી મુલાકાતો લીધી. તેમની કુંવારી-જિંદગી-

ના કંટાળામાંથી તેમને રાહત રહેતી હશે એવી મારી ધારણા હતી. આ સંપર્ક ખૂબ ઉશ્કેરાટ ભર્યા હતા. કેટલીક વખત આ ટોળીનું નિરીક્ષણ હું વૃક્ષ ઉપરથી કરું છું. 'પીનટ્સ,' 'ગીઝર' અને 'સેમ્સન' ત્રણ નર મને મળવા ઝાડ ઉપર ચડે છે. તેઓ મારા કેમેરાનાં સાધનો, બુટ અને કપડાં શોધી કાઢે છે.

બે વર્ષ પહેલાં હું તેમને પ્રથમ વખત મળી ત્યારે રફીકી અને તેના મિત્રો કુંવારા નહોતા. એ વખતે તેમની સાથે જૈફ, ધ્રૂજતી, જીર્ણ હાથવાળી, સૂકાયેલી છાતીવાળી અને ભૂરા માથાવાળી એક માદા હતી મેં તેની ઉંમર અંદાજે ૫૦ વર્ષની માની હતી. પાંચ નર તેને પ્રેમ કરતા હશે. આ ટુકડીની મોટા ભાગની પ્રવૃત્તિઓ આ વયોવૃદ્ધ રાણીને કેંદ્રમાં રાખીને જ ચાલતી. મે તેને 'કોકો' નામ આપ્યું. પરસ્પર માવજતની ક્રિયા હંમેશાં 'કોકો' પ્રેરતી. જ્યારે તે શરૂ કરતી કે તરત જ બીજા તેને અનુસરતા અને થોડી મિનિટોમાં ગોરિલાની લાંબી હાર લાગતી.

તે અદૃશ્ય થઈ પહેલાં થોડા સમયે જંગલમાં તે હેતુ વિના ભટક્યા કરતી. આ તેની વૃદ્ધત્વની નિશાની હતી. આવા પ્રસંગોએ પાંચ નર બેસી રહેતા અને તેની પ્રતીક્ષા. કરતા. કેટલીક વખતે 'રફીકી' પોતાની તરફ પાછી વાળવા મૃદુ રીતે ઘૂરકતો. પછી તે 'રફીકી' પાસે પહોંચી જતી અને બંને માણસની માફક એકબીજાને છાતી સરસાં ચાંપતાં.

ગોરિલા પર્ણો, શાખાઓ, કેટલીક વખતે મોસ અને ઢીલી માટીના, જમીન ઉપર સૂવાના માળા બાંધે છે. 'કોકો' અને 'રફીકી' હંમેશાં એક જ માળામાં સૂતાં, પછી બે દિવસ માટે 'કોકો' અને 'રફીકી' ગેરહાજર હતાં. આ વખતે બાકીના ત્રણ નરની આગેવાની રૂપેરી પીઠવાળા 'પુગ્નેસિયસ'ને સોંપી હતી. તેણે નવી સોંપાયેલી જવાબદારી અદા કરવાની શરૂઆત કરી. તેટલામાં 'રફીકી' એકલો પાછો ફર્યો. 'કોકો'ની કાયાનું શું થયું હશે કદાચ મને કદી જાણવા નહિ મળે. તરત જ તપાસ કરતાં બે દિવસનાં રસ્તાની નિશાનીઓ ઉપરથી માલુમ પડયું કે રાત્રિ તેણે માળાઓમાં રફીકી સાથે ગાળી હતી. એ પછી જાણે ધરતી તેને ગળી ગઈ હશે!

ટોળીની ખાસિયતોનો આધાર તેના નેતાની લાક્ષણિકતાઓ ઉપર રહે છે. જ્યારે નેતાગીરી બદલાય છે ત્યારે શું થાય છે તે નિહાળવાની મને એક તક સાંપડી હતી. જ્યારે મને ચોથી ટોળીનો ભેટો થયો ત્યારે તેના ઉપર 'વ્હીની'નું શાંત સામ્રાજ્ય હતું. થોડા મહિનાની માંદગી ભોગવી તે મૃત્યુ પામ્યો. તેની જગ્યાએ રૂપેરી – પીઠવાળો 'અંકલ બર્ટ' આવ્યો. સંધિવાવાળા હેડમાસ્તરની જેમ ટોળીની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવા લાગ્યો. ગોરિલાઓએ પહેલાં મારી હાજરીનો શાંત સ્વીકાર કર્યો હતો તેના બદલે હવે છાતી કૂટવી, પાંદડાં પછાડવાં, સંતાઈ જવું અને બીજી તેના જેવી ભયસૂચક પ્રવૃત્તિઓ શરૂ કરી. તેમની વર્તણુંક એકલી જ નહિ, તેમનો રસ્તો પણ બદલાઇ ગયો. વીસોકીનો નીચેના અને મધ્યભાગનો ઉપયોગ કરવાને બદલે અંકલબર્ટ ટુકડીને શિખરની હારમાળાઓ તરફ ઊંચેને ઊંચે લઇ ગયો. આ ઉપરથી મેં ઉતાવળથી ખોટી રીતે 'અંકલ બર્ટ'ને વૃદ્ધ ઝગડાળુ બકરા જેવો માની લીધો હતો. એક દિવસ એક નાનું બચ્ચું તેની પાસે આવ્યું અને તેની પીઠ ઉપર ઝૂકી પડયું. મને થયું હવે એનું આવી બન્યું. પણ અંકલ બર્ટે મારી ધારણા ખોટી પાડી. તેણે લાંબી પુષ્પવાળી ડાળખી તોડી બચ્ચાને ગેલ કરી. બચ્ચું કુરકુરિયાની માફક દોડવા લાગ્યું. અંકલ બર્ટ હાથમાં ડાળખી રાખી ઢોળાવ ઉપર આડો પડયો.

ગોરિલામાં રમતની પ્રવૃત્તિ બીજાની હાજરીથી સૌથી પ્રથમ અટકી જાય છે. પણ બીજાની હાજરીથી ટેવાયા પછી તેમને વાંધો આવતો નથી. લપસવું એ તેમની અતિપ્રિય રમત છે. બચ્ચાં નાનપણમાં જ તેની માતાની પીઠ ઉપરથી મહાવરો શરૂ કરે છે. ક્રમશઃ કાદવવાળા કિનારે અને ઝાડોના થડ ઉપર લપસે છે. તડકીવાળું સવાર અથવા સાંજના આરામના સમય પછીનો પાછલો પ્રહર એ તેમના રમતનો અનુકૂળ સમય છે. એક દિવસના પાછલા પ્હોરે ખાતું ખાતું ટોળું ખુલ્લા લાવાના ઢોળાવ ઉપર પહોંચી ગયું. મેં આ ગોરિલા ટોળીનું નિરીક્ષણ કર્યું. જ્યારે મોટા ભાગના ગોરિલા ખાવામાં મગ્ન હતા ત્યારે બે નાના પુખ્ત ગોરિલા ખુલ્લામાં એકબીજાની પાછળ પડયા. બાકીનાએ ખાવાનું બંધ કર્યું અને જોવા લાગ્યા. ૨૦ મિનિટમાં બાકીના બધા તેમાં જોડાઇ ગયા. ઢાળ ઉપર ગુલાંટો મારવા લાગ્યા અને ગબડવા લાગ્યા. તેઓ ખુલ્લી ધાર ઉપર પહોંચ્યા ત્યારે સેનીસીઓ વૃક્ષની ડાળીઓ પકડી લીધી ડાળીઓ તૂટી ત્યાં સુધી હિંસકા ખાધા, અને ગોટાવળીને ઢાળના તળિયે ગબડી પડયા ત્યાં સુધી પર્ણો પકડી રાખ્યાં.

પાંચમી ટોળીના રૂપેરી પીઠવાળા– 'બ્રહ્મ', 'બાર્ટોક' અને 'બીથોવને' પોતાનાં બચ્ચાંને બચાવવા કેટલી હદ સુધી જઇ શકાય તે મને શીખવ્યું. તેમના સાથીઓ સાથે તેમને ગાઢ સંબંધ હતો. ઘણી વખત પિતૃ-વલણને લીધે બચ્ચાંને તેમની માતાઓના હાથમાંથી સાચવવા ઊંચકી લેતા. મોટાં બચ્ચાં અને યુવાન તેમની છત્રછાયામાં પોતાને સુરક્ષિત માનતા. એક દિવસની વાત છે. ઇકારસ એક કુમળા ઝાડ ઉપર નિત્યક્રમ મુજબ કસરત કરતો હતો. ઝાડ કકડાટ કરતું 'ઇકારસ' અને બધાંને લઇ નીચે તૂટી પડયું. ઝાડ તૂટવાનો કકડભૂસ અવાજ રૂપેરીપીઠવાળા ગોરિલાઓની ચિચિયારી અને ગર્જનાઓમાં અલોપ થઇ ગયો. તેમણે મારા ઉપર હુમલો કર્યો. તેમની પાછળ માદાઓ તેમાં સામેલ થઇ. જે કંઇ બન્યું તે માટે

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# ઋષિ – દર્શન

પંડિત સુખલાલજી

મહાત્માજીના માનસપટમાં ટ્રસ્ટી-શિપ સિદ્ધાંતનું ઋષિ-દર્શન ઉદ્‌ભવ્યું હતું. પણ તે વિશેષ સાકાર બને તે પહેલાં જ એનો વારસો મૂકી ગાંધીજીએ વિદાય લીધી. પણ એ વારસો ઝીલનાર અને તેને અજબ રીતે અજબ કુશળતાથી સાકાર કરનાર વિરાટ વ્યક્તિત્વ ધરાવનાર બીજો પુરુષ તૈયાર છે એની જાણ તે વખતે ભારતના કે અન્ય દેશના કોઈ પુરુષને નહોતી.

પરંતુ સત્યપૂત ઋષિ-દર્શન નિમિત્ત મળતાં જ પોતાનું વિરાટ રૂપ પ્રગટ કર્યા વિના રહી શકતું જ નથી. દક્ષિણના ગવાયેલ એ પોચમપલ્લી ગામડામાં સામ્યવાદનો હિંસક તણખો ચંપાયો હતો. તે જ ટાંકણે વિનોબાજીના ઋષિ-દર્શનની ભૂદાન-વિચારણાનો અહિંસક ગંગાવતાર બહુ જ સામાન્યરૂપે થયો. પણ એ સામાન્યરૂપમાં બળ કેટલું અસામાન્ય છે એની કલ્પના તે વખતે ભાગ્યે જ કોઈને હતી. પણ જોતજોતામાં તેનું અસામાન્ય બળ અને તેની કાર્યશક્તિ માત્ર ભારતમાં જ નહિ પણ ભારત બહાર અનેક દેશોમાંયે જાણીતી થઈ. છેલ્લાં ૨૦ વરસમાં તેનાં કેટકેટલાં પરિણામો આણ્યાં છે એનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે વિનોબાજીના ત્રિવિધ તપને નમ્યા સિવાય રહી શકાતું નથી.

વિનોબાજીએ ભૂદાનની વિચારણા એક એક સમજદાર સમક્ષ સ્પષ્ટ કરવા જેટલાં પ્રવચનો કર્યાં છે, જેટલું લખ્યું છે અને વ્યક્તિગત રીતે પણ સમજૂતી વિકસાવવા જેટલો પુરુષાર્થ કર્યો છે તેનો પૂરો હિસાબ કાઢવામાં આવે તો કોઈને પણ એમ લાગ્યા વિના નહિ રહે કે સત્ય અને પ્રેમમૂલક દર્શન કેવું અજબ હોય છે!

દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધીની પદયાત્રા ભૂતકાળમાં કોઈ એક પુરુષે કરી હોય તેવું જાણમાં નથી ભૂદાનના વિવિધ સ્વરૂપો અને તેના તબક્કાની કોઈએ આવી ઝીણવટથી અને અભણ માણસ સમજી શકે તેવી વિશદતાથી ચર્ચા કરી નથી. સુલભ ગ્રામદાન સુધીનો વિચાર એટલો બધો સ્પષ્ટ કરાયો છે કે તેનો પ્રામાણિક પ્રતિવાદ કરવાનું બળ ભાગ્યે જ દેખાય છે. આજે એ વિચારને સ્વીકારનાર અને તેનો પ્રસાર કરનારની એક નાની પણ સમર્થ સેના તૈયાર થઈ છે. અને તેના અમલનું પ્રત્યક્ષ રૂપ પણ કેટલાંક ગામોમાં નજરે પડતું જાય છે અને હજી એ ગંગાનો પ્રવાહ અને પૂર વેગ પકડતાં જ જાય છે.

જો આમ છે તો ભણેલગણેલ અને વિદ્વાન કે સુશિક્ષિત ગણાતાં અનેક મુખેથી જે એમ સાંભળવા પામીએ છીએ કે ભૂદાનનો વિચાર અવ્યવહારુ છે અને તે નિષ્ફળ જવા સર્જાયો છે તેનું શું કારણ? આનો ઉત્તર સ્પષ્ટ છે. જે લોકોએ એક અથવા બીજી વિદ્યા મેળવી હોય પણ તેને અનુસરી યોગ્ય પુરુષાર્થપૂર્વક કામ કર્યું ન હોય તેના માનસમાં હંમેશાં નિરર્થક તર્કજાળ અને વિકલ્પોની સૃષ્ટિ જ રચાવાની કારણ કે એની વિદ્યાએ પ્રત્યક્ષ પુરુષાર્થનાં ફળ જન્માવ્યાં હોતાં નથી. તેથી તેવા લોકો વિચાર અને તેના સજીવ વ્યવહાર વચ્ચેની આવશ્યક પ્રક્રિયાને સમજી શકે નહિ આફ્રિકામાં સફળતા મેળવી ગાંધીજીએ ભારતમાં પગ મૂક્યો અને અહીં પોતાની રીતે સત્યાગ્રહ તેમ જ સવિનય કાયદાભંગના વિચારો રજૂ કરવા માંડ્યા ત્યારે તે વખતના ભારતના ધુરંધર ગણાતા રાજપુરુષો અને અન્ય લોકોએ ગંધીજીના વિચારને અવ્યવહારુ કર્યા નહોતા કહ્યા?

એ જ રીતે કોઈ નવું દર્શન, પછી તે તત્ત્વની દૃષ્ટિએ ગમે તેટલું શક્તિશાળી હોય તો પણ, પૂર્વ પરંપરાના રૂઢ સંસ્કારોથી ઘેરાયેલ માનસને એકાએક સમજાતું નથી. જેમ જેમ એ ઋષિ-દર્શન વિશદ થતું જાય અને તેનાં પરિણામો ઓછા કે વધતા પ્રમાણમાં પ્રગટ થાય છે ત્યારે સંસ્કારી પુરુષોની ભ્રમણા ભાંગી જતાં વાર લાગતી નથી. વિનોબાજીના ભૂદાન વિશેના આર્ષ દર્શનનાં સ્થૂળ અને સૂક્ષ્મ પરિણામોનો વિચાર કરતાં એમ લાગે છે કે દક્ષિણના એ પ્રદેશમાં ભભૂકેલી સામ્યવાદની હિંસક જવાળા તત્કાળ અટકી ગઈ અને દેશમાં આશાનું તેમ જ કર્તવ્યક્ષેત્રનું પ્રભાત ઉઘડ્યું અને એક નવી પેઢી અસ્તિત્વમાં આવતી ગઈ, પરંતુ વિનોબાજીના આ પ્રચંડ પુરુષાર્થને સત્તાના આસને બેઠેલ મહામના ગણાતા રાજપુરુષોએ વખતસર ઝીલ્યો નહિ. તેથી જ પેલો સામ્યવાદનો હિંસક તણખો હવે દેશના જુદા જુદા ભાગમાં અનેક રીતે જવાળાઓ પ્રગટ કરી રહ્યો છે. એ સૂચવે છે કે ભૂદાનના વિચાર અને વ્યવહારની અહિંસક પદ્ધતિને સમજવા અને અમલમાં લાવવામાં જે અક્ષમ્ય વિલંબ અને બેદરકારી રાજપુરુષોએ, સત્તાધારીઓએ સ્થાપિત હિત ધરાવનારાઓએ બતાવી છે તેનું જ આ પરિણામ છે.

આખા દેશની લોકશાહી ખરા અર્થમાં સચવાય અને લોકોના પ્રશ્નોનો શાંતિના માર્ગે ઉકેલ લાવી શકાય એ માટે આના સિવાય બીજો કોઈ કાર્યસાધક વિકલ્પ આજે નથી રાજપુરુષો પાસે કે નથી સત્તાધારી શાણાઓ પાસે કે નથી સ્થાપિત હિત ધરાવનાર પાસે.

એક બાજુ નિષ્ક્રિય રહેવું અને બીજી બાજુ વ્યાપેલી તેમ જ વ્યાપતી જતી આગને શમાવવાની આશા સેવવી એ કદી જીવનની રીતિ હોઈ શકે જ નહિ. વિનોબાજી આગને શમાવવાનો પુરુષાર્થ અસ્ખલિતપણે કરતા જ રહ્યા છે તેથી મને પ્રથમથી જ વિનોબાજીના ઋષિ - દર્શનની શક્તિ વિષે અસાધારણ આદર રહ્યો છે, અને આજે તો તે શતગુણ વિકસ્યો પણ છે હું વિનોબાજીના ઋષિ-દર્શનને સત્યધર્મ માટેની વઈશાસ્યના ઋષિએ પ્રાર્થેલી દૃષ્ટિ સમજું છું.




[ પાન ૬ ઉપરનું ચાલુ ]

તેમણે મને જવાબદાર ગણી હતી. જ્યારે તેઓએ 'ઇકારસ'ને જોયો એટલે પાંચથી દશ ફૂટના અંતર વચ્ચે ઊભાં રહ્યાં અને થોડીવાર પછી શાંતિથી બીજા વૃક્ષ ઉપર ચડી ગયાં. પોતે જ ઉત્પન્ન કરેલી ધાંધલ ભૂલી એ પવિત્ર દેવદૂત જેવો ઊભો હતો. પરંતુ બીજા રૂપેરીપીઠવાળા ગોરિલા તંગ થઈ વારંવાર ત્રાડ પાડતા હતા. આ પછી એક નાનું બચ્ચું મારી ભડકથી તુટી પડેલા વૃક્ષ ઉપર ચડી ગયું અને દોડાદોડ, પગ લટકાવવા, લાતો મારવી, છાતી કૂટવી – વગેરે શરૂ કર્યું. રૂપેરી પીઠવાળા ગોરિલાઓએ પાછળ જોયું અને મારી અને બચ્ચા વચ્ચે આગળ આવ્યા. મારી અને એમની દૃષ્ટિ એક થઇ ત્યારે તેમણે નાપસંદગી કરતી ગર્જના કરી, વાતાવરણ તંગ બની ગયું. ઇકારસ વ્હારે આવ્યો. તે ગેલ કરતાં, બચ્ચું ચડયું હતું તે વૃક્ષ ઉપર ચડી ગયો. અને બચ્ચાને રમાડતો રમાડતો ટોળા ભેગો આવ્યો. બ્હો તંગદિલી હળવી થયાની નિશાની રૂપે છાતી કૂટી. બાર્ટોક અને બીથોવન તેને અનુસર્યો. આમ કટોકટી પૂરી થઈ. હજી ગોરિલાઓ અંગેનો મારો અભ્યાસ પૂરો થયો નથી. અને પૂરો થશે ત્યારે પણ માનવની સાથે બહુ નજીકનો સંબંધ ધરાવનાર પ્રાણી વિષેની સમાજશક્તિનો થોડો અંશમાત્ર હશે.

('Making friends with Mountain Gorillas' ના આધારે.)

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

પોતે જાતે ધોવા લાગ્યો અને પોતાના ભાઇ માટે ભારતમાં નાણાં મોકલવા માંડયાં.

મોટાભાઇએ રકમ સ્વીકારતાં વિચાર્યું : " આ રકમ મારી પાસે ભલે એકઠી થતી. ખરા સમયે એ એના જ કામમાં આવશે. " આમ વિચારી એણે એ રકમ જુદી મૂકવા માંડી અને પોતાના નિભાવ માટે તો કામધંધો શોધી કાઢયો.

નાનોભાઇ પીએચ. ડી. થઇ ગયો. વિલાયતમાં એ બહુ સારી રીતે ગોઠવાઇ શકયો હોત પણ એણે ભારત આવવું પડે એમ હતું. શિષ્યવૃત્તિની શરત એ હતી કે એણે ભારત આવીને અમુક સમય સુધી ભારત સરકારની સેવા કરવી પડે. ભારત સરકાર એને નોકરી ન આપી શકે તો પછી એ સ્વેચ્છાએ ગમે ત્યાં ગોઠવાઇ શકે.

એ ભારત આવ્યો. પણ ભારત સરકાર પાસે નોકરી નહોતી. એણે પોતે પણ ભારતમાં બીજે કયાંક–જ્યાં જગ્યા મળે ત્યાં નોકરી મળી નહીં. ત્રણ મહિના સુધી એણે નોકરી માટે દોડધામ કરી. પત્તો લાગ્યો નહીં. સતત કામમાં રહેવાની વૃત્તિવાળો આ માણસ બેચેન રહેવા લાગ્યો. કામ વિના બેસી રહેવાય કેમ? એણે ફરીથી વિલાયત ચાલ્યા જવા વિચાર કર્યો. એ સિવાય બીજું કરવું પણ શું?

પણ વિલાયત જવા પૈસા જોઇએ. એ લાવવા કયાંથી? મનમાં ખૂબ મૂઝાવા લાગ્યો.

અને એની મૂંઝવણ કળી જઈ મોટાભાઇએ એની પીઠ થાબડતાં કહ્યું : " ભાઈ હરગોવિંદ, તારી વ્યાકુળતાની મને ખબર છે, ચિંતા ન કર. પૈસા તૈયાર છે. તારા જ છે; તારા માટે જ છે. ખુશીથી વિલાયત જા... અને ખુરાણા પરિવારનું નામ રોશન કર. "

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી કે. પુ. પટેલ ભાવનગર

## સુવર્ણ જયંતી ફાળામાં

**આપે આપનો ફાળો ન લખાવ્યો હોય તો લખાવવા વિનંતિ છે.**

—o—

**આપે ફાળો લખાવ્યો હોય અને રકમ મોકલવાની બાકી હોય તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નામના ક્રોસ ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતિ છે.**

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૪–૯–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧-૧૦-૭૦ [ અંક ૫૦


## પ્રથમ વર્ષની સંધ્યાએ

સુવર્ણ જયંતી ઉજવણીના એક વાહન તરીકે 'સુવર્ણ જયંતી' સાપ્તાહિક તા. ૧૧-૯-૬૯ થી પ્રગટ કરવાનું શરૂ કર્યું હતું. તેનું પ્રથમ વર્ષ આ ૫૦ મા અંક સાથે પૂરું કરીએ છીએ અને આવતા અંકથી બીજા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ

પૂરા થયેલા વર્ષમાં સુવર્ણ જયંતી ઉજવણીનાં લક્ષ્યાંકો પાર પાડવામાં પૂરી સફળતા મળી નથી ફાળાનું લક્ષ્યાંક પણ અધુરું જ છે. એટલે અધુરાં અરમાનો સાથે પ્રથમ વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં પ્રવેશવાનું બને છે

'સુવર્ણ જયંતી' સાપ્તાહિકનો પ્રવાહ બીજા વર્ષમાં ચાલુ રાખવા પાછળ એક જ તમન્ના અને ખ્વાહેશ રહેલી છે કે આપણાં લક્ષ્યાંકો પૂરાં થઈને જ રહેવાં જોઈએ સંસ્થાએ નોધેલાં નિશાનોને આપણે સર કરવાં જ જોઈએ.

તેમાં 'સુવર્ણ જયંતી' આપણું એક સારું સાધન છે

પ્રથમ વર્ષનું આ છેલ્લું સોપાન છોડી શ્રદ્ધાનો દીવો લઈ બીજા વર્ષના સોપાન તરફ પગ ઉપાડીએ છીએ. અભ્યર્થના છે કે તે આપણે માટે તમામ સિદ્ધિનાં પગથિયાં બની રહો.

આ સૌનું કામ છે એટલે આપણે સૌ સાથે છીએ.

પુરુષોત્તમદાસ પટેલ
તંત્રી

## સંસ્થા સમાચાર

### યુનિવર્સિટીની તપાસ

આપણી સાયન્સ કૉલેજની તપાસણી માટે યુનિવર્સિટી તરફથી સ્થાનિક તપાસ સમિતિ તા. ૨૫-૯-૭૦ ના રોજ આવી હતી. સમિતિમાં ભવન્સ કૉલેજ, ડાકોરના પ્રિન્સિપાલ શ્રી. એલ. ડી. દવે અને એમ. જી. સાયન્સ કૉલેજના પ્રો. એન. જે. પટેલ હતા. સમિતિએ કૉલેજની તપાસણી કરી પોતાનો સંતોષ જાહેર કર્યો હતો. અને ડૉ. દવેએ જણાવ્યું કે ગઈ સાલ હું આ જ કૉલેજની તપાસણીમાં આવેલો. આ નવા વર્ષ દરમ્યાન આ સાયન્સ કૉલેજની વ્યવસ્થા અને વાતાવરણમાં ઘણો ફેર પડ્યો છે અને સારી પ્રગતિ સાધી છે.

### ગુજરાતી ભાષા પરિસંવાદ

ગુજરાતી ભાષા પરિસંવાદ મહેસાણા મુકામે તા. ૨૬-૯-૭૦ ના રોજ થયો. આ પરિસંવાદનું ઉદ્ઘાટન ગુજરાત યુનીવર્સિટીના ઉપકુલપતિ શ્રી ઉમાશંકર જોશીએ કર્યું હતું. પ્રમુખપદે શ્રી યશવંત શુકલ હતા. આ પ્રસંગે ગુજરાતભરના અગ્રગણ્ય ગુજરાતીના આચાર્યો તથા અધ્યાપકોએ હાજરી આપી હતી. સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી મોહનભાઈ પણ હાજર રહ્યા હતા.

શ્રી ઉમાશંકરભાઈનું પ્રવચન સચોટ અને માર્ગદર્શક હતું. પ્રવચન દરમ્યાન તેમણે મહેસાણા જિલ્લાએ શિક્ષણક્ષેત્રે કરેલ પ્રગતિથી આનંદ વ્યકત કર્યો હતો અને જણાવ્યું કે મહેસાણા જિલ્લાની માધ્યમિક શાળાઓ નમુનેદાર છે. સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી મોહનભાઇ પટેલ તરફ લાંબો હાથ કરી જણાવ્યું કે મહેસાણા જિલ્લાની શિક્ષણક્ષેત્રે પ્રગતિ આવા વિદ્વાન અને કર્મશીલ મોહનભાઇ જેવાને લઇને થઈ છે. આવા આચાર્યો શિક્ષણ સંસ્થાઓને આદર્શ બનાવી રહ્યા છે.

# કુદરતી આફતને નવસર્જનની તકમાં પલટાવો

લેખક : શ્રી ધનાભાઈ હ. વકીલ

**ચાલુ** વર્ષે ભારતના ઘણા રાજ્યોમાં વરસાદના ભારે પૂર આવી ઘણું ભારે નુકશાન થયાના અહેવાલો છાપામાં આવ્યા કરે છે. કુદરત અનેક સ્વરૂપે મનુષ્યોની પરીક્ષા થાય તેવા સંકટ સર્જતી આવેલી છે. જવાળામુખીઓ અને ધરતીકંપની આફતો જાપાન ઉપર અનેકવાર આવી છે. છતાં જાપાને એ આફતોનો અભ્યાસ કરી તારાજ થયેલાં ગામડાં અને મકાનો નવી જગ્યાએ નવી પદ્ધતિથી બાંધીને ફરી જો આવી આફત આવે તો ઓછામાં ઓછું નુકશાન થાય તે રસ્તો અપનાવી લીધેલો છે.

આપણે ગામડાંના વસવાટના પ્રશ્નને ઉકેલ્યો નથી. સાંકડાં, અંધારિયા માટીના મકાનોવાળાં ચોમાસામાં ગંદકીથી ખદબદી ઊઠતાં ગામડાંની આપણે ટીકા કરતા આવેલા છીએ ચાલુ ઊભેલાં મકાનો પાડી નાખી નવાં મકાનો બાંધવાની હિમ્મત ગરીબ માલિકોની કે સરકારની ચાલતી નથી. પરંતુ માણસો કે સરકાર જે કરવાની હિમ્મત કરી શકતા નથી તે વરસાદના પ્રચંડપૂર લાવીને કે ધરતીકંપ કરીને ગામોગામ અને તેના મકાનો જાણે ત્યાં હતાં જ નહીં તેવુ કુદરત કરી આપે છે. અને એટલે આવા કોપને કોપ સમજવાને બદલે આપણે જે કરી શકતા નથી તે કુદરતે કરી આપ્યું તેને કુદરતની મરજી સમજી લઈ નવા ગામડાં સુંદર રીતે રસ્તા પાણીની સગવડ, ગટરો વગેરેના આયોજન સાથે જો બાંધવામાં આવે તો આ કોપ એ કોપ નહીં પણ સગવડ બની જાય. નિષ્ણાતોની સલાહ મુજબ પૂર કે ધરતીકંપની આફતોથી જે જગ્યાના ગામડાં કે શહેરોનો નાશ થયો હોય તે જગ્યાઓને બદલે પૂરથી બચી શકે તેવી જગ્યાઓમાં અને ધરતીકંપનો સામનો કરી શકે તેવા પ્રકારના મકાનો. સુંદરતાને અને માનવ વસવાટને યોગ્ય એવી, મકાનોની બાંધણીને લક્ષમાં રાખીને મકાનો બાંધવામાં આવે, તેવાં શહેરો અને ગામડાં વસાવવામાં આવે અને તેવાં કામો મારફત પ્રજાને રોજીરોટી આપવામાં આવે તો પ્રજામાં આપત્તિનો સામનો નવી દૃષ્ટિથી કરવાનું ખમીર પ્રગટે. ભારત સરકારે મહેસાણા જિલ્લાના લાંઘણજ ગામના વતની શ્રી વી. જે. મિસ્ત્રીને (જે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના વિદ્યાર્થી હતા.) સસ્તા અને ટકાઉ નાના મકાનની ડિઝાઈન માટે ઇનામ આપેલું. આવી ડિઝાઈનનો ઉપયોગ કરી અગર તેવાં, જેના માટે મકાન બાંધવાનું હોય તેમની જરૂરિયાત મુજબનો ફેરફાર કરી નિષ્ણાતોની દોરવણી નીચે જો ગામડાંઓનો પુનઃ વસવાટનું કામ ઉપાડી પાર પાડવામાં આવશે તો કુદરતનો કોપ એ કોપ નહીં રહેતાં નવસર્જન માટેની તક બની જશે



## દાતાઓ

૧૦૦૧) શ્રી નારણદાસ શંકરદાસ પટેલ હસ્તે શ્રી પુંજાભાઈ નારણદાસ તરફથી મળ્યા છે. અંબિકા સોસાયટી, અમદાવાદ – ૧૩

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી ડાહ્યાભાઈ રામદાસ પટેલ
હ. શ્રી રામદાસ નથુદાસ પટેલ મુ. ડરણ

જ્યાં પાણીના ધસમસતા પૂરે ખેતરોનો વિનાશ સર્જ્યો છે ત્યાં પણ જમીનોનું લેવલીંગ કરી દરેક ખેડૂતને બને તો એક જથ્થે જમીન કરી આપી પથ્થરના બાણોથી હદનિશાન નક્કી કરાય અને નકામાં વાડ-કાંટા નીચે જમીન રૂંધાયેલી ન રહે તે ખાતર દરેક પ્લોટમાં જવા આવવા માટેના રસ્તા વ્યવસ્થિત અને નવેસર આંકી યોજવામાં આવે તો આગળ પાછળની રસ્તાઓની તકરાર કાયમ માટે બંધ થઈ જાય આનો અનેક સૂચનો પૈકીના બેજ સૂચનો છે. ગામડાને પોતાનો બગીચો રહે, બાલમંદિર રમતગમતના મેદાન સાથેનું હોય અને મોટાઓને માટેના ખુલ્લા મેદાનો રહે વગેરે બાબતો, નિષ્ણાતો વિચારી શકે. સબસીડી, ગ્રાન્ટ. લોન, મફત મદદ વગેરે ઘડીભર સારું દેખાશે. પરંતુ સને ૧૯૬૮ ના સંકટનું પુનરાવર્તન ગુજરાતમાં સને ૧૯૭૦ માં થયું અને ફરી નહીં થાય તેવું કોણ કહી શકે? જુદાં જુદાં રાજ્યો પૂરનિયંત્રણ યોજનાઓ, હાઈડ્રો ઇલેક્ટ્રીક પાવરનું ઉત્પાદન અને સિંચાઈની યોજનાઓમાં મનસ્વી રીતે રૂકાવટ કરી શકે તેવું પણ આ બધું નુકશાન જોઈને ચલાવી લેવાય નહીં. આ તમામ સત્તા કેન્દ્ર સરકારે ધારણ કરી રાષ્ટ્રને માટે આવેલી આપત્તિઓનું ફરી પુનરાવર્તન ન થાય તેમ કરવા તથા ઝડપ લાવવા માટે જરૂરી સત્તાઓ ધારણ કરવી જોઈએ. ભારતમાં જો કેન્દ્ર સરકાર કરતાં રાજ્ય સરકારો વધુ સત્તા ધારણ કરશે તો એક અને અખંડ ભારતની જગ્યાએ ટુકડાઓમાં વહેંચાયેલું અને પોતાના જ સ્વાર્થમાં રાચતા એવા પુરાણા નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલા ભારતનું ફરી નિર્માણ થશે.

# નવરાત્રિ – શક્તિ પૂજા

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ

સરસ્વતી, શારદા, લક્ષ્મી, દુર્ગા, કાળિકા, અંબાજી, બહુચરાજી એ શક્તિ – સ્ત્રી શક્તિનાં રૂપો છે. સ્ત્રી શક્તિનાં વિવિધ નામો છે. જુદા જુદા નામે શક્તિની ઉપાસના હિન્દુ સમાજ કરે છે.

નવરાત્રિનો ઉત્સવ એ સ્ત્રી શક્તિની ઉપાસનાનો ઉત્સવ છે. એ દિવસોમાં એક અગર બીજી સ્ત્રી શક્તિ માતાના નામથી માંડવીઓ કે ગરબા કાઢીએ છીએ પણ તેમાં સ્ત્રી શક્તિની ઉપાસના છે.

સ્ત્રી–શક્તિની ઉપાસના જુગજુગ જૂની છે. દેવો પણ શક્તિની ઉપાસના કરતા.

આ દિવસોમાં ઉપવાસ કરી અગર બીજી રીતે શક્તિને રીઝવવા પ્રયાસ કરીએ છીએ.

દેવોની ઉપાસના માટે આવી નવરાત્રિ નથી. હિન્દુસમાજે દેવોની ઉપાસના માટે આવો ઉત્સવ યોજ્યો નહિ અને શક્તિ ઉપાસના માટે કેમ યોજ્યો ?

દેવોનો જન્મ આપનાર તો માતા ને. દેવોમાં દેવત્વ પૂરનાર પણ માતા. એનામાં શિક્ષણનો ઓપ આપનાર માતા. એનામાં હિંમત અને શક્તિ પૂરનાર માતા. માતા ન હોય તો દેવો ન હોય.

માતા માયકાંગલી અને બીકણ હોય તો પુત્રમાં તાકાત ન આવે.

સ્ત્રી એ ત્યાગની મૂર્તિ છે. માટે તો દેશના કાજે યુદ્ધમાં જનાર પતિ કે પુત્રને કંકુનો ચાંલ્લો કરી વિદાય આપી શકે છે. પતિ કે પુત્રમાં હિંમત પૂરનારી સ્ત્રી છે.

આથી હિન્દુ સમાજે સ્ત્રી શક્તિની પૂજા માટે નવરાત્રિનો ઉત્સવ યોજ્યો.

હિન્દુ સમાજે દેવીઓની સવારી માટે વાહનો સિંહ, વાઘ, હંસ અને કુકડા વગેરે યોજ્યા. આની પાછળ ઘણો અર્થ છે. સિંહ અને વાઘ હિંસક અને ક્રૂર પ્રાણીઓ. સિંહ, વાઘ જેવી હિંમત ન હોય તે તેમના ઉપર સવારી કરી શકે નહિ. સિંહ અને વાઘ જેવાં હિંસક પ્રાણીઓ ઉપર કાબુ કરનાર જ એના ઉપર સવારી કરી શકે. બીકણ અને નમાલાનું કામ નહિ.

સાથે સાથે સવારીમાં હંસ અને કુકડાને રાખી સ્ત્રીને હંસ જેવી ગુણપારખુ અને કુકડા જેવી જાગૃત પણ બતાવી.

સ્ત્રીઓમાં સિંહ, વાઘ જેવી હિંમત છે અને સ્ત્રી હંસ જેવી ગુણ પારખુ અને કુકડા જેવી અગ્ર-જાગૃત છે એ સૂચવવા આવાં વાહનો સવારી માટે પસંદ કરવામાં આવ્યાં.

દેવીના હાથમાં વીણા મૂકી. વીણાએ સંગીત અને જ્ઞાનનું પ્રતીક છે. એથી સૂચન કરવામાં આવ્યું કે સ્ત્રી સમાજ મૃદુ અને જ્ઞાની હોય તો જ સમાજના ઘડતરમાં ફાળો આપી શકે.

સાથે સાથે દેવીના હાથમાં તલવાર વગેરે હથિયાર મૂકવાં અને દાનવો – રાષ્ટ્રના દુશ્મનો – અસામાજિક તત્વોને સંહારનારી દેવીઓને બતાવવામાં આવી. જે દેશમાં સ્ત્રી શક્તિ જાગૃત હોય, જ્ઞાની હોય, મૃદુ – વિવેકી હોય, દાનવો સામે હથિયાર ઉપાડનારી અને તેનો વધ કરનારી હોય તે દેશ–સમાજને કોઈ દબાવી શકતું નથી. એને કોઈ હેરાન કરી શકતું નથી.

નવરાત્રિમાં શક્તિપૂજા કરીએ છીએ. શક્તિની ગરબીઓ ગાઈએ છીએ. એ શક્તિનાં ગુણગાન કરીએ છીએ.

પણ એ બધુ રૂઢિગત રીતે કરીએ છીએ અને તેથી એની પાછળ રહેલી ભાવના આપણને જાગૃત કરતી નથી. આપણને એ દેવીઓ જેવી સ્ત્રીઓ સમાજમાં પેદા થાય તે સારું કરવા જેવાં કામોનો ખ્યાલ આવતો નથી.

હિન્દુ સમાજે સમાજને શક્તિશાળી બનાવવા–એનામાં રહેલ શક્તિ ઓછી ના થાય અને દિવસે દિવસે એની શક્તિમાં વધારો થાય તે સારું ઉત્સવો યોજ્યા. એની પાછળ ભાવના ઊંચી હતી.

પણ આપણે એને રૂઢિ બનાવી દીધી. એની પાછળની ભાવના વિસરી ગયા અને નવરાત્રિના દિવસોમાં માંડવી ગરબા કાઢી ગરબીઓ ગાઈ સંતોષ માનીએ છીએ.

તેમ છતાં આપણો આદર્શ સમાજમાં અંબાભવાની, દુર્ગા સરસ્વતી જેવાં નારીરત્નો માટે છે અને એ માટે–એ આદર્શની સિદ્ધિ અર્થે નવરાત્રિ ઉત્સવ – સ્ત્રી શક્તિ પૂજા છે.

આપણો આદર્શ ઉચ્ચ શિક્ષણ નારી પ્રાપ્ત કરે એટલો જ નથી પણ એ નારી કાલિકા, અંબાજી જેવી નિર્ભય અને દાનવોને સંહાર કરનારી બને. આમ આપણે સરસ્વતી, શારદા અને અંબાજીનાં ત્રણે ગુણો યુક્ત સ્ત્રી શક્તિ વાંચ્છીએ છીએ.

એ માટે આપણી નવરાત્રિ પૂજા.

ઉચ્ચ શિક્ષણ, સુશિક્ષણ જે આવી વીરાંગનાઓ પેદા કરે તેવી શિક્ષણ સંસ્થાઓ આપણે યોજી છે ? એવી શિક્ષણ સંસ્થાઓ કેટલી છે ?

અત્યારે હાઈસ્કૂલ અને કૉલેજોમાં કન્યાઓ અભ્યાસ કરે છે પણ તે થોડા ઘણા અંશે ડીગ્રી – ઉપાધિ માટે છે અને અંતે સમાજને અને જાતને કેટલીક વખત ઉપાધિમાં નાખે

[ અનુસંધાન પાન ૪ ઉપર ]

# વિનોબા ભાવે

શ્રી રાસુભાઈ અંબાલાલ પટેલ : શિક્ષક : ટેકનિકલ હા. – કડી

આચાર્ય વિનોબાભાવે ગાંધીવાદી પરંપરાના ઉપાસક, અનેક ભાષાઓના જ્ઞાતા, સર્વધર્મો અને તેનાં શાસ્ત્રોના પ્રકાન્ડ પંડિત મહાન કર્મયોગી અને ભૂદાનયજ્ઞના પ્રણેતા છે. ૧૯૪૦ માં ગાંધીજીએ આપેલા એલાનમાં વ્યક્તિગત સત્યાગ્રહના પ્રથમ સૈનિક તરીકેનું સન્માન તેઓને પ્રાપ્ત થયેલું છે. આજીવન બ્રહ્મચારી રહીને દેશસેવા કરવાનો તેમણે સંકલ્પ કર્યો છે. ભૂદાન અને ગ્રામદાન આંદોલનનો પ્રારંભ કરીને દેશનું ધ્યાન ભૂમિ પ્રત્યેની મૂળભૂત સમસ્યા ઉપર આકૃષ્ટ કરવાનો પ્રથમ પ્રયાસ કર્યો છે. તેમણે ભારત દેશની પદયાત્રા પૂર્ણ કરીને અત્યારે બિહાર રાજ્યમાં આવેલા સેવાગ્રામ નિકટ ગોપુરીમાં પૂર્ણ સન્યસ્ત જીવન પસાર કરી રહ્યા છે. હવે તેઓએ ભાષણ આપવાનું બંધ કર્યું છે. આમ તેઓ ભારતના કતિપય નેતાઓમાંના એક છે. રાજનીતિથી બિલકુલ અલિપ્ત રહીને લોક કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પણ કરી દેનાર એવા વિનોબાજીની ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રે એક કરોડ રૂપિયાનું ફંડ એકઠું કરવાનો નિર્ણય લીધો છે. ત્યારે તેમનાં થોડાં વિચારો આપણે જાણીએ.

અત્યારે જ્યારે ધર્મસૂચક શબ્દ 'હિંદુ' ને સંકુચિત ગણવાનો કેટલાંક લોકો પ્રયત્ન કરે છે. ત્યારે હિંદુ શબ્દની આપેલી વિશાળ વ્યાખ્યા તેમના જ રચેલા શ્લોકમાં આ પ્રમાણે છે.

यो वर्णाश्रमनिष्ठावान्,
गौभक्त श्रुति मातृकः
मूर्तिनेवावजानाति, सर्वधर्म समाचरः
उत्प्रेक्षते पुनर्जन्म तस्यामोक्षणमिच्छति
...............हिन्दुरिति स्मृतः ॥
અથવા "हिंसया यूयते यस्यचित्तं
स हिन्दुः ।

જૈન, બૌદ્ધ, શીખધર્મ વગેરે હિંદુધર્મના સંપ્રદાયો જ છે.

જીવનનો મોટોભાગ કોંગ્રેસ સંસ્થામાં કામ કર્યું. જ્યારે કોંગ્રેસનું ગયા વર્ષે વિભાજન થયું ત્યારે તેઓને જરાપણ દુઃખ થયું ન હતું. તે વિષે તેમનો અભિપ્રાય જાણવાનો પ્રયત્ન થયો ત્યારે તેમણે કહ્યું કે "વિદેશમાં એક ટેનિસન નામનો કવિ થઈ ગયો. તેની કવિતાનો ભાવાર્થ એવો છે કે નદીનું ઝરણું કહી રહ્યું છે કે હું કેટલાંય વર્ષોથી નિરંતર વહ્યા કરું છું અને ભવિષ્યમાં વહ્યાં કરીશ. મનુષ્ય પણ જન્મે છે અને મૃત્યુ પામે છે. હું તો કહું છું કે મિનિસ્ટરો અને રાજાઓ સેંકડો થઈ ગયા અને થશે. આવવું અને જવું તેમનું કામ છે. તેનાથી કોઈ જ ફેર પડવાનો નથી. રાષ્ટ્ર અખંડ હતું અને રહેશે. આમ તેથી કોંગ્રેસનું વિભાજન થઈ ગયું તેથી ખાસ નુકશાન થવાનું નથી.

ગયા વર્ષે ગાંધી જન્મ શતાબ્દીની ઉજવણી આખા દેશમાં ઉજવવામાં આવી. પણ તેઓને એ વાતનું ઘણું જ દુઃખ હતું કે વારંવાર ગાંધીજીનું નામ લેનાર ગાંધીવાદને ભૂલી ગયા છે. ગાંધીજીની શતાબ્દી ઉજવતાં પહેલાં તેઓએ સાદગીથી રહેવું જોઈએ અને સત્ય માટે આગ્રહી બનવું જોઈએ. તે સમયે કેટલાક પ્રધાનો આ જન્મશતાબ્દીનું આયોજન કરવા માટેની સલાહ લેવા માટે આચાર્ય વિનોબાભાવે પાસે ગયા હતા ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે હંમેશાં યાદ રાખવા જેવો છે

"જેરુસલેમમાં ઈશુખ્રિસ્તની દફનવિધિ બાદ તેઓ કબરમાંથી બહાર આવ્યા અને કહ્યું કે "હવે હું અહીંઆથી નીકળી ગયો છું અને હવે અહી મળીશ નહીં" ગાંધીજીની વાતમાં પણ તેવું જ છે. તમે બધાં તેમનું સ્થાન પાટનગર દિલ્હી પૂરતું જ મર્યાદિત રાખી રહ્યા છો પણ ગાંધીજી કહે છે કે હવે હું દિલ્હીમાં નથી તેથી ત્યાં હું નહીં મળું. તમે બધાં ગામડાંમાં જાઓ. ત્યાં આપણું મિલન થશે."

ગ્રામોદ્ધાર માટેની કેટલી સચોટ લગની !

[ પાન ૩ ઉપરનું ચાલુ ]

છે. એમનો આદર્શ સાવિત્રી, દુર્ગા કે સરસ્વતી કે દુર્ગાનો છે ? અને હોય તો પણ તેવા આદર્શને પહોંચવા શિક્ષણ સંસ્થાઓ છે ?

શિક્ષણથી બહેનોમાં વિશાળતા, જ્ઞાન, નિડરતા અને નમ્રતા આવે તો એથી એના આખા કુટુમ્બને અજવાળી શકે છે. અને ભાઈના ભણતરથી કુટુમ્બને કે સમાજને એટલો લાભ થતો નથી.

આ માટે સ્ત્રી શિક્ષણ સંસ્થાઓનો વિચાર કરવામાં આવે તો નવરાત્રિ ઉત્સવની સાર્થકતા.

આ માટે ઉચ્ચ આદર્શવાળાં અને શિસ્તબદ્ધ છતાં સ્વતંત્ર વાતાવરણવાળાં વિદ્યાર્થિનીગૃહો અને વિદ્યાર્થીગૃહો ભાવિ પ્રજાને ઘડવામાં ઉપયોગી નીવડે. આપણી શાળાઓ અને કૉલેજોનો આદર્શ જીવનઘડતરનો હોવો જોઈએ અને સાથે જીવન ઉપયોગી શિક્ષણ.

આજે તો એમાંનું શું છે ?

આપણે શિક્ષણ સંસ્થાઓમાં રસ નહિ લઈએ અને રગશિયાગાડાને ચાલે છે એમ ચાલવા દઈશું તો ભવિષ્ય અંધકારમય બનવાનું છે અને આપણા ઉત્સવો અને પૂજા મદદગાર નહિ બને. ૨૦–૯–૭૦

# કોયલનાં બચ્ચાં

શ્રી રામજીભાઈ કડિયા

વિજુકાકા જેવો ભદ્રઆદમી આખા ગામમાં બીજો જડે નહિ સાત્વિક અને સજ્જન માણસ તરીકે એમની છાપને કોઈ ભૂંસી શકે નહિ. એવાં જ આનંદીકાકી. ઈશ્વરે એક ખોબો સદ્‌ગુણોની બે મુઠીઓ કરી બંન્નેમાં વહેંચી દીધી હશે પૈસા જેવડો ગોળ લાલ ચાંદલો અને કાળી કિનારના સાડલામાં એ સદાય શોભી રહેતાં. પોતાના સગા ભાઈના ચાર પુત્રોમાંથી એકને એમણે દત્તક લીધો હતો; તે ભણી-ગણીને તૈયાર થવા આવ્યો હતો. કાકાની પાછલી અવસ્થાના વિસામા સમો એ રવીન્દ્ર...એને જોઈને આંખ ઠરતી બેઉની. કાકા એને પરણાવવાની તજવીજમાં હતા. એમની સાથેના ઘરવટને લીધે હું એમની બધી વિગતો જાણતો. લગ્નના મંગળ અવસરના ઉત્સાહમાં બેઉ પતિપત્ની ડૂબેલાં હતાં. એવામાં એક દિવસ રવીન્દ્ર ક્યાંક જતો રહ્યો. બન્ને જણાં મારે ત્યાં આવ્યાં. કાકા ઉદાસ બની ગયા હતા. અને કાકી તો નીચે બેસતાં જ રડી પડયાં.

નવાઈસર મેં પૂછ્યું, ત્યારે જાણવા મળ્યું કે રવીન્દ્ર એના બાપને ઘેર જતો રહયો હતો. કાકાની આંતરવેદના છૂપી રહી શકી નહિ.

'ભાઈ, એને આજસુધી સાચવ્યો, પેટના દીકરાની જેમ ઉછેરીને મોટો કર્યો અને હવે પાંખો આવી એટલે ઊડી ગયો. અમારી જરાય દરકાર રાખી નહિ જાણે સંબંધ પૂરો થઈ ગયો.

'કંઈ કારણ?' મેં પૂછ્યું

'એને તો અમારી મિલ્કત પોતાના નામે અત્યારે લખી લેવી છે... અમે કહ્યું, આ બધું તારું જ છે ને! પણ એ માન્યો નહિ' કાકા બોલ્યા.

મેં કહ્યું, 'રવીન્દ્ર મૂર્ખ છે, દત્તકવિધિનો લેખ તમે કરીને જ લીધો હશેને! હવે મિલ્કત નામે કરવાનો સવાલ જ ક્યાં છે?'

'ના ભાઈના, એવું કર્યું નથી. આ છોકરો પૂરો બાર મહિનાનોય નહોતો ત્યારથી અમે હૈયાનાં અમી પાઈ ઉછેરીએ છીએ. એમાં લખાપટ્ટીની શી જરૂર! કોઈ બાપ પોતાની મિલ્કતનો કરાર કરી આપે!' કાકા બોલતા હતા. આનંદીકાકી આંખ લૂછતાં હતાં.

'હા પણ આમ તો એ દત્તક ખરો ને! મોટો થયો એટલે એનામાંય હવે મારા તારાનું ભાનસાન આવ્યું હશે ને' હું બોલ્યો.

'પણ ભાઈ, તમે જુઓ છો કે દત્તક જેવું અમે કદી રાખ્યું છે? એમની નિઃસંતાનતા બોલતી હતી; વળી ઉમેર્યું', 'અમારા હેતને તે અમે કાયદામાં દેખાડીએ? દિલની દાઝ એમ બે અક્ષરોમાં લખીને મપાય ખરી?'

ચૂપ રહેલાં કાકીનો ઊંડો ભાવ બહાર આવ્યો, 'બીજું શું? એ તો આંગળીથી નખ વેગળા તે વેગળા જ રહેવાના!,

એમાં કાકાએ સૂર પૂરાવ્યો, 'કોયલનાં બચ્ચાં જેવી વાત થઈ છે. ઉછેરે કાગડી પણ એ મોટાં થાય ત્યારે કાગડીને છોડી દે'.

ઉમ્મરે પહોંચેલાં દંપતીની આ મર્મવાણીમાં મને એમની નિરાધારતા કરતાં કોઈ ભૂલ થયાનો ભાવ વરતાતો હતો.

# સર્વ વિદ્યાલય એક મંદિર

શ્રી ચંદુભાઈ એ. પટેલ : અધ્યાપક, સાયન્સ કૉલેજ—કડી

ગુરુવારનો દિવસ હતો, વાદળઘેર્યા વાતાવરણને લીધે દિવસનો નમતો પહોર નમણી સંધ્યા જેવો ભાસતો હતો. હું એફ. વાય બીએસસીના કલાસમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાનને લગતી એક વાર્તા કહી રહ્યો હતો. વાર્તામાં રસતરબોળ થતાં સમયનું ભાન રહ્યું નહિ. પિરિયડ પૂરો થયાનો ઘંટ વાગ્યો.. એક વખત થોડી વારે બીજો ઘંટનાદ થયો... છતાં વાર્તા આગળ ચાલુ રાખી એ પછી થોડીવારે ત્રીજો ઘંટારવ થયો...વાર્તા આગળ ચાલુ રાખવી હતી પરંતુ વિદ્યાર્થીઓએ કહ્યું, "સાહેબ આપણો બેલ તો ક્યારનો ય થઈ ગયો છે!" છેવટે મેં વિદ્યાર્થીઓને એટલું જ કહ્યું કે– " તમે લોકો ખરેખર મહા નસીબવંતા છો કે તમને આવું સુંદર મઝાનું વિદ્યાભ્યાસ માટેનું સ્થળ મળ્યું છે કે જ્યાં થોડી થોડી વારે થતા આ ઘંટારવ જાણે કે તમે એક પવિત્ર મંદિરમાં જ્ઞાનોપાર્જન ન કરી રહ્યા હોય એવો ભાસ કરાવે છે." વિદ્યાર્થીઓએ હર્ષનાદ કર્યો ને ત્યાંથી વાર્તા અધૂરી રાખી.

વિવિધ જ્ઞાનદેવોની ઉપાસના કરવા માટે અહીં અનેક મંદિરો આવેલાં છે. એના પ્રેમપૂજારીઓ જ્યારે ભજનની ઘેરી ઘૂંટાયેલી નાદલહરીને વાતાવરણમાં તરતી મૂકે છે ત્યારે રજોગુણી -તમોગુણી મનોવ્યાપારો વિસારે પડી જાય છે ને વળી કોઈક વાર નજીકને રસ્તેથી સીમ કે ગામ ભણી જતા ગો-ધણની મધુર રણકતી ઘંટડીઓ વાતાવરણની પવિત્રતામાં કંઈક ઓર જ વધારો કરે છે. જ્ઞાનોપાસના માટેનું વાતાવરણ સર્જાય છે ને વાદળ વિખરાતાં વિશ્વચૈતન્યનો સૂર્ય આકાશમાંથી પ્રકાશ રેલાવે છે... દિવ્ય ને નિત નવ્ય.

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

## શાંત-શોધક રોબર્ટ કૅાચ

એક હતો. ડોકટર એનું નામ રોબર્ટ કૅાચ. ધંધે ડોકટર પણ મનથી સાહસ–સફરી પ્રવાસ અને સાહસનાં સ્વપ્નોમાં ખોવાઈ જાય. એને એક છોકરીનો પરિચય થયો. છોકરીનું નામ હતું એની ફ્રાટ્ઝ. એનું વ્યક્તિત્વ મોહક હતું. પરિચયમાંથી મૈત્રી પાંગરી. મૈત્રીનું રૂપાંતર પ્રેમમાં થયું. ડોકટર અને એની એકબીજાને ચાહવા લાગ્યાં. કૅાચે લગ્નનો પ્રસ્તાવ મૂકયો. એની એક શરતે તૈયાર થઈ. ડૅાકટરે સાહસ–સ્વપ્નાં છોડી દેવાં અને જર્મનીના એક ગામડાંમાં સ્થિર થવું. ડોકટર સંમત થયો. બંને પરણી ગયાં. અને જર્મનીના એક ગામડામાં જઈ વસ્યાં. દિવસો શાંતિથી પસાર થવા લાગ્યા. ધંધો ઠીક ચાલતો. છતાં આ સ્વપ્નાંના શોખીન જીવને જંપ નહોતો, ચેન નહોતું. એકધારી જિંદગી. એજ દવા, એજ ગામ. એજ દરદી. તે કેટલીક વખત કંટાળતો અને સુનમુન બેસી રહેતો. એનાથી આ અજાણ્યું નહોતું. પોતાનો પતિ શી રીતે સુખી થાય તે એની વિચારતી.

એવામાં ડોકટરનો જન્મદિવસ આવ્યો, એ દિવસે પોતાના પતિને કંઈક ભેટ આપવી એવું એનીએ વિચાર્યું. શું આપવું એ પ્રશ્ન હતો. એને એક વિચાર આવ્યો અને તેનો તેણે અમલ કર્યો. તેણે સૂક્ષ્મદર્શક યંત્ર ખરીદ્યું અને પતિને જન્મ-દિવસની ભેટમાં આપ્યું. કૅાચને આ ભેટ ગમી. તે સૂક્ષ્મદર્શકમાં જંતુઓની જમાત જોઇ મલકાઈ ઊઠયો. આ નાનકડી ભેટે તેની દુનિયા બદલી નાખી. થોડો ફાજલ સમય મળતાં તે સૂક્ષ્મદર્શક યંત્ર લઈ બેસી જતો,

યુરોપનાં મેદાનોમાં ઘેટાંના ટોળાં અને ગાયનાં ધણ ચરતાં. તેમાંથી એકાદ ઘેટું અથવા ગાય માંદી પડે. તેનો રોગ બીજા પ્રાણીને લાગે અને તે મૃત્યુ પામે પ્રાણીઓના આ અણધાર્યા મૃત્યુને લીધે પ્રાણીના વાડા ખાલીખમ થઇ જતાં. આ રોગનું કારણ કોઈ જાણતું નહોતું. ભરવાડો અને પ્રાણી-પાલકો ચિંતિત હતા. ડૅાકટર કૅાચ તેમની વહારે ધાયો. તેણે રોગનું કારણ શોધવા કમર કસી. તેણે મરેલાં ઘેટાં અને ગાયોના લોહીમાંસની તપાસ હાથ ધરી અનેક નમૂના લીધા. સૂક્ષ્મદર્શકમાં તપાસ્યા તેના ઉપર નોંધો લખી. આમ કૅાચ સૂક્ષ્મજંતુની દુનિયામાં ખોવાઇ જતો. સાધનો નહોતાં, સગવડો નહોતી. છતાં તેણે હૈયા ઉકલતથી પ્રયોગો ચાલુ રાખ્યા ખાટકીઓને ત્યાં જાય. રોગરહિત પ્રાણીઓનું લોહી–માંસ મેળવે. આ નમૂનાઓને રોગ પ્રાણીઓના નમૂના સાથે સરખાવે. અથાગ પ્રયત્નોને અંતે તેણે આ રોગનાં જંતુ શોધી કાઢયાં.

કૅાચે એક પ્રયોગ કર્યો. તેણે થોડા ઉંદર પકડયા, તેમની પૂંછડીઓ ઉપર વાઢ કર્યા. લાકડાની સળી પર જીવાણું રોગવાળા પ્રાણીનું લોહી લઇ તેને ઉંદરના વાઢ ઉપર મૂકયું. જીવાણુ તેમના શરીરમાં દાખલ થયા. એક ઉંદર મરી ગયો. કૅાચે તેનું વિચ્છેદન કર્યું. તેના લોહ–માંસને સૂક્ષ્મદર્શકમાં તપાસ્યા, તેમાં તેણે સૂક્ષ્મજંતુઓ જોયા. બરાબર પેલાં મરેલાં ઘેટાં અને ગાયોમાં જોયા હતાં તેવાં જ. આ સફળતાથી તેને પ્રેરણા મળી. તેણે વધારે પ્રયોગો આદર્યા. આગળ ચાલી બળદના આંસુમાં શુદ્ધ જીવાણુઓનું સંવર્ધન કર્યું. અંતે તેણે જાહેર કર્યું કે એકજ રોગનાં જંતુ એકજ જાતનાં હોય છે અને તેમની વંશવૃદ્ધિ ખૂબ ઝડપથી થાય છે.

૧૮૭૬ની સાલ હતી. કૅાચે પોતાની જિંદગીનાં ૩૪ વર્ષ પૂરાં કર્યાં. તે બ્રેસ્લોના વિદ્વાનો સમક્ષ પ્રયોગનિદર્શન માટે ઉપડયો તેણે ઉંદરો ઉપરના પ્રયોગો અને સ્લાઇડોનું બહુ ચોકસાઇપૂર્વક વર્ણન કર્યું. આ ગામડિયા ડૅાકટરની સિદ્ધિથી બધા લોકો અંજાઇ ગયા. અહીં એને ઘણા બધા મિત્રો મળ્યા. આ મિત્રોએ તેને અહીંના દવાખાનામાં વાર્ષિક ૧૫૦ પૌંડના પગારથી રખાવ્યો. તેણે એક કેમેરા ખરીદ્યો અને જંતુઓને અભિરંજિત કરી તેના ફોટા લીધા. ડૅાકટર કૅાચ અહીં બે વર્ષ ગાળી પોતાને મૂળ વતન પાછો ફર્યો.

તેની ખ્યાતિ ચોમેર પ્રસરી. પ્રયોગોની સુવિધા પ્રાપ્ત થઇ. એક દિવસ પ્રયોગશાળામાં તેની નજર એક બાફેલા બટાકા ઉપર પડી. આ બટાકા ઉપર સપ્તરંગી ચાઠાં પડેલાં હતાં. તેણે આ ચાઠાંવાળા ભાગને લઇ સૂક્ષ્મદર્શકમાં તપાસ્યો તેણે તેમાંથી જંતુ–વસાહત જૂદી પાડી.

એક યુવાન મજૂરને ક્ષય ભરખી ગયો. કૅાચે તેના ફેફસાંના ભાગ મેળવી પ્રયોગ શરૂ કર્યા. તેમાંથી મળેલા જંતુ સાજાં સસલાં, ડુક્કર, મરઘાં, ઉંદર કોળ, કબૂતર, કૂતરાં અને બિલાડીના દેહમાં દાખલ કર્યાં. આ જંતુ હવામાં છોડી તેનાથી લાગતા ચેપની નોંધ કરી. આ બધાં રોગી પ્રાણીઓની તપાસ કરતાં મળેલાં જંતુ પેલા મજૂરના ફેફસાથી મળેલા જંતુ જેવાં જ હતાં. અને છેવટે તેને ક્ષયનાં જંતુ હાથ લાગ્યાં.

૧૮૮૩ની સાલ આવી યુરોપ અને ઇજિપ્તમાં કોલેરાએ કાળો કેર વર્તાવ્યો. સેંકડો માણસો મૃત્યુ પામ્યા. ઘર અને શેરીઓ સૂમસામ બની ગઇ. પાશ્ચર અને કૅાચ બંને આ રોગનાં જંતુ શોધવાની હોડમાં ઊતર્યા. કૅાચ તેના શિષ્ય સાથે ઇજિપ્ત પહોંચ્યો. મૃતદેહોનું વિચ્છેદન કરી તેનો અભ્યાસ કરવાનો હતો. આમાં જીવનું જોખમ હતું. પાશ્ચરના બે શિષ્યો–સેકસ અને થુલિયર એ પણ આ કામ હાથ ધર્યું હતું. ડૅા. થુલિયર રોગના ભોગ બન્યા અને વિજ્ઞાનશહીદ થયા, તેને અંજલિ અર્પી. ડૅા. કૅાચ અસંખ્ય નમૂનાઓ સાથે બર્લિન પાછો ફર્યો. તેના ઉપર પ્રયોગો કરી કૅાલેરાના જંતુ શોધી કાઢયા. તેના વધારે અભ્યાસ માટે તે ભારત આવ્યો.

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

## "હાથીના દાંત" | રૉય

**વસંતઋતુની** પ્રથમ કળીથી પણ કોમળ, અકાળે વૈધવ્યની મ્હોર લાગી ગઇ છે એવી માંડ સત્તરેક વર્ષની કલા ઉપર તેની સાસુ વિમળાકાકીનો આકરો તાપ જોઈ ફળિયાના સૌ કોઇને તેની તરફ સ્વાભાવિક જ અનુકંપા થઇ આવતી. આવી રૂપાળી, હસમુખી ને મધુરભાષી વહુ હોય એને આકરાં વેણુ શી રીતે કહેવાય ? સૌ એના કમભાગ્ય ઉપર દયા ખાતું.

"બિચારી હજુ તો માંડ ઊગીને ઊભી પણ નથી થઇ, ત્યાં તો કરમાઇ ગઈ. ભગવાને ય કેવો છે !... નહીં તો આવી હેમની વેલ જેવી વહુ તો કોઇ નસીબદારના જ ભાગ્યમાં હોય ......"

"પણ એ અભાગણીના કરમ જ ફૂટેલાં...... નાતરિયા કોમમાં હોત તો, તો વળી ઠીક હતું. આ તો બ્રાહ્મણની નાત અને તેમાંયે વળી નાગર...... ! એનું આખું આયખું શેં જશે... ! બાપડીનો ભવ બગડ્યો. અને પાછું આ યે ઓછું પડ્યું હોય એમ એને તો પડયા ઉપર પાટું. એની સાસુયે ક્યાં એને ઘડીયે જંપવા દે છે. જ્યારે જુઓ ત્યારે ટોકટોક કર્યા કરે છે બિચારીને વાલામૂઇ......"

આમ સૌ કલાની તરફેણ કરતું અને તેની સાસુને ઉઘાડેછોગ ભાંડતું. આટઆટલું વીતતું હોવા છતાં કદીયે કલા મોં ઉપર દુઃખના ને ગ્લાનિના ભાવો આવવા દેતી નહીં. હસતા હસતા ઝેર પચાવી જતી. કોઇની યે આગળ પોતાની હૈયાવરાળ ઠાલવવાની કોશિશ પણ કરી નહોતી. હંમેશાં એની સાસુ કેમ કરી પોતાની ઉપર ખુશ થાય એનાં જ વિચારો કર્યા કરતી.

કલા વહેલી સવારે ઊઠી રાંધવા સિવાય ઘરનું બધું જ કામકાજ ચોપભેર આટોપવા માંડતી. રાંધવાનું તો વિમળાકાકીએ પોતાને માથે જ રાખ્યુ હતું. પાણી ભરવા કે કપડાં ધોવા કૂવે કે તળાવે જાય અને એમાં જરા જેટલું પણ મોડું થતું ત્યારે કલાનું આવી જ બનતું... કેમ મોડું થયુ ? ક્યાં હતી અત્યાર સુધી ? આટલી બધી વાર ! કોની સાથે વાત કરતી હતી ? વગેરે ઉપરાછાપરી પ્રશ્નો પૂછી તેને મૂંઝવી નાખતાં, અને ધમકાવતા. પણ કલા કદીયે અમાન્યા તોડી અણછાજતું બોલતી કે મોં ઉપર સંભળાવતી નહીં. મૂંગે મોઢે સાંભળી રહેતી. ધોવા જાય ત્યારે તેની સાસુ ઘણી વખત પોતે પણ પાછળ પાછળ છાનામાના જઈ ખબર કાઢી આવતા. કલા આ જાણતી છતાં કશું જ કહેતી નહીં. તેની સમવયસ્ક વહુવારૂઓ જ્યારે કૂવે ભેગી મળતી ત્યારે કલાને કહેતી...,

"હેંલી ! આ તારી સાસુ તો કહેવાય છે ને કે બહુ જબરી બઇ... ! તું મોં ઉપર ચોપડાવતી હોય તો... તું તો બાપ બહુ જ પોચી. મારા જેવી હોય તો તો......"

"બાપડી શું બોલે ! કાળ જેવી સાસુ મોઢું જ તોડી લે ને ! હવે તો સખેદખે દા'ડા કાઢી નાખવાના. આ અસ્ત્રીનો અવતાર જ ભુંડો... ! બધું જ સહન કરે છૂટકો થાય......"

આમ છતાં કલા હમેશાં પોતાની સાસુનો બચાવ કરતી. પોતાના તરફ સાસુનો પ્રેમ ખૂબ જ છે એવો ડૉળ કરતી પણ સત્ય કયાં સુધી છાનું રહે ? વિમળાકાકીને પણ આનો ખ્યાલ તો આવી જ ગયો કે લોકો પોતાની નિંદા કરે છે. મોઢે કોઇ કાંઇ કહેતું નથી પણ પાછળ સૌ ગાળો દે છે. આ બધું જાણ્યા છતાં કાકીએ પોતાનો સ્વભાવ બદલ્યો નહીં. કલા યે બિચારી કયાં સુધી સહન કરે. એને યે ઘણી વખતે લાગી આવતું. આંખમાં આંસુ આવી જતાં......

"જ્યારથી એ દેવ થયા છે ત્યારથી જાણે હું એમને ઝેર જેવી લાગુ છું. લગારે સખ પડવા દીધું નથી. એ હતા ત્યારે તો ઘણા વ્હાલથી બોલાવતા આડોશીપાડોશી આગળ મારા વખાણ કરવામાંથી ઊંચા જ નહોતા આવતા. વહુ... વહુ... કહી જીભ જ નહોતી સૂકાતી. પણ હવે તો...... મારી સાસુના હૃદયમાં મારો કાંઇ વાંકગનો વસ્યો હોત તો તો ઠીક, પણ કોઇ દિવસ એમની લાગણી દુભાય એવી વાતે ય કરી નથી; નથી કદી એમની સામે ઊંચે સાદે બોલી કે નથી કદી એમનું વચન ઉથાપ્યુ... ઘરના કામકાજમાં પણ કંઇજ કહેવાપણું નથી રાખ્યું મેં ; છતાં ય જ્યારે જુઓ ત્યારે......"

કામનો આવો ઢસળબોળો, બહાર લોકોની વાતો, ટીકા વગેરે અને ઘરમાં સાસુના આવા વલણથી માનસિક અશાંતિના કારણે એક દિવસે કલા માંદી પડી. જો કે સવારથી તાવ તો હતો જ પણ તેને ગણકાર્યા સિવાય કામમાં લાગી ગઇ. પણ જ્યારે તળાવેથી બપોરે કપડાં ધોઇ ઘેર આવી ત્યાં માથેથી કપડાંની ડોલ ઉતારતા ચક્કર આવ્યાં. હાથ ધ્રૂજવા લાગ્યા. આખું શરીર થરથર કંપવા લાગ્યું. રસ્તામાં જ પગ લથડવા લાગ્યા હતા; પણ મન કઠણ કરી પરાણે ઘેર આવી હતી. ડોલ એટલા ઉપર ઉતારતાની સાથે જ તે પણ ભોંય ઉપર ફસકી પડી. રસોડામાંથી વિમળાકાકી દોડીને બહાર આવ્યા અને વહુને પકડી લીધી. જોયું તો વહુનું આખું શરીર તાવથી ધગધગતું હતું... ધ્રૂજતું હતું. તેમનાથી વધુ સંયમ રહ્યો નહીં. આડોશીપાડોશીનાં બૈરાંને ભેગાં કરી કલા વહુને અંદર લીધી. ખાટલો, ગોદડું પોતાની જાતે પાથરી વહુને જાળવીને સુવાડી. બીજું ગોદડું પણ પોતાની જાતે જ તેને ઓઢાડયું. ઝપાટાભેર તાંસળામાં મીઠાવાળું પાણી કરી માથે પોતાં મૂકવાં માંડયાં. એક હાથે પંખો પણ નાખવાં લાગ્યા. ગામમાં વૈદું કરતા કલાના મામાને બોલાવવા માણસ મોકલ્યો. લોકોએ એ વખતે જ વિમળાકાકીને વહુ માટે આંસુ સારતા જોયાં... પણ એ ન જાણ્યું કે વિમળાકાકીએ એ દિવસથી અન્ન પણ ત્યાગ્યું હતું...

કલાને, તેના મામાની દવાએ કે તેની સાસુ વિમળાકાકીની શુશ્રૂષા કે અનશનવ્રતે, ગમે તે કારણે પણ બે ત્રણ દિવસમાં તો તેને આરામ વરતાયો. તાવ તો ઊતરી ગયો. તાવમાં ફફડતી લગભગ બેભાન જેવી કલા જ્યારે ત્રણચાર કલાકે ભાનમાં આવી હતી ત્યારે ઘરમાં તેને પોતાં મૂકતી સાસુ સિવાય કોઈ જ નહોતું. સાસુને પોતાની કાળજી લેતા જોઈ કલાને આશ્ચર્ય તો થયું જ પણ એને લાગ્યું કે આ તો ફક્ત દેખાવ જ કરતા હશે. બાકી મનમાં તો એમ કે આ વહેલી મરે તો...... કલા મોં ફેરવી આંખો બંધ કરી પડી રહી. તેને સંતોષ પણ થયો કે છેવટે મારી સાસુ થોડાંક મેળમાં તો આવ્યાં જ. વિમળાકાકી તો તેને નિયમિતપણે સાબુચોખાની કાંજી અને દવા પાતા. કાળજી પણ ખૂબ જ લીધી એના કારણે કલાને તાવ તો ઊતરી ગયો પણ અશક્તિ તો રહી જ.

તાવ ઊતર્યો એટલે વિમળાકાકીએ ઘરકામમાં મન પરોવ્યું. પોતે જ બધું કામ કરવા માંડયું. કલા આ બધું ખાટલામાં પડી પડી જોતી. દુઃખ પણ થતું અને સંતોષ પણ...... કલાને આરામ થયો છે એમ જાણી તેના મામા ખબર કાઢવા આવ્યા. વિમળાકાકી ક્યાંક આઘાપાછાં હતાં. એટલે કલા પાસે આવીને બેઠા. કલાને તબિયત વિષે પૂછી જે વાત ખાસ કહેવાની ઇચ્છાએ આવ્યા હતા તે મૂળ મુદ્દા ઉપર આવ્યા.

"જો બેન, આ તો હું રહ્યો તારો મામો એટલે મને તારે માટે લાગણી તો હોય જ...... મારો તને બે શબ્દો કહેવાનો અધિકાર... જો જે ખોટું ન લગાડતી......" તેના મામા થોડું અટકયા. ગળું ખંખેર્યું. કલા પણ સાંભળવા-જાણવા ઉત્સુક બના. તેમણે આગળ ચલાવ્યું;

"......આ તો તેં દિ હું તને તાવ આવ્યો તે જાણી દવા લઈ અહીં દોડયો આવ્યો ત્યારે તું તાવના ઘેનમાં તારી સાસુ વિષે જેમ તેમ બકતી હતી......"

કલા જરા છોભીલી પડી ગઇ. તેના મામાએ તેના માથે હાથ ફેરવતા ફેરવતા કહ્યું, "...તારી સાસુ બિચારી બધાના દેખતાં તને આવું બોલતા સાંભળી હબકી જ ગયાં. આંખે પાણી આવી ગયાં... મેં જ બધાંને બહાર કાઢ્યા અને તારી સાસુને શાંત પાડયા...... મને એજ સમજાતું નથી કે તને તારી સાસુ માટે આવો ભાવ કેમ? લોક તો ગમે તેમ બોલે, એમને શું? લડાવી મારવા એ તો લોકોનો ધંધો હોય છે!...તારી સાસુએ કેટકેટલું દુઃખ વેઠયું છે તે તને ક્યાંથી ખબર હોય. પૂછજે તારી બાને કે તારી મામીને... તારી માફક જ એ બાપડી ભરજુવાનીમાં રાંડી હતી. તારા કરતાં તો એને એની સાસુ તરફથી ઘણું જ વીત્યું છે.

બિચારી બહુ જ દખી દખી થઈ ગઇ હતી " તેના મામાના મોં ઉપર પણ દુઃખના, કરુણાના ભાવો તરી ઊઠયાં. ગળે ડૂમો ભરાઈ ગયો. કલા અવાક્ બની મામાને સાંભળી રહી

"......તારી સાસુ તો દેવી છે દેવી. તને ગમે તેમ બોલે પણ તેના મનમાં તારે માટે લાગણી તો અખૂટ છે એ તો હું જ જાણું... નહીં તો અત્યારથી જ પોતાની વહુના નામે જમીન, ઘરબાર, ઘરેણાંગાંઠાં સર્વસ્વ લખી આપે કોઈ! મેં ઘણીયે ના પાડી છતાં એમણે ન માન્યું... તું માંદી પડી છે ત્યારથી એમણે અન્ન પણ મોંમાં મૂક્યું નથી. મને કહેતા હતા કે, લાભુભાઈ, મારી વહુ જ્યાં સુધી સાજી સમી થઈ મને માફ ન કરે ત્યાં સુધી......" તેના મામા વધુ બોલી શક્યા નહીં. કલા તો ધ્રૂસકે ચઢી...... અરેરે! મેં મારી સાસુને ન ઓળખી. તેમના માટે તાવના ઘેનમાં શું શું એલફેલ બોલી ગઈ હોઈશ? તેમને કેટલું લાગી આવ્યું હશે?...... કલાનું કાળજું આવા વિચારે કોરાવા લાગ્યું. તેને થયું કે મારે મારી સાસુના પગે પડી હાલ જ માફી માગવી જોઈએ અશક્તિ હોવા છતાં યે પથારીમાંથી ઊભી થઈ ગઈ. નીચું માથું કરી બેઠેલા તેના મામા આશ્ચર્યથી ભાણીની ગતિવિધિ નિહાળી રહ્યા. કલા ઘરમાં સાસુને ખોળવા બધે જ ફરી વળી. દેવસેવાના ઓરડા આગળ આવી બારણા આગળ એકાએક થભી ગઈ. અંદરથી એની સાસુનો ક્ષીણ કંપતો અવાજ આવતો હતો. તેણે જોયું... તેની સાસુ ભગવાનને વીનવી રહી હતી......

"તું તો સર્વજ્ઞ છે પ્રભુ. મારા હૃદયમાં વહુ માટે કેવાં હેત છે એ તો તું જ જાણે છે? લક્ષ્મી જેવી વહુ છે, પણ બિચારી અભાગણી કે મારા જેવી દશા થઈ નહીં તો...... પ્રભુ. ક્યાં આ અવતાર દીધો તેં? ક્યાંક આડોઅવળો પગ પડી જાય વહુનો તો... તો મારે ને એને બેયને કૂવો હવાડો પૂરવો પડે! મારી વહુની રક્ષા કરજે હે દીનાનાથ! નહીં તો હું ક્યાંયની ય નહીં રહું... લોકો મને ગાળો દે છે હું વહુને આકરી લાગું છું. મારો ય આત્મા ડંખે છે. પણ શું થાય ભગવાન, એકલો તું જ જાણે છે કે આ તો હાથીના દાંત... ચાવવાના ને દેખાડવાના જુદા જુદા......"

કલા વધુ સાંભળી ન શકી બા...... કહી તે બારણા આગળ જ ફસડાઈ પડી. ■

[પાન ૬ ઉપરનું ચાલુ]

સંશોધન પૂરું કરી તે સ્વદેશ પાછો ફર્યો લોકોએ તેને વધાવી લીધો. શહેનશાહે તેને 'ઓર્ડર ઑફ ધી ક્રાઉન' નો ખિતાબ આપ્યો.

આજે કૉચ ભૂલાઈ ગયો છે પણ તેણે વાવેલાં બીજ ફાલીફૂલીને વૃક્ષ થયાં છે.

આવો હતો સીધો-સાદો, હૈયા સઝરાળો, અણપ્રીછયો શાંત-શોધક ડૉ. રોબર્ટ કૉચ.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૧-૧૦-૭૦

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૮-૧૦-૭૦ [ અંક ૧


## બીજા વર્ષમાં પ્રવેશ

'સુવર્ણ જયન્તી' બીજા વર્ષમાં પ્રવેશ કરે છે. આ અઠવાડિક પત્ર આપણા સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું પ્રગતિસૂચક અને શિક્ષણ ક્ષેત્રનું નાનકડું અઠવાડિક છે.

ગત વર્ષ દરમ્યાન જે ભાઇ બહેનોએ એમનાં લખાણો 'સુવર્ણ જયન્તી'માં પ્રસિધ્ધ કરવા મોકલી આપ્યાં અને એ રીતે સુવર્ણ જયન્તીનું સંચાલન સરળ બનાવ્યું, તે સૌનો હું સંસ્થાવતી અને મારા તરફથી આભાર માનું છું. આ બાબતમાં ભાઇશ્રી અનામી (ડૉ. રણજીત પટેલ) એ પ્રેમપૂર્વક નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેમનો પણ આભાર માનું છું.

આ વર્ષ દરમ્યાન સમાજને માર્ગદર્શન મળે અને શિક્ષણ ક્ષેત્રે સુયોગ્ય પરિવર્તન લાવે તેવા લેખો મોકલી આપવા વિનંતિ કરું છું.

હમણાં હવામાં સૂત્રો અને ક્રાંતિના શબ્દોચ્ચારો ગાજી રહ્યા છે. સુત્રો અને ક્રાંતિના શબ્દોચ્ચારોથી ક્રાંતિ આવતી નથી. આ માટે યોગ્ય શિક્ષણ અને સખ્ત બુધ્ધિપૂર્વકના કામની જરૂર છે. ઓછાં દામ અને વધુ કામનું સૂત્ર જીવનમાં ઊતારીશું તો દેશને પડતો બચાવી શકાશે. અત્યારે તો ચારે તરફ અંધારું દેખાય છે. એ અંધારાને નિવારવાનો એકજ ઇલાજ છે અને તે યોગ્ય શિક્ષણ, શિસ્ત અને બુધ્ધિપૂર્વકનું સખ્ત કામ.

આપણી સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ લાંબી વાતો કરવામાં માનતું નથી. આપણે તો કામ કરી દેશ અને સમાજની શકય સેવા કરવા માગીએ છીએ.

આ માટેનું આપણું મુખપત્ર 'સુવર્ણ જયન્તી' છે. એનું ગઇ સાલનું લવાજમ જે ભાઇબહેને મોકલાવ્યું ના હોય તે કૃપા કરી મોકલી આપે. આ સાલનું પણ લવાજમ મોકલી આપે. વરસે પાંચ રૂપિયા એ વધારે નથી.

જે ભાઇ બહેનોને 'સુવર્ણ જયન્તી' આવતું હોય અને મંગાવવા માગતા ના હોય–લવાજમ મોકલવા માગતા ન હોય તે કૃપા કરી લખી જણાવે. એટલા દરજજે સંસ્થાને લાભ થશે.

આપણી સંસ્થાના ઘણા શુભેચ્છકો તેમજ જુના વિદ્યાર્થીઓ નાનાં મોટાં કારખાનાં ચલાવે છે, ને વેપાર ધંધો કરે છે. એમના વેપાર ધંધાની જાહેર ખબરો બીજા વર્તમાનપત્રોમાં તેઓ આપે છે. તેઓ કૃપા કરી 'સુવર્ણ જયન્તી'ને પણ એમની જાહેર ખબરની યાદીમાં દાખલ કરે જાહેર ખબરોથી સુવર્ણ જયન્તીનો ખર્ચ નીકળી જાય અને સંસ્થાને કાંઇ ખોટ સહન કરવી ના પડે.

ગયા વર્ષમાં સુવર્ણ જયન્તીને ગુજરાત સરકારના પ્રકાશન ખાતાએ, કલોલ ભારત મીલે તથા અમદાવાદની અંબિકા મીલે જાહેર ખબરો આપેલી. તેમનો હું આભાર માનું છું. તેઓ 'સુવર્ણ જયન્તી'ને આ વર્ષમાં યાદ કરતા રહેશે. એવી આશા રાખું છું.

આપનું ગયા વર્ષનું લવાજમ મોકલાવ્યું ના હોય તો તે તથા આ નવા વર્ષનું લવાજમ મોકલી આપી 'સુવર્ણ જયન્તી' ને પ્રોત્સાહન આપશો. એટલા પ્રમાણમાં સંસ્થાને આપ મદદ કરો છો.

'સુવણુ જયન્તી'ના વાચકો, ગ્રાહકો અને શુભેચ્છકો વગેરે સર્વનો 'સુવર્ણ જયન્તી'ને સાથ આપવા બદલ આભાર માનું છું.

પુરુષોતમદાસ પટેલ

# સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રોને સ્મરણ

શ્રી મોહનલાલ પટેલ

મિત્રો,

આ પત્ર દ્વારા ફરી એકવાર તમને સૌને માતૃસંસ્થાની યાદ દેવડાવું છું. મને આમ તો, પૂરી શ્રદ્ધા છે જ કે તમે તમારા સ્નેહીઓને, તમારા મિત્રોને અને તમારાં વહાલાં બાળકોને તમારાં સંસ્મરણો–અને એમાંય ખાસ તો કિશોરાવસ્થાનાં, કહેતા હશો ત્યારે વારંવાર સર્વ વિદ્યાલયનો ઉલ્લેખ થતો રહેતો હશે. એ ઉલ્લેખ વખતે તમારા હૈયામાંથી અમૃત ઝરણાંનાં નવાણ ફૂટતાં હશે. સાંભળનારને તમારી વાણીમાં પ્રેમ, ભાવના અને સંસ્થા પ્રત્યેની તમારી ભક્તિનાં દર્શન જરૂર થતાં હશે. તમે તમારા અનુભવો વર્ણવતી વખતે એ વખતના તમારા સહાધ્યાયીઓ, શિક્ષકો અને સંસ્થાના કાર્યકરોને જરૂર સંભારતા હશો. એ સમય જ એવો છે કે જ્યારે તમને નિર્વ્યાજ પ્રેમનું અમુલખ ભાથું સાંપડ્યું હશે. એવા કેટલાય મિત્રો થયા હશે કે જે આજે પણ તમારા સુખદુઃખમાં ભાગીદાર બનતા હશે. તમને એવું જ્ઞાન પ્રાપ્ત થયું હશે જે આજે પણ તમારા વ્યક્તિત્વને ઉજમાળું બનાવતું હશે. જીવનના કેટલાય એવા આદર્શ તમારામાં સિંચાયા હશે કે આજે પણ તમારા જીવનને જીવવા જેવું અને મધુર બનાવતા હશે.

મને મારા શાળા જીવનના દિવસોનું સ્મરણ થાય છે. હું જે શાળામાં ભણ્યો હતો તેનું આજે નામ નિશાન કશું રહ્યું નથી. જે સ્થળે એ શાળાનું વિશાળ મકાન હતું એ સ્થળે આજે નવું જ–જુદાં ઈંટચણતર અને જુદા જ ઘાટનું મકાન છે. પેલું મકાન તો સ્વરાજ્ય માટેની ચળવળમાં બળીને ભસ્મીભૂત થઈ ગયેલું. એ શાળા માટે જુદા સ્થળે બીજું મકાન બંધાયું છે. એ શાળાનું નામ પણ હવે તો બદલાઈ ગયું છે એટલે તો કહું છું કે મારી પુરાણી શાળાનું નામ કે નિશાન કશું રહ્યું નથી છતાં જ્યારે જ્યારે એ સ્થળ આગળથી પસાર માત્ર થાઉં છું ત્યારે અવનવાં સંસ્મરણોની હારમાળા વહેવા લાગે છે. અમારી શાળામાં એ વખતે કોઈ ઇતર પ્રવૃત્તિ નહોતી રિટાયર થવાની તૈયારી હોય એવા શિક્ષકો આવે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો ભણવા ભણાવવા સિવાય બીજો કોઈ સંબંધ નહીં હું સાત વર્ષ એ શાળામાં ભણ્યો તે દરમ્યાન બે પ્રવચનો થયાં હતાં. જેમાંનું એક તો શાળાના શિક્ષક શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠીનું હતું. આ યોગીન્દ્રભાઈ એ આપણા અચ્છા ગઝલકાર અને 'કલાપીનો કેકારવ'ની બીજી આવૃત્તિ તૈયાર કરનાર સાગરના પુત્ર સાતેય વર્ષમાં માત્ર એકવાર એક ઉત્સવ થયેલો તેય શાળાને પચીસ વર્ષ પૂરાં થતાં હતાં તેથી... આમ છતાં એ વખતના મારા કિશોર માનસે જીવનભર વાગોળી શકાય એવી કેટકેટલી સામગ્રી ભેગી કરી લીધી હતી.

ત્યારે તમે તો પ્રવૃત્તિથી સતત ધમધમી રહેલી શાળામાં ભણ્યા છો. શાળામાં પણ અવનવા પ્રયોગો થાય, સમૃદ્ધ પુસ્તકાલય, હસ્તલિખિત સામયિકો. એક એકથી અદકા વાર્ષિકોત્સવ થાય જેમાં ગીતો, રાસ, ગરબા, નાટકો...... વ્યાયામનું તો પૂછવું જ શું? અને વળી શાળાને પોતાનો આગવો વિદ્યાર્થી આશ્રમ – સવારે પાંચ વાગે ઊઠયા ત્યારથી માંડીને રાત્રે દસ વાગે સૂઈ જાઓ ત્યાં સુધી પ્રવૃત્તિઓની ઘટમાળ, મિત્રોનો સતત સથવારો અને ભાઈચારો... જમવું સાથે, રમવું સાથે, જ્ઞાન ગોઠડી પણ સાથે જ... ખરેખર ઈર્ષા આવે એવું જીવન કહેવાય. હું મારા ગજથી ઘણીયેવાર વિચારું છું : ભલા! આ સંસ્થામાં અભ્યાસ કરવા ભાગ્યશાળી થયા હશે એમના જીવનમાં આ સંસ્કારદાત્રી કેટલી બધી વણાઈ ગઈ હશે! એનું સ્મરણ થતાં ધન્યતાનો ભાવ અનુભવાય તો એ સહેજ પણ અસ્વાભાવિક નથી.

પોતાની સંસ્થા–જ્યાં પોતે જ્ઞાન મેળવ્યું હોય તે – ભલે પછી પ્રાથમિક શાળા હોય, માધ્યમિક શાળા હોય કે પછી જ્ઞાનપીઠ-યુનિવર્સિટી હોય – ની સ્મૃતિ થતાં માનવી કુણો અને ત્યાગશીલ બને જ છે. પોતાની પાસે જે કંઈ હોય એમાંથી કંઈક એને ભેટ ધરીને એનો આત્મા સંતુષ્ટ થવા ઝંખતો હોય છે. કદાચ આપને ખ્યાલ હશે કે જનાબ મહમદઅલી ઝીણા પાકિસ્તાન મેળવવા માટે વર્ષો સુધી મથતા રહ્યા. ભારતથી અલગ થયા. પણ એમનું હૈયું પેલી એમની વિદ્યાપીઠ – મુંબઈ યુનિવર્સિટીને કદીયે ન ભૂલી શક્યું. એમના હૈયાનો એક તંતૂ તો ત્યાં જડાયેલો રહ્યો અને એટલે તો એમના વસિયતનામામાં પોતાની મિલ્કતમાંથી રૂપિયા પચાસ હજારનું દાન કરવાનું લખતા ગયા હતા.

મિત્રો, તમારા હૃદયના તંતૂ આપણી આ સંસ્થા સાથે જડાયેલા હોય એમાં શંકા ન હોય. તમે પોતાના સંસ્થા માટે કશું ન કરી છૂટવા માગતા હો એવું કલ્પવું એ પણ તમારો દ્રોહ કરવા સમાન છે.

સંસ્થાને હવે તમારી જરૂર પડી છે. એણે પોતાના વિકાસ માટે અનેક શાખાઓ, પ્રશાખાઓ શરૂ કરી છે. એની આ મજલનો વેગ ટકી રહે એ માટે તમારે આવી પહોંચવું પડશે એને આર્થિક સહાય કરવી પડશે. આ સંસ્થાના તમે સૌ વિદ્યાર્થીઓ દેશના ખૂણેખૂણે પથરાયેલા છો નજીકમાં હશો તો પણ વિપુલ પ્રમાણમાં હશો. તમારી પાસે અમે આવી પહોંચીએ તો તમે કાંઈ હાથ પાછો ઠેલવાના નથી. પણ ઘણી પ્રવૃત્તિઓને મૂકીને આપ સૌને રૂબરૂ કે અંગત રીતે મળવું અશક્ય નથી; પણ મુશ્કેલ જરૂર છે. પણ માતૃ-

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# ગરીબાઈ નિવારવા માટે

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

" अदो यद्दारु प्लवते सिंधोः पारे अपूरुषम्।
तदारभस्व दुर्हणो तेन गच्छ परस्तरम्॥
ऋग वेद, मंडल १०, सूक्त १५५, मंत्र ३।"

"Technical science is a wonderful thing. It removes poverty and brings in prosperity. O povrty stricken man! acquire technical knowledge and through the help of technical science remove poverty and want.

Rig Veda, chapter 10, Section 155, Mantra 3.

ટેકનીકલ સાયન્સ આશ્ચર્યજનક વસ્તુ છે. તે ગરીબાઇને હરાવે છે અને આબાદી લાવે છે. હે, ગરીબાઇના ભોગ બનેલા માણસ. ટેકનીકલ સાયન્સની જાણકારી મેળવ અને એનો ઉપયોગ કરી ગરીબાઇ અને અછત–કંગાલિયત દૂર કર.

ઋગવેદ મંડળ ૧૦, સૂક્ત ૧૫૫, મંત્ર ૩"

હજારો વર્ષ પૂર્વે વેદ લખાયા. આપણા હિન્દુઓ વેદને–ચાર વેદને હિન્દુધર્મનાં પુસ્તકો માનીએ છીએ. વેદ લખાયા પછી ઉપનિષદો અને દર્શનો લખાયાં. એ બધાનું દોહન કરી ગીતા લખાણી.

હજારો વર્ષો પૂર્વે આપણા ઋષિમુનિઓ–વિદ્વાન પુરુષોએ આપણને જ્ઞાન આપ્યુ. એ સમયે એમને લાગ્યુ કે ગરીબાઇ અને કંગાલિયત હરાવવા ટેકનીકલ સાયન્સનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ અને એ જ્ઞાનનું માત્ર રટણ કરવાથી ગરીબાઈ અને કંગાલિયત દૂર કરી શકાશે નહિ પણ એ જ્ઞાનનો ઉપયોગ કરી નવી નવી શોધો કરી અને એ શોધોને કામમાં યોજીને ગરીબાઇ અને કંગાલિયત હરાવવી જોઇએ. માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાથી પંડિત થવાય પણ ગરીબાઈ હટાવી નહિ શકાય, આબાદી મેળવી નહિ શકાય. એ માટે તો પ્રાપ્ત કરેલા જ્ઞાનને કામમાં યોજવું જોઇએ. કામ કરવું જોઇએ. સતત કામ કર્યા સિવાય ગમે તેટલું જ્ઞાન–ટેકનીકલ સાયન્સનું જ્ઞાન મેળવ્યુ હોય તો પણ ગરીબાઈ અને કંગાલિયત હટાવી શકાશે નહિ આબાદી મેળવા શકશે નહિ

આપણા વિદ્વાન અને સમયપારખુ ઋષિમુનિઓએ આપણને અમૂલ્ય જ્ઞાન આપ્યું અને આશા રાખી કે આપણે એ જ્ઞાન પ્રાપ્ત કરી એનો ઉપયોગ ગરીબાઈ હટાવવા અને આબાદ થવા કરીશું

પરંતુ આપણ તો રટણના માર્ગે ચઢયા. એ જ્ઞાન પ્રાપ્ત કરી પંડિત બન્યા. એ સૂક્તો અને મંત્રોના રટણમાં પડ્યા. એ સૂક્તો અને મંત્રોમાં કહેલી વાતને કાર્યમાં ના મૂકી. અર્થાત એ જ્ઞાન મગજમાં ભર્યું પણ હાથને એનો ઉપયોગ કરવા કહ્યું નહિ. હાથપગ હલાવ્યા વિના આબાદી પ્રાપ્ત કરવા વેદોના સૂક્તો અને મંત્રોના રટણમાં ચઢયા. પરિણામે ગરીબના ગરીબ રહ્યા.

અમરિકા, રશિયા, જર્મની અને જાપાન વગેરે દેશો ટેકનીકલ સાયન્સનું જ્ઞાન પ્રાપ્ત કરી બેસી ના રહ્યા પણ એ જ્ઞાનનો ઉપયોગ નવી નવી શોધો કરવામાં કર્યો, નવાં નવાં કારખાનાં સ્થાપ્યાં, ખેતીના ઓજારોમાં પણ પરિવર્તન લાવ્યા. ખેતી અને ઉદ્યોગમાં ક્રાંતિ લાવી ગરીબાઇ હટાવી દેશને આબાદ કર્યા અને પોતે પણ આબાદ થયા.

આપણ વેદોને જ્ઞાનનો ભંડાર ગણી પંડિત બન્યા અને માથે મૂકી નાચ્યા. પણ એમાં ભરેલા જ્ઞાનનો ઉપયોગ નવસર્જન માટે ના કર્યો.

પરિણામે આર્થિક ક્ષેત્રે ગરીબ રહ્યા.

વેદકાળમાં અને ત્યાર પછી ટેકનીકલ સાયન્સ કેટલું આગળ વધ્યું હતું તે જાણવા આપણી પાસે સાધન નથી. મહાભારતના યુદ્ધમાં ટેકનીકલ સાયન્સ જાણકાર ખપી ગયા અને તેથી આપણું સર્વસ્વ ટેકનીકલ સાયન્સનું જ્ઞાન નષ્ટ થયું એવું આશ્વાસન લઇએ છીએ પણ આવા આશ્વાસનથી આગળ વધી નહિ શકાય. ગરીબાઇ દૂર કરી શકાશે નહિ

વિશ્વમાં ટેકનીકલ સાયન્સ ખૂબ આગળ વધ્યુ છે. ચંદ્ર ઉપર અમેરિકનો ઊતર્યા અને ત્યાંથી બોલ્યા તે આપણે સાંભળ્યું. ત્યાંથી એમના ફોટા પૃથ્વી ઉપરના લોકોએ ખેંચ્યા અને આપણે જોયા. મીસાઇલ્સની શોધ થઇ છે. રશિયા કે ચીનમાંથી મીસાઇલ્સ છોડે અને આપણા ઉપર નાંખે તો આપણો નાશ કરી નાખે. એટમબોંબ, હાઇડ્રોજનબોંબની શોધ થઇ છે અને એવી છે કે આપણા દેશ ઉપર પાંચ પંદર બોંબ નાખવામાં આવે તો આપણા જાનવરોની હસ્તી ના રહે

આ શોધો વિનાશક છે પરંતુ એ બતાવે છે કે ટેકનીકલ સાયન્સમાં કેટલાક દેશોએ ખૂબ પ્રગતિ કરી છે અને એ દેશોએ આ ટેકનીકલ સાયન્સનો ઉપયોગ કરી ત્યાં ઉત્પાદન વધારી–ખેતી તેમજ ઉદ્યોગક્ષેત્રે–ખૂબ આબાદી સાધી છે. અમેરિકા, જાપાન, જર્મની તેમજ રશિયા વગેરે દેશોની આબાદી એમના ટેકનીકલ સાયન્સના જ્ઞાનના કારણે નથી એમ કોણ કહી શકાશે?

આ દેશોમાં ટેકનીકલ સાયન્સના શિક્ષણ માટે સારી વ્યવસ્થા છે. એ શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવે છે. ત્યાં સાયન્સ કૉલેજ અગર ટેકનીકલ સ્કૂલ કે ટેકનીકલ કૉલેજોમાં કામ કરનાર શિક્ષક પ્રવચન આપી લાંબા પગ કરી આરામ લેતો નથી. પણ નવી નવી શોધો કરે છે. લેબોરેટરી અગર વર્કશોપને પોતાનું ઘર બનાવે છે અને ત્યાં સતત કામ કર્યા

કરે છે. નવું નવું વાંચે છે, વિચારે છે અને પ્રયોગ કર્યા કરે છે.

આથી એ દેશો ટેકનીકલ સાયન્સમાં આગળ વધ્યા છે અને વધે છે.

જ્યારે આપણા દેશમાં ?

આર્ટસ, કૉમર્સ, કાયદો અને બી એડ શિક્ષણની કૉલેજો દર સાલ નીકળે છે. એમાં ખર્ચ ઓછું અને કમાણી વધારે. છેલ્લા પાંચ વર્ષમાં એક પણ નવી સાયન્સ કૉલેજ કે ટેકનીકલ સ્કૂલ કે પોલીટેકનિક કે ઇજનેરી કૉલેજ નીકળી નથી. કોઈ એવી શિક્ષણ સંસ્થા શરૂ કરવા કોઇ આગળ આવતું નથી કારણ એ ખર્ચાળ છે. દર વરસે નુકશાન વેઠવું પડે છે.

આપણો દેશ બીજા આગળ વધેલા દેશોની સરખામણીમાં ઘણો પાછળ છે. આપણે આ તરફ – ટેકનીકલ સાયન્સના શિક્ષણ તરફ વધારે ધ્યાન આપવું જોઇએ.

પણ ટેકનીકલ સાયન્સનું શિક્ષણ ખર્ચાળ છે. એમાં નુકશાની છે તેથી આપણા દેશમાં બીજી કૉલેજો – આર્ટસ કૉમર્સ જેવી કૉલેજો કાઢનારા એનો વિચાર કરતા નથી અને મધ્યસ્થ તેમજ રાજ્યની સરકારો પણ આનો ગંભીરતાથી વિચાર કરતી નથી.

આ પરિસ્થિતિમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ટેકનીકલ સાયન્સનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાનો પોતાનો ધર્મ સમજ્યું.

કડીની ટેકનીકલ સ્કૂલ અને સાયન્સ કૉલેજ સ્થાપી એનો ખર્ચ તો ભારે પડે છે પણ એના દાનવીરોની સહાયને લઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આગળ વધી રહ્યું છે.

કડીની આપણી સંસ્થાનો ફાળો સ્વરાજ પ્રાપ્તિની લડતોમાં જેવોતેવો નહોતો ઘણા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકોએ જેલવાસ ભોગવ્યા. સંસ્થાના માથે દંડ લાદવામાં આવેલો તે પણ ઉપાડયો. એક પ્રસંગે તો સંસ્થાને જપ્ત કરવાનું પ્રકરણ ઉપડેલું.

આપણી સંસ્થા રાષ્ટ્ર માટે છે. રાષ્ટ્રને આઝાદી પ્રાપ્ત કરવાની હતી અને તેથી આઝાદીની લડતોમાં આપણે ભાગ લીધો.

હવે સ્વરાજ્ય પ્રાપ્તિ પછી ગરીબાઈ હટાવવા અને આબાદી પ્રાપ્ત કરવા ટેકનીકલ સાયન્સના શિક્ષણની જરૂર લાગી અને એ શિક્ષણ માટે ટેકનીકલ સ્કૂલ અને સાયન્સ કૉલેજ શરૂ કરી. ખેતીમાં વપરાતાં અદ્યતન સાધનો ટ્રેક્ટર, ઇલેક્ટ્રીક મોટર, ઓઇલ એન્જીન વગેરેના શિક્ષણ માટે ફાર્મ મિકેનીક – કૃષિયંત્ર તાલિમ કેન્દ્ર પણ ગુજરાત સરકારની સહાયથી શરૂ કર્યું છે.

આપણી સાયન્સ કૉલેજ અને ટેકનીકલ સ્કૂલનું શિક્ષણ સારું છે બીજી આવી કૉલેજોની હરોળમાં ઘણું સારું છે. છતાં એ જ્ઞાનને કાર્યરત કરવાની જરૂર છે. વિદ્યાર્થીઓ સાયન્સ કૉલેજમાં શિક્ષણ લે પણ સાથે સાથે એ શિક્ષણને અનુરૂપ ઉત્પાદન કરવા જ્ઞાનને પ્રત્યક્ષ ફળ રૂપે પ્રગટાવવાની જરૂર છે. આનો વિચાર આપણે કરી રહ્યા છીએ.

ટેકનીકલ સ્કૂલની વર્કશોપ પણ ઉત્પાદન કરે તેમ આપણે ઇચ્છીએ છીએ. એ માટે વિચારણા ચાલી રહી છે.

શિક્ષણ વ્યવસાયલક્ષી Job oriented હોવું જોઇએ એમ આપણા શિક્ષણશાસ્ત્રીઓ અને રાજદ્વારી નેતાઓ કહે છે પણ એની હજુ વાતો જ થાય છે. આપણે માત્ર વાતો કરવા માગતા નથી કામ કરવા માગીએ છીએ

હજારો વર્ષ પહેલાં ઋગવેદમાં આપણા ઋષિમુનિઓએ કહ્યું તે આપણે કરવા પ્રયાસ કરી રહ્યા છીએ આપણા દેશમાં આપણા અગ્રણીઓ માત્ર સૂત્રોચારથી ગરીબાઈ હટાવવા માગે છે. માત્ર સૂત્રોચારથી કોઈ દેશ આગળ આવ્યો નથી. માત્ર સૂત્રોચ્ચારથી કોઇ દેશ આબાદ થયો નથી. હડતાલો અને તોફાનોથી કોઇ દેશે પ્રગતિ સાધી નથી.

સખ્ત કામ સિવાય કોઇ પણ દેશ આગળ આવ્યો નથી. આપણા દેશને આ રસ્તે વાળવાની જરૂર છે. બધાએ–ખેડૂતો કારીગરોથી માંડી સૌએ સખ્ત કામ–બુદ્ધિપૂર્વક સખ્ત કામ કરવાની જરૂર છે. ટેકનીકલ સાયન્સના જ્ઞાન સાથે સખ્ત કામ કરીશું તો આગળ વધાશે. આપણો દેશ આબાદ થશે અને આપણે પણ.

સાયન્સ કૉલેજમાં આપણે સારા પ્રમાણમાં સાધનો વસાવ્યાં છે. સદ્‌ભાગ્યે આપણને ખંતિલા અધ્યાપકો અને આચાર્ય મળ્યા છે. ટેકનીકલ વર્કશોપમાં પણ આપણે ઠીકઠીક સાધનો વસાવ્યાં છે. હજુ ઘણું કરવાનું છે. ઘણું ખરીદવાનું બાકી છે. સાયન્સ કૉલેજ અને ટેકનીકલ સ્કૂલના શિક્ષકો ઉત્પાદન કરવા વિચારી રહ્યા છે.

આ માટે સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ શુભેચ્છકો અને શિક્ષણ પ્રેમીઓ ઉદાર હાથ લંબાવે. આ વર્ષમાં સાયન્સ કૉલેજનું મકાન થવું જ જોઇએ.

ટેકનીકલ સાયન્સના શિક્ષણના કાર્યમાં સૌ કોઈ મદદ કરે. શક્તિ પ્રમાણે મદદ કરે. ખેડૂત ભાઇઓનાં દિલ ઉદાર હોય છે. તેમની સારી મદદ મળી રહેશે તેવી શ્રદ્ધા છે. ખેડૂતો, વેપારીઓ, પગારદારો, કારખાનાદારો વગેરે તમામ મદદ કરે. સારા કામમાં હાથ લંબાવવામાં પુણ્ય છે એમ આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે.

૨૫-૯-૭૦

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ–કડી

## અણુ ઘડિયાળ

દિવસ ઊગે, રાત પડે, રાતદિવસ મળી ૨૪ કલાક થાય. ૨૪ કલાકનો એક દિવસ ગણાય. સાત દિવસનું અઠવાડિયું અને પંદર દિવસનું પખવાડિયું થાય. ચાર અઠવાડિયાં અથવા બે પખવાડિયાનો મહિનો થાય. બાર મહિનાનું વર્ષ થાય ચંદ્રની હાજરી ઉપરથી સુદ હશે કે વદ હશે તે કહી શકાય.

દિવસનું માપ ઘડિયાળ ઉપરથી જાણી શકાય. ઘડિયાળ સેકંડ, મિનિટ, કલાક અને તારીખ દર્શાવે છે.

પૃથ્વી ઉપર ઋતુઓ છે. ઋતુઓ મળી વર્ષ થાય. ઘણાં વર્ષો મળી યુગ થાય, પૃથ્વીને ઉત્પન્ન થયે ઘણા યુગો વહી ગયા. આ યુગો દરમ્યાન પૃથ્વીએ ઘણી લીલી સૂકી જોઈ ભૂકંપ થયા, હિમપ્રપાતો થયા, ઉલ્કાપાત થયા અને બીજા અનેક તોફાન આવ્યાં અને ગયાં. આવી દુર્ઘટનાઓમાં પૃથ્વી ઉપરની જીવ સૃષ્ટિ અનેક વખત નાશ પામી. આ ખોવાયેલી દુનિયા અશ્મિ-ઓ રૂપે પૃથ્વીના પેટાળમાં સંગ્રહાઈ રહી કાળે. ફરીને આવાં અશ્મિઓ અને બીજા નમૂના માનવને હાથ લાગ્યા તેમનું આયુષ્ય શોધવા માટે એક પ્રકારના 'અણુઘડિયાળ' ની શોધ થઈ. આ શોધને 'રેડિયો એક્ટીવ કાર્બન–૧૪ ડેટીંગ' કહેવામાં આવે છે.

એનો શોધક હતો ચીકાગો યુનિવર્સિટીનો ડૉ. બીલાર્ડ એફ. લીબી, આ અણુજાણ માનવીના વિચારો ક્રાંતિકારી હતા. આ શોધને કારણે ૧૯૬૦નું રસાયણશાસ્ત્ર માટેનું નોબલ પારિતોષક તેને મળ્યું. અને તે વિશ્વવિખ્યાત બની ગયો.

'કાર્બન–૧૪ ડેટીંગ પદ્ધતિ' બિલકુલ સાદી પ્રક્રિયા ઉપર રચાયેલી છે. કોસ્મીક કિરણો પ્રબળ શક્તિથી પૃથ્વીના ઉપલા વાતાવરણમાં મારો ચલાવે છે. આ કિરણો ઝડપથી પસાર થતા અસંખ્ય ન્યુટ્રોન પેદા કરે છે. આ ન્યુટ્રોન નાઈટ્રોજન અણુઓ સાથે અથડાય છે અને તે રેડિયો એક્ટીવ કાર્બન–૧૪માં રૂપાંતર પામે છે.

આ રેડિયો એક્ટીવ કાર્બન–૧૪ આખા વાતાવરણમાં પ્રસરે છે વનસ્પતિઓ પ્રકાશસંશ્લેષણ માટે કાર્બન ડાયોક્સાઈડ લે છે. આ કાર્બન ડાયોક્સાઈડ સાથે રેડિયો એક્ટીવ કાર્બન-૧૪ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં વનસ્પતિઓમાં દાખલ થાય છે આ. વનસ્પતિઓમાંનો કાર્બન–૧૪ આ પ્રાણીઓ અને માણસોની પેશીઓમાં આવે છે સજીવનું મૃત્યુ થતાં કાર્બન–૧૪નું સ્વીકરણ અટકી જાય છે. આખી જિંદગી સુધી સજીવે લીધેલો કાર્બન-૧૪ તેના મૃત્યુ પછી વિલીન થવા માંડે છે. ૫૭૩૦ વર્ષોમાં તેમાંનો અડધો કાર્બન કોહવાઈ નાઈટ્રોજન–૧૪માં રૂપાંતર પામે છે. બીજાં ૫૭૩૦ વર્ષોમાં બાકી રહેલા કાર્બન-૧૪નો અડધો ભાગ આ રીતે વિલીન થતાં કાર્બન–૧૪નો ચોથો ભાગ બાકી રહેશે. આ પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે.

પ્રયોગશાળાઓમાં રેડિયો એક્ટીવ કાર્બન–૧૪નું આયુષ્ય ૩૫૦૦૦ રેડિયો કાર્બન વર્ષનું ગણાય છે. આ મર્યાદાનું કારણ સામાન્ય કાર્બન અણુના પ્રમાણમાં કાર્બન–૧૪નું સૂક્ષ્મ પ્રમાણ છે કાર્બન ડાયોક્સાઇડના સામાન્ય કાર્બનના એક મહાપદ્મ (૧૦૦૦૦૦૦$^{૨}$) અણુઓમાં કાર્બન–૧૪નો એક અણુ હોય છે. આધુનિક કાષ્ટકમાં કાર્બન–૧૪નું પ્રમાણ ૦૦૦૦૦૦૦૦૦૦૧૦૭ ટકા છે.

કાર્બન–૧૪ વર્ષો બરાબર આપણાં કેલેન્ડર વર્ષો થાય છે. પરિણામે દરેક સજીવ એક જીવતું ઘડિયાળ બની જાય છે. તેમના અવશેષો તેના મૃત્યુથી અત્યાર સુધીનો ગાળો પ્રદર્શિત કરે છે. આ પદ્ધતિને આધારે માંસ, અસ્થિ, પીટ, છાણ ચારકોલ, ફળ, મધમાખીનું મીણ અને પરાગકણ–જેવો કોઈપણ પદાર્થ તેની ખરેખરી ઉંમર કહે છે.

વનસ્પતિઓનું આયુષ્ય જાણવા માટે વાર્ષિક વૃદ્ધિ વલયોના સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવે છે. કેલિફોર્નિયામાં ૧૦૦૦૦ ફૂટ ઊંચાં ઓક વૃક્ષો છે. ૪૬૦૦ વર્ષ જૂનાં મનાય છે. થોડા સમય પહેલાં ૪૦૦૦ વર્ષના આયુષ્યવાળાં ૧૭ ઓક વૃક્ષ શોધી કાઢવામાં આવ્યા છે. વનસ્પતિઓમાં દરવર્ષે એક વૃદ્ધિ-વલયનો વધારો થાય છે. કાર્બન–૧૪ ડેટીંગ પદ્ધતિને આધારે પણ વનસ્પતિઓનું આયુષ્ય જાણી શકાય છે.

આ પદ્ધતિ વિષે વૈજ્ઞાનિકોમાં અનેક મતમતાંતરો છે. છતાં ૩૦૦૦ વર્ષો જૂના નમૂનાઓનું આયુષ્ય નક્કી કરવા માટે આ પદ્ધતિ ચોક્કસ પુરવાર થઈ છે.

## નવી શોધ નવાં નિશાન

'કૃત્રિમ જીન' સર્જન અને 'વનસ્પતિ-કોષ-સંકરણ' પછી વિજ્ઞાન એક કદમ આગળ વધ્યું છે. વિસ્કોન્સીન યુનિવર્સિટીનાં શ્રીમતી હોવાર્ડ એમ. ટેમીન તથા સાટોશી મીઝુતાની તેમજ માસાચ્યુએટ્સ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના ડૉ. ડેવીડ બાલ્ટી-મોરે 'રાઉસ સારકોમ' નામના વિષાણુમાં એક નવા ઉત્સેચકની શોધ કરી છે. આ વિષાણુને લીધે મરઘાંમાં ગાઠોનો રોગ થાય છે. આ ઉત્સેચક જનીન માહિતીની નકલ કરવામાં અને ડી. એન. એ.ના ઉત્પાદનમાં આર. એન. એને મદદ કરશે. જો કે આ અત્યારની અણુજીવનશાસ્ત્રની સિદ્ધાંત વિરુદ્ધ છે. આ ચાલુ સિદ્ધાંત પ્રમાણે સજીવોમાં જનીનમાહિતી ડી. એન એ મારફતે આર. એન. એને મળે છે પરિણામે સજીવકોષોને નિયંત્રિત કરવામાં અને પ્રોટીન ઉત્પાદનમાં મદદ મળે છે. આ શોધની જાહેરાત પછી તરત જ ન્યુયોર્ક ઇન્સ્ટીટયુટ ઓફ કેન્સર રીસ-ર્ચના પ્રો. એસ. સ્પીજલમેર અને તેમના સહકાર્યકરોએ આ ઉત્સેચકની કસોટી ઉપરાંત તેને મળતો ઉત્સેચક બીજા ૭ વિષાણુમાં શોધ્યો છે.

આ શોધને પરિણામે અણુજીવવિજ્ઞાનમાં જનીનમાહિતીનું ટ્રાન્સક્રીપ્શન એકમાર્ગી હતું તેને બદલે દ્વિમાર્ગી ગણવું પડશે. અને કેન્સર સંશોધનને ફાયદો થશે.

# પ્રાધ્યાપકના પત્રો

ડૉ. દેવચંદભાઈ યોગી

[ ૧ ]

પ્રિય હેમંત,

તારી હૈયાવરાળ વાંચી. તું લખે છે, "સવારે આઠ વાગે ઉઠું છું. દાતણ-પાણી કરી ચા પીવું છું. થોડું ફરું એટલે સાડા નવ વાગે જમવા જાઉં છું. જમીને કૉલેજ જવાનું. સાડા દશથી પાંચ કૉલેજમાં બધા જ વિષયો ભણવાના. દરેક પીરિયડે પ્રોફેસરો બદલાય પણ અમે તો એના એ જ. કંટાળો આવે એટલે શરીર વર્ગમાં હોય પણ મન બહારની મુસાફરીએ નીકળી જાય. પરિણામે ગણિતમાં ગમ પડતી નથી. જીવશાસ્ત્રમાં જીવ અદ્ધર થઇ જાય છે. ભૌતિકશાસ્ત્ર અને રસાયણમાં ભેજું ગેબ થઇ જાય છે. પ્રથમ કસોટીની વેદના વિસરાઇ નથી ત્યાં બીજી આવીને ઉભી છે. પિરિયડ છોડું તો હાજરીની લપ ઉભી થાય. સાંજના હોસ્ટેલ ઉપર આવું ત્યારે તન મનથી થાકી જાઉં છું. જર્નલની વેઠ તો છે જ. દરરોજ નિરસ જિંદગીના દિવસો બેવડાયા કરે છે. બસ વોહી રફતાર બેઢંગી ચાલ્યા કરે છે. મન મુંઝાય છે આ વેદના કોને કહું ?"

તારી વેદના હું સમજી શકું છું. ઘડીની નવરાશ નહિ અને પૈની પેદાશ નહિ ! બધા વિદ્યાર્થીઓની લગભગ આવી સ્થિતિ હોય છે. તારા એકલાની નહિ અસંતોષ, ચિંતા અને વેદનાની બીજી બાજુ સંતોષ, નિરાંત અને શાંતિ હોય છે જ. દુઃખ પછી સુખની આભા હોય છે. આપણે થોડી દૃષ્ટિ બદલીએ તો...... ! તું વધારે પડતો વ્યક્તિગત બની ગયો છે. સ્વમય બની ગયો છે. આપણે એકલા નથી. આપણી સમષ્ટિ છે. તેનાં સ્પંદનો છે, સૃષ્ટિની ઝાકઝમાળ છે. કોઇ દિવસ હોસ્ટેલના ધાબા ઉપર જઇ કુદરતનું નિરીક્ષણ કર્યું છે ખુલ્લી આંખ, મોકળું મન અને કુદરતી સૌંદર્ય માણવાની દૃષ્ટિ હોય તો આપણું મન આપોઆપ શાંત થઇ જાય છે. પછી ચારે બાજુ મમતા, પ્રેમ, ઉલ્લાસ, સૌંદર્ય અને તાજગી જ જોવા મળશે. પેલાં બોગનવેલનાં ફૂલ, બાગમાં ઉડતાં રંગબેરંગી પતંગિયા, પેલાં લીમડાનાં ઘટાદાર વૃક્ષો, પેલું એકલવાયું તાડવૃક્ષ, પેલી ભેંસ ઉપર બેઠેલું શ્વેત બગ, પેલા બાવળ ઉપર લટકતા સુગરીના માળા, પેલી તલાવડીના પાણીની લહેરો, પેલાં વાડ ઉપર ખીલેલાં કૂકડવેલનાં પીળાં પુષ્પો, પેલી ડાંગરની ક્યારીઓ, ખેતરોમાં ભમતી પેલી સારસ-બેલડી, ઢોરોના ટોળા ઉપર ઉડતા વાણિયા, ચાંચમાં બાજરિયું લઈ ઉડતું પેલું પંખી, પેલું મિલનું ભૂંગળું, વેલા ઉપરથી લટકતાં તુરિયાં, દૂધી અને ગલકાં, વિજળીનાં દોરડાં પર બેઠેલું લાંબું માખીખાઉં પક્ષી, કાગડાનો કકળાટ, કૂતરાનો ભસવાનો અવાજ, ચારના ભારા ઉપાડી જતી બહેનો– આ બા બધું જોયું છે ? એકાદ વખત અનુભવી જો જીવન ભર્યું ભર્યું લાગશે

વિસંવાદિતા વચ્ચે પણ કેટલીક વખત સંવાદિતાના સૂર સંભળાય છે. પ્રકૃતિમાં જોવા મળતાં દૃશ્યો જિંદગીભર ભૂલી શકાતાં નથી.

ભૂતકાળમાં જોયેલાં કેટલાંક દૃશ્યો આજે પણ મારા માનસપટ ઉપરથી ભૂંસાયાં નથી

૧૯૬૨ ની વાત છે. વિસનગરના તળાવને કિનારેથી અમે પસાર થતા હતા તળાવનું પાણી સૂકાવા માંડ્યું હતું. કેટલીક જગ્યાએ પાણી વચ્ચેથી જમીન દેખાતી હતી. ચારે બાજુ પાણી અને વચ્ચે જમીન આવી જમીનની એક ટેકરી પર એક મગર પડ્યો હતો. તેનું મોંઢું પહોળું હતું અને નાનું પક્ષી તેનાં બે જડબાં વચ્ચે બેસી તેના મોંમાં ચણતું હતું. કેટલું વિરલ દૃશ્ય !

કેશણીથી ઝીલિયા જવાનો રસ્તો ખારી નદીનાં કોતરોમાં થઇ પસાર થાય છે. એક દિવસ હું ઝીલિયા જતો હતો. રસ્તાથી નજીક કોતરની ભેખડને અડીને એક અજગર પડયો હતો. તેનો આગળનો એક ફૂટ જેટલો ભાગ ટટાર ઊભો હતો. જાણે ખીલો જમીનમાં ઠોકયો હોય ! ઘેટાં-બકરાં જેવાં પ્રાણી ચરતાં ચરતાં ત્યાં આવે અને વરસાદને કારણે ઉઘાડાં થયેલાં મૂળ સમજી આગળ વધે ત્યાં તો કાળસમો અજગર તેમને ભરડો લઇ લે. ભલેને પછી પ્રાણી ગમે તેટલા ધમપછાડા કરે પણ છૂટવું મુશ્કેલ.

આવા પ્રસંગો યાદ આવતાં આપણી સુસ્તી ચાલી જાય છે. હમણાં તો કીટકો વિષે જ વાંચું છું અંગ્રેજીમાં અનેક પુસ્તકો લખાયાં છે. ગુજરાતીમાં આમાંનું કશું જ નથી ગુજરાતી બાળકો માટે પ્રકૃતિશાસ્ત્ર વિષે વાંચી શકાય તેવું ખાસ કંઈ નથી.

ભણવામાં કંટાળો આવવો જોઇએ નહિ, રુચિ પેદા થવી જોઇએ અને રુચિને પોષક વાતાવરણ મળવું જોઇએ

વંદના વાંચતી થઈ છે. પુસ્તકોનાં ચિત્રો જોઈ પ્રશ્નો પૂછતાં થાકતી નથી.

ચિંતા કરીશ નહિ પત્ર મળે સમાચાર લખજે.

દેવયોગીના
શુભાશિષ

---

'પણ રામને પકડવા શી રીતે ?'

'દરેક જગ્યાએ રામને જોવાનો પ્રયત્ન કરવો.' વિનોબા સમજાવવા લાગ્યા, 'જુઓ, પર્વત જોયો કે માનવું : स्थावराणां हिमालयः– ભગવાન કહે છે ને કે સ્થાવરોમાં હું હિમાલય છું. પછી નદી જોઇ કે વિચારવું ; स्रोतसामस्मि जाह्नवी– ભગવાન કહે છે કે નદીઓમાં હું ગંગા છું. આ રીતે વિચારવાની ટેવ પાડતાં ધીરે ધીરે સ્થિતિ એવી આવી જશે કે जहँ जहँ जाऊँ सोई परिक्रमा, जो कछुँ करूँ सोई पूजा– જ્યાં જ્યાં જઉં છું તે વિશ્વવ્યાપક પ્રભુની પારક્રમા છે ને જે કાંઈ કરું છું તે પૂજા છે. આમ, ધીરે ધીરે રામમય થઇ શકાય.' —વિનોબા

## સિત્તેર વર્ષની સંધ્યાએ

... ... ... ... ...

માણસનો જન્મ થાય છે એ જ ક્ષણથી એના લલાટમાં મૃત્યુ લખાયું છે. ઉપનિષદ્ કહે છે કે રોજ ને રોજ મનુષ્યો યમમંદિરે જાય છે છતાં યે આશ્ચર્યની વાત તો એ છે કે જે જીવે છે એ જાણે સદાકાળ આ દુનિયામાં અમર રહેવાના હોય એમ વર્તે છે! કદાચ આપણી નશ્વરતાની કરૂણતા માટે પ્રકૃતિએ આટલું આશ્વાસન જીવનમાં મૂકયું હશે! મૃત્યુનું સ્વરૂપ એવું વિરોધી છે કે તે સૌને માટે નિશ્ચિત હોવા છતાં તેના આગમનની ઘડી વિષે આપણે કશું જ કહી શકતા નથી એ તો સારૂં છે કે આપણે આપણું ભવિષ્ય નથી જાણતા, નહિતર ભયના માર્યા અધમૂવા થઇ મોત આવે એ પહેલાં તો આપણે અનેકવાર મરી ચૂકીએ!

આપણો પોતાનો સંપૂર્ણ વિનાશ થશે એની કલ્પના કઠણ પણ છે અને અસહ્ય પણ છે. આપણે સદાકાળ માટે ગાઢ અંધકારમાં અને શૂન્યતામાં વિલીન થઇ જઇશું એ ખ્યાલ કરવા આપણે તૈયાર નથી હોતા. જિંદગીની પ્રત્યેક પળે મૃત્યુ આપણા માથા પર ભમતું હોય છે, છતાં પણ એ અનિવાર્ય કરૂણતા વિષે આપણે બહુ ચિંતા સેવવી ન જોઇએ. સજ્જન મિત્રો બહુ કામ કરવાની જ્યારે મને ના કહે છે ત્યારે હું તેમને કાર્લાઇલના શબ્દો 'આરામ કરવા માટે અનન્તકાળ છે જ!'ની યાદ દેવડાવું છું. કામ નાનું હોય કે મોટું હોય, પરંતુ જ્યાં સુધી આપણી પાસે બુદ્ધિ - શક્તિ છે ત્યાં સુધી આપણે આપણા કર્તવ્યમાંથી મુક્ત થઈ શકતા નથી. જીવન જીવવું એટલે સદા ગતિમાન રહેવું. આપણે નિષ્ક્રિય બની કટાઇ જઇએ કે કામ કરીને ખપી જઇએ, એમાંથી શું પસંદ કરીશું? હું તો કામ કરીને ખપી જવામાં જીવનની સાર્થકતા સમજું છું.

[ગગનવિહારી મહેતા : 'મિલાપ' સપ્ટેમ્બર ૧૯૭૦ માંથી સાભાર]


### જોઇએ છે

હિસાબનિસ અંગ્રેજી ગુજરાતી ટાઈપીંગ જાણનાર. તા. ૧૫-૧૦-૭૦ પહેલાં અરજી કરવી.

સાયન્સ કૉલેજ - કડી (ઉ. ગુ.)

ઠે. : સર્વ વિદ્યાલય કેમ્પસ


## ભીખ | -રામજીભાઈ કડિયા

'એ સા'બ આપો કંઈક'. બેબીનાં સેન્ડલ પૉલિશ કરાવવા અમે ઊભા હતા ત્યાં બેઠેલા એક ભિખારીએ કહ્યું. ખોળામાં નાનકડો છોકરો સૂતો હતો. મેં મોં બગાડયું; અને નકારમાં માથુ હલાવ્યું. તોય એણે પીછો ન છોડયો. 'સા'બ, આ છોકરાની દવા કરાવવી છે. કંઈક આપો.' એણે ડબામાંના થોડા સિક્કા ખખડાવ્યા. મેં ધ્યાન આપ્યું નહિ બેબી જોઇ રહી હતી ફરી ફરીને 'દવા કરાવવી છે આપો'... શબ્દો કાને અથડાતા હતા. 'દવાના બહાને જોને, આવાં ભિખારડાં સાલાં...' પણ પાછલા શબ્દો હું ગળી ગયો. બેબી પેલા છોકરા તરફ જોઇ રહી હતી. 'પપ્પા આ પૈસા હું આપું એને ?, બેબીએ એની મુઠીમાંના પૈસા મને બતાવ્યા. મેં આંખથી નકાર સૂચવ્યો. 'પણ જુઓને, આ છોકરો તો મારી પાસે માગે છે...' ખોળામાંનો છોકરો બેબી સામે હાથ પરાણે લંબાવીને યાચના કરતો હતો, 'એ તો બધું આણે શિખવાડયું છે... તારા ગજવામાંથી થોડી સીંગ આપ એને...'

'ના સાહેબ એ કશું ખાતો નથી. માંદો છે.' અને એણે બે હાથ જોડીને ધર્યા; અમે ખસ્યા ત્યાંથી.

મોડેથી પાછા ફરતાં હતાં ત્યારે પેલો ભિખારી હજીપણ ત્યાંજ બેઠો હતો; રડતો હતો. બે ત્રણ બીજા ભિખારીઓ પણ ત્યાં બેઠાં હતાં અમને જોયાં કે તરત એ બોલ્યો.

'સા'બ, કફન માટે આપો કંઈક', પેલો છોકરો ભોંય ઉપર સૂવાડયો હતો. પાથરેલા લૂગડામાં થોડા સિક્કા પડયા હતા. હું સહેજ થોભી ગયો. નિશ્ચેતન પડેલું બાળક હજીય જાણે કંઈક માગતું હતું. કરુણા પેદા થાય એવું એ દૃશ્ય હતું.

'પપ્પા એને આપું ?' બેબીએ નાખેલો સિક્કો પેલા છોકરાની ખુલ્લી હથેળીમાં જઇ પડયો... 'પપ્પા કફનને શું કરશે એ ? દવા લાવે તો સારું નહિ ?'

હું બોલ્યો નહિ; બેબી બોલતી હતી. 'હેં પપ્પા, એ કફન કેમ માગે છે? કફન સસ્તું મળે છે?

રસ્તે જતાં એનો જવાબ શોધી રહ્યો હતો.

[અનુસંધાન પાન ૨ ઉપરનું ચાલુ]

સંસ્થાને મદદ કરવામાં કોઇના આગમનની કે વ્યક્તિગત ટહેલની અપેક્ષા રાખ્યા સિવાય આપ કાં તો રૂબરૂ આવી પહોંચો કે ચેક દ્વારા સંસ્થાની ઝોળી છલકાવી દો. આપણી મજલ લાંબી છે. પણ સંસ્થાને એટલા બધા પુત્રો છે કે એ દરેકનો સહેજ સહેજ ટેકો પણ આ મજલને વેગવાળી અને અણથક જરૂર બનાવશે એવી મારી અપાર શ્રદ્ધા છે.

લિ આપના સ્નેહાધીન

મોહનલાલના વંદન

# સંસ્થા સમાચાર

સર્વ વિદ્યાલયના કેમ્પસમાં આવેલી વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થી ભાઈબહેનો તથા સ્ટાફ સભ્યોએ રેલરાહત ફાળામાં સારી એવી રકમ આપી. તેમાં સાયન્સ કૉલેજના રૂ. ૩૭૫-૦૦, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના રૂ. ૨૦૧-૦૦, ટેકનીકલ હાઈસ્કૂલના રૂ. ૧૨૮-૦૦ અને શ્રી ધનાભાઈ હ. વકીલના રૂ. ૫૧-૦૦ હતા. કુલ રૂ. ૭૫૫-૦૦ તા. ૨૩-૯-૭૦ના રોજ આ રકમ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી એન. જે. પટેલે મહેસાણા જિલ્લાના કલેક્ટર શ્રી શર્મા સાહેબને અર્પણ કરી. આ પ્રસંગે શર્મા સાહેબે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રાસંગિક પ્રવચન કર્યું.

* * *

આંખના દર્દોના નિષ્ણાત અમેરિકન ડૉ. હેરી એસ. બ્રાઉને તા. ૨૫-૯-૭૦ ના રોજ સર્વ વિદ્યાલયના કેમ્પસમાં આવેલી સાયન્સ કૉલેજ તથા અન્ય સંસ્થાઓની મુલાકાત લીધી અને 'સંસ્કાર ભવન'માં વિદ્યાર્થી સમક્ષ પ્રવચન કર્યું. પ્રવચનમાં તેમણે અમેરિકન શિક્ષણ પદ્ધતિનો ખ્યાલ આપ્યો.

આ પ્રસંગે શ્રી વી. એ. પટેલે સ્વાગત પ્રવચન કર્યું અને શ્રી સી. એ. પટેલે સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી વિવિધ સંસ્થાઓનો ને તેની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. તદુપરાંત તેમણે ઉધૃત કરેલી 'અમેરિકન'ની વ્યાખ્યાથી ડૉ. બ્રાઉન એટલા તો પ્રભાવિત થઈ ગયા કે તે વ્યાખ્યાની તેમણે માગણી કરી જે પાછળથી ટાઇપ કરીને તેમને આપવામાં આવી. પ્રિ. શ્રી એન. બી. જોષીએ તેમનો પરિચય આપ્યો. અંતમાં શ્રી અંબાલાલ પટેલે સર્વનો હાર્દિક આભાર માન્યો.

* * *

મહેસાણાની દૂધસાગર ડેરીના પ્રમુખ અને જિલ્લાના આગેવાન કાર્યકર શ્રી માનસિંહભાઈ પટેલનું મોટર અકસ્માતમાં તા. ૩૦-૯-૭૦ના રોજ અકાળ અને દુઃખદ અવસાન થતાં તા. ૧-૧૦-૭૦ના રોજ સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યોએ શોકસભા ભરી. આ પ્રસંગે શ્રી વી. એ. પટેલે સ્વ. માનસિંહભાઈનો ટૂંકો પરિચય આપતાં તેમના કાર્યોને બિરદાવ્યાં. પ્રિ. શ્રી એન. જે. પટેલે સ્વર્ગસ્થના કાર્યોને બિરદાવી શોકઠરાવ વાંચ્યો ને સર્વ વિદ્યાર્થી ભાઈબહેનો તથા સ્ટાફ સભ્યોએ બે મિનિટ મૌન પાળી સ્વર્ગસ્થને શોકાંજલિ અર્પી.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) દેસાઈ દેવુભાઈ રણછોડભાઈ મુ. સચાણા : તા. વિરમગામ




## કૃપા કરશો

સુવર્ણ જયંતીના ફાળામાં જે ભાઈબહેનોએ ઉદારતાથી રકમો લખાવી છે તેઓ કૃપા કરી એ રકમ મોકલી આપે એવી વિનંતિ છે.

"સર્વ વિદ્યાલય કેળવણી મંડળ"ના નામનો ક્રોસ ચેક યા ડ્રાફ્ટ મોકલવા કૃપા કરે. આ રકમ ઉપર ઈન્કમટેક્ષમાં માફી મળી શકે છે.

મકાનો પૂરાં થવા આવ્યાં છે. મકાનોમાં એસ્ટીમેટ કરતાં વધુ ખર્ચ થયું છે. લોખંડના ભાવ આસમાને ચઢી ગયા છતાં કામ પૂરાં કરવા ખરીદ્યા સિવાય છૂટકો નહોતો.

ટ્યુબવેલ, સબમર્સીબલ પંપ અને પાઈપ લાઈન નાંખવા પાછળ આશરે સાઠ હજાર જેટલું ખર્ચ થયું.

આ બધાને લઈ નાણાંની ભીડ ઉભી થઈ છે. કૃપા કરી લખાવેલ રકમ મોકલી આપી ભીડ નિવારશો.

આપનો
પુરુષોત્તમદાસ પટેલ

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૮-૧૦-૭૦

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૧૫-૧૦-૭૦ [ અંક ૨


## ધર્મ કે સંપ્રદાય?


દાદા ધર્માધિકારી


ધાર્મિકતા એ ગુણ પણ છે, અને દોષ પણ છે. ખાવું, પીવું, બેસવું, ઊઠવું દરેક વસ્તુમાં ધર્મનો પ્રવેશ થઈ ગયો છે. દરેક વસ્તુને ધાર્મિક વિધિ બનાવી દીધી છે. મુસલમાનોનાં પણ જીવનનો આધાર ધર્મ છે. જો કે એમનામાં વિધિનિષેધ ઓછા છે.

હવે, જુદા જુદા ધર્મોને જો નજીક લાવવા હોય તો આ પ્રકારની ધાર્મિકતા ઓછી કરતા જવી જોઈએ. ખરું જોતાં એ ધાર્મિકતા નહીં પણ સાંપ્રદાયિકતા જ છે.

આજે દુનિયાભરના તરુણોનો હવે એવો મક્કમ નિરધાર થઈ જવો જોઈએ કે જેને આપણે કર્મકાંડ કહીએ છીએ, તે ધર્મમાંથી નીકળી જવા જોઈએ. એ. જ્યાં સુધી રહેશે ત્યાં સુધી ધર્મ-ધર્મ વચ્ચેના ઝગડા મટવાના નથી. બે ધર્મો કદી નિકટ આવી શકવાના નથી. ગાયોની કતલ કરવી અને મસ્જિદ સામે વાજાં વગાડવાં—આ બે વસ્તુ સામાસામે આવી જાય છે. હવે, આ બેમાં તે કોઈ મેળ છે? છતાં બન્ને વસ્તુનું જાણે સમીકરણ થઈ ગયું છે! તમે આમ કરશો, તો અમે તેમ કરીશું. આટલો અવિવેક આજે ધર્મના નામે રૂઢ થઈ ગયો છે. આ ધર્મ નથી, સંપ્રદાયવાદ છે, તેને દૂર કરવો જ પડશે.

મુસલમાનોમાં ધર્મોન્માદ વધારે છે. બીજા નંબરે શીખો આવે છે. તમે જોશો કે મોટામાં મોટો રાષ્ટ્રીય મુસલમાન પણ સામાન્ય રીતે કુરાનની વિરુદ્ધ કાંઈ નહીં કહી શકે. તે ગ્રંથનિષ્ઠા છોડી નથી શકતો. તેવી જ રીતે ખ્રિસ્તી ધર્મ ગુરુનિષ્ઠ છે. હિંદુધર્મમાં આ બંને વસ્તુ ગૌણ છે. તેને આપણે વિભૂતિનિષ્ઠ પણ નહીં કહી શકીએ અને ગુરુનિષ્ઠ પણ નહી. હિંદુઓમાં અનેક ગુરુ છે, ને અનેક પ્રકારની ઉપાસના છે. એક જ રસુલ, એક જ ઈશુ, એવું તેમાં છે નહીં. પરિણામે તેમાં ધર્મોન્માદ ઓછો છે.

અલબત્ત, હમણાં હમણાં હિંદુઓએ બીજા સંપ્રદાયની નકલ કરવાનું શરૂ કર્યું છે. ક્યાંક કોઈ દરગાહ હોય તો મુસલમાનો તેને હટાવવા નહીં દે. તેવી જ રીતે આજે હિંદુઓમાં પણ પ્રતિ-સંપ્રદાયવાદ આવી રહ્યો છે. એમને એમ થઈ જાય છે કે ઝનૂનમાં આપણેય ઓછા ઊતરીએ તેમ નથી એ બતાવી દઈએ. પરંતુ એવો હિંદુ સંપ્રદાયવાદ કદી ઊભો થઈ શકવાનો નથી. દંગા-તોફાન થશે તેટલો વખત જરા જોવા મળશે. બૌદ્ધ, શીખ, મુસલમાન સમાજ સાંપ્રદાયિક છે. જૈનો પણ. પરંતુ હવે તેમની જાતિ બની ગઈ છે.

મારું એવું નિવેદન છે કે હિંદુ સમાજે જો જીવવું હોય તો પ્રતિ-સંપ્રદાયવાદથી ચાલવાનું નથી. તેમ કરવાથી શાંતિ કદાપિ નહીં આવે. આવો પ્રતિ-સંપ્રદાયવાદ ખડો કરવાથી કામ સરવાનું નથી. આપણે તો તેને માટે સમાજમાં અવકાશ જ ન રહે એવી પરિસ્થિતિ લાવવી છે.


[ અનુસંધાન પેજ ૨ જા ઉપર ]


### આવતો અંક બંધ

—[卐]—

તા. ૨૨-૧૦-૭૦ ને ગુરુવારનો ત્રીજો અંક તા. ૨૯-૧૦-૭૦ ના રોજ પ્રસિદ્ધ થશે. ગ્રાહકો અને વાચકોને નોંધ લેવા વિનંતી છે.

—તંત્રી

## मत आपवो के केम ?

આવો પ્રશ્ન વળી હોય, એમ કોઇને થશે પણ આપણા દેશમાં જવાબદાર સ્થળોએથી એવો અભિપ્રાય પ્રગટ થયો છે કે અમુક સંજોગોમાં મતદાન ન કરવું.

મત ન આપવાના નિર્ણય ઉપર આવવા પ્રેરે એવા મુખ્ય ત્રણ વાંધાઓ જોઇ શકાય. એક તો એ કે મોટી ગંજાવર ચૂંટણીમાં આપણા એક મતની શી વિસાત છે કે યોગ્ય પરિણામ લાવી શકે. બીજું, જે માણસ ચૂંટાવા નીકળ્યો હોય છે તે બનવા જોગ છે કે પાંચ વરસે જ મોઢું બતાવવા આવ્યો હોય અને એ યોગ્ય માણસ હશે કે કેમ ત્રીજું, એ યોગ્ય માણસ હોય તો પણ એ એકલો જીવ મોટા સભાગૃહમાં શું કરી શકવાનો છે, કોઇ ને કોઇ પક્ષ સાથે એને નાનીમોટી માંડવાળો કરીને ભળવું પડશે. બહુમતી પક્ષના નિર્ણયને બધાના મત તરીકે સૌ ઉપર ઠોકી બેસાડનારી આ લોકશાહી પદ્ધતિથી દૂર રહેવું એ જ સૌથી સારું નહિ ?

આ વાંધાઓ ટૂંકામાં તપાસવા પ્રયત્ન કરીએ ઘણાબધા મત આપનારા છે એમાં આપણો મત નિર્ણાયક નહિ થાય એમ માનવું એ ઠીક નથી. બિંદુની સિંધુમાં કશી વિસાત નથી એમ કેમ માની શકાય? સિંધુ બિંદુઓનો જ બનેલો છે. શું જાણ્યું કે આપણા જ એક મતને લીધે સારો ઉમેદવાર એકની બહુમતીથી નહિ ચૂંટાઈ આવે ? વિચાર કરતાં જણાશે કે મત ન આપવો એ પણ મત આપવા બરોબર જ છે. ચૂંટણીનું જે પરિણામ આવવાનું તેમાં આપણા મતની ગેરહાજરી પણ ભાગ ભજવતી જ હોય છે. આપણો એક મત તે નાનકડી વસ્તુ છે, પણ તેથી તેની અસરકારકતા નગણ્ય છે એ માનવાની ભૂલ કરવી ન જોઈએ.

ચૂંટાવા નીકળેલાઓ અત્યારે મોં બતાવે છે ને પછી પાંચ વરસ આપણી સામું નહિ જોવાના; ચૂંટણી વખતે મતદાતાઓને ભરમાવી સત્તાસ્થાને પહોંચી જવું એ જ એમની દાનત છે; આપણને એમાં શો રસ? પણ રસ લીધા વિના છૂટકો નથી કેમ કે ચૂંટાયેલાઓ દ્વારા જ રાજ ચાલવાનું છે બે ઉમેદવારો હોય બંને આપણને ખરાબ લાગતા હોય, તો પણ એમાંથી જે ઓછો ખરાબ હોય તેને માટે ( પથ્થર અને ઈંટાળામાંથી ઇંટાળા માટે ) આપણે પસંદગી બતાવવી એ જ માર્ગ છે જેઓ સારા હોય તેમણે પોતે ઉમેદવાર તરીકે બહાર આવવું જોઇએ. અઢી હજાર વરસો પૂર્વે પ્લેટોએ ભજાવ્યું છે કે જો સારા માણસો રાજ્યસંચાલનનો બોજો ઉઠાવવા બહાર નહિ આવે તો ખરાબ માણસોથી શાસિત થવાની સજા એમને ભોગવવી પડશે.

બહુમતી-૫૧ નો નિર્ણય તે સૌનો-૧૦૦ નો નિર્ણય એમ માનીને દુનિયાનાં કામો રેડવતી, પક્ષો પર અવલંબતી, લોકશાહી પદ્ધતિનો જ છેદ ઉડાવવા કરવું એમાં પણ ઉતાવળ થશે દુનિયાના વ્યવહારો ઉકેલવા માટે માણસજાતે આજસુધીમાં અનેક પદ્ધતિઓ—રાજાશાહી, સરમુખત્યારશાહી, અમીરવર્ગ—શાહી ( ઑલીગાર્કી ) આપખુદશાહી, સામ્યવાદશાહી, આદિ-અજમાવી છે તેમાં લોકશાહી પદ્ધતિ કદાચ સૌથી ઓછી ખતરનાક છે ( જેમ સ્ત્રીપુરુષસંબંધ અંગે લગ્નસંસ્થા—કુટુંબસંસ્થા અનુભવથી ઉત્તમ જણાઇ છે. ) એમાં ઊણપો નથી દૂર કરવાની મુક્ત શક્યતા લોકશાહીમાં રહેલી છે. ચૂંટણી વખતે પાંચ વર્ષ માટેનું તંત્ર ઘાટ પામે છે, પણ લોકશાહીની એ ઇતિશ્રી નથી. પાંચ વરસ લોકમત જાગ્રતપણે કેળવી શકાય છે, આજની એકની લઘુમતી પાંચે–દશ વરસે વિશાળ બહુમતી બની શકે છે. દરેક નવા વિચારને અસરકારક થવાની મુક્ત થવાની મુક્ત તક કેવળ લોકશાહીમાં જ છે.

સંસ્કૃતિ ફેબ્રુ. ૧૯૫૭ માંથી ] **ઉમાશંકર જોશી**

---

[ પહેલા પેજનું ચાલુ ]

સંપ્રદાયનું એક બીજું યે લક્ષણ છે કે તેમાં બીજાઓને સામેલ કરી શકાય છે, અને સામેલ કરવા એક મોટું કર્તવ્ય મનાય છે. મુસલમાનોની સંખ્યા વધારો. ખ્રિસ્તીઓની સંખ્યા વધારો. તેમાં જબરદસ્તી કરો કે ન કરો, પણ બે દરવાજા હોય છે. પ્રવેશવાનો અને બહાર જવાનો. હંમેશાં કોશિષ એ થાય કે બહાર કોઈ ન જાય કે અને વધુમાં વધુ અંદર પ્રવેશે. આ લક્ષણ જે જે સંપ્રદાયમાં છે તે તે સંપ્રદાય સ્વભાવથી જ આક્રમણશીલ છે.

આપણે જો જુદા જુદા ધર્મોને નજીક લાવવા હશે તો મુસલમાન, બૌદ્ધ, ખ્રિસ્તી એ બધા ધર્મોએ આ ધર્માન્તરની વાત છોડવી પડશે. પરંતુ ધર્માન્તર બંધ કરવાથી જ કામ પતી જતું નથી. હિંદુ સમાજમાં જે જાતિઓ ઇજ્જતપૂર્વક જીવી નથી શકતી, તે બધી જાતિઓ શું કરે ? આનો જવાબ હિંદુ ધર્મે આપવો પડશે. ધર્માંતર થયાં છે, તે મોટે ભાગે હિંદુ ધર્મમાંથી થયાં છે. માટે પોતાના ધર્મના લોકોને બહારનું આકર્ષણ ન થાય એવી વ્યવસ્થા હિંદુ ધર્મે પોતે કરવી જોઇએ.

## શિવસંકલ્પ

આ પૃથ્વી ઉપર હું કોઇનાથી ડરીશ નહીં. હું કેવળ પરમાત્માનો ભય રાખીશ. હું કોઇના તરફ અભાવ અને દુર્ભાવના નહીં રાખું. હું મોટા ચક્રવર્તિ તરફથી આવતા અન્યાયને પણ સહન નહીં કરું હું અસત્યને સત્ય વડે જીતીશ અને અસત્યનો વિરોધ કરતાં ગમે તેવાં સંકટો અને યાતનાઓ સહન કરીશ.

**મહાત્મા ગાંધીજી**

# આપણે પાંચ વર્ષ પહેલાં વિચાર્યું

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

જીવનમાં કેટલાંક વર્ષ મહત્વનાં આવે છે. જીવનનાં સારાં કામ એ વર્ષોમાં થાય છે અને પ્રગતિ સધાય છે.

એવું જ શિક્ષણ સંસ્થાઓ તેમજ બીજી સંસ્થાઓ માટે છે. આપણી શિક્ષણ સંસ્થા – સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં છેલ્લાં પાંચ વર્ષ યશસ્વી ગયાં. પાછલાં વર્ષ નહોતાં એમ કહેવું નથી પણ છેલ્લા પાંચ વર્ષમાં આપણે શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓ આદરી આગળ વધારી. પૂ. છગનભાનું સ્વપ્ન આપણે સાર્થક કર્યું.

આપણી રૂઢિગત કેળવણીનું ફળ એ આવ્યું છે કે એકલા ગુજરાતમાં ૫૪ હજાર મેટ્રીક થયેલા બેકાર છે, જ્યારે બાર હજાર જેટલા ગ્રેન્યુએટ અને એથી ઉપર ભણેલા છે. ૨૬૦૦ જેટલા ઇજનેરી અભ્યાસવાળા (ડીગ્રી અને ડીપ્લોમાવાળા) છે. આપણી રૂઢિગત કેળવણીએ માનસ ઊભું કર્યું છે કે દરેક ભણેલાને 'સફેદ કોલર'નો વ્યવસાય જોઈએ છે. આપણી દરેક યોજનાના અંતે શિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો થવા પામ્યો. આપણી રૂઢિગત કેળવણી યુવાનોને અપંગ બનાવે છે.

આપણા શિક્ષણકારો અને શિક્ષણ પ્રધાનશ્રીએ આ પ્રશ્નની છણાવટ તા. ૨૭-૯-૭૦ ના રોજ અમદાવાદમાં કરી અને આજના રૂઢિગત શિક્ષણનું ફળ હોવાનું જણાવ્યું.

આપણે ગૌરવ લઈ શકીએ કે આપણી સંસ્થાએ આ પ્રશ્નનો વિચાર પાંચ વર્ષ પહેલાં કર્યો. એણે આર્ટસ, કૉમર્સ કે કાયદાની કૉલેજ ના કાઢી પણ ખૂબ ખર્ચાળ ટેકનીકલ સ્કૂલ અને સાયન્સ કૉલેજ કાઢી.

આપણે પ્રિ. વોકેશનલ સેન્ટર શરૂ કર્યું. એમાં બાર વર્ષથી પંદર વર્ષના બાળકો સામાન્ય શિક્ષણ સાથે સુથારી, લુહારી, ફાઉન્ડ્રી અને લેથ વગેરેનાં કામ શીખે છે. આ બાળકો મગજ સાથે હાથ વાપરતાં શીખે છે અને તેથી બેકાર બનતા નથી. આ બાળકોને ધંધો શોધતો આવે છે.

આપણે સાયન્સ કૉલેજ શરૂ કરી. સાયન્સ અને ટેકનોલોજીનું શિક્ષણ આગળ વધવા માટે જરૂરી છે. દાક્તરી, ફાર્મસી, ઇજનેરી કે કૃષિ શિક્ષણની કૉલેજોમાં દાખલ થવા માટે સાયન્સ કૉલેજનાં એક બે વર્ષ જરૂરી છે. આપણી સાયન્સ કૉલેજ શરૂ કર્યા પછી આપણા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ વધારે નહિ તો પણ બે પાંચ દર સાલ દાક્તરી શિક્ષણમાં પ્રવેશ મેળવી શક્યાં છે. આપણે બી. એસસી. સુધીની કૉલેજ શરૂ કરી છે, ચાલે છે અને વિદ્યાર્થીઓ રસપૂર્વક અભ્યાસ કરે છે. આપણી પ્રયોગશાળાઓ સુસજ્જ છે. એમાં પૂરતાં સાધનો વસાવ્યાં છે. સાયન્સ કૉલેજના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળી હવે ઉત્પાદન કરવાનો પણ વિચાર કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ અભ્યાસના અંતે હતાશ ના બને અને જીવનક્ષેત્રમાં સફળ થાય તેમ આપણે કરવા માગીએ છીએ.

આપણે ટેકનીકલ સ્કૂલ શરૂ કરી. તેમાં સામાન્ય શિક્ષણ સાથે લેથ, ફાઉન્ડ્રી, સ્મીધી, કાર્પેન્ટરી જેવા જુદા જુદા વિષયો શીખવવામાં આવે છે અને આ વિષયો લઈ એસ. એસ. સી. (મેટ્રીક) પાસ થઈ કૉલેજમાં જવું હોય તો જઈ શકે છે. આવું શિક્ષણ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી એસ. એસ. સી. પાસ ના થાય તો પણ ટેકનીકલ વિષયોના જ્ઞાનને લઇ સ્વતંત્ર ધંધો કરી શકે છે અથવા તો નાના મોટા કારખાનામાં નોકરી કરી શકે છે. ખેડૂતનો દીકરો ઘેર જાય તો પણ એન્જીન પંપ કે વીજળી મોટર સંભાળી શકે છે. આવું શિક્ષણ વિદ્યાર્થીને અપંગ નહિ બનાવે.

આ સાલ આપણે ફાર્મમિકેનિક – કૃષિયંત્ર તાલિમ કેન્દ્ર શરૂ કર્યું છે તેમાં વિદ્યાર્થીઓ ઇલેકટ્રીક મોટર, ઓઇલ એન્જીન, પંપ તથા ટ્રેકટર વગેરે કૃષિનાં અદ્યતન સાધનો વાપરતાં અને સમારતાં – દુરસ્ત કરતાં શીખે છે. વિદ્યાર્થીઓ એન્જીનનું ફાઉન્ડેશન કરી એન્જીન ગોઠવે છે જૂનાં વેરણછેરણ કરી પાછાં ભેગાં કરી ચાલુ હાલતમાં લાવે છે.

આ ઉપરાંત આપણા સર્વ વિદ્યાલય કેમ્પસમાં વાયરમેનનો કોર્સ પણ ચાલે છે અને કેટલાક વિદ્યાર્થીઓ હાઇસ્કૂલ કે ટેકનીકલ સ્કૂલના શિક્ષણ સાથે વધારાનું આ શિક્ષણ લે છે અને પરીક્ષા આપે છે.

આમ શિક્ષણના અંતે વિદ્યાર્થી અપંગ ના બને અને ઉદ્યોગ અને વ્યવસાયનું શિક્ષણ લે તેવી યોજના આપણે પાંચ વર્ષ પહેલાં વિચારી અને છેલ્લા પાંચ વર્ષમાં આપણે અમલી બનાવી.

આમ શિક્ષણમાં ક્રાંતિ લાવવાનો વિચાર આપણને પાંચ વર્ષ પહેલાં સ્ફૂર્યો.

આપણે વિદ્યાર્થીઓને માઇકાંગલા બનાવવા માગતા નથી. વિદ્યાર્થીઓ સવારસાંજ થોડો સમય રમતો રમે છે. ખોખો અને હુતુતુ એમની પ્રિય રમતો છે. શાળાના સમય દરમ્યાન રીસેસ–છૂટીમાં હુતુતુ રમવા મંડી પડે છે.

એ સિવાય હાઇસ્કૂલ અને એન. સી. સી. લશ્કરી કેળવણી પણ આપણા વિદ્યાર્થીઓ લે છે. હાઇસ્કૂલના નાના વિદ્યાર્થીઓને રાઇફલથી ગોળીબાર કરતાં જોઈ આનંદ થાય છે. કૉલેજના મોટા ભાગના વિદ્યાર્થીઓ પણ એન. સી. સી. ની તાલીમમાં જોડાય છે અને કેમ્પોમાં ભાગ લે છે.

તા. ૫-૧૧-૭૦ થી પંદર વીસ દિવસનો કેમ્પ સર્વ વિદ્યાલય કેમ્પસમાં છે. સાતસો વિદ્યાર્થી એમાં ભાગ લેવાના છે. આ અનેરું દશ્ય નિરખવા મારું નિમંત્રણ છે

આપણી હાઈસ્કૂલ- સર્વ વિદ્યાલય-ગુજરાતમાં ખ્યાતનામ છે અને એના વિદ્યાર્થીઓએ જીવનમાં સફળતા મેળવી છે. આમ આપણે એકલું પુસ્તકિયા જ્ઞાન આપવા માગતા નથી પણ વિદ્યાર્થીઓનો સર્વદેશીય પ્રગતિ થાય તેમ કરીએ છીએ. વિદ્યાર્થીઓનો મગજ સાથે હાથપગ વાપરતાં થાય છે.

આપણા સર્વ વિદ્યાલય કેમ્પસનું વાતાવરણ એવું છે કે એમાં આત્મા જાગૃત થાય તેમ છતાં પ્રવચનો અને સંગીત ભજનો વગેરેથી આત્મા જાગૃત રહે તેમ કરવામાં આવે છે.

**આવી આપણી શિક્ષણ સંસ્થા પચાસ વર્ષ પૂરાં કરે છે અને આપણે એની સુવર્ણ જયંતી આ વર્ષમાં ઉજવવાના છીએ. આ અનેરા પ્રસંગે આપણે દશ લાખ રૂપિયાનો ફાળો અકઠો કરવા નિર્ણય કર્યો હતો પણ ગયા વર્ષ દરમ્યાન માત્ર રૂ. ૧૩૩૦૦૦ એકઠા કરી શકયા. આ વર્ષમાં આપણે જાગૃત બનીએ અને આપણા સૌના નિર્ણયને રૂપિયા – દશ લાખ એકઠા કરવા – સાર્થક કરીએ.**

જુના વિદ્યાર્થીઓને કહેવાનું શું હોય? આ કામ એમનું છે. એમની માતૃસંસ્થા છે. જેમણે ફાળો મોકલ્યો ના હોય તો મોકલી આપે એટલું જ નહિ પણ ફાળો એકઠો કરવાનું કામ ઉપાડી લે. આ માટે મળવાની જરૂર ના હોય.

મોટા શહેરો અને કસ્બામાં જૂના વિદ્યાર્થીઓ આ કામ માટે કન્વીનર બની ગામના અગ્રણીઓ અને શિક્ષણમાં રસ લેતા ભાઈઓની મિટીંગ બોલાવે. કમીટી નીમે અને સૌની સાથે રહી આ કામ ઉપાડી લે

કોઈની પાસેથી એક પણ પાઈ પાવતી આપ્યા સિવાય લેવી નહિ તેમ પાવતીબુક સંસ્થાની જ વાપરવી.

શિક્ષણ એ પાયાનું – દેશનું કામ છે આ કામમાં ઉદારતાથી હાથ લાંબો કરવામાં કાંઈ ખૂચતું નથી. શિક્ષણની આવી સંસ્થાને આપેલું દાન યોગ્ય સ્થાને છે. આવી સંસ્થાને નાણાંની ભીડ પડે પ્રગતિ રૂંધાય તે સારું પણ નથી.

આ સંસ્થાના શુભેચ્છકો અને દાનવીરોને આ શિક્ષણ સંસ્થાને યથાશક્તિ દાન આપવા મારી આગ્રહ ભરી વિનંતી છે.

આવી શિક્ષણ સંસ્થા જેણે પચાસ વર્ષ સમાજનું કામ કર્યું – શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી તેને શક્તિ મુજબ દાન આપવામાં દાનવીરો અચકાશે નહિ તેવો મને વિશ્વાસ છે. એ વિશ્વાસના બળ ઉપર હું અને મારી સાથેના સંસ્થાના બીજા સંચાલકો આગળ વધી રહ્યા છીએ.

રાષ્ટ્રપિતા ગાંધીજીના આશીર્વાદ આ સંસ્થાને મળ્યાં છે અને એમના પુનિત પગલાથી આ સંસ્થાની ભૂમિ પવિત્ર થઈ છે એટલું જ નહિ પણ રાષ્ટ્રપિતાએ આ સંસ્થાને રાષ્ટ્ર સંસ્થાનું બિરુદ આપેલું.

આપ નાનાં મોટા દાન કરો ત્યારે આ સંસ્થાને યાદ કરવા વિનંતી. ૨૯-૯-૭૦

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧૩૩૮૯૨) આગળનો સરવાળો
*૨૫૧) શ્રી શિવાભાઈ હેમરાજદાસ પટેલ મુ. વિરતા
૧૩૪૧૪૩)

* રકમ વસુલ આવી ગઈ છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૧૦૦૧) શ્રી કુબેરદાસ રંગજીદાસ પટેલ
હ. શ્રી શંકરદાસ કુબેરદાસ પટેલ
શ્રી મગનલાલ કુબેરદાસ પટેલ
શ્રી પ્રહલાદભાઈ કુબેરદાસ પટેલ
શ્રી શિવાભાઈ કુબેરદાસ પટેલ
૧૩/A વસંત વિહાર સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ – ૯

૫૦૧) શ્રી જુગલભાઈ પુરૂષોત્તમદાસ પટેલ
હ. શ્રી ચંદુભાઈ જુગલદાસ પટેલ
સુરત કોટન મિલ્સ, બેગમપુરા,
નવાબવાડી સામે, મુ. સુરત

૫૦૧) શ્રી તુલસીદાસ વનમાળીદાસ પટેલ
હ. શ્રી કેશવલાલ ત્રિકમદાસ અગોલવાળા
જૂનાવાડજ, મુ. અમદાવાદ

૨૫૧) શ્રી પ્રહલાદભાઈ છગનલાલ પટેલ (બલોલવાળા)
૬૧/ વિષ્ણુનગર સોસાયટી,
સરસપુર, અમદાવાદ – ૨૧

[પાન ૬ ઉપરનું ચાલુ]

તરીમાં ઘણાને અનુભવ થાય છે એવા એ મને પણ થયા. એટલે વ્યવહારુ બુદ્ધિને અનુસરી પોતે અહીં જ પાછા આવીને રહ્યા. ફિલાડેલ્ફિયામાં એમને ત્યાં ઘણી વ્યક્તિઓને મળ્યો. પત્નીદેવી તો વળી લાયબ્રેરિયન એટલે પુસ્તકો જોવા મેળવવાં તો સહેલું. અને એક બપોરે એણે પ્રો. નૉર્મેન બ્રાઉન સાથે લંચનું નક્કી કરી દીધેલું. ત્યાં સંસ્કૃત પુસ્તકો વિષે વેદના અભ્યાસી નેધરલેન્ડના પ્રખ્યાત વિદ્વાન પ્રો. સ્ટાઆલ વિષે વાતો કરવામાં, ઘણું નવું જાણવામાં મજા આવી.

(કુમાર : સપ્ટેમ્બર : ૧૯૭૦ અંક ૫૬૧ માંથી સાભાર)

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

## મહાન નિરીક્ષક

હોલેન્ડમાં ડેલ્ફ નામની નાની નગરી છે. આ નગરીનો દ્વારપાળ ભારે ધૂની. તેને કાચ ઘસવાની લત લાગેલી. કાચ ઘસતા ઘસતા સૂક્ષ્મદર્શક યંત્ર શોધી કાઢ્યું. તેનાથી તેણે પાણીના એક ટીપાનું અવલોકન કર્યું. તેને આ ટીપામાં નવી 'જીવસૃષ્ટિ'નું દર્શન થયું. આ નવી જીવસૃષ્ટિ તે 'જીવાણું જગત.' આ દૃશ્ય તેણે પોતાની પ્રિય પુત્રી મેરિયાને બતાવ્યું. બંને આ નવા જગતની જાણ થતાં મલકાઈ ઊઠયાં. આ દ્વારપાળ તે ભલોભોળો લ્યુવેન હૉક.

લ્યુવેન હૉકનો જન્મ ૧૬૩૨ માં ડેલ્ફમાં થયો. નાનપણમાં પિતાની છત્રછાયા ગુમાવી. માતાની ઈચ્છા તેને મોટો ઑફિસર બનાવવાની હતી. તેને નિશાળે મૂકયો. સોળ વર્ષની ઉંમર થતાં શાળાને રામ રામ કર્યા. પછી આમ્સ્ટર્ડૅમની એક દુકાનમાં નોકરીએ રહ્યો. અહીં તેણે છ વર્ષ ગાળ્યાં. ત્યાંથી પોતાના વતન પાછો ફર્યો. પરણ્યો અને પોતાનો સ્ટોર શરૂ કર્યો.

તેને દૃક્‌કાચની જરૂર હતી. તે ખરીદી શકે તેવી પોતાની સ્થિતિ નહોતી. તે પહોંચ્યો ચશ્માવાળાની દુકાને અને કાચ ઘસવાનું શીખી લીધું. પોતાને જોઈતો દૃક્‌કાચ તૈયાર કર્યો. આ દૃક્‌કાચમાં ચીજવસ્તુઓ અનેકગણી મોટી દેખાઈ. તેણે સૂક્ષ્મદર્શક યંત્ર બનાવ્યું. પોતાની ધૂનમાં પોતાની જાતને અને કુટુંબને ભૂલી જતો. આ સૂક્ષ્મદર્શક યંત્રમાં વસ્તુઓનું અવલોકન કરવાની રઢ લાગી તેણે પોતાની ચામડી કાપી તેનું નિરીક્ષણ કર્યું. વહેલ માછલીની માંસપેશીઓ લાવી તેને તપાસી. માણસ, ઘેટાં, બળદ અને બીજાં પ્રાણીઓના વાળનો અભ્યાસ કર્યો. માખીના મસ્તકનું વિચ્છેદન કર્યું. બળદની આંખની રચના ઉપર મુગ્ધ થઈ ગયો. પ્રાણી છોડી તે વનસ્પતિઓનાં અવલોકન તરફ વળ્યો. તેણે વનસ્પતિઓનાં ફળ, ફૂલ, પર્ણ અને બીજનું સૂક્ષ્મદર્શકમાં અવલોકન કર્યું.

પોતાની જરૂરિયાત પ્રમાણે તેણે અનેક સૂક્ષ્મદર્શક યંત્રો બનાવ્યાં.

ડેલ્ફમાં બીજો એક વૈજ્ઞાનિક વસતો હતો. તેનું નામ હતું ગ્રાફ. તેણે માનવ ગર્ભાશયની કેટલીક વાતો લખી હતી. તે રૉયલ સોસાયટીનો સભ્ય હતો. તેણે લ્યુવેન હૉકની નવી સૃષ્ટિ નિહાળી, તેના અંગે રૉયલ સોસાયટીને લખ્યું. આ સોસાયટીના સભ્યો આ માહિતીથી નવાઈ પામ્યા.

તેણે માછલીની પૂંછડીમાં લોહીની નસો શોધી કાઢી. માનવસર્જનમાં મહત્વનો ફાળો આપતા 'શુક્રકોષ'ને દુનિયા નજરે જોઈ શકે તે માટે સૂક્ષ્મદર્શક શોધ્યું. સેંકડો માઈલથી લોકો તેનું અદ્‌ભૂત યંત્ર જોવા દોડી આવતા. રશિયાનો મહાન પિટર તેને ઘેર સલામી આપવા આવ્યો. ઈંગ્લેન્ડની રાણી તેનું માઈક્રોસ્કોપ જોવા ડેલ્ફ આવી પહોંચી.

જીવાણું શી રીતે ઉદ્‌ભવે છે, વિકાસ પામે છે અને પ્રજનન કરે છે તે એક સમસ્યારૂપ હતું. તેનો પાર પામવા તે આખી જિંદગી મથતો રહ્યો.

તે જબરો શંકાશીલ હતો. માઈક્રોસ્કોપ વેચવાની કે કોઈને આપવાની ઘસીને ના પાડતો એટલું જ નહિ પણ બહારથી આવનારને અડકવા પણ દેતો નહિ

રૉયલ સોસાયટીએ તેના પ્રયોગની સત્યતા તપાસી તેને સભ્ય બનાવ્યો.

તેનાં અવલોકનો સચોટ હતાં. 'મોટી જૂ ની આંખ કરતાં જીવાણું હજારગણા નાનાં છે.' આ વિધાનને આજે પણ કોઈ ખોટું પુરવાર કરી શકતું નથી.

તેને એક કુટેવ હતી, ખાવા બેસે એટલે હદ ઉપરાંત ખાઈ નાખે અને વધારે પડતું પી નાખે. ખૂબ અકળાય, અસ્વસ્થ થાય ત્યારે દવાખાને નહિ જતાં ગરમાગરમ કૉફીના પ્યાલા ગટગટાવી જાય.

૧૭૨૩ ની સાલ હતી, લ્યુવેન હૉક એકાણું વર્ષનો થયો હતો. તેની કાયા ખખડી ગઈ હતી, શરીર કંપતું હતું, આંખોનું તેજ ઘટી રહ્યું હતું. તેણે પોતાના મિત્ર હુગલીટને બોલાવ્યો. બહુ જ ક્ષીણ થતા અવાજે તેને ઉદ્દેશીને કહ્યું,

'ભાઈ હુગલીટ, ટેબલ ઉપર પડેલા બે પત્રોને લેટિનમાં ઉતરાવી રૉયલ સોસાયટીને મોકલી આપજે.'

સાવ અજાણ્યામાંથી જાણીતો થયેલો, અલ્પ ભણેલો સૂક્ષ્મનો શોધક સૂક્ષ્મમાં મળી ગયો.

## કીટક ટેલિફોન

બે દશકા પહેલાંની વાત છે બ્રિટનમાં બે યુદ્ધ કેદીઓને પકડવામાં આવ્યા. એક હતો આર્મીનો અને બીજો હતો રૉયલ એર ફોર્સનો. બંનેને જુદા જુદા યુદ્ધ કેમ્પમાં રાખવામાં આવ્યા. આ બે કેમ્પ વચ્ચે આશરે એક માઈલનું અંતર. તેમણે પરસ્પર સંદેશા મોકલવા ખૂબ પ્રયત્ન કર્યા, પરંતુ તેમની આજુબાજુ સખ્ત પહેરો હતો, તેથી સફળતા ન મળી. અંતે તેમને એક યુક્તિ શોધી કાઢી. પોતાના રહેઠાણની આજૂબાજુ ભીની શર્કરા વેરી. આ શર્કરાથી આકર્ષાઈ ફૂદાં (મોથ) અને માખીઓ આવવા લાગી. પોસ્ટની ટીકિટ જેવડા ટીસ્યુપેપર ઉપર સૂક્ષ્મસંદેશા લખી ફૂદાના પગે બાંધવામાં આવ્યા. થોડા મહિના પછી આ રીતે બંને કેમ્પ વચ્ચે પત્રવ્યવહાર શરૂ થયો. ટેલિફોનથી જે વાતચીત થઈ શકે તે કીટક – બેપિયા મારફતે થવા લાગી. આ હકીકત બ્રિટિશ ઇન્ટેલીજન્સના રેકર્ડમાં નોંધાયેલી છે. ■

## આપણા એક વિચક્ષણ ભૂતપૂર્વ વિદ્યાર્થી

# શ્રી. નિકુલ નાયક

[ ભાઈ નિકુલ નાયક કડીના વતની છે. માત્ર એસ. એસ. સી. સુધીનો અભ્યાસ પણ આગળ વધવાની તમન્ના અને તરવરાટથી છલકાતા યુવાન. અહીં દેશમાં પોલીસ ખાતામાં મામુલી નોકરીથી શરૂઆત કરેલી. તેઓ યુ. એસ. એ. માં સ્થિર થયા છે. તેમનાં પત્ની શ્રીમતી પન્નાદેવી એમ. એ. છે...... તેમના સંબંધમાં શ્રી ચંદ્રવદન મહેતાની 'અંતર ગઠરી'ની 'કુમાર'માં પ્રસિદ્ધ થતી લેખમાળામાંથી નીચેનું લખાણ ઉધૃત કર્યું છે. –સં. ]

...... ફિલાડેલ્ફિયા પહોંચી સૌ. પન્ના ( અસલમાં મોદી હવે નાયક ) ને ત્યાં જઈ બે દિ' ગાળ્યા. ત્યાંથી વૉશિંગ્ટન તરફ ઉપડવાનો મનસૂબો. બરફતો અહીં પણ ક્યાં નહોતો ? ઈ. ૧૯૬૬–૬૭ માં હિમવર્ષાને પણ વિક્રમ સરજવાના કોડ થયા હતા. પન્ના નાયકના પતિ શ્રી નિકુલને અહીં પહેલી વાર મળ્યો. અમારી વડોદરા યુનિવર્સિટીના એક અધ્યાપક મિ. રૅાડિક્સને અહીં ફરી મળ્યો, અને પન્ના મારફત પ્રો. નોર્મન બ્રાઉનને મળવાનો લાભ પણ અહીં મળ્યો.

નિકુલ ફિલાડેલ્ફિયામાં શું કરે છે એ જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા તો થાય જ. ઇજનેરી, આર્કિટેક્ટ, ધંધો, શિક્ષણ એમાંનું કશું નહિ. ત્યારે ? નોકરી–યુનાઇટેડ સ્ટેટના પોલીસ ખાતામાં ! હેં ? હા. શું કામ બજાવવાનું ? તો કહે 'પેરી મૅસનની વાર્તાઓ વાંચો છો ?' મેં હા કહી. તો કહે કે 'એમાં છેવટે કૉર્ટમાં પેરી મૅશન ઉલટ તપાસ કરે ત્યારે ઘણીવાર હૅન્ડરાઇટિંગ એક્સપર્ટને જુબાની આપવા બોલાવે છે એ જાણો છો ?' 'હા'. 'હું એવો અહીંની સરકારનો હસ્તાક્ષર તપાસવાની કળામાં જાણકાર ગણાઉં છું. ચોરી, બનાવટી દસ્તાવેજ, પ્રેમપત્રો, નોંધો વગેરેના ગુનાઓમાં મારે સરકાર તરફથી જુબાની આપવા જવું પડે– અને મારા દફતરમા પણ પોલીસ, કંઇ કામ હોય તો પૂછવા આવી ચડે.' 'વાહભાઈ વાહ ! હસ્તાક્ષરની બાબતમાં કેવળ અંગ્રેજી જ, કે કોઇપણ ભાષામાં લખાણ હોય તો પણ તમે એ ઉકેલવામાં અને નક્કી કરવામાં નિષ્ણાત ?' 'કોઈપણ ભાષામાં; અમારે મરોડ સાથે, લખાવટ સાથે, લઢણ સાથે કામ.' 'તો પછી' મેં પૂછ્યુ 'હિન્દુસ્તાનમાં આપના જેવા નિષ્ણાતોની જરૂર ન પડે ?' 'પડે, પણ એ પ્રકરણ ન ખોલીએ તો સારું.'

પ્રામાણિક માણસ, તે એણે ચર્ચા કરવાની ના પાડી. બે ત્રણ વખત અહીંના મોવડીઓએ મળવા બોલાવી એને ઠપકો પણ આપ્યો હતો કે તમે આવા નિષ્ણાત હોઇ આપણા દેશમાં તમારી સેવા કેમ નથી આપતા ? પણ સેવા આપવા તૈયાર થઈ એમને બારણે જાય ત્યારે ઍઝ યુઝુઅલ આંટાફેરા : હમણાં જગ્યા નથી, મહિના પછી આવજો, એવા જે સરકારી દફ-

[ અનુસંધાન પાન ૪ ઉપર ]

## પ્રાધ્યાપકના પત્રો | ડૉ. દેવચંદભાઈ યોગી

[ ૨ ]

પ્રિય હેમંત,

તારો પત્ર મળ્યો.

ચોમાસુ છે. રાત્રે જીવાત હેરાન કરે છે. મચ્છર કરડે છે. ઊંઘમાં એકાદ જીવડું કચડાઇ જાય છે અને ચામડી ઉપર ફોલ્લા ઉપડી આવે છે. પીડા થાય છે. એટલે સ્વાભાવિક રીતે જ તને જીવડાં પ્રત્યે અણગમો થાય. તને લાગે છે કે જીવડાં–કીટકો ઉત્પન્ન કરવામાં ભગવાને ભૂલ કરી છે ?

ઉનાળો આવે, લૂ વાય, સખ્ત તાપ પડે એટલે આપણું મન પોકારી ઊઠે છે હવે તો ઉનાળો જાય તો સારું. ચોમાસુ આવે, હેલી થાય, કાદવ–કીચડ થાય, મચ્છર અને જીવાત હેરાન કરે એટલે આપણે ચોમાસાથી કંટાળી જઇએ છીએ, શિયાળો આવે, ઠંડી પડે, ક્યારેક હિમ પડે, ચામડી બરછટ બની જાય, ઠંડીથી ઠૂંઠવાઈ જઇએ એટલે શિયાળો પણ અકારો લાગે છે. માનવ સ્વભાવની આજ વિશિષ્ટતા છે. દૂરનાને ચાહે છે પણ નજીક આવતાં કંટાળી જાય છે.

રંગબેરંગી પતંગિયાં અને ફૂદાં, માખી, કીડીઓ, મંકોડા, ભ્રમર, ઉધઇ, મધમાખી અને બીજાં જીવડાંનો જગત ઉપરથી નાશ કરવામાં આવે તો ? ટાઇફોઈડ, સ્લીપીંગ સીકનેસ, પ્લેગ, પીળો તાવ, ટાઇફસ અને કીટકોથી ફેલાતા રોગો અટકે. માણસોને દર્દ ન થાય એટલે લોકો દવાખાને જાય નહિ. દવાખાનાના ખાટલા ખાલી પડે ! દર્દી વિના ડૅાક્ટરોની બેકારી વધે.

તીડ અને બીજી જીવાત ન હોય એટલે મબલખ પાક પાકે. અનાજ વિના મુશ્કેલી સંગ્રહી શકાય. કીટક નિયંત્રણની દવાઓનો ધંધો ભાંગી પડે. વનસ્પતિ ઉપર નભનાર કીટકો ન હોય તો ખૂબ ઘાસચારો વધે. ઢોરો અને બીજા પ્રાણીઓને પૂરતો સારો ખોરાક મળી રહે. ઘી–દૂધની પેદાશ વધે. ઢોર વધારે હોય એટલે તેનાં ચામડાં પણ સસ્તાં મળે. પરિણામે બૂટની જોડની કિંમત ઘટે. ઉધઇ નહિ હોવાથી ઘણી વનસ્પતિઓ બચી જશે

હવે બીજી બાજુ જોઇએ. કીટકો પરાગનયનમાં મહત્વનો ભાગ ભજવે છે. કેટલીક વનસ્પતિઓમાં તો ચોક્કસ જાતનાં કીટકો જ પરાગનયનમાં ઉપયોગી થાય. પરાગનયન ન થાય તો ફલીકરણ ન થાય. ફલીકરણ ન થાય તો બીજ ન થાય. બીજ ન પેદા થાય તો વનસ્પતિ ન ઊગે અને વનસ્પતિ જ ન ઊગે તો ફૂલ–ફળ ક્યાંથી પેદા થાય ? શિંગોવાળી વનસ્પતિઓનાં મૂળ ઉપર જીવાણુ પેદા થાય છે અને નાઇટ્રોજનનું ફીકસેશન

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# સારસબેલડીનો વિષાદ

શ્રી ચંદુભાઈ એ. પટેલ : અધ્યાપક સાયન્સ કૉલેજ-કડી

**પ્રકૃતિનાં** રંગબેરંગી પક્ષીઓ જ્યારે વનોની કુંજગલીઓ-માં ચહકતાં કે કર્ણમધુર કલરવ કરતાં સાંભળીએ છીએ ત્યારે કેટલીકવાર દુનિયાની સર્વ ચિંતાઓથી મુક્ત થઈ જવાય છે. તો એ જ પ્રકૃતિની પ્રેમના ઉચ્ચતમ આદર્શને બિરદાવતી સારસબેલડીને જોતાં જ માનવ હૈયુ થોડીક વાર માટે તો નાચી ઉઠે છે. માનવજીવનમાં નજરે ચડતા બેવફાઈના પ્રસંગો ઘડી-ભર તો ભૂલાઈ જવાય છે. સાહિત્યની અમર પ્રેમગાથાઓ મન સમક્ષ તરવરે છે. રામાયણના રચયિતા વાલ્મીકિ પણ યાદ આવી જાય છે આમ અનેક સ્મૃતિનાં પડોને ઉકેલતી આ સારસબેલડી વિશે એમ કહેવાય છે કે જો એક સારસને મારી નાખવામાં આવે તો બીજું સારસ પણ તેના વિયોગમાં ઝૂરી મરે છે. કલાપીએ 'સારસી' નામના કાવ્યમાં આનું એક સુંદર શબ્દચિત્ર દોર્યું છે.

(અનુષ્ટુપ)

વ્હાલો છે જીવ પોતાનો વ્હાલાંથી ય વધુ અરે !
નાસે છે સિંહ પેલો ત્યાં સતી સિંહણ છોડીને.

(માલિની)

પણ અડગ સમાધિ સારસીની ન તૂટે,
મરણશરણ જાવું હર્ષ તેને દીસે છે;
ભડભડભડ થાતી અગ્નિની ઝાળ આવી;
બળી મરી પ્રિય સાથે સારસી પ્રેમઘેલી.

પરંતુ જો તેમનાં ઈંડાંની પાસે જઈને તેને લેવાનો કે પછી તેનો ફોટો લેવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેમનો પ્રત્યાઘાત શું હોય?

સારસબેલડીનાં ઈંડાંની પાસે જતાં જ તે ત્યાંથી ધીમેધીમે નજીકના ખેતર તરફ દૂર જાય છે. જો કે તેમની નજર થોડી થોડી વારે તેમનાં ઈંડાંની તરફ જતી હોય છે ધીમે ધીમે દૂર જઈ જાણે કે પોતે પોતાનાં ઈંડાં ગુમાવ્યાં છે અથવા તો ક્રૂર લોકો એને લઈ ગયા એમ સમજી બંને સારસ થોડેક દૂરના ડાંગરના ક્યારડામાં નાચ શરૂ કરે છે. શરૂઆતમાં આપણને એમ લાગે કે તેઓ ગેલમાં કે આનંદમાં આવી ગયાં છે. તેઓ પોતાની પાંખો વિસ્તારે છે એકબીજાની સામે પોતાની ડોક રાખી તેને ઊંચીનીચી કરે છે. તો કેટલીકવાર બને પોતાની ડોકને આકાશ તરફ લંબાવે છે. ત્યાંથી તે પાંખો પ્રસારી થોડું ચાલે છે. ફરીથી બંને એક સાથે જ ચાંચમાં ચાંચ મિલાવી પોતાની ડોક ઊંચીનીચી કરે છે. ઘેલછાથી જાણે કે બ્હાવરાં અહીં તહીં દોડે છે – ડાંગરનાં ખેતરમાં... પાણીવાળા ક્યારડામાં. તે વખતે એમ લાગે છે કે હમણાં જ ઝનૂની બનીને ઊડશે ને ઈંડાં પાસે ઊભેલા લોકો પર હુમલો કરશે. છેવટે તે એટલાં બધાં આવેશયુક્ત બની જાય છે કે તે બંને ડાંગરના છોડને પોતાની ચાંચમાં પકડીને બહાર ખેંચી ઊંચે આકાશ તરફ ઉછાળવા લાગે છે. તે પછી થોડી વારે તેઓ શાંત બને છે.

કૅમેરામેન અને તેમના સહાયકો જ્યારે ઈંડાંથી દૂર જાય છે ત્યારે સારસી તે તરફ પોતાનાં ઈંડાંને જોવા આગળ વધે છે. સારસ પણ તેની પાછળ ધીમે ધીમે ચાલે છે – જાણે કે બેફિકરો ને નચિંત ન હોય! સારસી જ્યારે પોતાના ઈંડાંને સલામત જુએ છે ત્યારે જાણે કે આનંદ વ્યક્ત કરવા એક બે વાર ઊઠબેસ કરે છે ને સારસ પણ સમજી જાય છે કે ઈંડાં સલામત છે ને માળા સુધી પહોંચવાનું મુલતવી રાખતાં ક્યારડામાં જ ફર્યા કરે છે.

એમનું અગાઉનું નૃત્યનું દૃશ્ય આપણને મૃત્યુ પાછળ છાજિયાં લેતી સ્ત્રીઓની યાદ આપે એવું હોય છે. શું એ ખિન્ન ને વિષાદયુક્ત સારસબેલડી પણ ઈંડાં પાછળ છાજિયાં લેતી હશે?

[ પાન ૬ ઉપરનું ચાલુ ]

કરે છે. નાઈટ્રોજન વિના ધરતી કસવગરની બની જાય. મધ-માખી વિના મધ મળશે નહિ. કીટકભક્ષી જીવો અને પક્ષી-ઓની હસ્તી નાબૂદ થશે. પ્રકૃતિનો કલરવ શાંત થઈ જશે. નૈસર્ગિક સમતુલા જોખમાશે.

કુદરતી પેદાશો મળતી બંધ થાય એટલે તેના જેવી જ બનાવટો બનાવવા કારખાનાં ધમધોકાર ચલાવવા પડશે.

આવું હોય 'જીવડાં વિનાનું જગત'. સર્જનહારે સર્જેલી દરેક વસ્તુનું કુદરતમાં પોતાનું આગવું પ્રદાન હોય છે લાગ-ણીના આવેશમાં આવી જઈ કુદરતને વખોડવી એ યોગ્ય નથી.

નવરાત્રિ છે. ગરબા-રાસ રમાય છે. લોકો નવરાત્રિનો આનંદ માણે છે. ક્યારે ઘેર આવે છે! લખજે

દેવયોગીના
આશિષ.

**આપે આપનો ફાળો ન લખાવ્યો હોય તો લખાવવા વિનંતિ છે.**

—o—

**આપે ફાળો લખાવ્યો હોય અને રકમ મોકલવાની બાકી હોય તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નામના ક્રોસ ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.**

# ગુજરાત યુનિવર્સિટી ગ્રામ વિદ્યાવિસ્તાર યોજના

પ્રિ. એન. જે. પટેલ : સાયન્સ કૉલેજ–કડી

ગુજરાત યુનિવર્સિટી દર વર્ષે ગ્રામ વિદ્યાવિસ્તાર યોજના તળે કૉલેજની આજુબાજુ આવેલ ગ્રામ વિસ્તારમાં કૉલેજના અધ્યાપકો દ્વારા વ્યાખ્યાનો યોજે છે. અત્યાર સુધી આ યોજનાનો લાભ સાયન્સ કૉલેજ-કડીની આજુબાજુના ગ્રામ વિસ્તારને મળ્યો નહતો. ચાલુ વર્ષે યુનિવર્સિટીની આ યોજનાનો લાભ ગ્રામજનો અને માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને મળે એ દૃષ્ટિએ નીચે પ્રમાણેના અધ્યાપકોના જુદાજુદા વિષયો પરનાં પ્રવચનો વિવિધ સ્થળોએ યોજવામાં આવ્યાં હતાં. –

| ક્રમાંક | અધ્યાપકનું નામ. | સ્થળનું નામ. | પ્રવચનનો વિષય. | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પ્રિ એન. જે. પટેલ<br>ડૉ. ડી. વી. યોગી | આઇ એમ. જે. હાઇસ્કૂલ, બલોલ<br>શ્રી રામ વિદ્યાલય, જોટાણા– | પૃથ્વી એક રસાયણ પ્રયોગશાળા<br>જીવવિજ્ઞાનની આધુનિક શોધો. | ૩૦–૯–૭૦ |
| ૨ | પ્રિ એન. જે. પટેલ.<br>શ્રી. વી. એ. પટેલ | શેઠ આર એચ. હાઈસ્કૂલ, મેઉંઆદ્રજ | પેટ્રોલિયમ રસાયણો<br>કૅમ્પ્યુટર યંત્રો. | ૯–૧૦–૭૦ |
| ૩ | શ્રી વી. એ. પટેલ | સાર્વ. વિદ્યાલય હાઇસ્કૂલ, જાસલપુર | આધુનિક ગણિત. | ૩–૧૦–૭૦ |
| ૪ | શ્રી સી. એ. પટેલ | શેઠ એચ. એલ. જનતા વિદ્યાલય, થોળ. | જીવન અને તેની કલા. | ૨૩–૯–૭૦ |
| ૫ | ડૉ. ડી. વી. યોગી | શેઠ પી. કે. મહેતા હાઇસ્કૂલ, લીંચ | જીવ વિજ્ઞાનની આધુનિક શોધો. | ૨૪–૯–૭૦ |
| ૬ | શ્રી આર. આર. દેસાઇ | શેઠ એમ. બી. પંચાલ હાઈસ્કૂલ, ડાંગરવા | પરમાણું રચના અને પરમાણું શક્તિના ઉપયોગો. | ૩૦–૯ ૭૦ |
| ૭ | શ્રી એચ. સી. શાહ | ધી એ. એલ. ઝવેરી હાઇસ્કૂલ, છત્રાલ. | પરમાણું શક્તિ અને તેની ઉપયોગીતા. | ૨૯–૯–૭૦ |
| ૮ | શ્રી કે. વી. મિસ્ત્રી | મરતોલી હાઈસ્કૂલ, મરતોલી. | દરિયાની પ્રાણીસૃષ્ટિ. | ૧–૧૦–૭૦ |

આ ઉપરાંત પણ અન્ય અધ્યાપકોનાં પ્રવચનો બીજા સત્રમાં ગોઠવવાની યોજના કરેલી છે. અને તેને પરિણામે બીજા ગામોને પણ લાભ મળશે.

અધ્યાપકો જે જે સ્થળે ગયા ત્યાંની શાળાઓના આચાર્યોએ તેમની શાળાઓમાં પ્રવચન ગોઠવીને આ યોજનાને સુંદર સહકાર આપ્યો અને આ યોજના તળે ભવિષ્યમાં પણ આવો સહકાર મળતો રહે એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

ઉપર જણાવેલ પ્રવચનો યોજવાને કારણે હાઈસ્કૂલોના વિદ્યાર્થીઓને વિજ્ઞાનની અવનવી શોધોની મહિતી પ્રાપ્ત થઇ છે. ગ્રામ વિસ્તારમાં આવેલી કૉલેજ આજુબાજુના ગ્રામ વિસ્તારમાં શિક્ષણના પ્રસારણ માટે શું કરી શકે તે બાબતનો આ એક નમ્ર પ્રયાસ છે. આવા પ્રયાસોમાં યુનિવર્સિટીનો સહકાર મળશે એવી આશા છે. સંજોગવશાત્ જો આ યોજના ચાલુ નહિ રહે તો પણ આ પ્રકારનાં પ્રવચનોની યોજના ચાલુ રાખવાનો અમે નિશ્ચય કર્યો છે.

આ યોજનાને સફળ બનાવવા માટે જે જે હાઇસ્કૂલોના આચાર્યોએ અમને સુંદર સહકાર આપ્યો છે તે બદલ હું સર્વે આચાર્યોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**: સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપવા વિનંતી છે. :**

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૫–૧૦–૭૦

૨૦૯

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૨૯-૧૦-૭૦ : દીવાળી સં. ૨૦૨૬ [ અંક ૩


## નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૨૭નું વર્ષ શરૂ થવાના સમયે આપણી સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શુભેચ્છકો દાતાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સૌને નૂતન વર્ષાભિનંદન પાઠવતાં મને આનંદ થાય છે.

આ વર્ષમાં આપણી સંસ્થા શિક્ષણ ક્ષેત્રે એક ડગ આગળ વધે એ માટે સૌના આશીર્વાદ અને સહાનુભૂતિની સંસ્થા અપેક્ષા રાખે છે.

નૂતન વર્ષમાં દેશમાં શાંતિ રહે અને સૌ સુખી થાય એજ પ્રાર્થના. દેશમાં શાંતિ હોય તો જ મનમાં શાંતિ રહે, કામ થાય અને ધંધા રોજગાર આગળ વધે-નિદાન પીછેહઠ ના કરે. વ્યક્તિની આબાદી એ દેશની આબાદી છે. દેશ વ્યક્તિઓનો બનેલો છે અને તેથી વ્યક્તિને ભૂલી દેશને આબાદ કરી શકાય નહિ.

આમ છતાં દેશમાં થોડી વ્યક્તિઓ સાધનસંપન્ન રહે-સંપત્તિનો કબજો કરી બેસે અને આસપાસ રહેનારા અને દેશના લોકોનો વિચાર ના કરે તે પણ સારું નથી.

લક્ષ્મી કોઇને વરી નથી અને કોઇને વરવાની નથી. પાણી તો વહેતું રહે તો નિર્મળ રહે. ભરાઈ રહેલું પાણી ગંધાઇ ઊઠે અને રોગ ફેલાવે. આવું જ લક્ષ્મીનું છે. લક્ષ્મી પૂજન કરતી વખતે એને દેવી માની અર્ચન કરીએ છીએ. એ દેવીને દાસી બનાવી ગોંધી રાખવા પ્રયત્ન કરે છે તેનાથી લક્ષ્મી દેવી રિસાઇ જાય છે અને અન્ય સ્થળે ચાલી જાય છે.

વર્ષ આખરે કમાણીમાંથી નિદાન દશ ટકા સારા કામમાં જે વ્યક્તિ વાપરે છે તેના ઘેર લક્ષ્મી ટકીને રહે છે. ખુલ્લી આંખે જોનારને ચારે બાજુ આના પ્રત્યક્ષ દાખલા મળી રહે છે.

દાન આપનાર નમ્ર બની દાન આપે તો એ ભવિષ્યને માટે વાવણી કરે છે. એનાથી એના દીલમાં ઉત્સાહ અને આનંદ થાય છે. એનામાં કામ કરવાની વૃત્તિ અને વેગ પેદા થાય છે. ઉદારતાથી દાન કરનાર ભાગ્યે જ ગરીબ બને છે.

### બોણી

નૂતન વર્ષે આપણે આપણા સ્નેહીઓને, બાળકોને વગેરેને બોણી આપીએ છીએ. નૂતન વર્ષે મંદિરમાં જઈ ભગવાનનાં દર્શન કરી યથાશક્તિ બે પૈસા આપીએ છીએ.

આ પ્રથા સારી છે અને વર્ષની શુભ શરૂઆત સારા કામથી થાય છે.

આપણી કડીની શિક્ષણ સંસ્થા – સર્વ વિદ્યાલય કેળવણી મંડળ શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતભરમાં એની પ્રતિષ્ઠા છે. એની પ્રતિષ્ઠા-માં આપણી સૌની પ્રતિષ્ઠા છે.

નૂતન વર્ષે આ આપણી સંસ્થાને કેમ ભૂલાય?

એને પણ આપની બોણીની યાદીમાં દાખલ કરવા મારી નમ્ર વિનંતી છે.

પુરુષોત્તમદાસ પટેલ

# નૂતન વર્ષનો નૂતન સંદેશ

શ્રી ચંદુભાઈ એ. પટેલ

અધ્યાપક, સાયન્સ કૉલેજ–કડી

**દિવાળી** આવે ને ઘર ઘરને ટોડલે અંધારી રાતે ઝગમગ ઝગમગ થતા તારાઓ જેવા દીવા ઝગમગી રહે છે. ઊંચા મકાનોના ઝરૂખાઓમાં મીણબત્તીના દીવા ઝળહળી રહે છે. મંદિરોનાં શિખરો પર વીજળીના દીવા ઝબકારા કરે છે. દિવાળી એટલે કે જાણે દીવાઓનું પર્વ. રાત્રે રોશની થાય. રંગબેરંગી દીવાઓથી મકાનોને સુશોભિત કરવાનો પ્રયત્ન થાય, ને અંધકારને વિદારતો સર્વત્ર પ્રકાશ રેલાઈ રહે છે. દિવાળીના દિવસોમાં ભૌતિક રીતે પણ ઘરને ઊજાળવાનો પ્રયત્ન કરવામાં આવે છે. રંગબેરંગી ડિઝાઈનો, સાથિયા, ચિત્રો રંગોળી વગેરેથી સુશોભન કરવામાં આવે છે. જૂની પુરાણી દીવાલોમાં પણ જાણે કે ચેતન લાવવા માટે ગળી–ચૂનો, ડિસ્ટેમ્પર કે ઓઈલ પેઈન્ટથી રંગકામ કરવામાં આવે છે. દીવાનખંડ માટે જીવનની મોજશોખની ગણાતી વસ્તુઓની જેવી કે રેડિયો, ટેબલફેન, સોફાસેટ, ઘડિયાળ કે રેફ્રિજરેટર જેવી મોંઘી વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. આ બધું સુશોભન કલા ને તેની અભિરુચિ સંતોષવા ઉપરાંત જીવનમાં આનંદોલ્લાસ ને ઉત્સાહ માટે જીવનમાં કંઈક નવીન કરવા માટે, સુખી જીવનનો સાચો રાહ શોધવાના પ્રયત્ન માટે પણ હોય છે.

નૂતન વર્ષના પ્રથમ દિવસે માનવી માનવીને મળે છે. શા માટે?

એકબીજાને સ્નેહભીનાં હૈયે આવકારવા માટે.
સ્નેહતંતુઓની બનાવેલી વિવિધરંગી જાજમ પર ઘડીભર બેસવા માટે
અંતરમાં રહેલા 'અહમ્' ને દૂર કરી સરળ, સૌમ્ય ને સ્નેહાળ સ્મિત વેરવા માટે.
મધઝરતાં વાણીનાં ફૂલડાંની ફોરમ મ્હેંકાવવા માટે.
હૃદયવીણાના ઝંકૃત તારોનું મનહર મધુર સંગીત છેડવા માટે.
જ્યોતથી જ્યોત જલાવવા માટે.
સહકારથી સહકાર આપવા માટે.
જ્ઞાનથી જ્ઞાન આપવા માટે.
પ્રેમથી પ્રેમ પાથરવા માટે.
માંગલ્યના પાવનકારી પ્રભાતે માનવી–માનવીની અરસપરસ પૂજા કરવા માટે.
પ્રેમભિક્ષુકને પ્રેમપૂજારી બનવા માટે.
નમ્રતાની નમણી આંખોને નિમ્ન કરી શિર ઝૂકાવવા માટે.
વિશ્વને સંદેશ આપવા માટે.
કયો સંદેશ?

મનુષ્યના હૃદયમાં રહેલાં રાગ, દ્વેષ, વેર ઝેર, ઇર્ષ્યા, લોભ, મોહ, મદ, મત્સર રૂપી અંધકાર દૂર થાય ને પ્રકાશ રેલાઇ રહે. માનવીના અંતરમાં રોશનીનું અજવાળું પથરાય ને માનવી–માનવી વચ્ચેનાં અંતર ઓછાં થાય.

વિશ્વયુદ્ધો તરફ મીટ માંડી રહેલા માનવીના અંતરમાં પ્રેમ પ્રકાશ રેલાય ને સદાને માટે સહનશીલતાનો સોહામણો સૂરજ પૂર્વમાં ઊગી રહે ને જગંત આખું શાંતિનો એકરાર કરે. –પૃથ્વી એક એવો પ્રકાશિત ગ્રહ બની રહે કે જેના પ્રેમાળ માનવીઓનો પ્રેમપ્રકાશ વિરાટ વિશ્વના અનેક તારાઓ ને ગ્રહો સુધી સતત પથરાતો રહે.

માનવજીવનની સૂતી સૂતી કુંજગલીઓમાં કલ્લોલ કરવા માટેનો અમર સંદેશ.

---

[ ૧ લા પાનનું ચાલુ ]

દેશમાં શિક્ષણ સંસ્થાઓ અને એવી બીજી સંસ્થાઓ આવા દાનોમાંથી ઊભી થાય છે અને નભે છે. શિક્ષણ સંસ્થાઓ સરસ્વતીનાં મંદિરો છે. બીજા મંદિરોની જેમ નૂતન વર્ષે સરસ્વતીનાં મંદિરોને યાદ કરવાં જોઈએ.

દાનનો મહિમા આપણા ધર્મશાસ્ત્રોમાં બતાવ્યો છે. દાન આપનારના દિલમાં ઉમંગ થાય છે અને મન પ્રફુલ્લિત બને છે.

નૂતન વર્ષમાં આ વૃત્તિ વધો. રાષ્ટ્રભક્તિ ઓસરતી જાય છે. ફરજ–ધર્મ ભૂલાતો જાય છે. પ્રમાણિકતા અને નિષ્ઠામાં ઓટ આવતી જાય છે. નીતિમત્તા ઘટતી જાય છે. આ આપણા દેશને માટે સારું નથી. નૂતન વર્ષમાં આ રોગથી સાવધ રહીએ અને બીજાઓનો વિચાર નહિ કરતાં આપણી જાત–વ્યક્તિ પરત્વે જોઈએ અને નૂતન વર્ષમાં રાષ્ટ્રને નુકશાન થાય એવું કાંઈ પણ આપણા હાથે ન થાય તેની કાળજી રાખીએ.

નૂતન વર્ષમાં આપણે સાયન્સ કૉલેજનું મકાન શરૂ કરીએ અને પૂરું કરવા દઢ નિશ્ચય કરીએ. પ્રભુ આપણને આમાં સહાય કરે.

**ગાંધીનગર ગુજરાતની રાજધાની છે. એમાં કડીના જેવું જ સર્વ વિદ્યાલય કેમ્પસ શરૂ કરવા આપણે નૂતન વર્ષમાં વિચારીએ છીએ. એ આપણા મનોરથ ભગવાન પૂરા કરે એવી આપણી નૂતન વર્ષે ભગવાનને પ્રાર્થના.**

નૂતન વર્ષમાં સૌ સુખી થાઓ, આબાદ થાઓ, ધંધા રોજગારમાં આગળ વધો અને આપણા દીલમાં રાષ્ટ્રભાવના ખીલો અને વધો.

પુરુષોત્તમદાસ પટેલ

# સંવત ૨૦૨૬નું સરવૈયુ

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

વર્ષની આખરે દિવાળીના દિવસે વર્ષભરની કામગીરીનું સરવૈયું કાઢવાની પ્રથા સારી અને અપનાવવા જેવી છે. નાની મોટી બધીએ વેપારી પેઢીઓ આ દિવસે સરવૈયાં કાઢશે વર્ષ દરમ્યાન શું નફો કર્યો, કેટલો વેપાર ખેડ્યો એ બધું સરવૈયાના હિસાબમાં મૂકશે.

બુદ્ધિશાળી માણસો સરવૈયાં તો કાઢે છે પરંતુ એમના સરવૈયામાં વર્ષ દરમ્યાન કયાં કયાં સારાં અને જનહિતાર્થનાં કામો કરવા વિચાર્યાં હતાં અને તેમાંનાં કેટલાં થયાં અને કેટલાં ના થયાં અને ના થયાં તો શા કારણે ના થયાં તેનો વિચાર કરે છે અને આગામી વર્ષમાં તે કરવાનો– પરિપૂર્ણ કરવાનો નિર્ધાર કરે છે.

આપણે આપણી શિક્ષણ સંસ્થા– સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી ઉજવવા નિર્ણય કર્યો અને રૂ દશ લાખ એકઠા કરવા પણ નિર્ણય કર્યો. આપણા આ નિર્ણયને પહોંચી વળવા– આપણે સુવર્ણ જયન્તી આગામી સાલમાં ઉજવીએ તે પહેલાં દશ લાખ રૂપીઆ એકઠા કરવા જોઈએ. આ વર્ષમાં આપણે રૂ. ૧૭૪૦૦૦ / માત્ર એકઠા કરી શકયા છીએ. આમ આ વર્ષમાં આપણે કરવા ધારેલુ કાર્ય અધુરું રહ્યું છે. તે આપણે વહેલી તકે આગામી વર્ષની શરૂઆતમાં પરિપૂર્ણ કરવું જોઈએ. ઈશ્વર કૃપાથી આ વર્ષ સારું છે અને આશા છે કે આપણે સૌ મળી પ્રયત્ન કરીશું તો આપણે આપણા નિર્ધારને પહોંચી શકીશું.

આ સાલમાં આપણે નવા મકાનો બાંધ્યાં છે. સાયન્સ કોલેજની હોસ્ટેલનું મકાન બાંધ્યુ છે. તેમાં વિદ્યાર્થી રહેતા થઈ ગયા છે. સુવર્ણ જયન્તીની ઉજવણી પ્રસંગે આપણે સાયન્સ કોલેજના મકાનની શિલારોપણ વિધિ કરવા માગીએ છીએ. સાયન્સ કોલેજના મકાનમાં ચારેક લાખ રૂપિયાનો ખર્ચ થવા સંભવ છે.

આ સાથે આપણે ટેકનિકલ હાઈસ્કૂલનું મકાન બાંધ્યું. તેમાં ટેકનિકલ હાઈસ્કૂલ બેસે છે: ટેકનિકલ હાઈસ્કૂલની હોસ્ટેલ–છાત્રાલયનું મકાન બાંધ્યું. તેમાં સો જેટલા વિદ્યાર્થીઓ રહે છે. આ ઉપરાંત ટેકનિકલ હાઈસ્કૂલનાં વર્કશોપનાં મકાન તૈયાર થઈ ગયાં છે અને તેમાં વર્કશોપનાં સાધનો ગોઠવવાનું શરૂ થયું છે. આપણે વર્કશોપનાં કિંમતી સાધનો ખરીદ્યાં તેમજ ટેકનિકલ હાઈસ્કૂલનું ફર્નીચર વગેરે ખરીદ્યુ.

આપણા સર્વ વિદ્યાલયના આંબાની દક્ષિણે આવેલી જમીન ખરીદી. જમીન ખરીદીમાં આપણે રૂ. ૩૨૦૦૦ / જેટલો ખર્ચ થયો. આ જમીનની પશ્ચિમે આપણે બાટેનિકલ ગાર્ડન–બગીચો બનાવ્યો છે. સંસ્થાના છાત્રાલયોમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ રહે છે તેમને હરવા ફરવા–મન પ્રફુલ્લિત કરવા બગીચો જરૂરનો હતો.

આમ તો આપણી સંસ્થાના હકવાળા ત્રણ કુવા છે. તેમાં પાણી પણ પૂરતાં છે પરંતુ પીવા લાયક નહિ– ખારું. આને લઈ આપણે ફળફળાદી, ઝાડપાન કરી શકતા નહોતા. આ વર્ષમાં આપણે ૬૮૦ ફૂટ ઊંડો બોર કર્યો અને તેમાં ૭૦ હોર્સ પાવરનો સબમર્સીબલ પંપ મુકયો. ઈશ્વર કૃપાથી આપણને સારા પ્રમાણમાં મીઠું પાણી મળ્યું છે. પરંતુ એમાં રેતવો આવે છે એટલે થોડી ચિંતા કરાવે છે. આનો ઉપાય વિચારી રહ્યા છીએ. આગામી વર્ષમાં આપણે રેતવો બંધ કરી શકીશું. નવો ટયુબવેલ છે એટલે કદાચ રેતવો આવતો હશે. એમ પણ બને કે રેતવો ખેંચાઈ જતાં સારા પ્રમાણમાં પાણીમાં વધારો થાય. આજે તો આપણને ચૌદ પંદર કોસનું પાણી મળે છે. આને લઈ આપણે બાગ–બગીચા અને ખેતીમાં પાણીનો ઉપયોગ કરી શકીશું

કૃષિયંત્ર તાલિમ કેન્દ્ર આ વર્ષમાં શરૂ કર્યું. એમાં વિદ્યાર્થીઓ દાખલ કર્યા. લેથ, ફાઉન્ડ્રી, સ્મીધી વગેરે કામગીરીનું શિક્ષણ લીધા પછી ઓઈલ એન્જીનને વળગી પડયા. એન્જીન વેરણછેરણ કરી નવેસર તૈયાર કર્યું. આમ પ્રત્યક્ષ શિક્ષણ લઈ રહ્યા છે. વિજળી મોટરની કામગીરી આ અઠવાડિયામાં પૂરી થઈ. ટ્રેકટર આવી ગયુ છે અને હવે ટ્રેકટરનું શિક્ષણ લેશે. એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં કૃષિયંત્ર તાલિમ કેન્દ્રના બે વિદ્યાર્થી અને ટેકનિકલ હાઈસ્કૂલના એક મિકેનિકને એમના કારખાનામાં શિક્ષણ માટે સગવડ કરવા લખ્યું છે.

આમ આપણી સંસ્થા પ્રગતિના પંથે છે પણ દેશ અને રાજ્યનું વાતાવરણ આ વર્ષમાં સારું રહ્યું નથી. શિક્ષકોની હડતાલો વગેરેના કારણે શિક્ષણ ક્ષેત્રમાં અશિસ્ત વધતી ગઈ છે. જો કે આની અસર આપણી સંસ્થાઓ ઉપર નહિવત થઈ છે. આમ છતાં ગુજરાતનું રાજકારણ ડહોળાતું જાય છે અને ગુજરાતની પ્રગતિમાં અવરોધ પેદા કરશે એવી ધાસ્તી રહે છે.

ભારતનું રાજકારણ તો ખૂબ ડહોળાઈ ગયું છે. પશ્ચિમ બંગાળમાં તો પોલીસોની પણ સલામતી નથી. બીજા ભાગોમાં પણ શાંતિ જોખમાતી જાય છે. સમાજવાદના નારાથી પ્રગતિ સધાવાની નથી. સખ્ત કામ સિવાય આબાદી અને સંપત્તિ નથી. ભારત સરકાર મિલકતો ઉપર ટોચ મર્યાદા મૂકવા માગે છે અને આમ કરી ગરીબ વર્ગના મતો મેળવવાની રમત ચાલી રહી છે. આમાં તેમને ફાયદો કરવાની દાનત નથી માત્ર રમત છે. આ બધાના કારણે લોકોના જીવ અદ્ધર છે. મિલકતો અને મુડી જવા બેઠી છે એના ભયે ધંધા રોજગાર પ્રત્યે ઉત્સાહ રહ્યો નથી. સૌને ગરીબ બનાવી સમાજવાદ લાવવાની રીત ખોટી તો છેજ ઉપરાંત જોખમી પણ છે.

આની અસર ઓછાવત્તા અંશે શિક્ષણ સંસ્થાઓને થવાની. એની શિસ્ત અને કામગીરીને અસર થવાની.

આમ છતાં આગામી વર્ષની ઉજળી આશાઓ સાથે આ વર્ષ પૂરું કરીએ છીએ.

# ત્રણ કાવ્યો

અનામી

## [ ૧ ]

## અવળાં મૂલ્ય

કૈં ખબર પડતી નથી કે કેમ આવું થાય છે!
દમ બ-દમ અન્તર નિરંતર ભાવથી ઉભરાય છે. ...કૈં

તાઝા-બ-તાઝા નૌ બનૌ અંતર હતું ઉષ્માભર્યું,
શા સમયના ફેરફારો! બૂઝ-દિલ કાં થાય છે? ...કૈં

જ્યારે હતી ઝિન્દા-દિલી ક્યાંયે હતા ના આગળા!
ખુલ્લાં અગાશી–ચોક: આજે બારણાં દેવાય છે. ...કૈં

ત્યારે હતી કેવી શરાફી! લાખનાય હિસાબ ના,
આજ કાણી કોડીઓનીયે ગણુતરી થાય છે! ...કૈં

શ્રેય શું ને પ્રેય શું ત્યારે હતી ચોકખી નઝર,
આજ આ પરિવર્તને વિચ્છેદ વસમો થાય છે. ...કૈં

ત્યારે હતી લીલા પ્રભુની કર્મ નિષ્કામી મહીં,
કર્મ કાજે કર્મ આજે; ક્યાં ગતિ આ થાય છે? ...કૈં

પામવાનું ના કશું ને શોધનો રઘવાટ શો!
રે જમાનો! અંત ક્યાં? કૈં હીર એળે જાય છે. ...કૈં

દોસ્તો કહે છે હે અનામી! આ બલા સૌ કાળની;
કાળની બલિહારી છે કે મૂલ્ય અવળાં થાય છે! ...કૈં

---

## [ ૨ ]

## નાનકડા હૈયામાં

નાનકડા હૈયામાં આ શા અરમાન?
કણુકણુમાં રણુકતું રંગભીનું ગાન
નાનકડા હૈયામાં શા આ અરમાન?

એને ન આદિ અંત
રૂપરંગ કાયા,
પલપલ પલટાતી એની
મરમીલી માયા.

એનાં અમરતને અધરે ધરું ન ધરું
પીવાતું ઝાંઝવાનું પાન ...નાનકડા

પાંપણુને પલકારે પાતાળે પેસતું,
ઘડીઓમાં ગગનની ગલીઓમાં બેસતું,
એના સ્વરૂપને પરશી પામું ન પામું
પલકમાં પલટતું વાન ...નાનકડા

શેને વરતાય તારા આસમાની ઓરતા,
માયાવી બાગ તારા અણુસારે મ્હોરતા,
ભૂલેલા ભોમિયા શું ભમવાનું ભાગ મારે
ભવને આ ભૂંડા વેરાન! ...નાનકડા

---

## [ ૩ ]

## ભાવિને

ગંગોત્રીનું મુખ કહીં? લવલેશ જાણ્યું,
યમુનોત્તરી પ્રભવસ્થાન નહીં પ્રમાણ્યું.
ઉન્મત્ત ભવ્ય રસયોગ પ્રયાગ માણ્યો,
ત્યાં તો અતીત! ચલ સાંપ્રતને ન નાણ્યો!

આ શો રસાર્દ્ર નવ સાંપ્રતનો અતીત!
જેની ગુહા અતલ, દંષ્ટ્ર કરાલ, કાળ
જે કાળનો, ઉદર-અબ્ધિ શું શંખ મોતી
અંધાર ગાઢ જડ દીપ, શકું ન શોધી?

નેપથ્ય આ નયનને પટ ભિન્નરંગી,
દૃશ્યો અનેક, નહિ મેળ, અહો વિસંગી!
એકકેય ને લહી શકું અખિલાઈમાં ના
રે ભાવિ! ભાવિ! તવ ભાવિ હશે જ શું આ?

ખોલો વિરાટ! પટ ઘુંઘટ સ્હેજ ખોલો
બોલો દયા, નિયતિ! મૂકની વાણી બોલો!

---

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

## સમર્થ વૈદ

કુળવાન ઘરની એક વિધવા હતી બિચારી ભૂલ કરી બેઠી. સમાજમાં ચર્ચા થવા લાગી. પોલીસ હેરાન કરવા લાગી. રાત પડી. યુવતી કૂવે પડવા આવી. આ ટાણે એક વૈધ ત્યાંથી પસાર થયા. યુવતીને સમજાવી ઘેર લઈ ગયા અને પોતાને ઘેર રાખી પોલીસ અમલદારે જામસાહેબને ફરિયાદ કરી. રાજનું તેડું આવ્યું વૈદે જામસાહેબને સમજાવી લીધા. યુવતીને પોતાને ઘેર પ્રસૂતિ કરાવી.

ઊતર્યો અમલદાર કોઠીનો. એક દીવાનને રુખસદ મળી. તેની પુત્રી બિમાર હતી. આ વૈધ તેની દવા કરતા. છોકરીને દાડમ ખાવાની ઇચ્છા થઇ. દાડમ ફક્ત રાજદરબારમાં આવતા બીજે ક્યાંય મળતા નહોતા આ વૈદજીએ જામસાહેબ પાસે દાડમની માગણી કરી. જામસાહેબે દાડમનો આખો કરંડિયો મોકલી આપ્યો.

આ વૈદરાજ સુધરાઇના પ્રમુખ થયા. રાજાની રખાતે ઘર બંધાવવાની પરવાનગી માગી. મકાનનો થોડોભાગ રાહદારીઓને નડે તેમ હતો તેટલો ભાગ છોડી મકાન બાંધવાની પરવાનગી આપી. બાઇએ ધમકી આપી. તેણે જામસાહેબને વાત કરી તેઓ રૂબરૂ આવ્યા તેમને પ્રમુખની વાત સાચી જણાઇ અને બાઇના હાથ હેઠા પડયા.

વિભાજામને દારૂની ભારે લત શરીર ખખડી ગયેલું. વૈદરાજે પોતાના આ આશ્રયદાતાને સંભળાવી દીધું, ' આપ દારૂની લત છોડી દો નહિ તો આપનું શરીર પડી જશે જો દારૂ ન જ છોડવો હોય તો આવતી કાલથી હું દવા આપી શકીશ નહિ. '

આ નીડર વૈદરાજ તે બીજું કોઇ નહિ પણ સમર્થ વૈદરાજ કરુણાશંકર વિઠ્ઠલજી ભટ્ટ. પિતાનું પ્રથમ સંતાન હોવાથી બાબરી વધારેલી. તેમના માથાના વાળ ઝંડુ જેવા લાગતા એટલે તેમને સૌ ' ઝંડુ ' કહેતા. એ ઉપરથી ' ઝંડુ ભટ્ટજી 'ના હુલામણા નામે ખ્યાતિ પામ્યા. ૧૮૩૧ના મે માસમાં જામનગરમાં તેમનો જન્મ થયો. આ સમયે ' જામનગર કાઠિયાવાડનું વિદ્યાધામ ગણાતું. તેમણે સંસ્કૃતનો અભ્યાસ શાસ્ત્રી પાસે કર્યો. અને વૈદકનો અભ્યાસ પિતા વિઠ્ઠલ ભટ્ટ પાસે.

પિતા રણમલ જામના રાજવૈદ પુત્ર પણ પિતાની સાથે નોકરીમાં જોડાઇ ગયો. રણમલ જામનો સ્વર્ગવાસ થયો. વિભા જામ ગાદીએ બેઠા. વિભાજામ ગાદીએ બેઠા. વિભાજામ ઝંડુ ભટ્ટજીનો ખૂબ આદર કરતા લોકોને શુદ્ધ દવા મળે એ હેતુથી, જામસાહેબની મદદથી એક ' રસશાળા ' સ્થાપી. દેશીદવાઓ બનાવવાનું ભારતમાં આ સૌથી પહેલું કારખાનું હતું. આજે આ સંસ્થા ' ઝંડુ ફાર્મસી ' નામથી જાણીતી છે.

તેઓ ખૂબ નિયમિત જીવન જીવતા. સવારે ચાર વાગે ઊઠે સ્નાન સંધ્યા પૂજાથી પરવારી જામ સાહેબને મળવા જાય. પાછા વળતાં ચોકમાં ઊભેલા દર્દીઓને તપાસી દવા લખી આપે. અગિયાર વાગે ઘેર પહોંચે ઘેર આવેલા દર્દીઓને સલાહ આપે. બપોરે ' રસશાળા ' ના વિદ્યાર્થીઓ જો કે ચર્ચા કરે. ત્રણ વાગે જામસાહેબ પાસે ફરીથી જાય. ત્યાંથી આવી દર્દીઓને સલાહ આપે. પછી ટપાલ લખે. સાંજે ભોજન કરી જ્ઞાતિજનો સાથે વાર્તાવિનોદ કરે. અને રાત્રે દશ વાગે સૂઇ જાય.

વૈદકનું ભણવા આવતા વિદ્યાર્થીઓને પોતાને ઘેર મફત રાખી ભણાવે. તેવી જ રીતે દર્દીઓને પોતાને ઘેર રાખી દવા કરે. તેમનું નિદાન પણ સચોટ ડૉક્ટરોએ હાથ ધોઇ નાખ્યા હોય તેવા કેસ તેમણે સુધાર્યા હતા.

સુધરાઇના પ્રમુખ હતા તે વખતે જન્મમરણની નોંધણીપ્રથા દાખલ કરી. આ ઉપરથી દરેક નાગરિકનું સરેરાશ આયુષ્ય નક્કી કર્યું.

દયાવૃત્તિ અને ઉદાત ભાવનાને લીધે ઘણું કરજ થઇ ગયું. વૈદકમાંથી તો કમાણી કરવી નહોતી લોકકલ્યાણ માટે વૈદકનો ધંધો સ્વીકાર્યો હતો. તેમના એક સહાધ્યાયી પાસેથી ' રસશાળા 'ના દેવા પેટે દોઢ લાખ કોરી લીધેલી. તેમણે એ રકમ માંડી વાળવા કહ્યું પણ ઝંડુ ભટ્ટજી એકના બે નથયા. એક વખત કોઇએ અફવા ફેલાવી કે ઝંડુ ભટ્ટજી પૈસેટકે ખાલી થઇ ગયા છે તેના જવાબમાં તેમણે લેણદારોને તેમનાં નાણાં લઈ જવા સાદ પડાવ્યો.

પરદેશ જવાની ઇચ્છા હતી પણ ભાઇઓના વિરોધના કારણે પૂર્ણ કરી શકયા નહિ.

વિભાજામ ગુજરી ગયા તેનો તેમને આઘાત લાગ્યો. કામ પ્રસંગે નડિયાદ ગયા. ત્યાં છાતીમાં સખત દુઃખાવો ઉપડયો ૧૮૯૮ ના મે માસમાં આ ભલો ઉદ્દાત્ત નીડર વૈદરાજ સર્વશ્રેષ્ઠ વૈદરાજ પ્રભુના ધામમાં પહોંચી ગયો. આ વખતે તેનું વય ૬૭ વર્ષનું હતું.

## ' ગુલાબ ભારતીય સુંઘનાર પરદેશી '

બ્રિટન, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, સ્વીટ્ઝર્લૅન્ડ, હંગેરી અને ઝેકોસ્લોવેકિયા ભારતમાંથી ૫૦૦૦૦૦ ગુલાબ મંગાવે છે. આ ગુલાબ સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન એકના ૫૦ પૈસા આપી ખેડૂતો પાસેથી ખરીદે છે. પુશા સંશોધન કેન્દ્રે ગુલાબની નવી ઘણી જાતો વિકસાવી છે. દિલ્હી, ચંદીગઢ, લખનૌ, બેંગ્લોર અને પુના ગુલાબનાં મુખ્યકેન્દ્રો છે. ખાસ કરીને ગુલાબની ત્રણ

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

## તા. ૫-૧૧-૭૦ અને ૧૨-૧૧-૭૦ના અંકો બંધ

દિવાળીની રજાઓને કારણે તથા છાપખાનામાં પરીક્ષાનું કામકાજ હોવાથી 'સુવર્ણ જયંતી'ના અંક ૪ અને ૫ ઉપરની તારીખે પ્રસિદ્ધ નહિ થતાં ૧૯-૧૧-૭૦ અને ૨૬-૧૧-૭૦ના રોજ પ્રસિદ્ધ થશે. ગ્રાહક અને વાચક ભાઇઓને તેની નોંધ લેવા વિનંતી છે.

—તંત્રી


જ્યારે જીવન મૂલ્યો બદલાય છે....

પહેલા એમ કહેવાતું

"अष्टपुत्रा भव"

હવે—

"માત્ર બે બાળકો જ બસ છે"




નવા મૂલ્યાંકન સ્વીકારી
જીવનને વિશેષ અર્થસભર બનાવો...

કુટુંબ નિયોજન

વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો


:: સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. ::




## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧૩૪૧૪૩) અગળનો સરવાળો
*૨૫૧) શ્રી ડાહ્યાભાઈ રામદાસ પટેલ દેત્રોજવાળા
૧૮ કૃષ્ણ હાઉસીંગ સોસાયટી,
જેલરોડ મહેસાણા
૧૩૪૩૯૪)

* રકમ વસુલ આવી ગઇ છે.

## સાયન્સ કોલેજ ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી ઓકટોબર માસમાં વસુલ આવેલી રકમો.

૫૦૦) શ્રી નવીનચંદ્ર સી દેસાઈ એન્ડ કું. -કડી
૧૦૦૧) શ્રી અંબાલાલ બબાભાઇ પટેલ
કીર્તી કોલોની ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩

## ગૌશાળામાં મળેલ ફંડની યાદી

૨૫૧) સ્વ. વિદ્યાબેન આત્મારામદાસ પટેલના
સ્મરણાર્થે
હ. શ્રી ચંદુલાલ આત્મારામદાસ પટેલ
તરફથી રોકડા મળ્યા છે.

# સંસ્થા સમાચાર

ટેકનીકલ હાઇસ્કૂલમાંથી એક શૈક્ષણિક ટુર સ્પે. બસ દ્વારા બારેજડી, આણંદ, ફર્ટીલાઇઝરનગર, વડોદરા, ડભોઈ, ચાંદોદ-કરનાલી, ટીંબાટુવા, સેવાલિયા, વણાકબોરી બંધ, ઠાકોર તથા અમદાવાદ વગેરે સ્થળોએ જઇ આવી.

ટેકનીકલ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓ સમક્ષ સાયંસ કૉલેજ કડીના પ્રિન્સીપાલ શ્રી એન. જે. પટેલે 'રિફાઇનરી તથા પેટ્રોલિયમ' અંગે વિશદ ચર્ચા કરી.

સાયંસ કૉલેજ કડીના પ્રાધ્યાપકો શ્રી ડૉ. દેવચંદભાઈ યોગી તથા શ્રી ચંદુભાઈ પટેલે પણ અનુક્રમે 'પ્રાણીઓની ઉત્પત્તિ' તથા 'નામ અને તેની આવશ્યકતા' વિષયો ઉપર ટેકનીકલ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને સંબોધ્યા.

વિદ્યાર્થી આશ્રમના છાત્રોનો સત્રાંત વનભોજન કાર્યક્રમ સંસ્થાની ગૌશાળાના ક્ષેત્ર ઉપર રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારથી સાંજ સુધીનો ભરચક કાર્યક્રમ – વિવિધ વ્યાયામ હરીફાઇ, સંગીત હરીફાઇ, વકતૃત્વ સ્પર્ધા, વેશભૂષા કાર્યક્રમ વગેરે રાખવામાં આવ્યો હતો. સંસ્થાના મંત્રીશ્રી દાસકાકા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રીખવદાસ શાહ તેમજ શ્રી ગજ્જર લક્ષ્મીચંદભાઈ (અસારવા બોબીન વર્કસ – અમદાવાદવાળા) વગેરે એ કાર્યક્રમના સમાપન વખતે હાજરી આપી હતી.

સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓની બે ટુકડીઓ પ્રવાસે નીકળી છે. એક ટુકડી સ્પેશ્યલ બસમાં રાજસ્થાનના પ્રવાસે છે. અને બીજી આબુ અંબાજી વગેરે સ્થળોના પ્રવાસ ઉપર છે.

તારીખ ૨૨, ૨૩ ઓકટોબરના દિવસોએ વિસતપુરા મુકામે યોજાયેલા તાલુકા વ્યાયામ સંમેલનમાં સર્વ વિદ્યાલયના લગભગ પચાસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાંઘિક તેમજ વ્યક્તિગત રમતોમાં લગભગ દરેકમાં આ શાળાના વિદ્યાર્થીઓ પ્રથમ વિજેતા બન્યા છે. વ્યાયામવીર તરીકે આ શાળાના વિદ્યાર્થી ઇશ્વરભાઇ ગોરધનદાસ પટેલ આવ્યા છે. સાંઘિક રમતોમાં: માધ્યમિક અ વિભાગ ખોખો અને કબ્બડીમાં પ્રથમ, જુનિયર ખોખો કબ્બડીમાં પ્રથમ, સિનિયર ખોખો અને વોલીબોલમાં પ્રથમ, માધ્યમિક બ વિભાગ વોલીબોલમાં પ્રથમ આવ્યા છે.

ટેલીફોન : નં. ૩૭૭ ઓડીટ વર્ગ : અ : ટેલીએડ્રેસ : "ફાર્મરબેંક"

# ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, : મહેસાણા

સ્થાપના : સને ૧૯૧૬–૧૭

હેડ ઓફીસ : રાજમહેલ રોડ, મહેસાણા.

શાખાઓ :– ચાણસ્મા, કલોલ, વિસનગર, વિજાપુર, વડનગર, માણસા, કડી, સિદ્ધપુર, પાટણ, ખેરાલુ, હારીજ, ઊંઝા, ઓટાણા, સમી, લાડોલ, બેચરાજી, કલ્યાણપુરા, નારદીપુર, અને ઉમતા.

વસુલ આવેલ શેર ભંડોળ રૂા. ૧,૦૬,૦૦,૩૨૫.

થાપણો : ડીપોઝીટસ : રૂા. ૫,૫૧,૧૪,૪૩૩. રીઝર્વ તથા બીજા ફંડો : રૂા. ૬૩,૨૧,૭૯૩

વર્કીંગ કેપીટલ : રૂા. ૮,૬૬,૨૨,૧૮૦.

* આ બેંક મહેસાણા જીલ્લા માટે તમામ સહકારી મંડળીઓની મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા તરીકે કામકાજ કરે છે.

* આ બેંક તમામ પ્રકારનું બેંકીંગ કામકાજ કરે છે.

* આ બેંકની મુખ્ય ઓફીસ મહેસાણામાં તથા વિસનગર, પાટણ, ચાણસ્મા, હારીજ, અને વિજાપુર શાખાઓમાં સેઇફ ડીપોઝીટ વોલ્ટની સગવડ છે.

–: વધુ વિગત માટે રૂબરૂ મળો યા લખો :–

વેલજીભાઈ બી. પટેલ, મેનેજર. આત્મારામ એમ. પટેલ, ઉપ-પ્રમુખ. નટવરલાલ અમૃતલાલ પટેલ, પ્રમુખ.

[ પાન ૫ ઉપરનું ચાલુ ]

જાતોની વધારે માંગ છે. (૧) સુગંધ વિનાની પણ રંગીન અને સુંદર 'સુપર સ્ટાર' (૨) કોમળ પીંક 'ક્વીન ઇલીઝાબેથ' અને (૩) ઘેરા લાલ રંગવાળી 'હેપીનેસ'. આ ઉપરાંત ખુલતા સોનેરી પીળા 'પુસ્સા સોનેયા'ની યુરોપમાં વધારે માંગ છે બેલ્જિયમમાં ભરાયેલ પ્રદર્શનમાં ભારતીય પુષ્પ-પર્ણોએ આગવું આકર્ષણ જમાવ્યું હતું. ફલંપુષ્પ પત્રં તોયંનું માનવજીવનમાં તત્ત્વનું સ્થાન છે. એક ચીની કહેવત પ્રમાણે :

'જો ત્રણ કલાક માટે સુખી થવું હોય તો દારૂ પીવો.
જો ત્રણ દિવસ માટે સુખી થવું હોય તો કુક્કર ખાઓ.
જો ત્રણ મહિના માટે સુખી થવું હોય તો લગ્ન કરો.
જો તમારે જિંદગીભર સુખી થવું હોય તો માળી બનો.'

## છોકરાઓનું શું કરવું.

આપણા છોકરાનું શું કરવું એમ માબાપો વિચાર્યા કરે છે. અંગ્રેજી કુટુંબોમાં એવો ધારો જોવામાં આવે છે કે સહુથી કુટડા છોકરાને સિપાહી બનાવે, હોશિયારને દાક્તર કે બેરિસ્ટર અને ઠોઠને પાદરી, આ ધારાને ઘણા અપવાદ છે. અને એક મોટો અપવાદ તો એ કે સારા કુટુંબમાંથી એક જણ સાર્વજનિક કામને સારૂ તૈયાર થાય. હિંદની હાલ એવી દશા છે કે સાર્વજનિક કામને સારૂ એક છોકરાને તો દરેક માબાપે તૈયાર કરવો જોઇએ. માબાપ પોતાના એક છોકરાને દેશસેવાને સારુ તૈયાર કરે, તો દેશનો ઉદ્ધાર ઘણી જ થોડી મુદતમાં થાય.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૯–૧૦–૭૦

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૧૯-૧૧-૭૦ [ અંક ૪


## પુત્રો અને પૌત્રો માટે ગૌરવ અને આનંદ

કડીમાં વિદ્યાર્થી આશ્રમની શરૂઆત કરી ત્યારે કેટલાક સુખી ગૃહસ્થોએ આશ્રમની ઓરડી ઉપર તક્તાં મુકવા માટે તે સમયે નક્કી કરેલ રકમનું દાન આપેલું.

આજે એમના નામની તક્તીઓ આશ્રમની ઓરડીઓ ઉપર છે. એમના પુત્ર અને પૌત્રો ભણવા આવે છે અને એ ઓરડી ઉપર એમના પિતા કે દાદાજીનું નામ વાંચી ગૌરવ અનુભવે છે'

કોલેજની હોસ્ટેલ-વિદ્યાર્થી છાત્રાલયની ઓરડીઓ તથા કોલેજના ઓરડા ઉપર તક્તી મુકવાની યોજના છે. આ યોજના નીચે મુજબ છે.-

રૂ. ૧૧૦૦૧) કોલેજના મોટા ઓરડા ઉપર તક્તી.
રૂ. ૫૦૦૧) કોલેજના નાના ઓરડા ઉપર તક્તી.
રૂ. ૨૫૦૧) કોલેજ હોસ્ટેલની ઓરડી ઉપર તક્તી.

સુખી ગૃહસ્થો દાન આપે અને એમના નામની તક્તી ચઢે. દાન આપ્યા પછી તક્તી ચઢે એવી ઇચ્છા કે મોહ નથી હોતો. પણ જ્યારે એમના પુત્રો અને પત્રૌ અહીં ભણવા આવે અને તક્તી જુએ ત્યારે એમને અનહદ આનંદ થાય અને જો એમના દાદા કે પિતાની તક્તીવાળી ઓરડીમાં રહેવાનું થાય તે એમના આનંદનો પાર ના રહે.

રૂ. ૧૦૦૧)નું દાન આપનાર સુખી ગૃહસ્થોના નામો પણ તક્તીમાં મુકવામાં આવનાર છે.

લક્ષ્મી ચંચળ છે, તે કોઈની થઈ નથી અને થવાની નથી. આજે ભગવાને આપણને સુખી કર્યા તો સારા કામમાં હાથ લંબાવવામાં આપણને આનંદ થવો જોઇએ.

વિદ્યાની વૃદ્ધિ માટેનું દાન આપણાં ધર્મશાસ્ત્રોએ શ્રેષ્ઠ ગણ્યું છે. લક્ષ્મીને કેદ કરનાર પાસેથી લક્ષ્મી રિસાઇ જતી રહે છે. લક્ષ્મીનું દાન આપી સુયોગ્ય વિરતરણ કરે છે તેને ઘેર લક્ષ્મી વાસ કરી રહે છે એમ કહેવામાં આવે છે.

રૂા. ૨૫૧) અને તેથી વધુ રકમનું દાન કરનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભ્ય બને છે. મંડળની તમામ શિક્ષણ સંસ્થાઓનું સંચાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કરે છે.

આમ આજીવન સભ્ય થનાર આપણી સંસ્થાઓના સંચાલનમાં ભાગીદાર બને છે. એના ઉત્કર્ષમાં એ રસ લેતા થાય છે.

૧૦-૧૧-૭૦ પુરૂષોત્તમદાસ પટેલ

---

: : આપનો ફાળો ઉદારતાથી નોંધાવવા વિનંતી : :

# મીઠા અનુભવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી આ વરસમાં આપણ ઉજવવાના છીએ. સુવર્ણ જયન્તીના ફંડ માટે કડી તાલુકાનાં બધાંએ ગામડામાં જવાની શરૂઆત લાભપાંચમથી કરી. આ વરસ સારું છે. ભગવાને મહેર કરી છે.

અમને થયેલ અનુભવ આ લેખમાં લખું છું. તેમાં વ્યક્તિ નાં નામ લખતો નથી તો વાંચકો માફ કરે. વ્યક્તિનાં નામ લખવામાં બધાએ નામો લખી શકાય નહિ અને કોઈ રહી પણ જાય.

સીયાપુરાથી શરૂઆત કરી. સીયાપુરા, બોરીસણા, નાનીકડી. જયદેવપુરા, પિરોજપુર, અને રંગપુરડા નાનાં ગામ પણ ખૂબ ઉમંગ બતાવ્યો. એકબીજાનાં માન સાચવે.

ફંડની લખણી શરૂ કરી. બેઠેલા ભાઈઓના દીલમાં ઉમંગ હતો. કોઈ સંકોચાય તો બેઠેલા બોલી ઉઠે, સુરત ભાલ જેવું થયું હોત તો મહેનત માંથે ના પડી હોત? ભગવાને આપ્યું છે તો શક્તિ મુજબ શા માટે ના આપવું? આ પૈસા ક્યાં તમારાં ઘેર લઈ જવાના છો? અમારાં છોકરાં ભણવાનાં છે. તમે તો અમારાં છોકરાં માટે ફંડ લખાવા આવ્યા છો. તમારાં છોકરાં તો બહાર ભણે છે. એટલે તમે તો અમારું કામ કરી રહ્યા છો.

વઢવાણ સ્વામિનારાયણ મંદિરના મહારાજ શ્રીનો એક ગામે મુકામ હતો. અમે એમનાં દર્શન કરવા ગયા. અમે ગયા તુરત તેઓશ્રી બહાર આવ્યા. અમે તેઓશ્રીને અમારા આ ગામે આવવાનો હેતુ જણાવ્યો. તેઓશ્રી ખૂબ આનંદ પામ્યા અને કહ્યું કે વિદ્યાવૃદ્ધિ એજ ખરું કામ છે અને એ માટે સૌએ શક્તિ પ્રમાણે આપવું જોઈએ. દાનોમાં વિદ્યાદાન શ્રેષ્ઠ છે. તેઓશ્રીએ જણાવ્યું કે મને વિદ્યાવૃદ્ધિની પ્રવૃત્તિ ખૂબ ગમે છે અને જ્યાં જ્યાં હું જઈશ ત્યાં મારા ભક્તોને તમારા આ કામમાં ફંડમાં મદદ આપવા ઉપદેશ આપીશ. મારા તમને આશીર્વાદ છે અને તમારું કામ સફળ થશે

એક ગામમાં બે રાગ પણ આ કામમાં બધા ભેગા થઈ ગયા. અને કહે, અમારાં બધાંનાં છોકરાં માટે તમે કામ કરો છો. એમાં અમારા બે રાગ કે ત્રણ વચ્ચે શા માટે આવે? અમે કડીની સંસ્થાનો લાભ લીધો નહિ હોય તો અમારાં છોકરાં લેશે. કડીની સંસ્થા સૌને માટે છે. એ તો વૃક્ષ છે. જે જાય તેને છાયો આપે છે. પરબ મંડાવે છે એ પોતાને પાણી પીવા? પરબ તો બીજાઓ માટે–જનાર આવનાર માટે મંડાવે છે.

એક ગામમાં ગયા એક ભાઈને ઘેર ગયા. આંગણામાંથી પડોશમાંથી કોઈએ સમાચાર આપ્યા કે તે ભાઈ ઘેર નથી. એટલે અમે પાછા વળતા હતા ત્યાં ઘરમાંથી એક બહેન બોલ-ચાલ સાંભળી બહાર આવ્યાં અને ઉમંગ ભેર કહ્યું કે "એ તો બહાર ગયા છે પણ ઘર તો સાથે નથી લઈ ગયા" આવો બેસો. ખાટલા ઢાળ્યા. અમને બેસાડયા અને ચાપાણીથી અમારું સ્વાગત કર્યું. ત્યાં ઘણા ભાઈઓ ભેગા થઈ ગયા અને ફાળાનું કામ મોડી રાત સુધી ઘણા ભાઈઓએ સાથે ફરી સારી રીતે પતાવી આપ્યું. એ બહેનના મીઠા આવકારના શુકન ફળ્યા.

ગામના આગેવાનો એકબીજાને વધુ લખાવવા આગ્રહ કરતા એટલું જ નહિ પણ ખળે ગયેલાને પણ તેડી લાવી લખાવતા. રાતના થાક્યા પાક્યા સુઈ ગયેલાને જગાડતા અને રકમો લખાવતા.

આ અંકમાં લખણીની રકમો છાપી છે. ફંડ માટે કડીથી આવેલા શ્રી છગનભાઈ વકીલ, શ્રી રતિલાલ મગનલાલ, શ્રી ધનાભાઈ વકીલ અને શ્રી માણેકલાલ (ચીફ ઓફીસર) તથા શ્રી ચુનીભાઈ (પટેલ એન્જીનિયરીંગ સ્ટોર કડીવાળા) વગેરે તરફથી તથા મારા તરફથી સૌ ભાઈઓએ સંસ્થા પ્રત્યે દાખવેલા પ્રેમ બદલ આભાર માનું છું.

૧૪–૧૦–૭૦ પુરુષોત્તમદાસ પટેલ

[ પાન ૭ ઉપરનું ચાલુ ]

૩૫૨૧) રંગપુરડા તા. કડી
૫૦૧) શ્રી અંબારામદાસ બાપુદાસ
હા શ્રી પ્રહલાદભાઈ અંબારામદાસ
હા. શ્રી શીવાભાઈ અંબારામદાસ
૨૫૧) શ્રી કચરાભાઈ મગનદાસ
૨૫૧) શ્રી ગોવાભાઈ શંકરદાસ
૨૫૧) શ્રી બેચરભાઈ શંકરદાસ
૨૫૧) શ્રી ગલાબજી ગોબરજી પરમાર
૨૫૧) શ્રી નારણભાઈ મોહનદાસ
૨૫૧) શ્રી પરસોત્તમદાસ હરગોવનદાસ
૨૫૧) શ્રી મોહનદાસ ગંગારામદાસ
હા. શ્રી બાબુલાલ મોહનદાસ
૧૫૧) શ્રી અંબારામભાઈ મોહનદાસ
૧૫૧) શ્રી જોઈતારામ અમથારામ
૧૫૧) શ્રી કાન્તીલાલ સોમનાથ
૧૫૧) શ્રી અંબારામ હીરદાસ
૧૦૧) શ્રી શીવાભાઈ જીવીદાસ
૧૦૧) શ્રી પ્રહલાદભાઈ પરસોત્તમદાસ
૧૦૧) શ્રી બબાભાઈ મોહનદાસ
૧૦૧) શ્રી કેશાભાઈ શંકરદાસ
૫૧) શ્રી પ્રતાપજી કેશુજી પરમાર
૫૧) શ્રી ચુનીલાલ કાળીદાસ
૫૧) શ્રી નથુભાઈ પરસોત્તમદાસ
૫૧) શ્રી સોમાભાઈ પરસોત્તમદાસ
૫૧) શ્રી સોમાભાઈ સુળચંદદાસ
૭૦૦) ધી ગુજરાત ઓઈલ એન્જીન પ્રા. લી. અમદાવાદ
૧,૫૨,૩૬૪) ...કુલ રૂ.

# નૂતન વર્ષમાં પ્રવેશ

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ

દિવાળી–અમાસનો અંધકાર દૂર કરવા આપણે દીવા કર્યા. દીવાના તેજે આપણામાં પ્રેરણા પૂરી. આપણને નૂતન વર્ષમાં તેજની આશાઓ સાથે પગ મુકવા પ્રેર્યા. આપણે નૂતન વર્ષમાં પ્રવેશ કર્યો.

ઘણી આશાઓ સાથે નૂતન વર્ષમાં આપણે પ્રવેશ કર્યો છે. આશાઓના રટનથી આશાઓ પૂરી થતી નથી. આશાઓને પ્રાપ્ત કરવા બુદ્ધિપૂર્વક આપણે સખ્ત કામ કરવું જોઈશે. પરિશ્રમ વિના કાંઈ પણ પ્રાપ્ત થતું નથી.

જૂના જમાનાની વાતોમાં તપશ્ચર્યાની વાતો આવે છે. સખ્ત તપ કરવાના કારણે ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કર્યાના દાખલા મળે છે. સખ્ત તપશ્ચર્યાથી ભગવાન પ્રાપ્તિની વાતો પણ છે.

ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા સખ્ત પરિશ્રમ એટલે તપશ્ચર્યા. ભગવાનને પ્રાપ્ત કરવા હોય તો પણ સખ્ત પરિશ્રમ જરૂરનો છે. તપશ્ચર્યાની વાતો આપણને સખ્ત પરિશ્રમ કરવા પ્રેરણા આપે છે.

આપણા દેશમાં આબાદી સાધવાનો, સંપત્તિ વધારવાનો અને ગરીબાઈ નિવારવાનો નવો કીમિયો અપનાવવામાં આવ્યો છે. સમાજવાદના નામે જમીનો ઝૂંટવી ઉત્પાદન વધારવાનો, હડતાલો અને ઘેરાથી કારખાનાનાં ઉત્પાદન વધારવાનો અને કાયદા અને વ્યવસ્થાને જોખમી દેશમાં સમાનતા સ્થાપવાનો. આ રીતે કોઈપણ દેશે પ્રગતિ કરી નથી. રશિયા અને સામ્યવાદી ચીને સમાજવાદ અપનાવ્યો પણ એમનો સમાજવાદ સુત્રો પોકારવામાં નહોતો પણ સખ્ત પરિશ્રમ કરવાનો હતો. વધુ કલાક કામ કરી દેશના ઉત્પાદનમાં વધારો કરવાનો હતો. ત્યાં સમાજવાદના નામે સરઘસો અને હડતાલોને સ્થાન નથી, ઘેરાનું નામ નિશાન નથી. દરેક વ્યક્તિએ સખ્ત કામ કરવું જ પડે છે. નિયત થયેલ કામથી ઓછું કામ કરનારને શિક્ષા થાય છે. કોઈ ચીજ ના હોય તો પરદેશથી મંગાવવામાં આવતી નથી પણ લોકોને ચલાવી લેવાનું કહેવામાં આવે છે. સમાજવાદનાં સુત્રો પોકારી ગરીબાઈ હટાવવાના પ્રયોગ ત્યાં થતા નથી પણ સખ્ત કામ કરી ઉત્પાદન વધારી અછત અને ગરીબાઈ ટાળવા ત્યાં પ્રયાસ થઈ રહ્યા છે. આમ છતાં મોંઘવારી ત્યાં ઓછી નથી. ભારતમાં બનેલા જોડા રશિયામાં શું ભાવથી મળે છે એનો વિચાર કરીએ તો આપણને દેખાશે કે ચળકે છે એ બધુ સોનું નથી.

પશ્ચિમ જર્મની ઉપર બીજી લડાઈમાં સખ્ત બોમ્બમારો થયો. પરિણામે તેનાં કારખાનાં ખેદાનમેદાન થઈ ગયેલાં. ઉદ્યોગો મૃતપ્રાય થયેલા. એ જર્મની આજે આગળ વધેલા દેશોની હરીફાઈ કરી રહેલું છે. આ બધુ સુત્રોથી થયું નથી પણ સખ્ત પરિશ્રમથી થયું છે. ત્યાંના કામદારોએ માત્ર નામનું મહેનતાણું લઈ–જીવવા જેટલું લઈ એ કારખાનાં ઉભાં કર્યાં, એને લઈ એમની ગરીબાઈ હટી. ત્યાં કારખાનાનો માલિક ચુસણખોર છે એમ ગણી હડતાલો ના પાડી - ઘેરા ના ઘાલ્યા પણ એના કારખાનાની આબાદીમાં એમની પોતાની આબાદી માની સખ્ત કામગીરી બજાવી. એને લઈ પશ્ચિમ જર્મની આજે રશિયા સામે ટક્કર મારી રહ્યું છે. બર્લીન આસપાસ ચારે તરફથી સામ્યવાદી પ્રદેશથી ઘેરાયેલું હોવા છતાં સામ્યવાદીઓની પરવા કર્યા સિવાય જર્મનો હિંમતથી જીવી રહ્યા છે અને બર્લીનની એક ઈંચ જેટલી જમીન હડપ કરવાની હિંમત સામ્યવાદી સત્તાઓ કરી શકતી નથી.

આપણને અડીને જાપાન છે. ગઈ લડાઈમાં એના ઉપર એટમ બોંબ પડયા. એ ખેદાનમેદાન થઈ ગયું. ગુલામ પણ બન્યું. છતાં હિંમત ના હાર્યું. એને સુત્રો અપનાવી આબાદી પ્રાપ્ત કરવાનું ના કર્યું પણ દીલમાં રાષ્ટ્રભક્તિ રાખી સખ્ત કામ કર્યું. જાપાન આજે ઉદ્યોગોમાં બીજા આગળ વધેલા દેશોની હરીફાઈ કરી રહ્યું છે.

જાપાનને આજે કોઈ પણ દેશ ઉપર આધાર રાખવો પડતો નથી. જાપાનમાં જવાળામુખી વિશેષ છે. ત્યાં લોખંડ વગેરે ધાતુની ખાણો નથી. કાચો માલ ઓસ્ટ્રેલીયા તેમજ ભારત વગેરે દેશોમાંથી આયાત કરી એને કારખાનાં ચલાવવાં પડે છે છતાં સસ્તામાં સસ્તા ભાવે એ એનું ઉત્પાદન આપી શકે છે. અમેરિકાનું બજાર પણ એણે કબજે કર્યું છે. એને પોતાના રક્ષણ માટે તેમજ યુદ્ધ સામગ્રી માટે અમેરિકા કે રશિયાની પગચંપી કરવી પડતી નથી.

જાપાનમાં આ શક્ય બન્યું તે સમાજવાદનાં સુત્રોથી નહિ પણ સખ્ત પરિશ્રમથી. ત્યાંના વિદ્વાનો તેમજ કારીગરો રાષ્ટ્રની સેવા સખ્ત કામગીરી કરી કરે છે. માત્ર સુત્રો પોકારી રાષ્ટ્રની સેવા કરવાના માર્ગે એ ચઢયા નથી.

એ દેશોમાં વિદ્વાનો દેશ પરદેશના ઈતિહાસો અને બનતા બનાવોથી વાકેફગાર રહે છે અને પોતાના દેશને માર્ગદર્શન આપે છે. ત્યાં વિજ્ઞાન શાસ્ત્રીઓ અને ટેકનિશિયનો રાત-દિવસ પરદેશોનાં થતા પ્રયોગોનો અભ્યાસ કરે છે અને પોતાનો દેશ પાછળ પડી ના જાય તે સારૂ નવી નવી શોધો કરે છે. ત્યાં કોલેજના અધ્યાપકો અને પ્રાધ્યાપકો નિરંતર નવી નવી શોધખોળોની પાછળ રત રહે છે અને પોતાના દેશના ચરણે નવી નવી શોધખોળો ધરે છે. ત્યાં કામગીરીના ઓછા કલાક કરવા લડતો ચાલતી નથી પણ વધુ અને વધુ કલાક કામગીરી કરી રાષ્ટ્ર સેવા કરવાની હરીફાઈ ચાલે છે.

એમના નાના મોટા કામોનું મધ્યબિન્દુ રાષ્ટ્ર રહે છે. પોતાનું શું એનો ઓછો વિચાર કરે છે પણ રાષ્ટ્રનું શું એજ વિચારે છે.

રાષ્ટ્રને માટે, રાષ્ટ્રના સ્વમાન માટે સર્વસ્વ હોમી દેવાની તમન્ના ત્યાં છે.

નૂતન વર્ષમાં આપણને આ દેશોએ કરેલી પ્રગતિ માર્ગદર્શક બનો અને એમણે ગરીબાઇ હટાવવા કરેલ સખ્ત પરિશ્રમ આપણને પરિશ્રમ કરવા પ્રેરો.

નૂતન વર્ષમાં આપણામાં રાષ્ટ્રભક્તિ–રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રબળ બનો અને આપણા હાથે એવું કાંઇપણ ના થાય કે જેથી રાષ્ટ્રને હાનિ પહોંચે કે એની પ્રતિષ્ઠા જોખમાય. પ્રભુ આપણામાં બળ અને બુદ્ધિ પ્રેરો.

નૂતન વર્ષમાં આપણી સંસ્થાને ના ભૂલીયે; અંધકાર દૂર કરવા દીવો પ્રગટાવવાથી દીવો હશે ત્યાં સુધી તેજ મળશે પણ જ્ઞાનદીપ પ્રગટાવવાથી 'જીંદગીભર તેજ મળશે અને આપણે અને આપણી ભાવી પ્રજા તેજસ્વી બનશે.

આ કામ સારી શિક્ષણ સંસ્થા જ કરી શકશે. શિક્ષણને-વિદ્યાને-શિક્ષણ સંસ્થાઓને તેજસ્વી બનાવી આપણે અને આપણી પ્રજા તેજસ્વી બની શકીશું.

શિક્ષણ સંસ્થાના સંચાલકોની–આચાર્ય અને શિક્ષકોની મહાન જવાબદારી છે. ભાવી પ્રજાને ઘડવાની એમની કામગીરી છે. રાષ્ટ્રભાવનાથી ભરેલી ભાવી પ્રજાનું ઘડતર એમને કરવાનું છે. ભાવી પ્રજામાં નીતિમત્તા અને ચારિત્ર્ય એમને ઘડવાનું છે. ભાવી પ્રજાને યોગ્ય અને બળપ્રેરક શિક્ષણ એમને આપવાનું છે.

આ જવાબદારી જેવી તેવી નથી. દેશની શિક્ષણ સંસ્થાઓ ઉચ્ચ કક્ષાની બને તો જ દેશને ઉપયોગી થાય. ભાવી પ્રજામાં શિસ્ત, સંયમ, શક્તિ અને બુદ્ધિબળ આપનારી શિક્ષણ સંસ્થાઓ છે.

નૂતન વર્ષમાં પ્રભુ આપણને-શિક્ષણ સંસ્થાઓના સંચાલકોને, આચાર્ય અને શિક્ષણગણને પ્રેરણા આપો કે જેથી ભાવી પ્રજાના યોગ્ય ઘડતરમાં આપણે ફાળો આપી શકીએ.

નૂતન વર્ષમાં દેશમાં શાંતિ અને વ્યવસ્થા ટકી રહે અને સૌ એકબીજાનો સહકાર લઇ–સહકાર આપી દેશને શક્તિશાળી બનાવે સૌને એવી પ્રભુ પ્રેરણા આપો.

**સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.**

## સંયમ-સાધના અને વિવેક | રાય

વિશ્વમાં સર્વ વસ્તુઓની ઉપલબ્ધિ શકય છે. કશું જ અશકય નથી એમ કહેવું પણ વધારે પડતું નથી. પણ સંયમ અને આત્મનિગ્રહ વધુ જટિલ કષ્ટસાધ્ય વસ્તુઓ છે. સંયમ-સાધના એ સહજ નથી.

મુનિઓ, સાધુઓ મોટે ભાગે વર્ષાઋતુના ચાર મહિનાઓ યાત્રા કરતા નથી; પણ કોઇપણ નિશ્ચિત એક જ સ્થાને રહીને સંયમ-સાધના કરે છે અને શાસ્ત્રપઠન કરે છે. કેટલાક વળી પૂર્વનિશ્ચિત ગામ યા શહેરમાં જઇ ધર્મોપદેશ કરી લોકોને ધર્મકાર્યો તરફ પ્રેરિત કરવાનો કાર્યક્રમ રાખે છે.

આ એક જાણીતી વાત છે– ચાતુર્માસનો સમય આવતા આચાર્યે શિષ્યોને પૂછ્યું : "કોણ, કયાં અને કેવી રીતે ચોમાસુ વીતાવવા માગે છે ?

એકે કહ્યું : સુદૂર વનમાં કોઈ એક ભગ્ન મંદિરમાં જ્યાં ધ્યાન અને યોગાભ્યાસ માટે અનુકૂળ વતાવરણ હોય !

બીજાએ કહ્યુ : પર્વતની તળેટીના કોઇએક અજ્ઞાત, શ્રીહીન ગામના અશિક્ષિતોની વચ્ચે, જ્યાં આજ સુધી કોઇ સાધુ ગયો ન હોય.

ત્રીજાએ કહ્યું : સિંહની ગુફામાં; જ્યાં હું મારા આત્મબળની પરીક્ષા કરી શકીશ.

આમ સૌ શિષ્યોની રુચિ લઇ આચાર્યે સસ્નેહ 'તથાસ્તુ' કહી અનુજ્ઞા આપી. છેલ્લે સાધના સોપાનના અગ્રણી આરોહી સ્થૂલિભદ્ર તરફ આચાર્યે દૃષ્ટિપાત કર્યો. સ્થૂલિભદ્રે નિર્વિકારભાવે સ્થિરદૃષ્ટિએ કહ્યું– 'નર્તકી કોશાને ત્યાં.'

બધા શિષ્યો ઉપર જાણે વીજળી પડી. સૌ વિતૃષ્ણા વ્યંગ, ઉપહાસ અને તિરસ્કારથી એને જોઇ રહ્યા. પરંતુ આચાર્યે તો સહેજે વિચલિત થયા સિવાય જ ચહેરા ઉપર આશીષપૂર્ણ મલકાટ સાથે 'તથાસ્તુ, કહી અનુજ્ઞા આપી. શિષ્યો અવાક્ બની આચાર્યને તાકી રહ્યા. આમેય બધા શિષ્યો મનમાં સ્થૂલિભદ્રના આ દુઃસાહસપૂર્ણ વાસના પ્રદર્શન ઉપર ધૂંધવાયા તો હતા જ, એમાં વળી આચાર્યશ્રીની અટલ સ્વીકૃતિથી વધારે દુઃખ, ગ્લાની અને આશ્ચર્ય ઉમેરાયાં.

કુલીન વંશજ સ્થૂલિભદ્ર વૈરાગ્ય–દિક્ષા મેળવતા પહેલાં બાર વર્ષ સુધી રાજનર્તકી 'રૂપકોશા'ના મોહપાશમાં આબદ્ધ હતો અને વાસનાના ઘૂંટડાઓનું આકંઠ પાન કરી ધરાયા પછી વૈરાગ્ય–દીક્ષા લીધી હતી – એ હકીકત કોણ નથી જાણતું ?

ચાતુર્માસની પરિસમાપ્તિનો છેવટનો દિવસ ! બધા શિષ્યો એક પછી એક પોતપોતાની સાધનાની ઉપલબ્ધિથી આત્મતુષ્ટ-

પરિતૃપ્ત થઈ આવી ગયા હતા. એક સ્થૂલિભદ્ર જ નહોતો આવ્યો. શિષ્યોના ચહેરા ઉપર વિજયગર્વનો ભાવ અંકિત હતો. આચાર્યની પરાજિત ઉદારતા પ્રતિ પરિતાપનો ભાવ હતો. પરંતુ આચાર્યના ચહેરા ઉપર તો એક જ સુમિષ્ટ હાસ્ય વિલસી રહ્યું હતું– કેવું આશ્ચર્ય ?

પ્રવચનના આરંભમાં જ સ્થૂલિભદ્ર દેખાયો આચાર્યને પ્રણામ કરી આશિશ મેળવ્યા. પછી સૌની સાથે જઈ પ્રવચન સાંભળવા બેઠો. સૌ એકટક એને નીરખી રહ્યા, પરમ દિવ્ય શાંતિ એક અલૌકિક પરિતોષની આભા સ્થૂલિભદ્રના મુખારવિંદ પર દીપ્ત હતી. પણ કેટલાકની દૃષ્ટિમાં એની આ પરિતૃપ્તિ, કુશળતાપૂર્વકની પ્રવંચના લાગી.

બીજું વર્ષ– અને ફરી ચાતુર્માસ અવસાર આવ્યો. શિષ્યોએ પોતપોતાના ગન્તવ્ય સ્થાન નિવેદન કરી આચાર્યની અનુજ્ઞા માગી પણ એક શિષ્યે અત્યંત સાહસપૂર્વક 'નર્તકી કેશા'ને ત્યાં જવાની રજા માગી. આચાર્ય ચિંતિત નેત્રે એને જોઈ રહ્યા. થોડીવારે બોલ્યા : 'વત્સ, તું હજી એને યોગ્ય નથી; જાણી જોઈને પરાજયને આમંત્રિત કરવાથી શો લાભ ?

પરંતુ શિષ્ય હઠીલો હતો, ન માન્યો. બોલ્યો : ગુરુદેવ, ભયાનક, હિંસ્ર સિંહની ગુફામાં નિર્ભયપણે ચાતુર્માસ ગાળનાર હું, શું એક અસહાય નર્તકી–નારીના મોહપાશમાં બંધાઈશ ?

આચાર્યે ખેદમાં આંખો મીંચી દીધી. 'તો પછી તું તારી ઈચ્છાનુસાર જઈ શકે છે...'

યુવાન સાધુને પોતાના દ્વારે જોઈને જ કેશા એની આંખોમાં ઊગી નીકળેલ પડકારને પામી ગઈ. પરંતુ કોશા, જે ગયા ચોમાસામાં સ્થૂલિભદ્રની દીક્ષામાં–સંપર્કમાં આવી પોતાના દૈહિક આકર્ષણને આધ્યાત્મિક માર્ગે વાળી ચૂકી હતી– એ ફરી અત્યંત સહજતાપૂર્વક સરલ ભાવે મુનિની પરિચર્યામાં લાગી ગઈ. સ્વચ્છ, શુભ્ર અને સાદાં વસ્ત્રોમાં કોશા નર્તકી નહીં, તપસ્વિની લાગતી હતી. પરંતુ એનું ભુવનમોહિની સ્વરૂપ, એની અદ્‌ભૂત દેહદષ્ટિ અજબ આકર્ષણ પેદા કરતાં હતાં. યુવાન મુનિએ સંયમની પાળ તૂટતી રોકવા અકથ્ય પ્રયાસ કર્યાં. પણ અસફળ રહ્યો. કોશા આ પરિસ્થિતિની ઉપસ્થિતિથી અનભિજ્ઞ નહોતી. છદ્મ ચપળતાથી હસતાં હસતાં કેશાએ કહ્યું : 'પ્રણયદાન મળશે. પણ મૂલ્ય ચૂકવવું પડશે. હું આ સંસારની કિંમતી વસ્તુઓને પારખનારી અને સંગ્રહ કરનારી નારી છું. મને નેપાળના રાજાને ત્યાંની રત્નખચિત શાલ લાવી આપો. તપસ્વીઓની માગણીને રાજાઓ નકારી નહીં શકે...

અને ખરેખર એક દિવસ પેલો યુવાન–મુનિ એ રત્નખચિત શાલ લઈને કોશા આગળ ઉપસ્થિત થયો. ઘડીભરમાં તો તપસ્વિની કોશામાં નર્તકી કોશાનો આવિર્ભાવ થયો. મોહક હાસ્ય કરી એ શાલ લઈ લીધી. પછી ભ્રૂભંગમાં વિદ્રૂપતા આણી એણે એ શાલથી પગલૂછ્યા અને બારીમાંથી એ કિંમતી શાલને ગંદી ગટરમાં ફેંકી દીધી.

'કોશા, તેં આ શું કર્યું ? આટલી કિંમતી વસ્તુ અનેક મુશીબતો પછી ઉપાર્જિત શાલને તેં ગંદી નીકમાં પધરાવી દીધી ? મૂર્ખ, નિર્લજ્જ !'

'સાંભળ ઓ બુદ્ધિમાન સાધુ, મુનિ–દિક્ષા લઈ, અત્યંત કષ્ટ સાધ્ય-સાધના વડે જે સંયમ-સાધનાના હીરાને તેં પ્રાપ્ત કર્યો હતો તેને તું એક નર્તકી–નારીના ચરણોમાં અર્પિત કરતાં, એનાથી અપમાનિત થતાં લગારે લજ્જિત ન બન્યો ? સહેજ પણ આત્મગ્લાની ન થઈ ?'

યુવાન સાધુની આંખ ઉઘડી ગઈ. સ્થૂલિભદ્ર યાદ આવ્યો. મનોમન એને તથા કોશાને નમી પડ્યો.

'કોશા તેં મને વિવેક શીખવ્યો. મારી આંખોને જ્ઞાનની જ્યોતિ પ્રદાન કરી. હું શરમિંદો છું. કોશા, સ્થૂલભદ્રની મહાનતા, એના સંયમ આગળ હું તુચ્છ છું. તારી આગળ હું અલ્પ છું.– તું જ મારી જ્ઞાન-દાયિની બહેન છે, કોશા !'

---

## સુવર્ણ જયંતી ફાળામાં

### સાયન્સ કૉલેજ અંગે અનુદાન સ્વીકારવા બાબત

∞

* રૂ. એક લાખ આપનારનું નામ પ્રયોગશાળાને
* રૂ. ૫૧૦૦૧ આપનારનું નામ હોસ્ટેલ ( ૧૨ રૂમના બ્લોક ને
* રૂ. ૫૦૦૦૧ આપનારનું નામ પુસ્તકાલયને

આપવામાં આવશે.

... ... ... ... ... ... ... ... ...

* રૂ. ૧૧૦૦૧ આપનારનું નામ કૉલેજના મોટા ઓરડા ઉપર તકતીમાં
* રૂ. ૫૦૦૧ આપનાર ગૃહસ્થનું નામ કૉલેજના નાના ઓરડા ઉપર તકતીમાં
* રૂ. ૫૦૦૧ આપનાર ગામનું નામ હોસ્ટેલના ઓરડા ઉપર તકતીમાં
* રૂ. ૨૫૦૧ આપનાર ગૃહસ્થનું નામ હોસ્ટેલના ઓરડા ઉપર તકતીમાં
* રૂ. ૧૦૦૧ કે તેથી વધુ આપનાર ગૃહસ્થનું નામ મકાન ઉપરની સામાન્ય તકતીમાં

મૂકવામાં આવશે.

રૂ. ૨૫૧) આપનાર આ મંડળના આજીવન સભાસદ બને છે.

# જ્યારે જીવન મૂલ્યોં બદલાય છે....

પહેલા એમ કહેવાતું

"अष्टपुत्रा भव"

હવે—

"માત્ર બે બાળકો જ બસ છે"




નવા મૂલ્યાંકનૅ સ્વીકારી
જીવનને વિશેષ અર્થસભર બનાવો...

## કુટુંબ નિયોજન

વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો


## સેવાની કદર

શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળના પ્રમુખપદે રહી એકધારી સેવા આપી મંડળ તરફથી દર સાલ વિદ્યાર્થીઓને ઇનામો તથા શિષ્યવૃત્તિઓ આપ્યા છતાં રૂા. ૫૩૧૦૫–૬૩ નું સ્થાયી ફંડ આપી વિશ્વકર્મા સમાજમાં શિક્ષણનો ફેલાવો શ્રી લક્ષ્મીચંદભાઇએ કર્યો.

આમ પંદર વર્ષ સતત સેવા આપી મંડળના પ્રમુખપદેથી સ્વ ખુશીથી છૂટા થઈ તેના સલાહકાર થયા. સ્વ ખુશીથી પ્રમુખપદ એટલા માટે છોડયું કે બીજાઓ તૈયાર થાય.

આ પંદર વર્ષની એકધારી સેવાની કદર કરી વિશ્વકર્મા કેળવણી મંડળે ૨૦૨૬ ના આસો સુદ ૧૦ ના રોજ તેમને માનપત્ર શ્રી રિખવચંદ શાહ, પ્રમુખ જીલ્લા પંચાયતના અધ્યક્ષ પદે શ્રી પુરુષોત્તમદાસ પટેલ હસ્તે અર્પણ કર્યું અને રૂા. ૩૧૦૦/ ની થેલી અર્પણ કરી. શ્રી લક્ષ્મીચંદભાઇએ આમાં રૂા. ૩૧૦૦/ ઉમેરી રૂા. ૬૨૦૦/ વિશ્વકર્મા કેળવણી મંડળને શિક્ષણ વૃદ્ધિ માટે અર્પણ કર્યા.

:: સુવર્ણ જયંતી પ્રસંગે સમાજમાં આપની જાહેરાત મોકલી આપશો. ::

# : : : : સુવર્ણ જયંતી ફાળો : : : :

## સુવર્ણ જયંતી ફાળામાં નીચેની નવીન રકમો લખાઈ છે. દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧૩૪૩૯૪) આગળનો સરવાળો

૧૫૦૬) શિયાપુરા તા. કડી
- ૩૦૧) શ્રી કેશવલાલ મોહનલાલ
- ૩૦૧) શ્રી જીવાભાઈ સેંધીદાસ
- ૩૦૧) શ્રી શંકરભાઇ પુંજાભાઈ
- ૨૫૧) શ્રી અમૃતલાલ અંબાલાલ
- ૨૫૧) શ્રી ચતુરભાઇ કાળીદાસ
- ૧૦૧) શ્રી ખોડીદાસ રણછોડદાસ

૨૦૦૫) બોરીસણા તા. કડી
- ૧૦૦૧) શ્રી માધવજી મલદાસ
  હા. શ્રી નટવરલાલ માધવલાલ
  શ્રી સુરેન્દ્રભાઇ નટવરલાલ
  શ્રી નવનીતભાઈ નટવરલાલ
  શ્રી પ્રકાશભાઇ નટવરલાલ
- ૨૫૧) શ્રી પરસોતમદાસ ગીરધરદાસ
- ૨૫૧) શ્રી નારણભાઈ પુંજાભાઇ
- ૨૫૧) શ્રી નાગરદાસ મગનદાસ
- ૨૫૧) શ્રી સોમાભાઈ શીવદાસ

૩૩૫૭) નાનીકડી તા. કડી
- ૧૫૦૧) શ્રી શીવલાલ નરોત્તમદાસ
  હા શ્રી મણીલાલ અંબાલાલ
  શ્રી ચંદુલાલ લાલજીભાઇ
  શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરદાસ
  શ્રી મોતાભાઇ શંકરદાસ
  શ્રી તુલસીભાઇ શંકરદાસ
  શ્રી અમૃતભાઇ ઈશ્વરદાસ
- ૫૦૧) શ્રી સેંધાભાઇ ઇશ્વરદાસ
  હા. શ્રી રણછોડભાઇ સેંધીદાસ
  શ્રી કેશવલાલ સેંધીદાસ
- ૩૦૧) શ્રી ખોડીદાસ વીસદાસ
  હા. શ્રી ભીખાલાલ ખોડીદાસ
- ૩૦૧) શ્રી ઈશ્વરદાસ બાપુદાસ
  હા. શ્રી કેશવલાલ ઇશ્વરદાસ
- ૨૫૧) શ્રી મોહનદાસ હરજીવનદાસ
  હા શ્રી ગાંડાલાલ મોહનદાસ
- ૨૫૧) શ્રી નથુદાસ રામદાસ
  હા. શ્રી ચંદુલાલ નથુદાસ
- ૨૫૧) શ્રી પ્રહલાદભાઈ બાપુદાસ

૩૨૧૩) જયદેવપુરા તા. કડી
- ૫૦૧) શ્રી ગોરધનભાઇ કાનજીભાઈ
  હા. શ્રી હીરાભાઇ ગોરધનદાસ
- ૫૦૧) શ્રી બેચરભાઇ દેવજીભાઇ
  હા. શ્રી મગનભાઇ બેચરભાઇ
- ૫૦૧) શ્રી હરજીભાઇ મોરારભાઈ
  હા. શ્રી જીવણભાઇ હરજીભાઇ
- ૨૫૧) શ્રી અમરશીભાઇ ડાહ્યાભાઇ
  હા. ઈશ્વરભાઇ અમરશીભાઈ
- ૨૫૧) શ્રી ખીમજીભાઈ રૂગનાથભાઇ
- ૨૫૧) શ્રી બેચરભાઈ લાલજીભાઇ
- ૨૫૧) શ્રી જયરામભાઈ મોહનભાઇ
- ૧૫૧) શ્રી ગગજીભાઇ જયરામભાઈ
- ૧૫૧) શ્રી વિઠ્ઠલભાઇ શામજીભાઇ
- ૧૫૧) શ્રી ગોરધનભાઈ ફુલાભાઇ
  હા. શ્રી ભીખાભાઇ ગોરધનભાઇ
- ૧૦૧) શ્રી ત્રીભોવનભાઈ ભવાનભાઈ
- ૧૦૧) શ્રી ઓધવજીભાઈ માવજીભાઈ
- ૫૧) શ્રી જીવાભાઈ લાલજીભાઇ

૩૬૬૪) પિરોજપુર, તા. કડી
- ૧૦૦૧) શ્રી નાથાલાલ કેવળદાસ
  હા. શ્રી કેશવલાલ નાથાલાલ
  શ્રી રણછોડભાઇ નાથાલાલ
- ૧૦૦૧) સરસ્વતી પટેલ ટ્યુબવેલ કંપની
  હા. શ્રી શંકરભાઇ પ્રહલાદભાઈ
  શ્રી રામાભાઇ સેંધાભાઇ
  શ્રી નાગરભાઇ માધાભાઇ
  શ્રી જીવાભાઇ પરસોત્તમદાસ
- ૨૫૧) શ્રી શંભુદાસ કેવળદાસ
  હા. ભીખાભાઇ શંભુદાસ
- ૨૫૧) શ્રી સોમાભાઈ પુંજાભાઇ
- ૨૫૧) શ્રી અમથાભાઇ કાનદાસ
  હા. શ્રી દશરથભાઈ અમથાભાઇ
- ૨૫૧) શ્રી કચરાભાઈ મગનદાસ
  હા. શ્રી ગાંડાભાઈ કચરાભાઇ
  શ્રી ગોપાળભાઈ કચરાભાઇ
- ૨૫૧) શ્રી પ્રહલાદભાઇ પ્રાણદાસ
- ૧૦૧) શ્રી ગોરધનભાઈ પ્રાણદાસ
- ૫૧) શ્રી હા ભીખાભાઇ શીવાજી
- ૫૧) શ્રી હરીભાઈ નથુભાઈ પ્રજાપતિ
- ૫૧) શ્રી જીવાભાઈ ઇશ્વરભાઈ
- ૫૧) શ્રી બળદેવભાઇ જોઈતારામ
- ૫૧) શ્રી ભીખાભાઇ ચતુરદાસ
- ૫૧) શ્રી સેંધાભાઇ ઇશ્વરદાસ

[ અનુસંધાન પાન ૨ ઉપર ચાલુ ]

# દશ લાખના ફાળામાં
# મન મૂકીને આપવા વિનંતી

કડી તાલુકામાં કડીના આંગણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શિક્ષણ સંસ્થાઓ (૧) સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ (૨) ટેકનીકલ હાઈસ્કૂલ (૩) સાયન્સ કૉલેજ (૪) પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર અને (૫) કૃષિયંત્ર તાલીમ કેન્દ્ર છે.

આ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા બહાર ગામના વિદ્યાર્થીઓ માટે (૧) વિદ્યાર્થી આશ્રમ (૨) છાત્રાલય અને (૩) કૉલેજ હૉસ્ટેલ છે. આમાં ચારસો જેટલા બહાર ગામના વિદ્યાર્થીઓ રહે છે. આમાં કડી તાલુકાના વિદ્યાર્થીઓ ઘણા છે.

આપણી સર્વ વિદ્યાલયની શિક્ષણ સંસ્થાઓ ગુજરાતભરમાં ખ્યાતનામ છે. એને લઈ આપણી અને આપણા તાલુકાની પ્રતિષ્ઠા છે. આપણા તાલુકાનું આ શિક્ષણ સંસ્થાઓ ગૌરવ વધારે છે.

આપણી આ શિક્ષણ સંસ્થા આ વર્ષમાં પચાસ વર્ષ પૂરાં કરે છે. આપણે એની 'સુવર્ણ જયન્તી' ઉજવીએ છીએ. એ પ્રસંગે આપણે આપણી શિક્ષણ સંસ્થાના વિકાસ માટે રૂા. દશ લાખ એકઠા કરવા નિર્ધાર કર્યો છે.

આ દશ લાખમાં આપણા તાલુકાનો ફાળો સારો હોવો જોઈએ. આપણે નિદાન ત્રણ લાખ રૂપીયા આપણા તાલુકા તરફથી આપવા જોઈએ. એમાં આપણી શોભા છે

આ માટે કડી તાલુકાના ગામે ગામ ફાળો ઉઘરાવવા આવશે. સુખી માણસો વધુ આપે, બીજાઓ પોતાની શક્તિ પ્રમાણે આપે. દરેક જણ ફૂલ નહ તો ફૂલની પાંખડી આપે જ.

આ કામ આપણુ સૌનું છે. સૌ ભાઈબહેનો આ કામમાં ઉમંગથી યથાશક્ત, શકય તેટલું વધારે આપે.

આ સાલ પ્રભુએ કૃપા કરી, મન મૂકીને આપણને આપ્યું. હવે આપણે પણ આ શિક્ષણના પવિત્ર કામમાં ઉદારતાથી લાંબો હાથ કરી મન મૂકીને આપીએ.

ધર્મશાળા બંધાવનાર કલ્પના નથી કરતો કે એ પોતાને રહેવા માટે બંધાવે છે. લીમડાનું ઝાડ તાપ સહી શિતળ છાયા આપે છે. શિક્ષણ કાર્યને મદદ કરતી વખતે આપણે એમાં કોના છોકરાં ભણે છે તે વિચારતા નથી પણ દાન કરનાર ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈ દાન કરે છે.

શિક્ષણ માટેનું દાન એ સરસ્વતી દેવીના ચરણે ધરીએ છીએ. શિક્ષણ માટેનું દાન સર્વ દાનોમાં શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે.

કડી તાલુકાના ભાઈબહેનો આ ત્રણ લાખનો ફાળો પૂરો કરશે એવી મને પૂરી શ્રદ્ધા છે.

આપણી સંસ્થામાં દશ લાખના ખર્ચે સાયન્સ કૉલેજ હૉસ્ટેલનું મકાન, ટેકનીકલ હાઈસ્કૂલનું મકાન, ટેકનીકલ હાઈસ્કૂલનું છાત્રાલય અને વર્કશૉપનાં મકાનો પૂરાં કર્યા છે. આ જમીન પણ બત્રીસ હજારના ખર્ચે ખરીદવી પડી છે. આમ છતાં સાયન્સ કૉલેજનું મકાન એક વિદ્યાર્થીગૃહ, એક કન્યા છાત્રાલયનું મકાન તેમજ કન્યા હાઈસ્કૂલ – વિદ્યાલયનાં મકાનો કરવાં બાકી છે. આ કામો પૂરાં કરીએ ત્યારે આપણી સંસ્થાએ પ્રગતિ કરી ગણાય.

પ્રભુ આપણા મનોરથ પૂરા કરવા આપણને કાર્યરત કરે અને તેમાં આપ સૌનો સહકાર મળી રહો.

સંવત ૨૦૨૭ કારતક સુદ ૧
નૂતન વર્ષ દિને

પુરુષોત્તમદાસ પટેલ

## દિવાળી બોણી તરીકે મળેલી મદદ

૨૫૧) શ્રી તનસુખભાઈ પુરુષોત્તમદાસ પટેલ–મહેસાણા

૧૫૧) શ્રી અંબાલાલ નારણદાસ પટેલ,
ઠે હનુમાનવાળી પોળ, દરિયાપુર–અમદાવાદ

૧૧) શ્રી પ્રભુદાસ રામદાસની પેઢી
મુ–પો હીરપુરા. તા વિજાપુર

૫) શ્રી પ્રહેલાદભાઈ સોમનાથ (તમાકુવાળા)

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી નાથાલાલ રામદાસ પટેલ
મુ. ગોરાદ, તા ચાણસ્મા

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય- કેડવેરેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૯–૧૧–૭૦

217


# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૨૬-૧૧-૭૦ [ અંક ૫


## ફંડ પ્રવૃત્તિના મીઠા અનુભવ

એક ગામે ગયા. પ્રથમ સરપંચને મળવાનું વિચાર્યું તેમના ઘેર ગયા. તેઓ દાડીયાં કરવા ગામમાં ગયા હતા. તેમને ઘેર જઈ પુછ્યું કે, ભાઈ ક્યાં છે? તો કહ્યું કે, ગામમાં ગયા છે. એટલે ગામના બીજા આગેવાનોને મળવા વિચાર કરી પાછા ફરતા હતા.

એટલામાં એમનાં પત્ની બહાર આવ્યાં અને કહ્યું કે એ ગામમાં ગયા છે પણ ઘર તો લઈ ગયા નથી ને? એમ કહી ખાટલો ઢાળ્યો અને ગોદડું નાંખ્યું અને કહ્યું કે બેસો, હમણાં જ ગામમાંથી આવશે.

અમે બેઠા અને એમની પત્ની ઘરમાં ગયાં. ચા મૂકી અને સરપંચ આવ્યા તે પહેલાં તો ચા થઈ ગઈ.

આ બહેને જ્યારે જાણ્યું કે અમે કડીની સંસ્થાના ફંડ માટે આવ્યા છીએ ત્યારે કહ્યું કે ગજા પ્રમાણે અમે પણ આપીશું અને ગામના બીજા ભાઈઓ પણ આપશે. તમે ક્યાં તમારાં છોકરાંને ભણાવવા ફંડ કરવા નીકળ્યા છો? અમારાં છોકરાં માટે કડીમાં નિશાળો ચલાવો છો અને રાતના મોડા સુધી ફરો છો એ ઓછું છે?

અમે એક ઠેકાણે ચાના પ્યાલા ઉપર ફંડની વાતો કરતા હતા ત્યાં એક ભાઈ આવી પહોંચ્યા. એમને ખબર પડી કે કડીની સંસ્થા માટે ફંડ કરવા આવ્યા છે એટલે તુરત જ આવ્યા અને બધા બેઠા હતા ત્યાં આવીને કહ્યું કે મારું તો ગજું નથી પણ કાંઈક ફંડમાં લખાવવા હું આવ્યો છું. આવા સારા કામમાં મારા બે પૈસા સારા માર્ગે જશે એવું લાગતાં હું આવ્યો છું.

બેઠેલા ભાઈઓએ ટપોટપ ઉમંગથી ફંડમાં રકમો લખાવી અને કહ્યું કે રાતના મોડું થયું છે અને શિયાળો છે એટલે

### આ અઠવાડિયું.........

ફંડ ફાળા માટે ગામડે ગામડે જવા એક જુની ગાડી ખરીદી છે એને દુરસ્ત કરાવવાની જરૂર હોઈ દુરસ્તીમાં મૂકી છે અને તેથી આ અઠવાડિયામાં ગામડે જઈ શકાયું નથી અને તેથી ફાળાની યાદી આપી શકાઈ નથી.

ઉપરાંત હું વિધાન સભામાં રોકાયેલ છું.

ગાડી બે ચાર દિવસમાં દુરસ્ત થઈ આવી જશે એટલે ગામડામાં ફંડ માટે ફરવાની શરૂઆત કરીશું.

**આમ છતાં દરેક ગામના અગ્રણીઓ વિચાર કરી રાખે. ગામમાં વિચારો મૂકે અને યથાશક્તિ સૌ કોઇ ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપે તેવું વાતાવરણ ઊભુ કરવા મારી વિનંતી છે.**

આપણું કામ છે. આપણાં છોકરાંઓને અભ્યાસ માટે પૂરતી સગવડ કરવાની છે તો આપવામાં સૌ કોઈ કચાસ ના રાખે.

પુરુષોત્તમદાસ પટેલ

ફંડમાં આપે એવાના ઘેર ઘેર જઈએ. સારા કામમાં સૌ કોઈ શક્તિ પ્રમાણે આપશે.

આ ભાઈઓ અમને ખેતરોમાં લઈ ગયા. ખેતરમાં રાતવાસો રહેતા ભાઈઓએ ખૂબ ઉમંગથી ફંડમાં લખાવ્યું. એમ પણ કહ્યું કે, દાસકાકા તમે ૭૦–૭૨ વર્ષની ઉંમરે કામ કરી રહ્યા છો. અમારું કામ તમે આ ઉંમરે કરો છો. ભગવાને અમને આ વરસ સારું આપ્યું છે. સુરત અને ભાલ જેવું અમારે ત્યાં થયું નથી એ ભગવાનની કૃપા છે. આપનારો તો ભગવાન છે. આવા સારા કામમાં લાંબો હાથ કરીએ તો ભગવાન બે મૂઠી વધારે આપે.

આ ભાઈઓ એમનાં ખેતરો બીજાને સંભાળવાનું કહી અમારી સાથે આવ્યા. ઘેર ઘેર ફર્યા અને ઊંઘમાંથી કેટલાકને જગાડ્યા. મેં એમને કહ્યું કે થાક્યા પાક્યા સૂતા છે તો ફરી આવીશું. પણ એમના ઉત્સાહનો પાર નહિ અને અમને દોર્યા.

આમ ગામના ઉત્સાહને લઈ અને કડીની સંસ્થાની સુવાસને લઇ ગામના પ્રમાણમાં ઠીક ઠીક ફાળો થયો.

આ લેખમાં ગામનું નામ તેમજ ઉત્સાહી ભાઈઓના નામ લખતો નથી, કારણ કે શરતચૂકથી નામો લખવામાં ભૂલ થાય. સૌ ભાઈઓએ ઉત્સાહથી ફંડ પ્રવૃત્તિને વેગ આપ્યો અને અમારામાં ઉત્સાહ પ્રેર્યો તે બદલ મારા તરફથી અને મારા સાથીઓ તરફથી સૌનો આભાર માનું છું.

ખેડૂતો અને ખેડૂત પત્નીઓ ઉદારતા માટે પંકાય છે. જે જાય તેને યથાશક્તિ આપે. એને આપનારો તો ભગવાન છે. એમની મુશ્કેલીઓ હોવા છતાં આપી છૂટે છે. શિક્ષણ પ્રવૃત્તિ એમને ગમે છે. એ તો કહે છે કે વડનું ઝાડ રોપ્યું તો ગમે તે જશે તેને તપતા ઉનાળામાં છાયા આપે છે. વડ વાવનાર પોતાના માટે વાવતો નથી સૌને માટે વાવે છે. કોક'દિ એને છાંયે બેસવાનું પણ થાય.

એવું જ શિક્ષણ સંસ્થાઓનું છે. સંસ્થામાં ગમે તેનાં છોકરાં ભણે પણ કામ તો સારું છે. સારી સંસ્થા હોય તો વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય અને શક્તિ ખીલવે અને સાથે સાથે શિક્ષણ પણ આપે. કડીની સંસ્થાએ આકર્ષણ પેદા કર્યું છે કારણ તેની પાછળ ઉચ્ચ ભાવના અને પ્રણાલિકા છે. આને લઈ કડીની શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા સૌરાષ્ટ્ર અને સુરત સુધીના વિદ્યાર્થીઓ આવે છે.

સાયન્સ કૉલેજ છેલ્લા ચાર વર્ષથી શરૂ કરી છે. એનાં પરીક્ષાના પરિણામ સારાં આવે છે સંખ્યા વધે જવાની. સર્વ વિદ્યાલય શરૂ કર્યું ત્યારે પચાસ પણ વિદ્યાર્થી નહોતા. વિદ્યાર્થી આશ્રમ તો માત્ર બે વિદ્યાર્થીથી શરૂ કરેલ. આજે આટલાં બધાં મકાનો બાંધ્યાં છતાં દર સાલ ઘણાને નારાજ કરવા પડે છે.

સાયન્સ કૉલેજનું મકાન આપણે બાંધવાનું છે. એ સિવાય બીજાં મકાનો બાંધવાં છે શક્ય તેટલી સગવડ કરવી છે. દીકરીઓને માટે વ્યવસ્થા કરવી છે. આ સારું નિદાન દશ લાખ જોઈએ એ રકમ ભેગી કરવા પ્રયત્નો કરી રહ્યા છીએ.

એમાં સૌ કોઈ શક્તિ પ્રમાણે આપે કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપેટીપે સરોવર ભરાય એમાં કાંકરાની અને ટીપાની અગત્ય ખૂબ છે.

શક્તિ પ્રમાણે ઓછી રકમ આપનાર ન વિચારે કે મારી ઓછી રકમની શું કિંમત? ઓછી રકમો આપનારાની વધુ સંખ્યા સરોવર ભરી નાંખે.

કડી તાલુકાનાં ગામડાં ત્રણ લાખ આપે અને બાકીના સાત લાખ બહારથી મળી રહેશે એવી મને શ્રદ્ધા છે.

છેવટના ત્રણ વર્ષમાં માત્ર મકાનો પાછળ આપણે દશ લાખ ખર્ચ્યા છે. વરસ ખરાબ હતાં એટલે બહારથી મેળવ્યા છે.

આ વરસ ભગવાને આપણને સારું આપ્યું છે તો સૌકોઈ યથાશક્તિ આપે અને સંસ્થાની ટહેલ પૂરી કરે.

સંસ્થા પચાસ વર્ષથી કામ કરે છે. ઘણાએ ઓછેવત્તો લાભ લીધો છે. કડી તાલુકામાં આ સંસ્થા હોવાને લઇ વિશેષ લાભ આપણને – કડી તાલુકાને મળ્યો છે.

હવે કડી તાલુકામાં પાકા રસ્તા થવાના છે. કૉલેજમાં બહાર ગામ અમદાવાદ જેવા સ્થળે છોકરાને ભણવા મૂકીએ તો વરસે દહાડે અઢી ત્રણ હજાર ખર્ચ આવે. આ તો ઘર આંગણે ઘેરથી જાય અને સાંજે પાછો આવે. ઓછા ખર્ચમાં છોકરો ભણી તૈયાર થાય અને નજરની સામેનો સામે.

આજે આપણો છોકરો ભણતો નહીં હોય તો કાલે ભણવા જશે. સગવડ છે તો વહેલો મોડો લાભ મળવાનો.

આપણને કે આપણા છોકરાંને લાભ મળે કે ન મળે પણ કામ સારું છે. એમાં બે પૈસા ઉદાર દીલથી આપવાથી એ પૈસા ખોટા રસ્તે જતા નથી.

વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન છે.

૧૯–૧૧–૭૦ પુરુષોત્તમદાસ પટેલ

---

**સુવર્ણ જયંતી**

**સાપ્તાહિકનું આપનું**

**લવાજમ મોકલી આપશો.**

# હવે એ પળ આવી ગઇ છે.

વકીલ ધનાભાઇ હ. પટેલ

સંસ્થાની સુવર્ણ જયંતી ઉજવણીનો અવસર નજીક આવતો જાય છે. હવે સંસ્થાની સુવર્ણ જયંતીની ઉજવણી પહેલાં દસ લાખ રૂપિયાનું ફંડ એકત્ર કરવાની પ્રવૃત્તિએ ગામડે અને શહેરે જ્યાં જ્યાં તેના વિદ્યાર્થીઓ અને કાર્યકરો હોય ત્યાં ત્યાં આપોઆપ વેગ ધારણ કરવો જોઇએ. હવે સમય સાથે હરીફાઈ કરવાની છે.

પોતાની તંદુરસ્તીની પરવા કર્યા સિવાય વૃદ્ધ ગણાય તેવી ઉમ્મરે અને બબ્બે માંદગીઓ ભોગવ્યા પછી પણ સંસ્થાની સુવર્ણ જયંતીને તેજમયી બનાવવા મુ. શ્રી પુરૂષોત્તમદાસ ફંડફાળાની ઝોળી ગામેગામ ફેરવી રહેલા છે. તેમની સાથે સંસ્થાના મંત્રીશ્રી વકીલ છગનલાલ રા. પટેલ, વિજ્ઞાન કૉલેજની ગવર્નિંગબોડીના મંત્રીશ્રી રતિલાલ મગનલાલ અને બીજા કાર્યકરો સક્રીયપણે સાથ આપી રહેલા છે. કડી તાલુકાનાં ગામડાં સંસ્થાની ફંડની ઝોળીને એટલાજ હર્ષથી છલકાવી દેવાની પ્રેમભરી હરીફાઇ કરી રહેલાં છે. પણ સંસ્થાના કાર્યકરો એકદમ એકીસાથે તમામ ઠેકાણે પહોંચી ના શકે. આ સત્યને પારખીને સંસ્થાના પરિવાર સંમેલને શહેરોમાં આ ફંડના કામોને ઉપાડી લેવા ફંડ – સમિતિઓની રચના કરવાનું ઠરાવ્યું હતું. હવે એ પ્રવૃત્તિ ઉપાડી લેવાની પળ આવી ગઇ છે. આળસ રાખે નહિ ચાલે.

અમદાવાદ શહેરમાં આ પ્રવૃત્તિ શરૂ કરી દેવાની પહેલ થાય તો બીજે તે પ્રેરણાદાયી થશે. વકીલશ્રી ખોડાભાઇ શિવાભાઈ પટેલ અને મુરબ્બી શ્રી નાથાભાઇ દેસાઈ, શ્રી રતિભાઇ અમીન અને શ્રી સોમાભાઇ વી. પટેલને આ માટે એકત્ર થવા અને આયોજન કરવા હું જાહેર વિનંતિ કરું છું. મુરબ્બી શ્રી નાથાભાઇ દેસાઇએ સંસ્થાની કીર્તિને ઝગમગતી કરવામાં અમૂલ્ય ફાળો આપેલો છે. તેમની તબિયત બરોબર નથી, છતાં તેમની આજ્ઞા થતાં જ તેમને પૂજ્યભાવથી જોતો વિદ્યાર્થીગણ ઝડપભેર સુવર્ણ જયંતી ફંડની પ્રવૃત્તિ અમદાવાદ શહેરમાં તો ઉપાડી લેશે અને બીજે પણ ફરજ બજાવશે. ડૅા. ત્રિભોવનદાસ નારણદાસ પટેલ, ડૅા. નારણભાઇ પટેલ અને ડૅા. શ્રી સોમાભાઇ દેસાઈ તેમનો અમૂલ્ય સમય આપવા તૈયાર જ છે. અને આટલું થતાં જ શ્રી નાનુભાઈ દેસાઇ, શ્રી પુરૂષોત્તમદાસ છીંકણીવાળા, શેઠશ્રી પ્રભુદાસ કિશોરદાસ, માનનીય શ્રી શંકરભાઈ નારણદાસ પટેલ, શ્રી જી. આઇ. પટેલ, શ્રી ગણેશભાઇ પટેલ, એમ અનેકનો સહકાર અને હૂંફ આ પ્રવૃત્તિનો વેગ વધારી દેશે.

અમદાવાદ શહેરની સાથે મુંબઇ શહેરમાં સંસ્થાના જ્યોતિર્ધર મુ. શ્રી પોપટભાઇ ગુલાબદાસ બિરાજે છે. સંસ્થાના શિરછત્રરૂપ પ્રાતઃ સ્મરણીય સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલદાસનું કુટુમ્બનું નિવાસસ્થાન પણ આજ શહેરમાં છે. અને સંસ્થાના પરિપાકનાં વિદ્યાર્થીરત્નોની પણ મુંબઈ શહેરમાં એટલી જ જમાવટ છે. શ્રી રામભાઇ નારણદાસ, શ્રી નારણભાઇ આદરજવાળા અને શ્રી બેચરભાઇ હમણાંનાજ છે. તો શ્રી ચુનીભાઈ અને બીજા અનેક સંસ્થાની શરૂઆતના છે. મુંબઇમાં શ્રી રામભાઈ, શ્રી નારણભાઇ અને શ્રી બેચરભાઈ મુ. શ્રી પોપટભાઇને મળે અને આ ફંડ પ્રવૃત્તિ મુંબઇમાં સક્રીય થાય તેવું કરે તેવી વિનંતી આ સ્થળેથી એક જુના વિદ્યાર્થી તરીકે કરવાની હિંમત મેં કરી છે. મુરબ્બી દાસભાઇ જ્યારે જરૂર પડે ત્યારે મુંબઇ ધસી આવશે. પણ તે એકલા અનેક ઠેકાણે ના જઈ શકે. બધાએ કામને ઉપાડી લેવું જોઇએ.

આટલું થતાંમાં તો સંસ્થાના ગૌરવરૂપ લેખકો અને કવિઓમાં અગ્ર હરોળમાં પહોંચેલા શ્રી પીતામ્બરભાઈ પટેલ અને શ્રી રણજીતભાઈ (અનામી) તેમનું કામ કરશે જ. ઉત્તર ગુજરાતમાં સીધાં ચઢાણ ચઢે જતા શ્રી હરગોવિંદભાઈ અને શ્રી નટવરલાલ (ભાણાભાઇ) બન્નેએ આ દિશામાં પોતાની પ્રવૃત્તિ આદરવાની પ્રતિજ્ઞા કરેલી છે જ. અને તેમને મુ. શ્રી સાંકળચંદભાઈ જેવા અનેક પીઢ કાર્યકરોનો સહકાર તરતજ મળી જાય તેમ છે. એટલે આળસ ખંખેરી નાંખી કામ કરવા જરૂરી વ્યક્તિઓને એકત્ર કરી સંસ્થાની ફંડ માટેની પાવતી બૂકો મંગાવીને કે ફંડ નોધી તેની યાદી સંસ્થામાં મોકલી આપી સુવર્ણ જયંતીને સુવર્ણ કલગી ચઢાવવા પ્રવૃત્ત થવા સૌ સમય આપો. સંસ્થા માટેનું ફંડ સંસ્થાની પાવતી કે ચેકથી એકત્ર કરાય છે. દાનવીરો દાન આપવા તૈયાર છે. ફક્ત જે તે ઠેકાણે સંસ્થા તરફે જવાબદાર કાર્યકરોએ તેમથી પાસે જવાની જરૂર છે.

મેં આ લેખમાં મને યાદ આવ્યાં તે નામ લખી પ્રવૃત્તિને વેગ આપવા જાહેર વિનંતી કરી છે. સંસ્થાના તમામ કાર્યકરોને હું પાછળનો વિદ્યાર્થી હોઈ જાણતો ના હોઉ તેમજ તમામ વિદ્યાર્થીઓને પણ ઓળખતો ના હોઉં તે કુદરતી છે, મારી આ લખાણ પાછળ સૌ નામી અને અનામી કાર્યકરો અને વિદ્યાર્થીઓને વિનતી કરવાનો આશય છે. જેવી રીતે આપણે આપણાં ઘરકામ ઉકેલીએ છીએ તેજ રીતે અને તેવી જવાબદારીથી આપણી માતૃસંસ્થાના આ અવસરને પણ ઉકેલવાના કામે લાગીએ. હરકોઇ વિદ્યાર્થી નિદાન આજીવન સભાસદ રૂ. ૨૫૧) આપી બને, અને ફંડ પ્રવૃત્તિમાં સહકાર આપે તેવી વિનંતિ.

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

## કપાસિયામાંથી ખોરાક

પ્રાચીનકાળથી કપાસનો ઉપયોગ જાણીતો છે. માનવ-સંસ્કૃતિમાં કપાસનો ફાળો નાનોસૂનો નથી. રૂનો કાપડ ઉપરાંત અનેક રીતે ઉપયોગ થાય છે. કપાસિયાનો ઉપયોગ ગાય–ભેંસના 'ખાણુ' તરીકે થાય છે. માણસ, કૂતરાં, ઘોડાં અને પંખીઓ ગાય જેટલાં સદ્‌ભાગી નથી. જો તેમને કપાસિયા ખવડાવવામાં આવે તો માંદા પડે. ગાય–ભેંસની પાચનશક્તિ સતેજ છે.

કપાસિયામાં તેલ હોય છે, કપાસિયાનું તેલ સરસિયા, એરંડિયા, તલનું તેલ અને મગફળીના તેલ કરતાં જુદા પ્રકારનું હોય છે. આ તેલ કાળું અને ન ખાઈ શકાય તેવું હોય છે. બીજા ખાદ્ય તેલોની માફક સરળતાથી તેનો ઉપયોગ કરી શકાતો નથી. એ તેલને બરાબર શુદ્ધ કર્યા પછી ઉપયોગમાં લઈ શકાય છે. ભારતમાં દરવર્ષે ૨૦ લાખ ટન કપાસિયાનું ઉત્પાદન થાય છે. તેમાંથી ત્રીજા ભાગના કપાસિયાનો ઉપયોગ તેલ કાઢવામાં થાય છે. તેલ ઉપરાંત પ્રોટીનયુક્ત પાવડર બનાવવામાં આવે છે.

કપાસિયાના ઊભાં ફાડયાં કરવામાં આવે તો કપાયેલી જગ્યાએ પીળાશ પડતી સપાટી ઉપર કાળા ડાઘા આવેલા હોય છે, આ રંગીન પદાર્થની એક જાતિની ગ્રંથીઓ છે. આમાં ખાસ કરીને 'ગોસીપોલ' નામનું પીળું તત્વ આવેલું છે. આ તત્વ ઝેરી હોઈ માણસને નુકશાનકર્તા છે. કપાસિયામાંથી તેલ કાઢવામાં આવે છે ત્યારે તેલમાં આ 'ગોસીપોલ' આવે છે. આ ઉપરાંત આ તેલમાં રાખના જેવા કેટલાક પદાર્થો પણ હોય છે. કપાસના ખોળમાં ૫૦% જેટલું પ્રોટીન હોય છે પણ તેમાં 'ગોસીપોલ' મળેલું હોય છે. તેલમાં આવેલ 'ગોસીપોલ' ને જલદ આલ્કલી વડે શુદ્ધ કરી શકાય છે. આ પછી થોડુંક બાકી રહેલું 'ગોસીપોલ' બ્લીચીંગ વખતે નીકળી જાય છે અને તેલનો રંગ જતો રહે છે.

પ્રોટીનની દષ્ટિએ કપાસિયાનો નંબર ચણા પછી આવે. વળી કપાસ દુનિયાના ગરીબ દેશોમાં પણ મોટા પ્રમાણમાં થાય છે. એટલે માનવજાત માટે કપાસિયાનું પ્રોટીન મહત્વનું છે. તેલમાંથી 'ગોસીપોલ' દૂર કરી શકાય તેવી પદ્ધતિ વિકસાવવામાં આવી છે. કપાસિયામાંથી એક જાતનો પાવડર બનાવવામાં આવ્યો છે. આ પાવડરમાંથી રોટલી, પરોઠાં અને ભજિયાં બનાવી શકાય છે.

કેલિફોર્નિયાના મેક માઈકલ નામના વિજ્ઞાનીએ 'ગોસીપોલ' ને દૂર કરવા જુદી જ રીત અપનાવી છે. અમેરિકામાં કપાસની એક જંગલી જાત થાય છે તેમાં 'ગોસીપોલ' હોતું નથી. આ જાતમાં રૂનો ઉતાર બહુ ઓછો છે. તેણે આ 'ગોસીપોલ' વિનાની જાત સાથે કપાસની બીજી જાતનું 'સંકરણ' કરી એક નવી જ હાઈબ્રીડ જાત ઉત્પન્ન કરી છે. તેમાંથી રૂ પણ સારા પ્રમાણમાં મળે છે અને 'ગોસીપોલ' નથી. 'ગોસીપોલ'નાં અભાવને લીધે આ કપાસની જાતને કીટકના રોગ લાગવાનો સંભવ વધારે છે. જો કે તેના ઉપાયો શોધવા પ્રયત્નો થઈ રહ્યા છે.

કપાસિયાના તેલમાંથી વનસ્પતિ–ઘી પણ બનાવવામાં આવે છે. કપાસિયાના તેલમાં લીનોલીક એસિડનું પ્રમાણ વધારે પ્રમાણમાં હોય છે. આ એસિડ હૃદયરોગના હુમલા સામે રક્ષણકર્તા માલુમ પડયો છે. આ ઉપરાંત તેમાં માલ્વીક એસિડ હોય છે.

'જીનીંગ' પછી કપાસિયાના ઉપર 'લીંટ' રહે છે. તે એક પ્રકારના સુંદર તંતુઓ છે. તેમાં શુદ્ધ સેલ્યુલોઝ હોય છે. તેમાંથી સેલ્યુલોઝ એસીટેટ બનાવવામાં આવે છે. આ પદાર્થ ફોટોગ્રાફી ફીલ્મમાં અને મોટરનાં ટાયરને મજબૂત કરવાના રેયોનમાં વપરાય છે. આ ઉપરાંત સેલ્યુલોઝ નાઈટ્રેડ બનાવવામાં આવે છે. કપાસિયાનાં ફોતરાં ખાણમાં વપરાય છે.

વધુ સંશોધન થઈ રહ્યું છે. એટલે કપાસ માનવ જાત માટે 'કામધેનુ' રૂપ પુરવાર થશે.

## પિક્ચરફોન

વિજ્ઞાન યુગમાં ટેલિફોન શોધાયો, ઓટોમોબાઈલ્સ આવ્યાં, રેડિયો વાગવા માંડયો, ટેલીવીઝન શરૂ થયાં, વિમાન ઉડવા માંડયાં, કૉમ્પ્યુટર ગણત્રીઓ કરતું થઈ ગયું. હવે નવી એક શોધ આકાર લઈ રહી છે તે છે 'પિક્ચરફોન'. સામેથી ફોન કરનાર માણસ સાથે વાતચીત કરી શકાશે, એટલું જ નહિ પણ તેના હાવભાવ જોઈ શકાશે, તેના હાવભાવની નોંધ લઈ શકાશે. ખૂબ ઉદ્યમી અને કાર્યરત માણસોને શોધ આશીર્વાદ-રૂપ થશે.

## હૃદયરોગની સારવાર માટે નવા પ્રકારનો સુટ

હૃદયરોગના દર્દીઓની સારવાર માટે અવકાશ યાત્રીઓના શુટ જેવો જ શુટ તૈયાર થઈ રહ્યો છે. આ શુટ દર્દીના આખા શરીરને ઢાંકી દેશે. આને લીધે દર્દીના લોહીનું દબાણ અને ભ્રમણ નિયમિત થઈ હૃદયનો કાર્યભાર ઘટશે. આ શુટમાં કૉમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ શોધ પુરી થતાં હૃદયરોગના દર્દીઓની વિના ઓપરેશને સરળતાથી સારવાર થઈ શકશે.

# કેળવણીનો આદર્શ

ડૉ. રણજિત પટેલ, 'અનામી'

ઉત્ક્રાંતિના ઇતિહાસમાં માનવબાલનો વિકાસ એ અદ્દભુત વસ્તુ છે. 'અમીબા'થી અણુયુગ સુધીની વિકાસયાત્રાનાં પ્રકરણો જેટલાં રમ્ય છે તેટલાં જ ભવ્ય છે. એમાંય માનવમાં અંતરાત્માના વિકાસની કથા તો હિમાલયના ગૌરીશંકર કરતાંય ભવ્યોન્નત છે. સારાસાર વિવેક, સૌંદર્યની સૂઝ, કારણ-કાર્યભાવ અને ઐતિહાસિક દૃષ્ટિ– કાળભાવન– એ માનવની જેવી તેવી આગવી ને વિશિષ્ટ શક્તિઓ નથી, ઉત્ક્રાંતિના ક્રમમાં, માનવેતર કોઇ પણ પ્રાણીએ, લિખિત ઇતિહાસની જાણકારી પ્રમાણે, આ અને આવી શક્તિઓનો આટલો વિકાસ અદ્યાપિ સાધ્યો નથી.

પણ જેટલી ગૌરીશંકરની ઊંચાઇ તેટલું જ તેની ખીણનું ઊંડાણ. તપ, ત્યાગ, તિતિક્ષા, ધૃતિ, કરુણાની સાથોસાથ લોભ, મોહ, સ્વાર્થ ક્રૌર્ય, પ્રતારણા જાણે હરીફાઇ કરતાં ન હોય એવું માનવજાતિની ઉત્ક્રાંતિનો તુલનાત્મક ઇતિહાસ ભણે છે. યુગેયુગે માનવ–વિભૂતિઓનો જન્મ એ આત્મા અને અણુ-શક્તિના સંઘર્ષની કથા બની રહે છે. સંક્રાંતિકાળમાં કરુણ રીતે વલોવાતી માનવજાતિને પ્રગતિ અંગે આશંકા જાગે છે પણ પર્વતની આજુબાજુ, ઉત્તરોત્તર શિખરોન્મુખ ધપતી જતી કેડીના જેવો એ વિકાસ હોય છે.

'હજી આઘે આઘે ધવલગિરિને શૃંગ ચઢવું '-એ ઇતિહાસનું માનવજાતિને જાણે કે આહ્વાન ન હોય! આંગ્લ ઇતિહાસકાર ટોયન્બીના અભિપ્રાય અનુસાર માનવજાતિનો વિકાસ 'ચેલેન્જ' અને 'રીસ્પોન્સ'ના નિયમને અનુસરતો જણાય છે.

માનવ, માનવને સુખે સુખી અને માનવને દુઃખે દુઃખી થતો હોય એમ ન પણ બને! માનવ, માનવને સુખે દુઃખી અને માનવને દુઃખે સુખી થતો હોય એમ બને પણ ખરું! આમ છતાં, પાંચ ફુટના પૂતળામાં, અંતરાત્મા જેવી ચીજનું અસ્તિત્વ એ માનવજાતિનું જેવું તેવું આશ્વાસન નથી. તંદુરસ્ત આશાવાદ સેવવાનું આ જેવું તેવું કારણ પણ નથી. સમય જતાં, કરુણાની મૂર્તિ ગાય, માણસને સમજે તેના કરતાં ક્રૂરમાં ક્રૂર માનવ, કદાચ સમજે પણ ખરો! વિકાસનું રહસ્ય આ અંતરાત્માના આશાવાદમાં ગર્ભિત છે. સૂતેલા અંતરાત્માને ઢંઢોળીને જાગ્રત કરવો, જાગ્રતને બેઠો કરવો, બેઠેલાને ઊભો કરવો ને ઊભેલાને ચાલતો કરવો એ કેળવણીનું કામ અને કેળવણીકારોનું પરમ કર્તવ્ય છે.

કેવળ બુદ્ધિનો વિકાસ નિષ્ક્રિયતાનો પોષક પણ નીવડે. કેવળ હૃદયનો વિકાસ લાગણીવેડામાં સરી પડે. કેવળ મનનો વિકાસ કલ્પનાવિલાસ બની રહે ને કેવળ દેહનો વિકાસ સ્થૂલતાનો વાચક બની રહે! દેહ – મન – બુદ્ધિ– આત્માનો સમતોલ ને સંવાદી વિકાસ વ્યક્તિ અને સમાજના વિકાસમાં ચિરસ્થાયી મૂલ્યવંતો બની રહે.

વૈજ્ઞાનિક વિષયો વૈજ્ઞાનિક દૃષ્ટિ સાહિત્યના વિષયો સૌંદર્ય-દૃષ્ટિ અને ગણિતના વિષયો ગાણિતિક બુદ્ધિ વિકસાવે અને વિકસેલી આ દૃષ્ટિ-શક્તિનો વિનિયોગ વ્યાવહારિક ને સાંસ્કારિક જીવનને સમૃદ્ધ કરવામાં લેખે લાગે તેમાં સાચા શિક્ષણની કૃતાર્થતા છે. બાકી અનેક વિષયોની શુષ્ક માહિતિ એ કેળવણી નથી.

ભારતના સાંપ્રત આર્થિકતંત્રની કટોકટી હંગામી નીવડે. રાજકીય કટોકટી પણ બુદ્ધિબળે અને કાળબળે ઉકલશે. સામાજિક કટોકટી ચિરંજીવી નીવડવાની નથી; પણ ભારતના સાંસ્કૃતિક જીવનમાં સુરંગ ચાંપનારી મોટામાં મોટી કટોકટી તો રાષ્ટ્રીય ચારિત્ર્યના અધઃપતનની છે. સત્તાના રાજકારણે રાજકીય નૈતિકતાનો હ્રાસ જ નહીં પણ ધ્વંસ કર્યો છે; અને અત્યારનું રાજકારણ ધર્મજીવનની વિષકન્યા જેવું છે. આ બધા અનિષ્ટોમાંથી ઉગારનાર આદર્શ કેળવણી છે. કાકાસાહેબ કાલેલકર કહે છે તે પ્રમાણે કેળવણીને પોતાની શક્તિનું ભાન થતાં તે કહેશે : "સત્તાની હું દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની ગુલામ નથી. હું તો ધર્મનું પુનરાગમન છું, મનુષ્યનાં હૃદય, બુદ્ધિ અને બીજી બધી ઇંદ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર મારા બે પગ છે, હુન્નર અને કળા મારા હાથ છે, વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે, નિરીક્ષણ અને તર્ક મારી આંખો છે, ઇતિહાસ અને ગાથાઓ મારા કાન છે, સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે, ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે, ધીરજ મારું વ્રત છે, શ્રદ્ધા મારું ચૈતન્ય છે, સર્વોદય મારો પ્રસાદ છે. એવી હું જગદંબા છું – જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનારને કોઇનું મોં જોવું પડતું નથી. તેની બધી ઇચ્છાઓ મારા વડે તૃપ્ત થશે. ભવિષ્ય પરિપૂર્ણ અને કૃતાર્થ બનશે "

કેળવણીનો આવો તમારો આદર્શ હો અને એ આદર્શને ચરિતાર્થ કરવા પરમાત્મા તમારા પુરુષાર્થને સતેજ કરો.

('જીવન ચેતના વિદ્યાલય' ના તૃતીય વાર્ષિક દિન નિમિત્તે તા. ૧૮–૧૦–૭૦ ના રોજ યોજાયેલ સમારંભના સ્વાગત પ્રમુખ તરીકે આપેલા પ્રવચનમાંથી)

... ... ... ... ... ...

## નૂતન વર્ષે

ગન્તવ્યસ્થાને ગતિ ના, અબૂઝ
પ્રાપ્તવ્યની પ્રાપ્તિ નહીં, વિમૂઢ.
વિચ્છેદનો ભાવ, અભાવ : શામો,
ગન્તવ્ય, પ્રાપ્તવ્ય, પ્રકાશ પામો.

'અનામી'

# વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ

પ્રો. પી. સી. પટેલ
ભૌતિકશાસ્ત્ર વિભાગ,
એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ : અમદાવાદ-૯

**માણસની** જરૂરિયાતોમાંથી વિશ્વનો વિકાસ થયો છે; સ્વભાવમાં રહેલા આધિપત્યની ભાવનામાંથી વૈભવ અને વિભિન્નતાનો ઉત્કર્ષ થયો છે. માણસને અંગત રીતે અન્ન તથા આશ્રયની અનિવાર્યપણે જરૂર છે; સમગ્ર માનવજાતના અસ્તિત્વ અને સાતત્ય માટે શક્તિઓનું સંકલન તેટલું જ જરૂરી છે. જીવનની જરૂરિયાતો અને શક્તિઓના સંકલનને લીધે સંસ્કૃતિનું સર્જન અને ઇતિહાસનો જન્મ થયો છે. જીવન જરૂરિયાતોને પહોંચી વળવા અને અસ્તિત્વને ટકાવવા માટે માણસને અનેક ઘર્ષણનો સામનો કરવો પડયો છે. તેના પરિણામે માણસની બુદ્ધિ ઉત્તરોત્તર વિકસિત અને તીક્ષ્ણ બની છે; કુદરતનાં કેટલાક પરિબળો ઉપર સ્વામીત્વ મેળવવામાં સફળતા મળી છે.

સદીઓ પૂર્વે અવિકસિત માણસમાં અનેક પ્રકારની પાશવિક અને રાક્ષસી વૃત્તિઓ હતી જે આજની સંસ્કૃતિના વિકાસ સાથે ક્ષય પામતી જાય છે. આ જાતની વૃત્તિઓના અંકુશ માટે ક્રમશઃ સામાજિક પ્રથાઓ અને ભૌતિક બંધનો ઉદ્‌ભવવાં લાગ્યાં; લાંબા ગાળે માણસના વર્તન માટે સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર તૈયાર થયાં. માણસના જ્ઞાનની ક્ષિતિજોના વિસ્તરણ સાથે સાથે ક્રાંતિ અને ઉત્ક્રાંતિ થતાં આવ્યાં છે. આ પ્રક્રિયામાં માણસે અનેક ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત કરી છે. તેની સાથે સાથે સ્વાભાવિક વિકૃતિઓ પણ એટલી જ વિકાસ પામી છે. સંસ્કૃતિના ઉત્થાન સાથે માણસે જે સુવિધા, સુખ અને સાધન સંપત્તિ મેળવ્યાં છે તેના પરિણામે જે સમજ પેદા થવી જોઇએ તેનાથી વિશેષ વિકૃતિઓ પેદા થઇ છે. આથી પ્રગતિ સાથે માણસે મુશ્કેલીઓની હારમાળા પણ ઊભી કરી છે. દિન-પ્રતિદિન લોકમાનસ ઉપર વિકાર અને વિકૃતિઓનાં આવરણ ઘનિષ્ઠ બનતાં જાય છે; યંત્રવત્તાનું પ્રભુત્વ જામતું જાય છે; આથી માણસના વિચારો અને વર્તનમાં મોટા પ્રમાણમાં અનિશ્ચિતતા પ્રવર્તતી જાય છે. ભૂતકાળની પ્રક્રિયાઓમાંથી સારી-નરસી સિદ્ધિઓ પ્રાપ્ત થઇ છે; ભૂતકાળના પૃથક્કરણને આધારે ભવિષ્યનું ચિંતાજનક ચિત્ર સમયની સપાટી ઉપર ઉપસી આવતું લાગે છે, તે કેવા આકાર ધારણ કરશે તે અત્યારે અકળ છે.

આ ચિંતાજનક ચિત્રને કેવી રીતે ભૂંસી શકાય ? માત્ર જ્ઞાનથી તેનો ઉકેલ શકય છે ? સામાજિક નિયમો કે રાજ્ય બંધારણથી નિશ્ચિંત બની શકાય ? મન-પસંદ વ્યવસાયથી ચિંતામુક્ત થઇ શકાય ? જ્ઞાન, નીતિ-નિયમો, બંધારણ તથા મન-પસંદ વ્યવસાય એ માનવજાતની વધતી ચિંતાઓ દૂર કરવા માટે બેશક જરૂરી છે પણ આ બધાથી દુ:ખદ પરિસ્થિતિનો અંત આવતો નથી. આ બધાના કેન્દ્રમાં જો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોય તો સમગ્ર પરિસ્થિતિનો મહદ્ અંશે અંત આવે છે. વ્યક્તિગત રીતે માણસની અને સમગ્ર સમષ્ટિની સફળતાનો આધાર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ઉપર છે. સામાજિક, યાંત્રિક અને સાંસ્કૃતિક પરિવર્તનોનો પ્રત્યેક વ્યક્તિ સ્વીકાર કરે અને સાનુકૂળ બને તેમાં જ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ રહેલો છે. માનવજીવનમાં થતાં પરિવર્તનો સાથે કદમ મિલાવવાની આવડતમાં જીવનની યથાર્થતા રહેલી છે. પરિવર્તનશીલતા અને માણસના વર્તન વચ્ચે જેમ અંતર વધારે તેમ અનેક પ્રકારનાં ઘર્ષણ ઉપસ્થિત થતાં જાય છે. સમગ્ર વિશ્વ ગતિશીલ છે, તેમાં માણસ સ્વાભાવિક સ્થગિતતા કેળવે તો બંને વચ્ચે અભેદ્ય ગાળો તૈયાર થાય છે; પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં માણસની શક્તિ ખર્ચાઈ જાય છે. પ્રતિકૂળતાનો સામનો કરવામાં જ સમય અને શક્તિ પૂરા થાય છે. પરિણામે તેની જરૂરિયાત અને પ્રગતિનાં ઉપકરણો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે. નિર્જીવ વસ્તુઓ જે બાહ્ય રીતે જડત્વ ધરાવે છે તે પણ આણ્વિક ગતિશીલતા ધરાવે છે; તો સજીવ અને માણસે પ્રત્યેક ઘટના સાથે ગતિશીલતા ધરાવવી અનિવાર્ય છે.

ગતિશીલ બનવામાં અને પરિવર્તનો સાથે સાનુકૂળ બનવામાં ઊંડી સમજ, જ્ઞાન, ડહાપણનો ઉપયોગ કરવો પડે છે. માણસનું ઘડતર કરનાર પરિબળોના અને વિચાર-વર્તનને અસરકર્તા પરિબળોના યોગ્ય અભ્યાસમાં પરિસ્થિતિનો તાગ મળી રહે છે. Understanding and learning spring out of adjustment with and adaptation of changes. પરિવર્તનશીલ પરિસ્થિતિમાં સાપેક્ષ માણસે તેની શક્તિનું અંકન કરવું જોઇએ; ત્યારબાદ શક્તિની મર્યાદાઓમાં રહીને પોતાની આકાંક્ષાઓને આકાર આપવો જોઇએ જેથી નિષ્ફળતા દૂર રહે; નિરાશા અને ભગ્નતા દૂર ભાગે આશા-અપેક્ષાઓનું મૂળ મગજ છે. આ વૈચારિક પ્રક્રિયાઓ બુદ્ધિજન્ય છે તે સિદ્ધ ન થતાં હૃદય સંવેદનો અનુભવે છે; આકાંક્ષાઓની અપૂર્ણતાથી લાગણી દુભાય છે. બુદ્ધિ અને લાગણી વચ્ચે સમન્વય સાધવાનું કાર્ય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કરે છે. આ દૃષ્ટિકોણના વિકાસથી માણસ વાસ્તવિકતાની વધારે સમીપ જાય છે અને માનસિક રાહત અનુભવે છે. ■

## સુવર્ણ જયંતી સાપ્તાહિકનું આપનું લવાજમ મોકલી આપશો.

## સુવર્ણ જયંતી ફાળો

### ૨૫૦) થી નીચેની રકમો જે પ્રસિદ્ધ થઇ નથી તેની યાદી. વસુલ આવેલી.

૧૦૧) શ્રી ગાંડાભાઇ હીરાભાઇ, રાંધેજાવાળા-રાંધેજા
૧૦૧) શ્રી નારણદાસ શામળદાસ પટેલ, સુરત
૧૦૧) શ્રી નંદસુખલાલ મણિલાલ હિંગળોકવાળા, સુરત
૧૦૧) શ્રી જયંતીલાલ ચીમનલાલ અમીન, નવસારી
૫૧) શ્રી અંબાલાલ જીવરામ પટેલ, અમદાવાદ
૫૧) શ્રી કેશવલાલ વેણીદાસ પટેલ, નવસારી
૫૦) શ્રી વૃજલાલ પોપટલાલ, નવસારી
૫૧) શ્રી મફતભાઇ રમણભાઈ સોમાભાઇ, નિધરાડ
૧૦૧) શ્રી મણીલાલ અમીચંદદાસ, સરસાવ
૫૧) શ્રી શીવાભાઈ અમીચંદદાસ, સરસાવ
૫૧) શ્રી મનુભાઇ મથુરભાઇ પટેલ, સરસાવ
૫૧) શ્રી પુરુષોત્તમભાઈ મોહનદાસ, શેરથા
૧૦૫) શ્રી ડાહ્યાભાઇ પ્રહલાદભાઇ કડી
૫૧) શ્રી એમ. જે. પટણી, અમદાવાદ
૧૦૧) શ્રી કચરાલાલ અંબાલાલ પ્રજાપતિ
હા. અંબાલાલ પ્રજાપતિ ખેરપુર
૧૦૧) શ્રી ગોપાળભાઈ રેવાભાઇ પટેલ માણસા
૭૧) શાહ છગનલાલ ચુનીલાલ,
હ. શ્રી નારણભાઇ છગનલાલ,
મુ. મોહીને જી. થાણા
૧૦૧) શ્રી કચરાભાઈ બેચરદાસ પટેલ સરસાવ
હ. શ્રી કેશવલાલ લાડકચંદ
૮૩) પરચુરણ

બાકી

૧૦૧) શ્રી સોમચંદભાઇ એમ. સોલંકી, અમદાવાદ
એમ. પી. ( લોકસભા )

૧૫૭૫)

---

## ય જ્ઞ

કાર્યને આપણે યજ્ઞ કહીએ છીએ. ગીતામાં કહ્યું છે કે સૃષ્ટિની ઉત્પતિ યજ્ઞથી થઇ છે. મારી ભાષામાં કહું તો દરેક માનવી વ્યક્તિને ઘસાઇ છૂટવું તેનું નામ યજ્ઞ. માતા પોતાનાં બાળકો માટે શરીરનું ધાવણ આપીને ઘસાઈ છૂટે છે તેમ દરેક માનવીએ સમાજને માટે ઘસાઈ છૂટવું જોઇએ. આવી મનોવૃત્તિ સૌ માનવી કેળવે તો જીવન નંદનવન બની જાય. પરંતુ આજે સામી વ્યક્તિને માટે કંઈ ન કરવું પણ લેવાય એટલું લઇ લેવું એવી સહુની મનોવૃત્તિ કેળવાતી જાય છે. પરિણામે આજે દુઃખનો પાર નથી.

—રવિશંકર મહારાજ

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે. દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૧,૫૨,૩૬૪) આગળનો સરવાળો.
*૨૫૧) શ્રી બાબુભાઇ ગોપાળદાસની પેઢી તરફથી,
હા. શ્રી નટવરલાલ અંબાલાલ,–મુ. કાંઠ
૨૫૧) શ્રી ભીખાભાઈ ચોથણદાસ પટેલ
મુ. રામપુરા ( માણસા )
પોસ્ટ : માણસા, તા. વિજાપુર
૧૫૭૫) ફાળામાં ૨૫૦) થી નીચેની રકમો જે સુ. જ માં પ્રસિદ્ધ નથી કરવામાં આવી તેનો સરવાળો.
નામો માટે જુઓ સામેના કોલમ ઉપર

૧૫૪૪૪૧) કુલ સરવાળો

* વસુલ આવી ગઇ છે

---

## ગૌશાળામાં મળેલ ફંડની યાદી

૧૬૧) શ્રી અંબારામદાસ અમથારામના સ્મરણાર્થે,
હા. શ્રી નટવરલાલ તથા શ્રી મનુભાઇ
રોકડા મળ્યા છે.




# મારી હાજરીની અપેક્ષા નહિ રાખવા વિનંતી

ગુજરાત વિધાનસભા શરુ થઈ છે. તા. ૩-૧૨-૭૦ સુધી ચાલવા વકી છે. આ દરમ્યાન મારે હાજરી આપવી જોઈએ.

મહેસાણા મતદાર વિભાગે મને ચૂંટીને મોકલી મારામાં વિશ્વાસ મૂક્યો. એમના એક અદના પ્રતિનિધિ તરીકે મારે મારી ફરજ બજાવવી જોઈએ.

વિધાનસભામાં આમજનતા અને ખેડૂતોને લગતા અવાર-નવાર પ્રશ્નો આવે છે અને ચર્ચા થાય છે. જનતાના એક અદના પ્રતિનિધિ તરીકે જનતાનો અવાજ રજુ કરવા મારે હાજરી આપવીજ પડે.

આથી કડીની સંસ્થા – સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો ફાળો – સુવર્ણ જયંતી ફાળો ઉઘરાવવા બીજા ભાઈઓ કામ કરી રહ્યા છે. મારી હાજરીની અપેક્ષા રાખ્યા સિવાય ઉમંગથી ફાળો લખાવવા મારી વિનંતી છે.

કડીના આંગણે કડી તાલુકામાં પૂ. છગનભાએ વડનું બીજ વાવ્યું. એ બીજ પાંગર્યું અને આજે એક મોટી શિક્ષણ સંસ્થા થઈ છે. બહારના જે ભાઈઓ આપણી સંસ્થા જુએ છે ત્યારે એની રચના અને ઝાડપાન જોઈ ખુબ ખુશ થાય છે. એકજ સ્થળે અને તે ચાલીસ એકર જમીનમાં હાઈસ્કૂલ, ટેકનીકલ હાઈસ્કૂલ, પ્રિ-વોકેશન સેન્ટર અને સાયન્સ કોલેજ અને સાથે સાથે એકજ કંપાઉન્ડમાં- સર્વ વિદ્યાલય કેમ્પસમાં છાત્રાલયો વગેરે જોઈ બોલી ઉઠે છે કે તમે શું ધાર્યું છે? આ તો નાની યુનિવર્સિટી જેવું છે. ભવિષ્યમાં યુનિવર્સિટીની તો કલ્પના નથી?

આપણા સર્વ વિદ્યાલય કેમ્પસમાં બે હજાર જેટલા વિદ્યાર્થીઓ જુદી જુદી શિક્ષણ સંસ્થાઓમાં ભણી રહ્યા છે છાત્રાલયોમાં ચારસો જેટલા વિદ્યાર્થીઓ રહે છે.

આપણે આનો વિકાસ કરવા માગીએ છીએ. એ માટે પૈસા તો જોઈશે અત્યાર સુધી તો આપણે મોટા ભાગના પૈસા બહારથી લાવ્યા. આ વરસ ભગવાને આપણને સારું આપ્યું છે તો તાલુકાનાં ગામડાઓમાં ફાળો ઉઘરાવવાનું શરૂ કર્યું છે. વહેલાં મોડા દરેક ગામે જવાનું થશે. બધાએ ગામોમાં હું હાજર રહી શકું નહિ અને તેથી આ વિનંતી કરૂં છું કે :-

મારી હાજરીની અપેક્ષા રાખ્યા સિવાય સારા કામમાં ઉદારતાથી હાથ લંબાવશો.

પુરુષોત્તમદાસ પટેલ

# સંસ્થા સમાચાર

## સાયન્સ કોલેજ – કડી

આપણી સાયન્સ કૉલેજ – કડીએ ચાલુ સાલે લગભગ દરેક રમતમાં ભાગ લીધો છે તેમાં કબડ્ડી, ખોખો, બાસ્કેટ બૉલ (ભાઈઓ અને બહેનો), ક્રિકેટ અને હૉકીનો સમાવેશ થાય છે. એમાં હૉકી અને બાસ્કેટ બૉલની રમત આપણી કૉલેજમાં આ વર્ષે જ સૌ પ્રથમવાર શરૂ કરવામાં આવી તેમાં બંને રમતોમાં ઝે.ન કક્ષાએ સારો એવો દેખાવ કરી બતાવવામાં આવ્યો. તા. ૧૮ અને ૧૯ નવેમ્બરે પાટણ મુકામે યોજાએલ આંતરકૉલેજ હૉકી સ્પર્ધામાં આપણી કૉલેજે ઘણી જ સુંદર અને આકર્ષક રમત બતાવી. ઉત્તર વિભાગમાં હૉકીની રમતમાં ચેમ્પીયન થતી પાટણ કૉલેજની ટીમને હંફાવી હતી.

ચાલુ સાલે બાસ્કેટબૉલની રમતમાં આપણી કૉલેજની એક બહેન યુનિવર્સિટી ખેલાડી તરીકે પસંદ થઈ તે આપણી કૉલેજનું ગૌરવ ગણી શકાય.

અનેક નવીન ઈત્તર પ્રવૃત્તિઓ કૉલેજે શરૂ કરી છે. ચાલુ સાલે મોડાસા મુકામે યોજાનાર યુવક મહોત્સવમાં પણ નાટક, સમૂહગીત, લોકવાદ્ય, શૌર્યગીત, એકપાત્રી અભિનય વગેરેની હરીફાઈઓમાં સાયન્સ કૉલેજ–કડી ભાગ લેનાર છે.

## સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ – કડી

* તા. ૨૦-૧૧-૭૦ ના રોજ મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય અધિકારી શ્રી મજમુદારે શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ જુદા જુદા અભ્યાસક્રમ, રોજગાર અને નોકરીની તકો વિષે વિસ્તૃત પ્રવચન આપ્યું

* તા. ૨૨-૧૧-૭૦ ના રોજ લાડોલ મુકામે જિલ્લા રમતોત્સવની વિભાગીય સાંઘિક રમતોની હરીફાઈઓ યોજાઈ હતી. એમાં શાળાએ નીચે પ્રમાણેની રમતોમાં વિજય મેળવ્યો હતો.

માધ્યમિક અ વિભાગ : કબડ્ડી :-

| | |
|---|---|
| જુનિયર વિભાગ : | ખોખો, કબડ્ડી |
| સિનિયર વિભાગ : | ખોખો, વૉલીબોલ. |

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૬-૧૧-૭૦

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૩-૧૨-૭૦ [ અંક ૬


## મોટા ભયને નોંતરી રહ્યા છીએ!

'મૂળભૂત અધિકારો'ની વાત કરવાને બદલે 'મૂળભૂત કર્તવ્ય'ની કરવી જોઈએ. આપણે ભૂલી જઈએ છીએ કે 'કર્તવ્ય' અને 'હક્ક' એક સિક્કાની બે બાજુઓ છે.

કોઈ પણ સ્થળકાળના વર્તમાન પત્ર ઉપર જરા ઉપરછલ્લી નજર નાખી જશો તો જણાઈ આવશે કે આપણે કર્તવ્ય કરવામાં પાછળ ને હકક માગવામાં સદા આગળ રહ્યા છીએ. કર્તવ્યની ઉપેક્ષા ને હકકો માટે બૂમરાણ મચાવી મૂકવામાંથી આજે કોણ મુકત છે? કેટલાય લોકો રાતોરાત ઉજાગરા કરી કરીને એમને કયા હક્ક નથી મળ્યા અને કોને કોને નથી મળ્યા તેની લાંબીલચ્ચ યાદી કરવાનો મોટો શ્રમ ઉઠાવી રહ્યા છે. અન્યાય, ફરિયાદ અને અત્યાચારની કાલ્પનિક વાતો ઉપજાવવામાં ને તેની ઢોલનગારાં વગાડી જાહેરાત કરવામાં સઘળાં શ્રમશક્તિ અને બુદ્ધિનો આપણે ભારે મોટો વ્યય કરી રહ્યા છીએ! આવાં પુનરાવર્તન અને શોષણનાં જુઠાણાંની વાતો પોકારી પોકારીને નિર્દોષ, અણસમજુ લોકોનાં જીવનમાં ખોટાં મૂલ્યો ને આત્મઘાતક વિષનો સંચાર કરી તેમનાં જીવનને અસંતોષી, કડવાશ ભર્યું, નિરર્થક, નિર્માલ્ય ને હેતુવિહિન બનાવવાનું પાપ શું આપણે નથી આચરી રહ્યા?

આજે પંડિતો અને પ્રધાનો, વિદ્યાર્થીઓ અને વહેપારીઓ, મજૂરો અને માલિકો, કારભારીઓ અને કારકુનો – સૌ કોઈ છૂટે મોઢે, અન્યાય, શોષણ ને અવગણના થઈ રહી છે એવો જોરથી શોરબકોર મચાવી મૂકે છે. અસંતોષની જવાળા સળગાવી કેવાં કેવાં બળોને છંછેડી, મોટામોટા ભયને આપણે નોતરી રહ્યા છીએ તેનો આજે કોણ વિચાર કરે છે?

આજે આપણા દેશમાં કહેવાતા 'પ્રગતિકારક ધારાઓ' રજૂ કરવાના બણગાં ફૂંકી ફૂંકી પોતાની મૂર્તિને રૂડીરૂપાળી શણગારવાની હરીફાઈ ચાલે છે ત્યારે આપણા આ દેશમાં દીર્ઘદ્રષ્ટિ અને હિંમતવાળો એવો કોઈ 'નેતા' કેમ નથી આગળ આવતો કે જે 'કાર્યો અને કર્તવ્યો'ની ઓછામાં ઓછી જવાબદારી ઉપાડવી પડે એવો ધારો રજૂ કરે?

સમર્પણ ] સુ. રામકૃષ્ણન.

: : આપનો ફાળો ઉદારતાથી નોંધાવવા વિનંતી : :

# શરીરધારી કીર્તિ

મહાકવિ માઘે દાન કરવામાં પોતાની અઢળક સમૃદ્ધિ ખર્ચી નાખી અને એ અકિંચન બની ગયા. પોતે અકિંચન બની ગયા. તેથી પોતાનાં વૈભવ અને સુખ છીનવાઈ ગયાં એનું એમને દુઃખ નહોતું પણ હવે દાન કરવાની પોતાની શકિત ન રહી એનું દુઃખ હતું.

પોતાની આ દશા વખતે એ ધારાનગરીમાં આવીને વસ્યા. હવે તો માંદગીએ એમને પૂરેપૂરા ઘેરી લીધા હતા. પગે સોજા પણ ચઢી ગયા હતા આ સ્થિતિમાં એક દિવસ એમણે પોતાની પત્નીને એક પુસ્તક આપીને ભોજ પાસેથી કંઈક દ્રવ્ય મેળવી લાવવા કહ્યું. પત્નીએ દરબારમાં જઈ એ પુસ્તક ભોજને અર્પણ કર્યું. રાજાએ પુસ્તકમાંથી એક શ્લોક વાંચ્યો. એનાથી એ એટલા પ્રભાવિત થયા કે એ શ્લોકના એક જ શબ્દના પુરસ્કાર રૂપે એમણે એક લાખ દ્રમ્મ આપ્યા.

દ્રવ્ય લઈને પત્ની ઘેર આવવા નીકળી. ત્યારે રસ્તામાં જ એ માઘની પત્ની છે એવી લોકોને જાણ થઈ ગઈ ભિક્ષુકો એની પાસે આવવા લાગ્યા. પતિના સહવાસથી માઘની પત્ની પણ દાનનો મહિમા સારી રીતે જાણતી હતી. એણે પોતાને મળેલા દ્રવ્યનું દાન કરવા માંડ્યું. ઘેર આવતા સુધીમાં એની પાસે કંઈ ન રહ્યું.

ઘેર આવીને પત્નીએ માઘને આ સઘળી હકીકત કહી. માઘ આ જાણી ખૂબ પ્રસન્ન થયા અને પત્નીના કાર્યને બિરદાવતાં કહ્યું : "તું મારી શરીરધારી કીર્તિ છે."

—સો.

## કામ.....

(કેટલાક વિચારો)

માણસના સુખ અને દુઃખના અનુબંધમાં કામનો વિચાર કરીએ તો કામને માણસના સુખના કે દુઃખના કારણોમાં મૂકવું એ એક મોટો મુંઝવણનો પ્રશ્ન બની જાય છે.

ઘણાં એવાં કામો છે કે જે માણસને ત્રાસ આપે છે. કામની અતિશયતા પણ દુઃખ આપનારી હોય છે. જો કામ વધારે પડતું ન હોય તો ગમે તેવું કંટાળાજનક કામ પણ આળસ કરતાં ઓછું દુઃખદાયક હોય છે.

આળસ અને કંટાળાને સહજ રીતે દૂર કરે તેવાં કેટલાંક કામ હોય છે. જ્યારે બીજાં કેટલાંક કામ ખૂબજ આનંદ જ ઉત્પન્ન કરનારાં હોય છે. આનો આધાર પણ કામના પ્રકાર અને કામ કરનારની શક્તિ અને મનોવૃત્તિ ઉપર હોય છે.

ઘણા માણસો પાસે કામ જ રસ ઉત્પન્ન કરે તેવાં કામ હોતાં નથી. છતાં આવાં કામોનો પણ ઘણો મોટો ફાયદો હોય છે. કામ દિવસના મોટા ભાગને પ્રવૃત્તિથી ભરી દે છે. કામ ન હોય તો આખો દિવસ શું કરવું તે માણસને મુંઝવી નાંખે છે. આવી મુઝવણ ગમે તેવું કામ દૂર કરે છે.

માણસને તેની પોતાની જ ઈચ્છા પ્રમાણે કામ કરવાની છૂટ મળે છે ત્યારે તે ભાગ્યે જ સંપૂર્ણ આનંદ મળે તેવા કામની પસંદગી કરી શકે છે. તે ગમે તે કામ પસંદ કરશે પણ તરત તેને લાગવા માંડશે કે આના કરતાં બીજું કામ પસંદ કર્યું હોત તો વધુ આનંદ અને સંતોષ મળત.

નવરાશના સમયને બુદ્ધિપૂર્વકના કાર્યથી ભરી દેવાનો પ્રશ્ન એ આજની સંસ્કૃતિની પેદાશ છે. અને તેમાં ઘણા ઓછા માણસો ફળીભૂત થતા હોય છે. અતિ કાર્યક્ષમ અને કલ્પનાશીલ માણસો સિવાયના અન્ય માણસોને નવરાશનો સમય ઉપદ્રવી, બગાડ કરનારો અને શક્તિને હ્રાસ કરનાર નિવડતો હોય છે.

કામના શ્રમ કે ઢસરડામાંથી બચી જવાની કિમ્મત તરીકે ધનિકો અકથ્ય કંટાળાના ત્રાસથી અસહ્ય રીતે પીડાતા હોય છે. જુવાનીના દિવસોમાં રંગ–રાગ, શિકાર, સહેલગાહો કે મુસાફરી કંઈ રાહત આપે છે. પણ યુવાની ગયા પછી આ વસ્તુઓ કારગત નિવડતી નથી. એટલે કેટલાય બુદ્ધિશાળી ધનિકો ગરીબો કરતાં પણ ઘણું કામ કરતા રહે છે.

જીંદગીના કંટાળાના ત્રાસને રોકવા માટે કામ જ પ્રથમ અને છેલ્લો ઉપાય છે.

અણગમતું કામ કરતાં માણસને જે કંટાળો અને ભાર લાગે છે તેના કરતાં દિવસમાં કંઈ પણ નહિ કરનારને ઘણો બધો કંટાળો અને ભાર લાગે છે.

વિના–કામ પછીનો આરામનો સમય કરડવા ધાય છે. કામ પછીનો આરામ વધુ મીઠો લાગે છે.

સમય પસાર કરવાનું ઉત્તમ સાધન કામ છે. એટલું જ નહિ પણ માણસની લાગણીઓને અને શક્તિઓને વ્યક્ત કરવાનું એ એક પણ ઉત્તમ સાધન છે.

સમાજમાં પૈસા મેળવવા અનિવાર્ય છે. અને કામમાંથી જ પૈસા મળે છે એટલે સમાજમાં જીવવા માટે પણ કામ અનિવાર્ય છે.

# અંગ્રેજી ભાષાની માધ્યમિક શાળાઓ

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

અંગ્રેજો આ દેશમાંથી ગયા પછી અંગ્રેજી ભાષાનો મોહ વધ્યો છે. અંગ્રેજી રહેણીકરણીએ આકર્ષણ કર્યું છે.

આ દેશમાં અંગ્રેજી ભાષા શરૂ કરનાર મેકૉલે. અંગ્રેજી ભાષા શાળાઓમાં શરૂ કરવા પાછળ તેનો હેતુ શું હતો એ એના પત્ર ઉપરથી જણાય છે. એણે એના પિતાને કલકત્તાથી તા. ૧૨ ઓકટોબર ૧૮૩૬ ના રોજ લખ્યો હતો. આ પત્ર આ રહ્યો.

પ્રિય પિતાજી,

અમારી ઇંગ્લીશ સ્કૂલો આશ્ચર્યજનક ઢંગથી ઉન્નતિના રાતે જઇ રહી છે. હિન્દુઓ ઉપર આ શિક્ષણનો બહુ જ પ્રભાવ જબરદસ્ત અનોખો થઇ રહ્યો છે. જે હિન્દુ એકવાર અંગ્રેજી શિક્ષણ મેળવે છે, તેનો પોતાના ધર્મમાં ભેદ ઉત્પન્ન થઈ જાય છે. કેટલાક તેને વળગી રહે છે તે શ્રદ્ધાના કારણે નહિ, પરંતુ નીતિની વાત માની કેટલાક લોક ઇસાઈ થઈ જાય છે. આ મારો વિશ્વાસ છે કે, અગર અમારા આ શિક્ષણની યોજનાઓ કોઇ જાતના વાંધા વગર નિરંતર ચાલુ રાખવામાં આવે, તો આજથી ત્રીસ વર્ષ બાદ બંગાળની પ્રતિષ્ઠિત જાતિઓમાં એક પણ હિન્દુ નહિ રહી શકે અને આ કામ ધર્માંતરનો પ્રયત્ન કર્યા વગર કેવળ શિક્ષણથી જ ઇસાઇ બની જાય અને ધાર્મિક થોડોક પણ હસ્તક્ષેપ કર્યા વિના જ્ઞાન, ચિંતન અને મનથી પ્રાકૃતિક રીતે જ બદલાઇ જશે.

ભવિષ્યની આ આશામાં મારું મન નાચી ઊઠે છે.

આપનો પ્રિય,<br>
ટી. વી. મેકૉલે

બંગાળમાં રામમોહનરોય અને વિવેકાનંદ જેવા થયા, તેને લઇ મેકૉલેની આશા ફળી નહિ. છતાં અંગ્રેજી ભણતરની અસર તો ધાર્મિક માન્યતા ઉપર મોટી થઈ છે. આર્યસમાજ, બ્રહ્મોસમાજ જેવી સંસ્થાઓએ હિન્દુઓના સારા જેવા ભાગને ઇસાઈ બનવામાંથી બચાવી લીધો.

ખ્રિસ્તી મિશનરીઓએ હિન્દુઓના ધર્મ પરિવર્તનમાં જેવો તેવો ફાળો આપ્યો નથી. હિન્દુઓમાં પણ કેટલીક અંધશ્રદ્ધા અને અસ્પૃશ્યતા, કારમી ગરીબાઇ અને દુષ્કાળોને લઇ ધર્મપરિવર્તનમાં સારા જેવો વધારો થવા પામ્યો.

આમ છતાં અંગ્રેજી શિક્ષણના કારણે અને સાથે સાથે હિન્દુ ધર્મના સાચા શિક્ષણના અભાવના કારણે ધર્મ-પરિવર્તન થયાં છે. આ માટે આપણા ધર્માચાર્યો પણ જવાબદાર છે.

અંગ્રેજોની સત્તા હતી અને તેઓ આપણા દેશ ઉપર હકુમત ચલાવતા હતા ત્યારે પપ્પા અને મમ્મી જેવા શબ્દો ભાગ્યે જ પ્રચલિત હતા. સ્વરાજ પછી એ શબ્દો વ્યાપક બન્યા; એટલું જ નહિ પણ મિશનરી સ્કૂલ અને કૉલેજોમાં છોકરા–છોકરીઓને દાખલ કરાવવા પગ ઘસવાની વૃત્તિ ઘણી વધવા પામી. બાળકોને નાનપણથી અંગ્રેજી માધ્યમની મૉન્ટેસરી અને પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં મોટાઇ અને ગૌરવ અનુભવવા લાગ્યા. નાના બાળકો સાથે એમના માતા–પિતા અંગ્રેજીમાં જ વાતચિત કરવામાં મોટાઇ સમજતા થયા. નેકટાઈ વિશેષ પ્રચલિત બની અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં બાળકોને નેકટાઇ પહેરાવી જતા જોવામાં ગૌરવ અનુભવવા લાગ્યા.

આમ અંગ્રેજોની ગુલામી તો ગઇ પણ અંગ્રેજી મતની ગુલામીની પકડ મજબૂત બની અને વધી.

ખ્રિસ્તી મિશનરીઓ–પાદરીઓ અને ખ્રિસ્તી શાળાઓ અને કૉલેજોની કામગીરી પાછળ ઇસાઇ ધર્મ–ખ્રિસ્તી ધર્મના પ્રચારની ભાવના નથી એવું મૂર્ખ જ માની લે. પર્વતો અને જંગલોમાં પથરાયેલ પાદરીઓ ભલે સેવાકાર્ય કરતા હોય પણ તેની પાછળ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર હેતુ નથી એવું કોઇ કહી શકશે ?

આમ છતાં સ્વરાજ પ્રાપ્તિ પછી આપણે એમનાં કામ ચાલુ રાખવા દીધાં એટલું જ નહિ પણ ખ્રિસ્તી મિશનરી સ્કૂલો અને કૉલેજોને ગ્રાન્ટો આપી તેમના કાર્યમાં મદદ કરી છે.

સ્વરાજ પછી આપણે બાવીસમાં વર્ષમાં છીએ છતાં આ પ્રશ્ન ગંભીરતાથી વિચારતા નથી.

છેલ્લા પાંચ વર્ષમાં અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ, હાઇસ્કૂલો વગેરે શરૂ થવા લાગી છે. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા તેમજ હાઈસ્કૂલની ફી વિશેષ છતાં એમાં વિદ્યાર્થીઓનો ધસારો રહે છે આવી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને નેકટાઇ જરૂરની બની છે કે બનાવવામાં આવી છે. કેટલીક શાળાઓએ શાળા–પોષાકમાં ટાઇ ફરજીઆત પણ રાખી છે.

આ આકર્ષણ શાથી ?

પ્રાદેશિક ભાષાના માધ્યમનો આગ્રહ રાખનારાઓનાં બાળકો અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરવામાં આવે છે અને તેના પ્રાદેશિક ભાષાના માધ્યમના આગ્રહીઓ ગૌરવ લે છે. રાજ્યની ગુજરાતી માધ્યમની નીતિનો અમલ કરનારાઓ પણ એમનાં બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં દાખલ કરવાથી બાળકનું ભવિષ્ય ઉજળું બને છે એમ માને છે.

શ્રીમંતો અને ઉચ્ચ મધ્યમ વર્ગના એમના બાળકોને આવી શાળામાં દાખલ કરવામાં મોટાઇ અને ગૌરવ અનુભવે છે.

આને લઈ અંગ્રેજી માધ્યમની શાળાઓ માટે સમાજમાં આકર્ષણ પેદા થવા પામ્યું છે. આને લઈ અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓની સંખ્યા વધતી જાય છે, એટલું જ નહિ પણ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ અને બાળ-મંદિરોમાં દર સાલ વધારો થાય છે. ઘટાડો થતો નથી.

આનો ઉપાય શું ?

અંગ્રેજી ભાષા ભલે બીજી ભાષા તરીકે શીખવાય, ભલે એ લાયબ્રેરી ભાષા રહે પણ તે સારી રીતે શીખવવી જોઇએ. શિક્ષકોમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઠીક ઠીક હોવું જરૂરી છે અને વધારવું જોઇએ.

આપણા દેશના અગ્રણીઓએ અંગ્રેજી ભાષા પ્રત્યે તિરસ્કાર દાખવવો નહિ જોઈએ. અંગ્રેજી ભાષાનું શિક્ષણ-બીજી ભાષા અગર તો લાયબ્રેરી ભાષા તરીકે પણ સારું મળે અને વિદ્યાર્થી એસ. એસ. સી. થાય ત્યારે અંગ્રેજી શુદ્ધ લખી બોલી શકે તેટલું તેને શિક્ષણ મળવું જોઇએ.

આ સારૂ દેશના અગ્રણીઓ, શિક્ષણકારો, તેમજ શાળા સંચાલકોએ અંગ્રેજી ભાષાનું નિદાન વ્યવહારૂ જ્ઞાન મળે તેમ કરવું પડશે, નહિતર અંગ્રેજી માધ્યમની શાળાઓનું આકર્ષણ રોકી શકાશે નહિ.

માધ્યમિક શાળાના શિક્ષકો એમના વિષયનાં અંગ્રેજી પુસ્તકો વર્ષમાં નિદાન ચારપાંચ વાંચે અને એમના વંચનના સારરૂપ શાળાના હસ્તલિખિત માસિકોમાં અંગ્રેજીમાં લેખો લખે તો જ અંગ્રેજી ભાષાનું વ્યવહારૂ જ્ઞાન વિદ્યાર્થીઓને આપી શકે.

શિક્ષકો અંગ્રેજી પુસ્તકો વાંચે નહિ તો એમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન કટાઇ જાય અને વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાનું વ્યવહારૂ જ્ઞાન આપી શકે નહિ.

આપણી યુનિવર્સિટીઓમાંથી બી. એ, બી કોમ અગર બી. એસ સી. થયેલા સ્નાતકોની આજે તો સ્થિતિ એવી છે કે તેઓ અંગ્રેજી બોલી શકતા નથી તેમ લખી શકતા નથી. આ સ્થિતિ ટાળવા યુનિવર્સિટીઓએ પણ સક્રિય વિચારવું પડશે.

પ્રાદેશિક ભાષાનું માધ્યમ શિક્ષણમાં રહે છતાં અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન મળે તેવી વ્યવસ્થા આપણે વિચારીશું નહિ તો જતે દિવસે અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂબ વધશે. એની શું અસર થશે એનો વિચાર રાષ્ટ્રપ્રેમીઓએ કરવો જરૂરી છે

૨૦-૧૧-૭૦ પુરુષોત્તમદાસ પટેલ

[ પાન ૬ ઉપરનું ચાલુ ]

પહોંચાડયા વગર પસાર થઇ જાય છે. તથા અંદર વિશેષ કરીને 'રેટિના' ને પોતાના સ્થળ પર સરખી રીતે ગોઠવી દે છે. તે રેટીનામાં સૂક્ષ્મ છિદ્ર બનાવી 'લોકોમા' નામના રોગનું નિદાન પણ કરે છે. સાથે સાથે લેસરકિરણ આંખોમાં બહુ જ ઘાતક પણ સિદ્ધ થયા છે અને માણસ તુરત જ આંધળો થઇ જાય છે.

હવે ઓપરેશન વખતે સર્જનોએ તથા તેમના સાથીદારો એ મોં પર બુરખા પહેરવા પડશે નહિ ફક્ત આંખ પર પીળા રંગના ચશ્માં પહેરવા પડશે. હાથ પર રબરનાં મોજાં પણ પહેરવાનાં નહિ રહે. માણસના વાળથી પણ દશમાં ભાગની જાડાઇ જેટલી જગ્યા પર કેન્દ્રિત કરી શકાય તેવું હથિયાર લેસરકિરણોવાળું બનાવતા તેના વડે સરળતાથી ઓપરેશન કરી શકાશે.

લેસરકિરણની મદદથી કેટલીક જાતના કેન્સરના રોગ ઉપર ઉપચાર કરવામાં આવી રહ્યો છે. ચામડીના પડમાં જામેલી ગાંઠો અથવા રસોળીઓને તેની મદદથી વિના કષ્ટે બાળીને સાફ કરી શકાય છે. વળી તે માટે દર્દીને બેહોશ કરવાનીયે જરૂર પડતી નથી.

તેની મદદથી દાંતના ક્ષયને રોકવામાં આવે છે. અને નવજીવન બક્ષી શકાય છે.

સિગરેટ સળગાવવા માટે લેસરની માચીસ પણ બનાવવા-માં આવી છે. ટાઈપ કરેલા અક્ષરોમાં ભૂલ થઈ જતાં તે અક્ષરો પર લેસરનો પ્રકાશ નાંખવામાં આવતાં તે ભૂંસાઈ જઇ કાગળ હોય તેવો જ રહે છે. કઠણ પદાર્થો જેવાં કે હીરા, પ્લેટીનમ વગેરેને કાપવા માટે અથવા તેમાં છેદ પાડવા માટે લેસરકિરણો ઘણાં ઉપયોગી ગણાયાં છે.

એક દર્દીના સાથળમાં રસોળી લેસરકિરણની મદદથી બાળી નાંખવામાં આવ્યા બાદ તેને પૂછવામાં આવ્યું, "શું તમને આ ઓપરેશનથી કશી પીડા થઇ હતી ?" ' દર્દીએ જવાબ આપેલો, "મને માત્ર એવું લાગેલું કે જાણે મારી ચામડી પર ગરમ મીણ પડયું ન હોય! બસ, એથી વધુ જરાય નહિ.

વિસમી સદીના આ ઉત્તરાર્ધમાં માનવીએ જ્યારે ચંદ્રની ભુમિ પર પગ મૂકીને જે ચમત્કાર સર્જ્યો છે તેનાં કરતાં પણ લેસર કિરણની શોધ ઓછી ચમત્કારિક નથી. હજી તે પ્રાયોગિક કક્ષામાં છે, પરંતુ તેમાંથી આગળ વધી તે જગતના બજારમાં મુકાશે ત્યારે વ્યક્તિ અને સમાજજીવનમાં એક નવી જ ક્રાંતિ દેખા દેશે, એમ કહેવું જરાય વધુ પડતું નથી.

# પ્રાધ્યાપકના પત્રો

## [ ૩ ]

ઇડર તા. ૨–૧૦–૭૦

પ્રિય હેમંત,

સવારે ૧૦-૧૦ વાગે બસમાં અહીં આવી ગયો. ગુરૂજી (ડૉ. જી એલ શાહ) મારા પહેલાં આવી ગયા હતા. વિનુભાઇ પરબિયા વિદ્યાનગરથી આવવાના હતા. આરામગૃહમાં તપાસ કરી. જગા નહોતી. ધર્મશાળામાં ધામા નાખ્યા. ધર્મશાળાને અડીને જ લૉજ છે. જમીને આરામ કર્યો. બે વાગે વિનુભાઇ આવી ગયા. ધર્મશાળાની અગાશીમાંથી ડુંગરાંનાં દર્શન કરવા જેવાં છે. મોટા કાળમીંઢ પથ્થરો, રાયણનાં ઘટાદારવૃક્ષો, રણમલચોકી, ઢોળાવ ઉપર ચરતાં બકરાં ગાયો અને છૂટાંછવાયાં વૃક્ષો ઇડરગઢની મૂર્તિને સાકાર કરે છે.

ત્રણ વાગે વનસ્પતિ દર્શનાર્થે નીકળ્યા. શહેરને વીંધીને ડુંગરા તરફ – ગઢ તરફ જવાય છે. દરવાજા આગળ જ શાકભાજી વેચનારા બેસે છે. અહીં રતાળુ, લીલી હળદર, પંડોળાં, સરગવાની શીંગો અને બીજાં શાકભાજી સારા અને સસ્તાં મળે છે. શહેર પાર કરીને તળેટીમાં આવ્યા, ઇડરના ડુંગરા ૫૦૦ ફૂટ જેટલા ઊંચા છે. તળેટીમાં પુંવાળ, સરપંખો, જેજરૂ, ગોખરું, ગાંઠિયું અને બીજાં તૃણ અને ચિયા વર્ગની એકવર્ષાયુ ઘણી વનસ્પતિઓ ઊગી હતી. વિનુભાઇ માટે બધું નવું હતું. એક એક છોડ અને પથરા મારા તો ચિરપરિચિત હતા. ગઢ ઉપર ચડવાનું શરૂ કર્યું. રસ્તાની આજુબાજુની વનસ્પતિઓની નોંધ કરી, એકઠી કરતા કરતાં, પગથિયાં ચડતા હતા. ' મોરશિખા ' નામની ત્રિઅંગી વનસ્પતિ લગભગ સુકાઇ ગઇ હતી. તેના થોડા લીલા છોડવા એકઠા કર્યા. આ એક દિવ્ય ઔષધિ ગણાય છે અને લક્ષ્મણાની પ્રતિનિધિ ગણાય છે.

રાજ્યો ગયાં, રાજા ગયા, ઊભો છે માત્ર ' દોલત મહેલ ' ખંડેર બનીને. ભૂતકાળની ભવ્યતા યાદ કરાવતો. તેની ભીંતો અમર થવા ઇચ્છતા યાત્રીઓના નામથી ભરાયેલી છે.

આજુબાજુ ડુંગરના ઢોળાવ ઉપર ગુગળ, ધાવડી, ઇંદ્રજવ, ગિદમ. અંકોલ, રાયણ, અણિયાર, કાંચનાર, બીલી અને કેસૂડાનાં વૃક્ષો છે. રસ્તા નજીકનો કુંડ ' જળશંખલા ' વનસ્પતિથી ભરપૂર છે. અહીં નજીક વેણી– વચ્છરાજના મહેલનાં ખંડેરો છે. આ અંગે એક લોકવાયકા પ્રચલિત છે. માળવાના રાજાની રાણી ગર્ભવતી હતી રાણી ને વળી માનીતી ! તેને લોહીના કુંડમાં નહાવાની ઇચ્છા થઈ. ગર્ભવતીની ઇચ્છા અધૂરી રખાય નહિ ! પ્રધાનને હુકમ થયો. રાજા વાજાં ને વાંદરા ! પ્રધાન બુદ્ધિશાળી હતો. રાણીની ઇચ્છા પૂર્ણ કરવા આવી ઘોર હિંસા કરે કોણ ? તેણે યુક્તિ કરી, આખો કુંડ દૂધથી ભરાવ્યો. તેમાં ગુલાલના કોથળા ઠાલવ્યા. બનાવટી લોહીથી કુંડ ભરાઇ ગયો. બીજે દિવસે રાણી નહાવા પડી. એક ગરુડ આવ્યોને રાણીને ઉપાડી ગયો. રાણી જાગી તો ડુંગરના શિખર ઉપર. તે બહુ કલ્પાંત કરવા લાગી. જોડેના આશ્રમમાંથી ઋષિ આવ્યા અને રાણીને લઇ ગયા. રાણીએ બાળકને જન્મ આપ્યો. તેનું નામ રાખ્યું વચ્છરાજ. વચ્છરાજ મોટો થયો. આશ્રમની ફૂલવાડીની ચોકી કરવાનું કામ વચ્છરાજને સોંપાયું. થોડા સમય પછી ફૂલવાડીમાંથી ફૂલની ચોરી થવા લાગી વચ્છરાજ રાત્રે છૂપાઈ રહ્યો. કોઇ સ્ત્રી આવતી જોઈ બહાર નીકળ્યો. સ્ત્રી સાવધ થઇ. વચ્છરાજે કટાર ફેંકી સ્ત્રી ગુફામાં અદૃશ્ય થઇ. પણ તેનો ચોટલો કપાઈ ગયો. તેણે ચોટલો કપાયેલી સ્ત્રીને શોધી કાઢી. તે નાગરાજની કન્યા વેણી હતી તે પ્રથમ દૃષ્ટિએ તેના પ્રેમમાં પડ્યો. બંનેના લગ્ન લેવાયાં અને તે આ પ્રદેશનો રાજા બન્યો. આવી છે કથા વેણી–વચ્છરાજની.

તરસ લાગી હતી. ચોકીદાર સાથે થોડી વાતો થઇ. તેણે ભાવપૂર્વક મંદિર બતાવ્યું. આ મંદિર છે શ્વેતાંબરોનું. આનાથી નજીક જ દિગંબરોનું મંદિર પણ છે; અને આ મંદિર જોડે મસ્જિદ પણ ! કોઇ વખત રાત્રે વાઘ આવે છે. ' ભૂખ્યો હોય તો જ ઢોરને હેરાન કરે. ' એમ તેણે કહ્યું. મંદિરનો સુંદર બગીચો છે. આમાં સોનચંપાનાં આઠ-દશ વૃક્ષ છે, કરેણ છે, ચંદન છે, કેળ છે, પપૈયાં છે, આમ્રવૃક્ષો છે, લીંબુડીઓ છે અને લજામણીના છોડનું ઝુંડ છે. ત્યાંથી આગળ ચાલ્યા એટલે કોટના કાંગરા આવ્યા. પથ્થરો ગોઠવી કોટની દીવાલ બનાવેલી છે. ત્યાં પરજીવી આગિયો અને લુણીની એક નવી જાત જોવા મળી. ત્યાંથી સીધા નીચે ઉતરવાનું હતું. ગીચ ઝાડી છે. વાંસ, મરડાશિંગી, ઇંદ્રજવ, ધાવડી, રુછાળો દૂધલો, થોર, હરસિંગાર, ઢેકી, કરમદી, કેસૂડો અને બીજી અનેક જાતિની વનસ્પતિઓથી જમીન ઢંકાયેલી હતી. એવામાં પ્રકૃતિનું અદ્‌ભૂત દૃશ્ય જોવા મળ્યું. મોરની ફેશન પરેડ. કળા કરતો એકાદ મોર તો જોવા મળે છે. કેટલીક વખત ઢેલ પણ તેની સાથે હોય. આતો એક સાથે સાત સાત મોરલા સામેના ઢોળાવ ઉપર થઇને પસાર થયા. હું તો જોતો જ રહ્યો ? પાણીના વહેણને આધારે સાવધાનીપૂર્વક નીચે ઉતર્યા.

સામે જ ડાંગર અને મકાઇનાં ખેતરો હતાં, કેટલાંક ખેતરોમાં કપાસ અને એરંડા વાવેલાં હતાં. ત્યાંથી તળાવને કિનારે આવ્યા. માછલાં પકડનારા ગલ નાખીને બેઠા હતા. અમને જોઇને થોડા ક્ષોભ પામ્યા. સૂર્ય ડુંગરોના શિખરો પાછળ સંતાકૂકડી રમતો હતો. પશ્ચિમી આકાશ સોનેરી આભાથી ઢંકાઇ ગયું હતું હવે અહીંથી આગળ વધવાનું માંડી વાળ્યું. આ ખેડબ્રહ્મા તરફ જતા રોડની બાજુના ખાબોચિયાંમાંથી મને 'અર્કઝવર' નામની જંતુભક્ષી વનસ્પતિ મળી હતી. આજુ બાજુ મહુડાનાં વૃક્ષો છે.

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# લેસર – કિરણ

શ્રી કે. એન. પટેલ

વિજ્ઞાનમાં અનેક શોધો થઈ જેનાથી આપણને સુખ–સુવિધા અને પ્રગતિનાં સાધનો મળ્યાં. આપણને જ્ઞાનપ્રાપ્તિ થઈ, અને માનવ સહિત પ્રાણીઓનું જીવન રોગ–મુક્ત અને દીર્ઘજીવી થયું. સૌથી વિચિત્ર શોધ એમાં થઇ પદાર્થોના અણુ–પરમાણુ તથા વિવિધ કણોમાં, જે દ્વારા આપણા જ્ઞાનની ક્ષિતિજો એટલી તો વિસ્તરી કે આપણે જે જાણીએ છે તે કશું જ નથી.

આવા જ પ્રકારની એક નવીન શોધ તે 'લેસર' ની અત્યંત શુદ્ધ, સૂર્યથી પણ તેજ પ્રકાશની. જેની ઉપયોગિતા દિનપ્રતિદિન વધતી જાય છે.

કૃત્રિમ રત્ન દ્વારા ઉત્પન્ન કરવામાં આવતાં પ્રકાશકિરણો એટલાં તો શક્તિશાળી છે કે તેનાથી દુનિયાનો સંહાર પણ કરી શકાય ! સાથે સાથે, તેનો સારા માર્ગે ઉપયોગ કરી શકાય છે. 'લેસર' નામ અંગ્રેજીમાંથી ટૂંકાવી લેવામાં આવ્યું છે. આ નામનો સંક્ષેપ છે. Light Amplification by Stimulated Emission of Radiaion.

લેશર શું છે તે જાણવા માટે આપણે પ્રકાશનો સ્વભાવ જાણવો જોઈએ. પ્રકાશના તરંગો અલગ અલગ લંબાઈના હોય છે, જેમાં સૌથી મોટા તરંગોને લાલ તથા સૌથી નાના તરંગોને જાંબલી રંગના માનવામાં આવે છે. પ્રત્યેક તરંગને સંબંધિત એક આવૃત્તિ હોય છે.

લેસર એક એવો શુદ્ધ પ્રકાશ છે કે જેમાં કેવળ એક જ આવૃત્તિના તરંગ હોય છે તેની બીજી વિશેષતા એ છે કે પ્રત્યેક તરંગ એકબીજાને સમાંતર ચાલતા હોય છે. તેમાં સમયનો જરાપણ ફેર પડતો નથી તેથી લેસરનો પ્રકાશ તીવ્ર હોય છે. લેસરના પ્રકાશ એક જ દિશા તરફ જાય છે જ્યારે સાધારણ પ્રકાશ તેની જગ્યાએથી નીકળી ચારે બાજુ ફેલાઈ જાય છે.

ઈ સ. ૧૯૬૦ માં માઈમન નામના વિજ્ઞાનીએ કૃત્રિમ લાલ રત્ન દ્વારા એક હાથમાં પકડી શકાય તેવા લેસર પ્રકટાવ્યા. આ લાલ રત્ન એલ્યુમિનિયમ ઓક્સાઈડનો બનાવેલ ક્રિસ્ટલ છે, જેમાં રંગ લાવવા માટે એક ચપટીમાં સમાય તેટલું ક્રોમિયમ નાંખવામાં આવે છે.

આ કૃત્રિમ લાલ રત્નની એક નાની લાકડી લઈને તેની બે બાજુના ( ઉપર અને નીચે ) માથા ઉપર ચમકદાર અરીસા જેવી પાલીશ કરવામાં આવે છે કે જેથી એક બાજુ અરીસાની માફક પૂર્ણ પ્રકાશ પરાવર્તિત કરે જ્યારે બીજી બાજુનો ભાગ પારદર્શક રહે. આ રત્નની લાકડીની ચારેબાજુ એક ટ્યુબ લગાડવામાં આવે છે. જેમાં વિદ્યુત વિસર્જન દ્વારા પ્રકાશ ઉત્પન્ન કરવામાં આવે છે.

તે નળીમાં ક્ષણિક વિદ્યુતધારા પસાર કરવાથી તેમાં તીવ્ર પ્રકાશની ક્ષણિક ચમક ઉત્પન્ન થાય છે. આ પ્રકાશથી લાલ રત્નની લાકડીના ક્રોમિયમ પરમાણુ ઉત્તેજીત થાય છે. અને તેના ઇલેક્ટ્રોન થોડા સમય માટે અધિક શક્તિ શોષિત કરી લે છે. થોડા સમય પછી જ્યારે ઇલેક્ટ્રોન તેની ભૂતપૂર્વ સ્થિતિ પુનઃ પ્રાપ્ત કરે છે ત્યારે તે એક "ફોટોન" છોડી દે છે.

અનેક પ્રકારના ઘન, વાયુ અને પ્રવાહી પદાર્થોનું પ્રકાશ અથવા વીજળી શક્તિના ઉપયોગ દ્વારા લેસર કિરણોમાં રૂપાંતર કરી શકાય છે. આ ક્રિયામાં વાપરવામાં આવેલ પરમાણુને એક સેકંડના દશ લાખમાં ભાગ જેટલા સમય માટે પ્રચંડ શક્તિમાં રૂપાંતર થતી ઊંચી કક્ષાએ લઈ જવામાં આવે છે અને ત્યાંથી તેને તૂર્ત અગાઉની મૂળ કક્ષાએ પાછા લાવવામાં આવે છે. આમ ખૂબ જ ઝડપે થતી આ ક્રિયા દ્વારા પ્રકાશનું એક કિરણ બહાર ફેંકાય છે જેને "ફોટોન" કહેવામાં આવે છે.

મોટા ભાગના ફોટોન બંને છેડાના અરીસા દ્વારા પરાવર્તિત થઈને લાકડીની અંદર આગળ પાછળ ગતિ કરે છે. આમ કરવાથી તે અન્ય ક્રોમિયમ પરમાણુઓને ઉત્તેજીત કરીને અધિકાધિક ફોટોન ઉત્પન્ન કર્યે જાય છે.

આવું પ્રકાશકિરણ એક જ તરંગ લંબાઈનું અને એક જ રંગનું હોય છે.

કૃત્રિમ લાલ રત્ન સિવાયના લગભગ બીજા સો પદાર્થોમાં લેસર પ્રકાશ ઉત્પન્ન કરવામાં આવી ચૂક્યા છે.

નારંગીથી માંડીને જાંબુડિયા રંગ સુધીના અનેક રંગોના લેસર-પ્રકાશ ઉત્પન્ન કરવામાં આવ્યા છે. સફેદ લેસર પ્રકાશ પણ ઉત્પન્ન કરવામા આવેલ છે. આ બધા જુદા જુદા પ્રકારના લેસરના જુદા જુદા ઉપયોગો છે.

માનવ શરીરની અંદર ઘૂસીને લેસરકિરણ ઓપરેશન વખતે ઘણુ ઉપયોગી થઇ પડે છે.

ઓપરેશન વખતે મનુષ્યનું લોહી બેકાર નીકળી ના જાય તે માટે તે ઉપયોગમાં આવે છે.

લેસરના તરંગો પારદર્શક પદાર્થોની આરપાર નીકળી જાય છે. પરંતુ અપારદર્શક પદાર્થ તેને શોષી લે છે. તેથી કિરણો આંખના 'કોર્નિયા' તથા 'લેન્સ' ને જરાપણ અડચણ

[ અનુસંધાન પાન ૪ ઉપર ]




[ પાન ૫ ઉપરતું ચાલુ ]

અંધારું થવા આવ્યું હતું. વાતો કરતા કરતા ૮–૦૦ વાગે સીધા પહોંચ્યા 'રમકડાં બજારમાં.' ખડરનાં લાકડાનાં રમકડાં વખણાય છે. ટેબલલેમ્પ, ઢીંગલીઓ, પાનદાનીઓ અને 'શો- કેસ'માં મૂકવાના વિવિધ રમકડાં હતાં. અરે ! 'સંતતિ નિયમન' નું પણ રમકડું ! થોડાં રમકડાં ખરીદ્યાં ત્યાંથી સીધા લૉજમાં જમીને રૂમ ઉપર એકઠી કરેલી વનસ્પતિઓના નમૂના પ્રેસ કરી પત્ર લખવા બેઠો છું. જોડેજ થીએટર છે. 'ભાઇ–બ્હેન' ફિલ્મ ચાલે છે. જોવા જવા વિચાર છે. આવતીકાલે સારણેશ્વર –વિજયનગર તરફ જવાનો કાર્યક્રમ છે.

'ઉત્તરભારતની યાત્રા'માં જરૂરથી જોડાજે. વિદ્યાર્થી અવસ્થામાં જોવાનું – જાણવાનું –મ્હાલવાનું મળે છે તે બીજી અવસ્થામાં નથી મળતું.

તારા મિત્રોને યાદ / દેવયોગીના આશિષ.

:: સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો. ::

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૧૫૪૪૪૧) આગળનો સરવાળો

૨૫૧) શ્રી કિરીટભાઈ દ્વારકાદાસ પટેલ
ચેરમેન : મહેસાણા જિલ્લા સ્કૂલ બોર્ડ
એસ. ટી. સામે, જુના જીલ્લા પંચાયત ક્વાર્ટર
રાજમહેલ રોડ – મહેસાણા

૨૫૧) શ્રી ચુનીભાઈ ગણેશદાસ પટેલ (ધારાસભ્ય)
ગોપાળ પાર્ક સોસાયટી મુ. માણસા તા. વિજાપુર

૨૫૧) શ્રી મંગળદાસ મણીલાલ પટેલ
હા. શ્રી જશવંતભાઈ મંગળદાસ
મુ. પ્રતાપનગર તા. વિજાપુર

૨૫૦) શ્રી ભીખાભાઈ ચોભણદાસ પટેલ
મુ. રામપુરા (માણસા) પો. માણસા તા. વિજા.
પ્રથમ રૂ. ૨૫૧) લખાવેલા તેમાં રૂ. ૨૫૦)
વધારી રૂ. ૫૦૧) કર્યા

૨૫૧) શ્રી આત્મારામ મગનલાલ પટેલ
પ્રમુખ : વિજાપુર તાલુકા પંચાયત મુ. વિજાપુર

૫૧) શ્રી શંભુભાઈ હરગોવનદાસ પટેલ
મુ. દેવગઢ તા. કડી

૧૫૫૭૪૬ કુલ સરવાળો

---

### નિરક્ષરતા વધે છે કારણ કે

### ભારત દેશમાં દર વર્ષે એક ઑસ્ટ્રેલિયા ઉમેરાય છે.

ભારતની વાત કરીએ. સાક્ષરતાનું પ્રમાણ દર વર્ષે માંડ એક ટકો વધે છે જ્યારે વસ્તીનો વધારો દર વર્ષે બે ટકાથી વધારે છે, સ્વરાજ્ય મળ્યું ત્યારથી અત્યાર સુધીમાં સાક્ષરતાનું પ્રમાણ ચાર ટકાથી વધીને ૩૭ ટકા જેટલું થયું છે પણ તે છતાંય નિરક્ષરોની સંખ્યા ઊલટી વધી છે. રોજ નવાં ૫૫૦૦૦ મોઢાં જન્મે છે અને આખા વર્ષનો વસ્તી વધારો ઑસ્ટ્રેલિયાની કુલ વસ્તી જેટલો થવા જાય છે. ટૂંકમાં દર વર્ષે એક ઑસ્ટ્રેલિયા ભારતમાં ઉમેરાય છે.

# સંસ્થા સમાચાર

તા. ૨૩, ૧૪, ૨૫ નવેમ્બરના દિવસો દરમ્યાન પાટણ મુકામે યોજાયેલ મહેસાણા જિલ્લા રમતોત્સવ અને યુવક મહોત્સવમાં આપણી શાળાએ જવલંત વિજયો પ્રાપ્ત કર્યા છે. જુનિયર વિભાગ તેમજ સિનિયર વિભાગની ખો ખોમાં આપણી શાળા પ્રથમ આવી છે. એવી જ રીતે જુનિયર વિભાગની કબડ્ડીમાં આપણી શાળાની ટુકડી પ્રથમ આવી છે. વ્યક્તિગત રમતોમાં પણ ૭૫ મીટર દોડ તેમજ ૮૦૦ મીટર દોડમાં આપણી શાળાના હરીફો પ્રથમ આવ્યા છે. ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર દોડમાં પણ આપણી શાળાના હરીફો અનુક્રમે દ્વિતીય, દ્વિતીય અને તૃતીય આવ્યા છે. સિનિયર વિભાગમાં ૨૦૦ મીટર દોડ અને લંગડી ફાળ કૂદકામાં આપણી શાળાના હરીફો અનુક્રમે દ્વિતીય અને તૃતીય આવ્યા છે. હળવા કંઠ્ય સંગીતમાં આપણી શાળા તૃતીય આવી છે.

હવે, તા. ૧, ૨ ડિસેમ્બરે વડનગર મુકામે રાજ્ય કક્ષાએ ઝોનલ સાંધિક રમતો માટે આપણી ટુકડીઓ રમવા જશે.

### ઉજાણી

તા. ૨૮–૧૧–૭૦ને શનિવારના રોજ આપણી સાયન્સ કૉલેજના સમગ્ર વિદ્યાર્થીઓ અને શિક્ષકગણે કડીથી બે એક માઈલ દૂર આવેલી આપણી સંસ્થાના જ અંગ રૂપ 'ગુજરાત ગૌશાળા' એ વનમહોત્સવ યોજ્યો હતો. તે દિવસનું કૉલેજનું અધ્યયન કાર્ય સવારે સમાપ્ત કરીને સીધા જ સર્વે ગૌશાળા ગયા હતા.

ત્યાં પહોંચીને નાસ્તો કર્યા પછી આનંદ પ્રમોદ માટે વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા. સ્ટાફ અને વિદ્યાર્થીઓ વચ્ચે વોલીબૉલ હરીફાઈ, હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને તે સિવાયના વિદ્યાર્થીઓની ટુકડીઓની કબડ્ડી હરીફાઈ ઉપરાંત શીઘ્ર વકતૃત્વ, ગીતો વગેરે મુખ્ય હતા. ઉપરાંત એક રમત એવી જેમાં અમુક અધ્યાપકની નકલ કરો, બે મિનિટ અંગ્રેજી બોલો, અમુક પ્રાણીનો અવાજ કરો, વાઘરી બોલીની નકલ કરો, તમે પત્ની હો તે રીતે તમારા પતિને બે મિનિટ ધમકાવો, ગાંડાની નકલ કરો, શિર્ષાસન કરો, વગેરે લખાણવાળી વિવિધ ચિઠ્ઠીઓ ઉપાડીને વિદ્યાર્થીઓએ પોત પોતાની આવડત બતાવવામાં ભારે રમુજ ફેલાવી હતી

અંતમાં સમૂહભોજનની સુંદર રસોઈનો મધુર સ્વાદ પણ બધાંના આનંદનું કારણ બન્યો હતો.

આ રીતે સાયન્સ કૉલેજે પ્રથમવાર તેનો વનમહોત્સવ યોજ્યો હતો.

---

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૩–૧૨–૭૦

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૧૦-૧૨-૭૦ [ અંક ૭


## પ્રતાપ, આશ્રમ જીવનનો | શ્રી મોહનભાઈ પટેલ

એક વખત હુ અમદાવાદની રતનપોળમાંથી પસાર થઇ રહ્યો હતો. સાંજનો સમય એટલે માનવભીડ સારી એવી હતી. આ ભીડ વચ્ચે ય રીક્ષાઓ મનમોજી ઝડપે પસાર થાય. સાંકળની જેમ જ લગભગ જોડાયેલી એટલે એનો અવાજ પણ સતત. આવા સતત ઘોંઘાટને દાબીને ય ઉપરવટ ગર્જું કાઢે એવો અવાજ 'સાહેબ,...એ સાહેબ' મારા કાને પડયો. આ જમાનામાં 'સાહેબ'નો પાર નહીં. કોણ સાહેબ? હશે કોઇ. મેં કંઈ પાછું વળીને જોયું નહીં, બૂમ પાડનાર વ્યક્તિને ખ્યાલ આવી ગયો હશે કે માત્ર આટલા સંબોધનથી સંબોધ્ય વ્યક્તિ કંઈ પાછું વળીને નહીં જુએ એટલે એણે નામજોગ બૂમ પાડી: " 'મોહનભ ઇ સાહેબ!'

હું થોભી ગયો. પાછળ જોયું. નજીકમાં જ એક જુવાન ઝડપથી માર્ગ કરતો મારી તરફ આવતો હતો. મુખ રૂપાળું તો નહોતું પણ પ્રસન્નતાના તેજથી ઝળહળી રહ્યું હતું. આવી પ્રેમભરી તેજસ્વી આંખ ભાગ્યે જ જોવા મળે છે.

આ ઉમળકો જોતાં થયું : નક્કી કોઇ વિદ્યાર્થી જ. એ વિના રતનપોળ જેવી આ ભરચક દુનિયાને માનવી સાવ વિસરી જઇ ન શકે. ભર બજારે બૂમ મારવી એ કંઇ સહેલું કામ નથી. અસભ્ય પણ ખરું. પણ પ્રેમના ધક્કા આગળ સભ્યઅસભ્ય કંઇ રહેતું નથી. યુવાન છેક નજીક આવ્યો. એણે બે હાથ જોડયા. આકૃતિ – દિદાર ગામઠી હતા.

કિશોર યુવાન બને ત્યારે શારીરિક વિકાસને કારણે થોડો ફેર પડી જાય છે. કેટલીકવાર ઓળખી લેતાં સહેજ વાર લાગે છે. મેં એને સહેજ નિહાળીને જોયો તરત ઓળખી લીધો. મારા મનમાં સહેજ ભોંઠપનો ધક્કો લાગી ગયો એને મેં આશ્રમમાંથી રજા આપી હતી. હું એને આશ્રમમાં રાખી શકયો નહોતો. પણ એના મનમાં અત્યારે જરા સરખો ડંખ કે રંજ નહોતાં એ ચોખ્ખુ જણાતું હતું. મેં કહ્યું : " ભાઇ અ, ઘણા વર્ષે મળ્યા' (એનું નામ અત્યારે હું હેતુપૂર્વક લખતો નથી અ નામ પર્યાપ્ત થશે)

"હા સાહેબ, પૂરાં ચૌદ વર્ષ વીતી ગયાં."

"એ પછી આપણે પહેલીવાર મળીએ છીએ."

"હા. વચ્ચે કદીય ન મળાયું."

"સુખી તો છે ને?"

"હા સાહેબ, આપના પ્રતાપે ખૂબ સુખી છું. કોઇ વાતનું દુઃખ નથી" "ભાઇ, એ તો તમારા હૃદયનો પ્રેમ છે. બાકી મેં તો......"

હું શું કહેવા માગતો હતો એ સમજી ગયો. એણે તરત જ મારું વાક્ય કાપી નાખતાં કહ્યું : "ના ના. ના. એ શું કહો છો, સાહેબ. આગળનો અભ્યાસ મારા નસીબમાં નહીં બાકી એ થોડાં વર્ષોમાં આપણી બોર્ડિંગમાંથી મને જે શિક્ષણ મળ્યું એના પ્રતાપે જ હું અત્યારે સુખી છું. બોર્ડિંગમાં ચાર વર્ષ રહ્યો... એ ચાર વર્ષની બલિહારી છે. ભૂલ્યાં ભૂલાય એવાં નથી..."

એ થોડીવાર મારી સાથે ત્યાં જ ઊભો રહ્યો. અને વારંવાર એણે આશ્રમજીવનને સંભાર્યું. એ ચાર વર્ષોએ એના ઘડતરમાં શો ફાળો આપ્યો એ બધું એના મનમાં સતત ઘોળાતું હતું પણ એનું વિશ્લેષણ કરવાની એની શક્તિ નહોતી એટલે સતત એક વાત કહ્યા કરી : "બોર્ડિંગના પ્રતાપે હું સુખી છું."

એને કામ આરોપીને સાંજની બસ પકડવાની હતી એટલે એ ઉતાવળમાં હતો. એણે મારી રજા લીધી. અને ભીડમાં ઝડપથી અદૃશ્ય થતો એને હું જોઈ રહ્યો.

પાછલા દિવસો મારા મનમાં તાજા થયા : એક દિવસ એક વિદ્યાર્થીએ મને કહ્યું : "સાંજે જમ્યા પછી અ રોજ હલુકુંડ જાય છે."

"કેમ ?"

"એ ખબર નથી... પ્રાર્થનામાંય આવતો નથી."

એ દિવસે પ્રાર્થના પછી તરત મેં એની રૂમમાં તપાસ કરી. એ આવ્યો નહોતો.

થોડીવાર પછી જ્યારે એ આવ્યો ત્યારે મેં એને ઓફી-સમાં બોલાવ્યો.

આવીને એ શાંત ઊભો રહ્યો. મેં એને કેટલાક પ્રશ્નો પૂછ્યા. એણે કોઈ સ્પષ્ટતા ન કરી.

હલુકુંડ એ શાંત અને રમણીય જગ્યા છે. ત્યાં મહાદેવનું મંદિર પણ છે. આ વિદ્યાર્થી ત્યાં જતો હોય તો આમ તો, કંઈ હાનિકર્તા સ્થળ ન ગણાય. પણ એના રોજિંદા આશ્રમ-જીવનની નિયમિતતા ખંડિત ન થવી જોઇએ એ હકીકત ઉપર ભાર મૂકીને હવેથી પ્રાર્થના–ભોજન વગેરેમાં નિયમિત રહેવાની સૂચના આપી એને જતો કર્યો.

પણ એકાદ બે દિવસ પછી એનું એ જ.

આ વિદ્યાર્થી હલુકુંડ તરફ માત્ર ફરવા જ જતો નથી એવી મારી ખાતરી થઇ ગઇ હતી.

બીજે દિવસે પ્રાર્થના પછી તરત હું એની રૂમમાં ગયો. એ હાજર નહોતો. એ હલુકુંડ શા માટે જાય છે એની કોઇને ખબર નહોતી. એ વિષે એણે કોઇને કંઈ કહ્યું નહોતું. હું એના કૉટ ઉપર બેઠો. એ આવે ત્યાં સુધી એની રૂમમાં જ બીજા વિદ્યાર્થીઓની હિસાબ પોથીઓ તપાસવાનું તેમ જ એમના અભ્યાસ સંબંધી પૂછપરછ કરવાનું મેં વિચાર્યું હતું. બીજા વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમ્યાન એના કૉટની બાજુમાં રાખેલા એક દેવદારના ખોખા તરફ મારી નજર પડી. ખોખા ઉપર એની કેટલીક નોટબૂકો હતી. એમાંની એક મેં લીધી અને પાનાં ફેરવતાં અંદર છાપાની જાહેરાતની કાપલી મૂકેલી મેં જોઈ. એ જાહેરાત કોઇ 'જાદુઇ વીંટી' ની હતી ! જાહેરાતમાં વશીકરણ મંત્ર વગેરેની હલકી કોટિની વિગતો હતી... નોટબૂકનાં પાનાં ફેરવતાં એક પાના ઉપરના લખાણ ઉપર મારી નજર થંભી ગઈ. પાનાના મથાળે શીર્ષક બાંધ્યું હતું : 'અ નાં સ્વપ્ન' એમાં ક્રમ બાંધીને એણે એક પછી એક પોતાની મહત્વાકાંક્ષાઓ લખી હતી. જેમાં પહેલી હતી : લોકોની સેવા કરવી.

હું ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયો. આ છાત્રનું માનસ સમજવું મુશ્કેલ હતું. એક બાજુએ 'જાદુઇ વીંટી' ની જાહેરાત સંઘરે છે તો બીજી તરફ લોકોની સેવા કરવાનાં સ્વપ્ન સેવે છે. જાદુઇ વીંટીની જાહેરાત સંઘરવાની એની વૃત્તિથી મને દુઃખ જરૂર થયું પણ આ વિદ્યાર્થીમાં પોતાના ધ્યેય વિષે વિચાર કરવાની સૂઝ છે એ વિરલ ગુણથી હું પ્રસન્ન પણ થયો.

મેં એને ઑફિસમાં જ બોલાવ્યો. અને એને વિશ્વાસમાં લીધો. એણે કહ્યું : "દારૂખાનું બનાવવાનું શીખવા જાઉં છું."

"દારૂખાનું ?" ભારે આશ્ચર્યથી મેં ફરીથી પૂછ્યું.

"હા. ત્યાં કેટલાક માણસો એ બનાવે છે"

"પણ આ તો આપણે શીખવા જેવી વસ્તુ છે ? આ રીતે !"

એ કંઇ બોલ્યા નહીં. મેં ફરી પૂછ્યુ : તું જોવા જાય છે કે શીખવા ?"

"બનાવતાં શીખું છું."

એ પછી મેં એની બેગ તપાસી. એમાંથી અનેક પ્રકારની વસ્તુઓ નીકળી. લોખંડની નાની રીંગો, બોલ્ટ, નટ વગેરે... આવા પ્રકારની કેટલીય વસ્તુઓ એક કોથળીમાં ભરી હતી.

આ વિદ્યાર્થીનો અભ્યાસ ઘણો કાચો હતો એ હું જાણતો હતો. હવે મને સમજાયું કે એનું ચિત્ત અભ્યાસ કરતાં આવી બાબતમાં વધારે લાગ્યું છે.

એ વખતે જ એ બધી વસ્તુઓ એની પાસેથી લઇ લીધી. અને સાંજે જમ્યા પછી હલુકુંડ તરફ જવાની મનાઇ ફરમાવી દીધી. એના ઉપર કડક બંદોબસ્ત શરૂ થયો. વાલીને રૂબરૂ બોલાવી એની આ પ્રવૃત્તિથી વાકેફ કર્યા.

એની અભ્યાસ પ્રવૃત્તિ માટે અમે વિશેષ કાળજી લેવા માંડયા. સવાર સાંજ એ બરોબર અભ્યાસમાં રહે એ માટે સતત દેખ-રેખ રાખવા માંડી. પણ એનો જીવ અભ્યાસમાં ચોંટતો નહોતો. મેં મારા મદદનીશ ગૃહપતિ શ્રી સોમાભાઈ પટેલને સૂચવ્યું કે એનું ગણિતશાસ્ત્ર ઘણું કાચું છે. એટલે એમણે એને છેક શરૂઆતથી જ થોડું શીખવવું. કદાચ આપોઆપ એનામાં રસ જાગે. શ્રી સોમાભાઇ આ બાબતમાં ઘણા ઉત્સાહી હતા. આમેય એ રાઉન્ડમાં નીકળે ત્યારે વિદ્યાર્થીઓને ગણિતશાસ્ત્ર શીખવવા મંડી જતા કલાક બે કલાક નીકળી જાય તો ખબરે ય ન પડે ! એમણે એના તરફ ખાસ કાળજી લેવા માંડી.

પણ એને અભ્યાસમાં રસ જાગ્યો નહીં. એને અભ્યાસ કરતાં બીજી પ્રવૃત્તિઓમાં રસ પડતો હતો. જ્યાં ત્યાં કંઇને કંઈ ટીકટાક કર્યા જ કરતો હોય. સીધી દેખરેખ રાખીએ તો વાંચે

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# 'રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર' અરવિંદ ઘોષ | શ્રી રણજિત પટેલ (અનામી)

પંદરમી ઑગષ્ટ એ આપણા દેશના જીવનમાં અત્યંત મહત્વની તારીખ છે. પંદરમી ઓગષ્ટ એ ભારતીય સ્વાતંત્ર્યનો મંગલદિન. પંદરમી ઓગષ્ટ એ સ્વામી વિવેકાનંદના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસની મહા–સમાધિનો શુભદિન. પંદરમી ઓગસ્ટ એ ભવિષ્યમાં થનાર 'મહાયોગી' અરવિંદનો પણ જન્મદિન. ડૉ. કૃષ્ણધન પિતા અને શ્રી સ્વર્ણલતાદેવી માતાને કુખે ઇ. સ. ૧૮૭૨ માં કલકત્તા શહેરમાં સવારે ૪–૫૦ કલાકે ઓગષ્ટ માસની પંદરમીએ બાલ–અરવિંદનો શુભ–જન્મ થયો. આજથી ૯૮ વર્ષ પહેલાં. બે વર્ષ પછી તો આપણે તેમની જન્મ–શતાબ્દી ઉજવવાના. બાલ – અરવિંદના જન્મ ટાણે આપણા દેશમાં રાષ્ટ્રવાદનો જન્મ થઈ ચૂક્યો હતો. રાજા રામમોહનરાય, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, માઇકેલ મધુસુદન દત્ત બંકિમચંદ્ર, દેવેન્દ્રનાથ, કેશવચંદ સેન, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, અવનીન્દ્રનાથ, પ્રફુલ્લચંદ્ર રે, જગદીશચંદ્ર બોઝ વગેરે સમર્થ મહાનુભાવો બંગાળામાં અને મિસીસ એની-બેસન્ટ, સુબ્રહ્મણ્યમ, અય્યર, કસ્તુરી રંગા-આયંગર, કે ટી. તેલંગ, મહાદેવ રાનડે, ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય તિલક સ્વામી દયાનંદ, લાલા લજપતરાય, દાદાભાઇ નવરોજજી, ફિરોજશાહ મહેતા અને આનંદકુમાર સ્વામી જેવા વિદ્વાન મહાનુભાવો દેશના અન્ય ભાગોમાં આ રાષ્ટ્રવાદને જન્માવવામાં ને પોષવામાં અગત્યનો ભાગ ભજવી રહ્યા હતા. રાષ્ટ્રવાદના જુવાળના આવા કાળમાં પણ શ્રી અરવિંદના પિતા ડૉ. કૃષ્ણધન, અંગ્રેજો, અંગ્રેજી ભાષા, અંગ્રેજી રહેણીકરણી ને વિચારસરણીના અઠંગ ઉપાસક અને પરમ આગ્રહી હતા. આ આગ્રહને કારણે કેવળ સાત વર્ષના અરવિંદને તેમણે અભ્યાસ કાજે ઇંગ્લેંડ મોકલ્ય. આજથી લગભગ સો વર્ષ પહેલાં, અરવિંદના પિતા ઇંગ્લેંડ જઇ એમ. ડી. થઇ આવ્યા હતા. માતા સ્વર્ણલતા પણ વિદૂષી ને સાધ્વી સ્ત્રી હતી. રામાનંદ ચેટરજીએ એમને 'ભારતીય રાષ્ટ્રવાદના પિતામહ' કહેલા. એમનામાં એમના પિતા ઋષિ રાજનારાયણ બોઝના ધાર્મિક સંસ્કાર ઉતર્યા હતા. અરવિંદનાં માતાની લેખિની – શક્તિ સ.રી હતી.

પશ્ચિમની દીક્ષા–શિક્ષા પામેલા પિતાએ એમના ત્રણેય પુત્રોને ચૌદ વર્ષ સુધી ઇંગ્લેન્ડમાં અભ્યાસ કરાવ્યો. નાનપણ-થી જ અરવિંદનું અંગ્રેજી સારું. પ્રારંભિક શિક્ષણ લેટિનમાં મળ્યું. સેન્ટપોલ સ્કૂલમાં ગ્રીક ભાષાનું શિક્ષણ મળ્યું. આમ અંગ્રેજી–ગ્રીક અને લેટિનમાં તેઓ પાવરધા થયા. સત્તરમા વર્ષે તેઓ કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયમાં દાખલ થયા અને બે વર્ષમાં પ્રથમ વર્ગમાં–ટ્રાયપસ સાથે ઉત્તીર્ણ થયા. ૧૮૯૦માં તેઓ આઇ. સી. એસ.–ઇન્ડિયન સીવીલ સર્વીસની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પણ બ્રિટીશ સરકારને એમની ઉગ્ર રાજનીતિની વિચારસરણી અણગમતી હોવાને કારણે ઘોડેસ્વારીના ઠાલા બહાના નીચે આઇ. સી.એસ. થી વંચિત રાખ્યા. ચૌદ વર્ષ બાદ, ઇ. સ. ૧૮૯૩ ના ફેબ્રુઆરીમાં શ્રી અરવિંદ ભારત આવવા ઇંગ્લેન્ડથી સ્ટીમરમાં નીકળ્યા પણ એક કરુણ ભૂલને કારણે ડૉ. કૃષ્ણધન પોતાના પ્રિય પુત્ર શ્રી અરવિંદનું મુખાર-વિંદ જોઇ શક્યા નહીં. એમના બેન્કરોએ અરવિંદ જે સ્ટીમરમાં નીકળેલા તે સ્ટીમર ડૂબી ગઇ છે તેવા સમાચાર આપ્યા. આ કરુણ સમાચારથી પિતાનું હૃદય બંધ પડી ગયું. વસ્તુતઃ શ્રી અરવિંદ 'કાર્થેજ' નામની બીજી સ્ટીમરમાં સહીસલામત મુંબઇ ઉતરેલા.

ભારતની ભૂમિ ઉપર ડગ માંડતાં જ એમનામાં આપણાં પ્રાચીન વારસાના સંસ્કાર જાગ્રત થયા. પશ્ચિમથી એ તરબતર હતા પણ પૂર્વને સાવ ભૂલ્યા ન હોતા. ૧૮૯૩થી ૧૯૦૬ સુધીનાં એ તેર વર્ષોમાં તેમણે ઠીક ઠીક સાધના કરી અને ભવિષ્યની રાજકીય અને આધ્યાત્મિક સિદ્ધિ માટેની પૂર્વ-ભુમિકા તૈયાર કરી. ૧૮૯૩માં ઇંગ્લેન્ડથી પાછા ફરીને તરત જ તે આમ વડોદરા રાજ્યની નોકરીમાં રૂા. ૨૦૦ના પગારે જોડાયા ને ૧૯૦૬ સુધીમાં તો તેમની વિદ્વતા ને નિષ્ઠાને કારણે વડોદરા કૉલેજના વાઇસ-પ્રીન્સીપાલપદે રૂા. ૭૫૦ના દરજ્જે પહોંચ્યા. આ સમય દરમિયાન તેમણે બંગાળી અને સંસ્કૃતનો પ્રથમ જ વાર ઠીકઠીક અભ્યાસ કર્યો અને વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારતમાંથી નૂતન પ્રકાશ ને પ્રેરણા પ્રાપ્ત કર્યાં. ભવિષ્યના 'મહાયોગી' નાં બી પણ અહીં નંખાવ્યાં. દાન્તેની 'ડીવાઇન કૉમેડી' અને મિલ્ટનના 'પેરેડાઇઝ લોસ્ટ' જેવાં મહાકાવ્યોના ગજાવાળા 'સાવિત્રી' મહાકાવ્યની શરૂઆત પણ અહીંજ થઇ. દેશભક્તિના રાજકારણના અંકુરે અહીં ફૂટ્યા.

ઇ. સ. ૧૯૦૧ ના એપ્રિલમાં મૃણાલિની દેવી સાથે તેમનું લગ્ન થયુ. ૧૯૧૮માં ઇન્ફ્લુએન્ઝાને કારણે મૃણાલિનીદેવીનું કલકત્તામાં મૃત્યુ થયું. આ અઢાર વર્ષનો લગ્નકાળ એ સંસારી-ભોગ ભોગવવાનો કાળ નહોતો પણ સાચા અર્થમાં ધર્મ-સહચાર હતો. મૃણાલિનીદેવીને લખાયેલા અનેક સુંદર પત્રોમાં શ્રી અરવિંદના ભાવનાશીલ વ્યક્તિત્ત્વનો અચ્છો ચિતાર જોવા મળે છે. એક પત્રમાં તેઓ લખે છેઃ મારો દૃઢ વિશ્વાસ છે કે ભગવાને જે ગુણ, જે પ્રતિભા જે ઉચ્ચ શિક્ષા અને વિદ્યા, જે ધન આપ્યું છે તે સર્વ ભગવાનનું જ છે. પરિવારના ભરણ-પોષણનું અનિવાર્ય ખર્ચ કરવાનો જ આપણને અધિકાર છે. એ પછી જે શેષ વધે તે ભગવાનને ચરણે સમર્પિત કરવી ઘટે. હું કેવળ મારા જ સુખવિલાસ માટે ખર્ચ કરું તો હું ચોર ઠરું...... આ દુર્દિનમાં સમસ્ત દેશ મારા દ્વાર પર આશ્રિત

છે. આ દેશમાં મારાં ત્રીસ કરોડ ભાંડુ છે. એમાંથી મોટા-ભાગનાં અન્નના અભાવે મરી રહ્યાં છે, અને બીજાં કેટલાંક જે અન્ય કષ્ટો અને વિવિધ દુઃખોથી જર્જરિત છે ને જે કોઈક પ્રકારે બચી ગયાં છે તેમનું ભલું કરવું જોઈએ."

એમના રાજકારણમાં ને એમની દેશભક્તિમાં અધ્યાત્મનો સંસ્પર્શ હતો. ૧૯૦૬ માં, ભક્તિને અને દેશભક્તિને સક્રિય બનાવવા વડોદરાની રૂા. ૭૫૦ ની નોકરી છોડીને 'બંગાળ નેશનલ કૉલેજ'માં, અંગ્રેજીના પ્રોફેસર તરીકેની કેવળ રૂપિયા દોઢસોની નોકરી સ્વીકારી. 'યુગાન્તર' અને 'વંદે માતરમ્'માં અનેક વિષયો ઉપર લેખો લખી પ્રજા જાગ્રતિ ને દેશોન્નતિનું કાર્ય કર્યું. શ્રી અરવિંદને તે સમયના રાજકરણના નેતાઓ– જેવા કે ફીરોઝશાહ મહેતા, ગોખલે, રાસ બિહારી ઘોષ– વગેરેની વિનીત નીતિ પસંદ નહોતી. કેંક અંશે તે લોકમાન્ય તિલકની ઉદ્દામવાદી નીતિ તરફ ઢળેલા હતા. ૧૯૦૮ માં 'માણિકતલ્લા બોમ્બ કેસ' અથવા 'અલીપોર કેસ'માં શ્રી અરવિંદની ધરપકડ થઈ. જેલમાં તેમને જેલ, જેલર, પોલિસ, કોર્ટ, પ્રતિવાદી જજ– બધું જ वासुदेवम् सर्वम् સમું ભાસ્યું. ત્યાર બાદ એમના જીવનની દિશા બદલાઈ ગઈ. એ પછી એમણે બંધ પડેલ 'વંદેમાતરમ્'ને બદલે અંગ્રેજીમાં 'કર્મયોગીન' અને બંગાળીમાં 'ધર્મ' નામે અઠવાડિક શરૂ કર્યાં. વ્યવસ્થિત યોગ સાધનાના આશયથી તેઓ તા. ૪–૪–૧૯૧૦ ના રોજ પોંડિચેરી ચાલ્યા ગયા. તા. ૫–૧૨–૧૯૫૦ ના રોજ એમનો દેહોત્સર્ગ થયો ત્યાં સુધી– ખાસ્સા ચાર દાયકા સુધી પોંડિચેરીમાં આશ્રમ સ્થાપી તેમણે પૂર્ણયોગ સુધી વિકાસ સાધ્યો.

'પૂર્ણયોગ' 'દિવ્ય જીવન', ( Divine Life ), ગીતા ( Essays on The Gita ), મહાકાવ્ય 'સાવિત્રી', 'ધી ફ્યુચર પોએટ્રી' વગેરે તેમના ગૌરવગ્રંથો છે.

શ્રી અરવિંદની દેશભક્તિ અને પ્રભુભક્તિમાં ઝાઝું અંતર નહોતું. પત્ની પરના એક પત્રમાં તેઓ સ્વદેશની કલ્પના આ રીતે રજૂ કરે છે. "લોકો સ્વદેશને જડપદાર્થ – કેંક મેદાન, ખેતર, વન, પર્વત, નદી ઇત્યાદિ સમજે છે. સ્વદેશને હું મા સમજું છું. એની હું ભક્તિ કરું છું, પૂજા કરું છું હું જાણું છું કે આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે – શારીરિક બળ નહીં. તલવાર, બંદૂક લઈને હું યુદ્ધ કરવા જતો નથી. મારું બળ જ્ઞાનનું છે. ક્ષાત્રતેજ એ જ કેવળ બળ નથી. બ્રહ્મતેજ પણ છે. આ તેજ જ્ઞાનની ઉપર પ્રતિષ્ઠિત છે."

'બંકિમ – તિલક – દયાનંદ' નામના પુસ્તકમાં તેઓ લખે છે : 'વંદેમાતરમ્' મંત્રે એક દિવસમાં સમસ્ત જન-સમાજમાં દેશભકિતનો ધર્મ વ્યાપક કર્યો. એ મંત્રમાં માએ પોતાનું સ્વરૂપ વ્યક્ત કર્યું છે. એકવાર માતું સ્વરૂપ – દર્શન થયા બાદ આ રાષ્ટ્રને આરામ કયાંથી ? ચેન કયાંથી ? નિદ્રા કયાંથી ? જ્યાં સુધી માતું ભવન પૂર્ણ ન બને, તેમાં માતૃ-મૂર્તિની સ્થાપના ન થઈ જાય અને માના ચરણોમાં પૂર્ણ બલિદાન ન દેવાય ત્યાં સુધી બધું જ વ્યર્થ. એક વાર માતું સ્વરૂપ પિછાન્યા પછી આ મહાન રાષ્ટ્ર, શું કોઇ પણ આતતાયી વિજેતાનું ગુલામ રહી શકે કે ?

સંક્ષેપમાં કહેવું હોય તો એમ કહી શકાય કે શ્રી અરવિંદ 'દેશભક્ત કવિ, રાષ્ટ્રીયતાના સંદેશવાહક, મહા માનવતાના પ્રેમી અને દિવ્યજીવનના સાધક મહાયોગી હતા. મહાન સેનાપતિઓનાં પ્રત્યક્ષ પરાક્રમો કરતાં 'પૂર્ણયોગ' ને 'દિવ્યજીવન' સાધનાના આ ચક્રવર્તીનાં પરોક્ષ પરાક્રમો રજમાત્ર ઓછાં રોમાંચક કે ઓછાં આશ્ચર્યકારક નથી જ નથી.

[ ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી ]
( આવશ્યક ફેરફાર સાથે )

---

[ અનુસંધાન પાન ૫ ઉપરનું ચાલુ ]

"કેમ, તારા માબાપ ગરીબ છે ?"

"ના" તેણે ખુમારી સાથે જવાબ આપ્યો.

"તો પછી શા માટે છાપાં વેચે છે ?

"કેમ ન વેચું ? હું મારી કમાણી ઉપર જીવવા માગું છું. મને મહેનત કરતાં શરમ આવતી નથી, પણ મહાશય, તમે કોણ છો ? ને શા માટે મને આવો પ્રશ્ન પૂછો છો ?"

વિવેકાનંદને થયું કે, મારા દેશમાં આવું કાર્ય વિદ્યાર્થીઓને કરતાં શરમ આવે છે. ને કદી આવા પ્રશ્નો પણ પૂછતા નથી.

---

## : નવલા વર્ષે :

સર્વત્ર ઉત્તાપ પ્રવર્તતો આ !
ક્ષણાર્ધની અન્તરશાંતિ ના ના.
પ્રવાહમાં સૌ તૃણવત્ તણાતાં
બે-બ કળાં તપ્ત સહુ જણાતાં.

સંઘર્ષ આ ભીષણ કારમો શો ?
સૌ દગ્ધ ને તપ્ત, ન શાંતિ સ્વપ્ન !
સંહાર ને સ્વાર્થશું સર્વ મગ્ન,
પ્રાસાદ રે શ્રેય તણા જ ભગ્ન.

જે કેન્દ્રમાં ધર્મ, ખસી ગયો છે,
અધર્મ, અન્યાય વસી રહ્યો છે.
સત્તા બને સત્ય, ન સત્ય સત્તા
જગત્ ભલે ખાય કરોડ ખત્તા !

આજે આ નવલા વર્ષે
લાધો ધર્મનું કેન્દ્ર જે
ધારે જીવનમાં શાંતિ,
પાત્રો જે હોય ઇષ્ટ તે.

'अनामी'

# આમ કેમ? શા માટે?

પ્રા. મફતલાલ જે. પટેલ

એક બિસ્કિટ બનાવવાના કારખાનામાં બાર વર્ષનો એક છોકરો નોકરી કરતો હતો. તે રાત દિવસ આ કારખાનામાં મજૂરી કરતો તેની સાથે બીજા પણ માણસો નોકરી કરતા હતા. તે છોકરાના મનમાં એક દિવસે પ્રશ્ન જાગ્યો. તેને બીજા છોકરાને કહ્યું—

"આટલી બધી બિસ્કિટ કોણ ખાતું હશે ?"

"આ શહેરમાં મોટા માણસો હોય, તે બધા સવારે-સાંજે ખાય"– બીજાએ જવાબ આપ્યો.

"આટલી બધી ખાય ! ?"

"હા, અને વધે તે બીજા શહેરમાં જાય, ને તેમાંથી વધે તો આગળ ને આગળ જાય."

"પણ... આપણને તો ખાવા નથી મળતી."–

"આપણે તો મજૂર કહેવાઇએ, આપણાથી ન ખવાય.

"શા માટે ન ખવાય ! શું બિસ્કિટ બનાવે તે ન ખાય"

આવું આપણાથી બોલાય નહિ, શેઠ જાણે તો કાઢી મૂકે" બીજા છોકરાએ સલાહ આપી.

"પણ એમ કેમ ? જે બનાવે તે જ ખાય નહિ ! હું શેઠને મળીશ."– આ છોકરાના મનમાં પ્રશ્ન ઘોળાવા લાગ્યો ને તે શેઠ પાસે ગયો. શેઠને વંદન કરી તેમને કહ્યું– "શેઠજી, બિસ્કિટ બનાવનાર કેમ ખાઈ શકે નહિ ?"

"અલ્યા છોકરા, આ બિસ્કિટ તમારા માટે નથી બનતી, આ કારખાનું હું બાવીસ વર્ષથી ચલાવું છું; પણ આવો પ્રશ્ન કરનાર તું એકલો જ નીકળ્યો. આનો ઉત્તર એટલો જ છે કે કાલે તારે આ કારખાનામાં આવવાનું નથી" શેઠે જવાબ આપ્યો.

"પણ કેમ ? શા માટે" છોકરાએ નિડરતાથી પૂછ્યું.

છોકરો ત્યાંથી ચાલ્યો ગયો. દૂર ને દૂર જંગલ તરફ જતો હતો. રસ્તામાં મળતા અનેક લોકોને પૂછતો– "શું બિસ્કિટ બનાવનાર ખાઇ શકે નહિ ?" પણ... આનો ઉત્તર તેને કોઇ આપી શક્યો નહિ. તે એક ઝાડ નીચે બેઠો ને ઝાડ ઉપર બેઠેલા એક ઘૂવડ તરફ નજર ગઇ. તેને પેલા ઘુવડને પૂછ્યું. "શું બિસ્કિટ બનાવનાર ખાઈ શકે નહિ ?

"આવા પ્રશ્નો મૂર્ખ માણસો પાસે હોય છે" એમ કહીને તે ઊડી ગયો. પણ પેલા છોકરાને ઘૂવડના ઉત્તરથી સંતોષ મળ્યો નહિ આમ કેમ ? ને શા માટે નો વિચાર કરતો કરતો તે ઝાડની નીચે ઊંઘી ગયો. તેણે સ્વપ્નામાં સફેદ પાંખવાળી પરી જોઇ ને તેને ઉપરનો પ્રશ્ન પૂછ્યો. પરીએ જવાબ આપ્યો, "હે છોકરા, તારા પ્રશ્નનો જવાબ ત્યારે જ મળશે જ્યારે તારી જેમ સમસ્ત ભારતના ખૂણે ખૂણે તારા જેવા હજારો યુવાનો એકી સાથે પ્રશ્ન કરશે કે આમ કેમ ? શા માટે ?"

પરી અદૃશ્ય થઇ.

આજે સર્વત્ર એવી હવા ફેલાઈ છે કે, આજના વિદ્યાર્થીઓમાં જ્ઞાનપ્રાપ્તિની અસર નહિવત્ છે. વર્ગમાં પણ ચુપચાપ નીરસ થઇ બેસી રહે છે ને બગાસાં ખાધાં કરે છે. કૉલેજના વિદ્યાર્થીઓ પણ કદાચ તોફાન કરવું હોય તો કરી લે, હસી લે, પણ કદી પોતાના પ્રોફેસરને પ્રશ્ન નહિ પૂછે કે આમ કેમ બન્યું ? શા માટે આવું પરિણામ આવ્યું ? વિદ્યાર્થીઓએ પેલા બિસ્કિટ બનાવનાર છોકરાની જેમ પોતાના અધ્યાપકને વારંવાર, જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી ફક્ત જ્ઞાનપ્રાપ્તિના ઉદ્દેશ્ય માટે પ્રશ્નો પૂછવા જોઇએ શા માટે ? ને આમ કેમ ? આ બે પ્રશ્નો જેના મસ્તકમાં જન્મતા નથી તેને જ્ઞાનગરિમા પ્રાપ્ત થતી નથી. જ્ઞાન તે ફક્ત પાઠ્યપુસ્તકોમાં છૂપાયેલું નથી; પણ સર્વત્ર વેરાયેલું છે. શા માટે ? અને આમ કેમ ? પ્રશ્નના ઉત્તરમાં જ તે રહેલું છે. આપણે આપણા નેતાઓને, સામાજિક કાર્યકર્તાઓને, વેપારીઓને, અધ્યાપકોને કે જાહેર સંસ્થાઓ સાથે સંકળાયેલી વ્યક્તિઓને પૂછી શકીએ. કે "શા માટે ? આમ કેમ ?" જો તે ઉત્તર નહિ આપે તો હજારો લોકો આવા પ્રશ્નો પૂછશે ને તેનો ઉત્તર હજારો પ્રશ્નોમાંથી મળી રહેશે. કોઇ પણ અણઉકેલ્યો પ્રશ્ન તમારી સમક્ષ ઉપસ્થિત થાય ત્યાર તરત જ પ્રશ્ન પૂછો આમ કેમ ? શા માટે ? છેવટે તમે પ્રશ્નના મૂળને શોધી શકશો. જે વ્યક્તિને સમસ્યાનું મૂળ જડે છે તેને ઉત્તર પણ જડે છે. કારણ કે સમસ્યાના મૂળ આગળ તેનો જવાબ લખેલો હોય છે.

આજે આપણને કોઇ વ્યક્તિ કંઇ કહે તો માની લઇએ છીએ. હા માં હા પુરાવીએ છીએ. લાગણીવશ થઇ ખેંચાઇ જઇએ છીએ, પણ કદી શા માટે ? એમ કેમ ? એવા પ્રશ્નો પૂછતા નથી ને પાછળથી તે વ્યક્તિની ટીકા ટિપ્પણીઓ કરીએ છીએ. આપણે જાતે જ આપણી લોકશાહીને નિર્બળ બનાવીએ છીએ. જો સમસ્ત યૌવન, ધન, જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી આમ કેમ ? શા માટે ? પ્રશ્નો પૂછે તો મને લાગે છે કે સમાજ કે રાષ્ટ્રમાં અવ્યવસ્થા ફેલાવનારાઓ આપોઆપ શાન્ત થઈ જશે ને સાચી વસ્તુ લોકોના મગજ સુધી પહોંચી જશે.

સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકા ગયા ત્યારે દસ વર્ષના એક છોકરાને છાપાં વેચતો જોયો ને તેને બોલાવીને કહ્યું,

[ અનુસંધાન પાન ૪ ઉપર ]

## ઊંઘ | રૉય

'જાગીને જોઉં તો જગત દીસે નહીં......' પણ એ તો ઊંઘમાંથી જાગ્યા પછીની વાત છે ને! અહીં તો હું... કોણે નિંદરડી ચોરી, ઓ બ્હેની મારી કોણે નિંદરડી... ગાતો ફરું છું. 'કંઇ લાખો નિરાશામાં એક અમર આશા છૂપાઇ છે' એના સાતત્યની પ્રતીતિ ઊંઘની બાબતમાં મને કયારે ય નથી થઇ. ઊંઘ માટે મેં આજદિન સુધી અનેક ફાંફાં માર્યાં છે. પણ મને એમાં ધરાર નિષ્ફળતા મળી છે. એ અમર આશા ઠગારી નીવડી છે. એ અમર આશાની લકીર પણ જોવા મળી નથી પાડોશમાં કયાંય હાલરડું ગવાતું સાંભળીને ય......!

હવે કહો જો, આ વ્યથા હું કોને કહું! ઊંઘની બાબતમાં 'આવે આવેને ઊડી જાય...' એવું જ મોટેભાગે બન્યું છે. કયારેય જેને Sound sleep કહેવાય એવું તો બન્યું જ નથી. એટલે જ તો જે મને એમ કહે... આજે તો હું કંઇ ઊંઘ્યો છું... કંઇ ઊંઘ્યો છું. બસ, ન પૂછો વાત... ત્યારે એની તો મને એટલી બધી ઇર્ષા થાય કે એની આંખમાં હજુયે ડોકાતી ઊંઘને ખેંચી લઇ એની સોડ તાણી સૂઇ જાઉં... ! કાશ, એ શક્તિ પ્રભુ મને આપે તો!

એક રાત્રે કાવ્યગાનની મહેફિલમાં (રાતનો એક તો કયારનો ય થઇ ચૂકયો હતો.) મારા એક મિત્રે એક પંક્તિમાં છેલ્લી લીટી જે આ પ્રમાણે હતી. 'બાંધ્યો હરિએ હીંચકો, લ્હાવો લૂંટો આનંદનો' તેને બદલે 'બાંધ્યો મજાનો હીંચકો, લ્હાવો લૂંટો આ નિંદનો' ગાઇ નાખી. જો કે સમય જ એવો હતો કે કોઇને ય (મારા સિવાય) એનો આ ફેરફાર ખ્યાલમાં ન આવ્યો. અને આવ્યો હોય તોય સતત આમતેમ ફેંકાતા પ્રલંબ બગાસાઓ વચ્ચે એ ફેરફાર એમને સૌને રુચ્યો જ હોવો જોઇએ. મારા એ મિત્રો કેટલાં સદ્‌ભાગી છે! નિંદ્રા અંગે હું સદાય દરિદ્ર રહ્યો છું. મારા નિઃશ્વાસોની લિપિ કોણ ઉકેલે...?

'દરિદ્રીના અંતરમાં લખાયેલી.

લિપિ નથી કોઇ શકયુ ઉકેલી...' એમ કહેતો ફરું તોય શું! 'દુઃખી હું તેથી કોને શું?' હેં...!

નિદ્રા આણવા માટે મેં ઉપાયો નથી કર્યાં એવું ય નથી. જેણે જે દવા કહી તે આંખો મીંચી પીધી ડૉકટર, વૈદ્ય, હકીમ કોઇ બાકી નહીં. ઘરગથ્થુ ઇલાજો ય અજમાવી જોયા. ખર્ચ સામે ય ન જોયું અથાગ ભગિરથ પ્રયત્નો પછી પણ એ લજામણી ઊંઘ રીઝી નહીં. નિંદરસુખથી હું વંચિત રહ્યો એ રહ્યો. 'तू काहे नहीं वेगहिं आवै...' એમ સૂરદાસની જેમ વિનંતિ કરતો રહ્યો પણ મારાં પોપચાં ઉપર મેં એનું કદીયે ભારણ નથી અનુભવ્યું. ઊંઘની ગોળીઓની માત્રા વધારી ચૂકયો પણ એનાથી ય સફળતા ન મળી. 'सर्वे गुणाः कांचनमाश्रयन्ते' ને બદલે મને તો 'सर्वे गुणाः निद्रामाश्रयन्ति' માં જ રસ પડે અને ગમે પણ શું કરું, લાચાર છું.

કયાંક વ્યાખ્યાનમાં સાંભળ્યું હતું કે ઓછી ઊંઘ એ લાભદાયી વસ્તુ છે. બેખબર થઇ સૂતા હોઇએ તો આર્થિક, શારીરિક, સામાજિક તથા વ્યાવહારિક નુકશાન છે. પણ મારે તો આ બધું ય નુકશાન વેઠીને ય ઊંઘવું છે. કુંભકર્ણ કેટલો બુદ્ધિમાન કે એણે સર્વ સુખો, રિદ્ધિસિદ્ધિ, કે અન્ય સુખસુવિધાપૂર્ણ ઉપકરણોને બદલે કેવળ નિદ્રાની જ ઇચ્છા વ્યક્ત કરી! એ સમયે ને અત્યારે પણ મોટાભાગના લોકો એને એની મુર્ખામી ગણે છે, બુદ્ધિશૂન્યતા ગણે છે... પણ મને તો એમાં એની ઊંડી સૂઝ અને દીર્ઘદૃષ્ટિ જ દેખાય છે. સંસારમાં પ્રવર્તમાન વિષમતાઓ, વૈમનસ્ય, વિવાદ, વિષાદ, વિષ, વિરોધ, વૈરભાવ વગેરેથી વિરાગ કેળવી દૂર રહી શકાય અને નિશ્ચિન્તપણે બેખબર બની નિદ્રાને ખોળે સતત ઝૂલતા રહી શકાય. એ માટે જ એણે પ્રબળપણે, સ્વેચ્છાએ જ નિદ્રાસન માગ્યું હશે. એનાં સગાં-સંબંધીઓની સમજાવટ પણ એળે ગઇ હશે. જોયું, એ કેવો સુખી થઇ ગયો! છે કયાંય એના નામનો કકળાટ? એ તો એને જગાડવામાં ન આવ્યો હોત તો એના નામે આટલી યે કાળી ટીલી ન હોત.

હમણાં જ ઉનાળાની રજાઓ દરમ્યાન બપોરે, જરા વજનદાર આહાર પછી વામકુક્ષી માટે આડો પડયો હતો. પણ કેમેય ઊંઘ ન આવી. એટલે એક મિત્રને ત્યાં ગપસપ કરવાને મિષે જઇ ચઢયો. મિત્રપત્નીએ કહ્યું કે, એ સૂતા છે. હવે એ સાંજ સિવાય ઊઠશે નહીં.

મને આશ્ચર્ય સાથે ઇર્ષા થઇ આવી. મેં પૂછ્યું, 'કયારના સૂતા છે?'

'હમણાં વેકેશનને લીધે નવરાશ છે એટલે લગભગ સાડા નવે જમી લઇ દશ વાગતામાં તો સૂઇ જાય. સાંજે સાડા પાંચે ઊઠે. પાછા સાંજે સાડા સાત, આઠે તો જમી ફરી સૂઇ જાય...'

હું વધુ સાંભળી શકયો નહીં.... હૈયે વડવાનલ જલે, તો યે સાગર ગાય... એમાંનો તો હું સંત કે મહાપુરુષ નહોતો જ. મનમાં ભાર સાથે, એક મીઠી ઇર્ષા સાથે હું પાછો ફર્યો. સાંજે છ વાગ્યે એને ઝડપ્યો. 'शिष्यस्तेऽहं शाधिमां त्वां प्रपन्नम्' કહી એના એ અવિરત, અખંડ ઊંઘનું રહસ્ય પૂછ્યું. એના જેટલી નહીં તો એના જેવી ઊંઘ આવે એના ઉપાયો સૂચવવા કહ્યું. જવાબમાં એ મોટાઇભર્યું હસ્યો. હાસ્યમાં એક પ્રલંબ બગાસું તરતું મૂકયું. એ બગાસામાં હાલરડાના આરોહ-અવરોહ સંભળાયા. અને એની આંખો અર્ધનિમિલિત બની ઘડીક મીંચાઇ ગઇ. મારે એને ઢંઢોળીને ફરી પ્રશ્ન કરવો પડ્યો. ફરી એ હસ્યો.

'... યાર, આ ઊંઘનું એવું. તું કહે તો ગમે તે સ્થળે, ગમે તે પરિસ્થિતિમાં, કહે એટલા સમય માટે જામી જાઉં. વાહ... ભગવાનેય આ ઊંઘ બનાવીને તો હાથ ધોઈ નાખ્યા હશે. શું ચીજ બનાવી છે... !' કહી ફરી બગાસું તરતું મૂકયું. મેં ઝટ એને મોઢે હાથ દઈ દીધો. રખેને પાછો ઝોકે ચઢી જાય તો...

'પણ, મને તો એ ચીજ સાંપડી જ નથી ને··· ઘડીક આંખ મીંચાય પણ ન ઊંઘ્યા બરાબર જ. મારે નિશ્ચિન્તપણે ઊંઘવું છે તારી જેમ... હવે કહે, એ કેમ બને ?'

'બને... દુનિયામાં શું અશકય છે ? અલ્યા, ઊંઘવા માટે વળી ઉપાય હોતો હશે...' એણે મારી સાથળ ઉપર થપાટ મારતાં કહ્યું. એ જાણે હું ઉલ્લૂ હોઉં એમ મને જોઈ રહ્યો.

'જો રાજ્જા, બધું જ ભૂલીને ઊંઘી જા. મનમાંથી વિચારોને ખાલી કરીશ તો એમાં ઊંઘ ભરાશે. સમજ્યો. એમ માન કે તું કશું જ નથી. તારી આસપાસ કશું જ નથી. તારું કશું જ નથી. તારું કોઈ નથી. સિવાય ઊંઘ. બસ... પછી ઊંઘવા માંડ, એટલે ઊંઘ આવી જશે. જા, હવે ઊંઘી જા હોં...'

નાના છોકરાને ફોસલાવીને સમજાવે એમ મને સમજાવીને કાઢી મૂકયો. પણ કોણ જાણે કેમ એણે સૂચવેલા માર્ગે જઈ ને ય હું નિદ્રાને તાણી લાવી શકયો નહીં.

મહાપુરુષો કહી ગયા છે ને કે... 'નસીબ સૂતાનું સૂએ. ચાલે ચાલતા સંગ ..' પણ નસીબમાં ઊંઘ જ ન હોય તો ! ન ઊંઘનારાઓ માટે થઈને કોઈએ કંઈ વિચાર્યું છે ? ...જાગો સોનેવાલો, સુનો મેરી કહાની... એમ બધા, ઓ નિશ્ચિન્ત નિદ્રા લેનારાઓ તમે તમારી થોડી થોડી ઊંઘ ઉછીની આપો છો ? અમારે મન એ જ મહામૂલી મૂડી છે...

'જેને કલંક કડવું, જન સૌ ગણે છે.
મીઠું બની અમ જગે રસ તે ભરે છે'

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૧૫૫૭૪૬) આગળનો સરવાળો

૨૫૧) શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરદાસ અમદાવાદ ૧૩
૭ અ સંગીતા સોસાયટી નારણપુરા.

* ૫૦૧) શ્રી ચતુરભાઈ મોહનલાલ પટેલ
બી. એ., એલ એલ. બી ઈન્કમટેક્ષ પ્રેકટીશનર
તથા શ્રી અરવિંદભાઈ ચતુરભાઈ પટેલ
પિલાજીગંજ, મહેસાણા.

૧૫૬૪૯૮) કુલ સરવાળો

* વસુલ આવી છે

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

નહીંતર ફર્યા કરે. એક રૂમમાંથી બીજી રૂમમાં અને બીજીમાંથી ત્રીજીમાં, કોઈની બેગ ઠીક કરી આપતો હોય તો કોઈનું ખોખું તૈયાર કરી આપતો હોય. એનો અભ્યાસ સુધરે એમ નહોતો.

મેં ફરીથી વાલીને બોલાવ્યા. એમને કહ્યું: 'આનો અભ્યાસમાં જીવ નથી આ શાળાના અભ્યાસ કરતાં કોઈ ધંધાદારી શિક્ષણ આપતી સંસ્થામાં મૂકો તો જ એને રુચશે. બાકી અહીં ભણી શકશે નહીં' આપણી સંસ્થામાં તે વખતે ટેકનીકલ શિક્ષણ શરૂ થયેલું નહીં. પણ વાલીનો આગ્રહ હતો કે એને બીજે કયાંય મૂકવો નથી. 'ગમે તેમ કરો પણ એ ભણે એમ કરો' વાલીનો આવો આગ્રહ હતો.

અમે ફરીથી પુરુષાર્થ શરૂ કર્યો

પણ બીજા વર્ષે એ જ સ્થિતિ રહી. ઊલટું, અમારી નજરે એ કંઈક વિશેષ બેદરકાર થતો હોય એમ લાગ્યું.

આખરે એ વર્ષ પૂરું થવા દઈ અમે વાલીને કહ્યું: "આને ધંધાકીય શિક્ષણ ન આપો તો પછી કોઈ ધંધામાં વળગાડી દો અહીં એ અભ્યાસ નહીં કરી શકે. અમારાથી હવે કંઈ થઈ શકે એમ નથી."

વાલી સમજ્યા અને એને ઊઠાડી લીધો.

એ વાતને ચૌદ વર્ષ વીત્યા પછી એ રતનપોળમાં મળી ગયો. એની સાથે એના જીવન વિષે ખૂબ ખૂબ વાત કરવી હતી. પણ એનેય સમય નહોતો અને મનેય સમય નહોતો. રતન-પોળ જેવા ધંધાદારી સ્થળમાં વાતચીત પણ કેટલીક થાય !

પણ એક વાતની મને તૃપ્તિ થઈ હતી. કે ચાર વર્ષના આશ્રમ જીવને એના ઘડતરમાં કોઈ અનેરો ફાળો આપ્યો હતો નહીંતર વળીવળીને એ 'બોર્ડિંગના પ્રતાપ'ની વાત ન કરત. અરે એના ભરચક્ક કામમાં અને ટાંચા સમયમાં આમ ઉમળકાભેર મને બૂમ પાડતો ન જ આવત.

## : આવતા બે અંકો બંધ :

પરીક્ષાના કામકાજને અંગે છાપ-ખાનું રોકાયેલું હોવાથી તા. ૧૭-૧૨-૭૦ નો ૮ મો અંક અને ૨૪-૧૨-૭૦ નો ૯ મો અંક જેતે તારીખે પ્રસિદ્ધ નહિ થતાં અનુક્રમે તા. ૩૧-૧૨-૭૦ અને ૭-૧-૭૧ ના રોજ પ્રસિદ્ધ થશે તેની નોંધ લેવા ગ્રાહક અને વાચક ભાઇઓ-ને વિનંતી છે. —તંત્રી

# કૃષિયંત્ર તાલીમ કેન્દ્ર - કડી

[ સર્વ વિદ્યાલય કેમ્પસ - રેલ્વે સ્ટેશન સામે; કડી (ઉ. ગુ.) ]

* આ કેન્દ્રનો નવો વર્ગ પહેલી જાન્યુઆરી ૧૯૭૧ થી છ માસ માટે શરૂ થશે.
* આ વર્ગમાં ટ્રેકટર, ઓઈલ એન્જીન તેમજ વીજળી મોટર વગેરે કૃષિયંત્રો વાપરવાનું તથા દુરસ્ત કરતાં શિખવવામાં આવશે
* જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ એસ. એસ. સી. પાસ થયેલ વિદ્યાર્થીને દાખલ કરવામાં આવશે અને માસિક રૂા. ૨૫) શિષ્યવૃત્તિ આપવામાં આવશે.
* દાખલ થવા અરજી તા. ૨૦-૧૨-૭૦ પહેલાં કરવી જોઈશે.
* એક વર્ગમાં ફકત ૧૫ (પંદર) વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે.
* ખેડૂતના દીકરાઓને કૃષિયંત્રનું શિક્ષણ ખૂબ જરૂરી છે.

કૃષિયંત્ર તાલીમ કેન્દ્ર : C/o ટેકનીકલ હાઈસ્કૂલ - કડી (ઉ. ગુ.)


# સંસ્થા સમાચાર

વડનગર મુકામે યોજાયેલા રાજ્ય ઝોનલ રમતોત્સવમાં આપણી શાળાની ખોખો–સિનિયર વિભાગની ટુકડી વિજેતા બની છે. હવે ગાંધીનગર મુકામે યોજાનાર આખરી રાજ્ય રમતોત્સવમાં આપણી ટુકડી ભાગ લેવા જશે.

રમતગમત મંડળના રાજ્ય ઝોનલ વ્યક્તિગત રમતોત્સવમાં ભાગ લેવા માટે આપણી શાળાના ૮૦૦ મીટર દોડના હરીફ ભાઈને ખોખરા મહેમદાવાદ મુકામે મોકલ્યા છે.

ટોરન્ટો એન્જેલો નામના એક અમેરિકન વિદ્યાર્થીભાઈનો વાર્તાલાપ સંસ્થામાં યોજવામાં આવ્યો હતો. આપણી શાળા, કૅાલેજ, ટેકનીકલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વાર્તાલાપનો લાભ લીધો. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી ધનાભાઈના પ્રવચનનો લાભ પણ મળ્યો હતો.

પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરના પચીસ વિદ્યાર્થીઓની એક ટુકડી તારંગાના પ્રવાસે ઉપડી છે. એમની દોરવણી અને સહાય માટે બે શિક્ષક ભાઈઓ અને એક એટેન્ડન્ટ સાથે ગયા છે.

મહેસાણાની વિવેકાનંદ ટ્રેઈનીંગ કૅાલેજના તાલીમાર્થીઓની એક બેચ પ્રોફેસર મોદીના નેતૃત્વ નીચે સઘન શિક્ષણ કાર્યક્રમ માટે આપણી શાળામાં આવી છે. બેચમાં તેર તાલીમાર્થીઓ છે.






માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૧૦-૧૨-૭૦

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૭-૧-૭૧ [ અંક ૮


## શિક્ષિતોની બેકારીનો પ્રશ્ન

લેખક : ડૉ. હરિભાઇ જી. દેસાઈ

આપણા દેશમાં શિક્ષિતોની બેકારીનો પ્રશ્ન ઘણો ઉગ્ર છે. વિશ્વવિદ્યાલયની પદવી હવે નોકરી માટેનો પાસપોર્ટ રહી નથી. કોઇપણ સંસ્થામાં પાંચ જણની જગ્યા માટે પાંચસો અરજીઓ આવે એ પરિસ્થિતિ તદ્દન સામાન્ય થઇ ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષોથી તો પદવી સમારંભોમાં વિદ્યાર્થીઓ " Give us jobs, not speeches " નાં સૂત્રો પોકારે છે. એ પણ સમસ્યાની ગંભીરતા સૂચવે છે. આજકાલ ઇજનેરોની બેકારીનો પ્રશ્ન પણ ખૂબ મૂંઝવણ પેદા કરી રહ્યો છે. હમણાં જ સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયામાં કારકુન તરીકે ભરતી થવા માટે અરજી કરનારાઓમાં એક બી. ઈ. થયેલા ભાઈ એવા જોવા મળ્યા, જેમણે બી. ઇ. સુધીની બધી પરીક્ષાઓ વિશેષ યોગ્યતા ( ડિસ્ટિંક્શન ) સાથે પાસ કરી છે!

આમે ય તે આપણા દેશમાં બેકારીનો પ્રશ્ન ઘણો વિકટ છે. કહે છે કે આપણા દેશમાં કુલ પાંચ કરોડ બેકારો છે અને તેમાં રોજના દશ હજાર ઉમેરાય છે. ખરું જોતાં બેકારીનું સાચું માપ આપણી પાસે નથી; સરકાર પાસે આધારભૂત આંકડાઓ જ નથી!

શિક્ષિત બેકારો કોને કહેવા એ પ્રશ્ન છે. જે દેશમાં સિત્તેર ટકા લોકો અભણ હોય તે દેશમાં ખરેખર તો બાકીના ત્રીસ ટકા પૈકી જે બેકાર હોય તે બધાને શિક્ષિત બેકાર કહેવા જોઇએ.

આપણા દેશમાં સામાન્ય રીતે એસ. એસ. સી. પાસ અને તેથી વધુ લાયકાતવાળા બેકારોને શિક્ષિત બેકારો ગણવામાં આવે છે. આવા શિક્ષિત બેકારો અંગેની માહિતી આપણને રોજગાર વિનિમય કેન્દ્રોમાંથી મળે છે. બેકારો નોકરી માટે અરજી કરે તેને આધારે આ નોંધણી શકય બને છે. આવી નોંધણી પરથી એસ. એસ. સી. પાસ અને તેની ઉપરની લાયકાતના આંકડા તારવવામાં આવે છે. ઈ. સ. ૧૯૬૫ માં આપણા દેશમાં કુલ શિક્ષિત બેકારો ૮,૪૬,૮૩૩ હતા. એ સંખ્યા વધીને ૧૯૬૯માં ૧૫,૨૬,૨૫૦ની થઈ હતી. ૧૯૬૯ માં બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ઓછા બેકારો હતા છતાં તે સંખ્યા પણ ૧,૩૬,૦૦૦ જેટલી હતી.

૧૯૬૫ થી ૧૯૬૦ ના ગાળા દરમિયાન એસ. એસ. સી. પાસ બેકારો ૫,૮૦,૨૬૫ માંથી વધીને ૯૦,૦૯,૬૮૬ થયા; અંડરગ્રેજ્યુએટ બેકારો ૧,૭૫,૭૧૦ માંથી વધીને ૪,૦૧,૩૨૬ થયા અને ગ્રેજ્યુએટ બેકારો ૮૬,૦૫૮ માંથી ૨,૧૫,૨૩૮ થયા.

જૂન ૩૦, ૧૯૭૦ ના આંકડા મુજબ કુલ શિક્ષિત બેકારોની સંખ્યા ૧૬,૨૧,૬૭૭ હતી. જ્યારે રોજગારી પત્રકમાં નોંધાયા પ્રમાણે દેશમાં તે દિવસે કુલ ૩૬,૨૧,૩૦૦ માણસો બેરોજગાર હતા! રોજગાર વિનિમય કેન્દ્રોમાં નામ ન નોંધાવનાર શિક્ષિત અને અશિક્ષિત બેકારો કેટલા હશે તેની તો કલ્પના જ કરવી રહી.

ઇજનેરોની બેકારી ખાસ ઉલ્લેખનીય છે. ચોથી યોજનાને અંતે એક લાખ ઇજનેરો બેકાર હશે એવી ગણતરી મૂકવામાં આવી છે. એક તબક્કે ભારતમાં brain drain ની વાતો થતી હતી અને આજે હવે આપણા જ ઇજનેરોને કામ આપી શકતા નથી!

સૌ પ્રથમ તો આપણું કેળવણીનું માળખું આ માટે જવાબદાર છે. અર્થવ્યવસ્થાની જરૂરિયાત અને કેળવણીના માળખાને કંઈ સંબંધ જ ન હોય એમ લાગે છે. સમાજની માગ અને કેળવણીનો પુરવઠો એ બે વચ્ચે કોઇ મેળ નથી!

વળી આપણા દેશમાં અભ્યાસક્રમોનું અદ્યતનીકરણ થતું નથી; ચીલાચાલુ અને out of date અભ્યાસક્રમ એ આપણી મોટી ખામી છે. અમેરિકા જેવા પ્રગતિશીલ દેશોમાં તો એક તરફ ધંધાઉદ્યોગ ઝડપથી વિકસતા જાય છે અને તેટલી જ ઝડપે તેને અનુકૂળ રહીને બીજી તરફ અભ્યાસક્રમો બદલાતા જાય છે.

હમણાં હમણાં તો કેળવણીનું વ્યાપારીકરણ થઈ ગયું છે. કોલેજો વધ્યે જાય છે. ખાસ પ્રકારનાં ધ્યેયો અને પૂર્વ આયોજન વિના નીકળેલી આવી કોલેજોમાંથી બહાર પડતા અધકચરા વિદ્યાર્થીઓ બેકાર ન બને તો બીજું શું થાય? મોટા વર્ગો, અલ્પ સગવડો અને બિનકુશળ પ્રાધ્યાપકોને કારણે આવી કોલેજો નિષ્ફળ જાય છે. ધંધા અને ઉદ્યોગોમાં જેમની સલાહ અનિવાર્ય ગણાય એવા પ્રાધ્યાપકો આપણે ત્યાં કેટલા?

આપણી પરીક્ષાપદ્ધતિ પણ શિક્ષિત બેકારો માટે જવાબદાર છે. આપણે ત્યાં જ્ઞાન મેળવવા કરતાં પરીક્ષા પાસ કરવાની દૃષ્ટિ વધુ હોય છે, વળી મેળવેલું જ્ઞાન પણ પુસ્તકિયું જ હોય છે તેને કારણે જ ભણ્યા પછી શું કરવું તેનો જવાબ વિદ્યાર્થીઓ પાસે નથી હોતો. આમે ય તે વિદ્યાર્થી શું અને કેટલું ભણે છે એ એક પ્રશ્ન છે. ૩૫ ટકાથી પાસનું ધોરણ હોય ત્યારે ૬૫ ટકા અજ્ઞાનવાળાઓને ડીગ્રી મળે છે એમ કહેવું જોઇએ.

આપણી શિક્ષણપ્રથા જ એવી છે કે એમાં હાથપગના ઉપયોગને સ્થાન નથી. શિક્ષણ જીવનલક્ષી બને અને વિદ્યાર્થીઓને પૂરતો કાર્યાનુભવ મળે તો જ શિક્ષણ યથાર્થ બને. વળી શીખવનાર પોતે જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરે તો મૂલ્યાંકન ખૂબ વિશ્વસનીય બને. શિક્ષક પૂર્ણતઃ અનાત્મલક્ષી રહે તે માટેની પૂર્વશરત છે. સાચું મૂલ્યાંકન શિક્ષણના હેતુઓ, જ્ઞાનનો ઉપયોગ કરવાની વિદ્યાર્થીની ક્ષમતા, એણે પ્રાપ્ત કરેલ કૌશલ્યો વગેરેને આધારે જ થાય. શિક્ષકના અંગત પૂર્વગ્રહ કે અભિપ્રાયની અસર મૂલ્યાંકન પર ન થાય. કમનસીબી એ છે કે આજકાલ વિદ્યાર્થીનું સાચું મૂલ્યાંકન થતું નથી. અભ્યાસને અંતે જે લાયકાત મળે છે તે તો કાગળ ઉપરની લાયકાત જ છે! પ્રાપ્ત જ્ઞાનનો વહેવારમાં વિનિયોગ કેવી રીતે કરવાનો છે એ વિદ્યાર્થીને સમજાતું નથી.

સ્વાતંત્ર્ય દિન અંગેના પોતાના વાયુપ્રવચનમાં રાષ્ટ્રપતિએ બેકારીની સમસ્યા પર ખાસ ભાર મૂકયો. વિશ્વયુદ્ધમાં ખંડેર બનેલા દેશો નવનિર્માણ કરી શકે છે તો ભારતવાસીઓ પણ નિષ્ઠા સમર્પણની ભાવનાથી કાર્ય કરીને પોતાની સ્થિતિ સુધારી શકે છે એવી રજૂઆત કરી. એમણે ભારપૂર્વક જણાવ્યું કે બેકારી અને ગરીબી દૂર કર્યા વિના રાષ્ટ્ર જીવી નહિ શકે. શ્રી ગિરિના મત અનુસાર સાધનોની કમી અને રોજગારને અભાવે ગરીબી સતત રહે છે. જો આપણે કૃષિ અને ઉદ્યોગની સમન્વિત યોજના તૈયાર કરી શકીએ તો બેકારી દૂર થાય. આમ ન થાય તો એવી હતાશા આપણને ઘેરી વળશે કે દેશ કદાપિ બેઠો નહિ થાય.

[ ચાલુ


શુભેચ્છા સહ —

ફોન નં.: ઓફીસ : ૩૨૦
રહેઠાણ : ૪૨૯
" : ૫૩૯

## ડી. માધવલાલ એન્ડ કંપની

લોખંડના જથ્થાબંધ વહેપારી.

રેલ્વે ગોડાઉન મુ. મહેસાણા. (ઉ. ગુ.)



**નકલી માલથી સાવધાન રહો.**

પાનમાં ઉપયોગ કરો



# વિધિનોય વિધિ તું, માનવી !

પી. જે. સોની

Crass casuality obstructs the sun and rain,
And dicing Time for gladness casts a moon–
These purblind Doomsters had as readily strown
Blisses about my pilgrimage as pain.

માથે કફન બાંધીને ફરનાર વીરલા હોય છે. પણ વિધિની સામે સંગ્રામ ખેલનાર ને વિધિને જરા પણ મચક ન આપનાર તો વિરલ હોય છે. જ્યારે વિધિ આપત્તિઓના ઢગ ખડકયે જતો હોય ત્યારે તેને તાબે ન થતાં હસતે મોંએ તેનો સામનો કરનાર માણસની સામે વિધિનું મોં પણ ફિક્કું પડી જાય છે. આવા માણસને જોઈએ ત્યારે આપણને પણ થઈ જાય – વિધિનોય વિધિ તું માનવી !

એવા એક માણસની આ વાત છે. એમનો પરિચય આપતાં જો એમ કહું કે તેઓ મોડાસા કૉલેજમાં અધ્યાપક હતા, વિદ્યાર્થી પ્રિય હતા, મિત્રતા કરવી ગમે તેવા મીઠા સ્વભાવના યુવાન હતા, તો આ બધું સાચું હોવા છતાં પણ તેમના પરિચયમાં ઊણપ રહી ગયેલી લાગશે. એટલે એ બધું કહી રહ્યા પછી પણ મારે ઉમેરવું જ પડશે કે છેલ્લા ત્રણેક વર્ષથી તેમણે પોતાના જીવનને વિધિ સાથેનો સંગ્રામ જ બનાવી દીધું છે. તેમણે વિધિને પડકાર્યો છે.

તેમનું નામ શ્રી એ. જી. સુથાર. ૧૯૬૫માં તેઓ મોડાસા કૉલેજનાં રસાયણશાસ્ત્ર વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. થોડાક વખતમાં વિદ્યાર્થીવર્ગમાં પ્રિય પણ થઈ ગયા. એકી દંડીનો સુકલકડી દેહ, ઉપયોગી થઈ પડવાની વૃત્તિ, હસમુખો ચહેરો અને નમ્રતાવાળા શ્રી સુથાર હજુ પણ મોડાસા કૉલેજના અધ્યાપકોના સ્મૃતિપટપર અંકિત છે. તેમના પત્ની પણ એટલાં જ નમ્ર અને વિવેકી. લાગણીશીલ આંખોવાળી આ બાઈનો નિર્દોષ ચહેરો છેલ્લાં ત્રણ વરસથી ફિક્કો જ રહ્યો છે.

૧૯૬૭ની પંદરમી માર્ચને દિવસે ધૂળેટી હતી. ૧૫મી માર્ચ એટલે શૈક્ષણિક વરસનો છેલ્લો દિવસ. એ દિવસ શ્રી સુથારની શૈક્ષણિક કારકિર્દીનો પણ છેલ્લો દિવસ બની ગયો. હોળી રમતા છોકરાઓને જોવાની ઈંતેજારીની સામાન્ય વાતમાંથી અનર્થ સરજાયો. પોતાના રહેવાના મકાનની બારીમાંથી નીચે જોતાં તેઓ નીચે પટકાયા. હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર મળી. પણ ડૉક્ટરે કહ્યું : 'જીવ બચી જશે પણ કાયમી અપંગતા આવશે !' કરોડરજ્જુના જ્ઞાનતંતુઓ નાશ પામ્યા. કમરથી નીચેનો બધો ભાગ નકામો બની ગયો. ન તો પગ ઊંચો નીચો થાય કે ન તો કુદરતી હાજતોનો ખ્યાલ આવે બે હાથ ચાલે, મગજ પણ પહેલાંના જેવું જ કામ આપે પણ કમર નીચેનાં બધાં અંગ નકામાં. કાયમી અપંગતા. અનેક ડૉક્ટરોને બતાવ્યું, નિષ્ણાતોની સલાહ લીધી, પણ બધું નકામું. આ સ્થિતિમાં કોઈ ફેરફાર શક્ય નથી એમ દરેકે કહ્યું. જીવનમાં નિરાસા વ્યાપી ગઈ. મોં પરથી સ્મિત અદૃશ્ય થઈ ગયું. લોકોએ આશ્વાસન આપવા માંડ્યાં. વિધિના તત્ત્વજ્ઞાનની વાતો કરવા માંડી, પણ શ્રી સુથારને આશ્વાસનથી કંઈ રાહત ન થઈ. મળવા આવનાર દરેકની સામે નિસ્તેજ ચહેરે તાકી રહેતા શ્રી સુથારની આંખો જાણે કહેતી હતી:

I know what thou would'st tell
Of Death, Time, Destiny
I have known it long, and know, too, well
What it all means for me.

શ્રી સુથારને ખોટાં આશ્વાસનોની જરૂર નહોતી. પ્રેરણાની જરૂર હતી. 'નસીબમાં લખ્યું હોય તેમ થાય'–એવી વાતોમાં રસ નહોતો. નસીબ કેમ બદલી શકાય તે જાણવું હતું. પોતાની વાત મિત્રોને પત્રો દ્વારા કહેવા માંડી. પોતાની આજીવિકા, પત્નીનું દુઃખ, પોતાની નાની બાળકીની નિઃસહાય સ્થિતિ–આ બધાના વિચારો તેમને કોરી ખાવા લાગ્યા. મોડાસા કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ધીરુભાઈ તથા અન્ય અધ્યાપક મિત્રોએ એમને કંઈક પ્રવૃત્તિમાં પરોવાઈ જવાની સલાહ આપી. કાયમી અપંગતા એ શબ્દ જ કમકમાટી ઉપજાવે તેવો છે. પણ ડરી જઈને શું ? જે છે એ તો છે જ. ગમે તેટલા ડરીએ પણ એનાથી થોડો કંઈ ફરક પડવાનો છે ? મગજ વિચારી શકે છે, જીભ બોલી શકે છે એ શું ઓછું છે ? શ્રી સુથારના મનમાં ઝબકારો થયો. તેમણે નિરાશા ખંખેરી નાખવાનું નક્કી કર્યું. ડૉક્ટરો પાસેથી જાત જાતની રીતો શીખી લીધી. કેવી રીતે સૂઈ રહેવું કે જેથી હાથનો પૂરેપૂરો ઉપયોગ થાય તે શીખી લીધું. લેખો લખીને રોજી રળવાનું નક્કી કર્યું. પથારીમાં પડયા પડયા લખવાની ટેવ નહીં, તેથી શરૂઆતમાં ફાવે નહીં પણ પછી એ સામાન્ય બની ગયું. લેખો છપાવા માંડયા. ફરી પાછી જીવનમાં તાજગીનો અનુભવ થવા માંડયો છતાં પણ આખો દિવસ પથારીમાં પડયા રહેવાનું કોને ગમે ? નવરાશના સમયે ચિત્ત ચકડોળે ચઢે. જાત જાતના વિચાર આવે. એકલતાનો ભયંકર અનુભવ થાય. તેની અસર શરીર ઉપર થાય. કોઈએ સલાહ આપી–વ્હીલ ચૅર લાવો તો તેમાં બેસીને બજારમાં ફરી શકાય. વિચાર ઠીક લાગ્યો. વ્હીલચૅરમાં બેસી બજારમાં ફરવાનું શરૂ કર્યું. ઘણું સરસ લાગ્યું. દર્દ ભુલાવા લાગ્યું. પણ પેલો વિધિ છોડે કે ? વ્હીલચૅરમાં બેસતાં ભાઠાં (bedsore) પડવા માંડયાં. ચાંદી રુઝાય જ નહીં.

ડૉક્ટરોએ કહ્યું કે, કાયમી ઊંધા સૂવાનું રાખો તો ચાંદી રુઝાય. Alright. ઊંધા સૂવાનું શરૂ કર્યું. વાંચવાનું, લખવાનું, ખાવાનું, વાતચીત કરવાની, બધું ઊંધા સૂઇને. કોણી પર દેહ ટેકવીને વાતોચીતો કરીને ફરીથી બધું ભૂલવા પ્રયત્ન શરૂ કર્યો. શરૂઆતમાં મુશ્કેલી પડી. કોણીઓ છોલાઈ જાય. ગરદન દુઃખી જાય, છાતીમાં પણ ખૂબ જ પીડા થાય. પગે કે કમરમાં તો પીડા થવાનો સવાલ જ નહીં. કારણ ત્યાં સંવેદન જ થતું નથી. પગ છે એના કરતાં પગ નથી એમ કહીએ તો સાચું ગણાય આમ આ નવી પરિસ્થિતિથી પણ ધીરે ધીરે ટેવાઇ જવાયું.

પણ માણસનું મન એ એક કોયડો છે. વિચારોને શી રીતે રોકવા? એકલતા-ની વ્યાથાને શી રીતે નિવારવી? કંઇ પ્રવૃત્તિ ચાલુ રહે તો બધું ભૂલી જવાય મોડાસાના કેટલાક મિત્રોએ સલાહ આપી – જો મોડાસા આવીને રહો તો તમને ફાવે. અમારી સાથે સમય પસાર થશે અને કંઇક પ્રવૃત્તિ પણ મળી રહેશે – કંટાળો દૂર થશે. તેમના ગળે વાત ઊતરી. પણ પોતાના વતનથી મોડાસા એમને જોજનો દૂર હોય તેમ લાગ્યું. પણ હિંમત હારે તો વિધિની જીત થઇ જાય. તેઓ મોડાસા આવ્યા. છેલ્લા ચારેક મહિનાથી તેઓ મોડાસા જ રહે છે. વિદ્યાર્થીઓમાં તેમની શિક્ષક તરીકેની સારી છાપ હતી તે તેમને ખૂબ જ ઉપયોગી નીવડી છે. કેટલાક વિદ્યાર્થીઓ તેમને ત્યાં ભણવા આવે છે. તેમને તેઓ ખૂબ ઉપયોગી માર્ગદર્શન આપે છે. બાકીના સમયમાં પોતાના વિષયનાં અને અન્ય પુસ્તકોનું વાચન કરે છે. તેઓ કહે છે. મારા ખરા સાથીઓ તો પુસ્તકો છે. વાચનની ભૂખ એમને પહેલાંના જેટલી જ છે. પથારીમાં પુસ્તકોનો ઢગ ખડકાયેલો જ જોવા મળે એસ. એસ. સી.થી માંડીને ટી. વાય. બી. એસસી. સુધીના વિદ્યાર્થીઓ તેમની પાસે ભણવા આવે છે. તેમાંથી તેઓ રોજી રળવાનો પ્રયાસ કરે છે. તેમને આ પ્રવૃત્તિ મળવાથી કંટાળો ખૂબ ઓછો થઈ ગયો છે. તેઓ કહે છે : મને મોડાસામાં આવ્યા પછી નવું જીવન મળ્યું હોય તેમ લાગે છે. અહીં આવ્યા પછી તેમણે એક ટાઇપરાઇટર વસાવ્યું છે. સૂતાં સૂતાં ટાઇપ કરીને પણ થોડી કમાણી કરવાનું શરૂ કર્યું છે. ઉપરાંત તેમણે એક પુસ્તક પણ તૈયાર કર્યું છે. તેમનાં પત્ની ચોવીસ કલાક તેમની સેવામાં તૈયાર જ છે. અને તેમને કોઇ પ્રકારની તકલીફ ન પડે તેની ચોકસાઈ રાખતાં હોય છે.

શ્રી સુથારના મોં પર ફરીથી પેલું સ્મિત ફરકતું દેખાય છે. તમે મળવા જાઓ તો જાણે ઇશ્વર આવ્યા હોય તેટલો તેમને આનંદ થાય છે. વિજ્ઞાનની પ્રગતિમાં તેમને ખૂબ શ્રદ્ધા છે. તેઓ માને છે કે વિજ્ઞાન જ્ઞાનતંતુનું ઑપરેશન કરવાની રીત જરૂર શોધી કાઢશે. અને એમ થશે તો તેઓ એ પ્રકારનું ઑપરેશન કરાવવામાં વિલંબ નહીં જ કરે. તેમનામાં મોડાસા આવ્યા પછી નવો ઉત્સાહ અને નવી ચેતના આવ્યાં છે. ઉપર સ્મિત રાખીને પથારીમાં પડયા પડયા શ્રી. સુથાર તમારી સાથે વાત કરતા હોય ત્યારે તેમની આંખ જાણે કહેતી હોય છે :

All dark is now no more.
This forest is drawing a light.
All presences change into trees.

[ માજુમ ' માંથી ]

## બ્લોક મોકલવા વિનંતિ

'સુવર્ણ જયન્તી' શિક્ષણ પ્રસાર માટે છે. વિદ્યાર્થીઓ કૉલેજમાં પહેલા વર્ગમાં આવે અગર તો પરદેશ અભ્યાસ કરવા જાય તેમને ઉત્તેજન મળે અને બીજા વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી તેમના ફોટા 'સુવર્ણ જયન્તી'માં પ્રસિદ્ધ કરવા વિચાર્યું છે. તેમના ફોટાના બ્લોક બનાવરાવી 'સુવર્ણ જયન્તી'માં છાપવા મોકલી આપવામાં આવશે તો 'સુવર્ણ જયન્તી' ખુશીથી છાપશે. બ્લોક સાથે જે ભાઇઓને બ્લોક મોકલવામાં આવે તેના જીવનની વિગત વિગેર મોકલવા વિનંતિ.

તંત્રી, : 'સુવર્ણ જયન્તી'

## શુભેચ્છા મેળાવડો

જેપુર તા. વિજાપુરના શ્રી ગીરધરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ બી. એસ. સી. પહેલા વર્ગમાં પાસ થઇ કેમીકલ એન્જીનીયરીંગના અભ્યાસ માટે અમેરિકા જતા હોઇ તેમને શુભેચ્છા પાઠવવા તા. ૨૪–૧૨–૭૦ ના રોજ જેપુરમાં વિજાપુર તાલુકા પંચાયત પ્રમુખના અધ્યક્ષપદે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. આ મેળાવડાના અતીથિવિશેષ શ્રી પુરષોત્તમદાસ પટેલ હતા.

આ મેળાવડામાં સારી સંખ્યામાં જેપુર તથા આસપાસના ગામોના ભાઇઓ તથા બહેનોએ હાજરી આપી હતી.

જેપુરમાંથી આ ત્રીજા ભાઈ અમેરિકા જાય છે. ચોથા ભાઇ વીસા મળેથી જવાની તૈયારી કરી રહ્યા છે. આ ગામ નાનું હોવા છતાં શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે.

શ્રી ગીરધરભાઇના પિતાશ્રી ખેડૂત છે. તેમના કાકા પણ ખેડૂત છે. આ બન્ને ખેડૂત ભાઇઓ શ્રી ગીરધરભાઇને વધુ અભ્યાસ માટે અમેરિકા મોકલે છે.

# 'ગાંધીજી : અત્યારના સંદર્ભમાં' — રણજિત પટેલ (અનામી)

(૧) તમને જેટલો રસ ને ઉમંગ રાજકપુર, રાજેશ ખન્ના અને શર્મિલા–તનુજા–બબીતા–આશા પારેખમાં હોય તેટલો રામ-કૃષ્ણ, બુદ્ધ–મહાવીર કે ગાંધી–જવાહરમાં ન હોય તે હું સમજી શકું છું. જમાનો જ નહીં, યુગ પલટાઈ ગયો છે. ગાંધી યુગમાં લોકોની પાસે જીવનનું ધ્યેય હતું. એ ધ્યેયમાં પ્રજાને શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાને કાર્યમાં મૂર્ત કરવા, મરી ફીટવા સુધીનો પુરુષાર્થ કરવાની તમન્ના હતી. એ સમય ઉત્સાહની ભરતીનો હતો. એ ભરતીમાં તરતાં ન આવડે એ પણ તરતા. એમ કહું કે ૧૯૨૦ થી ૧૯૪૫ સુધી મોટા ભાગનો દેશ – કે દેશનો મોટો ભાગ ગાંધીની મોરલીએ ગન્તવ્ય ને પ્રાપ્તવ્યની સૂઝ–સમજ સાથે સંવાદી નૃત્ય કરતો.

(૨) એ પછીનાં પચ્ચીસ વર્ષમાં મૂલ્યો બદલાઈ ગયાં છે. કોઈને કશામાં શ્રદ્ધા જ રહી નથી ! અશ્રદ્ધામાં પણ પાકી શ્રદ્ધા નહીં ! માનવી કેન્દ્રમાંથી ફેંકાઈ ગયો છે અને કેવળ અર્થ – ભૌતિકવિકાસ – ભૌતિકદૃષ્ટિ કેન્દ્ર બની બેઠી છે. એ અર્થના બિન્દુ–કેન્દ્રમાંથી બધીજ ત્રિજ્યાઓ નીકળે છે ને જીવનનો પરીઘ રચે છે. આને કારણે કોઈ આદર્શ-સ્વામી રહી શકતો નથી, મોટે ભાગે અર્થ–દાસ બની રહે છે. અર્થના સૌ દાસ, અર્થ કોઈનો દાસ નહીં. એ મહાભારતકાલીન પરિસ્થિતિ અને લાચારી આજે ભલભલા ભીષ્મો અને દ્રોણોની થઈ છે એના જેવી કરુણતા બીજી એકેય નથી. જે કોઈ રડયા-ખડયા આદર્શ-સ્વામીઓ છે તે અટૂલા પડી ગયા છે ને વ્યાસજીની જેમ એમનો એકલ અવાજ અરણ્યરૂદન જેવો બની ગયો છે ! ભાગલા પછીની ગાંધીજીની સ્થિતિ, મહાભારતના વ્યાસ કરતાં જૂદી કે સારી નહોતી !

(૩) પણ ગાંધી તો ગાંધી હતા ! સાગર એ સાગર અને ગાંધી એ ગાંધી ! ગાંધીએ ગીતા પચાવી હતી. ગીતાના બીજા અધ્યાયનો સ્થિતપ્રજ્ઞ એમનો આદર્શ પુરુષ હતો. ગાંધી પૂર્ણ નહોતા, પણ પૂર્ણતા એમનો આદર્શ હતો અને એ પૂર્ણતા માટે ક્ષણેક્ષણ જાગ્રત પુરુષાર્થી હતા, અતંદ્ર સાધક હતા. આસક્તિરહિત અખંડ કર્મયોગી ગાંધીની પ્રત્યેક પ્રવૃત્તિ લોકસંગ્રહ કાજે થતી એટલે એમાં હર્ષ–શોકને, આશા–નિરાશાને અવકાશ નહોતો. એમનું પ્રત્યેક કર્મ ધર્મ બની રહેતું. એમની કોઈપણ ઉપાધિ સમાધિ બની જતી. આવો આત્મા થાક કે હારને શી રીતે સ્વીકારે.

(૪) એટલે નોઆખલીની કોમી હોળી પછીનાં શેષ વર્ષો–જો આયુષ્ય યારી આપે તો–ગાંધી એવી વિધેયાત્મક ને મર્મગામી પ્રવૃત્તિઓમાં ગાળવા માગતા હતા જે ભાવિ ભારતની શકલ બદલી નાખે. જે કોંગ્રેસ સંસ્થા સ્વાતંત્ર્ય પ્રાપ્તિનું સાધન બની તેને, એક ઐતિહાસિક કર્તવ્ય પૂર્ણ થતાં, કશા પણ મોહ કે સ્વાર્થ વગર, નવા જમાનાનું ઐતિહાસિક કર્તવ્ય બજાવવા, લોકસેવાસંઘમાં ફેરવી નાખી પ્રજાની શુદ્ધ સેવા કરવાની એમની ભાવના હતી. એમની બીજી ભાવના, દિલ્હીમાં વહેલામાં વહેલી તકે, 'અખિલ ભારતીય ખાતર પરિષદ' બોલાવવાની હતી અને તેમની ત્રીજી ભાવના દિનપ્રતિદિન, કૉલેરા ને પ્લેગ જેવા થતા જતા રાજકારણને નીતિ ને ધર્મ–રંગ્યું બનાવવાની હતી. વિદ્યાર્થી મિત્રો ! તમો જોઈ શકશો કે ઠેઠ સુધી આ ગાંધી–વૈદ્ય પાસે ભારતની પ્રજાની સાચી નાડ પરખ હતી. પ્રજાના જીર્ણશીર્ણ વ્યાધિ એ પરખી ગયા જે આજે આપણને ભરખી રહ્યા છે. ગાંધી પ્રજાના માણસ હતા. પ્રજાના સુખે સુખી, પ્રજાના દુઃખે દુઃખી; એટલે પ્રજા એમની હતી, એ પ્રજાના. લગભગ ત્રણચાર દાયકા સુધી પ્રજામય નેતા ને નેતામય પ્રજા એ આધુનિક ઈતિહાસનો એક ચમત્કાર છે.

(૫) આજે એવી રાષ્ટ્રીય નેતાગીરી તો શું પણ પ્રાંતીય નેતાગીરીનાં પણ કેવળ સ્વપ્નાં જ રહ્યાં છે ! લોકશાહીમાં કદાચ એ આવશ્યક પણ નહીં હોય; કિન્તુ આપણે ત્યાં તંદુરસ્ત લોકશાહી છે ? કરુણ અજ્ઞાન અને કારમી ગરીબાઈની કેવી લોકશાહી હોઈ શકે તેની કલ્પના કરો ! વિશ્વના મોટા ભાગમાં હજી માનવગૌરવનું ગૌરવ થયું નથી. હજી નવ-સંસ્થાનવાદ અનેક નવોદિત સ્વતંત્ર રાષ્ટ્રોના સ્વાતંત્ર્ય માટે ખતરારૂપ છે. દુનિયામાં શસ્ત્રો પાછળ દરરોજ પોણાચારસો કરોડ રૂપિયા ખર્ચાય છે અને 'અર્થશાસ્ત્ર' ભલભલા દેશો માટે 'અણુશસ્ત્ર'થીય ભયંકર બની શકે છે. મેકિયાવેલીનો 'પ્રીન્સ' હજી જીવતો જાગતો છે ને મોટાં રાષ્ટ્રોનું 'યુનો' કવચિત્ અનુકૂળ રમકડું બની રહે છે ! રંગભેદ, જાતિદ્વેષ હજી અહીં તેમજ સાગર પાર એટલા જ જીવંત છે. કેનેડી–કીંગના મૃત્યુ ગાંધીની પરંપરામાં છે. માનવીમાં રહેલો સેતાન ઘવાયો હશે, બેભાન બન્યો હશે પણ હજી મર્યો નથી. હજી સત્યનો ટોટો પીસાય છે, ગળું ઘૂંટાય છે. પ્રજાનાં પંખીઓ માટેનો વિશ્વ–નીડ હજી રચાયો નથી. માનવનું બંધુત્વ ને પ્રભુનું પિતૃત્વ હજી દૂરનું સ્વપ્ન રહ્યું છે. ઈશ્વરનું રાજ્ય રામરાજ્ય ક્ષિતિજમાં ડોકાતું નથી બલકે ક્ષિતિજની જેમ દૂર ને દૂર જતું જાય છે. સાચાં સુખ–શાંતિ માટે અંધકારમાં ફાંફાં મારતી ને પાણીમાં બાચકાં ભરતી પ્રજા માટે – આજના સંદર્ભમાં ગાંધીની આવશ્યકતા શી છે તે દીવા જેવી સ્પષ્ટ વાત છે.

[વડોદરાની રોઝરી હાઈસ્કૂલમાં, તા. ૧૯–૧૧–૭૦ના રોજ 'ગાંધીજી અત્યારના સંદર્ભમાં'–એ વિષય પર આપેલા પ્રવચનમાંથી]

# કૃષિયંત્ર તાલીમ કેન્દ્ર – કડી

શિક્ષિત બેકારોને વ્યવસાયી તાલીમ આપવા ગુજરાત સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી. એમાંની એક યોજના 'કૃષિયંત્ર તાલીમ કેન્દ્ર' છે.

ખેડૂત વર્ગના એસ. એસ. સી. પાસ થયેલા કેટલાક યુવાનોને યોગ્ય વ્યવસાયી તાલીમ આપવામાં આવે તો તાલીમના અંતે એમને વ્યવસાય મળી રહે અને સમાજને ઉપયોગી નિવડે.

ખેતીમાં યંત્રોએ પ્રવેશ કર્યો છે અને થોડા સમયમાં એનો વપરાશ વધવાનો. ઓઇલ એન્જીનોનો ઉપયોગ ખેડૂતો કરતા અને કરે છે વીજળીના દોરડાંનો પ્રસાર વધતો જાય છે અને તેથી વીજળીની મોટરોનો વપરાશ દિવસે દિવસે વધતો જાય છે.

ટ્રેકટરોની સંખ્યામાં પણ ઝડપી વધારો થઈ રહ્યો છે. બળદ અને હળની ખેડ ઓછી થતી જાય છે. ટ્રેકટરો ગામડામાં પણ વપરાતાં થયાં છે.

આમ છતાં ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર અને ટ્રેકટરનાં યંત્રોની રચનાનું જ્ઞાન વાપરનારાઓને ઓછું હોવાના કારણે કાંઈ પણ બગડે છે એટલે ઊંચકીને સમારકામ માટે લઇ જવાં પડે છે અને માગ્યા દામ આપવા પડે છે. ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર અને ટ્રેકટરનાં યંત્રો અને તેમાં વપરાતા દાગીના અને તેની રચનાનો ખ્યાલ નહિ હોવાથી ઘણી વખત ખેડૂતો હેરાન થાય છે અને છેતરાય છે અને નાના સરખા કામને માટે ભારે ખર્ચમાં ઊતરી જાય છે.

આથી ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર અને ટ્રેકટર વગેરે કૃષિયંત્રોનું પ્રાથમિક જ્ઞાન આ યંત્રો વાપરનાર માટે જરૂરી છે. મોટી ઉંમરના ખેડૂતો એમના દીકરાઓને આ જ્ઞાન આપે તો તેઓ એમને ઉપયોગી નિવડે અને ગામમાં આવું કાંઈ કામ હોય તો ઘેર બેઠે બે પૈસા કમાઇ શકે.

એસ. એસ. સી. પાસ થયેલા વિદ્યાર્થીઓ – યુવાનો દરેક ગામે ગામ છે. કેટલાક તો સારી ખેતી પણ કરે છે. સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ ખેતીમાં પણ ખૂબ પ્રશંસનીય કામ કરે છે અને એમના જ્ઞાનનો ઉપયોગ ખેતીમાં કરી ઉત્પાદન વધુ લે છે. આમ છતાં તેમણે કૃષિયંત્રનું શિક્ષણ નહિ લીધેલ હોવાથી કૃષિયંત્ર બગડે છે ત્યારે મૂંઝાય છે.

ગુજરાત સરકારની સહાયથી સર્વ વિદ્યાલય કેમ્પસ–કડીમાં કૃષિયંત્ર તાલીમ કેન્દ્ર જુલાઈ ૧૯૭૦ માં શરૂ કર્યું હતું અને તેમાં પંદર એસ. એસ. સી. પાસ થયેલા વિદ્યાર્થીઓને દાખલ કર્યા હતા.

આપણા તાલીમ કેન્દ્રમાં એક નવું ઓઇલ એન્જીન ખરીદવામાં આવ્યું અને ઉપરાંત ત્રણ જૂનાં એન્જીનો પણ લીધાં. વિદ્યાર્થીઓએ જૂનાં એન્જીનોને વેરણછેરણ કરી નાંખ્યા અને દરેક દાગીનો સાફસૂફ કરી ગોઠવ્યા. આ રીતે ઓઈલ એન્જીનના દાગીનાનું તથા એની રચનાનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું. આપણી ટેકનીકલ હાઇસ્કૂલમાં મિકેનીકલ અને ઇલેકટ્રીકલ ડીપ્લોમાવાળા નિષ્ણાતો છે. મિસ્ત્રી વગેરે છે. તેમણે એમને નિયમિત શિક્ષણ આપી એન્જીનની રચના વગેરે શીખવ્યું. આ વિદ્યાર્થીઓને એન્જીન બેસાડતાં અને ચલાવતાં શીખવ્યું.

એજ રીતે ઇલેકટ્રીક મોટરનું. ઇલેકટ્રીક મોટર વીજળીથી ચાલે છે અને તેથી વિદ્યાર્થીને વીજળી સંબંધનું વ્યવહારુ જ્ઞાન જરૂરી છે. આથી વિદ્યાર્થીઓને વીજળીનાં જોડાણ, વપરાશ વગેરેનું જરૂરી શિક્ષણ આપવામાં આવ્યું અને ઉપરાંત ઇલેકટ્રીક મોટરની અંદરની રચનાનો પ્રત્યક્ષ ખ્યાલ આપવામાં આવેલો. એમાં વાઇન્ડીંગની રીત શીખવવામાં આવી. મોટર કેમ ચાલે છે વગેરેનું સિદ્ધાંતનું તેમજ પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવ્યું.

ટ્રેકટર મેળવી શકાયું પણ મોડું, છતાં એને ચલાવવાનું પ્રત્યક્ષ જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું. બે વિદ્યાર્થી અને એક મિકેનિક શિક્ષકને એગ્રો ઇન્ડસ્ટ્રીઝના સરખેજના કારખાનામાં ટ્રેકટરનું સમારકામ શીખવા મોકલી આપ્યા. તેઓ ખૂબ મહેનત કરી ટ્રેકટરનું સમારકામ શીખ્યા. બીજા વિદ્યાર્થીઓને પણ મોકલી આપવાની વ્યવસ્થા કરી છે ટ્રેકટર-થી વિદ્યાર્થીઓએ જમીન ખેડી. પાવડો લગાવી જમીન સરખી કરી. આમ ટ્રેકટરનો અનુભવ તેમણે લીધો.

આ વિદ્યાર્થીઓનો કોર્સ ૭ મહિનાનો છે. જુલાઇ ૧૫ થી દાખલ થયા. જાન્યુઆરી ૧૫ ના રોજ એમનું શિક્ષણ પૂરું થશે અને તેમની પરીક્ષા ગુજરાત રાજ્ય ટેકનીકલ બોર્ડ લેશે.

નવા વિદ્યાર્થીઓ પહેલી જાન્યુઆરીથી લેવામાં આવ્યા છે. આ કોર્સ જાન્યુઆરીની પહેલીથી શરૂ થઇ જૂન ૩૧ ના રોજ પૂરો થશે. આ વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને માસિક રૂ. ૨૫) શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

પુરુષોત્તમદાસ પટેલ

---

**સુવર્ણ જયંતી**

**સાપ્તાહિકનું આપનું**

**લવાજમ મોકલી આપશો.**

## — શોકજનક અવસાન —



સ્વ. રઘુવીર દેસાઈ

સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થી શ્રી રઘુવીર દેસાઇનું તા. ૨૧-૧૨-૭૦ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં દુઃખદ અવસાન થયું છે.

શ્રી રઘુવીર સર્વ વિદ્યાલયના એક તેજસ્વી વિદ્યાર્થી હતા. સર્વ વિદ્યાલયમાંથી મેટ્રીક પાસ થયેલા.

તેઓ રાષ્ટ્રભક્ત હતા. ૧૯૪૨ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ લીધેલો અને એક વરસ કરતાં વધુ જેલવાસ ભોગવેલો.

તેમણે ગુજરાત સમાચારમાં વર્ષો સુધી સ્થાનિક સંવાદદાતા તરીકે કામગીરી કરેલી અને જોખમ ખેડી છેવટના સમાચાર પ્રાપ્ત કરતા.

અમદાવાદમાં કોમી રમખાણ થયેલું ત્યારે જીવના જોખમે આખા શહેરમાં સાયકલ ઉપર ફરી હુલ્લડના છેલ્લા અને વિશ્વસનીય સમાચાર રજુ કરેલા.

૧૯૪૭માં મજૂર મહાજન, અમદાવાદમાં જોડાયેલા અને મજૂર સંદેશનું સફળ સંચાલન કરેલું. નિષ્ઠા અને કાર્ય કુશળતાથી મજૂર સંદેશ દ્વારા મજૂરોની સેવા બજાવેલી.

ભાવનગર મજૂર પરિષદમાં હાજરી આપી આવ્યા પછી મજૂર સંદેશનું કામ કરતા હતા ત્યાં મજૂર મહાજન ઓફિસમાં, હૃદયરોગનો હુમલો થયો. તુરત સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવેલા. ત્યાં દોઢ મહિનો રહ્યા અને તદ્દન સારું થયું અને ઘેર લાવવામાં આવ્યા પણ બીજેજ દિવસે ફરી હુમલો થયો અને ફરી દવાખાને ખસેડયા. દશ દિવસમાં એમને તદ્દન આરામ થયો. હૃદય અને નાડીના ધબકારા બિલકુલ નિયમિત થયા અને કાર્ડીઓગ્રામ પણ બે વખત સારા નીરોગી આવ્યા. આમ તે તદ્દન ભયમુક્ત થયા હતા અને તા. ૨૧-૧૨-૭૦ની રાત્રે દવાખાનામાં આરામ કરતા હતા અને ત્રીજો હુમલો આવ્યો અને તે પ્રાણઘાતક નીવડયો.

સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. શ્રી રઘુવીર દેસાઈ પત્રકાર બન્યા અને તેમાં પ્રશંસનીય સફળતા મેળવી અને સર્વ વિદ્યાલયની પ્રતિષ્ઠા તેમણે તેમની નિષ્ઠા, પ્રામાણિકતા અને કુનેહથી વધારી.

મૃત્યુ સમયે તેમની ઉંમર ૫૪ વર્ષની હતી. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

એમનો મોટો પુત્ર અને પુત્રવધુ અમેરિકામાં છે. બીજા પુત્રો અહીં છે. તેમની પાછળ પત્ની અને પાંચ પુત્રો અને એક પુત્રી છે. તેઓને પ્રભુ આ કારમું દુઃખ સહન કરવા શક્તિ આપો.

## સંસ્થા સમાચાર

અમદાવાદ પ્રદેશ રાજ્ય રમતોત્સવની સાંઘિક રમતો તા. ૧-૨ ડીસેમ્બર ૧૯૭૦ના દિવસોમાં નવીન સર્વ વિદ્યાલય વડનગરના પટાંગણમાં યોજાઈ હતી.

આ સ્પર્ધાઓમાં અમદાવાદ પ્રદેશના આઠ જિલ્લાના જુનિયર અને સીનિયર વિભાગના કબ્બડી, ખોખો અને વૉલીબૉલના વિજેતા હરીફ ભાઈ-બ્હેનોએ ભાગ લીધો હતો.

દરેક જિલ્લામાંથી લગભગ ૮૦ હરીફ ભાઇબહેન વડનગર મુકામે આવ્યાં હતાં. આ હરીફ ભાઇબહેનો તથા પંચો અને અધિકારીઓના નિવાસ, ભોજન અને મેદાનની સઘળી વ્યવસ્થા નવીન સર્વ વિદ્યાલયના કાર્યકર ગણે ઉપાડી હતી.

નિવાસ માટે સ્થાનિક બે હાઇસ્કૂલો શ્રી બી. એન. હાઇસ્કૂલ તથા ગર્લ્સ હાઇસ્કૂલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ભોજન-વ્યવસ્થા તથા મેદાનની વ્યવસ્થા "નવીન સર્વ વિદ્યાલયના" કેમ્પસમાંજ રાખી હતી.

તા. ૧ લી ડીસેમ્બર ૧૯૭૦ના રોજ સવારે ૮-૦૦ વાગે મેદાન પર શાળાના આચાર્ય શ્રી અંબાલાલભાઈએ હરીફ ભાઇબહેનોનું ઉષ્માભર્યું સ્વગત કર્યું હતું જિલ્લા શારીરિક શિક્ષણ નિરીક્ષક શ્રી આર. એસ. દેસાઇએ રમતોનો ખ્યાલ આપ્યો હતો. ઉદ્ઘાટન સમારંભના પ્રમુખ શ્રી રસિકલાલ દવે એ ખેલદિલીના પાઠનું ભાથું આ મેદાન પરથી મેળવવા અનુરોધ કર્યો છે.

શાળાની સ્થાનિક સમિતિના પ્રમુખ શ્રી સુખલાલભાઇએ રમતોત્સવનું ઉદ્ઘાટન જાહેર કર્યું હતું

તા ૨/૧૨ના રોજ જિલ્લાના ઈ ચા. શિક્ષણાધિકારી શ્રી સરોજ ઝવેરીએ રમતોની પૂર્ણાહુતી જાહેર કરતાં એવી આશા વ્યક્ત કરી હતી કે રાજ્ય કક્ષાએ પણ આવીજ સુંદર ઉજ્જવળ રમત હાર-જીતની પરવા કર્યા સિવાય દર્શાવવા અનુરોધ કર્યો હતો.







## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૧૫૬૪૯૮) આગળનો સરવાળો

૧૦૦૧) શ્રી બહેચરદાસ ઉમેદદાસ પટેલ
હા. શ્રી કચરાભાઈ બહેચરદાસ પટેલ : મહેસાણા

૨૫૧) ડૉ. ડાહ્યાભાઈ બી. પટેલ
એમ. બી. બી એસ. : વિજાપુર

૨૫૧) ડૉ. બહેચરભાઈ શિવાભાઈ પટેલ
બી ડી. એફ – દાંતના દાક્તર : વિજાપુર

૨૫૧) ડૉ. અમૃતલાલ કાળીદાસ પટેલ
એમ. બી. બી. એસ. : વિજાપુર
( અગાઉ ૨૫૧ લખાવેલા છે તેમાં વધારો. )

૧૫૮૨૫૨) કુલ સરવાળો

### સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી મનુભાઈ કચરાભાઈ
C/o મનુભાઈ અમૃતલાલની કું. : કડી.

## ક્ષમા યાચના

–[ * ]–

'સુવર્ણ જયંતી' નો આ ૮મો અંક તા. ૩૧–૧૨–૭૦ ના રોજ પ્રસિદ્ધ કરવાનું જાહેર કરેલું પરંતુ ઇલેકટ્રીક પાવરની મુશ્કેલીને કારણે તે પ્રમાણે બની શકયું નથી અને તે અંક આજે ૭-૧-૭૧ ના રોજ પ્રસિદ્ધ કરીએ છીએ. વધુ મોડું થવા માટે ગ્રાહકો તથા વાચકોની ક્ષમા યાચીએ છીએ.

—તંત્રી.

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૭–૧–૭૧

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૧૪-૧-૭૧ [ અંક ૯


## સમાજવાદનો પાયો અને શિક્ષણ | શ્રી મનુભાઈ પંચોળી

ગુજરાત વિદ્યાપીઠના સુવર્ણ મહોત્સવ વખતે કાકાસાહેબે એક આંખ ઉઘાડનારી વાત કહી. એમણે જણાવ્યું કે ખેતી વિકાસ અંગેનું વિશેષ શિક્ષણ લેવા સારુ ભારત સરકારે કેટલાક યુવાનોને જાપાન મોકલેલા. જાપાનિઝ ખેતીના નિષ્ણાતો તેમને ખેતર પર જાતે કામ કરવા મોકલતા. આ જુવાનોને જાતમહેનતનો કંટાળો, એટલે આવાં કામો ટાળે, કે ત્યાં ટેલટપ્પાં મારે. તેમને શીખવવાવાળા જાપાનિઝ નિષ્ણાતોએ તેમને ઘણી વખત આ બાબતમાં ટપાર્યા. છેવટે આ જુવાનો કહે, "તમે અમને નોંધો અને ચોપડીઓ આપી દો, અમે તે જોઈ લઈશું. ખરેખર કામ કરવાની અમને જરૂર લાગતી નથી."

કંટાળીને જાપાનિઝ સરકારે ભારત સરકારને લખ્યું કે, "આ લોકોને પાછા બોલાવી લ્યો તો તમારું ખર્ચ બચે, અને અમારો સમય બચે."

આપણી કેળવણીની કરુણતાનો ધજાગરો તે આ કિસ્સો. ખેતી શીખવી છે અને હાથ હલાવવો નથી, લુગડે ડાઘ આવવા દેવો નથી.

અત્યારે શીંગની વણણીની મોસમ ગ્રામપ્રદેશમાં ચાલે છે. લણણીની મજૂરી ૭ થી માંડીને ૧૦-૧૨ રૂપિયા તો છે જ. શીંગ વીણવા જનાર સાંજ પડશે મણ શીંગ વીણે—અરધી માલીકની અને અરધી મજૂરની. અને છતાં કામ વખતસર પતે તે માટે જોઈતા મજૂરો નથી. રજકા વાવવા છે, ઘઉંની વાડી બાંધવાનું ઊભું છે, અને આ પતશે ત્યાં વાઢ પીલાવા શરૂ થશે. ચારે બાજુ થોકબંધ કામ પડ્યું છે. આમાં કેટલા બેકાર એસ. એસ. સી. બેકાર અંડરગ્રેજ્યુએટો કે ગ્રેજ્યુએટો જોડાય છે? ઘેર નવરા બેઠા છે, સિગારેટ-ચાના ખર્ચ કરે છે, તે પીતાં પીતાં દેશોન્નતિની વાતો કરે છે, સરકારની નાલાયકી માટે હડતાલ પાડે છે—પણ ખેતીકામો ઉકેલવામાં આવા સારા દરે પણ મજૂરી કરવાનું મન થતું નથી!

તેમાં તેમનો વાંક નથી, માણસ માત્ર આદતોનો ગુલામ છે. નિશાળમાં કે કૉલેજમાં એને નથી રહી પરિશ્રમની ટેવ, નથી તેના મગજમાં જાગી પરિશ્રમની પવિત્રતા. ઊલટું તેને તો વગર કે ઓછા પરિશ્રમે વધારે રળે તે મોટા, તે સંસ્કારી, તે સફળ, આવા દૃઢ ખ્યાલો બંધાયા છે. કૉલેજના વ્યાખ્યાતાઓમાં તેણે સફળ ખેડૂત, સફળ પશુપાલક, સફળ મજૂર જાતમહેનતે સફળ થયેલ ઉદ્યોગપતિ–એકેયની અનુભવવાણી સાંભળી નથી. પુસ્તકિયા જ્ઞાનના અજવાસમાં તેની આંખોના નૂર હણાઈ ગયાં છે. આથી દેશની ઉન્નતિની વાત કરતાં છતાં તે દેશના ઉત્પાદનમાં ફાળો આપવા જરૂરી શ્રમ કરવાની વૃત્તિ શક્તિ કે નજર ધરાવતો નથી.

અને છતાં હસી હસીને બેવડ તો ત્યારે વળી જવાય છે કે જ્યારે આ જ ભણતરની હિમાયત કરવાવાળા સમાજવાદની બાંગ પોકારે છે! એ ભાઈલાઓને એટલી જાણ નહિ હોય કે સમાજવાદનો પાયો બિનપરિશ્રમી કે ઓછા પરિશ્રમી લોકોને ભાગે ભોયભાડું, વ્યાજ, નફો કે પગારને રૂપે આવતા ફાળાને ઘટાડી કે દૂર કરી પરિશ્રમી લોકોને તેમનું વાજબી વળતર મળે તે જ છે; આ સિવાય સમાજવાદમાં કશું નવીન નથી. ['કોડિયું' માંથી]

## સુવર્ણ જયંતી ફાળામાં

**નીચેની નવીન રકમો લખાઈ છે.**

**દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.**

૧,૫૮,૨૫૨) આગળનો સરવાળો

૨૫૧) વાઘેલા કાનજીભાઈ મગજીભાઈ ખતીવાડ, કડી

(અગાઉ ૫૦૧) લખાવેલા છે તેમાં વધારો)

૧,૫૮,૫૦૩) કુલ સરવાળો

[ પાન ૮ ઉપરનું ચાલુ ]

'ભાઈનાં લગ્ન પછી નિરાંતે આવીશ ત્યારે રહીશ.'

'અને ભાઈને પણ મારી વતી કે' જે કે એકાદ દાડો અહીં આવી જાય... મામાને ભેગો થઈ જાય.'

'કહીશ'...

'અને કામકાજ હોયતો મને કહેવરાવજે.'

'કામકાજ તો કશું નથી પણ એનાં લગ્નટાણે તમે બધાં આવો તો બહુ સારું.'

'આવીશું આવીશું બધાં બસ!' જગમોહન બોલ્યો અને ઉમેર્યું.

'અને એવું હશે તો રજા લઈને દસેક દિવસ અગાઉથી આવીશ; પછી છે કંઈ?'

'સારૂં... સારૂં...' અને સુનંદાએ ચાહનો છેલ્લો ઘૂંટડો પૂરો કર્યો, પ્યાલો નીચે મૂકયો. ■

## સંસ્થા સમાચાર

કૃષિયંત્ર તાલીમ વર્ગ બૅચ ૧ ના વિદ્યાર્થીઓ તેમજ બે શિક્ષકોએ તા. ૨૭-૧૨-૭૦ રવિવારના રોજ થોળવાઈ મુકામે વનભોજનની મોજ માણી. આખા દિવસના ભરચક કાર્યક્રમોમાં રમતગમત, વકૃત્વસ્પર્ધા, મીમીક્રી તેમજ હાસ્યના કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને મજા પડી. આ કાર્યક્રમમાં ટેકનીકલ હાઈસ્કૂલના આચાર્યશ્રી શાહે હાજર રહી વિદ્યાર્થીમિત્રોને માર્ગદર્શન આપ્યું.

કૃષિયંત્ર તાલીમવર્ગ બૅચ ૧ ના વિદ્યાર્થીઓ કે જેઓએ પોતાના અભ્યાસક્રમમાં ટ્રેકટર ડ્રાઈવીંગ શીખ્યા હતા તેઓએ તા. ૮-૧-૭૧ ના રોજ આર. ટી. ઓ. મહેસાણા સાહેબ પાસે પાકા લાયસન્સ માટે ટેસ્ટ લેવડાવ્યો. તેમાં ૧૦ વિદ્યાર્થીઓમાંથી ૬ વિદ્યાર્થીઓ સફળ થયા. હવે તે ૭ વિદ્યાર્થીઓને ટ્રેકટરનું પાકું લાયસન્સ મળશે. બીજા વિદ્યાર્થીઓ આવતા મહિને ફરીથી ટેસ્ટ આપશે.


## કોન્ટ્રાકટ આપવાના છે.

(૧) જુ. ટે. સ્કૂલ અંગેનાં મકાનોના લાકડાના તથા લોખંડના બારીબારણાં તથા છાપરાની કેંચીઓ વગેરેને પાકો ઑઈલ પેઈન્ટ રંગ કરવાનો તથા મકાનોને ધોળવાનો તથા રંગવાનો કોન્ટ્રાકટ આપવાનો છે.

(૨) વર્કશોપના લાખંડના નોર્થલાઈટ વેન્ટીલેટર્સ તથા બારીઓ-દરવાજામાં કાચ બેસાડી આપવાનો કોન્ટ્રાકટ આપવાનો છે.

બંને કામમાં માલ તથા મજૂરીના ભાવ અલગ અલગ આપવાના છે. કામ તથા બીજી વિગતો રૂબરૂ બતાવવામાં આવશે. કામ રાખવા ઈચ્છતા હોય તેમણે તા. ૨૦-૧-૭૧ સુધીમાં નીચેના સરનામે ભાવ મોકલી આપવા.

મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી (ઉ. ગુ.)

શુભેચ્છા સહ —

ઓફીસ : ૩૨૦
રહેઠાણ : ૪૨૯
" : ૫૩૯

# ડી. માધવલાલ એન્ડ કંપની

લોખંડના જથ્થાબંધ વહેપારી.

રેલ્વે ગોડાઉન મુ. મહેસાણા. (ઉ. ગુ.)

# નિરાળા કવિ કબીર

ડૉ. રણજિત પટેલ (અનામી)

આપણે ત્યાં ઇતિહાસ અને દંતકથાનુ ઠીક ઠીક મિશ્રણ થઈ ગયું છે. ખાસ કરીને આપણા ઘણાખરા મહાપુરૂષો સંબંધે આવું બનવા પામ્યુ છે. રામ, કૃષ્ણ, બુધ, મહાવીર, વિક્રમ, અશોક, પૃથ્વીરાજ, કાલિદાસ, તુલસીદાસ, નરસિંહ-મીરાં, નાનક–કબીર–આવી અનેક વિભૂતિઓ સંબંધે ઇતિહાસ કરતાં દંતકથાઓ ઝાઝી મળે છે.

આપણા કબીરજીની જ વાત કરીએ. કબીર રાષ્ટ્રીય કક્ષાના સંત કવિ છે. ભારત સરકારના ટપાલ ખાતાએ એમના નામની ટિકીટો બહાર પાડી છે. તેમાં તેમના જન્મ–મૃત્યુની તારીખો આપી નથી, કેવળ તેઓ પંદરમી સદીમાં થઈ ગયા એવો ઉલ્લેખ છે, મતલબ કે એમના જન્મ–મૃત્યુ સંબંધે ઇતિહાસ ચોકકસ નથી, જો કે સં. ૧૪૫૫ના જેઠ સુદ પૂનમને સોમવારે તેઓ જન્મેલા, એમ મનાય છે ખરું. એવી જ રીતે, એમના જન્મ અને મૃત્યુ વખતે થયેલા ચમત્કાર અંગે પણ દંતકથાઓ પ્રચલિત છે.

કાશીના મુસલમાન વણકર દંપતી નીમા–નીરુને તળાવના કમલપત્ર પરથી ત્યજાયેલું જે બાળક મળ્યું તે જ કબીર. કબીર વિધવા બ્રાહ્મણીના પુત્ર હતા એમ પણ કહેવાય છે. મૃત્યુ સમયે એમના હિંદુ–મુસ્લીમ શિષ્યો એમના દેહને બાળવા-દફનાવવાના પ્રશ્ન ઉપર ઝઘડો જમાવી બેઠા ત્યારે પ્રગટ થઇ કબીરે શબ ઉપરની ચાદર ખસેડી જોવા કીધું તો કેવળ ફુલનો ઢગલો જ દેખાયો અર્ધાં ફુલોનો અગ્નિસંસ્કાર કરી હિંદુ ભક્તોએ સમાધિ ચણાવી, મુસ્લીમ ભક્તોએ અર્ધાં ફુલ દાટી રોજો બંધાવ્યો. આમ એમના જન્મ-મૃત્યુ સાથે ફુલોનો સંબંધ હોઇ આપણે તેમને ભારતનું મઘમઘતુ સંત કવિ પુષ્પ કહીએ.

કબીરના સાહિત્યમાંથી એમના જીવન સંબંધે કેટલીક વિગતો તારવી શકાય તેમ છે. એ પોતાની જાતને સદાય 'ના હિંદૂ, ના મુસલમાન' એ રીતે ઓળખાવે છે. 'પિતા હમારો બડો ગોસાઈ' એ રીતે પિતાનો માનપૂર્વક ઉલ્લેખ કરે છે, પણ એ તો પરમપિતા પરમેશ્વરને પણ લાગુ પડે! કબીર-પંથીઓના મત પ્રમાણે કબીર આ જન્મ બ્રહ્મચારી હતા પણ કબીર લખે છે.

નારી તો હમ ભી કરી
જાના નાહિ વિચાર!
જબ જાના તબ પરિહરિ,
નારી બડા વિકાર ॥

–પણ આ વાત તો માયારૂપી નારીને પણ એટલી જ લાગુ પડે!

એમને કમાલ નામે પુત્ર ને કમાલી નામે પુત્રી હતી. પુત્ર માટે લખે છે.

'બૂડા વંશ કબીરકા,
ઉપજા પૂત કમાલ'

એમના ગુરુ રામાનંદે કયા સંજોગોમાં મંત્રદીક્ષા આપી તે અંગે કહે છે.

જબ હમ પોઢે થે ગંગાકે તીરા,
ઠોકર લગી હમારે શરીરા;
તબ તુમ રામમંત્ર હમ દિન્હા,

લગભગ એકસો વર્ષ સુધી કબીર જીવ્યા હતા એમ કહેવાય છે વસ્ત્ર વણવાં અને ભજન રચવાં–ગાવાં એ એમનો ધંધો ને ધર્મ હતાં.

નાતજાતની દીવાલોને તોડીફોડીને કેવળ ભક્તિની ગંગા વહાવનાર રામાનંદના શિષ્ય બન્યા પછી કબીરે બધો જ સમય આત્મચિંતન, હરિ–સ્મરણ, ક્રાન્તિકારી વિચારણા અને સર્વધર્મ સમન્વયના પ્રયત્નમાં ગાળ્યો છે.

રામ સાથેનો પોતાનો સંબંધ સરલતા પૂર્વક વર્ણવતાં કબીર કહે છે.

કબીર કૂતા રામકા, મુતિયા મેરા નાઉँ ।
ગલે રામકી જેવડી, જિત ખેંચૈ તિત જાઉँ ॥
તો તો કરૈ તો બાહુડૌં, દુરિ દુરિ કરૈ તો જાઉँ ।
જ્યૂँ હરિ રાખૈ ત્યૂँ રહૌં, જો દેવૈ સો ખાઉँ ॥

આ પંક્તિઓમાં આત્મ સમર્પણની અવધિ વરતાય છે પણ આવા નમ્ર સરલ કબીરનો જ્યારે પુણ્ય પ્રકોપ જાગે છે ત્યારે મસ્જિદમાં બાંગ પુકારતા મુલ્લાં અને પોથી પંડિતોને તેજીલી તેજાબની વાણીમાં સંભળાવે છે

ના જાને તેરા સાહબ કૈસા હૈ ।
મસજિદ ભીતર મુલ્લા પુકારૈ,
ક્યા સાહબ તેરા બહિરા હૈ?

ચિઉँટી કે પગ નેવર બાજે, સો ભી સાહિબ સુનતા હૈ।
પંડિત હોય કે આસન મારૈ, લમ્બી માલા જપતા હૈ॥
અંતર તેરે કપટ–કતરની, સૌ ભી સાહબ લખતા હૈ।

સાપ કાંચળી બદલે એટલે કંઇ એનું ઝેર જાય નહીં તેમ બાહ્ય વેષ પરિવર્તન અને બાહ્યાચારથી ચિત્ત શુદ્ધિ થાય નહીં. તીર્થ-સ્થાન, પ્રતિમા–પૂજા, પુરાણ–કુરાન પરત્વેની અંધશ્રદ્ધાની ઠેકડી કરતાં કહે છે:–

તીરથમેં તો સબ પાની હૈ, હોવે નહીં કછુ અન્હાય દેખા।
પ્રતિમા સકલ તો જડ હૈ ભાઈ, બોલેં નહીં બોલાય દેખા॥
પુરાન–કોરાન સબૈ બાત હૈ યા ઘટકા પરદા ખોલ દેખા।
અનુભવ કી બાત કબીર કહેં યહ, સબ હૈ ઝૂઠી પોલ દેખા॥

—પ્રતિમા–પૂજાથી હરિ મળે? રામ રામ કરો. કબીર કહે છે:–

પથ્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજું સબ પહાડ,
ઇસસે વો ચકકી ભલી, પીસ ખાવૈ સંસાર !

રૂઢિચુસ્ત સનાતની હિંદુઓની જેમ મુસલમાનોને પણ કબીર સંભળાવે છેઃ-

દિન કો રોજા રહત હૌ, રાતિ કટત હૌ ગાય,
યહ ખૂન, વહ બંદગી, કયોં કર ખુશી ખુદાય !

મુસલમાનોએ કબીરને કાફર કહ્યા. અન્યનાં ગળાં કાપે, શીશામાં ઉતારે, જૂઠું બોલે તે કાફર. કબીર કહે છેઃ-

ગલા કાટ બિસ્મલ કરે, વોહ કાફર બેબૂઝ.

'ચારો વર્ણમેં હરિજન ઊંચે' એવી કબીરની માન્યતા હતી – શ્રદ્ધા હતી. પોતાના સ્વામીની વાત કરતાં કબીર લખે છેઃ-

જોગી ગોરખ ગોરખ કહૈ, હિંદૂ રામનામ ઉચ્ચરૈ ।
મુસલમાન કહૈ એક ખુદાઈ, કબીરા કો સ્વામી ઘટિ
ઘટિ રહ્યો સમાઈ. ॥

મંદિર-મસ્જિદમાં જ નહીં પણ ઘટઘટમાં – સચરાચરમાં જેના સ્વામી સમાય છે તેવા સંત કવિ કબીરની જીવનભરની ઇષ્ટ પ્રવૃત્તિ સર્વ ધર્મ સમન્વયની હતી. એક પદમાં તે ગાય છેઃ-

અલ્લાહ, રામ, કરીમા, કેશવ
હરિ હજરત નામ ધરાયા –
ગહના એક, કનક તે ગહના,
ઇનમેં ભાવ ન દૂજા !
કહ ન સુનન કો દુઇ કરે થાપે,
એક નિમાજ, એક પૂજા !
વહી મહાદેવ, વહી મહમ્મદ,
બ્રહ્મા, આદમ કહિયે.
કો હિન્દુ, કો તુરક કહાવે,
એક જમીં પર રહિયે !
વેદ કિતાબ પઢે વે કુતબા,
વે મોલવા, વે પાંડે.
બેગર બેગર કે નામ ધરાયે
એક મટિયા કે ભાંડે !

– આમ નામ રૂપ જૂજવાં પણ અંતે તો એક જ સુવર્ણનાં અલંકાર, એક જ માટીનાં ભાંડ – વાસણ.

કબીરના વ્યક્તિત્વ સંબંધે ડૅા. હઝારીપ્રસાદ દ્વિવેદી લખે છેઃ કબીર નખશિખ મસ્ત માનવી છે. સ્વભાવે ફક્કડ, આદતે અક્કડ, ભક્ત સમક્ષ નમ્ર, પાખંડી સમક્ષ પ્રચંડ, દિલના સાફ, દિમાગના દુરસ્ત, ભીતરમાં કોમલ, બહાર કઠોર, જન્મે અસ્પૃશ્ય, કર્મે વંદનીય. એ જે કંઈ કહે છે તે અનુભવને આધારે કહે એટલે એમની વ્યંગ ઉક્તિઓમાં આરપાર વીંધી નાખે તેવી ચોટ આવે છે.

કબીર એ કબીર જ છે. તુલસીદાસ, સુરદાસ, નરસિંહ, મીરાં, અખો, દયારામ કોઇપણ સંતકવિની સાથે તેમની તુલના થઇ શકે તેમ નથી. સંત-કવિ તરીકે કબીર એ બધાથી ઉફરા છે. નિરાળા જ છે.

( * આકાશવાણીના સૌજન્યથી, આવશ્યક ફેરફાર સાથે. )






# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

## અમેરિકામાં કૃષિક્રાંતિ

વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અમેરિકા મોખરે છે. અવકાશ કાર્યક્રમોમાં કોઈ દેશ અમેરિકાને આંબી શકે તેમ નથી. અન્ન ઉત્પાદનમાં પણ દુનિયાના દેશોની પ્રથમ હરોળમાં તેનું સ્થાન છે. અમેરિકાના આંતરવિગ્રહના દશકા પહેલાં એક અમેરિકન ખેડૂત પોતા ઉપરાંત બીજા એક માણસ માટે કાપડ અને અન્ન પેદા કરી શકતો. ધીરે ધીરે સ્થિતિ પલટાવા લાગી. નવાં યંત્રો આવ્યાં. નવી પદ્ધતિઓ આવી. પરિણામે અન્ન-ઉત્પાદનમાં ત્યાંના કિસાને હનુમાનકૂદકો માર્યો છે. અત્યારે એક ખેડૂત પોતા ઉપરાંત બીજા ૪૨ માણસોનું પૂરું કરી શકે તેટલું ઉત્પન્ન લે છે. આશ્ચર્ય પમાડે તેવી માનવીની ઉત્પાદન-શક્તિ અને મબલખ પાક ઉતરવાને પરિણામે અમેરિકન માણસોના ખાણામાં અનેક જાતની વાનગીઓ જોવા મળે છે. આ ખેતીના ફેરફારો માટે ખેતરો ઉપરના યંત્રીકરણે મહત્વનો ફાળો આપ્યો છે.

અમેરિકાનો ખેડૂત સામાન્ય કારખાનાના મજૂર કરતાં વધારે વીજળીનો ઉપયોગ કરે છે. પરિણામે ૫૦ વર્ષ પહેલાં તેની કામ કરવાની શક્તિ હતી તેના કરતાં અત્યારે તે સાત ગણી વધી છે. શાકભાજીને કાપવા, વ્યવસ્થિત કરવા, ધોવા અને પેક કરવામાં એક યંત્ર ૪૦ માણસ જેટલું કામ કરે છે. ટમેટાના પાકના ૯૦ ટકા ટમેટાં યંત્રોથી ઉતારવામાં આવે છે. પીચના વૃક્ષ ઉપરથી યંત્રોથી ફળ ઉતારવાનું શરૂ કરવાથી ઘણું ખર્ચ બચી ગયું છે. ત્યાંનું રાક્ષસી યાંત્રિક હળ એક કલાકમાં એક ખેડૂત અને બળદની એક જોડી ખેડે એના કરતાં એક હજારગણું ખેડે છે. મકાઈ લણવા માટેનું યંત્ર ૪૦ માણસ જેટલું કામ કરે છે ઘાસની ગાંસડીઓ પણ યંત્ર મારફતે જ વેગનમાં ચઢાવવામાં આવે છે. અહીંના ખેડૂતો ૩૦ વર્ષ ઉપર યાંત્રિક સાધનો જેટલી મૂડી રોકતા તેના કરતાં આઠગણી મૂડી અત્યારે રોકે છે. ખેડૂત ખેતી ઉપરાંત કારખાનાઓમાં જાય છે. અને પોતાના ધંધામાં પણ ધ્યાન આપે છે.

પશુસંવર્ધન અને ઉછેરમાં ખૂબ પ્રગતિ થઈ છે. પશુઓને થતા રોગોનો અભ્યાસ કરી તેનું નિકંદન કાઢવામાં આવ્યું છે. પાક સંરક્ષણ માટે વિવિધ જાતની જંતુનાશક દવાઓ બનાવવામાં આવી છે. આલ્ફાલ્ફાના છોડના થડને કોરી ખાતા ભમરાને મહાત કરવા, જીવાણુઓને કેપ્સ્યુલમાં મૂકીને ઉપયોગમાં લેવામાં આવે છે. આ જીવાણુઓ લાંબો સમય સુધી છોડનું રક્ષણ કરે છે. કેપ્સ્યુલનું આવરણ ક્રમશઃ ઓગળે છે. આ કપાસના જીંડવામાં સડો પેદા કરતી માખીને ખાઈ જાય તેવા કીટકોનાં ટોળાં ખેતરમાં છોડવામાં આવ્યાં છે. એટલું જ નહિ પણ નુકશાન કરતી જાતોમાંથી અંતસ્ત્રાવો શોધી તેમને મારવામાં ઉપયોગ લેવાય છે. ઓછા પ્રમાણમાં છાંટેલી દવાઓ વધારે અસર કરે તેવું સંશોધન થઈ રહ્યું છે.

વનસ્પતિઓની ઝડપી વૃદ્ધિ થાય તે માટે રેડિયો-એક્ટીવ ખાતર આપવામાં આવે છે. ઘઉંના પરાળ અને નકામાં ભાગોને પૌષ્ટિક દૂધદાણમાં ફેરવવા રસાયણોનો ઉપયોગ થઈ રહ્યો છે. ઘેટાંની ઊન કાતરને બદલે હાથથી ઉતારી શકાય તે માટે દવાના ડોઝ આપવામાં આવે છે. ઊનના રેસા ગુંચવાઈ ન જાય અથવા સંકોચાઈ ન જાય માટે તેમને રાસાયણિક સારવાર આપવામાં આવે છે.

જમીન સંશોધનથી ટમેટાંને યંત્રથી ઉતારી શકાય તેવાં આકારમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. ઓછાં પર્ણ અને વધારે જીંડવાંવાળા કપાસ અંગે વિચારાઈ રહ્યું છે. ફળમાંથી પસાર થતાં મોજાંના આંદોલન ઉપરથી ફળ ક્યારે પાકશે તેવી માહિતી મેળવવા યંત્રો તૈયાર કરી રહ્યા છે.

ખેતરોનો પાક બારગણો વધ્યો છે. તે માટે ખાતરોનો ફાળો મહત્વનો છે. જમીન સંરક્ષણ અને વ્યવસ્થા માટે અવનવા પ્રયોગો થઈ રહ્યા છે. ચીકણી જમીન ખેડવા માટે હળ ઉપર વિશિષ્ટ પ્રકારના આવરણ ચડાવીને ખેડવામાં આવે છે. પાકને રોપવા નવી પદ્ધતિઓ શોધાઈ છે. એક પટ્ટી પર સરખે અંતરે બીજ ચોંટાડી પટ્ટીને જમીનમાં દાટતાં પટ્ટી ઓગળી જાય છે. વળી બીજને ખાતર અને ભેજવાળી કેપ્સ્યુલ-માં રાખીને વાવવામાં આવે છે જેથી બીજ સહેલાઈથી ઉગી ફાલીફૂલે છે.

આ બધો પ્રતાપ છે વિજ્ઞાન દ્વારા કૃષિક્રાંતિનો.

## હરિયાળી ક્રાંતિની પ્રેરણામૂર્તિ

વસ્તી વધે છે. જમીન વધતી નથી. વસ્તી વધારો અનેક સમસ્યાઓ પેદા કરે છે. સૌથી વધુ વિકટ સમસ્યા છે અન્નની. વિજ્ઞાન અને ટેકનોલોજી આ સમસ્યા હલ કરવા મેદાને પડયાં છે. દુનિયાને ભૂખમરામાંથી ઉગારવી છે. 'હરિયાળી ક્રાંતિ' સર્જવી છે. એ માટે ૧૭ દેશના વૈજ્ઞાનિકો રાતદિવસ મહેનત કરી રહ્યા છે. આ ટુકડીના નેતા છે ડૅા. નોર્મન અર્નેસ્ટ બોરલૅાગ તેઓ મેક્સિકોના 'આંતરરાષ્ટ્રીય મકાઈ અને ઘઉં સુધારણા કેન્દ્ર'ના ડીરેકટર છે. તેમણે મેક્સિકો, ભારત, ફીલી-પાઈન્સ અને પાકિસ્તાનમાં અન્ન ઉત્પાદન વધારવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. ભૂખમરો અને ગરીબીનું નિવારણ કરવા એમણે ઘઉંની વધુ પાક આપતી નવી જાતોનું સર્જન કર્યું છે. ભારતની 'હરિયાળી ક્રાંતિ'ના પ્રણેતા તેઓ છે. ૧૯૭૦ નોબેલ શાંતિ પારિતોષક ડૅા. બોરલૅાગને મળે છે. આ પારિતોષકની ૭૮૦૦૦ ડોલરની રકમ ઘઉંના સંશોધન પાછળ ખર્ચવાની જાહેરાત કરી છે.

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# શિક્ષિતોની બેકારીનો પ્રશ્ન

લેખક : ડૉ. હરિભાઈ જી. દેસાઈ

[ ગયા અંકથી ચાલુ ]

આજે આપણે એવી એક રાજકીય પરિસ્થિતિમાં ઊભા છીએ કે સરકારને સમાજવાદની શબ્દજાળમાંથી નીકળવું નથી, પક્ષોને પરસ્પરના મિથ્યા વિવાદો મિટાવવા નથી અને આમ જનતાનો કોઈ ભાવ પૂછતું નથી ! આવા સંજોગોમાં નક્ષલવાદ જોર ન પકડે તો બીજું શું થાય ! શિક્ષિતોની બેકારીનો પ્રશ્ન રાષ્ટ્રીય સ્વરૂપનો છે અને તેનો ઉકેલ યુદ્ધને ધોરણે જ થવો જોઈએ. શું થઈ શકે એમ છે તે પણ જોઈએ.

સૌ પ્રથમ તો ડીગ્રીનો મોહ જવો જોઈએ. ડીગ્રી હોય તો જ નોકરી મળે એ પરિસ્થિતિ દૂર થવી જોઈએ. ડીગ્રી પ્રાપ્ત કરવા કરતાં વ્યક્તિ કોઈ કામધંધામાં 'એપ્રેન્ટીસ' તરીકે કામ કરે તે પર ભાર મૂકવો જોઈએ. શિક્ષણ પણ આપણા ઉદ્યોગધંધાને ધ્યાનમાં રાખી વ્યાવહારિક દૃષ્ટિએ અપાવું જોઈએ.

આપણે પહેલાં જોયું તેમ શિક્ષકોએ સમાજની જરૂરિયાતો પ્રમાણે શિક્ષણને ગોઠવવું પડશે, અભ્યાસક્રમ સુધારવા પડશે અને પોતે પણ પોતાના જ્ઞાનને અદ્યતન બનાવવું પડશે.

વિદ્યાર્થીઓએ પણ પોતાનું માનસ બદલવું પડશે. હવે White collar jobsને સ્થાને કડિયા, સુથાર, પ્લમ્બર કે એવા કારીગર તરીકે કામ કરવાની તૈયારી રાખવી પડશે; પોતાના કાંડાને જોરે ઝઝૂમવું પડશે. આપણા ડીગ્રીધારીઓએ પણ સાહેબ બનીને માત્ર ખુરશીટેબલની કલ્પના કરવા કરતાં પરસેવાની રોટલીની કલ્પના કરવી પડશે. ટૂંકમાં શ્રમનો મહિમા વધવો જોઈશે.

ગુજરાત સરકાર શિક્ષિત બેકારોનો પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરી રહી છે. બેકારોને કેટલાક નાના ધંધાઓની તાલીમ મળે તે માટે કેટલાક ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો સરકારે યોજ્યા છે. ઈજનેરો કે ટેકનિકલ જ્ઞાન ધરાવનારાઓ પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરી શકે તે માટે લોન આપવાની વ્યવસ્થા પણ થઈ છે. બેન્કોનું રાષ્ટ્રીયકરણ થયા પછી કેટલીક બેન્કોએ પણ આ પ્રશ્નમાં રસ લીધો છે.

આમ જનતામાં એક વિશિષ્ટ પ્રકારની જાગૃતિ આવી છે. આથી શિક્ષિત બેકારો "કાં તો કામ આપો, કાં તો બેકારી ભથ્થું આપો." એવું જરૂર કહેવાના. સરકાર રોજરોજ સમાજવાદનાં ગાણાં ગાતી હોય તો આ માગણીમાં કશું ખોટું તો નથી જ. કેટલાક લોકો વળી એમ માને છે કે સરકારે વર્તમાન શિક્ષિત બેકારોને ઉદ્યોગધંધાઓ કે નોકરીઓમાં તાત્કાલિક સમાવી લેવા જોઈએ. ભવિષ્યમાં નવા શિક્ષિત બેકારો પેદા ન થાય એવું આયોજન કરી હાલના બેકારોને રોજી આપવાની જવાબદારી સરકારની છે એમ આ વર્ગ માને છે. આ વિચારસરણીનો અર્થ એ થાય કે હાલ એક કામમાં જેટલા માણસો રોકાયા હોય તેથી વધુ માણસો રોકવા. આમ કરીએ તો તેથી ઘણાને રોજી આપ્યાનો આપણને ઉપરછલ્લો સંતોષ થાય પરંતુ આમ કરવાથી કાર્યક્ષમતા વધશે જ એવું ન કહેવાય એક ઉદાહરણ લઈએ. આવકવેરા ખાતાની ઑફિસમાં અમુક કામ અમુક ટેબલ પરના કર્મચારી કરે એવી ઝીણી ઝીણી વહેંચણી થઈ છે: રીફંડ ઑર્ડર એક જણ લખાવે, બીજો લખે, ત્રીજો સહી લેવા જાય, ચોથો રીફંડ વાઉચર બનાવે, પાંચમો ડિસ્પેચમાં મોકલે, છઠ્ઠો પટાવાળાને વહેંચવા મોકલે, વગેરે. પરિણામે મારા રીફંડ ઑર્ડર પર ઓફિસરે સહી કર્યા પછી એ કાગળ એટલા હાથમાંથી પસાર થયો કે મને મળતાં ત્રણ મહિના વહી ગયા !

આપણા શિક્ષિતોમાં કમાવાની સૂઝ આવે અને દુનિયાદારીનું ભાન થાય તે માટે શિક્ષણ મળે ત્યાં જ શિક્ષણની સાથે સાથે કમાવાની સગવડ પણ મળે એવું થવું જોઈએ. મ્હૈસુર રાજ્યમાં earn while you learn ની આવી યોજના હેઠળ વિદ્યાર્થીઓને જુદા જુદા ધંધા ( trades ) નું જ્ઞાન આપવામાં આવે છે. અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ ભણવાની સાથે સાથે હોટલોમાં ડીશ ધોવાનું, લાયબ્રેરીમાં પુસ્તકો ગોઠવવાનું, પેટ્રોલપંપ પર સેવા આપવાનું અને એવાં બીજાં અનેક કામો કરે છે. રાત્રિ દરમિયાન ઓફિસોમાં ઝાડુ કાઢતા કે બેન્કોમાં પત્રવ્યવહારનું કામ કરતા ભારતીય વિદ્યાર્થીઓ પણ મેં જોયા છે. ખુદ અમેરિકન વિદ્યાર્થીઓ પણ એ જ કરે છે ! આપણા દેશમાં અમુક ધંધાઓ પ્રત્યે જે સૂગ છે તે સત્વરે જવી જોઈએ.

ત્રીસ ટકા અક્ષરજ્ઞાન ધરાવતા આપણા દેશને શિક્ષિત બેકારોની સમસ્યા આટલી સતાવે છે તો કેળવણીનું પ્રમાણ નેવું ટકાથી ઉપર હોય તેવા દેશોને એ સમસ્યા કેમ નહિ નડતી હોય એવો પ્રશ્ન આપણને સહજ રીતે થાય. પરંતુ વિકસિત દેશો અને અવિકસિત દેશો વચ્ચે એક મહાન તફાવત છે. વિકસિત દેશોમાં તો વિવિધ ધંધાઓ અંગે સતત સંશોધન થતું રહે છે. પ્રત્યેક શાળા અને કોલેજમાં વિવિધ ધંધાઓ અંગે અદ્યતન માહિતી અને યોગ્ય સલાહ આપનાર કેન્દ્રો હોય છે નોકરી કે ધંધાની ફરજો કઈ છે, કાર્યકર પાસે શી અપેક્ષાઓ રાખવામાં આવે છે, કયા પ્રકારની સગવડ પ્રાપ્ય છે, દરમાયો કેટલો છે, કાર્યકરની શી લાયકાત હોવી જોઈએ, ભૌગોલિક રીતે નોકરીનું સ્થાન કેવું છે વગેરે અનેક દૃષ્ટિએ માર્ગદર્શન મળે છે. ટૂંકમાં વિદ્યાર્થી અને નોકરી વચ્ચે સુમેળ સાધી આપવાનું કામ થાય છે. અમેરિકામાં લગભગ ૩૫,૦૦૦ પ્રકારના ધંધાઓ છે ! માર્ગદર્શન ન મળતું હોય તો કેટલી સમસ્યાઓ ઊભી થાય !

આપણે ત્યાં પણ ઉચિત માર્ગદર્શન અપાય તો શિક્ષિત બેકારોનો પ્રશ્ન હલ થાય. વળી શાળામાંથી જ શૈક્ષણિક અને વ્યવસાયી માર્ગદર્શન મળતાં હોય તો ડીગ્રીનો ખોટો મોહ દૂર થાય. યુનિવર્સિટીમાં પ્રવેશ ન મેળવ્યો એટલે જીવન જીવવા

જેવું નહીં રહે એ માન્યતા પણ તૂટે. હાથ અને પગનું કૌશલ્ય માગતા ઘણા ધંધાઓમાં બૌદ્ધિક વિષયોનાં પુસ્તકિયા જ્ઞાનની કશી યે જરૂર નથી.

આપણા વિદ્યાર્થીઓ વેકેશન ગમે તેમ વેડફવાને બદલે ઉત્પાદક શ્રમ કરે તો યે ઘણું. નાના ગૃહઉદ્યોગોમાં, આર્થિક દૃષ્ટિએ નહીં તો અનુભવની દૃષ્ટિએ પણ, જુકાવવું જોઈએ. વેકેશન ઉપરાંત ચાલુ શિક્ષણવર્ષમાં પણ ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ. શહેરી વિસ્તારોમાં તો hobby clubs પણ શરૂ કરી શકાય આથી ફુરસદના સમયનો સદુપયોગ થાય અને કોઈ કસબ પણ હાથ લાગે. નોકરી ન મળે ત્યારે આપણા યુવાનો ટાઈપ કે શૉર્ટહેન્ડના વર્ગોમાં જોડાવાનું વિચારે છે તેના કરતાં અભ્યાસની સાથે સાથે જ એ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. જેટલા વધુ કસબો હસ્તગત થાય તેટલી ઉત્પાદ-ક્ષમતા વધુ. અને આમે ય તે "જાતમહેનત ઝિંદાબાદ"નું સૂત્ર અપનાવીએ તો જીવન જીવવામાં અનોખી મઝા આવે છે.

[ આકાશવાણી અમદાવાદ–વડોદરા પરથી તા. ૩૦-૯-૭૦ ના રોજ અને આકાશવાણી રાજકોટથી તા. ૪–૯–૭૦ ના રોજ પ્રસારિત થયેલ ચર્ચા અહીં સુધારાવધારા સાથે રજૂ થઈ છે. ]

[ પાન ૫ ઉપરનું ચાલુ ]

ડૉ. બોરલૉગનો જન્મ ૧૯૧૪ના માર્ચની ૨૫મી તારીખે Iowa શહેરમાં થયો હતો. મીનસોટા યુનિવર્સિટીમાં એમણે વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરી ૧૯૩૭માં બી. એસ. થયા. ૧૯૪૦ મા એમ. એસ ની ડીગ્રી મેળવી. બીજે જ વર્ષે 'વનસ્પતિ રોગનિદાન વિદ્યા'માં પીએચ. ડી. ની ઉપાધિ મેળવી. ૧૯૪૧ થી ૧૯૪૪ સુધી વનસ્પતિ રોગનિદાન નિષ્ણાંત તરીકે કામ કર્યું. ૧૯૪૪થી મેક્સીકોમાં વનસ્પતિ રોગનિદાન અને કૃષિ પ્રોજેક્ટ ઉપર ૧૯૪૪ સુધી વનસ્પતિ રોગનિદાન અને કૃષિ પ્રોજેક્ટ ઉપર સંશોધન કરે છે. સાથે સાથે જે દેશોમાં અન્નની તંગી છે ત્યાં અન્ન ઉત્પાદન વધારવામાં સહાય કરે છે. 'હરિયાળી ક્રાંતિ'નાં બીજ તેઓ 'રોકફેલર ફાઉન્ડેશન'ના સભ્ય તરીકે મેક્સિકો આવ્યા ત્યારથી રોપાયાં. તેમણે પોતાના સહકાર્યકરો સાથે મળી નવી સંકરણ જાતો પેદા કરવાનો મહાપ્રયત્ન આદર્યો. પરિણામે ગેરૂની સામે ટકી શકતી, પાકનો વધારે ઉતાર આપતી, વધારે પ્રોટીનયુક્ત વામન જાતો વિકસી

અત્યારે પંજાબ ઘઉંના ૮૦% વાવેતરમાં આ 'જાદુઈ ઘઉં' છે. આ નવી જાતોના વાવેતરથી ભારત અને પાકિસ્તાનમાં ઘઉં ઉત્પાદન ૪૦% વધ્યું છે. ડૉ. બોરલૉગ મેક્સિકો, ફીલીપાઈન્સ, ભારત અન તુર્કીમાં ચાલતાં 'ઘઉં સંશોધન કેન્દ્રો'ને માર્ગદર્શન આપે છે.

---

# માનવીનાં મૂલ્યો | શ્રી રામજીભાઇ કડિયા

રિક્ષા થોભી. સુનંદા ઉતરી. ભાઈનાં પગથિયે આજ કેટલાં વરસે પગ મૂક્યો. પગથિયાં ચઢતાં એને વીતેલાં વરસ યાદ આવી ગયાં. નાનકડા દેવદત્તને મૂકીને એનો પતિ ગુજરી ગયો ત્યારે સુનંદાને ઉપર આભ અને નીચે ધરતી સિવાય કોઈનો આશરો નહોતો. દેવદત્ત ભણતો થાય ત્યાં લગી ભાઈને ત્યાં રહેવા એણે વિનંતી કરી હતી પણ જગમોહને હૈયું દબાવીને નિરાધાર બહેનને જાકારો આપેલો. અને એની સ્ત્રીએ તો સંભળાવી દીધેલું.

'અમે કયાં એકલદોકલ છીએ. અમે ય વસ્તારી છીએ. અમારાથી બધાંનું શી રીતે પૂરું થાય?'

અને તે દિ'ની સુનંદા નાના દેવદત્તને કાંખમાં ઘાલી ભાઈનાં પગથિયાં ઉતરી ગયેલી. ત્યારની આજ, આટલાં વરસે એ ઉંબરે આવી હતી. જગમોહન જમીને છાપુ વાંચતો ખુરશીમાં પડ્યો હતો. સુનંદા બારણામાં આવી ઊભી....

'ભઈ કુશળ છો ને?'

'ઓહો, સુનંદા! આવ... આવ.' છાપુ બાજુ પર મૂકતાં જગમોહન બોલ્યો.

'બાળકો, ભાભી બધાં ક્યાં ગયાં?' સુનંદાએ બેસતાં પૂછ્યું.

'રસોડામાં હશે, અરે! ઓ સુરભી... અહીં આવો બધા. સુનંદા આવી છે.'

થોડીવારે જગમોહનની સ્ત્રી બહાર આવી. હાથ લૂછીને એ આવી ઊભી. 'આવ્યાં બહેન? આવવાનો કાગળ તો લખવો' તો? દસ પૈસાનો ય દુકાળ પડી ગયો?'

'ના ભાભી, હવે એવો દુકાળ નથી. તમારા પુણ્ય પ્રતાપે હવે એવું નથી પણ એકાએક આવવાનું થયું એટલે ન લખાયું.'

'... તો અમે તો બધાં જમીપરવારીને બેઠાં... ને તમારે...'

'ભાભી મારે જમવું નથી. હું જમીને નીકળી છું'

'તો ય પણ થોડું નાસ્તા જેવુ...? જગમોહને પૂછ્યું.'

'ના ભાઈ, જરાય ભૂખ નથી.'

'તો બોલ, શું સમાચાર છે? દેવદત્ત મઝામાં છે ને?'

'હા, એનાં લગ્ન આવતા પખવાડિયે છે, તે આમંત્રણ આપવા આવી છું. તમારે બધાંએ લગ્નમાં આવવાનું છે ને હાથોહાથ બધુ તમારે ઉકેલવાનું છે.'

'અમારાથી ક્યાંક નીકળાય તેમ નથી...' જગમોહન બોલ્યો.

'કેમ?'

'મને તો બ્લડપ્રેશર રહ્યા કરે છે.'

'અને એમને અહીં એકલા મૂકીને મારાથીય શી રીતે નીકળાય?' જગમોહનની સ્ત્રી બોલી.

'મારાથી તો જવાતું જ નથી ને હમણાંથી ક્યાંય! નોકરી પણ પરાણે કરું છું. હવે પેન્શનમાં બે વરસ ખૂટે છે તે જેમ

તેમ પૂરાં કરી લઉં ત્યાં સુધીમાં તો મોટો મુકેશ ક્યાંક નોકરીએ લાગી જાય તો નિરાંત !'

'તમારી નોકરી તો અહીં જ છે ને ભાઈ ! સુનંદાએ પૂછ્યું.'

'હા, ક્યારના મર્યા છીએ ને ! એ જ મામલતદાર ઑફિસમાં કારકુની.' ...

'પણ ભાઈ, તમે આવા અવસરે મારા આંગણે આવો નહિ એ કેવું લાગે ?'

'પણ સુનંદા, મેં કારણ કહ્યું તો ખરું... અને છોકરાં આવશે.'

સુનંદાથી હવે ન જીરવાયું – 'ભાઈ ન હોય એવી બહેનોને ઓરતા આવે અને તમે બેઠા છો તો ય એકના એક ભાણેજના લગ્ન ટાણે ન આવો એ મારે મન તો આભ તૂટ્યા સમુ છે ! આજકાલ કેટલાય વરસથી તમારા ઘરની એક સાડી સરખી ભાળી નથી; તો ય ખેર ! મને એના બહુ ઓરતા નથી. બહેન જીવે છે કે મરી ગઈ છે એની સંભાળ પણ તમે લીધી છે કદી ? મા કે બાપ જીવતાં હોય તો સુનંદાને દુઃખના દહાડા આકરા ન લાગત; તો ય છેટેથી તમને હેમખેમ ભાળી મારું હૈયુ ઠરે છે !' આંખમાં આંસુનો વેગ રોકતી સુનંદા બોલી.

'સુનંદા, એ બધી વાત ખરી પણ...

'પણ બણ કશું નહિ... તમારે તો આગળ થઈ ભાણેજને પરણાવવો જોઈએ; પણ ભગવાનની દયાથી હું તમારી પાસે એવી આશાથી નથી આવી. તમે ઠાલામાલા આવો તો ય મારે મન બહુ છે.'

'સારુ જોઈશ...'

'જોઈશ નહિ આવવાનું કહો, નહિ તો દેવદત્ત જાતે આવશે.'

'ત્યારે આજે એને અહીં સાથે આવવાનું કહેવું હતું ને !'

'એણે થોડા દિવસ પહેલાં નોકરીનો ચાર્જ લીધો છે એટલે...'

'ક્યાં ?'

'જિલ્લા કલેક્ટર ઑફિસમાં... ડેપ્યુટી કલેક્ટર પદે એની નિમણૂંક થઈ છે.'

'શું કહે છે સુનંદા ? કેટલું ભણ્યો છે દેવદત્ત ?' ખુરશીમાંથી બેઠા થઈ જતાં જગમોહન બોલ્યો.

'આઈ. એ. એસ. ની પરીક્ષા એણે પાસ કરી અને તરત જ ઇન્ટરવ્યુ આવ્યો... હાજર થવાનો ઓર્ડર પણ હમણાં જ આવ્યો.'

'ત્યારે તો હજારેકનો પગાર ખરો ! દેવદત્ત આટલું બધું આગળ વધ્યો એની તો મને ખબરે ય નથી !'

'તમે ખબર લેવા ક્યારે કોશિશ કરી છે ? એ શું ભણે છે, ક્યાં ભણે છે એ સમાચાર પણ તમે કદી પૂછાવ્યા છે ?... દીકરાના ભણતર આડે મેં ઘરબાર ફના કરી દીધાં છે. સુખની છાંયડી જોવા વીસ વીસ વરસ આકરા તડકામાં ગાળ્યા છે. હવે એક માત્ર એના આ અવસરની રાહ જોઉં છું ! એ એની પસંદગીની કન્યા સાથે લગ્ન કરવાનો છે. હું એમાં કશું બોલી નથી. એવા ભણેલાને હું શું સમજાવી શકવાની હતી ?

જગમોહન સુનંદાની વાત સાંભળી નીચું જોઈ ગયો. એને ઊંડે ઊંડે રંજ થયો; પણ બીજી પળે એનું મોં આનંદથી ઊભરાઈ ગયું. 'અરે ! સુરભી ફોઈ માટે ચાપાણી તો લાવ.'

'મૂઈ હું ય બેસી રહી વાતોમાં...' કહેતી જગમોહનની સ્ત્રી ઊઠી.

સુરભી અને બીજાં બાળકો ફોઈ પાસે વીંટળાઈ વળ્યા. એ બધાં સુનંદાને જોઈ રહ્યાં હતાં. એમને ફોઈના સગપણની ક્યાંથી ખબર હોય ?

જો સુનંદા, આ મુકેશથી નાની સુરભી, પછી આ સુરેખા, પછી આ કમલેશ અને આ સૌથી નાની પૂર્ણિમા ... જગમોહને બધાંનું ઓળખાણ કરાવ્યું.

'હું એકલા મુકેશને ઓળખું... એને નાનો જોયેલો.'

'એ હમણાં જ બહાર ગયો... ઇન્ટર સુધી પહોંચ્યા પછી મૂર્ખો આગળ જ વધ્યો જ નહિ... ક્યારનોય રખડે છે. હવે તો ક્યાંક દેવદત્તભાઈ એના સારૂ નોકરીનું ઠેકાણું પાડે તો !' જગમોહન હસતાં હસતાં બોલ્યો.

'બહેન, ચાહ પીઓ એટલામાં અબઘડી જમવાનું બનાવી દઉં છું.' જગમોહનની સ્ત્રી બોલી.

'પણ તું જાણે છે કે દેવદત્ત તો અમારા સાહેબનો ય ઉપરી સાહેબ બન્યો; અરે, જીપકારમાં બેસીને અહીંની વીઝીટે આવશે ત્યારે અમારે બધાએ ઊભા થઈ માન આપવું પડશે.'

'એતો સુનંદા બહેને વાત કરી ત્યારની મને તો ખબર પડી ગઈ હતી.' પત્ની બોલી.

'જુઓ ભાભી, મારે જમવું નથી. હું તો હમણાં સાંજની ગાડીમાં પાછી જવાની છું... ઘેર કામ ઘણું છે.'

'હા... હા જમીને; પણ જમ્યા વગર ન જવાય. આવ્યાં છો તો' ઘણા વરસે ત્યારે એક બે દિવસ પણ નહિ રહો !'

'ના ભાભી, ઘેર કામ મૂકીને આવી છું'

'પણ સુનંદા, આજની રાત તો રોકાઈ જા સુખદુઃખની વાત તો કરીએ.' જગમોહન બોલ્યો.

[ અનુસંધાન પાન ૨ ઉપર ]

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૪–૧–૭૧

સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૨૧-૧-૭૧ [ અંક ૧૦

# પથના દીવા

દાગ હેમરશીલ્ડ

* નવું ડગલું ભરતાં પહેલાં કદી આંખો નીચી ઢાળીને પગ પાસેની જમીન જોશો નહીં. જે દૂરની ક્ષિતિજ ઉપર આંખોને કેન્દ્રિત રાખે છે એમને જ સાચો રસ્તો મળે છે.

* જીવન એને જ પોતાનું સર્વ કાંઈ સમર્પી દે છે, જે એને જીતી લે. હાર સ્વીકારવાથી જે મળે એનો સ્વીકાર ન કરશો. આમ કરવાથી તો તમે ચોરીના માલ ઉપર જ જીવવા માંડશો ને તમારા સ્નાયુઓ નિષ્ક્રિય થઈને મરી જશે.

* પર્વતના શિખરને સ્પર્શ ન કરો ત્યાં સુધી એની ઊંચાઈ માપવાની મથામણમાં પડશો નહીં. શિખરના સ્પર્શ પછી જ ખ્યાલ આવે કે, એ શિખર ખરેખર કેટલું નીચું હતું !

* તમારી પાશવી પ્રવૃત્તિ સાથે તમે રમત કરતા રહો ને તોય તમે પશુ ન બની જાઓ એ શક્ય જ નથી. અસત્ય સાથે રમત આદરશો તો તમે સત્યનો અધિકાર જરૂર ખોવાના. ક્રૂરતાને મન ભરીને તમારા મનમાં ન ખેલવા દેશો, નહીં તો તમે હૃદયની સુકુમારતાને ખોઈ બેસશો. જેને પોતાનો બાગ સ્વચ્છ રાખવો જ હોય એ નકામા ઘાસ માટે અલગ ક્યારાઓ સુરક્ષિત નહીં જ રાખી શકે.

* સ્વતંત્ર અને જવાબદાર બનીને જીવો. બસ એટલા માટે જ તો માનવીનું નિર્માણ થયું છે. આ એકમાત્ર રસ્તો પસંદ કરવાનું જે ચૂકશે એ પછી હંમેશ માટે ભૂલામણીઓમાં અટવાઈ પડશે.

* મૃત્યુના ઝંઝાચક્રમાંથી એકલતાની વેદના હંમેશાં બરફીલા વાયરા લાવ્યા કરશે. તમે જે બીજાની કરી દીધી હશે એ જ વસ્તુઓ તમારી રહેશે. કારણ કે કોઈ એક દિવસ જ્યારે તમારી જિંદગી નિઃશેષ થઈ જશે ત્યારે તમે બીજાને આપેલી વસ્તુ જ તમને બચાવી શકશે.

* આપણા ભાગ્યનો થેલો પસંદ કરવાની છૂટ આપણને નથી. પણ એ ભાગ્યથેલામાં આપણે શું ભરવું એ તો આપણા હાથમાં છે જ. જેને અદ્ભુત અનુભવ જોઈતો હોય તેને તે પોતાના સાહસના પ્રમાણમાં જ પ્રાપ્ત થશે. ને જે બલિદાન બની જવા માગે છે એ પોતાના હૃદયની શુદ્ધના પ્રમાણમાં બલિ બનતો જ જવાનો.

(અનુ: પ્રકાશ ગજ્જર)

## કવિતા ?

શ્રી ચંદુભાઈ એ. પટેલ : અધ્યાપક, સાયન્સ કૉલેજ-કડી.

એક દિન હું વનોની વનરાજિમાં જઈ પહોંચ્યો.
તારી શોધ કરી.
શર્વરી શાંત હતી.
વૃક્ષો ધીમી વાયુલહરીઓથી આછેરાં ઝૂમતાં હતાં.
ચંદ્રની શીતળ ચાંદની વિસ્તરી હતી.
વિતરસ્તા કલ કલ નાદે વહેતી હતી.
નૌકા દૂર દૂર સરતી હતી.
નાખુદાનું સંગીત ગૂંજતું હતું.
દૂર ઝાંખી ગિરિમાળા દેખાતી હતી.
રજનીએ જાણે સુંદર સજનીના સિંગાર સજ્યા હતા.
પ્રકૃતિ મરક મરક હસતી હતી.
તું રમતી હતી.
મેં તને જોઈ –
હેતાળ હૈયે ભાવોની ભરતી આવી.
મેં તને હૈયે ચાંપી. અહર્નિશ તારું રટણ કર્યું.
એક દિન તું પ્રગટી –
પ્રકાશ રેલાવતી, ઉષ્માભરી, ભાવોભરી, નર્તનભરી,
અલંકારોથી વિભૂષિત, રૂપમાધુર્યને વેરતી –
કોઈ નવીન છંદમાં જ.
વિશ્વને ઇશારો કરતા
કર્યો ?
નશ્વરતાની સામે માનવીની માનવતાનો ધર્મ – સાહચર્યનો.
પ્રેમનાં વારિથી સૂકી ધરતીને સિંચવાનો
શુષ્ક ધરણી પર મમતાના મોંઘેરા મોલ લહેરાવવાનો.
કલ્યાણયાત્રી બનવાનો
બંધુતાને વંદવાનો
વંદનથી વિશ્વની વિરાટતાને પામવાનો
પૃથ્વીને નંદનવન બનાવવાનો.
તેં ગુંજારવ કર્યો – શૂન્યમાં
પરંતુ નિરવ, નિઃશબ્દ.
હું રચયિતા, તું રચના
હું ભાજક, તું ભાજ્ય, ઉત્તર – શૂન્ય
શેષ – શીર્ષક
કયું ?......... કવિતા ?

**આપનો ફાળો મોકલી આપશો.**

## શુભ આશિષનો મેળાવડો

સુરજ તા. કડીના અગ્રણી શ્રી અમથાભાઈ પટેલના પૌત્ર શ્રી પ્રહલાદભાઈ પુરૂષોતમદાસ પટેલ બી. એસ. સી. ની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ થઈ કેમીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરવા અમેરીકા જતા હોઈ તેમને શુભ આશિષ આપવાનો મેળાવડો તા. ૨૧-૧૨-૭૦ના રોજ સુરજ મુકામે શ્રી પુરૂષોતમદાસ પટેલના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તેમના સગા સબંધીઓ તથા ગામના ભાઈ બહેનો સારી સંખ્યામાં એકઠા થયા હતા અને આશીષ આપ્યા હતા તેમનાં સૌ. પત્ની શ્રી, ભાભી શ્રી અને માતાશ્રીએ કંકુ અક્ષત કરી શુભં વાંચ્છ્યું હતું.

એમના દાદાજીનો આનંદ માતો નહોતો એમના પિતા અને દાદાજીએ સૌનું સ્વાગત કર્યું હતું.

સુરજ ગામમાંથી અમેરિકા અભ્યાસ કરવા જનાર શ્રી પ્રહલાદભાઈ ત્રીજા છે.

શ્રી પ્રહલાદભાઈ પટેલ ૧૯૬૨ થી ૬૬ સુધી સર્વ વિદ્યાલય-કડીના વિદ્યાર્થી હતા. ખોખો ટીમના કેપ્ટન હતા. અભ્યાસ તેમજ રમતમાં આગળ પડતા હતા. શિસ્ત અને ચારિત્ર્ય એમનું આદરણી હતું.




# વર્ષમાં એક દિવસ મળીએ

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

સર્વ વિદ્યાલય કડીમાં શરૂ થયું ત્યારે એટલી કલ્પના હતી કે સમાજના કુરિવાજો અને અંધ માન્યતાઓ શિક્ષણ રૂપી દીપના તેજથી આપણે દૂર કરી શકીશું.

એ વખતે સમાજમાં ઊંચનીચના ભેદ હતા. કુલીન અને અકુલીન એવા વર્ગ હતા. કુલીનને કન્યા આપવામાં મોટાઈ માનવામાં આવતી હતી. કુલીનો મોટી રકમની પૈઠણ માગતા અને તે જેટલી વધારે લે તેમાં તેમનું ગૌરવ વધતું એમને લાગતું. પૈઠણની રકમ એ કુલીનતાનો માપદંડ હતો. આમ છતાં કન્યાઓ – કેટલીક – મોટાભાગની સુખી થતી નહોતી. કુલીનના ઘરમાં બે ત્રણ સ્ત્રીઓ ના હોય તો એની કુલીનતા લાજતી.

બાળલગ્ન સામાન્ય હતાં. મહિના બે મહિના અને તેથી એ નાનાં બાળકોને ધુમાડીયાં કરી નાંખવામાં આવતાં. મોટી ઉંમરનાં લગ્ન સ્વપ્નવત હતાં. આને લઇ કજોડાં થતાં અને સંસાર દુઃખમય બનતો. પરિણામે ફારગતી છૂટાછેડામાં નાનમ જણાતી નહોતી.

મરણ પછીનાં ભોજન–બારમાં પ્રચલિત હતાં. માબાપનું બારમુ નહિ કરનાર ભાગ્યે જ નીકળે. ઘર ખેતર વેચીને કે દેવું કરીને બારમુ કરી ઘરની ઇજ્જત ટકાવવાનું સામાન્ય હતું.

અંધશ્રદ્ધા તો અઢળક. ગામમાં વર્ષમાં બે ચાર તો ડાકલાં હોય જ. ભુવાની બોલબાલા હતી. વળગાડ ઉતારનારા સર્વ-શ્રેષ્ઠ વૈદ ભૂવા ગણાતા. બાધા આખડીથી તાવતળીયો મટે એવી માન્યતા.

આમાંનું હવે ઓછું દેખાય છે. નહિવત્ દેખાય છે. આપણા બાળકોને આ વાતો હાસ્યપદ લાગે છે. આવું હોય જ નહિ એવું એમને લાગે છે.

પચાસ વર્ષમાં ભારે પરિવર્તન આવ્યું છે. બાળલગ્નો વિસરાઇ ગયાં છે. હવે એનો કોઇ વિચાર કરતું નથી. બારમાં હજુ કોકકોક થાય છે પણ હવે એ ભૂલાતાં જાય છે. ભુવા અને ડાકલા હવે દેખાતાં નથી. હજુ કોકકોકવાર કોક ઠેકાણે જોવા મળે છે પણ સમાજના મોટા સમુદાયમાં ભૂવા અને ડાકલાં પ્રત્યે વિશ્વાસ રહ્યો નથી. બાધા અને અંધશ્રદ્ધા હજુ છે પણ પ્રથમ જેવું નથી.

આ પરિવર્તન લાવવા સામાજિક સુધારણા પરિષદો ભરી ખૂબ તીખાં પ્રવચનો થયાં. જૂનવાણી રિવાજોની કડવી ટેકડી-ઓ કરી પરંતુ એની અસર સમાજમાં નહિવત થઈ. પ્રવચનો કરનારા જ એમના ઘેર એજ રિવાજોને તાબે થતા.

ત્યારે લાગ્યું કે આ રસ્તે સમાજમાં પરિવર્તન લાવી નહિ શકાય.

સામાજિક સુધારા લાવવા અને જૂના નુકશાન કર્તા રિવાજોને દફનાવવા જ્ઞાનદીપ પ્રગટાવવાની જરૂર છગનભા વગેરેને લાગી અને કડીમાં સર્વ વિદ્યાલયનો પાયો નાખ્યો. શરૂમાં માત્ર વિદ્યાર્થી આશ્રમ ભાડાના મકાનમાં શરૂ કર્યો.

પણ એ સમયે સમાજને શિક્ષણ પ્રત્યે રુચી જાગી નહોતી. ગામડે ગામડે ફરી વિદ્યાર્થીઓ ઉઘરાવવા પડતા અને વિદ્યાર્થી આશ્રમ નભાવવા ફંડ પણ ભેગુ કરવું પડતું. છોકરાને ભણવા મુકવાની તમન્ના ખેડૂત વર્ગમાં નહોતી. એ તમન્ના જગાવવી પડી. છોકરાને કડીમાં ભણવા મુકવા સમજાવવા પડતા. એ માટે પ્રચાર કરવો પડતો. છગનભા, ધનશા ભગત અને માધવજીની ત્રિપુટી ગામડે ગામડે ફરતી.

એમના પરિશ્રમને લઈ કડીની સંસ્થા– સર્વ વિદ્યાલય વિકસ્યું. ઘણા છોકરા એમાં ભણ્યા. એ પાછા એમના વતન ગામડામાં ગયા. એમણે શિક્ષણનું કામ ઉપાડી લીધું. પરિણામે એકલા મહેસાણા જીલ્લામાં અઢીસો જેટલી હાઇસ્કૂલો થઇ. હવે તો કોલેજો પણ ઠીક ઠીક થઈ છે.

વિદ્યાર્થીઓ ભણ્યા અને જુદા જુદા ધંધામાં પડ્યા. નાની હાટડીથી શરૂઆત કરી મોટા વેપારી બન્યા. અમદાવાદમાં ઘર વસાવ્યાં એમ આર્થિક ક્રાંતિ થઇ. પચાસ વર્ષમાં આર્થિક ક્ષેત્રે ખેડૂતના દીકરાઓએ ઠીકઠીક પ્રગતિ કરી.

શિક્ષણનો દીપ શરૂ થતાં અંધારું નાશ થવા પામ્યું. જૂના રિવાજના જાળાં વિખરાવવા માંડ્યા પરિણામે બાળલગ્નો વગેરે કુરિવાજો ઓછા થવા માંડયા. અને આજે તો બાળ-લગ્ન થતાં હતાં એવી વાત બાળકોને હાસ્યાસ્પદ લાગે છે.

આમ સામાજિક અને આર્થિક ક્રાંતિના મૂળ કડી સર્વ વિદ્યાલયે નાંખ્યાં અને એ વિકસ્યાં. સમાજમાં ખેડૂતનું – ખેડૂતના દિકરાનું સ્થાન માન્ય થયું પણ હજુ ઘણું બાકી છે. ખેડૂત સમાજના શિક્ષિતવર્ગ પાસે સમાજ ઘણી આશા રાખે છે. એમણે હજુ ઘણું કરવાનું બાકી છે.

સામાજિક પરિષદો દ્વારા નવા વિચારોનો પ્રચાર થતો. હવે પરિષદો આકર્ષક રહી નથી. સામાજિક પરિષદો અને તેમાં એ કોમી પરિષદોનું સ્થાન હવે રહ્યું નથી.

આમ છતાં શિક્ષિતવર્ગ વર્ષમાં એકાદ બે દિવસ મળે સમાજની પ્રગતિના વિચારોની આપ લે કરે તે ખૂબ જરૂરી છે.

કુરિવાજો ઓછા થયા. બાળલગ્ન જેવા કુરિવાજો અદ્રશ્ય થયા છતાં એનું સ્થાન બીજા કુરિવાજોએ લીધું નથી ? સમાજ પરિવર્તન માગે છે : સામાજિક, આર્થિક તેમજ રાજકીય ક્ષેત્રે. શિક્ષિત જુવાન વર્ગ એ પ્રત્યે ઉદાસીન રહે પાલવે નહિ.

સમાજ પ્રત્યે એણે એની ફરજ બજાવવાની છે. સમાજમાં હવે કાંઈપણ કરવાપણું નથી એમ ભાગ્યે જ કોઈ માને.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પૂણ્યભૂમિ – સર્વ વિદ્યાલય કેમ્પસમાં આપણી પ્રગતિનાં મૂળ પડેલાં છે એ સિંચન માગે છે. આપણા ત્યાં વર્ષે એક દિવસ પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સમગ્ર સભામાં હાજરી આપવા નિમિત્તે એકઠા થઈએ. રાત ત્યાં રહીએ અને સમાજમાં કરવા જેવાં કામોનો વિચાર કરીએ અને ઓછુંવત્તુ પ્રાપ્ત કરવા – સિદ્ધ કરવા પ્રયાસ કરીએ.

મારો મનોરથ છે. ભલે એ સ્વપ્નવત હોય પણ તે શિક્ષિત વર્ગ સમક્ષ મૂકવાની મારી ફરજ સમજું છું.

ગામેગામ કેળવણીની નાનીમોટી સંસ્થાઓ તો છે. એમાં સારું કામ પણ થાય છે પણ કડીના સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં ગુજરાતભરના શિક્ષિતો ભેગા થાય. શિક્ષિત યુવાનો સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભ્યો બને. સમાજના પરિવર્તનમાં – સારા પરિવર્તનમાં માનનારા સર્વ કોઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભ્યો બને. શિક્ષણનો વિચાર કરે. એમાં જરૂરી પરિવર્તનનો વિચાર કરે. સમાજમાં ક્રાંતિ લાવવી હશે તો શિક્ષણક્ષેત્રે ક્રાંતિ લાવવી પડશે. એ શિક્ષણ પ્રાપ્ત કરી શિક્ષિત વર્ગ સમાજલક્ષી–રાષ્ટ્રલક્ષી બને તેમ કરવું પડશે.

એમાંથી બીજી જરૂરી ક્રાંતિ જન્મશે. એમાથી સામાજિક, આર્થિક તેમજ રાજકીય ક્રાંતિ જન્મશે એટલું જ નહિ પણ સુદૃઢ બનશે. આ ગોળ અને તે ગોળની ભાવના ઓછી થશે. ઊંચાનીચાના ભેદ ટળશે. એકબીજાનો પરિચય થશે. મિત્રતા બંધાશે.

સૌ ભેગા મળે, મિત્રો તરીકે મળે, સબંધો કેળવે તો એમાથી ઘણું ઘણું જન્મશે. ૧૧–૧–૭૧

# મિલન સમારંભ – નારદીપુર

**નારદીપુર** તા. કલોલના શ્રી ક્રાંતિલાલ સોમદાસ પટેલ ( બી. એસ.સી. બી. એડ. ) કેમીકલ એન્જીનીયરીંગના અભ્યાસ માટે અમેરિકા જતા હોઈ નારદીપુર ગામના તેમજ આજુબાજુના ગામોના ભાઈ બહેનો તથા તેમના સ્નેહીસબંધીઓએ તેમને શુભેચ્છા પાઠવવા નારદીપુર રામજી મંદિરમાં તા. ૪–૧–૭૧ સોમવારના રોજ મિલન સમારંભ યોજ્યો હતો.

આ મિલન સમારંભના અતિથિ વિશેષ કલોલ સાયન્સ એન્ડ આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રામભાઈ પટેલ હતા અને મિલનના પ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ પટેલ હતા.

આ મિલન સમારંભમાં શ્રી ભક્તિભાઈ પટેલ, શ્રી હરિભાઈ પટેલ, શ્રી માણેકલાલ પટેલ, શ્રી નટવરલાલ પંડિત, શ્રી રામભાઈ મોદી, શ્રી લાલભાઈ પટેલ ( સૈજ ) તથા શ્રી સોમાભાઈ વગેરેએ શુભ વાંચ્છતાં પ્રવચનો કર્યાં હતા.

શ્રી ક્રાંતિભાઈ પટેલને એમની વિધવા માતાએ ઉછેરી મોટા કર્યા હતા. એમના કાકાના દીકરાભાઈ શ્રી ગોપાળદાસ તથા જીવણદાસ પટેલનો શ્રી ક્રાંતિભાઈ પટેલના અભ્યાસ પ્રગતિમાં મોટો ફાળો અને હુંફ હતી અને પરદેશ અભ્યાસ કરવા જવામાં પણ તેમની પ્રેરણા અને હુંફ છે.

શ્રી ક્રાંતિભાઈ પટેલને ચાર બાળકો છે, પત્ની અને વિધવા માતા છે. એમનાં પત્નીએ એમને શ્રીફળ અને કંકુ, ચોખાથી પ્રેમભરી શુભ વાંચ્છના ઈચ્છી હતી. એમનાં બાળકો હરખાઈ રહ્યાં હતાં. વિધવા માતાએ એકના એક દિકરાને અમેરિકા અભ્યાસ કરવા જવાની રજા આપવામાં ભારે મનોબળ અને હિંમત દાખવી હતી

શુભેચ્છા સહ —

ફોન નં. ઓફીસ : ૩૨૦ / રહેઠાણ : ૪૨૯ / ,, : ૫૩૯

ડી. માધવલાલ એન્ડ કંપની

લોખંડના જથ્થાબંધ વહેપારી.

રેલ્વે ગોડાઉન મુ. મહેસાણા. (ઉ. ગુ.)

# વિજ્ઞાન અને વિજ્ઞાની

સંપાદક : ડૉ. દેવચંદભાઈ યોગી : સાયન્સ કૉલેજ – કડી

## કસનળી બાળક

### ( ટેસ્ટટ્યુબ બેબી )

માનવનું સર્જન એ કુદરતની મોટામાં મોટી અજાયબી છે. નાનો બાળો ચાલતો થાય, શાળામાં જાય, કિશોર બને. મૂછ દોરો ફૂટતાં યુવાનીનો અજંપો થાય અને તે યુવક બની જાય નાની બાળકી, ખેલતીકૂદતી વયમાં વધવા માંડે ઉંમરની સાથે લજ્જા અને સભાનતા વધવા માંડે. શારીરિક અને માનસિક વિકાસ થતાં યુવતીના સ્વાંગમાં આવી જાય. આવાં યુવક–યુવતીઓની જોડી બને, પોતાનાં સ્વપ્નાંની દુનિયા રચે. એ સ્વપ્નમાં એક સ્વપ્ન હોય છે. સંતાનપ્રાપ્તિનું. લગ્ન થાય, પાંચેક વર્ષનો ગાળો વહી જાય છતાં બાળકની પધરામણી ન થાય તો ! જિંદગી નીરસ બનતી જાય. આ માટે સ્ત્રી અથવા પુરૂષ ગમે તે જવાબદાર હોઈ શકે. પણ સ્ત્રી વધારે સંવેદનશીલ હોય છે. તેને પોતાનો માતૃત્વનો અધિકાર છીનવાઈ જતો હોય તેવી લાગણી થાય છે.

વિજ્ઞાનીઓએ આ પડકાર ઝીલી લીધો. માતાના ગર્ભાશયમાં જ બાળક વિકસી શકે એ માન્યતા બદલવા પ્રયત્નો શરૂ થયા.

નર–માદાના સમાગમથી ગર્ભધારણ થાય. ગર્ભનો વિકાસ થતાં બાળક થાય. આ માટે જવાબદાર છે નરજન્યુ અને માદાજન્યુ. નરજન્યુને શુક્રકોષ કહેવામાં આવે છે જ્યારે માદા જન્યુને અંડકોષ. શુક્રકોષ અંડકોષને ફલિતકરે. આ ફલિતાંડ એજ ભાવિ સંતાન. ફલિતાંડનું વિભાજન શરૂ થાય. તેમાંથી દેહનું સર્જન થાય.

ગર્ભાશયની બહાર બાળક પેદા કરવા માટે શુક્રકોષ અને અંડકોષની જરૂર પડે છે. શુક્રકોષ મેળવવા અઘરા નથી. નરનું જનન અવયવ ઉત્તેજિત થતાં અસંખ્ય શુક્રકોષ મેળવી શકાય. વળી ઓછા ઉષ્ણતામાને લાંબા સમય સુધી તેમને સંરક્ષી શકાય. શુક્રકોષો સ્ત્રીની જનનનલિકામાં પસાર થતાં પુખ્ત થાય છે. પછી જ તેમનામાં ફલન કરવાની શક્તિ આવે છે. આ ક્રિયા યોગ્ય સંવર્ધન માધ્યમ દ્વારા ગર્ભાશયની બહાર પણ કરી શકાય છે.

અંડકોષો ભેગા કરવા એ એક વિકટ પ્રશ્ન છે. શરૂઆતમાં વિજ્ઞાનીઓએ કેટલીક રોગી અને સ્વેચ્છાએ ઓપરેશન કરાવતી સ્ત્રીઓમાંથી થોડા અંડકોષો મેળવ્યા. અને પ્રયોગો કર્યા. આ પ્રયોગોનો હેવાલ સ્ટેપ્ટો, બાવીસ્ટર અને એડવર્ડ નામના વૈજ્ઞાનિકોએ આપ્યો. વિજ્ઞાન જગત ખળભળી ઉઠયું. છાપાંએ કાગનો વાઘ કર્યો. સામાન્ય જનતાએ માની લીધું કે વિજ્ઞાનીઓએ ગર્ભાશયની બહાર કસનળીમાં બાળક પેદા કર્યું. આ વિષયની આસપાસ અનેક પરિકલ્પનાઓ વહેતી થઇ. ‘ કસનળી બાળક ’, ‘ રાસાયણિક બાળક ’, ‘ કુમારિકા પ્રજનન ’, ‘ કાયાકલ્પ ’ – આવી અનેક રસપ્રદ વાતોના ગપારા છૂટવા માંડયા. આ ત્રણ વૈજ્ઞાનિકોના પ્રયોગો તો એ દિશા તરફનું માત્ર પ્રથમ ચરણ હતું.

આવા પ્રયોગો સૌથી પ્રથમ નિમ્નકોટિના પ્રાણીઓમાં કરવામાં આવ્યા. એ અંગે કેટલીક પદ્ધતિઓ વિકસાવવામાં આવી. આ પ્રયોગો પ્રથમ ઉંદર, બકરી, ઘેટાં, સસલાં ગાય અને ડુક્કર ઉપર કરવામાં આવ્યા. સસલાના અફલિત અંડકોષને, ગર્ભાશયની બહાર કાઢવામાં આવ્યો. શુક્રકોષથી તેને ફલિત કર્યો અને આ ફલિતાંડને પુનઃ તેની માતાના ગર્ભાશયમાં મૂકવાથી તેમાંથી બચ્ચું પેદા થઈ શકયું. ઘેટીના અંડકોષો સસલીના ગર્ભાશયમાં મૂકવામાં આવે તો લાંબા સમય સુધી ફલિત થવાની શક્તિ ધરાવે છે. તાજેતરમાં આવો એક પ્રયોગ સફળ થયો છે. બ્રિટનમાં ઘેટીના અંડકોષો એકઠા કરી તેમને સસલાંમાં મૂકવામાં આવ્યા. આ સસલાંને વિમાન મારફતે દક્ષિણ અમેરિકા મોકલવામાં આવ્યાં. આ સસલાંમાંથી અંડકોષોને ફરીથી ભેગા કરી, બહાર કાઢી, આશ્રયદાતા ઘેટાંમાં મૂકવામાં આવ્યા અને તેમાંથી ગાડરાં (બચ્ચાં) પેદા થયાં.

હવે વિના ઓપરેશને સ્ત્રીના ગર્ભાશયના આફ્રીઅન ફોલિકલમાંથી અંડકોષો મેળવવાની રીત એડવર્ડ અને સ્ટેપ્ટોએ શોધી કાઢી છે. તેમણે આ માટે એક સાધન બનાવ્યું છે તેને લેપારોસ્કોપ કહેવામાં આવે છે. અંડકોષોને બહાર કાઢતા પહેલાં તેની પરિપક્વતા વિષે ખાતરી કરી લેવામાં આવે છે. સ્ત્રીને પહેલાં કેટલીક જાતના અંતઃસ્રાવોનાં ઈન્જેક્શન આપવામાં આવે છે. આ અંતઃસ્રાવો સ્ત્રીઓના ઋતુચક્ર અને અંડકોષ પરિપક્વતાનું નિયમન કરે છે.

એડવર્ડ અને સ્ટેપ્ટો ગર્ભની અષ્ટકોષી અવસ્થા સુધી જ સફળ થયા છે. તેમણે સ્ત્રી–અંડકોષને ‘હીપેરીન’ના દ્રાવણ અને સંવર્ધન માધ્યમમાં મૂકયાં. પરિપક્વ અંડકોષોને બીજા સંવર્ધન માધ્યમમાં મૂકવામા આવે છે. આ દ્રાવણને શુક્રકોષ રાખેલા બીજા દ્રાવણમાં ભેળવવામાં આવે છે. અહીં શુક્રકોષ અંડકોષમાં પ્રવેશે છે અને તેને પ્રવેશતા જોઈ શકાય છે. આ ફલિતાંડ નું વિભાજન શરૂ થાય છે. તેમાંથી બે, ચાર અને અષ્ટકોષી ગર્ભાવસ્થા સુધી વિકાસ થાય છે. આ બાળગર્ભનું સ્ત્રીના ગર્ભાશયમાં પુનઃસ્થાપન કરવામાં આવે છે.

આ બાળગર્ભ સ્ત્રીના ગર્ભાશયમાં જ પોષણ મેળવી વિકાસ પામે છે. અને અંતે બાળક રૂપે જન્મે છે.

આ છે કસનળી બાળકની રહસ્ય કથા !

# હવા ખાવાના સ્થળે પહોંચ્યાં પહેલાં | -રૉય

'તમે શું ખાઓ ?' એક મુરબ્બી સ્નેહીએ મને વિચિત્ર જેવો સવાલ કર્યો. હું ઘડીભર એમને બાઘાની જેમ તાકી રહ્યો... આ તે કંઈ સવાલ કહેવાય! શું ખાઇએ છીએ; તે વળી બધા ખાય છે એ. –ખોરાક! મનમાં ઘણી ગડમથલ અનુભવી.

'કેમ આમ પૂછ્યું! કંઇ સમજાયું નહીં મુરબ્બી ?'

'ના, ના... કો'ને તમે શું ખાઓ ?' એમણે ફરી એનું એ જ પૂછ્યું એટલે હું મૂંઝવણમાં મૂકાયો... મુરબ્બીનો પૂછવા પાછળ શું આશય હશે ?...

'તમે હવા કેવીક ખાઓ ?' વિચિત્ર સવાલને અનુસરતો બીજો વિચિત્ર......

'કેમ વળી, હવા તો ખાઇએ જ છીએને...' મેં ખડ-ખડાટ હસવામાં વાતને હસી કાઢતા કહ્યું. એ મને ગંભીર થઇ જોઇ રહ્યા. મારા શરીરનું આપાદમસ્તક અવલોકન કરી મારી પીઠ ઉપર વહાલથી ધબ્બો મારતા હસીને કહ્યું,

'એમ નહીં. હવા તો સૌ ખાય છે જ ને. પણ હું જે હવાની વાત કહું છું તે અસલી હવા સૂકી હવા... રાજ્જા, એ છે પર્વતીય પ્રદેશની આરોગ્યદાયક, લાભપ્રદ હવા; શરીર સુદૃઢ કરે એવી મજબૂત હવા... સમજ્યા...'

હું સમજ્યો હસ્યો.

'ત્યારે એમ કહોને કે આબુ, માથેરાન, મહાબળેશ્વરની હવા ! હવાફેરની વાત કરો છો નહીં...'

'હા રાજ્જા, એ જ. ગમે એવો સરસ ખોરાક લો પણ સારી હવા ન લો તો બધું નકામું. આ તો સ્થાનફેર, હવા-ફેર, સ્વાસ્થ્યસુધાર, તંદુરસ્ત મુક્ત હવા સાથે ફરવાનું ને મોજમજા...'

મને એમની વાત સાચી લાગી. તંદુરસ્તી માટે માણસે બધું જ કરી છૂટવું જોઇએ. 'એક તંદુરસ્તી, હજાર નિયામત', 'પહેલું સુખ તે જાતે નર્યાં' 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' 'Sound mind in a sound body' – આમ ઘણું બધું કહેવત રૂપે પડ્યું છે. એક મિત્રે પણ કહેલું... અરેરે, તારું માયકાંગલું શરીર જોઇને તને લગારે આ તારા એકમાત્ર શરીરની દયા નથી આવતી ? જો મારું શરીર, છેને અલમસ્ત... ... ('પાડા' જેવું... કહેવા જતો હતો પણ મેં જ એને અટ-કાવ્યો. નહીં તો ક્યાંય પહોંચી...) તું યાર ચિન્તા કરવાનું છોડ. મસ્તીમાં રહે. દુનિયા બધી જહન્નમમાં જાય પણ આપણે તો નિજાનંદે મસ્તીમાં રહેવું. ચિન્તાથી ચતુરાઈ ઘટે... (મને એ આવડે છે. એમ કહીને ત્યાં જ અટકાવ્યો. નહીં તો...)

મને મુરબ્બીની અને મારા મિત્રની વાત ઉપરથી મારી શારીરિક અસમતુલાનો ખ્યાલ આવ્યો. આખાય વર્ષ દરમ્યાન ચિન્તારહિત દિવસ ભાગ્યે જ ડોકાય છે. વિચારોમાં વિંટળાયેલો હું સતત મોંઘવારી, આર્થિક વિષમતા, મોભો–મર્યાદાનો ખ્યાલ, ઘરના બૈરાંછોકરાંનો કકળાટ, કંકાસ; અસહિષ્ણુતાની હદ વટાવી જાય એટલી જવાબદારી, જરૂરિયાતો... કમરતોડ સામાજિક વ્યવહાર, રીતરિવાજો...... ક્યાં પહોંચવું ? ક્યાં, શું કરવું એ જ સમજાતું નથી... આને લીધે જ તંદુરસ્તી ઉશે-ટાતી જાય છે. દુનિયામાં મોટાભાગની વસ્તી આ બધા રોગોનો ભોગ બની સારી તંદુરસ્તીથી વંચિત છે. હવે મારી આંખ ઉઘડી કે ચિન્તારહિત થવા outing, સ્થાનફેરની અને હવા-ફેરની જરૂર છે. હવાફેર એ તો શિયાળાનું વસાણું છે.

વિચાર કર્યો કે આ વખતે ગ્રીષ્મની રજાઓમાં ગમે એમ થાય પણ કોઈ હવાખાવાના સ્થળની મુલાકાત તો લઇએ જ. વિચારને મનમાં ગોઠવ્યો. દૃઢાવ્યો. દૃઢાવ્યા સિવાય વિચાર અસ્થિર બની શિથિલતા ધારણ કરતો જાય છે. ઘરમાં પણ જણાવી દીધું એટલે વિચારનો પાયો મજબૂત. દર વખતે ઉના-ળામાં હવાખાના સ્થળોની મુલાકાત લેનાર એક બે સજ્જનોની સાથે સંપર્ક સાધ્યો. એમની ઉપયોગી સલાહોને ગાંઠે બાંધી. એક સજ્જને તો ઉમાશંકરની કવિતાની પંક્તિઓ ગાઇ ઉત્સાહ પ્રેર્યો.

'સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ ?'

...યાર, ગમે તેમ પણ આ વખતે ઝુકાવો. બસ જથ્થાબંધ ફરી આવો. પણ જુઓ, અત્યારથી જ ત્યાં રહેવા માટે સ્થળ 'બુક' કરાવો. નહીં તો પછી ત્યાં પહોંચીને ધોબીના કૂતરા જેવી દશા થશે હા ! અને જુઓ, સાથે ગરમ કપડાં રાખજો. સવાર–સાંજ ઠંડીનો ચમકારો ગજબનો ! આ બધાં હવાખા-વાનાં સ્થળો સઘળાં મોંઘાં. રહેવાનું, ખાવાપીવાનું, ફરવાનું ...બધું જ મોંઘું એટલે પૈસા ય જોરદાર જોઇશે. એ તો એ બધી ચિન્તા મૂકીને જ જઇએ તો જવાય. શું મહેરબાન ! પૈસા તો કૂતરાં ય...... બાર મહિનામાં જે ગણો તે આ એક મહિનો જ જીવવવાનું. જે આનંદ મળે એ એકઠો કરી લો. બાકી જિન્દગી આખી ચકલાં ચૂંથવામાં જ વીતે છે ને...

બધી તૈયારીઓ કરી યાહોમ... કરી મૂકાવ્યું. હવાફેર કરવા હવાખાવાના સ્થળે જવાની વાત વીજળીવેગે પ્રસરી ગઈ હતી. હું માંદો તો નથી પડી ગયો ને !... એની પણ કેટલાંક ખાત્રી કરી ગયા. વિદાયવેળાએ જાણે 'જીવ્યા મર્યાના છેલ્લા જુહાર' કરતા હોઇએ એવું દૃશ્ય ખડું થયું. 'આવજો'

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

## શ્રી પ્રાણજીવનદાસ દેસાઈ (સંત)નું

## દુ:ખદ અવસાન

પાટડીના વતની અને હાલ અમદાવાદમાં વસવાટ કરી રહેલા શ્રી પ્રાણજીવનદાસ વૃજલાલ દેસાઈ (સંત) નું દુઃખદ અવસાન થયું. એક આજીવન લોકસેવક અને ભાવનાશાળી સજ્જન ચાલ્યા ગયા. તેમના અવસાનથી સમાજને અને તેમના કુટુંબને ભારે ખોટ પડી છે સદ્‌ગતના કુટુંબ પ્રત્યે હાર્દિક દિલસોજી વ્યકત કરીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાન્તિ આપે

આ સંસ્થાની સ્થાપનાનો સમય ૧૯૧૯–૨૦નો રાષ્ટ્રની નવજાગૃતિનો હતો. તે સમયે કેટલાક યુવાનોનું જુથ દેશસેવા અને સમાજકલ્યાણની ભાવનાથી પ્રેરાઈને કામ કરતું હતું અને નાની મોટી ઝુંબેશો, પરિષદ–સભાઓ દ્વારા ચલાવતું હતું. આ જુથના શ્રી સંત એક આગળ પડતા ભાવનાથી સભર થનગનતા યુવાન હતા. કડીની આ સંસ્થાના સ્થાપના કાળના તેઓ એક અગ્રણી હતા અને વર્ષો સુધી-બે દાયકાઓ સુધી તેના સંચાલનમાં વ્યવસ્થાપક મંડળમાં રહી ઉત્સાહ પ્રેરતો ભાગ ભજવ્યો હતો.

તેઓએ સ્વાતંત્ર્ય લડતોમાં ભાગ લીધો હતો અને જેલવાસ પણ ભોગવ્યો હતો. ૧૯૩૦ ની સત્યાગ્રહના ખારાઘોડાના અગરો ઉપરની ચઢાઈઓના તેઓ એક અગ્રણી હતા. તે સમયના તેઓ એક જવાંમર્દ અને બહાદુર સેનાની હતા.

પ્રજામાં ખમીર પ્રગટે તેવી પ્રવૃત્તિઓ કરતા. પાટડીમાં વ્યાયામશાળા અખાડાની પ્રવૃત્તિ શરૂ કરી વિદ્યાર્થીઓ અને યુવાનોમાં જુસ્સો પ્રગટાવવા સર્વ વિદ્યાલયમાંથી તે વખતના વ્યાયામ પ્રવૃત્તિના એક આગેવાન સંચાલક શ્રી ગોવિંદલાલ દેસાઈને પોતાની જવાબદારી ઉપર બોલાવી પાટડીમાં વ્યાયામ અને અખાડાની રાષ્ટ્રીય પ્રવૃત્તિ શરૂ કરાવેલી.

તેઓ એક સારા વિચારક પણ હતા અને તેમને આધ્યાત્મિક બાબતોમાં સારો રસ અને અભ્યાસ હતો. વિચારને જીવનમાં ઉતારવા તેઓ પ્રયત્નશીલ રહેતા છેલ્લાં કેટલાક વર્ષથી તબિયતને કારણે બહારની પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લીધી હતી. પરંતુ જ્યારે જ્યારે તેમને મળવાનું થતું ત્યારે તેઓ કડી સંસ્થા પ્રત્યેની તેમની આત્મીયતા આનંદપૂર્વક પ્રગટ કરતા અને તેની પ્રગતિથી સંતોષ અનુભવતા

# સંસ્થા સમાચાર

તા. ૨૬–૧૨–૭૦ ના રોજ આપણી સાયન્સ કૉલેજ–કડી-નો છઠ્ઠો વાર્ષિક દિન ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી રમણભાઈ ભટ્ટ (રીડર ઈન એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી) પધાર્યા હતા તેમણે વિદ્યાર્થી ભાઈ-બહેનો સમક્ષ પ્રેરક પ્રવચન કર્યું અને તેઓના હસ્તે કૉલેજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યાં.

આચાર્યશ્રી નરોત્તમભાઈએ મહેમાનશ્રીનું સ્વાગત કરી કૉલેજનો વાર્ષિક હેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે શ્રી દાસકાકાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

એજ દિવસે સવારે ફીશપોન્ડ અને હળવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. અને રાત્રે સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલા 'સંસ્કાર ભવન'માં કૉલેજના વિદ્યાર્થી ભાઈબહેનોએ તૈયાર કરેલ સંસ્કાર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંસ્કાર કાર્યક્રમના પ્રમુખ તરીકે કડીના જાણીતા વકીલ અને આ સંસ્થના એક મંત્રી શ્રી છગનભાઈ રા. પટેલ પધાર્યા હતા.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૫૧) શંભુભાઈ હરગોવનદાસ પટેલ
દેવગઢ : તા કડી

૨૫૦૧) ડૉ. ત્રિભોવનભાઈ એન પટેલ : અમદાવાદ
હા. શ્રી રામભાઈ એન. પટેલ એન્ડ બ્રધર્સ

૨૫૫૨)

[ પાન ૬ ઉપરનું ચાલુ ]

'શરીર સાચવજો' 'અમારી મંગાવેલી વસ્તુઓ લેતા આવજો, ભૂલતા નહીં' (એક બાજુ શરીર સાચવવાની વાત અને બીજી વસ્તુએ લાવવાની ચિન્તા! બેય તે મેળ ખાય... ?) આવા અવાજોથી વાતાવરણ ગરમ થઈ ગયું બધાએ મંગાવેલી વસ્તુ-ઓનું લિસ્ટ ખૂબ લાંબુ હતું. એ બધું ઊંચકી લાવવાની ચિન્તા જ મને અત્યારથી કોરી ખાતી હતી. ગરમ કપડાંથી માંડી, કાષ્ટ–કારીગરીની વસ્તુઓ... એમ્પોરિયમની મુલાકાત લેતા જે નવીન લાગે એ લેતા આવજો ને મારે માટે... (એમને માટે મારે ઘરના પૈસે આ બધું લાવવાનું ?) આમ વસ્તુઓના લિસ્ટથી ઘેરાયેલા મેં વિદાય લીધી. હવાખાવાના સ્થળે પહોંચવા પ્રયાણ આરંભ્યું એની વિદાય......

## સૌથી મોટો કોયડો

ગાંધીજીને એક વિદેશી પાદરીએ પ્રશ્ન પૂછ્યો : હિંદુસ્તાન માટે આજે સૌથી મોટો કોયડો કયો છે ?

ગાંધીજીએ કહ્યું, 'મને આ દેશનો સૌથી મોટો કોયડો બુદ્ધિમાન વર્ગની નઠોરતાનો લાગે છે.' હરિજન ઉદ્ધાર, સ્વરાજ્ય કે હિંદુ-મુસ્લિમ એકતાની અગત્ય કરતાં પણ ભણેલો, બુદ્ધિમાન વર્ગ અભણ વર્ગ સાથે મેળ નથી બેસાડતો તેની વાત ગાંધીજીને વધુ કઠી. પણ દેશનું દુર્ભાગ્ય એ છે કે, તેમની વાત આજે ભુલાતી જાય છે. ભણેલાઓ જાણે કે અભણ, ભોળા ગામડિયાનું અસ્તિત્વ જ ભૂલી ગયા છે. આ રોગ બહુ જૂનો છે.

## જવાબદારીની તાલીમ

લંડનમાં બૉંબ પડ્યો ત્યારે એક નાગરિકે પોતાના દીકરા-દીકરીઓને અમેરિકાથી બોલાવ્યા. મરવા બોલાવ્યા હશે તેમને ? ના, એમ નહિ. પણ ઈંગ્લેન્ડ જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે, તેમાં ભાગીદાર થવા. દેશની જવાબદારીનો ખ્યાલ આવે તે માટે તેમને બોલાવ્યા. જ્યારે અહીં તો લડાઈ ચાલતી હોય તો સૌ ભાગી છૂટીએ.

## ભારતનું હૈયું

કોઈકે ભારતના વડા પ્રધાનને સવાલ પૂછ્યો : દિલ્હીમાં આટલો બધો વિકાસ શું કામ થયો ? દીલ્હી પારિસ જેવું કેમ બનાવ્યું ?

વડા પ્રધાને કહ્યું : દિલ્હી ભારતનું હૈયું છે. પરંતુ ગાંધીજીએ તો કહેલું કે, 'સાચું ભારત ગામડાંમાં વસેલું છે.' સમાજ સાથે લાગણીનો તાર આપણા દેશમાં નથી સંકળાયો. તેથી જ ગાંધીજીની વાત ભુલાઈ ગઈ છે.

## જીતવું છે?

ગ્રીસ દેશનો એક જાણીતો પ્રસંગ છે. દેશમાં લડાઈ ચાલુ છે, એક ગામડામાં એક માજી લડાઈના સમાચાર જાણવા ઈંતેજાર છે, દોડતા આવતા સૈનિકને એ લડાઈના સમાચાર પૂછે છે. સૈનિક કહે છે : તારા સાત સાત દીકરા મરી ગયા. પેલાં માજી ચિઢાઈને કહે છે : મારા એ દીકરાઓનું શું થયું એ મેં પૂછ્યું છે ? હું તો 'કોની જીત થઈ' તે પૂછું છું. સૈનિકે જવાબ દીધો : સ્પાર્ટા જીત્યું. સ્પાર્ટા જીત્યાના સમાચાર મળતાં માજી આનંદવિભોર બની ઊઠયાં; દોડયાં લોકો વચ્ચે પોતાના સાત દીકરા મર્યા એ વાત ક્યાંય ન કહી, પણ સ્પાર્ટા જીત્યું તે વાત પોકારી પોકારીને કહેવા લાગ્યાં. મંદિરમાં જઈને એમણે પૂજા કરી.









માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૨૧-૧-૭૧

૨૪૧

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : પ્રજાસત્તાક દિન [ અંક ૧૧

# રાષ્ટ્રની અસ્મિતાના વિકાસનો પાયો

આજે મોટે ભાગે આપણા વિદ્યાર્થીઓ સિદ્ધિ (achievement) ના ઉચ્ચ શિખરો સર કરવાને ઉત્સાહી નથી તેનું એક કારણ એ છે કે એમનું લક્ષ્ય અભ્યાસ નથી પરંતુ પરીક્ષા છે. આપણો તેજસ્વી વિદ્યાર્થી પણ મોટે ભાગે પરીક્ષામાં ઊંચી સિદ્ધિ મેળવવાના ધ્યેય તરફ જ મીટ માંડે છે. આ એક અતિ સાંકડું ને મર્યાદિત ધ્યેય છે અને વર્ષોના પરિશીલનથી એને માટે જરૂરી એવી અભ્યાસની ટૂંકી યુક્તિ–પ્રયુક્તિઓ એને (તેમજ શિક્ષકને પણ) કોઠે પડી ગઈ છે. આપણો વિદ્યાર્થી (અને શિક્ષક સુદ્ધાં) મોટે ભાગે પરીક્ષાની તૈયારી કરવાના નિરર્થક ને વિકાસ અવરોધક વ્યવસાયમાં ફસાઈ ગયો છે. જો એને આપણે સાચા અર્થમાં 'વિદ્યાર્થી' બનાવવો હોય, નિર્ભેળ રીતે વિદ્યાવ્યાસંગી બનાવવો હોય અને વિદ્યાભ્યાસને એના વ્યક્તિત્વના વિકાસનું સાધન બનાવવું હોય તો આ ઊંડી અને સાંકડી ખાઈમાંથી તેને બહાર કાઢી એ વિદ્યાભ્યાસનો પ્રારંભ કરે ત્યારથી એનામાં અભ્યાસની યોગ્ય ટેવો પડે એ માટે શિક્ષકે પ્રયત્નશીલ ને આગ્રહી બનવું જોઈએ. જે શિક્ષક પોતાના વિદ્યાર્થીને પરીક્ષાની લપ–ઝંઝટમાંથી મુક્ત કરી સાચેસાચ અભ્યાસાભિમુખ બનાવી શકે છે તે એના વ્યક્તિત્વના પૂર્ણ વિકાસનો– અને તેથી સરવાળે રાષ્ટ્રની અસ્મિતાના વિકાસનો પાયો નાખે છે.

(નૂતનશિક્ષણ : ચ.)

## આવતો અંક બંધ

સુવર્ણ જયંતીનો તા. ૪–૨–૭૧ નો ૧૨ મો અંક તે દિવસે પ્રસિદ્ધ નહીં થતાં તા. ૧૧–૨–૭૧ ના રોજ પ્રસિદ્ધ થશે તેની ગ્રાહક તથા વાંચકભાઈઓએ નોંધ લેવા વિનંતિ છે.

તંત્રી

# શિક્ષણનું 'રાષ્ટ્રીયકરણ'

આપણે સમજી લેવું જોઈએ કે 'રાષ્ટ્રીયકરણ' શબ્દ આપણે કયા અર્થમાં વાપરીએ છીએ. બ્રિટીશ રાજ્ય હતું ત્યારે આપણી રાષ્ટ્રીયતાની પરવા કર્યા વગર જ કેળવણી ચાલતી અને તેથી રાષ્ટ્રીય કેળવણીના પ્રયોગો આપણા મહાન સંસ્કાર-નેતાઓએ કર્યા.

આજે પરદેશી રાજ્ય ગયું, સ્વરાજ્ય છે. પણ આખા દેશના લોકોમાં એકતાની ભાવના બરોબર ઘૂંટાયેલી નથી. મોટો વિરોધાભાસ તો એ છે કે પરરાજ્ય હતું ત્યારે એકતાની ભાવના જગાવવી જેટલી સહેલી હતી તેટલી આજે સ્વરાજ્ય મળ્યા પછી નથી. પ્રદેશવાદ, ભાષાવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ એવાં અનેક અનિષ્ટો વકર્યાં છે.

એ સંજોગોમાં આપણા દેશની પ્રજાના હૃદયમાં આપણે એક રાષ્ટ્ર છીએ એવી ભાવના મજબૂત બને એ આપણા અત્યારના જીવનની કદાચ સર્વ પ્રથમ જરૂરિયાત છે.

આ અર્થમાં કેળવણી રાષ્ટ્રીય બને એ ઈષ્ટ છે. કેળવણી રાષ્ટ્રીય રંગ ખીલાવે એ અર્થમાં કેળવણીનું રાષ્ટ્રીયકરણ આવકાર્ય ગણાય. કેળવણી દ્વારા પ્રદેશપ્રદેશ વચ્ચે, ભાષાભાષા વચ્ચે, કોમકોમ વચ્ચે, જ્ઞાતિજ્ઞાતિ વચ્ચેના ભેદને પોષણ ન મળે, પ્રદેશ કરતાં દેશ મુખ્ય છે. એ ભાવના બળવત્તર બને, એ લક્ષ્ય રાખવું જોઈએ.

ખરું જોતાં કેળવણીનું લક્ષ્ય એક જ હોઈ શકે; માણસ બનાવવાનું. ૧૯૨૯માં અમદાવાદમાં વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય કેળવણી પરિષદના આચાર્ય શ્રી કૃપાલાનીના મોંએ ઉચ્ચારાયેલું એક વાક્ય હું ભૂલી શક્યો નથી: "આપણે રાષ્ટ્રીય કેળવણી નથી જોઈતી, આપણે સારી કેળવણી જોઈએ છે." એમના કહેવાનો ભાવાર્થ એ હતો કે સારી કેળવણી માણસને માણસ બનાવશે અને તેમાંથી રાષ્ટ્રવિરોધ તત્ત્વ આપોઆપ દૂર થયેલાં હશે.

એક બીજા અર્થમાં રાષ્ટ્રીયકરણ શબ્દ આજે વપરાય છે— સરકાર આખું તંત્ર હાથમાં લઈ લે એ અર્થમાં આજના જમાનામાં ઉત્પાદનનાં સાધનો રાજ્ય હસ્તક લેવા પડે એવી ઉદ્યોગતંત્રના વિકાસને લીધે પરિસ્થિતિ સર્જાઈ છે. પણ મને લાગે છે કે જો એક વસ્તુનું રાષ્ટ્રીયકરણ ન કરવા જેવું હોય તો તે કેળવણીનું. કેળવણી-તંત્ર સરકાર હસ્તક જાય તો પ્રજાને એક બીબામાં ઢાળવાનો પ્રયત્ન થશે. લોકશાહીમાં સરકારો બદલાય, એટલે જે સરકાર આવે તે પોતાના બીબા-માં ઊછરતા પ્રજામાનસને ઢાળવા પ્રયત્ન કરશે. સરમુખત્યાર-શાહીમાં જ કેળવણીનું રાષ્ટ્રીયકરણ હોય છે, કેમકે સરમુખ-ત્યારશાહીને પ્રજામાનસને ઘોઈ એક માત્ર પોતાનો રંગ ઉપસાવવા ઈચ્છા હોય છે.

લોકશાહીમાં તો વાલીઓ, કેળવણીકારો આદિએ રચેલા પ્રજાકીય મંડળો દ્વારા કેળવણી ચાલે. સરકાર એમાં હસ્તક્ષેપ ન કરે, મદદરૂપ થાય; પછાત લોકોને કેળવણી મળે તે માટે આંશિક સહાય કરે અને કેળવણીના નવાનવા પ્રયોગો થાય તેને ઉત્તેજન આપે, પોષણ આપે.

કેળવણીનું રાષ્ટ્રીયકરણ એટલે કે સરકારીકરણ એ લોક-શાહી માટે સૌથી મોટી આફત છે, એ લોકશાહી પક્ષો પોતે પણ વેળાસર સમજે એ સારું છે. તેઓ સરકારીકરણનો આગ્રહ રાખશે, તો પોતાને ક્યારેક વિરોધપક્ષમાં બેસવાનું થાય ત્યારે પોતાથી જુદા એવા સરકારીકરણના નવા પ્રયોગ સામે લડવાવારો આવતાં પોતે કયે મોંએ એનો વિરોધ કરશે ?

તો સરકારીકરણના અર્થમાં શિક્ષણના રાષ્ટ્રીયકરણની આજે તો શું પણ લોકશાહી ટકાવવી હોય તો ક્યારેય પણ જરૂર નથી.

આપણા જેવા વિકસતા દેશમાં પાઠ્યપુસ્તકો અંગે અમુક સમય માટે અને અમુક અંશે રાષ્ટ્રીયકરણ એટલે કે સરકારી-કરણની તરફદારી કરી શકાય, તો તે પણ બાળકોને પુસ્તકો ઉત્તમ અને તેની સાથે સાથે સસ્તી કિંમતે આપી શકાય એમાં જ સરકાર નમ્ર ભાવે રસ લઈ રહી છે એ આશાએ. જેમ દૂધ સારું અને બને તેટલું સસ્તું આપવા નગરપાલિકાઓ પ્રયત્ન કરે છે તેમ પાઠ્યપુસ્તકો અંગે પણ પ્રયત્ન કરી શકાય. પણ દૂધ સારું ન હોય તે ન જ ચાલે. તેવું જ પાઠ્યપુસ્તકોનું.

[ આકાશવાણી ] ઉમાશંકર જોષી


શુભેચ્છા સહ —

ફોન નં.: ઓફીસ : ૩૨૦
રહેઠાણ : ૪૨૯
,, : ૫૩૯

## ડી. માધવલાલ એન્ડ કંપની

લોખંડના જથ્થાબંધ વહેપારી.

રેલ્વે ગોડાઉન, મુ. મહેસાણા. (ઉ. ગુ.)

લોકકલ્યાણની ભાવનાથી ઓપતું સ્વસ્થ નિર્મમ
વ્યક્તિત્વ ધરાવનાર ઈ. મ. જી. સર્વ વિદ્યાલય, બલોલના ધ્રુવ દાતાઓમાંના એક

# સ્વર્ગસ્થ ઇશ્વરદાસ હરિદાસ પટેલ

## એક દૃષ્ટિ



સ્વ. ઈશ્વરદાસ હરિદાસ પટેલ

બલોલની હાઈસ્કૂલના નવીન નામકરણ વિધિ પ્રસંગે તા. ૧૦–૨–૬૯ ના રોજ ભારતના સુખ્યાત કવિ વિવેચક, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઉમાશંકર જોશીએ વિદ્યાલયને મંત્ર આપ્યો 'ઇશ્વર મગ્ન જીવન.' આ મંત્ર તે કવિની સાહજિક શોધ અને સ્ફૂરણા હતી. આ વિદ્યાલયના ધ્રુવ દાતાઓનાં નામ સ્વ. ઇશ્વરદાસ, મગનદાસ અને સ્વ જીવણદાસ એ ત્રણ નામોના શબ્દ અને અર્થના સાયુજ્યથી કવિચિત્તમાં તે ધન્ય દિવસે અને ક્ષણે જે મંત્ર જન્મ્યો તે 'ઇશ્વર મગ્ન જીવન' જે વિદ્યાલયના નામને સમષ્ટિગત દૃષ્ટિમાં અભિવ્યંજિત કરે છે.

બલોલ ગામની વિશિષ્ટતા જોવી હોય તો ગામનાં સાર્વજનિક કાર્યો પ્રસંગે ગામના સૌ આગેવાનો, ગણનાપાત્ર માણસો અને ગ્રામજનોની એકતામાં જોઈ શકાય. ભલે તેમનામાં માનવો માટે સહજ છે તે વિચાર ભેદ હોય પરંતુ ગામ સમસ્તનાં સાર્વજનિક કાર્યો પ્રસંગે ખેંચતાણથી કથળી જતી સ્થિતિ કદી જોવા નહીં મળે. આ જ વસ્તુ આ ગામના વિકાસની આધારશિલા છે. આવાં કાર્યો માટે સંમતિ અને સહાનુભૂતિ તો સૌની હોય પરંતુ તેવાં કાર્યોના પ્રારંભથી અંત સુધી તેની પાછળ સતત લાગ્યા રહી તે કાર્યો ઉત્તમ રીતિ અને સ્થિતિએ પૂર્ણ થાય એ રીતની કાળજી લેનાર કેટલાક જ હોય છે અને તેવા મુરબ્બીઓમાં સ્વ. ઈશ્વરભાનું સ્થાન મોખરાનું હતું.

ઊંચી પડછંદ ભરાવદાર કાયા, તેવું જ ગોળ સુરેખ ઘાટીલું મોં, નહીં બહુ કડક નહીં બહુ ઢીલી એવી પ્રમાણસરની ભારે શીરને શોભાવતી તેમની રીતની પાઘડી કે ફાળિયું, દેહની સુડોળતા અને ઘાટને જાણે વાચા આપતી હોય તેવી સપ્રમાણ કાંસવાળી આંગડી કે ક્વચિત્ ઝભ્ભો, અને મજબૂત પગોને છેક સુધી ઢાંકતું તેટલું જ મોટું ધોતિયું, આટલી વિશાળ દૃઢ કાયાના ભાર અને સેવા માટે સભાન અને સચિંત હોય તેવા, ચરણોને સારી રીતે ઢાંકતા, મોટા દેશી જોડા; ચાલતી વખતે શરીરના સૌષ્ઠવ અને ભારેપણાને વાચા આપતાં હોય તેવાં એકધારાં ક્રમિક રીતે મંડાતાં મક્કમ ડગલાં; ઈશ્વરે માણસને જરૂર પૂરતુજ બોલવા વાણીની બક્ષીસ આપી છે એ પૂર્ણ પણે સમજતા હોય તેમ કદિ કોઈના કાનોને બીન જરૂરી તકલીફ ન આપનાર અને તેથીજ પોતાના ધીરગંભીર વ્યક્તિત્વને સાર્થ કરતા ઇશ્વરભાની મૂર્તિ તેમને જોનાર સૌના દિલમાં આજે પણ એટલીજ સુરેખ છે. સાંજે મહેલ્લાને (ઓળને) નાકે મોટેરાઓની મંડળી જામે ત્યારે વાળુ કરી ઘેરથી જાતે ચુંપબંધ હુક્કો ભરીને નિયત સમયે તેઓ આવ્યાજ હોય અને પછેડી કે ફાળિયાની કમર–ઢીંચણ સાથેની બેઠક બનાવી નિરાંતથી, દુનિયામાં કંઈ કોઈ પ્રશ્નો કે ચિંતાજ નથી એટલી નિર્લેપતાથી, જેટલી હોકાની ચલમ પરની રાખ વ્યવસ્થિત તેટલીજ વ્યવસ્થિત ફૂંક મારતા સૌમાં તે જુદાજ તરી આવતા.

ગામમાં સરકારી દવાખાનાના, પુસ્તકાલયના, પ્રસુતિગૃહના, હાઈસ્કૂલના અને છાત્રાલયના એ બધાંના મકાનોના બાંધકામનાં કાર્યો પ્રસંગે તેમની સેવા, દેખરેખ, રસ અને સૂચન એકધારાં કીંમતી રહ્યાં છે.

પાયા ખોદાતા હોય, ઈંટોનાં માપ વગેરે નક્કી કરી કૉન્ટ્રેક્ટ આપવાનો હોય કે ઈંટો પડાતી હોય. સુથાર કડિયાને રોજીથી કે કૉન્ટ્રેક્ટથી કામ અપાતું હોય બધેજ ઇશ્વરભાની સમૃદ્ધ અનુભવની દૃષ્ટિ ખૂબ સહાયક અને પકાશક રહેતી. કાર્ય ચાલતું હોય ત્યારે સ્થળ ઉપર તેમની હાજરી જોવા મળેજ અને કારીગરોને પણ ખ્યાલમાં ન હોય તેવી સમજ અને માર્ગદર્શન ઘણી વખત ઈશ્વરભા પાસેથી મળે. લાકડાની ખરીદીમાં તો બલોલ ખાતે તેમના જેવા નિષ્ણાત માણસો હવે ક્યાં શોધીશું ? ગામની કોઈપણ સંસ્થા માટે લાકડુ લાવવાનું હોય ત્યારે ઘરનું કામ મૂકી તેઓ બહુચરાજી જાય જ અને લાકડાની જાત, કીંમત અને પ્રમાણ ખૂબજ સંતોષકારક નીકળે. સુથાર અને કડિયાઓનું કામ કેટલું છે, કેટલા દિવસમાં

પૂરું થાય તેમ છે, કયા કારીગરને આપવાથી તે મજબુત અને સફાઈબંધ થશે, તેને મદદ કરવા તે કયા સહાયક કારીગરોને લાવશે અને તેમનું કામ કેવું છે તથા તે લોકો અત્યારે શું કામમાં રોકાયેલા હશે અને આપણું કામ કેટલા સમયમાં પૂરું કરી આપશે તે ઇશ્વરભાના ગણતરમાંથી એટલી વ્યવસ્થિત રીતે નિશ્ચિતતાથી નીકળે કે જો તે પ્રમાણે કરવામાં આવે તો તેમ થઇનેજ રહે તેમાં કોઈ ખાસ ફેર ન પડે.

તેમને નાના મૂકી માતાપિતા દેવ થઇ ગયેલાં તેથી બહુ કપરા સંજોગોમાંથી તેમને પસાર થવું પડેલું. ખાસ ભણેલા નહીં પરંતુ મિતભાષી અને ચિંતનપરાયણ સ્વભાવના હોઇ તેમનું જીવન ગણતર ખૂબ ઊંચું હતું. આર્થિક ભીંસ પણ સહન કરવી પડેલી. પરંતુ તનતોડ મહેનત અટલ શ્રદ્ધા અને નિષ્ઠાથી તેઓ આગળ વધ્યા. કુટુંબ નિર્વાહ માટે ધંધો ખેતીનો કરતા. બે પુત્રો શ્રી જોઇતારામભાઈ અને શ્રી અંબાલાલભાઇ ને ભણાવી વેપારધંધે વળગાડયા અને પિતાની જેમ પુત્રો સદ્ગુણી, સુચરિત જનહિતતત્પર, અને કર્તવ્ય પરાયણ, હોઇ વેપારમાં ખૂબજ પ્રગતિ કરી પ્રતિષ્ઠાવાળા બન્યા. પુત્રોના આ વિકાસશીલ કાર્ય પાછળ ઇશ્વરભાની પ્રભુ પ્રાર્થના સતત વહેતી રહેતી અત્યારે તો ત્રણ ચાર પેઢીનાં સંતાનોનું એક વિશાળ વટવૃક્ષ હોય તેમ આ કુટુંબ વિસ્તર્યું છે.

ઇશ્વરભા જેમ બહાર તેમજ ઘરમાં પણ મિતભાષી. જરૂર પૂરતુજ બોલે. પરંતુ તેમનો અભિપ્રાય, સૂચન કે આજ્ઞા તોળેલા અને સ્પષ્ટજ હોય જેથી કથન પછી આલતુ ફાલતુ વિવરણની જરૂરજ ન પડે. એમની બીજી મોટી વિશેષતા હતી. સમત્વની, નિર્મમતાની. જે જવલ્લેજ માણસોમાં જોવા મળે છે. પોતાના પ્રિય કુટુંબીજન સાથે વાત કરતા હોય કે કોઈ ગમે તે પરાયા સાથે વાત કરતા હોય, લાભની વસ્તુ હોય કે અલાભની, અનુકૂળતાની સ્થિતિ હોય કે પ્રતિકુળતાની તેમનો મુખભાવ અને હૃદય ભાવ બધે રાગરહિત એક સરખોજ હોય. સર્વ પ્રત્યે સમતા. અને રાગદ્વેષથી પર આવી વ્યક્તિઓનો ભેટો જીવનમાં ભાગ્યેજ થાય છે. જ્યારે જ્યારે તેમને જોવા મળવાનું બને ત્યારે તેમની આ દ્વંદ્વાતીત સ્થિતિની છાપ અચૂક ઉપસી આવે. તેમને કોઇ પરાયુ નહીં. ખેતરમાં જતાં આવતાં બીજાનો વાવણી અને પાક જોતા આવે અને પછી તેને જરૂરી સલાહ સૂચન આપે. ગામમાં કોઈ ઝગડો તકરાર હોય ત્યારે નિષ્પક્ષ રીતે વચ્ચે પડી તેનું મૂળ અને ન્યાયની ભૂમિકા સમજી લઇ એવી રીતે ઉકેલી આપે કે બંને પક્ષે સંતોષ થાય. તેમની પાસે જનારની મુશ્કેલીની આંટી ઘૂંટી બહુજ સમભાવથી તે ઉકેલી આપતા

સ્વર્ગસ્થનાં ધર્મપત્ની પાર્વતીબેન (પાલીમા)નું વ્યક્તિત્વ તેમના વ્યક્તિત્વનું પૂરક છે. પાલીમાની હાજરીથી તેમનું ઘર માનવતાના પમરાટથી મઘમઘી ઊઠે છે. પ્રેમ, દયા અને વાત્સલ્યનાં દેવી કેવાં હોય તે પાલીમાને જોતાં તરતજ સમજાઇ જાય છે. પાતળી અને તેજસ્વી દેહયષ્ટીવાળાં પાલીમાના મુખ પર સદાય દયા–પ્રેમનું દિવ્ય જળ ચળકતું હોય છે. કોઇપણ તેમને ત્યાં જાય ત્યારે બહુજ વિગતવાર તેની બધીજ ખબર-અંતર પૂછે. અને વચ્ચે વચ્ચે ભગવાનનું અનેકવાર સ્મરણ કરતાં કરતાં તેની તરફ અનુકંપા અને વાત્સલ્યનું એવું શીતળ મધુર હૃદયનું ઝરણ વહેતું કરે કે તેના સાંસારિક આધિ,વ્યાધિ અને ઉપાધિના તાપ તરતજ અદૃશ્ય થાય. જનારનું ભાવભીનું સ્વાગત કરવા તેમની વાણી સદાય તત્પર હોય. પાલીમા એટલે મીઠી સલાહભરી વાતોથી આનંદ આપતી સતત વહેતી ગંગા.

ઇશ્વરભાનો જીવ આચાર ધર્મ અને સ્તુતિ પ્રાર્થના પરાયણ હોવાની સાથે સાથે તીર્થયાત્રાઓનો પણ એટલોજ પ્રેમી. જીવનમાં તેમણે ઠીક ઠીક તીર્થયાત્રાઓ કરી હતી. તેમણે ચાર ધામની યાત્રા ધર્મપત્ની અને પુત્ર તથા સંબંધીઓ સાથે કરી હતી. તે સમયે કેદારનાથની યાત્રા બાકી રહી ગઈ હતી તેની તેમને ઝંખના હતી; તે પૂર્ણ કરવા તેમના પુત્રોએ તેમના કુટુંબકબીલા અને મુરબ્બીઓ સાથે પછીનાં વર્ષોમાં બદરીનાથ–કેદારનાથની યાત્રા યોજી આ યાત્રા સમયે ઇશ્વરભાની મનોસ્થિતિ કંઇ જુદીજ હતી. તેઓ હવે જાણે ઇશ્વરની નજીક હોય અને આ સંસાર વહેરવાથી ઉફરામ હોય તેવો ભાવ અનુભવતા. કેદારનાં દર્શન કર્યા પછી તેમને એટલો ઊંડો આત્મસંતોષ થયો કે હવે જીવનમાં જાણે કંઈજ કરવાપણું બાકી નથી. ગુપ્તકાશીથી કેદારની યાત્રા પગપાળા કરી ત્યાંથી બધા બદરીધામમાં આવ્યા. અહીં ગૌરીકુંડમાં સ્નાન કરતાં કરતાં 'ઇશ્વર ઇશ્વરને મળવા જાય છે' તેવો વાણીભાવ વ્યક્ત કરવા લાગ્યા. તેમના આ શબ્દો અહીં સાચા ઠરવાના હતા. પેટમાં દુઃખવાની થોડી ફરિયાદ હોવાથી તેમને બદરીનાથ દવાખાનામાં લઈ જવામાં આવ્યા. સારવાર, દવા વગેરે થઇ. પરંતુ જ્યારે પોતાને લાગ્યુ કે પોતે આ લોક છોડી દિવ્ય લોક પ્રતિ જઈ રહ્યા છે ત્યારે પાસે બેઠેલા જયેષ્ઠ પુત્ર જોઈતારામને સ્નાન અને દર્શન કરી આવવા કહ્યું. સ્નાન પછી મંદિરમાં જઈ શ્રી જોઇતારામે પિતાની ઇચ્છા અને આજ્ઞા પ્રમાણે ભગવાનનાં દર્શન ખૂબ શાન્તિથી કર્યાં અને બહાર આવી ઘડિયાળમાં જોયુ તો ૧૧–૧૫ નો સમય થયો હતો ત્યાંજ પિતાની તબિયતના માઠા સમાચાર મળ્યા. દવાખાને જઇ જોતાં પિતાશ્રી ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. ખરેખર એ સદ્પુરુષનું જીવન હિમાલયની પવિત્ર અને દિવ્ય ભૂમિમાં મગન બની ગયું એ મૃત્યુની કેવી ધન્યતા ગણાય ! એકાદ કલાકની વિધિ પછી પૂણ્યસલિલા અલકનંદા અને ભાગીરથીના રમ્ય સંગમસ્થાને પંચભૂતોમાં ભળી જવા જ્યારે દેહ ચિતાને અર્પણ થયો હતો ત્યારે શ્રી જોઇતારામે પોતાની ઘડિયાળમાં જોયું તો ૧૧–૧૫ નો જ સમય હતો !

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# ત્યાં સુધી.....

શ્રી મોહનભાઇ પટેલ

એક દિવસ એક સ્નેહી ભાઇએ કહ્યું: "ગૃહપતિને તો આવા સરસ વાતાવરણમાં રહેવાનું. ખુલ્લા ઉપવન જેવી જગ્યા. હવાપાણી વિપુલ અને ચોખ્ખાં. કોઈ માથાકૂટ નહીં. ભારે કોઇ જવાબદારી નહીં. નર્યું સરળ જીવન. છોકરાં રમાડવાં અને જમાડવાં...બીજી કોઈ ખટખટ નહીં અને ઉપાધિ પણ નહીં..."

આ કહેનાર ભાઇની આ પ્રામાણિક માન્યતા હતી. છાત્રાલય, છાત્રજીવન અને ગૃહપતિના કાર્યક્ષેત્રથી એ ભાઈ અજાણ્યા હતા એટલે એમની આ માન્યતા બંધાયેલી હતી. અત્યારે એમની સાથે કોઇ લાંબીચોડી ચર્ચા કરવાની મારી તૈયારી નહોતી. મેં એમને માત્ર વિનોદમાં કહ્યું: "... મારે તમને એક વાર્તા કહેવી છે."

એમને થોડી નવાઇ થઈ. એમની વાતના અનુસંધાનમાં મેં આવું કહ્યું એથી જ નવાઇ થઇ હશે. એમણે કહ્યું: "વાર્તા ?" "હા. વાર્તા જ; વાર્તા નહીં તો પ્રસંગ. ત્યાં સુધીમાં ચા પણ થઇ જશે અને આપણો સમય પણ પસાર થશે."

એ કંઇ બોલ્યા નહીં. મેં શરૂ કર્યું: ડિસેમ્બર મહિનો હતો. ત્રીજું અઠવાડિયું. શિયાળુ ઠંડી બરોબર જામી ચૂકી હતી. ટૂંકા દિવસ રાત જલદી પડી જાય.

સાત વાગી ચૂકયા હતા. આશ્રમ (છાત્રાલય) માં પ્રાર્થના પૂરી થઈ હતી. છાત્રો પ્રાર્થના પછી પોતપોતાની ઓરડીમાં પહોંચી ગયા હતા અને ધીરે ધીરે પોતપોતાનું અભ્યાસ કાર્ય શરૂ કરી દેવાની તૈયારી કરતા હતા.

હું અને શ્રી રામભાઇ છાત્રોની ઓરડીઓ તરફ જવા નીકળતા હતા ત્યાં એક છાત્ર અમારી પાસે આવ્યો. એણે કહ્યું: "સાહેબ, બબલ બપોરે વાંચવા ગયો હતો. હજુ એ પાછો આવ્યો નથી."

એસ. એસ. સી. વર્ગના વિદ્યાર્થીઓની પ્રિલીમીનરી પરીક્ષા ચાલતી હતી પરીક્ષાના બે દિવસ પસાર થઇ ગયા હતા. ત્રીજો દિવસ હતો.

છાત્રો ઘણીવાર ખેતરો તરફ વાંચવા જાય છે. બબલ પણ એને એ દિવસે બીજું પેપર ન હોવાથી વાંચવા ગયો હશે એમ ધારી સાંજ સુધી એના ન દેખાવા વિષે કોઈએ ધ્યાન આપ્યું નહોતું. જમવાના સમયે એ ભોજનશાળામાં ન દેખાયો એ માટે પણ કંઇ ઝાઝું કુતૂહલ ન થયું. પહેલી પંગત માટે મોડો પડયો હશે; બીજી પંગતમાં આવશે એમ ધાર્યું. સૌ જમીને પોતપોતાની ધૂનમાં ફરવા ચાલ્યા ગયા. પ્રાર્થના પછી પણ બબલ રૂમમાં દેખાયો નહીં એટલે આ સવાલ ઉભો થયો.

બબલ ભારે નિયમિત વિદ્યાર્થી. ખાદી પહેરે. કોઇ દિવસ કક્ષામાં મોડો ન પડે. પ્રાર્થનામાં કદીય એની ગેરહાજરી ન હોય પ્રાર્થના પૂરી થયા પછી તરત અભ્યાસમાં લાગી જાય. કોઇની સાથે અણબનાવ નહીં. સૌને પ્રેમથી બોલાવે. કામથી કામ. કયાંય આઘાપાછા જવાનું નહીં. સામૂહિક રજા આપી હોય તો પણ કદી સિનેમા જોવા જાય નહીં.

'કયાં ગયો હશે ?' અમને પ્રશ્ન થયો. ગામમાં વર્ગના કોઇ મિત્રને મળવા ગયો હોય તો પણ જમવા ટાણે આવી જાય. બીજા છાત્રોને પૂછપરછ કરવા માંડી. બેચાર જણે એને વાંચવા જતો જોયો હતો. વાંચીને પાછા ફરતાં કોઇએ જોયો નહોતો.

બેચાર છાત્રોને ગામમાં ખબર કાઢવા મોકલ્યા. આ દરમ્યાન એક છાત્રે આવીને કહ્યું: "વાંચવા ગયો એ વખતે આ વીંટી મને આપતો ગયો છે."

"રોજ વીંટી આપીને જતો હતો !"

"ના"

"તો આજે કેમ આપી ! કંઇ કહ્યું હતું !"

"ના"

આ વીંટીએ વળી નવી ચિંતા ઉભી કરી.

ગામમાંથી પેલા છાત્રો પાછા આવ્યા. બબલ કોઇ મિત્રને ત્યાં નહોતો.

કયાં ગયો હશે આ બબલ ! કોઇ રખડુ છાત્ર હોત તો એ વિષે તર્કવિતર્ક કરતાં પણ ફાવત. આ આદર્શ છાત્ર કંઇ ફરવા અમદાવાદ ઉપડી ન જાય. ઘેર પણ જતો ન રહે. એના સાત વર્ષના છાત્રજીવનમાં કદીય કયાંય રજા વગર ગયો હોય એવું જાણમાં નહોતું તો આ પ્રિલીમીનરી જેવી પરીક્ષાના સમયમાં તો જાય જ શાનો ?

શો તર્ક કરવો એ જ સમજાતું નહોતું હવે તો ક્ષણે ક્ષણ ચિંતા વધતી જતી હતી. એક તર્ક કરી જોયો : વાંચતાં વાંચતાં ઊંઘી ગયો હોય તો ?... પણ શિયાળાના દિવસે એવું કંઇ ખાસ બને નહીં, અને ઊંઘી ગયો હોય તો પણ દિવસ આથમ્યા સુધીમાં તો જાગે જ ને ! બીજા થોડા અશુભ તર્ક પણ ઊભા થવા લાગ્યા. કંઇ થઇ ગયું હોય તો... કોઇ અકસ્માત... કોઇ ઓચિંતી માંદગી... કોઇ ખટારો...

હું, રામભાઈ અને બીજા કેટલાક છાત્રો નાની કડીના રસ્તે, ખેતરો વગેરેમાં તપાસ કરવા ઠીક ઠીક ફરી વળ્યા. પણ કયાંય પત્તો લાગ્યો નહીં.

ફરીથી એની રૂમના છાત્રોને અમે અનેક પ્રકારના પ્રશ્નો પૂછી પૂછીને કડી મેળવવા પ્રયાસ કર્યો; એને કોઈ વાતે મૂઝવણ હતી? ઘર તરફથી હમણાં કોઈ કાગળ પત્ર? ઘર બાબતના કોઈ પ્રશ્ન ઉપર ચિંતા, મતભેદ, મનભેદ...

પણ ઘર તરફથી કોઈ કાગળ ન હોતો. એ દિશાનો કોઈ અસંતોષ પણ નહોતો.

અમે ઘેર તપાસ કરવાનો વિચાર કર્યો. એના ગામમાં તાર ઓફિસ નહોતી. ટેલિફોન તો હોય જ શાનો! ટ્રેઈનમાં જઈએ તો બીજા દિવસે બપોર પહેલાં પહોંચાય એમ નહોતું.

એના એક ભાઈ સિદ્ધપુર રહેતા હતા એની મને ખબર હતી. સરનામાની ચોક્કસ ખબર નહોતી. પણ એ તો સિદ્ધપુરમાંના એક અન્ય સ્નેહી મારફતે સંપર્ક સાધી શકાય એમ હતું.

સિદ્ધપુર તાકીદનો ટ્રંકકોલ કર્યો. ઠીક ઠીક સમય સુધી રાહ જોયા પછી મોડી રાત્રે એ ભાઈનો સંપર્ક સાધી શકાયો. એમને હકીકતથી વાકેફ કર્યા બબલ ત્યાં પણ નહોતો અમે તો ચિંતામાં હતા જ હવે એમને પણ ચિંતા શરૂ થઈ.

આવી રીતે રાત પૂરી થઈ.

હું થોભ્યો. પેલા સ્નેહી ભાઈએ અધીરાઈથી પૂછ્યું: "પછી શું થયું?"

આ દરમિયાન ચા આવી ગઈ હતી. મેં કહ્યું: "ચા પીઓ. પછી કહું."

ચાની દરકાર કર્યા વગર એમણે ફરી પૂછ્યું: "પછી છોકરો મળ્યો કે નહીં?"

"મળ્યો. આઠ દસ દિવસ પછી ભાળ મળી કે ખંભાતના માર્ગે એ વિનોબાજીની ભૂદાન પદયાત્રામાં જોડાઈ ગયો હતો."

સ્નેહીનો જીવ હેઠો બેઠો હોય એમ ઉત્સાહમાં આવી જઈને એમણે કહ્યું: "આય ખરો મારો વાલો! જતાં જતાં પહોંચ્યો પદયાત્રામાં!"

"એય આશ્રમ જીવનનો રંગ છે, ભાઈ. પાંચમા ધોરણમાં આશ્રમમાં દાખલ થયો ત્યારે તો આઠ વરસનો કિશોર હતો. પદયાત્રામાં જોડાવા માટેની વિચારસરણી અને બળ એણે અહીંથી મેળવ્યાં... પણ તમને આ વાત કહેવામાં મારો બીજો હેતુ હતો..."

"એય સમજી ગયો ભાઈ, તમે નહીં કહો તો પણ."

"એવું છે ગૃહપતિજીવન. આશ્રમનાં બધાંય બાળકો રોજ હેમખેમ પથારીમાં પોઢી ન જાય ત્યાં સુધી એનાથી નિરાંતે ઊંઘાય નહીં..."






# નાની બચત યોજનામાં થયેલા મહત્વના ફેરફારો

## જૂની જામીનગીરીઓ

તા. ૧૪-૩-૭૦ ના રોજ કામકાજના કલાકો પૂરા થયા બાદ જૂની જામીનગીરીઓમાં (૧) ૧૨ વર્ષીય રાષ્ટ્રીય સંરક્ષણ સર્ટિફિકેટો (૨) દશ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (પ્રથમ શ્રેણી અને બેંક શ્રેણી) અને (૩) ૧૦ વર્ષીય સંરક્ષણ અનામત સર્ટિફિકેટો મળવાં બંધ થયાં છે તેને બદલે તા. ૧૬-૩-૭૦ થી નીચે મુજબનાં નવાં આકર્ષક વ્યાજનાં સર્ટિફિકેટો મળી શકે છે.

## નવી જામીનગીરીઓ

(૧) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (દ્વિતીય શ્રેણી) રૂ. ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ સહિત પૂરી મુદતે રૂ. ૧૦૦ના ૧૪૧ મળશે. વ્યાજનો દર ૫ ટકા ચક્રવૃદ્ધિ અને ૫·૮૬ ટકા સાદુ વ્યાજ કર મુકત.

(૨) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (તૃતીય શ્રેણી) રૂ. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ ૫ ટકા લેખે દર વર્ષે ચૂકવાશે. વ્યાજ કરમુકત.

(૩) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ (ચતુર્થ શ્રેણી) રૂ. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ દર વર્ષે ૭¼ ટકા લેખે ચૂકવાશે. વ્યાજ કરપાત્ર રહેશે.

## નવી થાપણોની આકર્ષક યોજનાઓ

(૧) સેવીંગ બેન્કનું કામ કરતી પોસ્ટ ઓફિસ બાંધી મુદતની થાપણો સ્વીકારશે. આ થાપણો ૧ વર્ષ, ૩ વર્ષ અને ૫ વર્ષની મુદત માટે સ્વીકારાશે. વ્યાજનો દર અનુક્રમે ૫½ ટકા, અને ૬¼ ટકા અને ૬¾ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે.

(૨) ઉપર જણાવેલી પોસ્ટ ઓફિસ આવર્તક થાપણો પાંચ વર્ષ માટે સ્વીકારશે. આ થાપણો પર વ્યાજનો દર ૬¼ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે. આ યોજના ૧ લી એપ્રીલથી અમલમાં આવી છે.

(૩) પોસ્ટ ઓફિસ સેવિંગ બેન્કોમાં જો રૂ. ૧૦૦ કે તેથી વધારેનું આખા વર્ષ માટે બેલેન્સ રહેશે તો તેના ઉપર વ્યાજનો દર ૪ ટકા રહેશે.

વધુ વિગતો માટે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી અને નેશનલ સેવિંગના અધિકારીઓનો સંપર્ક સાધો.

: ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત :

## નિરક્ષરતાનું ઉત્પાદક યંત્ર

દેશમાં સ્વરાજ્યનો પાયો નંખાયે ૨૩ વર્ષ થયાં હોવા છતાં નિરક્ષરતાનું પ્રમાણ વધે છે એ ચિન્તાજનક છે. ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીએ હમણાં જ એક સ્થળે પોતાની ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે પ્રાથમિક શિક્ષણના પહેલા ધોરણમાં ૧૦૦ વિદ્યાર્થીઓ દાખલ થયા હોય, પણ બીજે વર્ષે ૧૦૦ના ૫૦ થઇ જાય છે અને ત્રીજા વર્ષે ૫૦ના ૨૫ થઇ જતાં સાતમામાં સાતેક વિદ્યાર્થીઓ રહે છે. આને શૈક્ષણિક અપ-વ્યયનું દ્રષ્ટાંત ન ગણીએ, જો ભણનારને ભણેલું જીવનભર યાદ રહેતું હોય તો, પણ બે ત્રણ ચોપડી ભણીને ઊઠી જનારાનો જોતજોતામાં નિરક્ષરના વર્ગમાં ઉમેરો થતો હોય છે. અર્થાત્ આપણું પ્રાથમિક શિક્ષણ પણ નિરક્ષરતાનું ઉત્પાદક યંત્ર બની શકે એવું રચાયું છે, જે કેળવણીના પ્રમાણને લગતા આંકડા અને ટકાવારીને સુદ્ધાં અવાસ્તવિક ઠરાવે છે.

આના મૂળમાં દ્રષ્ટિપાત કરતાં રાજ્યની પ્રાથમિક શિક્ષણના આયોજન વિશેની દ્રષ્ટિ જ ખામીભરી છે એમ સમજાય છે. એક જ ઉદાહરણ લઇએ. જિલ્લે જિલ્લે એવાં અનેક ગામડાં છે જ્યાં એક જ શિક્ષક રાખીને તેની પાસે ચાર ધોરણ એક સાથે ભણાવવાનું કામ લેવાય છે. ગામડે ગામડે શાળા સ્થાપ્યાનો જશ લેનાર તંત્રે કેવી શાળા સ્થાપી છે તેનો વિચાર સુદ્ધાં કર્યો છે? સ્થાપી એટલે પત્યું !

આવી ગોઠવણીની પાછળ વિદ્યાર્થીની સંખ્યાની દ્રષ્ટિ રાખી, પણ તેની કક્ષાની ન રાખી. આ સંદર્ભમાં શિક્ષણ-પદ્ધતિ, વ્યક્તિગત ધ્યાન, ભાવિ નાગરિકનું સંસ્કારઘડતર એ સર્વની તો વાત જ કેમ ઉચ્ચારી શકાય ?

જાણવા મળે છે કે સાબરકાંઠા જિલ્લામાં આવી ચાર ધોરણ દીઠ એક શિક્ષકવાળી ૬૦૦ પ્રાથમિક શાળાઓ છે; ખેડા જિલ્લો, જે શિક્ષણની બાબતમાં આગળ પડતો ગણાય છે તે, પણ આવી ૫૦૦ શાળાઓ નભાવે છે; પંચમહાલ જિલ્લામાં આવી ૧,૦૦૦ શાળાઓ છે. વધારે આંકડા આપવાની જરૂર નથી.

રાજ્ય ખુલાસો આપી શકશે કે નાણાંનું સાધન નથી એ જ મુખ્ય મુશ્કેલી છે. વાત સાચી છે, પણ તો પછી નાણાંની યોગ્ય ફાળવણી કરવી જોઇએ અથવા ફરજિયાત પ્રાથમિક કેળવણીનો નાટારંગ છોડી દઇને જ્યાં પણ કામ ગોઠવાય ત્યાં સરખી રીતે ગોઠવવાનું રાખવું જોઇએ—જેથી બધાનું કામ ન બગડે. રાજ્યની પ્રાથમિક શિક્ષણ વિશેની દષ્ટિ સ્વયં નિરક્ષરતાની ઉત્પાદક છે, કેમકે એથી શિક્ષણ નામનું જ અપાય છે, નીરસ રીતે અપાય છે અને ખોટી રીતે અપાય છે.

[ નિરીક્ષક ] યશવંત શુકલ (અમદાવાદ)

## વડોદરા મો. હ. છાત્રાલયનો સુવર્ણ જયંતી મહોત્સવ

વડોદરા મો. હ. છાત્રાલયનો સુવર્ણ જયંતી મહોત્સવ તા. ૩૧-૧-૭૧ મહા સુદ ૫ વસંત પંચમીના રોજ ડૉ. મણીલાલ આ. પટેલના પ્રમુખપદે ઉજવાશે.

વડોદરાના આ છાત્રાલયના આશ્રયે ઘણા ભાઇઓ વિદ્યાભ્યાસ માટે સારી સગવડ છેલ્લા ૫૦ વર્ષથી મેળવતા આવ્યા છે. આ છાત્રાલયના આદ્ય સંસ્થાપક – સંચાલક શ્રી બહેચરભાઇ રાયજીદાસ રે ગણપતપુરા ( વડોદરા જીલ્લા ) ના એક આગેવાન કેળવણી પ્રિય સમાજ સુધારક હતા. અને તેઓશ્રીએ ઘણા વર્ષો સુધી આ છાત્રાલયના પરિપોષણ અને ક્ષેમકુશળતાની દેખભાળ કરી હતી. તેમની પછી આ કામ તેમના પુત્રોએ બીજા કાર્ય-કરોના સાથમાં ઉપાડી લીધું છે. શ્રી ગોરધનભાઇ બહેચરભાઇ પટેલના પ્રમુખપદે કાર્ય કરી રહેલી સુવર્ણ જયંતી ઉત્સવ સમિતિએ પૂરઝડપે અને ઉત્સાહથી કામ પાર પાડી આ નિમિત્તે કરવા ધારેલા ફંડની રકમ એકત્ર કરી દીધી છે અને સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવી રહ્યા છે. તે માટે તેમને તથા છાત્રા-લયના વ્યવસ્થાપક મંડળને, ઉત્સવ સમિતિને અને અન્ય આગેવાનોને તથા કાર્યકરોને ધન્યવાદ પાઠવીએ છીએ.

છાત્રાલયના આ ધન્ય પ્રસંગે આ સંસ્થા પોતાની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

—તંત્રી

[ પાન ૪ ઉપરનું ચાલુ ]

કલાક દોઢ કલાક પહેલાં તેઓ મંદિરમાં હતા ત્યારે જે ટાઇમ હતો તે જ ટાઇમ અત્યારે પણ જોતાં તેમણે અંબાલાલભાઇને ટાઇમ પૂછયો, તેમના ઘડિયાળમાં પણ ૧૧-૧૫ નો સમય હતો ! આ રીતે દર્શન વખતનો સમય કે જે દેહોત્સર્ગનો સમય હતો તેણે એક પ્રબલ આત્મા દ્વારા પોતાનાં સ્વજનોના અનુ-બંધમાં આ પરિવર્તમાન ભૌતિક જગતમાં થોડા સમય માટે. અચલતા ધારણ કરી એ જાણે કે એક ચમત્કાર હતો. પછીથી જાણવા મળેલું કે તેમના બલોલ અને અમદાવાદના ઘરોનાં ઘડિયાળો પણ તે સમયે બંધ પડેલાં !

આમ હિમગિરિની રમ્ય ગોદમાં ૭૩ વર્ષે એ જીવન ઇશ્વર મગ્ન જીવન બની ગયું.

ઇશ્વરભાઈ જી. પટેલ
આચાર્ય
અં'ઇ એમ જે. સર્વ વિદ્યાલય, બલોલ

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૬–૧–૭૧

# સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૧૧-૨-૭૧ [ અંક ૧૨


## શિક્ષણ સંસ્થાઓની જવાબદારી

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

**સ**રદાર વલ્લભભાઈ પટેલ મહાન નેતા હતા. તેઓ ઉચ્ચ કોટીના કુશળ બૅરીસ્ટર હતા. બારડોલીની લડતના સેનાપતિ હતા. એમની કોટીના દેશમાં બહુ ઓછા અગ્રણીઓ થયા છે.

આમ છતાં એ ખેડૂતના ઘેર જનમ્યા એ કદી ભૂલતા નહોતા. એમને મોટા કરનાર અને ભણાવનાર ખેડૂત હતા એ ભૂલતા નહોતા.

શ્રી ડી. વી. તાહ્મણકરે એમના સંબંધમાં 'સરદાર પટેલ' નામનું પુસ્તક લખ્યું છે તેમાં તેઓ જણાવે છે કે :–

" Vallabh was fourth in a family of five brothers and a sister. His parents were farmers, which meant that the background and atmosphere in which he grew as a boy were more rustic than learned. Even when he had made name as successful barrister he would call himself a farmer and whenever he had occassion to fill in an official form he would enter his proffession as 'cultivator or peasant. "

" વલ્લભ એમના પાંચ ભાઈ અને એક બહેનના કુટુમ્બમાં ચોથા હતા. એમના માતા પિતા ખેડૂત હતા. એટલે એમનો ઉછેર અને વાતાવરણ સંસ્કારી કરતાં વિશેષ ગામડિયું હતું. જ્યારે એક સફળ બૅરીસ્ટર તરીકે નામના મેળવી હતી તે વખતે પણ એ પોતાની જાતને ખેડૂત કહેતા અને જ્યારે જ્યારે કોઈ સરકારી પત્રકમાં એમને ધંધો લખવાનો પ્રસંગ પડતો ત્યારે પોતાનો ધંધો હળખેડૂ અગર ખેડૂત લખતા. "

ખેડૂતના દીકરાઓ–દીકરીઓ સારી સંખ્યામાં અભ્યાસ કરી રહ્યાં છે. ઘણા ભણીગણીને જુદા જુદા ધંધામાં પડયા છે. કેટલાક વેપારી થયા છે તો કેટલાક સરકારી નાની મોટી નોકરીઓમાં જોડાયા છે. કેટલાક સારા દાકતરો થયા છે તો કેટલાક ઇજનેરો થયા છે. કેટલાક સારા વકીલો થયા છે, કેટલાક

---

## દ્દષ્ટિ

શ્રી અનામી

તમે બતાવો કાદવ
મારે કમળો જોવા નયનો છે,
મરૂભૂમિમાં નીલી કુંજો
નીરખવાને શમણાં છે.
તમે બતાવો રાવણ,
સામે લડવા મારા રામ છે,
કાલીય-કંસ-જરાસંધ સામે
સુદર્શનધારી શ્યામ છે.
તિમિરનાં વન છેદે દીપક,
હૈયે મોટી હામ છે,
અંક વિનાનાં મિથ્યા મીંડાં:
કૃપા- દ્દષ્ટિનું કામ છે.
મરૂભૂમિમાં નીલી કૂંજો
નીરખવાનાં શમણાં છે,
તમે બતાવો કાદવ
મારે કમળો જોવા નયનો છે.

રાજકારણમાં પડયા છે. રાજકીય સંસ્થાઓના હોદ્દેદારો બન્યા છે. ધારાસભ્યો, સંસદ સભ્યો તેમજ સ્થાનિક સંસ્થાઓના હોદ્દેદારો અને સભ્યો થયા છે. શિક્ષણક્ષેત્રમાં કેટલાક આચાર્ય, પ્રાધ્યાપક, અધ્યાપક અને શિક્ષક પણ થયા છે.

આ બધા પોતે ખેડૂત છે. ખેડૂતના દીકરા છે એ ભૂલશે તો ખેડૂત સમાજને ભારે હાનિ થશે. એમને મોટા કરવામાં, ભણાવવામાં એમનાં ખેડૂત માબાપે ભારે કષ્ટ વેઠેલાં છે એ ભૂલશે તો ખેડૂત સમાજને હાનિ પહોંચશે.

સરદાર પટેલ જેવા મહાપુરુષ પોતે ખેડૂતના દીકરા છે એ કહેવામાં ગૌરવ લેતા. પોતે મોટા બેરીસ્ટર હોવા છતાં પોતાનો ધંધો હળખેડૂ અગર ખેડૂત લખાવવામાં– લખવામાં ગૌરવ લેતા. આ વસ્તુ ખેડૂત વર્ગના દીકરાઓની દૃષ્ટિ સમક્ષ કાયમ રહે અને ખેડૂત સમાજને ઊંચો લાવવામાં યત્કિંચિત્ ફાળો આપવાનો ધર્મ સમજે.

આપણી શિક્ષણ સંસ્થાઓમાં મોટા ભાગે ખેડૂતના દીકરા આવે છે. એ સંસ્થાઓમાં શિક્ષણ તેમજ જીવન એવાં હોવાં જોઈએ કે ખેડૂતના દીકરાઓમાં ખેડૂત સમાજ પ્રત્યેની ભાવના જાગૃત થાય અને પોતે ખેડૂતના દીકરા છે, એમના માબાપ ખેડૂત છે એ કહેતાં અચકાય નહિ પણ એમાં ગૌરવ અનુભવે અને સરદાર પટેલની જેમ પોતાનો ધંધો હળખેડૂ અગર ખેડૂત લખાવવામાં–લખવામાં ગૌરવ લે.

સદ્‌ભાગ્ય છે કે કડી સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓમાંથી મોટા દાક્તરો, ઇજનેરો તેમજ વેપારીઓ તથા સંસદ તેમજ ધારાસભ્યો વગેરે બન્યા છે પણ તેઓ ખેડૂત સમાજને તેમજ સર્વ વિદ્યાલયને ભૂલ્યા નથી. સર્વ વિદ્યાલય કેમ્પસમાં વાતાવરણ એવું છે કે એમનો ઉછેર થોડા ઘણા અંશે ગામડિયો ભલે રહ્યો પણ તેઓ એમનાં ગામડાંને તેમજ ખેડૂત સમાજને ભૂલ્યા નથી. જ્યાં જ્યાં છે ત્યાં ઓછાવત્તા અંશે સમાજની સેવા કરી રહ્યા છે.

સર્વ વિદ્યાલયના છાત્રાલય–વિદ્યાર્થી આશ્રમમાં રહેનાર વિદ્યાર્થી સ્વાવલંબી બન્યો છે અને નાનામાં નાનું કામ કરતાં શરમાતો નથી અને તેથી જુદા જુદા ધંધામાં ઘણો આગળ વધ્યો છે. વિદ્યાર્થી આશ્રમનો જીવન કાર્યક્રમ એવો છે કે તેનું ઘડતર થાય. સવારના નિયમિત ૭ વાગે ઊઠવું. વ્યાયામ રમતોથી માંડી સફાઈની કામગીરી કરવી. નિયમિત અભ્યાસમાં લાગી જવું. પોતાની રહેવાની ઓરડી જાતે સાફ કરવી અને જમ્યા પછી પોતાનો થાળી વાટકો જાતે સાફ કરવો. સાંજના સ્કૂલમાંથી છૂટયા પછી રમતો રમવી. સમયસર જમવું. પ્રાર્થનામાં સૌએ મળવું. સમૂહ પ્રાર્થના કરવી અને પછી અભ્યાસમાં લાગી જવું અને દશનો ઘંટ વાગે એટલે દીવા ગુલ કરી સૂઈ જવું.

આને લઈ વિદ્યાર્થીમાં નિયમિતતા અને ખડતલપણું આવે છે, જે એનું જીવન ઘડે છે. પરિણામે એ કોઈપણ ધંધામાં પડે છે ત્યાં એ આગળ વધે છે

વિદ્યાર્થી આશ્રમ– સર્વ વિદ્યાલય કેમ્પસનું વાતાવરણ એવું છે કે એ સંસ્કારી બને છે, ખૂબ સારી પેઠે ભણે છે છતાં નવા જમાનાનો રોગ એનામાં ઓછો આવે છે. ઘેર જાય છે ત્યારે એના માબાપને ખેતીમાં મદદ કરે છે અને ખાતર પણ ભરાવે છે.

પરિણામે અભ્યાસના અંતે એ ભલે મોટો દાક્તર, ઇજનેર કે વેપારી અગર મોટો સરકારી હોદ્દેદાર બને છતાં એ એના ગામડાનો–ખેડૂત સમાજનો મટી જતો નથી.

આપણે તો સરદાર પટેલ જેવા નિડર, ખડતલ છતાં બુદ્ધિશાળી યુવકો પેદા કરવા છે. આ કામ શિક્ષણ સંસ્થાઓ જ કરી શકે.

સંચાલકોની અને શિક્ષકગણની મોટી જવાબદારી છે એ આપણે સૌ મળી અદા કરીએ. ૨૨–૧–૭૧

---

નકલી માલથી સાવધાન રહો.

પાનમાં ઉપયોગ કરો




રાગજીત છાપ

જાફરાની પત્તી નં-૫૨૦.

# પ્રજાસત્તાક દિને

ડૉ. રણજિત પટેલ (અનામી)

'સદા શક્તિ સરસાને વાલા,
પ્રેમ–સુધા બરસાને વાલા,
વીરોં કો હરષાને વાલા,
માતૃભૂમિકા તન મન સારા
ઝંડા ઊંચા રહે હમારા.'

સમૂહમાં હમણાં જ આપણે આ ઝંડા–ગીત ગાયું. 'માતૃભૂમિકા તન મન સારા' રાષ્ટ્રધ્વજ છે જ, પણ પંચાવન કરોડની ભાવાત્મક એકતા સિદ્ધ કરનાર આજે તો ચાર વસ્તુઓ છે. (૧) એક તો આપણો રાષ્ટ્રધ્વજ (૨) બીજું આપણું રાષ્ટ્રગીત (૩) ત્રીજા આપણા જયના કારણરૂપ જવાનો અને (૪) ચોથા, જો સવળી દિશામાં ક્રિયાશીલ બને તો આપણા સાધુ–સંતો. પૂ. મહાત્માજીના નેતૃત્વ નીચે કોંગ્રેસે બ્રિટીશ સલ્તનતને જે લડાઇ આપી તે તો ભારતમાં તો શું, પણ વિશ્વના ઇતિહાસમાં અનોખા પ્રકારની હતી. એમાં કોઇનું લોહી લેવાનું નહોતું, પોતાનું લોહી આપવાનું હતું. એમાં કોઇ શત્રુ નહોતા, શત્રુઓને પણ મિત્રો માનવાના કે કરવાના હતા. હથિયારનો એમાં ઉપયોગ કરવાનો ન હતો. માર ખાવાનો હતો, માર મારવાનો નહોતો. એટલે જ 'પ્રેમ-સુધા બરસાનેવાલા' અને 'હાથોમેં હથિયાર ન થે, હાં થી બસ યહી પતાકા' એમ યોગ્ય રીતે ગવાયું.

ઝંડા–ગીત પછી ગવાયેલા, બંગાળી નવલકથા' આનંદમઠ, માંના 'વંદેમાતરમ્' ગીતે પણ ભારતીય સ્વાતંત્ર્યના સંગ્રામમાં ઐતિહાસિક ભાગ ભજવ્યો. બંકિમચંદ્રનું 'વંદેમાતરમ્' અને ટાગોરનું 'જનગણમન' એ બંને ગીતોએ રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવામાં અસાધારણ ભાગ ભજવ્યો છે. એમાં રાષ્ટ્ર-દૃષ્ટિ સાથે રાષ્ટ્રભક્તિ પણ ભળી છે, અને એ રાષ્ટ્ર-ભક્તિ વિશ્વ-સમન્વયને આવકારે એવી વિશાળ-ચિત્ત છે.

આપણા સધુ–સંતો–ધર્માચાર્યો અને આપણાં તીર્થસ્થળો-નો વિચાર કરીએ તો જણાશે કે એમનામાં કેવળ ધર્મની જ દૃષ્ટિ હતી એમ નહીં પણ આપણી રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવા સાથે સાથે તેમાં વાણિજ્ય અને સંરક્ષણની દૃષ્ટિ પણ હતી. આપણી પ્રાચીન સંસ્કૃતિની ખૂબી જ એ છે કે એ ચક્રની ધરીમાં ધર્મ હોય ને એના આરા વેપાર–વાણિજ્ય ને સંરક્ષણના હોય!

આપણા અડીખમ જવાનો આપણી સરહદોનું રાતદિવસ જતન કરે છે પણ ઐતિહાસિક દૃષ્ટિએ, રાષ્ટ્રીય એકતાની બાબતમાં આપણે ગૌરવ લઈ શકીએ તેમ નથી જ. આપણી સ્વાર્થબુદ્ધિ, ભેદબુદ્ધિ, પૃથક્ પ્રતિકાર કરવાની ગાંડી વીરતા, આપણો આંતરિક કલેશ ને આપણી સંકુચિત સાંપ્રદાયિક વફાદારીએ આપણી રાષ્ટ્રીય એકતામાં ગાબડાં પાડયાં છે. આજે પણ, ભાષાવાદ, જ્ઞાતિવાદ, રાજ્યવાદ, સંપ્રદાયવાદ, રાષ્ટ્રભાષાના પ્રશ્નો, રાજ્યભાષાના પ્રશ્નો, નદીનાં પાણીના પ્રશ્નો, લિપિના પ્રશ્નો, આપણી રાષ્ટ્રીય એકતાના મૂળમાં કુઠારાઘાત કરે છે. આપણી ભાવાત્મક એકતા જામતી જ નથી.

રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવા માટે આપણે ધર્મ–કોમ ને જ્ઞાતિનું, રાજકારણ સાથેનું લગ્ન તોડવું પડશે. આપણા જીવનમાં પહેલાં જે સ્થાન ધર્મનું હતું તેથી ય વિશેષ સ્થાન આજે રાજકારણે જમાવ્યું છે. દૂષિત રાજકારણ અને અજ્ઞાન-ગરીબાઈથી વિપરીત દિશામાં ગતિ કરતી લોકશાહી–ચૂંટણી-ઓએ રાષ્ટ્રીય ઐક્યની દીવાલમાં સુરંગ ચાંપી છે. આપણામાં સઝ હશે પણ રાજકીય પરિપક્વતા નથી, બુદ્ધિ હશે પણ સમજણ–સહિષ્ણુતા નથી. યોગ્ય શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય ઐક્યની મનોદશા કેળવાય તો જ જયવારો છે.

રાજકીય સ્વાતંત્ર્ય તો આપણે મેળવ્યું. આર્થિક ને સામાજિક સ્વાતંત્ર્ય–પ્રાપ્તિની દિશામાં આપણા પ્રયત્નો કેન્દ્રિત થતા જાય છે. આજે એમાં ગતિ ને તેજી લાવવાની જરૂર છે; કેમ જે ધીરજ અને સહનશક્તિને પણ સીમા હોય છે. આજના આ ઐતિહાસિક પ્રસંગે, આપણે આપણી ફરજ બજાવી, ભારતની સામાજિક ને આર્થિક ઉત્ક્રાંતિમાં યોગ્ય વેગ લાવીએ..

જયહિંદ.

(તા. ૨૬–૧–'૭૧ 'પ્રજાસત્તાક દિન'ની ઉજવણી પ્રસંગે, 'બોયઝ રીમાન્ડ હોમ' અને 'ગર્લ્સ રીમાન્ડ હોમ'–સમક્ષ કરેલા પ્રવચનમાંથી)

## શુભેચ્છા સમારંભ

સુંદરપુર તા. વિજાપુરના શ્રી ડાહ્યાભાઇ મણીલાલ પટેલ બી. એસસી. સારા કલાસમાં પાસ થઇ કેમિકલ એન્જીનિયરનો અભ્યાસ કરવા જતા હોઇ તેમને શુભેચ્છા પાઠવવા સુંદરપુર તા. વિજાપુરમાં તા. ૧૮–૧–૭૧ ના રોજ વિજાપુર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી આત્મારામભાઈ પટેલના અધ્યક્ષપદે સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભના અતિથિ વિશેષ શ્રી પુરૂષોત્તમદાસ પટેલ તથા ડૉ. અમૃતલાલ પટેલ હતા.

શ્રી ડાહ્યાભાઇ સુંદરપુરની જાણીતી જીવણભાઇ પ્રહલાદ-ભાઇની પેઢીના કુટુમ્બીજન છે અને તેમને શુભેચ્છા પાઠવવા એમના સગાં સંબંધી, મિત્રો તથા ગામના ભાઇ બહેનો વગેરે આ સમારંભમાં સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં.

આ સમારંભમાં શ્રી વિઠ્ઠલભાઇ પટેલ (જેપુર), વિદ્રોલના સરપંચ શ્રી કુબેરભાઈ પાઠક, શ્રી સાંકાભાઇ, શ્રી રણછોડભાઇ (ફલુ), માઠી હાઇસ્કૂલના આચાર્ય શ્રી વિઠ્ઠલભાઇ તેમજ અમેરિકામાં રહી એમ. એસ. (સિવિલ) થઇ ભારતમાં આવી અમદાવાદમાં સ્વતંત્ર ધંધો કરતા શ્રી હસમુખભાઇ વગેરેએ શુભેચ્છા ઇચ્છતાં પ્રવચનો કર્યાં હતાં.

## શિક્ષણ-પદ્ધતિ ને જીવન-ઘડતર

ડૉ. રણજિત પટેલ (અનામી)

વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર પંચમહાલ જીલ્લાની અનેક હાઇસ્કૂલનાં ભાઇબહેનોએ, અર્વાચીન શિક્ષણ પદ્ધતિ જીવન-ઘડતરમાં નિરૂપયોગી છે એવો તારસ્વરે પ્રતિવાદ કર્યો. પ્રસ્તાવના સમર્થનમાં એક બે ભાઈ-બહેનોએ સમતોલ દલીલો કરી મારે કહેવું જોઈએ કે તમારા માનસિક વિકાસની કક્ષા બહારનો. આ વિષય હોવા છતાં પણ તમારા સમર્થ માર્ગદર્શકોના યોગ્ય માર્ગદર્શન પ્રમાણે તમોએ સરસ તૈયારી કરી કહેવાય. પ્રત્યેક સ્પર્ધકના વક્તવ્યમાં કેવળ આત્મવિશ્વાસ જ નહીં પણ વધુ પડતો આત્મવિશ્વાસ જોવા મળ્યો. આ માટે તમને સર્વને મારાં અભિનંદન; પણ મારે તમને એક બે સૂચનો કરવાનાં છે.

પ્રથમ સૂચન એ છે કે લગભગ બધાય સ્પર્ધકોએ સ્મૃતિ પર વધુ પડતો ભાર મૂક્યો છે. સ્મૃતિ એ એક સારી શક્તિ છે પણ એ શક્તિને પચાવવી જોઇએ. આત્મસાત કરવી જોઇએ. એ કેવળ પોપટવાણી લાગવી ન જોઇએ પણ અનુભવવાણી જેવી સ્વાભાવિક લાગવી જોઇએ 'હીઝ માસ્ટરર્સ વોઇસ' સાંભળવો ગમે પણ એમાં આપણા અસલ અવાજનો રણકો ક્યાં ? પચે એટલું જ પોતાનું બાકીનું પરાયું.

મારી બીજી સૂચના એ છે કે પ્રસ્તાવની તરફેણમાં કે વિરૂદ્ધમાં બોલનાર સ્પર્ધક-વક્તાઓએ પોતાના પુરોગામી વક્તાના વક્તવ્યમાંથી નબળી લૂલી દલીલને પકડી લઇ એનો વિવેક પૂર્વક યોગ્ય પ્રત્યુત્તર આપવો જોઈએ. લગભગ અઢી કલાકની સ્પર્ધા દરમિયાન આ વસ્તુ જોવા ન મળી એનું કારણ હું, સ્મૃતિ પર વધુ પડતો વિશ્વાસ રાખવાને સમજું છું. સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ અને પ્રસંગને અનુરૂપ દલીલ કરવાની સૂઝ કેળવાય તો સુભગ પરિણામ નિઃશંક આવે.

'શિક્ષણપદ્ધતિ' ને 'જીવન-ઘડતર' શબ્દો અત્યંત ગંભીર ને અર્થ-સભર છે. પારણાથી જ નહીં પણ ગર્ભાધાનથી અને સ્મશાન સુધી જ નહીં પણ ભાવિ-જીવનમાંય જીવનું જીવન-ઘડતર થતું જ હોય છે. ઘડતરની એ પ્રક્રિયામાં કાળનું સાતત્ય હેય છે. શિક્ષણ-પદ્ધતિ એ પછી પ્રાચીન હોય, અર્વાચીન હોય કે અદ્યતન (Ultra-modern) હોય એ તો એક સાધન છે, વ્યવસ્થા છે. પદ્ધતિ જ સર્વસ્વ નથી. મેકોલેના જમાનાની શિક્ષણ-પદ્ધત્તિ રેઢિયાળ હતી. ગૂજરાતના સંસ્કાર પુરુષ શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઈના જમાનાની શિક્ષણ પદ્ધતિ પણ આજના જેટલી વ્યવસ્થિત કે વિશાળ ફલકવાળી નહોતી. કેટલીક બાબતોમાં તો શિક્ષણશાસ્ત્ર ને માનસશાસ્ત્રના નિયમોથી વિરૂદ્ધ દિશામાં જનારી હતી; પણ એ જમાનામાં શિક્ષણનું નાવીન્ય, શિક્ષકોની નિષ્ઠા, વિદ્યાર્થીઓનો ભણવામાં અસાધારણ ઉત્સાહ, શિક્ષણનો મર્યાદિત વ્યાપ અને શિક્ષિતોનો સમાજમાં સહજ સમાસ: આવાં કારણોને લીધે શિક્ષણ લોકપ્રિય બન્યુ:

એ પછી અનુક્રમે, આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવની પેઢી, કવિશ્રી નાનાલાલની પેઢી. કવિશ્રી ઉમાશંકર-સુંદરમની પેઢી અને અત્યારની પેઢી સુધીમાં ઉત્તરોત્તર અભ્યાસક્રમ અને શિક્ષણ-પદ્ધતિ પરત્વે અનેક ફેરફાર થયા છે. શિક્ષણનો વ્યાપ અસાધારણ વધ્યો છે. એસ. એસ. સી. કક્ષાએ દશબાર વિષયોને ઠેકાણે સેંકડો વિષયો શિખવાય છે. અને છતાંયે દરેકના અંતરમાં અસંતોષ વરતાય છે. આનાં, આર્થિક, સામાજિક રાજકીય વગેરે અનેક કારણો છે પણ રાજ્ય, વેપાર-ઉદ્યોગ, સમાજ ને કેળવણી-શિક્ષણ એ સર્વેના સંવાદી આયોજનનો અભાવ એ સર્વથી મોટું ને મુખ્ય કારણ છે.

શિક્ષણ-પદ્ધતિનાં દૂષણો અવશ્ય છે પણ જીવન-ઘડતર માટે શિક્ષણ-પદ્ધતિ ઉપરાંત અન્ય અનેક સમર્થ પરિબળો પણ ક્રિયાશીલ ને કારણભૂત હોય છે.

(તા. ૨૩ : ૧ : '૭૧ શનિના રોજ ગોધરા મુકામે પંચમહાલ જિલ્લાની હાઈસ્કૂલોની વકતૃત્વસ્પર્ધા સમારંભ પ્રસંગે અતિથિ-વિશેષ તરીકેના પ્રવચનમાંથી)

---

### ચીનથી યે ભયાનક આક્રમણ !

અત્યારે આપણા દેશ પર જે મોટું આક્રમણ થઈ રહ્યું છે તે ચીનનું નહિ, પણ sex— જાતીય સંબંધ અંગેના અરાજકતાવાદી વિચારોનું.

આજે વિદેશોથી આપણે ત્યાં તે અંગેનું જે સાહિત્ય આવે છે તે ચીન કરતાંયે મને વધુ ભયંકર લાગે છે. આપણા યુવાનોનું માનસ શેનાથી પોષાય છે તે જાણવા ખાતર આ ઉંમરે પણ એ સાહિત્ય વાંચવા માંડયું. નરકમાં ડૂબકી મારીને બહાર આવીએ ને જેવી લાગણી થાય તેવી મારી પણ એ સાહિત્ય વાંચીને હાલત થઇ છે. વિનોબાજી સાથે આ બાબત વાત કરી તો તેમણે પણ કહ્યું કે જાતીયતા અંગેના વિચારોનું જે આક્રમણ થઇ રહ્યું છે તેનાથી હું ડરું છું અને તેનાથી દેશને કેમ બચાવી લેવાય તે વિચારું છું. કાકા-કાલેલકર

### સ્વામીનો સ્વામી

૧૯૫૬ના ડિસેમ્બરની વાત છે. વિનોબાની પદયાત્રા દક્ષિણમાં ચાલતી હતી. કલ્લુપટ્ટી આશ્રમમાં કુમારપ્પાજી રહે. એ પ્રેમપૂર્વક વિનોબાને તાણી ગયા, 'ચાલો મારી કુટિયામાં.' પછી પોતાની ઝીણી ઝીણી વસ્તુઓ દેખાડવા લાગ્યા. વિનોબાની આંખો ચોંટી— બાપુની છબી પર.

કુમારપ્પા હસ્યા ને બોલ્યા 'એ મારા સ્વામીની છબી છે. અને જુઓ, આ મારા સ્વામીના સ્વામીની છબી.'

વિનોબાએ જોયું તો એ છબી હતી એક ગરીબ ખેડૂતની. ભૂખ્યો, નાગો ને દૂબળો એ ખેડૂત હતો. એ કુમારપ્પાના સ્વામીનો સ્વામી હતો. —અમૃત મોદી

# નાની બચત યોજનામાં થયેલા મહત્વના ફેરફારો

## જૂની જામીનગીરીઓ

તા. ૧૪-૩-૭૦ ના રોજ કામકાજના કલાકો પૂરા થયા બાદ જૂની જામીનગીરીઓમાં (૧) ૧૨ વર્ષીય રાષ્ટ્રીય સંરક્ષણ સર્ટિફિકેટો (૨) દશ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (પ્રથમ શ્રેણી અને બેંક શ્રેણી) અને (૩) ૧૦ વર્ષીય સંરક્ષણ અનામત સર્ટિફિકેટો મળવાં બંધ થયાં છે તેને બદલે તા. ૧૬-૩-૭૦ થી નીચે મુજબનાં નવાં આકર્ષક વ્યાજનાં સર્ટિફિકેટો મળી શકે છે.

## નવી જામીનગીરીઓ

(૧) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (દ્વિતીય શ્રેણી) રૂ. ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ સહિત પૂરી મુદતે રૂ. ૧૦૦ ના ૧૪૧ મળશે. વ્યાજનો દર ૫ ટકા ચક્રવૃદ્ધિ અને ૫$\frac{3}{4}$ ટકા સાદુ વ્યાજ કર મુક્ત.

(૨) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (તૃતીય શ્રેણી) રૂ. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ ૫ ટકા લેખે દર વર્ષે ચૂકવાશે. વ્યાજ કરમુકત.

(૩) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ (ચતુર્થ શ્રેણી) રૂ. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦ નાં મૂલ્યાંકનમાં વ્યાજ દર વર્ષે ૭$\frac{1}{4}$ ટકા લેખે ચૂકવાશે. વ્યાજ કરપાત્ર રહેશે.

## નવી થાપણોની આકર્ષક યોજનાઓ

(૧) સેવીંગ બેન્કનું કામ કરતી પોસ્ટ ઓફિસ બાંધી મુદતની થાપણો સ્વીકારશે. આ થાપણો ૧ વર્ષ, ૩ વર્ષ અને ૫ વર્ષની મુદત માટે સ્વીકારાશે. વ્યાજનો દર અનુક્રમે ૫$\frac{1}{2}$ ટકા, અને ૬$\frac{1}{4}$ ટકા અને ૬$\frac{3}{4}$ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે.

(૨) ઉપર જણાવેલી પોસ્ટ ઓફિસ આવર્તક થાપણો પાંચ વર્ષ માટે સ્વીકારશે. આ થાપણો પર વ્યાજનો દર ૬$\frac{1}{4}$ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે. આ યોજના ૧ લી એપ્રીલથી અમલમાં આવી છે.

(૩) પોસ્ટ ઓફિસ સેવિંગ બેન્કોમાં જો રૂ. ૧૦૦ કે તેથી વધારેનું આખા વર્ષ માટે બેલેન્સ રહેશે તો તેના ઉપર વ્યાજનો દર ૪ ટકા રહેશે.

વધુ વિગતો માટે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી અને નેશનલ સેવિંગના અધિકારીઓનો સંપર્ક સાધો.

: ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત :

# પ્રજાસત્તાક ઉજવણીનું હાર્દ

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે આપણા દેશના પ્રજાતંત્રિત લોકશાહી બંધારણનો અમલ કરવામાં આવ્યો. આપણને સૌને પ્રજાતંત્રમાં પ્રજાના હક અને જવાબદારીઓ પ્રત્યે જાગૃત્તિ રહે તે હેતુથી દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ પ્રજાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવે છે.

જે દેશોએ પ્રજાતંત્ર મેળવ્યુ છે તે દેશોએ પ્રજાતંત્રિત હકોને માટે ભારે ભોગ આપ્યા છે. ગ્રેટ બ્રિટનમાં લોકશાહી પ્રજાતંત્રના હકો મેળવવા ગ્રેટ બ્રિટનના રાજા સામે વરસો સુધી ત્યાંની પ્રજાને ઝઘડવું પડ્યું. ભારે ભોગ આપવા પડ્યા. આજે ત્યાં રાજા છે પણ રાજાશાહી નથી. પ્રજા સર્વોપરી છે અને પ્રજાના હક ઉપર ત્રાપ કોઈ મારી શકતું નથી.

ફ્રાન્સમાં પ્રજાને હકો મેળવવા ભારે ભોગ આપવા પડયા. રાજાશાહીને વિદાય કરવામાં વર્ષો સુધી ઝગડવું પડયું. ત્યાં પણ પ્રજા સર્વોપરી બની.

આમ જે જે દેશોએ પ્રજાની સર્વોપરી સત્તા સ્થાપી તે તે દેશોને વર્ષો સુધી ભોગ આપવા પડયા છે.

આપણા દેશમાં આપણને સ્વરાજ મળ્યુ– આપણે મેળવ્યુ પણ બીજા દેશોના પ્રમાણમાં આપણે બહુ ઓછા ભોગ આપવા પડયા છે. આમ છતાં આપણા ઘણા નવજુવાનો હસતા મુખે ફાંસીના માંચડે ચઢયા છે અને ઘણાએ જીંદગી જેલમાં વિતાવી છે

સ્વરાજ મળ્યા પછી આપણા દેશનું બંધારણ ઘડવા દેશના ચુનંદા દેશનેતાઓ, અગ્રણીઓ અને વિદ્વાનોની બંધારણ સભા ચૂંટવામાં–રચવામાં આવી. આ બંધારણ સભામાં દેશની આઝાદીની લડતમાં ભાગ લેનારા અને ભોગ આપનારા હતા. એમણે દિવસોના દિવસો વિચારોની આપલે કરી અને છેવટે બંધારણ ઘડયું. આ બંધારણમાં પ્રજાની સર્વોપરી સત્તા માન્ય કરવામાં આવી અને ભારતની દરેક વ્યક્તિના પાયાના હકો–ફન્ડામેન્ટલ રાઈટસ–માન્ય કરવામાં આવ્યા. આ પાયાના હકો ઉપર ભવિષ્યમાં કોઇ ત્રાપ મારે નહિ તેની જોગવાઈ રાખવામાં આવી.

લોકશાહીમાં ચૂંટણીઓ થાય અને ચુંટણીમાં પ્રસંગે એવી પણ બહુમતિ આવે કે આ પાયાના હકો ઉપર ત્રાપ મારે અને તેથી બંધારણ ઘડતી વખતે કાળજી રાખવામાં આવી કે આ પાયાના હકોમાં પાર્લામેન્ટ પણ ફેરફાર–ઘટાડો કરી શકે નહિ. આ પાયાના હક ઉપર ત્રાપ પડે એવો સુધારો પાર્લામેન્ટે કરવા પ્રયાસ કર્યો અને તે બાબત સુપ્રીમ કોર્ટમાં ગઈ અને સુપ્રીમ કોર્ટે બંધારણની રચનાની ચકાસણી કરી અને ઠરાવ્યુ કે પાર્લામેન્ટને પણ આ જનતાના માન્ય કરેલા પાયાના હકોમા કમીના કરવાનો અધિકાર નથી.

બંધારણથી પ્રજાના પાયાના હકો માન્ય કરવામાં આવ્યા છે તેમાં નાચેના પણ છે.

કોઇ પણ વ્યક્તિને તેના ઉપર ન્યાયની અદાલતમાં કાયદેસર મુકર્દમો ચલાવ્યા સિવાય શિક્ષા કરી શકાશે નહિ

કોઇ પણ વ્યક્તિની સ્વતંત્રતા ઉપર ખાસ જરૂર સિવાયના પ્રસંગ સિવાય અંકુશ મૂકી શકાશે નહિ.

કોઇ પણ વ્યક્તિની મિલક્ત તેને વ્યાજબી વળતર આપ્યા સિવાય લઇ શકાશે નહિ.

કોઇ પણ વ્યક્તિને એનો ધર્મ પાળવાનો હક રહેશે અને એમાં દખલગીરી કરી શકાશે નહિ.

જરૂરી અંકુશ સિવાય વ્યક્તિને એના વિચારો રજુ કરવા હક રહેશે અને સંગઠન સાધવા અધિકાર રહેશે.

આ પાયાના હકો માન્ય કરવામાં આવ્યા છે અને તેમાં ઘટાડો કરવા અગર મર્યાદિત કરવા પાર્લામેન્ટને પણ હક નથી તેવું સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે.

આ હકોમાં પાર્લામેન્ટ ફેરફાર કરી શકે તેવા બંધારણમાં ફેરફાર કરવા પાર્લામેન્ટને હક હોવા જોઇએ એવા સુધારા બંધારણમાં કરવા આપણા દેશના સામ્યવાદીઓ બંધારણ સુધારવા માગે છે. સમાજવાદી પક્ષ પણ આ મંતવ્ય ધરાવે છે. શ્રી ઇન્દિરાબેન પણ થોડાઘણા અંશે આ મંતવ્યનાં છે.

આપણા દેશમાં રાષ્ટ્રપતિ, રાજ્યપાલ પ્રધાનો તેમજ સંસદ અને ધારાસભ્યો બંધારણને વફાદાર રહેવાના સોગન લે છે પણ બંધારણમાં જનતાને આપેલા પાયાના હકની સલામતી સંસદ સભ્યોની બનેલી પાર્લામેન્ટ પણ સાચવી ના શકે અને એમાનો એકાદ હક જો નાબુદ કરે તો પછી બીજા હકોની સલામતી શું ? એ કયાં સુધી રહે ?

પ્રજાસત્તાક દિને ૨૬ જાન્યુઆરીના રોજ આનો વિચાર નાગરિકોએ કરવો જોઇએ.

નાગરિકોના પાયાના– પ્રાથમિક હકોની જાળવણીની તમન્ના આ દિવસે આપણામાં જાગૃત થવી જોઇએ.

આપણા દેશમાં ઉજવણીઓ થાય છે અનેક થાય છે. ઉજવણીઓ ઔપચારિક બની જાય છે એ ઉજવણીઓ પાછળનું હાર્દ વિસારી દઇ આપણે માત્ર જલસા કરીએ છીએ. એમાંએ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં એની પાછળનું હાર્દ આપણે વિસ્મરીએ છીએ અને એ ઉજવણી તો હવે પ્રજાની પણ રહી નથી પણ સરકારી બની છે.

એને આપણે પ્રજાની ઉજવણી – પ્રજાસત્તાકની ઉજવણી બનાવીએ અને એ ઉજવણીમાં પ્રજાના હક અધિકાર અને જવાબદારીનું હાર્દ સમજીએ અને એના રક્ષણ માટે જાગૃત બનીએ તો જ આપણે પ્રજાની સર્વોપરિતા સાચવી શકીશું.

૨૩–૧–૭૧

## શુભેચ્છા સમારંભ

લક્ષ્મીપુરા (નંદાસણ) તા. કડીના શ્રી વિઠ્ઠલભાઇ વીસાભાઇ પટેલ એમ. બી. એ માસ્ટર ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશનના અભ્યાસ માટે અમેરિકા જતા હોઈ તેમને શુભેચ્છા પાઠવવા લક્ષ્મીપુરામાં શુભેચ્છા સમારંભ તા. ૨૬-૧-૭૧ ના રોજ યોજવામાં આવ્યો હતો આ સમારંભમાં લક્ષ્મીપુરા, કરમીયાબાદ અને નંદાસણનાં ભાઈબહેનો તથા શ્રી વિઠ્ઠલભાઇ પટેલના સગાંસંબંધીઓએ હાજરી આપી હતી. આ સમારંભના પ્રમુખપદે મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રિખવદાસ શાહ હતા, અને આ પ્રસંગના અતિથિવિશેષ શ્રી પુરુષોત્તમદાસ પટેલ હતા.

શ્રી વિઠ્ઠલદાસ પટેલ સર્વ વિદ્યાલયમાંથી મેટ્રીક થયેલા અને ત્યારબાદ અમદાવાદમાં અભ્યાસ કરી એમ. એ. થયેલા. પહેલી એલ. એલ. બી પાસ થયા છે અને બીજી એલ. એલ. બી. માં બેઠેલા પણ બે વિષયની પરીક્ષા આપવી બાકી રહેલી.

ગુજરાત રાજ્યના ઇન્ફરમેશન અને પબ્લીસીટીના ખાતામાં ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતા હતા. એ નોકરીનું રાજીનામું આપી અમેરિકા અભ્યાસ માટે જાય છે.

એમના પિતાજી સામાન્ય ખેડૂત છે. એમના માતાપિતાએ દીકરાને ભણાવવા પાછળ ખૂબ રસ લીધેલો. શ્રી વિઠ્ઠલભાઇ પટેલનાં પત્ની અને બે નાના બાળકોએ સમારંભમાં હાજરી આપી હતી.

આમ સૌની શુભેચ્છા લઇ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ M. B. A. ના અભ્યાસ માટે જાય છે. આપણા દેશમાં જાહેર તેમજ ખાનગી ક્ષેત્રો આગળ વધી રહ્યાં છે અને એના વહીવટ માટે M. B. A. ના અભ્યાસવાળાની જરૂર છે.

આ પ્રસંગે શ્રી શાંતિલાલ પરસોત્તમદાસ પટેલે શુભેચ્છા પ્રવચન કર્યું હતું. તેઓ સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થી અને શિક્ષક છે અને હાલ અમદાવાદમાં વેપાર ક્ષેત્રે આગળ વધી રહ્યા છે.

આ પ્રસંગે શ્રી જીવાભાઈ એન્જીનિયર વગેરેએ પ્રવચન કર્યાં હતાં અને વિદ્યાર્થી મંડળ, લક્ષ્મીપુરા પંચાયત તેમજ અન્ય તરફથી શ્રી વિઠ્ઠલભાઇને ફૂલહાર કરી શુભેચ્છા દાખવી હતી.

## ગલત રસ્તો

તોફાનો જોઇને એને વશ થઈ જનારી સરકાર સામાન્ય જનતાને કદી રક્ષણ નહિ આપી શકે. બેંક-કર્મચારી હોય કે સરકારી નોકરીઆત હોય, પણ તે સંગઠિત થઇને હડતાલ પાડે, થોડી આગ લગાડે કે એવાં બીજાં તોફાનો કરે, એટલે સરકાર એના તરફ ધ્યાન આપે છે અને તે અંગે સમાધાન કરવાના યોગ્ય-અયોગ્ય માર્ગ લે છે. આ પરંપરાથી સામાન્ય જનતાની મોંઘવારી વધતી જાય છે. બૂમો પાડવા છતાં એની નાની-મોટી તકલીફો સંભળાતી નથી, અને એના મનમાં પણ એવો ભાવ જાગે છે કે ન્યાય મેળવવો હોય તો ધાંધલ થાય, જાહેર મિલકતને નુકસાન થાય એવાં પગલાં ભરો—તો આપણી વાત સંભળાશે. આ બહુ ખતરનાક અને ચિંતાજનક વલણ છે.

માધ્યમિક કે પ્રાથમિક શાળાના શિક્ષકો પણ જો એ દિશામાં વળતા હોય, તો એ વલણ વધુ ચિંતાજનક બને છે. આજકાલ શિસ્ત ચાલી ગઈ છે એવી ફરિયાદ થાય છે, પણ આવા બનાવોથી એ કદાચ નામશેષ થઇ જશે. જ્યાંથી સમજદારી, પ્રેમ અને ઉદારતાનાં વલણ કેળવવાનાં છે એ વિદ્યાધામો ચલાવનારા જ જો એ શ્રદ્ધા ખોઈ બેસે, તો આપણે ક્યાં જઇને ઊભા રહીશું ? તંત્રોએ સજાગ થઇને ખટકારો બોલે તેની સાથે જ એ ખટકારો શાને લીધે થયો અને વહેલી તકે એને શી રીતે દૂર કરવો એની ખોજ કરીને યોગ્ય ઉપાય કરી લેવા જોઇએ ઊંજણની જરૂર હોય ત્યાં ઊંજણ પૂરવું જોઇએ.

શિસ્ત કેવળ દબાણ કે દંડથી જ નથી સચવાતી આપણા વિચારને કે આપણી વાતને યોગ્ય રીતે સાંભળવામાં આવે છે, એવી ધરપત અને આત્મીયતામાંથી શિસ્ત ઊગતી હોય છે એ ભૂલવું ન જોઇએ. એ સિવાયના માર્ગો ગલત માર્ગો છે.

બીજા લોકો ગમે તે માર્ગ લે, પણ મીઠું જ એની અંદરની ખારાશ તજી દેશે તો ખારાશમાંથી પેદા થતી મીઠાશની લહેજત આજે આખો સમાજ માણી રહ્યો છે એ સંસ્કારનું સીંચન કોણ કરશે ?

બબલભાઈ મહેતા (થામણા)

શુભેચ્છા સહ —

ફોન નં. { ઓફીસ : ૩૨૦
રહેઠાણ : ૪૨૯
" : ૫૩૯

# ડી. માધવલાલ એન્ડ કંપની

લોખંડના જથ્થાબંધ વહેપારી.
રેલ્વે ગોડાઉન મુ. મહેસાણા. (ઉ. ગુ.)




## આવતો અંક બંધ

'સુવર્ણ જયંતી' નો તા. ૧૮-૨-૭૧ નો ૧૩ મો અંક તે દિવસે પ્રસિદ્ધ નહીં થતાં તા. ૨૫-૨-૭૧ ના રોજ પ્રસિદ્ધ થશે. ગ્રાહક તથા વાચક ભાઈઓએ તેની નોંધ લેવા વિનંતી છે.

—તંત્રી

### વિજ્ઞાનની વાતો

ટેક્ષાસની એમબેલોર કૉલેજ ઑફ મેડિસિનના ફાર્માકોલોજીના પ્રોફેસર ડૉ. જ્યાર્જિસ અગારે કોઈ ખાસ પ્રકારનું વર્તન કરવા શક્તિમાન સ્મૃતિ પરમાણુનું પ્રથમ કૃત્રિમ ઉત્પાદન કર્યું છે. ડૉ. અંગારેની સાત વર્ષની સતત જહેમત 'ઉંદર' પરના પ્રયોગ દ્વારા સિદ્ધ થઈ શકી છે, ઉંદરોમાં 'અંધારા'નો ભય પેદા કરવા માટે 'પાંચ દિવસ' સુધી આ કૃત્રિમ રાસાયણિક તત્ત્વ અસરકારક રહ્યું હતું તેથી ડૉ. અંગારે અને અન્ય વૈજ્ઞાનિકો આ શોધથી સ્મૃતિમાં વધારો કરવાની સંભાવના જુએ છે.

મિશિગન યુનિવર્સિટીના સર્જનોની મદદથી પ્લાસ્ટિક સર્જરી દ્વારા ૩૬ વર્ષના પીટર માઈકારેલિસ નવું નાક અને નવો ચહેરો પ્રાપ્ત કરશે. પ્લાસ્ટિક સર્જરીના વડા ડૉ. રીડ ડીંગમેનના જણાવ્યા મુજબ ભલે કુદરતના જેવું તદ્દન નાક કે ચહેરો ના બને, લોકોને ગમે અને સ્વીકાર્ય બને એવો ચહેરો થાય તોય ક્યાંથી?

મોસ્કોની પ્રાયોગિક માનસશાસ્ત્ર પ્રયોગશાળા ખાતે ૩૦ વર્ષની સતત મહેનત પછી પ્રો. વાદમીર નેગોવસ્કીના સંશોધન મુજબ દાક્તરી દષ્ટિએ મૃત્યુ અને શરીરશાસ્ત્રની દૃષ્ટિએ મૃત્યુ વચ્ચેની ચાર-છ મિનિટના ગાળામાં 'કામ' કરવાથી હૃદય બંધ પડી જાય તો પણ 'માણસ'ને જીવતો કરી શકાય એમ છે.

* સ્વરાજ ત્યાં જાળવી શકાય કે જ્યાં ઘણાં માણસો સાચ્ચ ને સ્વદેશાભિમાની એટલે પ્રજાના હિતમાં પોતાનું હિત સમજનારાં હોય ને થોડા જ લાલચુ, સ્વાર્થીને અપ્રમાણિક હોય. સ્વરાજનો એક અર્થ તો એ છે કે 'ઘણાનું રાજ્ય' એ ઘણા જો અનીતિમાન અથવા સ્વાર્થી હોય તો રાજ્યમાં અંધાધૂંધીજ હોય એ ચોખ્ખું છે.

–ગાંધીજી

* હું જુવાન હતો ત્યારે મેં જોયેલું કે મારા દસમાંથી નવ કામ નિષ્ફળ જતાં. પણ મારે સફળ થવું હતું, એટલે હું દસ ગણું વધુ કામ કરતો. –જ્યોર્જ બર્નાડ શૉ

* એક માણસે ઈસુની પાસે જઈને કહ્યું: 'મેં શાસ્ત્રની બધી આજ્ઞાઓ પાળી છે, મેં ધર્મના બધા નિયમોનું પાલન કર્યું છે. હવે સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરવા માટે મારે બીજું શું કરવાનું બાકી રહ્યું?' ઈસુએ કહ્યું: 'ઘેર જા, તારી પાસે જે કંઈ માલમતા હોય તે વેચી નાખ, ને તે ગરીબોને વહેંચી દે.' પેલો માણસ ફરી કદી ઈસુ પાસે આવ્યો નહિ.

### Wanted

Wanted an experienced Junior clerk in Science College, Kadi. Apply with full particulars and minimum salary required to **The Principal, Science College-Kadi,** Sarva Vidyalaya Campus, Kadi (N. G.)

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–તંત્રી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૧૧-૨-૭૧

સુવર્ણ જયંતી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૨ ] કડી : ગુરુવાર : તા. ૨૫-૨-૭૧ [ અંક ૧૩

# આજીવન સાધના | 'અનામી'

તમારી કૉલેજના વાર્ષિક રસોત્સવમાં સહભાગી બનવાનો અવસર આપવા બદલ તમારા સર્વેનો આભાર માનું છું. ખેડા જિલ્લાની અનેક કેળવણીની સંસ્થાઓ એના તમાકુના પાકને આભારી છે તેમ જ ડભોઈ તાલુકાની અનેક કેળવણી - વિષયક - સંસ્થાઓ કપાસના પાક અને વેપારને આભારી છે; પણ ડભોઇને હું ઓળખું છું તે તો કલાના શહીદ, શિલ્પી હીરાધર અને પ્રેમભક્તિના ગાયક કવિ દયારામને કારણે ને પ્રતાપે.

આંગ્લ નાટ્યકાર જ્યૉર્જ બર્નાડ શૉનું, અવળવાણી જેવું એક અખરાકિયું છે : Those who can, do. Those who cannot, may teach. અંતર્મુખ બની, આત્મનિરીક્ષણ કરી આપણે સૌએ આ વક્રોકિતનું સત્ય તપાસવું જોઈએ. કશાયમાં સમાસ ન પામે તે આ ક્ષેત્રમાં આવે એ સર્વાંગ સત્ય નથી. દૈશિક ને જાગતિક, સંકુલ–પ્રતિકૂળ પરિસ્થિતિના પ્રવાહમાં તૃણવત્ તણાતા કેટલાક શિક્ષણક્ષેત્રે આવતા પણ હશે; પણ એથી, નિસર્ગદત્ત શકિતને કારણે અથવા આ વ્યવસાયને ધર્મ સમજીને આવેલા છે તે અન્ય વ્યવસાય કે ક્ષેત્ર માટે અ-કાર્યક્ષમ હતા–છે, એમ માનવાનું નથી.

દરેક જમાનાને પોતાના પ્રશ્નો હોય છે ને કેટલાક પ્રશ્નો પડકારરૂપ હોય છે. એ પડકારના સમર્થ પ્રતિકારમાં જ પ્રગતિ થતી હોય છે. દયાનંદે ધર્મનો, નર્મદે સમાજસુધારાનો ને ગાંધીજીએ બ્રિટીશ સલ્તનતનો પડકાર ઝીલ્યો. સાચીને સારી કેળવણી એ આ જમાનાનો પડકાર છે જે આપણે દૃષ્ટિપૂર્વક ઝીલવાનો છે.

શિક્ષણનું કાર્ય તમે આનંદપૂર્વક કરો છો, કર્તવ્યરૂપે કરો છો કે સજા – વેઠરૂપે ! – એ પ્રશ્ન તમારી જાતને પૂછજો. આનંદપૂર્વક થતા કર્તવ્યમાં બધાનો વિકાસ ને સર્વનું શ્રેય છે. આનંદ વિનાનું શુષ્ક કર્તવ્ય હાનિકારક નહીં હોય પણ સરવાળે લાભકર્તા પણ નહીં હોય; અને જ્યારે આ વ્યવસાય તમને વેઠ કે સજારૂપે લાગે ત્યારે એક ક્ષણ માટે પણ આ ક્ષેત્રમાં રહેશો નહીં. એમાં સર્વનો વિનિપાત છે.

કચવાટ કરવાને અનેક સાચાં–ખોટાં કારણો મળી રહે. પ્રિન્સીપાલ, હેડમાસ્તર, કારોબારીના સભ્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ તરફથી પણ અસંતોષ જન્મે એમ બને. ચાલીસને બદલે પંચાવન કે ભવિષ્યમાં એથી ય વધુ સંખ્યા વર્ગમાં દાખલ કરવાને લીધે કાર્યશક્તિ પર એની અસર થાય. ઓછી કે મર્યાદિત સંખ્યાને કારણે વિદ્યાર્થી શિક્ષક વચ્ચે સધાતો આત્મીયતાનો નાતો, ઉત્તરોત્તર વધતી જતી વર્ગ-સંખ્યાને કારણે, ઇચ્છા હોવા છતાં પણ ન સાધી શકાય. બદલાતી જતી આર્થિક, રાજકીય, સામાજિક ને શૈક્ષણિક પરિસ્થિતિને કારણે, શિક્ષણની કેટલીક પદ્ધતિઓ નાકામિયાબ પણ નીવડે ! જતે દિવસે, આપણા દુર્ભાગ્યે, માધ્યમિક શિક્ષણમાં પણ, 'રીબેલ્સ વિધાઉટ એ પ્રોગ્રામ' નો ચેપ લાગે ! ન કરે નારાયણ ને આવું બધું બને તો પણ આપણી નિષ્ઠા આપણા સ્વીકૃત ધર્મમાંથી ચળવી જોઈએ નહીં પણ એનો મર્દાનગીભર્યો પ્રતિકાર કરવા દૃઢ થવી જોઈએ. Sense of purpose અને Feeling of involvement ની માત્રા જેટલી વધશે તેટલી વિદ્યાર્થીઓની, શિક્ષકોની અને શિક્ષણની તેજસ્વિતા વધશે. પારણાથી તે સ્મશાન સુધીની નહીં પણ ગર્ભાધાનથી તે નવજન્મ સુધીની–શિક્ષણની પ્રક્રિયા ધારાવાહી રહેવી જોઈએ, અને શિક્ષકો માટેનું શિક્ષણ એ તો જીવનભરની સાધના બનવી જોઈએ.

(તા. ૨૮–૧–૭૧ ગુરુવારે રોજ અતિથિવિશેષ તરીકે ડભોઇની કૉલેજ ઑફ એજ્યુકેશનમાં આપેલા પ્રવચનમાંથી)

## શ્રી મો. હ. છાત્રાલય–વડોદરાનો 'સુવર્ણ જયંતી મહોત્સવ'

કારેલીબાગમાં આવેલા શેઠશ્રી મોહનલાલ હરગોવિંદદાસ જબલપુરવાળા ક. પાટીદાર છાત્રાલયના સુવર્ણ મહોત્સવની ઉજવણી રવિવારે સવારે તા. ૩૧–૧–૧૯૭૧ ના રોજ વડોદરાના મેયર ડૉ. ઠાકોરભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદનથી શરૂ થઈ હતી.

### છાત્ર પરિવાર સંમેલન

સંસ્થાનું જુના નવા છાત્રનું પરિવાર સંમેલન વડોદરાના જાણીતા સર્જન ડૉ. મણીભાઈના પ્રમુખપદે સવારમાં નવ વાગે શરૂ થયું હતું. સંસ્થાના જુના છાત્ર અને કેળવણીકાર શ્રી નાથાલાલ દેસાઈએ સંમેલનના અતિથિવિશેષ તરીકે સંસ્થાના સ્મરણો, છાત્રાલય વિદ્યાર્થી જીવનની ઘડતરની કિંમત તેમજ હાલના સમયમાં કેળવણીની દૃષ્ટિ અંગે વાતો રજૂ કરી હતી. સંસ્થાના પ્રમુખશ્રી ગોરધનભાઈ પટેલે હાજર રહેલા સંસ્થાના તેજસ્વી છાત્રોનું સ્વાગત અને સંસ્થા તરફથી ફૂલહાર કર્યા હતા. જેમાં વિશેષમાં કલોલના શ્રી કેશવલાલ પટેલ. મજૂર આગેવાન, શ્રી કિરિટભાઈ ( એમ. એસ. યુ. એસ. એ ), પ્રો. નરસિંહભાઈ, શ્રી એન્જિનીઅર કનુભાઈ, શ્રી નાનુભાઈ સેક્રેટરી બારડોલી સુગર ફેક્ટરી, ભરતભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આચાર્યશ્રી રમણભાઈ, ડૉ. જગુભાઈ ઈ. એન. ટી. સ્પેશ્યાલીસ્ટ ( અમદાવાદ ) વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું વડોદરા ટી બી. સેનીટેરીઅમના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. અમૃતભાઈ પટેલ તથા સમાજ સેવક શ્રી રતિભાઈ અમીન, તંત્રીશ્રી "ધરતી" એમણે પણ છાત્રાલયો મારફત સમાજ સેવા અંગે બોધન કર્યું હતું.

પ્રમુખ સ્થાનેથી ડૉ. મણીભાઈ પટેલે આ છાત્રાલય સાથેના એમના જીવન ઘડતરના સમય વખતની હકીકતો તથા સંભારણાં રજૂ કરતાં સૌને જણાવ્યું હતું કે : માતાપિતાએ, છાત્રાલયમાં રહેતા હોય તો ગૃહપતિએ, વિદ્યાલયમાં એના શિક્ષકોએ વિદ્યાર્થી સાથે સમજવૃત્તિથી કામ લેવું જોઈએ. છાત્રોએ જીવનમાં કેવા મિત્રો વધુ સંખ્યામાં બનાવવા તે પણ સમજાવ્યું હતું.

### સમૂહભોજન

ત્યારબાદ બપોરના સો છાત્રો, વિદ્યાલયના બાળકો, સમાજના ભાઈઓ, બહેનો, બાળકો સાથે સમૂહભોજન થયું હતું.

### સમાજ સંમેલન

બપોરના ત્રણ વાગે શ્રીમંત માતૃશ્રી શાંતાદેવી ગાયકવાડના મંગલ પ્રવચનથી સંમેલનની શરૂઆત કરી હતી. એઓશ્રીએ વડોદરા રાજ્ય વખતે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે આ સંસ્થાના છાત્રાલય ભવનનું ઉદ્‌ઘાટન કરી કેળવણી માટે સલાહ આપેલી તે આજે સુવર્ણ જયંતીના પ્રસંગે યાદ કરી બોલાવ્યાં તેની ખુશી વ્યક્ત કરી જણાવ્યું હતું કે સમાજમાં આ છાત્રાલય કોઈપણ જાતના જ્ઞાતિભેદ સિવાય રાષ્ટ્રિય સંસ્થા તરીકે કામ કરે છે. તેની નોંધ પાત્ર છે.

સંમેલનના પ્રમુખ તરીકે શ્રી કલ્યાણજીભાઈ મહેતા જેઓ આજ સંસ્થાના રજત જયંતી પ્રસંગે પણ પ્રમુખસ્થાને પધારેલા. તેમણે છાત્રાલયમાં તેના કાર્યકર્તાઓ ગૃહપતિ સાથે જો કામ કરે તો એ સમાજ સેવાનું કામ છે એમ જણાવેલું.

### કલ્યાણજીભાઈની અપીલ

તેમણે આવી સંસ્થાઓને કાયમી નિભાવ માટે લોકોએ આગળ આવી મદદ કરવી જોઈએ એમ પણ કહેલું. તેમની આ અપીલના જવાબમાં હાજર રહેલા ભાઈબહેનોમાંથી પોતે જીવે ત્યાં સુધી દર વરસે મદદ આપવાનાં વચનોની જાહેરાત કરી હતી. જે રૂપિયા ૧૪૦૦/૦૦ (ચૌદસો) થઈ હતી. વધુમાં પાદરાના ચોકસી માણેકલાલ કેશવલાલે છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટેના ફંડમાં રૂપિયા ૨૦૦૧/૦૦ ( બે હજાર એક ) આપી પોતાના પિતાશ્રી તરફથી મળેલા ફંડમાં વધારો કરી કુલ રૂપિયા ૩૦૦૧ નું કરવાની જાહેરાત કરી હતી ગણપતપુરાના છોટાભાઈ રાયજીભાઈના સુપુત્રોએ રૂપિયા ૧૦,૦૦૧/૦૦ નું ફંડ સંસ્થાને કેળવણી માટે, પુસ્તકો, શિષ્યવૃત્તિ વગેરેમાં મદદ માટે અપાયાની જાહેરાત થઈ હતી.

અમદાવાદ મ્યુ. કોર્પો. ના ડે. મેયરશ્રી ડી. કે. પટેલ ઉપસ્થિત રહી પચાસ વરસ પછી આ સંસ્થાએ છાત્રાલય ઉપરાંત વિદ્યાલય પ્રવૃત્તિ શરૂ કરી તે માટે કાર્યકર્તાઓને અભિનંદન આપ્યાં હતાં.

સમારંભને ઉદ્‌બોધન કરતાં સંસ્થાના પ્રમુખશ્રી ગોરધનભાઈ બે. પટેલે જણાવ્યું હતું કે આ ઉત્સવ પ્રસંગે આ કેળવણીના કામ માટે સવા લાખ રૂપિયાનું ધ્યેય લઈ વિકાસ માટે વિચાર કરેલો, પરંતુ સમાજ તરફથી એનો ઘણોજ સુંદર જવાબ આપી રૂપિયા એક લાખ પાંસઠ હજારનું દાન આપવાની ભાવના બતાવી છે તે બદલ સૌનો આભાર માનતાં સંસ્થાના પૂર્ણ વિકાસના ધ્યેય માટે જે રૂપિયા સાડા પાંચ લાખની જરૂર છે તે પણ સમાજના કેળવણીપ્રેમી ભાઈ–બહેનો પૂરી કરશે તેવી ઈચ્છા દર્શાવી હતી.

આ પ્રસંગે હાજર રહેલા શ્રી ચીમનભાઈ અમીન, મ્યુ. કોર્પોરેટર ડૉ. સુમનભાઈ, પ્રો. આર. સી. પટેલ વગેરેએ પણ સંસ્થાની પ્રગતિ ઈચ્છી હતી.

આ સંસ્થાના ટ્રસ્ટીશ્રી રાયજીભાઈ રામદાસ પટેલ ગણપતપુરાવાળાના કુટુંબના શ્રી કેસુરભાઈ તથા શ્રી ગોવિંદભાઈનું સંસ્થાએ સમ્માન કર્યું હતું.

સંસ્થાના ઉપપ્રમુખશ્રી માણેકલાલ કેશવલાલ ચોકસીએ (પાદરાના) સ્વાગત પ્રવચન કર્યું હતું.

રાતના સંસ્થાના જીવન ભારતી વિદ્યાલયના બાળકોએ મનોરંજન કાર્યક્રમ આપ્યો હતો. અંતે રાષ્ટ્રગીત બાદ હર્ષનાદો સાથે સંસ્થાના સુવર્ણમહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

# શિક્ષણક્ષેત્રે ટ્યુશનનો અનર્થ

શ્રી યશવંત શુક્લ

અમદાવાદની સ્થાનિક કૉલેજોના બે અધ્યાપકો અને ગુજરાત યુનિવર્સિટી સેનેટના એક સભ્ય ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ફાલેલા ટ્યૂશનના અનર્થને રોકવા શું કરવું ઘટે, તેની ચર્ચા કરવા મને મળવા આવ્યા. સાથે એક મોટું છાપેલું પોસ્ટર હતું જેમાં વિદ્યાર્થીઓને એવી જાણ કરવામાં આવી હતી કે અધ્યાપકો ટ્યૂશન કરે એ ગુજરાત યુનિવર્સિટીના નિયમથી વિરુદ્ધ છે. નિયમ આવો હોવા છતાં મોટા પ્રમાણમાં અધ્યાપકો ટ્યૂશન કરે છે, એટલું જ નહીં, આચાર્યો સુદ્ધાં એમને ટ્યૂશનો અપાવે છે એવી ફરિયાદ એ પોસ્ટરમાં કરવામાં આવી હતી. આ પોસ્ટર કૉલેજે કૉલેજે ચોડવા તેઓ તત્પર થયા હતા. સંભવ છે કે આ લખાણ પ્રગટ થાય તે પહેલાં પોસ્ટરો ચોડાઈ ગયાં પણ હોય આ ત્રણે મિત્રોએ મારી સાથે આ ઉપરાંત શાં પગલાં ભરી શકાય, તેને વિષે વાત કરી હતી પણ મેં તો પોસ્ટરથી જ વાત આરંભી. પોસ્ટરથી શો અર્થ સરશે ? જ્યાં બે ગરજવાન પક્ષો એક થઈ જાય ત્યાં કાયદો લાચાર બને છે એ મેં તેમને યાદ દેવરાવ્યું. એમણે મારી દલીલ માન્ય રાખીને કહ્યું કે પોસ્ટરો ચોડવાનો એમનો આશય વિદ્યાર્થીઓને નિયમની જાણ કરવાનો એટલે કે એમનામાં સભાનતા જગવવાનો છે. જો વિદ્યાર્થીઓ એમ જાણે કે ગુજરાત યુનિવર્સિટીએ અધ્યાપકોને ટ્યૂશન કરવાની મના ફરમાવી છે તો સંભવ છે કે ટ્યૂશન કરનારા અધ્યાપકો શરમાય, અને ન શરમાનારા અધ્યાપકોને વિદ્યાર્થીઓ ઓળખી રાખે.

મેં તેમને યાદ દેવરાવ્યું કે, આ નિયમ નહોતો થયો ત્યારે પણ ટ્યૂશન રાખનારા અધ્યાપકોને પરીક્ષકપદ નહીં આપવાનો નિયમ તો હતો જ, પણ વ્યવહારમાં તેનો અમલ થઈ શકતો નહતો. હવે અધ્યાપક ટ્યૂશન ન કરી શકે એ નિયમ અમલમાં છે ત્યારે પણ ટ્યૂશનનો અનર્થ ચાલુ જ રહ્યો છે. એનો અર્થ એ કે જો વિદ્યાર્થીઓમાં આ ભાન અસરકારક રીતે પ્રસરશે તો ટ્યૂશન ભૂગર્ભમાં ચાલ્યું જશે; એટલે કે, ટ્યૂશન રાખનાર વિદ્યાર્થીને અને તેના વાલીને આ નિયમની જાણ કરીને ટ્યૂશન રાખવા અંગેની મુશ્કેલી અને જવાબદારી સમજાવવામાં આવશે. અધ્યાપક ટ્યૂશન કરવાની આનાકાની કરશે એટલે વિદ્યાર્થી અને વાલી બાંહેધરી આપશે કે, અમે એની કોઈને જાણ નહીં થવા દઈએ. જ્યાં બે ગરજનો તાળો મળતો હોય ત્યાં આવા કોલ-કરારો અશક્ય નથી.

તેમ છતાં આ ત્રણે મિત્રો આ વાત છોડી દેવા તૈયાર નહતા. એટલે મેં એમને કહ્યું કે, તમારે આ પ્રશ્ન અધ્યાપક સંઘ સમક્ષ લાવવો જોઈએ. સંઘ એક સમાજ છે અને સમાજ-જ આજ્ઞા કઢે કે, કોઈ પણ અધ્યાપક ટ્યૂશન કરીને આત્મગૌરવને ઝંખવે નહીં, બિનલાયક વિદ્યાર્થી લાયક વિદ્યાર્થી કરતાં વધારે લાભ મેળવે. અથવા શ્રીમંત વિદ્યાર્થી ગરીબ વિદ્યાર્થી ઉપર સરસાઈ ભોગવે તેવા અપ્રમાણિત અને અપ્રામાણિક ભેદભાવભર્યા વ્યવહારમાં અધ્યાપક ફસાય નહીં. પેલા બે અધ્યાપક મિત્રોએ ત્યારે મને ચોંકાવનારા સમાચાર આપ્યા. એમણે કહ્યું કે, અધ્યાપક સંઘ આ બાબતમાં દોરવણી આપે એ માટે એમણે અથાક પ્રયત્ન કર્યો હતો પણ એમને દાદ આપવામાં આવી નહતી. અધ્યાપક સંઘ આ પ્રશ્ન ઉપાડી લેવા તૈયાર થયો નહતો. આ વાતની સચ્ચાઈની મેં તપાસ કરી નથી પણ જો એ સાચું હોય તો નવાઈભર્યું કહેવાય જો અધ્યાપક સંઘ અધ્યાપકો ખાનગી ટ્યૂશન કરે એમાં કશો વાંધો ન જોતા હોય અર્થાત પેલો યુનિવર્સિટીનો નિયમ દોષવાળો હોય તો નિયમ ફેરવવા એણે પ્રયત્ન ન કરવો જોઈએ ?

## વિદ્યાર્થીની મુંઝવણ

એમાં તો શંકા જ નથી કે શિક્ષણના કોઈ પણ સ્તરે ટ્યૂશન એક અનર્થ છે. વિદ્યાર્થીની મૂંઝવણો ટાળવાનો પ્રયત્ન પ્રત્યેક શિક્ષણ સંસ્થાએ વિવિધ રીતે કરવાનો હોય છે. કાચા વિદ્યાર્થીને પાકા વિદ્યાર્થીઓથી તારવીને જેમાં તે કાચો હોય તે વિષયમાં વ્યક્તિગત ધ્યાન અને માર્ગદર્શન આપવાની જરૂરિયાતમાંથી ટ્યૂશનની પ્રથાએ ઘર કર્યું છે. મોટે ભાગે સુખી ઘરના વિદ્યાર્થીઓને જ એનો લાભ મળે છે. અલ્પસાધન વિદ્યાર્થીઓ પણ કાચા તો હોઈ શકે છે પણ જો તેઓ ટ્યૂશન રાખે તો કુટુંબની મર્યાદિત આમદાની ઉપર કાપ આવે છે. એટલે ગરીબ વિદ્યાર્થી જો કાચો હોય તો કાચો જ રહી જાય છે. જો એ ખાનગી રીતે ચાલતાં ટ્યૂશન ક્લાસનો આશ્રય લે છે તો ત્યાં પણ વ્યક્તિગત ધ્યાન અને માર્ગદર્શન તો કોરાણે જ રહી જતાં હોય છે.

એટલે ખરેખર શાળાઓએ અને કૉલેજોએ જુદા જુદા વિષયોમાં કાચા પડનારા વિદ્યાર્થીઓને સમયપત્રકની બહાર વ્યક્તિગત માર્ગદર્શન આપવાનો પ્રબંધ કરવો ઘટે છે. જો શિક્ષણસંસ્થાઓ આવો પ્રબંધ પોતા થકી કરે તો કાચા વિદ્યાર્થીઓનો પ્રશ્ન અવશ્ય હળવો બની જાય.

## વિદ્યાર્થી ગૌણ

પણ પ્રશ્ન કેવળ વિદ્યોપાર્જન આગળ આવીને અટકતો નથી. સમાજમાં આર્થિક લાભોનું અને સામાજિક નેતૃત્વનું જે પ્રકારે વિતરણ થાય છે તેણે પણ આ પ્રશ્નને સારી પેઠે ગૂંચવ્યો છે. આ બાબતમાં વિદ્યાર્થી કાચો છે કે પાકો એ પ્રશ્ન ગૌણ બને છે. પરીક્ષામાં પરિણામો સુનિશ્ચિત રીતે તેને માટે લાભદાયક બની રહે એની વેતરણો મુખ્ય બને છે. અહીં ટ્યૂશન આપવું અને

લેવું એ એક ઉપચાર બની જાય છે પરીક્ષામાં ઊંચી ટકાવારી સિદ્ધ કરવી એ ધ્યેય બની જાય છે. અધ્યાપકો જ્યારે આ હેતુસર વિદ્યાર્થીને ન્યાલ કરવા તત્પર બને છે ત્યારે તે પોતાના સ્થાનનો નૈતિક દુરુપયોગ કરે છે. સારી એવી રકમ મેળવવાની આશા એ કેટલાક અધ્યાપકો અમુક ચોક્કસ પરીક્ષામાં માર્ક મુકાવી આપવાની છાની કે ચાહન સમજૂતી સાથે ટયૂશનો સ્વીકાર છે. પરીક્ષાની મોસમમાં આવા ટયૂશનો સ્વીકારાય છે અને મોટી રકમો ઉચ્ચક રીતે એમને મળી જાય છે. આવા કેટલાક અધ્યાપકોએ બંગલા બંધાવ્યાની અને મોટરો દોડાવ્યાની વાતો પણ સાંભળી છે. આ પ્રકારનું ટયૂશન એ શિક્ષણનો અને પરીક્ષણનો દ્રોહ છે અને એમાંથી મળતો પુરસ્કાર એ લાંચનો પર્યાય છે.

પણ બધા આટલું જાણતા હોવા છતાં એ અટકાવી શકાયું નથી. શિક્ષણપદ્ધતિ બદલાય અને પરીક્ષણ તેમ જ લાભકર્તા મનાતા ઉચ્ચ શિક્ષણ માટે અપાતા પ્રવેશની પદ્ધતિ પણ બદલાય તો જ આનો ઇલાજ થઈ શકે. પણ એ યુનિવર્સિટી ઓએ, રાજ્યે અને શિક્ષણ સંસ્થાઓએ વિચારવો પડે એવો પ્રશ્ન છે. આપણો સમાજ જે રીતે ગોઠવાયો છે તે જોતાં ઉપાય ઘણો મુશ્કેલ છે પણ એટલું ચોક્કસ કે લોકશાહી સમાજવાદ સાથે હાલનાં શિક્ષણ, પરીક્ષણ વ્યક્તિગત, માર્ગદર્શન, પ્રવેશ-પદ્ધતિ એ તે વગેરે સુસંગત નથી. એને સુસંગત બનાવવાની જરૂર છે તો જ શિક્ષણની સામાજિક આકાંક્ષાઓ સિદ્ધ થઈ શકે, તો જ ગરીબ અને તવંગર વિદ્યાર્થીઓ પ્રત્યેનો ભેદભાવ ઓછો થાય, તો જ યોગ્યને યોગ્ય સ્થાન મળે અને તો જ હતાશાનું પ્રમાણ ઓછું થાય. એક ટયૂશન જેવી ઉપલક રીતે સાધારણ લાગતી પ્રથાનું પગેરું ક્યાં ક્યાં નીકળે છે તે જાણવા સમજવાનો વખત પાકી ગયો છે

## યુનિવર્સિટીનો કાયદો

એવો તે કયો માનવ વ્યવહાર હશે કે જેમાં માણસને માણસની સહાયની જરૂર ન પડે ? કાચા વિદ્યાર્થીને સૂઝ પાડીને પાકો બનાવવાની પ્રવૃત્તિ આવશ્યક છે તેમાં શંકા જ નથી, પણ એ પ્રવૃત્તિનું સ્વરૂપ નવેસર વિચારવાની જરૂર ઊભી થઈ છે. યુનિવર્સિટી કાયદો કરીને આઘી રહે અને અમને કેસ પકડી આપો પછી અમે પગલાં ભરીએ એમ કહે તેથી કશો અર્થ સરે નહીં. દા. ત. યુનિવર્સિટી તત્કાળ આટલું કરી શકે. એ સંસ્થાઓને જણાવી શકે કે અધ્યાપકોને અપાતા નિયુક્તિ-પત્રમાં જ ટયૂશન નહીં કરી શકાય એ નીતિની જાણ કરવામાં આવે, અને એ નિયમ પાળી બતાવવામાં આવે. યુનિવર્સિટી આચાર્યોને પૂછાવી પણ શકે કે એમની કૉલેજમાં કયા અધ્યાપકો ટયૂશન કરે છે. આટલું કરવા છતાં જેમને વિશે એવો સંદેહ પડતો હોય કે તેઓ ટયૂશન કરે છે તેવા અધ્યાપકોને પરીક્ષકપદ આપવાનું જોખમ યુનિવર્સિટી ન વહોરે. યુનિવર્સિટી જાતે થઈને નિયમપાલનનો આગ્રહ ન રાખે તો આ અનર્થમાં વધુ ને વધુ અધ્યાપકો જોતરાતા જશે અને જેમ સામાન્ય લાંચરૂશ્વતની શરમ ઓસરી ગઈ છે અને એ લેવી અને આપવી એ એકજ રિવાજ બની ગયો છે, વ્યવહારદક્ષતાનો એ એક સંકેત મનાયો છે તેમ ટયૂશનનું પણ બનશે.

આ પ્રશ્ન દેખીતો વ્યક્તિગત સંબંધનો પ્રશ્ન લાગે છે પણ તત્ત્વતઃ એ એક નૈતિક રીતે સામાજિક પ્રશ્ન છે. શૈક્ષણિક વિદ્દષ્ટિ વિચારતાં ખાનગી ટયૂશન શિક્ષણના કોઈ પણ સ્તરે ગેરકાયદેસર ગણાવું જોઈએ. સમાજવાદ અને સમાનતા સાથે ખાનગી ટયૂશન અસંગત છે.

---

[ પેજ ૫૦ા નું ચાલુ ]

પાંચમી ગંદકી ખોટી ફેશન અને ફિશિયારીની છે. પરદેશી કપડાં, રેડિયો, પેન અને ઘડિયાળને ઉત્તેજન, સ્થાનિક ગામડાં-ના ઉદ્યોગોનો નાશ, ઘરમાં ખાવા ન હોય છતાં બીડી–સિગારેટ, સીનેમા, રેડિયો, બસની મુસાફરીનો શોખ, ગૃહઉદ્યોગની ઉપેક્ષા, ખાદી અને ગ્રામોદ્યોગની ચીજો પ્રત્યે નફરત.

આ બધાં અનિષ્ટોમાં આપણે એક યા બીજે રસ્તે ભાગીદાર થઈએ છીએ. એ બધાં દેશનાં ગંદાં દૂષણો છે. એમાંથી આપણે નીકળી જવું જોઈએ. ગંદાં તો આપણે છીએ; રાજકારણ ગંદું નથી. [ 'લોકજીવન' માંથી ]

નકલી માલથી સાવધાન રહો.

પાનમાં ઉપયોગ કરો



રણજીત છાપ

જાફરાની પત્તી નં-૫૨૦.

# રાજકારણ ગંદું છે?

રઘુનાથજી નાયક

તમને એક સારો વિચાર આવે અથવા સમાજ કે દેશનું હિત કરવાની પ્રેરણા થાય, એટલે એમ માનવું બરાબર નથી કે જાણે તમને એકલાને જ આવા સારા વિચારો આવે છે. વિચારોનું એવું છે કે ઉચ્ચ વિચારો ઠેકઠેકાણે અનેક લોકોને આવતા હોય છે. અને સૌ કોઈ શુભનિષ્ઠાથી સમાજ ને દેશનું ભલું કરવા અને નીતિથી જીવન જીવવા પ્રયત્ન કરતા હોય છે.

દુનિયા બગડી ગઈ છે, બધા સ્વાર્થી બની ગયા છે, કોઈને કોઈની પડી નથી–આવી વાત આપણે ચૌટે ને ચકલે સાંભળીએ છીએ. તે જ પ્રમાણે રાજકારણ ગંદું છે, આગેવાનો સ્વાર્થી અને સત્તાલોલુપ બની ગયા છે, રાજકારણમાં પડવા જેવું નથી, આપણે આપણો ધંધો જ કરવો ઠીક છે–એવું પણ આપણે અનેક મોંઢે સાંભળીએ છીએ. સાંભળનારા આ વાતમાં ટાપશી પૂરે છે, અને સંતોષ અનુભવે છે કે આવી વાતો કરનારા આપણે સૌ ડાહ્યા માણસો છીએ અને બાકીનું જગત જાણે રહેવા લાયક જ નથી રહ્યું. ખરી રીતે, દેખીતી બૂરાઈ પાછળ પણ ઘણી વાર સત્ય – ન્યાય – નીતિ માટેની ઇચ્છા – અભિલાષા રહેલી હોય છે. સૌ કોઈને સારા દેખાવાનો અને બનવાનો વિચાર આવે જ છે. આવી શુભવૃત્તિ પર જગત ચાલે છે અને પ્રગતિ કરતું રહે છે.

લોકશાહીમાં દરેક નાગરિક પાસે જાહેરમત ધરાવવાની અને કેળવવાની ચાવી રહેલી છે. તેની પાસે મતનો અધિકાર પણ હોય છે. નાગરિકે તેનો આ અધિકાર સમજવો જોઈએ અને તેને મજબૂત બનાવવો જોઈએ. રાજકારણ ગંદું છે કહી તે પોતાની જવાબદારીમાંથી છટકી નહીં શકે. એમ થાય તો લોકશાહી માટે ભારે ખતરો જ ઊભો થાય. લણવાને તૈયારી થયેલા તમારા ખેતરના પાકમાં ઢોર ફરી વળતાં હોય અને તમે ઊંઘ્યા કરો અથવા ખુલ્લી આંખે જોયા કરો અને કશું જ કરો નહીં, તો શું પરિણામ આવે !

આજે આપણા રાજકારણમાં ભારે ઊથલપાથલ મચી છે. પક્ષોમાં અંદર અંદર ખેંચાખેંચી, રાજ્યોના વહીવટમાં ફેરફાર, રાજ્યની અસ્થિરતા અને પક્ષપલટા રોજની વાત થઈ પડી છે. સૌ સમજદાર લોકોએ આ બધી વસ્તુનો પૂરો અભ્યાસ કરવો જોઈએ, ચર્ચા કરવી જોઈએ અને કોને, ક્યારે કેટલો સાથ આપવો તે વિષે વિચારપૂર્વક તોલ બાંધવો જોઈએ. આમાં તાત્કાલિક લાભનો વિચાર ન થવો જોઈએ. કયા આગેવાનો દેશની ઉન્નતિનો વિચાર કરે છે તે આપણે શોધી કાઢવું જોઈએ. ચૌટે ને ચકલે દેશની, તેના હિતની, રાજકારણની અને તેને શુદ્ધ કરવાની ચર્ચા–વિચારણા ચાલવી જોઈએ. ખાસ કરી જુવાનોએ અને મોટી ઉંમરના વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓએ રાજકરણની વાત સમજી લેવી જોઈએ અને તેમાં પોતે શું ફાળો આપી શકે તેનો વિચાર કરવો જોઈએ.

ગંદકી ક્યાં રહી છે તેનો આપણે થોડો વિચાર કરી લઈએ. આપણે પોતે તો સારા છીએ, એવું આપણે માનીએ છીએ. આપણા મિત્રો, સગાં અને સાથીઓ પણ બધાં સારાં છે એવું આપણે માનીએ છીએ. બધી ગંદકી માત્ર સામે પક્ષે છે એવી વાત સામાન્ય રીતે આપણે કરીએ છીએ. આવી વાતોનો કશો અર્થ નથી. અનિષ્ટ છે જ તો તે ક્યાં છે, શેમાં છે એ આપણે સમજવું જોઈએ અને તેને આપણી પોતાની જાતથી શરૂ કરીને કાઢવાનો પ્રયાસ કરવો જોઈએ.

રાજકારણ ગંદું નથી; ગંદા તો આપણે છીએ કે રોજેરોજ આપણે અનીતિ અને ચોરીને છડેચોક ઉત્તેજન આપીએ છીએ અને દેશનો ને તેના ગરીબોનો વિચાર કર્યા વિના પોતાનો સ્વાર્થ વધારીએ છીએ.

પ્રથમ ગંદકી કરચોરીની છે. આપણે જો પ્રમાણિકપણે કર ભરતા હોઈએ તો આ દેશની આવક ઊભરાઈ જાય અને સરકારને નાનાં નાનાં પ્રજાહિતનાં કામ માટે પૈસાનાં ફાંફાં મારવાં ન પડે. વેચાણવેરો, આવકવેરો, જકાત વગેરે વેરા આપણે પૂરા ભરીએ છીએ ? મ્યુનિસિપાલિટી કે પંચાયતના વેરા આપણે પૂરા ભરીએ છીએ ? એમાં જ્યાં જુઓ ત્યાં છટકબારી થાય છે અને પ્રમાણિકપણે કર ભરનારને કેટલીક વાર મૂર્ખ ગણવામાં આવે છે.

બીજી ગંદકી છે સરકારી કામના ભ્રષ્ટાચારની. લાંચરુશવત આપો એટલે ઝટ કામ થાય. પ્રમાણિક માણસ લાગવગ વિના માર્યો માર્યો ફરે. કોર્ટકચેરીમાં ચૌદશિયા, દલાલો અને વકીલોને ફાવટ આવે. જજની ખુરશીને પણ લાંછન લાગે.

ત્રીજી ગંદકી કાળા બજારની, છૂપાં નાણાંની અને દાણચોરીની છે. પરદેશી માલ છૂપો લાવવામાં આવે, સરહદ પરથી દેશનો કીમતી માલ પરદેશમાં ઘસડાઈ જાય, રોજની જરૂરિયાતની ચીજો ગરીબો સુધી પહોંચે જ નહીં, એની કાયમ તંગી રહે. આનું કારણ અનીતિથી તવંગર થવાની હરીફાઈ જ છે.

ચોથી ગંદકી વિદેશી ભાષાના પ્રભુત્વવાળી કેળવણીની છે. માતૃભાષા અને રાષ્ટ્રભાષાનું સન્માન નહીં. પ્રાથમિક શિક્ષણ પ્રત્યે બેદરકારી, બધી કેળવણી અવ્યવહારુ, ગોખણપટ્ટીને ઉત્તેજન આપનારી, વિદ્યાગુરુઓની ચારિત્ર્યભ્રષ્ટતા, પેપર ફોડવાં, માર્ક વધારવા, હેતુપૂર્વકનાં ટ્યૂશનો રાખવાં.

[ અનુસંધાન પેજ ૪ ઉપર ]

# આપનો મત

ગુજરાત રાજ્યમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ જુદા જુદા સંસદીય મતદાર મંડળોમાં નીચેની તારીખોએ થશે.

## સોમવાર તા. ૧ લી માર્ચ, ૧૯૭૧

રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર (અનુસુચિત જાતિ), મહેસાણા, ગોધરા, વડોદરા, ખેડા, ભરૂચ અને સુરત.

## ગુરુવાર તા. ૪થી માર્ચ, ૧૯૭૧

કચ્છ, સુરેન્દ્રનગર, અમરેલી, ધંધુકા, પાટણ (અનુસુચિત જાતિ), બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ (અનુસુચિત જનજાતિ), આણંદ, ડભોઈ, માંડવી (અનુસુચિત જનજાતિ), વલસાડ (અનુસુચિત જાતિ).

* ભારતીય સ્વાયત્ત પ્રજાતંત્રના પુખ્ત નાગરિક અને મતદાર તરીકે આ દેશની સરકાર રચવામાં આપે મહત્વનો ભાગ ભજવવાનો છે.
* આ દેશના છેવટના રાજકર્તા તો આપ છો, કારણ કે કોઈપણ વ્યક્તિ મત મેળવ્યા સિવાય સંસદસભ્ય અને તે જ કારણે પ્રધાન બની શકે નહીં.
* મત માટે કોઇ ઉમેદવાર, પક્ષ કે વ્યક્તિ પાસેથી નાણાં કે બક્ષીસ ન સ્વીકારો.
* ભય, શેહશરમ કે દબાણ વગર આપના પોતાના સ્વતંત્ર નિર્ણય અનુસાર મત આપો.
* ધર્મ, ભાષા, પંથ, કોમ કે જ્ઞાતિ અંગેની કોઈપણ પ્રકારની ગણતરીથી દોરાવાયા વગર મતદાન કરો.
* આપનો મત એ સંવિધાન દ્વારા આપને અપાયેલો હક છે. આપના પસંદગીના ઉમેદવારને જ મત આપીને રાષ્ટ્ર પ્રત્યેની આપની ફરજ અદા કરો.

### લોકસભાની સામાન્ય ચૂંટણી

: યા દ રા ખો :

## પહેલી માર્ચ અને ચોથી માર્ચ

આ૪/૬૫૨/૭૦

# સર્વ વિદ્યાલય અને રાજકારણ

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

ઈંગ્લાંડની કેમ્બ્રીજ યુનિવર્સિટી ઈંગ્લેન્ડ અને બ્રીટીશ સામ્રાજ્યને રાજકારણી પુરુષો પૂરા પાડયા છે—પાડે છે એવી એની [illegible] છે. ઈંગ્લેન્ડના ઘણા રાજકારણી પુરુષોએ આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલો અને ઇંગ્લેન્ડના ઘણા રાજકારણી પુરુષોને આ યુનિવર્સિટીએ તૈયાર કરેલા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્બ્રીજનો તો દાવો ના કરી શકે. સર્વ વિદ્યાલયની સંસ્થાઓ જરૂર દાવો કરી શકે છે કે તેને ગ્રામ જનતાના ઉત્થાનનું કામ કર્યું છે અને ગ્રામ જનતાના ઉત્થાન માટે કાર્યકરો ઊભા કર્યા છે.

સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્ર અને ધંધામાં આગળ પડતા છે. ઉત્તમ કોટીના દાકતરો, એન્જીનિયરો આપ્યા છે. સારા વકીલો આપ્યા છે. નાનામોટા વેપારીઓ અને સારા ખેડૂતો પણ આપ્યા છે. રમતોગમતોમાં પણ સર્વ વિદ્યાલયે ખેલાડીઓ આપ્યા છે. સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી ખંત અને શિસ્ત માટે વખણાયો છે. સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી છે એટલું જ એને માટે અમદાવાદના અને અન્ય ક્ષેત્રોમાં દાખલ થવા માટે પૂરતું થયું છે. પ્રમાણિકતા અને નિષ્ઠાના ગુણ વિદ્યાર્થીના સર્વ વિદ્યાલયમાં વિકસે છે અને એથી એ ગમે તે ક્ષેત્રમાં આગળ વધી શકે છે.

રાજકારણ સ્વરાજ પ્રાપ્તિ પછી ગંદું બન્યું છે. છેલ્લા પાંચ વરસમાં તો એનો ગંદવાડ દુર્ગંધ મારતો થયો છે. પાટલી બદલુઓની સંખ્યાએ પાંચ વર્ષમાં વિક્રમ કર્યો છે. સત્તા અને ખુરશીના ગાંડપણે પાટલી બદલુઓને પ્રેરણા આપી છે. રાજકારણમાં પાટલી બદલે એની કિંમત થવા માંડી. પાટલી બદલવાની કિંમત મળવા લાગી. સારી રકમો મળવા લાગી અને પ્રધાનપદાં પણ મળ્યાં આને લઇ પાટલી બદલુઓની સંખ્યામાં વધારો થયો. સંસદ અને ધારાસભ્યો પણ લાલચના માર્યા પાટલી બદલે ત્યારે તો હદ આવી જાય. રાજકારણમાં આનાથી વિશેષ કયો ગંદવાડ હોય ?

આમ છતાં સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ આ ગંદવાડથી પર રહ્યા છે. એમને પૈસા કે સત્તાની ખુરશી અભડાવી શક્યાં નથી. એમાં એ ફસાયો નથી. સર્વ વિદ્યાલય એનું ગૌરવ લઈ શકે છે.

સ્વતંત્ર પક્ષ ૧૯૬૭માં સત્તા ઉપર આવે એવું લાગતું હતું પણ એમાં પાટલી બદલુઓ નીકળ્યા. ધીરે ધીરે એમાં વધારો થયો. આજે તો એની સંખ્યા ગુજરાત વિધાનસભામાં અડધી પણ રહી નથી. જેમણે પાટલી બદલી તેમાંના કેટલાક ઇન્ડીકેટમાં ગયા તો કેટલાક સિન્ડીકેટમાં ગયા. જનતાએ એમને મત આપ્યા તે પાટલી બદલવા માટે નહિ કેટલાક સભ્યોએ તો વિક્રમ સાધ્યો. ત્રણ ચાર પાંચવાર પાટલીઓ બદલી. આની પાછળ અનેક વાતો બહાર આવે છે.

આમ છતાં સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થી શ્રી શંકરલાલ ગુરુ, શ્રી ચુનીભાઈ પટેલ અને શ્રી ભાઇલાલભાઇ પટેલ સ્વતંત્ર પક્ષની ટીકીટ ઉપર ગુજરાત વિધાન સભામાં ચૂંટાયા હતા. તેઓ અડગ રહ્યા. એમને કોઇ ફસાવી શક્યું નહિ. કોઈ લાલચ એને પલાળી શકી નહિ. એમનું મંતવ્ય છે કે લોકોએ એમને સ્વતંત્ર પક્ષના સભ્ય તરીકે વિધાનસભામાં ચૂંટીને મોકલ્યા છે. પાંચ વરસ માટે સ્વતંત્ર પક્ષના સભ્ય તરીકે કામ કરવા તેઓ બંધાયેલા છે. એવા વિશ્વાસ ઉપર એમને મત મળ્યા છે. સ્વતંત્ર પક્ષ પ્રત્યેની એમની વફાદારીમાં એમનાથી પાંચ વરસ સુધી તો કાંઇ ફેરફાર થઈ શકે નહિ. એમની મક્કમતા અને દૃઢતા તેમજ નિષ્ઠા પાછળ સર્વ વિદ્યાલયનો ઉછેર છે. વિશ્વાસને પાત્ર ગુણ સર્વ વિદ્યાલયે આપ્યો છે. સર્વ વિદ્યાલય સ્વરાજ પ્રાપ્તિ પછી સીધા રાજકારણમાં પડ્યું નથી. એના વિદ્યાર્થીઓ રાજકારણમાં પડે. કોઇ પણ રાજકીય પક્ષમાં રહે. સર્વ વિદ્યાલયને તો દેશને વફાદાર એવા સર્વ રાજકીય પક્ષો સરખા છે. આમ છતાં એના વિદ્યાર્થી નિષ્ઠા, પ્રમાણિકતા અને ફૂનેહથી કોઈપણ રાષ્ટ્રીય પક્ષમાં રહી સમાજનું કામ કરે એટલું જ સર્વ વિદ્યાલય ઇચ્છે છે. સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ રાજકારણમાં આગળ વધે એથી સર્વ વિદ્યાલયને આનંદ છે અને એનું ગૌરવ લે છે.

આમ શ્રી શંકરભાઇ ગુરુ, શ્રી ચુનીભાઇ પટેલ અને શ્રી ભાઇલાલભાઈની ગુજરાત વિધાનસભામાંની કામગીરી આપણી સર્વ વિદ્યાલયને ગૌરવ આપનારી રહી છે. તેઓ જે મતદાર વિભાગમાંથી ચુંટાયા છે તે વિભાગના નાનામોટાં કામો રાજ્ય દ્વારા કરાવવા સતત પ્રયાસ કર્યો છે અને મતદારોનો પ્રેમ જીત્યા છે.

સુરજ તા. કડીના વતની શ્રી સોમચંદ સોલંકી આપણા સર્વ વિદ્યાલયમાં ભણેલા. મેટ્રીક સુધી સર્વ વિદ્યાલયમાં અને પછી અમદાવાદમાં કોલેજમાં ભણી એમ. એ. થયેલા. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં ગાંધીનગરની પાર્લામેન્ટ–લોકસભાની હરિજન માટેની અનામત બેઠક ઉપર લોકસભામાં ચૂંટાયા હતા. લોકસભાના કેટલાક સભ્યો જૂની–અસલી કોંગ્રેસ છોડી દઇ શ્રી ઇન્દિરાબેનના પક્ષમાં ગયેલા પણ શ્રી સોમચંદભાઇ સોલંકી અડગ રહ્યા. એમણે પાટલી ના બદલી. અસલી કોંગ્રેસનો દ્રોહ ના કર્યો. લોકસભામાં રહી સારું કામ કર્યું છે. તેઓ હંમેશ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોવાનું ગૌરવ લે છે અને ગયા મે માસના આપણા ઉત્સવમાં હાજરી આપી હતી

અને પોતાની ભાવના વ્યક્ત કરી હતી. એમને લાલચ કે અન્ય કાંઇ ફસાવી શકી નહિ. આથી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ નિષ્ઠાવાળા અને દેશ પ્રત્યેની લાગણીવાળા છે એની પ્રતીતિ કરાવી સર્વ વિદ્યાલયનું ગૌરવ વધાર્યું.

માર્ચ ૧૯૭૧ ની પહેલી તારીખે પાર્લામેન્ટ-લોકસભાની ચૂંટણી આવી રહી છે. સંસ્થા કોંગ્રેસે શ્રી સોમચંદભાઇ સોલંકીને ગાંધીનગરની અનામત બેઠકની ટીકીટ આપી છે. અને શ્રી નટુભાઈ અમૃતલાલ પટેલ (ભાણુભાઇ) ને મહેસાણાની બેઠકની ટીકીટ આપી છે અને તે તેમની અનિચ્છા હોવા છતાં સ્વીકારવી પડી છે. એક ફરજ ગણી સ્વીકારી છે તેઓ એક નિષ્ઠાવાળા કોંગ્રેસી છે. તેઓ પણ આ સંસ્થાના જૂના વિદ્યાર્થી છે.

બીજા એક ધારાસભ્ય શ્રી ગોવિંદલાલ હરિભાઇ પટેલ પણ આ સંસ્થાના જૂના વિદ્યાર્થી છે. તેઓ વિરમગામ તાલુકામાંથી કોંગ્રેસ પક્ષે ચૂંટાઈ આવ્યા છે વિદ્યાર્થી કાળથી તેઓ કોંગ્રેસ કાર્યકર અને આગેવાન છે. તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સારી કામગીરી બજાવી ચૂકયા છે. તેઓ પણ ચૂસ્ત રીતે કોંગ્રેસ (સંસ્થા)માં જ રહ્યા છે.

સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થી રાજકારણમાં ભાગ લે અને લોકસભા અને વિધાનસભામાં ચૂંટાય અને ત્યાં નિષ્ઠાપુર્વક પ્રમાણિકતાથી જનતાનું કામ કરે અને દેશની લોકશાહી સુદૃઢ બનાવે અને દેશને આબાદ કરવામાં ફાળો આપે એથી સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ અને સર્વ વિદ્યાલયના શિક્ષકો એનું ગૌરવ જરૂર લે.

આપણા જૂના વિદ્યાર્થીઓ એમને મનગમતા રાજકીય પક્ષ દ્વારા રાજકારણમાં ભાગ લે અને રાજકારણમાં આગળ વધે એથી સર્વ વિદ્યાલયને આનંદ થશે. લોકશાહી પ્રથા આપણે અપનાવી છે અને તેથી રાજકીય પક્ષો રહેવાના અને ચૂંટણીઓ પણ થવાની. ચૂંટણીઓમાં આપણા જૂના વિદ્યાર્થીઓ અને સંચાલકો સામસામા પણ આવે આવ્યા છે છતાં સર્વ વિદ્યાલયના કામકાજમાં રાજકીય મતભેદ વચ્ચે આવ્યા નથી. સર્વ વિદ્યાલય કેમ્પસના કંપાઉન્ડમાં રાજકીય મતભેદ પ્રવેશી શકયા નથી. સર્વ વિદ્યાલય કેમ્પસ અને તેની સંસ્થાઓ શિક્ષણ માટે છે. એમાં શિક્ષણનું જ કામ થાય. રાજકીય મતભેદને સર્વ વિદ્યાલય કેમ્પસની બહાર મૂકી બધા ભેગા થાય, વાતો કરે, આનંદ કરે અને શિક્ષણ દ્વારા આપણે સમાજમાં પરિવર્તન કેમ લાવી શકીએ તે દૃષ્ટિએ સૌ ભેગા મળી કામ કરે

સર્વ વિદ્યાલય કેમ્પસમાં રાજકારણ પેઠું નથી અને તેથી એની પ્રગતિ થયા કરી છે. આપણે ત્યાં સ્વતંત્ર પક્ષના પ્રમુખ અને કોંગ્રેસના પક્ષના તેમજ સ્વતંત્ર પક્ષમાં જોડાયેલ મંત્રી હોવા છતાં તેમજ કારોબારીમાં જુદા જુદા પક્ષમાં જોડાયેલ સભ્યો હોવા છતાં આપણી સંસ્થામાં કોઇનાં ઉંચાં મન કે ખેંચતાણ નથી એનું કારણ એ છે કે રાજકારણને– પક્ષીય રાજકારણને સર્વ વિદ્યાલય કેમ્પસ બહાર મૂકીને આપણે ભેગા મળીએ છીએ અને સંસ્થાનું કામ કરીએ છીએ. આમ છતાં સર્વ વિદ્યાલય કેમ્પસની બહાર આપણા સંચાલકો અને જૂના વિદ્યાર્થીઓ જુદા જુદા રાજકીય પક્ષોમાં કામ કરે છે અને તેમના ઉમેદવારોને જીતાડવા પ્રયાસ કરે છે. ચૂંટણીમાં સામ સામે ઊભા રહેલા–ચૂંટણી લઢનારા આપણા જૂના વિદ્યાર્થીઓ અને સંચાલકો હોય છે છતાં સર્વ વિદ્યાલય કેમ્પસમાં પગ મૂકયા પછી તેઓ એમના પક્ષના મતભેદો ભૂલી જાય છે અને સૌ સાથે મળી સર્વ વિદ્યાલયનુ કામ કરે છે. આથી જ આપણે આગળ વધીએ છીએ.

આપણા જૂના વિદ્યાર્થીઓ કોઇ પણ રાજકીય પક્ષની ટીકીટ ઉપર ચૂંટાય, આપણો જૂનો વિદ્યાર્થી કોઇ પણ રાજકીય પક્ષમાં રહી કામ કરે અને સર્વ વિદ્યાલય કેમ્પસ બહાર એક બીજાથી ટકરાય પણ સર્વ વિદ્યાલયના એ બધા સુપુત્રો છે. દેશની અને સમાજની સેવા કરે. ખૂબ કરે પણ સર્વ વિદ્યાલયને ના ભૂલે. એ લોકસભામાં હોય કે વિધાનસભામાં હોય, કોઇ પણ ક્ષેત્રમાં હોય પણ સર્વ વિદ્યાલયની પ્રગતિના વિચાર કરે અને સર્વ વિદ્યાલયના કામ માટે એને ફુરસદ રહે. બીજા કામોમાં સર્વ વિદ્યાલયને ના ભૂલે. ૨૮-૧-૭૧ ]

## આવતો અંક બંધ

'સુવર્ણ જયંતી' નો તા. ૪-૩-૭૧ નો ૧૪ મો અંક તે દિવસે પ્રસિદ્ધ નહીં થતાં તા. ૧૧-૩-૭૧ ના રોજ પ્રસિદ્ધ થશે. ગ્રાહક તથા વાચક ભાઇઓએ તેની નોંધ લેવા વિનંતી છે.

—તંત્રી

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો

૨૫૧) શ્રી નગીનભાઇ રામદાસ પટેલ કુંડાળવાળા
હા. શ્રી રામદાસ ત્રિભોવનદાસ
વસંતવિહાર સો. નં. ૨ બંગલા નં. ૯
સેન્ટઝેવીયર્સ કોલેજ કોર્નર – અમદાવાદ-૯

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વેસ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૨૫-૨-૭૧